[illegible]

120

12/4

[illegible]

ચરિત્રમાળાઃ અંક ૧૬ થી ૧૯ વર્ષ બીજું.

ભારતના વીર પુરૂષો.

ભાગ ૧ લો.

ઐતિહાસિક શૂરવીરોની ૪૪ ચરિત્ર કથાઓ.

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહિ તો રે'જે વાંઝણી, મત્ત ગમાવે નૂર.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, કાલબાદેવી-મુંબઈ.

તરફથી સંગ્રહ કરી પ્રસિદ્ધ કર્તા, ભિક્ષુ-અખંડાનંદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૨૩૦૦   સંવત્ ૧૯૬૯

મૂલ્ય ૦-૧૦-૦ પાકું પૂઠું ૦-૧૫-૦ પોસ્ટેજ જુદું.

અમદાવાદમાં ધી " ડાયમંડ જ્યુબિલી " પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

નિવેદન.

ચરિત્રમાળાના પુસ્તક ૧૬–૧૭–૧૮–૧૯ તરીકે **ભારતના વીર પુરૂષોનું** પુસ્તક વાંચક વર્ગની સેવામાં સાદર થાય છે.

નિવેદનની શરૂઆતમાં સ્વર્ગસ્થ સાધુ પુરૂષ નારાયણ હેમચંદ્રનું નામ સ્મરણ પટપર તરી આવે છે. પોતાથી બની શક્યું તેવી રીતે ચરિત્રો, વાર્તાઓ તથા બીજા અનેક વિષયોનાં સેંકડો રસિક અને સુબોધક પુસ્તકો ભાષાંતર રૂપે તૈયાર કરી પ્રસિદ્ધિમાં મૂકીને તથા અંત પર્યંત તે કાર્ય પાછળજ પોતાનું જીવન ગાળી જે મહત્વની સેવા તેમણે બજાવી છે તે વિસરવા યોગ્ય નથી.

વિસ્તૃત સાહિત્યસંપન્ન અન્ય ભાષાઓના જ્ઞાનને અભાવે આ લખનારના વાંચનનો પ્રદેશ માત્ર ગુજરાતી, હિંદી અને સ્વલ્પાંશે મરાઠીમાંજ આવી રહેતો હોવાથી સ્વર્ગસ્થનુ કેટ હત્ય–જો કે તેમની ભાષા શુદ્ધ અને સરળ નહોતી છતાં–તેને માટે ઠીક આનંદદાયક થઈ પડયું હતું. તેમણે બંગાળી પરથી પ્રસિદ્ધ કરેલું "વીર મંડળ" નામે પુસ્તક જ એક રીતે "ભારતના વીર પુરૂષો" ના આ પુસ્તકનું પ્રેરક છે. પાંચ છ વર્ષ પર તે પુસ્તક તથા તેમનાં બીજાં કેટલાંક ચરિત્રનાં પુસ્તકો જોવામાં આવતાં સસ્તાપણા દ્વારા તે મહત્વનું વાંચન વિશેષ પ્રચાર કરવા યોગ્ય જણાયાથી તેનો સંગ્રહ એકાદ બે મ્હોટાં પુસ્તકો રૂપે પ્રસિદ્ધ થાય તો ઠીક; એવો વિચાર આવ્યો હતો. પરંતુ તેની ભાષા સુધાર્યા શિવાય ગુર્જર વાંચક વર્ગ માટે તે રૂચિકર થઇ પડે તેમ ન લાગવાથી, તેમજ તેવી સુધારણાનું કાર્ય કઠિન જણાયાથી તે વિચાર અમલમાં આવી શકયો નહોતો.

એ "વીર મંડળ" જે મૂળ બંગાળી ગ્રંથનો અનુવાદ છે તેનું નામ "આર્ય કીર્તિ" છે અને તેના લેખક કલકત્તા નિવાસી

બાબુ રજનીકાન્ત ગુપ્ત નામે સુપ્રસિદ્ધ વિદ્વાન છે. આ બંગાળી પુસ્તક કેવો અસાધારણ આદર પામ્યું છે તે એટલા ઉપરથીજ જાણી શકાશે કે બંગાળાના કેળવણી ખાતા દ્વારા અનેક વિદ્યાલયોમાં વિદ્યાર્થીઓને તે પુસ્તક ભણાવવામાં આવવા લાગ્યું અને જુજ સમયમાં તેની અનેક આવૃત્તિઓ નીકળી ચૂકી છે. ઉક્ત બંગાળી પુસ્તકનો અનુવાદ "ભારત કીર્તિ" નામે પુસ્તક રૂપે "મુરાદાબાદ" નિવાસી પંડિત રામસ્વરૂપ શર્માએ શુદ્ધ અને છટાદાર હિંદી ભાષામાં સંવત્ ૧૯૬૨ માં પ્રસિદ્ધ કર્યો છે.

"ભારતના વીર પુરૂષો" માં આવેલાં ૪૪ ચરિત્રોમાંનાં અનુક્રમાંક ૧ થી ૧૪ તથા ૧૭ થી ૨૩ સુધીનાં ચરિત્રો ઉક્ત "ભારત કીર્તિ" ઉપરથી આપેલાં છે; તથા અંક ૧૬ નું અને અંક ૩૧ થી ૩૪ સુધીનાં ચરિત્રો સ્વ૦ ના૦ હે૦ ના વીરમંડળના પ્રથમ ભાગ ઉપરથી અને અંક ૪૩ વાળું ચરિત્ર તેના દ્વિતીય ભાગ ઉપરથી આપેલું છે. ૨૪ થી ૨૯ અંકવાળાં ચરિત્રો "ભારત જીવન" માસિકની ફાઇલો પરથી આપેલાં છે. અંક ૩૭ થી ૪૨ વાળાં ચરિત્રો સુવિખ્યાત મહારાષ્ટ્રીય લેખક શ્રીયુત્ ધનુર્ધારીએ પ્રસિદ્ધ કરેલાં **मराठेगड़ी, मराठेसरदार, जवानमर्द ब्राह्मणभाई,** એ નામનાં ચોપાનીયાં ઉપરથી, ૩૦, ૩૬, ૪૪ અંકવાળાં ચરિત્રો અલાહબાદના "મર્યાદા" માસિક પરથી અને ૧૫ તથા ૩૫ અંકવાળાં ચરિત્રો પરચૂરણ લેખ પરથી આપેલાં છે.

આ પ્રમાણે ઉક્ત જે જે પુસ્તકો તથા માસિકો પરથી આ પુસ્તકમાંનાં ચરિત્રોનો સંગ્રહ આપવામાં આવ્યો છે તે સર્વના મૂળ લેખક, અનુવાદક તેમજ પ્રકાશક મહાશયોનો તથા તેમના વંશજોનો આ સ્થળે અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

એ ચરિત્રાની ભાષા ઇ૦ માં આવશ્યક ફેરફાર કરવાનું તથા ગુર્જરાનુવાદ કરવાનું કાર્ય છૂટું છવાયું દીર્ઘ સમયે અને અનેક હસ્તે

પરહસ્તે થયેલું હોવાથી આ પુસ્તકના કર્ત્તા તરીકે કોઇ વ્યક્તિનું નામ આપી ન શકાયાથી માત્ર સંગ્રહ કર્ત્તાનુંજ નામ આપ્યું છે.

વીર પુરૂષોની પેઠે વીર મહિલાઓ પણ ભારતવર્ષમાં થોડી થએલી નથી, પરંતુ તેઓનાં મળ્યાં તેટલાં ચરિત્રો "ચરિત્ર માળા" દ્વારાજ પ્રસિદ્ધ થયેલા "ભારતનાં સ્ત્રી રત્નો" નામે પુસ્તકમાં આવી ગયેલાં હોવાથી અત્ર પુનઃ દાખલ કર્યાં નથી.

ગુજરાત અને કાઠિયાવાડમાં પણ આવા અનેક વીર પુરૂષો થઇ ગયેલા છે. જો કોઇ સાક્ષર મહોદય તેવાં ચરિત્રોનો સંગ્રહ કરી બને તો તેને અસરકારક શૈલીમાં તૈયાર કરીને તથા ગપસપ બાદ કરીને પ્રસિદ્ધ કરશે અથવા આ ખાતાને પ્રસિદ્ધ કરવા સોંપશે તો થોડો લોકોપકાર થશે નહિ.

ખરૂં જોતાં તો ગુજરાત કાઠિયાવાડના લગભગ દરેક ન્હાના મ્હોટા ગ્રામમાં એવા શૂરવીર પુરૂષો, તથા વીરત્વ અને સતીત્વપૂર્ણ વીર મહિલાઓ થઇ ગયેલાં હોઈ તેમનાં પવિત્ર અને હૃદયગ્રાહી ચરિત્રો દંતકથા રૂપે અનેક ગ્રામોમાં પ્રચલિત હોય છે; જેથી દરેક ગ્રામના શિક્ષક અથવા અન્ય સજ્જનો પ્રતિ અમારી ખાસ પ્રાર્થના છે કે તેવાં ચરિત્રો યા દંતકથાઓ બને તેટલી ચોકસીથી તથા વિગતવાર આ સંસ્થાપર લખી મોકલવા તેમણે કૃપા કરવી. આવો સંગ્રહ ભેગો થતો જશે તેમ તેમ ચરિત્રમાળાનાં પુસ્તકો દ્વારા યા અન્ય પ્રકારે દરેક ચરિત્ર મોકલનાર સજ્જનોનાં નામ ઠામ સાથે ઘણા આભારપૂર્વક પ્રસિદ્ધ કરવાને અમે ચૂકીશું નહિ.

આ પુસ્તકમાંનાં અનેક ચરિત્રોનો સંબંધ તે તે સમયના રાજ્ય કર્ત્તા મુસલમાન અને મોગલ બાદશાહો તથા તેમના અધિકારીઓ સાથે છે. ચરિત્રનાયકોએ તેમની વિરૂદ્ધમાં દર્શાવેલા અપૂર્વ વીરત્વનાં મૂળ કારણો તરીકે કેટલાએક બાદશાહોની ધર્માંધતા તથા તેમણે અને

તેમના પક્ષકાર તરીકે મુસલમાન તથા મોગલ જાતિએ હિંદુ ધર્મ તથા હિંદુ જાતિ પ્રત્યે દર્શાવેલો અયોગ્ય દ્વેષ, અવિશ્વાસ, નિંદ્ય અત્યાચારો તથા અન્યાય એજ છે. અને તેથી આવાં ચરિત્રોમાં સ્થળે સ્થળે તેવાઓ પ્રત્યે અને તેમની જાતિ પ્રત્યે તીક્ષ્ણ વિશેષણો અપાયાં હોય એ સ્વાભાવિકજ છે. આ પુસ્તકમાંથી તેવાં વિશેષણો ઇ૦ સુધરાવવા અને દૂર કરવાને બનતી કાળજી રાખવામાં આવી છે.

ઉત્તમ ન્યાય પ્રમાણે પિતાના દોષ બદલ પુત્ર પર દ્વેષ રખાતો નથી તેવીજ રીતે હાલની હિંદુ મુસલમાન જાતિઓએ એક બીજાના પૂર્વજોના દોષ બદલ તેમના વર્તમાન વંશજોપર કિંચિત્ પણ દ્વેષ રાખવો ઘટિત નથી. કેમકે હવે નથી તે ધર્માંધ બાદશાહો કે નથી તેમના તે જજીયા વેરા, અન્યાય અને અત્યાચાર; હવે નથી તેઓ તરફથી "અલ્લાહો અકબર" કરીને હિંદુઓનો નાશ કરવા ધસી આવનારાં વિશાળ સૈન્યો, કે નથી તે "હર હર મહાદેવ" કરીને તેમની સામે સ્વધર્મ પ્રીત્યર્થે અડગ વીરત્વથી રણમાં ઝૂઝી તેમનો પ્રતીકાર કરનાર અને સમય આવે આ સ્થૂલ વસ્તુસ્થિતિઓનો મોહ ત્યજી સત્યલોકના પ્રયાણાર્થે કેશરીયાં કરી રણાંગણમાં તૂટી પડનાર રાજપૂત વીરો અને વીરાંગનાઓ. જગતમાંની સ્થૂલ પ્રભુતા અને વૈભવોની અસારતાની અંધને પણ દેખાય તેવી સ્પષ્ટ સાબીતી આપી પ્રભુના મહાન મહિમાનો પ્રકાશ પ્રકટ કરનાર તે કાળરૂપી મહા દેવતાએ મૂર્ખ મનુષ્યોના મિથ્યા મોહજન્ય અભિમાનપર અટ્ટહાસ્ય કરતે કરતે તે સર્વ શાહોને, શાહોના શાહોને, રાજા મહારાજાઓને, શૂરવીરોને અને તે રાજપુત્રો તથા સારા અને નરસા સામાન્યજનોને સર્વને પોતાની કરાળ દાઢોમાં ચાવીને હજમ કરી દીધા છે!

એ સર્વ નષ્ટ થઈ ગયા છતાં કૃપાળુ કુદરતના મહા નિયમને યોગે તે પોતાની પાછળ ઇતિહાસરૂપ સોનેરી વારસો આપણે માટે

મૂકતું ગયું છે; અને આવાં પુસ્તકોએ બીજું કંઈજ નહિ પણ એ ઇતિહાસરૂપ સુવર્ણનાજ બનેલા મનોહર અલંકારો છે. માટે સ્વહિતાર્થે તેનો બને તેટલો સદુપયોગ આપણે કરવો ઘટે છે. તે સદુપયોગ તે એજ છે કે તે સમયના લોકોએ જે જ્ઞાન, ન્યાયપરાયણતા, શૂરવીરતા, ક્ષમા, સ્વધર્મ અને સ્વદેશ પ્રત્યે અતુલ પ્રેમ ઇત્યાદિ સદ્‌ગુણો વડે પોતાની ઉન્નતિ કરી હોય તે જાણવું; અને તેવા સદ્‌ગુણોનો પોતામાં અને સમાજમાં અધિકાધિક પ્રચાર અને દઢતા થાય તેમ કરવું. અને તેજ પ્રમાણે અજ્ઞાન, અન્યાય, અત્યાચાર, કાયરતા, સ્વાર્થપરાયણતા, ધર્માંધતા ઇ૦ જે જે અવગુણોથી તે સમયના લોકોની અધોગતિ થઇ હોય તે જાણીને તેવા જે જે અવગુણો પોતામાં અને સમાજમાં હોય તેને નિર્મૂળ કરવા પ્રયત્ન કરવો.

આગલી વિદેશી વિધર્મી પાદશાહીઓના ઘણાખરા સમયમાં આ દેશની પ્રજાને અન્યાય, અત્યાચાર, અને અશાંતિનુ કેટલું બધું દુઃખ ભોગવવું પડતું તેનુ વાંચકને જ્ઞાન થવું; અને તેની તુલનામાં વર્તમાન બ્રિટીશ રાજ્યમાં–તે પણ વિદેશી વિધર્મી હોવા છતાં–ન્યાય, ધર્મ સ્વાતંત્ર્ય અને શાંતિનું કેટલું બધું સુખ છે એ વાતનો સ્વાભાવિક વિવેક ઉપજી તે રાજ્યનો મહત્વાંશ સમજાવો; એ પણ આ પુસ્તકના વાંચનનો સ્પષ્ટ સ્વાભાવિક અને અગત્યનોજ લાભ છે.

બાળક બાળિકાઓને કક્કો બારાક્ષરી આવડતાંની સાથેજ કૂતરાં બિલાડાં ચકલાં ઇ૦ ની કલ્પિત કહાણીઓ શીખવવા કરતાં જો "વાર્તાની વાર્તા, ચરિત્રનું ચરિત્ર અને ઇતિહાસનો ઇતિહાસ" વાળાં આવાં પુસ્તકોમાંની ઐતિહાસિક, ખરી બનેલી અને હૃદયગ્રાહી રોચક વીરકથાઓ તેમનાં માબાપો તેમને કહી સંભળાવે અને તેમની પાસે વંચાવે તેમ જ સ્કુલોમાં ઇતિહાસ અને નીતિશિક્ષણના વિષયમાં આવાં પુસ્તકો ચલવવામાં આવે તો તેથી તેમનાં કોમળ હૃદયોમાં સદ્‌ગુણ, સદ્‌વર્તન,

સ્વામીભક્તિ, રાજ્યભક્તિ અને દેશભક્તિની ભૂલાય નહિ તેવી સચોટ છાપ પડે એ સ્પષ્ટજ છે.

"સ્વધર્મ" કહો કે "સ્વકર્તવ્ય" કહો તે એકજ છે તેનું યથાર્થ "જ્ઞાન અને પાલન" એ કાંઈ આ લોકના ચાર દિવસના સુખ માટેની બાબત નથી. તેના પર તો મનુષ્યના અનેક જન્મોના આ લોક પરલોકના જીવનના કલ્યાણનો અને મોક્ષ પર્યંતનો પણ આધાર રહેલો છે. ભારતવાસીઓ એ તત્વ પ્રાચીન સમયથી સમજતા આવ્યા છે. તેમની અતિ પ્રાચીન ગીતા અને વેદ પુરાણ ઉપદેશતાંજ આવ્યાં છે કે,—**स्वधर्मे निधनं श्रेयः** અર્થાત્ સ્વધર્મ—સ્વકર્તવ્ય—પાલન કરતાં મરવું પડે તો તે પણ કલ્યાણ કરનારૂં છે. કરોડોથી લેખાતી ભારતીય પ્રજામાં વચલા અને વર્તમાન સમયમાં એ "જ્ઞાન અને પાલન" ઘટતું આવ્યું છે એની કોઇથી ના પાડી શકાશે નહિ; છતાં ઇતિહાસના વાંચકોની દ્રષ્ટિએ એ સમયમાં પણ કર્તવ્ય પાલનના વિષયમાં અતિ ઉચ્ચ આદર્શરૂપ સેંકડો અને હજારો વ્યક્તિઓ તરી આવ્યા વિના રહે તેમ નથીજ.

આ પુસ્તકના વાંચનથી તેવા અનેક કર્તવ્ય પરાયણ વીર પુરૂષોની સ્વધર્મપરાયણતાનો અતિ હિતાવહ પરિચય વાંચનારને થશે. અને તેને સ્પષ્ટ સમજાશે કેઃ ભારતવર્ષમાં થઇ ગયેલા મહાન વીર પુરૂષો સ્વધર્મને—સ્વકર્તવ્યને—સ્વપ્રાણથી પણ અધિક સમજતા હતા. પછી કર્મના ગૂઢ—હિતાવહ નિયમાનુસાર કોઈ કર્મને યોગે ભલે તેમના તે ગુણોનું પરિણામ સ્થૂલ દૃષ્ટિએ જોતાં સ્થૂળ—નાશવંત—પદાર્થો સંબંધી નિષ્ફળતામાં કે નાશમાં પણ આવ્યું હોય; પરંતુ જગતના સર્વ મહાન પુરૂષોના કથનાનુસાર મનુષ્ય માત્રને સ્થૂળ દેહના પતન પછી—સ્વપ્ન સમાન ન્યૂનકાળના જીવન પછી—જે અનેકગુણ દીર્ઘ કાળનું પારલૌકિક જીવન અવશ્ય પ્રાપ્ત થાય છે, તે જીવનને તો તેમના એ સ્વધર્મપરાયણ સદ્દગુણમય નિર્મોહી

વર્તને એવું તો અધિક સુખમય, વિશુદ્ધ અને ઉન્નત બનાવ્યું હોય છે કે તેની વિશેષતા આગળ એવી નિષ્ફળતા અને નાશનો સમુદ્ર આગળ ટીપા જેટલો પણ હિસાબ નથી.

ઉક્ત વિવેચનથી કોઇએ આડો અર્થ લેવાનો નથી. એક ક્ષત્રિય વીરાત્મા—એક સૈનિક વીર—ધર્મોપદિષ્ટ યુદ્ધકાર્યનું પાલન કરતાં પ્રાણ લે અને આપે એ યથાર્થ ધર્મપાલનમાં; અને હાલ દેશેદેશમાં જણાવા લાગેલા એનાર્કિસ્ટોના નિર્દોષ સારા માણસો પ્રત્યેના અધર્માચરણમાં સમાનતા ગણવાની કોઇએ ભૂલ કરવી નહીં. આર્યધર્મશાસ્ત્રોએ ખરો ધર્મ એ પ્રકારનો હોવાનું કદી ઉપદેશ્યું નથી. તેમ આર્ય પ્રજાએ એવાં અધર્મ કૃત્યોને કદી પણ સતકર્મ તરીકે માન્યાં નથી. અતિ આનંદનો વિષય છે કે થોડાજ સમયપર હિંદના પરમ હિતસ્વી વાઇસરૉય મહાશય લૉર્ડ હાર્ડિંજ પ્રત્યે કોઇ અધમ મનુષ્યે ફેંકેલા બંબગોળાના બનાવ ઉપરથી તે પાપી કૃત્ય પ્રત્યે પોતાના અતિશય તિરસ્કારનો અને તેઓ પ્રત્યે પોતાના વિશુદ્ધ સદ્ભાવ અને કૃતજ્ઞતાનો પરિચય ઘણા બહોળા પ્રમાણમાં ભારતવાસીઓએ આપ્યો છે.

માંહોમાંહેના દ્વેષની સ્વાભાવિક અને યોગ્ય શિક્ષા તરીકે મહમદ ગઝનવી અને શાહબુદ્દીન ઘોરીને હાથે પરાજીત થયા પછી જે અન્યાય અને અત્યાચાર ભારતવાસીઓ સહેતા આવ્યા છે; અને પાછળથી સ્વદેશી મહારાષ્ટ્રીઓનું રાજ્ય થયા છતાં પણ માંહોમાંહેના અયોગ્ય રાગદ્વેષથી તેમણે જે હાનિ અને કલેશ સહ્યાં છે; તેનું વર્ણન કોણ કરી શકે તેમ છે? એ પ્રમાણે સેંકડો વર્ષ પર્યંત અવદશારૂપ શિક્ષા ખમ્યા પછી તેમને તેમાંથી મુક્ત કરીને ઉન્નતિના પંથે વાળવા હશે; તેથીજ કૃપા કરીને ઇશ્વરે તેમના પર પૃથ્વીની સર્વ પ્રજાઓ કરતાં અધિક ન્યાયી, ધર્મ સ્વાતંત્ર્યદાયક, શાન્તિપ્રિય અને બલિષ્ઠ બ્રિટીશ પ્રજાનું રાજ્ય મોકલ્યું હોય તેમ જણાય છે. માટે એ મહારાજ્યની શાન્ત છત્રછાયા નીચે હિંદુ, મુસલમાન, પારસી ઇ૦ જાતિઓએ સામાન્ય પ્રજા તરીકે

ઐક્ય, કેળવણી, ધર્મનું સત્ય જ્ઞાન અને યથાર્થ પાલન, સ્વદેશપ્રીતિ, બળ, પરાક્રમ ઇ. ઉન્નતિદાયક ઉત્તમ સદ્‌ગુણોની ખીલવણી કરવી જોઇયે. ઉત્તમ ગુણ શિવાય ઉન્નતિનો અન્ય પ્રકારજ નથી. કુદરતને અનુસરવાના સ્વભાવવાળી બ્રિટીશ પ્રજા પણ એક સમર્થ અને વ્યવહાર કુશળ અનુભવી ગુરૂ તરીકે હિંદવાસીઓ પ્રત્યે કુદરતનો તે મહાન નિયમજ ઉપદેશી રહી છે. અને વર્તમાન મહાન શહેનશાહ જ્યોર્જ પંચમ પણ સ્વદેશાગમન સમયે "કેળવણી" "ઐક્ય" અને "આશા"ના ઉત્તમ સંદેશાથી એજ વાર્તા શિખવી ગયા છે કે; ઉન્નતિદાયક સદ્‌ગુણોને મેળવવાના પાયારૂપે શારીરિક અને માનસિક બળને ખીલવનારી ઉત્તમ "કેળવણી" તમો હિંદવાસીઓ પુષ્કળ મેળવો; અને તેના સ્વભાવિક પરિણામ તરીકે-ઉન્નતિદાયક સદ્‌ગુણો તમે મેળવ્યા છે એવું દર્શાવનારી-માંહોમાંહેના "ઐક્ય" રૂપી ધ્વજાને દર્શાવી આપો. અને એટલી આવશ્યક યોગ્યતા પ્રાપ્ત કરવા સાથે ઉન્નતિની મિષ્ટ "આશા" ધારણ કરો એટલે તે વિના વિલંબે ફળીભૂત થશેજ.

હિંદુ કે મુસલમાન, પારસી કે ખ્રીસ્તી, દેશી કે વિદેશી, સ્વધર્મી કે પરધર્મી, સર્વ પ્રાણીમાત્રમાં બહિર્ ભિન્નતા છતાં એક પ્રભુ-પિતાનાં સંતાનો હોવાની અંતરભાવના પ્રકટો, અને ચાર દિવસના સ્થૂળ જીવન માટે રહેતા રાગદ્વેષાદિ દુર્ગુણો દૂર થઈ પારલૌકિક દીર્ઘ જીવનના હિતને ખાતર તેઓ પોતાનું આ લોકનું જીવન સદ્‌ગુણપૂર્વક ગાળતાં શીખો; એવી તે કૃપાળુ પિતા પ્રત્યે પ્રાર્થનાપૂર્વક ॐ **तत्सत्.**

સં. ૧૯૬૯ વસંત પંચમી. **"મંત્રી"**

તા. ક.—આ પુસ્તકનાં પૃષ્ટ ચાર અંકો કરતાં કેટલાંક ઓછાં છે. તે અન્ય અંકોમાં વધુ આપી વર્ષ આખરે કુલ સંખ્યા પૂર્ણ કરાશે.

આ પુસ્તકમાં **'મંત્રી'**ના નિશાન વિનાનાં ટીપણ હોય તે મૂળ લેખમાંનાંજ સમજવાં.

અનુક્રમણિકા.

ભારતના વીર પુરૂષો.

ભાગ ૧ લો.

૧—રાણા કુંભ.

રાજપુતાનામાં આવેલી મેવાડભૂમિ વાસ્તવમાં સાચા વીરકુલની ખાણ છે. રાણા કુંભ પણ એજ ભૂમિમાં પેદા થયેલા એક વીર પુરૂષ હતા. શત્રુના રાજ્યમાં કોઈ પણ પ્રકારથી વિજયની પતાકા ઉરાડવી એજ માત્ર વીરતાનું લક્ષણ નથી. દેશ, કાલ, પાત્રનો વિચાર ન કરતાં જ્યાં ત્યાં તલવારોનો સપાટો ચલાવવો એ પણ વાસ્તવિક વીરતા નથી. ન્યાય અને ધર્મને તિલાંજલિ આપી પરાક્રમી શત્રુની સ્વાધીનતા છીનવી લેવી એ પણ ખરી વીરતાનું લક્ષણ નથી. જે કોઈ બળવાન પુરૂષ એક બળવાન સમૂહનો આગેવાન થઈ ગુપ્ત રીતે શસ્ત્રહીન શત્રુઓનો સંહાર કરે છે, વિના કારણ અચાનક અત્યંત અત્યાચાર કરી સર્વત્ર ભય અને ઉપદ્રવ ઉત્પન્ન કરવાને ઉદ્યત થાય છે, ન્યાયના ગંભીર ઉપદેશો પર ધ્યાન ન આપી મનુષ્યના રૂધિરની ધારાઓથી ચારે દિશાઓને રંગે છે તેને પણ કોઈ સજ્જન સાચો વીર પુરૂષ કહેશે નહિ, પણ ગમાર અથવા ક્રૂરજ ગણી કાઢશે. ખરો વીર પુરૂષ આવી ક્રૂરતા કદી પણ કરશે નહિ. તેનું હૃદય સદા સર્વદા ઉત્તમ વિચારોથીજ ભરેલું રહે છે. તે રણભૂમિમાં યુદ્ધને વખતે જેવી વીરતાનો પરિચય કરાવે છે તેવીજ કોમળતા અન્ય સમયે

બજાવી અન્ય મનુષ્યોને પ્રસન્ન કરે છે. તે કોઇ પણ રીતે પોતાના કર્ત્તવ્યપાલનથી ડગતો નથી અને કદી પણ પોતાના ગૌરવને કલંકિત કરતો નથી. મહાઘોર વિઘ્ન અને વિપત્તિઓ આવી પડવા છતાં પણ પોતાની ઇચ્છાઓ પૂરી કરવાને ખાતર તે કદી ન્યાય અને ધર્મથી વિચલિત થતો નથી. વાસ્તવિક વીર પુરૂષ હમેશાં ધીરતાની સાથે પોતાના પરમ શુદ્ધ ધર્મની રક્ષા કરવાને તત્પર રહે છે. મેવાડના રજપૂતો એવાજ વીર પુરૂષો હતા. તેઓ જેવી વીરતા અને ધીરતા બતાવી ગયા છે તેવી વીરતા અને ધીરતા બળવાન પઠાણ, વિજયી મુગલો અને રાજ્યની ઉત્કટ અભિલાષા ધરાવનાર અંગ્રેજ સેનાધિપતિઓ પણ બતાવી ગયા નથી. દૃષદ્વતી નદીને કિનારે શહાબુદ્દીન ઘોરી ચાલાકી રમીને ક્ષત્રિયોનો પરાજય ન કરી શક્યો હોત, અકબરશાહ ઘોર અંધકારથી આચ્છાદિત અર્ધ રાત્રીએ ગુપ્ત રૂપે વીર જયમલની હત્યા ન કરત તો અનુમાન થાય છે કે ચિત્તોડનું રાજ્ય મુસલમાનોના હાથમાં ન ગયું હોત અને તે કારણથી ચિત્તોડની હજારો લાવણ્યવતી કુલાંગનાઓને અગ્નિકુંડમાં પોતાના પ્યારા પ્રાણોની આહુતિ ન આપવી પડત. લૉર્ડ ક્લાઇવ જો મીરજાફર અને જગતશેઠ આદિને પોતાના પક્ષમાં ન લેત તો પ્રતીત થાય છે કે સમસ્ત બંગાલા, બિહાર અને ઓરિસા, કંપનીને આધીન ન થઇ જાત. કૅપ્ટન નિકલસન અને કૅપ્ટન લૉરેન્સ જો ષડ્યંત્ર ન રચત તો મહારાજ રણજીતસિંહનું રાજ્ય એકાએક બ્રિટીશ હકુમતમાં જવાનું કામ કાંઇ હાંસી ખેલ નહોતું. હિંદુસ્તાનમાં અનેક પુરૂષોએ આવી રીતે પોતાની વીરતાને કલંકિત કીધી છે. પરંતુ રાજપૂતોની વીરતામાં કદી પણ આવા કલંકની છાયા સુદ્ધાં પડી નથી. ક્ષત્રિય વીરોએ હમ્મેશાં નિર્દોષતાની સાથે વીરતાની અતુલનીય કીર્તિની રક્ષા કીધી છે. એ એમનું ગૌરવ છે, એ એમની શ્રેષ્ઠતા છે, એ એમની કીર્તિ છે.

કૃતજ્ઞતા, આત્મસમ્માન અને વિશ્વાસ, એ રાજપૂત વીરોના સકલ ધર્મોનું મૂળ છે. કોઈ પણ રાજપૂતને પૂછો કે 'પૃથ્વીમાં સૌથી મહા પાપી કોણ હોય છે ?' તો તે તરતજ ઉત્તર આપશે કે 'ગુણચોર અને સતચોર' થવું એજ સૌથી મોટું પાપ છે.* રાજપૂતો નિશ્ચયપૂર્વક માને છે કે 'ગુણચોર' અને 'સતચોર' યમપુરીમાં મહા કષ્ટ ભોગવે છે. રાજપૂત કુલમાં પેદા થયેલા એવાજ એક વીર પુરૂષના પવિત્ર ચરિત્રની કથા આ સ્થળે આલેખવામાં આવે છે. વીરતાની ભયાનક મૂર્તિ અને મધુરતાની કોમલ મૂર્તિ કેવી રીતે એકજ પાત્રમાં સ્થિત થાય છે તે આ કથા પરથી સ્પષ્ટ રીતે સમજાશે.

રાણા કુંભનું ચરિત્ર અત્યુત્તમ વિચારોથી ભરપૂર છે. રાણા કુંભ ૧૪૧૯ ની સાલમાં મેવાડના રાજસિંહાસન પર બિરાજ્યા હતા. સાહસ, પરાક્રમ અને શાસનની ચતુરાઇને માટે આ વીર પુરૂષ મેવાડના ઇતિહાસમાં વિશેષ પ્રસિદ્ધ છે. રાણા કુંભે લગભગ પચાસ વર્ષ સુધી મેવાડના રાજસિંહાસન પર વિરાજમાન રહી અનેક સત્કર્મો કર્યાં, પણ એઓ ઘણા કાળ સુધી શાંતિ ભોગવી શકયા નહિ; કારણ કે દેશની સ્વાધીનતાના સંરક્ષણને માટે એમને પરાક્રમી શત્રુદળ સાથે યુદ્ધ કરવું પડયું હતું. ખીલજી વંશના મુસલમાન પાદશાહોનું પરાક્રમ ઘટી જવાથી ઘણાંક મુસલમાની રાજ્ય દિલ્હીની આધીનતાનો ત્યાગ કરી સ્વતંત્ર બની ગયાં હતાં; તે સર્વેમાં માળવા અને ગુજરાતનાં રાજ્ય સર્વોપરિ હતાં. જે સમયે રાણા કુંભ મેવાડની રાજગાદી પર બેઠા તે વખતે ઉપલાં ઉભય રાજ્યોના સ્વામી અધિક પરાક્રમી હતા. ઈ. સ. ૧૪૪૦ માં ઉક્ત ઉભય નૃપતિઓએ એકઠા મળી એક મોટી સેના લઈ મેવાડ પર સ્વારી કરી–રાણા કુંભ પણ એક લાખ માણસનું

*ઉપકાર ભૂલી જનાર 'ગુણચોર' અને વિશ્વાસ ન રાખનાર 'સતૂચોર' કહેવાય છે.

સૈન્ય અને ચૌદસો હાથી લઇને પોતાના દેશનું સંરક્ષણ કરવાને સામા આવ્યા. મેવાડની સીમા પર માળવા રાજ્યના મોટા મેદાનમાં ઉભય દળો વચ્ચે એક મહા ઘોર યુદ્ધ થયું. આ મહા યુદ્ધમાં મુસલમાનોની હાર થઈ અને મેવાડની સ્વતંત્રતા અચળ રહી. વળી માળવા દેશાધિપતિ, રાણા કુંભનો કેદી થયો. આજ વખતે રાણા કુંભના પવિત્ર ચરિત્રની સુંદરતાનો વિકાસ થયો. તેણે પરાજીત શત્રુપર કઠોરતાનો પ્રહાર ન કર્યો પણ વીર ધર્મ અને મહાવીરોની રીતિ અનુસાર પરાજીત શત્રુનું સંપૂર્ણ રીતે સન્માન કર્યું. વળી તેણે માળવાધિપતિને છોડી દીધો એટલુંજ નહિ પણ તેને કેટલુંક દ્રવ્ય આપી તેનું પોતાનું રાજ્ય પાછું સોંપ્યું. વીર પુરૂષોનાં ચરિત્રો આવાંજ મહત્વ અને ઉદારતાથી પરિપૂર્ણ હોય છે. ઓગણીસમી અને વીસમી શતાબ્દીની સભ્યતાના પ્રવાહમાં વીરતાનું આવું સન્માન જણાશે કે ? મેવાડે પંદરમી શતાબ્દીમાં વીરતાનું એવુ સન્માન કીધું હતું. રાજપૂત વીરના આ અસાધારણ ચરિત્ર ગુણથી ભૂમંડળના સકળ વીરેન્દ્રસમાજે શિક્ષા લેવી જોઇએ.

૨—રાયમલ્લ.

મેવાડના સ્વામી રાયમલ્લનું ચરિત્ર દૈવી ગુણોથી ભરેલું છે. આજ સુધી એ દૈવી ગુણોએ મેવાડના સિંહાસનને અને મેવાડના ઇતિહાસને ઉજ્જવલ રાખ્યાં છે. રાયમલ્લે સ્વાર્થત્યાગનો મહા ઉદ્દેશ નજર સામે રાખી, પોતાના કુલની પવિત્રતા જાળવવાની પ્રતિજ્ઞા પાળી વાસ્તવિક વીરતાનું દ્રષ્ટાંત પૂરૂં પાડયુ છે. ભલે કોઇ ×ડીમોસ્થિનીસને ઉત્તમ

×ડીમોસ્થિનીસ ગ્રીસ દેશમાં મહાન વક્તા થઈ ગયો છે; તેનો પિતા એથેન્સ નગરમાં તલવારનો વેપાર કરતો હતો. ઈશુખ્રિસ્તના જન્મથી ૩૮૦ વર્ષ પૂર્વે ડીમોસ્થિનીસનો જન્મ થયો હતો. તેના બાળપણામાં પિતાનું મરણ થઈ જવાને લીધે ડીમોસ્થિનીસને ભણવાનો અવસર ન મળ્યો. ૧૭

વક્તા ન કહે, ભલે કોઇ વાલ્મીકિને અદ્વિતીય કવિ ન કહે, ભલે કોઈ સાધરણ માણુસ §હાવર્ડને પરોપકારી પુરૂષ ન કહે, તોપણ રાયમલ્લને તો સર્વ વીરપુરૂષોમાં અદ્વિતીય કહેવો પડશેજ.

રાયમલ્લના જેવી અલૌકિક મહાપ્રાણુતાનું પ્રત્યક્ષ ઉદાહરણ કોઇ પણ માણુસ બતાવી શકયો નથી; કે પાપના રાજ્યમાં પુણ્યનો પ્રકાશ ફેલાવી એવી મહત્વતાનો પરિચય આપી શકયો નથી. જગતનો ઇતિહાસ આજ પર્યંત કોઇ પણ ઠેકાણે એવું એક પણ દ્રષ્ટાંત બતાવી શકયો નથી. રોમના બ્રુટસે* અપરાધી પુત્રને ઘાતકના હાથમાં આપી

વર્ષની ઉમ્મરે તે વ્યાખ્યાન આપવાની કળા શીખવા લાગ્યો. ધીમે ધીમે આ વિષયમાં તેની અસાધારણ શક્તિ વ્યક્ત થઈ. ત્યાર પછી તેણે તે વખતના સર્વોત્તમ વક્તા તરિકેની કીર્તિ પ્રાપ્ત કરી.

§ જૉન હાવર્ડ ૧૭૨૬ ની સાલમાં ઇંગ્લાંડના હૅકની શહેરમાં જન્મ્યો હતો. ૧૭૫૬ માં તેણે કરેલા બર્લિન તરફના પ્રવાસ વખતે તેનું વહાણ ફ્રાન્સના કબજામાં જઈ પડયું અને બીજા ઉતારૂની સાથે હાવર્ડને પણ કેદી બનવું પડયું. કેદખાનામાં તેને અતિશય કષ્ટ વેઠવું પડયું. પાછળથી જ્યારે તેને છોડવામાં આવ્યો ત્યારે તેણે કેદખાનામાં મળેલા અનુભવપરથી કેદીઓનાં દુઃખ કમી કરવાને ઇંગ્લાંડ દેશમાં ચર્ચા કરવા માંડી. હાવર્ડે યૂરોપનાં મુખ્ય કેદખાનાં જોઇને કેદીઓની અધમ દશાનું વર્ણન પ્રકટ કર્યું. વળી તેઓ એવા તો પરોપકારી અને દયાળુ હતા કે કેદીઓની શુશ્રૂષા કરવાને માટે ગમે તેવા રોગિષ્ટ કેદીની નજીક જવાને પણ આચકો ખાતા નહોતા. એક વખત હાવર્ડ એક ચેપી રોગીને જોવાને ગયા, તેથી કરીને તેમને પણ એ રોગ લાગુ પડયો અને તે કારણથી ૧૭૯૦ ની સાલમાં તેઓ મરણ પામ્યા.

* બ્રુટસ રોમના મુખ્ય ન્યાયાધીશ હતા. જ્યારે રોમમાં પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ ત્યારે બ્રુટસ અને કલેટિનસ આ બન્નેને મુખ્ય ન્યાયાધીશ નીમવામાં આવ્યા હતા. જ્યારે પ્રજાસત્તાક રાજ્યોનો નાશ

જગતની આગળ સ્વાર્થત્યાગ અને મહાનુભાવનું દ્રષ્ટાંત રજુ કર્યું હતું ખરૂં; પરંતુ મેવાડના રાયમલ્લે તો અપરાધી પુત્રની હત્યા કરનારને ઇનામ આપી તેના કરતાં પણ વધારે અધિક ઉચ્ચ ભાવનો પરિચય કરાવ્યો છે.

ચારસેં વર્ષ અગાઉ એક વખત વીરભૂમિ રાજપૂતાનાની એક અતિ રૂપવતી રાજપૂત સુંદરી ઘોડા પર બેસી કોઈ સ્થાને જતી હતી. તેણે યોદ્ધાનો વેશ લીધો હતો. તે પોતાનો ઘોડો નિર્ભયપણે અતિ વેગથી દોડાવતી હતી. જેવી રીતે ધનુષમાંથી છૂટેલું બાણ ચાલ્યું જાય તેવી રીતે ઘોડો ચાલ્યો જતો હતો અને તે પર બેઠેલી મધુર, કોમળ, સૌંદર્યવતી તેમજ ભયાનક મૂર્તિ પોતાની અપૂર્વ પ્રભા ચારે દિશા તરફ ફેલાવી રહી હતી. એટલામાં દૂરથી એક યુવાન ક્ષત્રિયે તે મનમોહિની કાંતિને દૂરથી જોઇ. તે યુવક પણ યોદ્ધાના વેશમાં સજ્જીત થયો હતો. મધુરતામાં મધુરતા મળી ગઈ. અપૂર્વ ભીષણતાની સાથે ભીષણતા મળી ગઇ. અશ્વ પર બેઠેલો યુવાન ક્ષત્રિય, અશ્વારોહિત બાલિકાનું અનુપમ સૌંદર્ય અને અશ્વને ચલાવવાની ચતુરાઈ જોઇને ચકિત થઈ ગયો—છક થઇ ગયો અને તેના હૃદયમાં, એક પળમાં આશા અને નિરાશાનો સાથેજ આવિર્ભાવ થયો.

પાઠક મહાશય! આ કોઈ ઉપન્યાસની ભૂમિકા નથી. કલ્પિત નવલકથા નથી. પણ સત્ય બનેલી બીના છે.

કરવાને માટે પ્રપંચો રચવામાં આવ્યા ત્યારે તેમાં બ્રુટસના બે પુત્રો અને કલેટિનસના ત્રણ ભત્રીજાઓએ ભાગ લીધો હતો. એમનો મુકર્દમો મુખ્ય ન્યાયાધીશની આગળ ચાલ્યો. તે વખતે કલેટિનસે સગપણને લીધે પોતાના ભત્રીજાઓને ઉચિત કરતાં કમી શિક્ષા આપવાની ઇચ્છા કરી, પરંતુ બ્રુટસે પોતાના પુત્રોને પણ પ્રાણદંડની શિક્ષા કરી પોતાનું ન્યાયીપણું બતાવી આપ્યું હતું.

આ યુવક કોણુ છે? તે મેવાડના ક્ષત્રિયકુલદીપક મહારાજ રાયમલ્લનો નાનો પુત્ર જયમલ્લ છે. અને પેલી યુવતી કોણુ છે? તે ×ટોડાના રાજા રાવ સુરતનની કન્યા તારાબાઇ છે. બાપારાવળનો વંશજ આજે આ યુદ્ધવેશધારિણી લાવણ્યમયી મૂર્તિના લાવણ્ય સાગરમાં મગ્ન થયો છે.

મહારાજ રાયમલ્લના પુત્રે તારાબાઇની સાથે વિવાહ કરવાની અભિલાષા પ્રકટ કરી, પણુ રાવ સુરતને સહસા તેમની ઇચ્છા સંપૂર્ણ કરી નહિ. વીરભૂમિ રાજપૂતાનાના વીર રાજપૂતો પોતાની પુત્રીઓને આળસુ યુવકો સાથે પરણાવવાને અધીરા બની નહોતા જતા. આજની નવીન સભ્યતાના પૂજારીઓની માફક તેઓ વરને ઢુંઢતા ફરતા નહોતા. આજે તો ધનવાનના કાયર અને આળસુ પુત્રો અથવા બી. એ., એમ. એ. ની ડીગ્રી મેળવનારા, વ્યવહારનું એક બિંદુ પણુ ન સમજનારા યુવકોને જોઇને પુત્રીઓના પિતાઓ તેમની સાથે વિવાહ કરવાને અધીરા બની જાય છે. તેમ રાજપુતાનામાં તે વખતે નહોતું.

લીલ્લા નામના એક પહાડી પઠાણે રાવ સુરતનને દેશની બહાર હાંકી કાઢી ટોડા પર પોતાનો અધિકાર જમાવી દીધો હતો આથી રાવ સુરતન પોતાના પ્યારા દેશમાંથી નીકળી પોતાની કન્યા સાથે મેવાડમાં આવેલા

× અહીંઆં 'ટોડા' લખ્યું છે પરંતુ રામનાથ રત્નૂએ રાજસ્થાનના ઇતિહાસમાં 'થોડા' નામ લખ્યું છે. તેઓ લખે છે કે ત્રીજા જયમલ્લજીએ 'થોડા'ના રાવ સુરતાનજીની પુત્રી સાથે વિવાહ કરવાની ઈચ્છા કરી હતી. સુરતાનજીનું રાજ્ય પઠાણોએ છીનવી લીધું હતું તેથી તેમણે જયમલ્લજી જો પઠાણો પાસેથી 'થોડા' જીતી લઈ પોતાને સ્વાધીન કરે તો, તેના બદલામાં તેને પોતાની પુત્રી આપવાનું વચન આપ્યું હતું. પરંતુ જયમલ્લજીએ 'થોડા' મેળવી આપ્યા અગાઉ રાવ સુરતાનજીની પુત્રીને મળવાની ઇચ્છા કરી તેથી તેણે ક્રોધિત થઈ જયમલ્લજીનું મસ્તક કાપી નાંખ્યું.

બેદનોરમાં જઈ વસ્યો હતો. સુરતનની પ્રતિજ્ઞા એ હતી કે "જે કોઈ ક્ષત્રિય વીર બાહુબલથી ટોડાને પોતાના અધિકારમાં લઈ શકશે તેનેજ વિધાતાની અદ્ભુત રચના તારાબાઈ સમર્પણ કરી દઈશ." જે રાજપૂતો **वीरभोग्या वसुन्धरा** એ વાક્યપર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે તેજ રાજપૂતોના મુખમાંથી આવી પ્રતિજ્ઞાના શબ્દો બહાર નીકળે છે અને તેમનેજ એવા શબ્દો શોભે છે, અન્યને નહિ. જયમલ્લે રાવ સુરતનની પ્રતિજ્ઞા અનુસાર તે કન્યા પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ટોડાપર ચઢાઈ કરી, તેને પઠાણની સાથે ઘોર યુદ્ધ કરવું પડયું; પરંતુ સુરતનની પ્રતિજ્ઞાને પૂર્ણ કરી ન શક્યો અને પઠાણથી પરાભવ પામી પાછો આવ્યો. તે છતાં પણ રાજપૂતકલંક જયમલ્લ લજ્જીત ન થયો. રણભૂમિમાં શત્રુની સામે પડી શસ્ત્ર ચલાવતાં પોતાના દેહનો ત્યાગ કરવો એ રાજપૂતનો ધર્મ તે ન સમજ્યો, તેના હૃદયમાં તારાબાઈની મનમોહિની મૂર્તિ વસી રહી હતી. સમરમાં પીઠ બતાવ્યા છતાં પણ પ્રસન્ન મુખ રાખી બેદનોર જઇ અનુચિત રીતે પણ બળાત્કાર કરીને તે લાવણ્યમયી લલનાને મેળવવાનો તે ઉદ્યોગ કરવા લાગ્યો. આ અપમાન ગમે તેવા સંકટમાં ફસેલા પણ કુલગૌરવને સંપૂર્ણ રીતે સાચવનાર રાવ સુરતન સહન કરી શકયા નહિ તેનું હૃદય સ્વાભિમાનથી ઉછળી ઉઠયું અને તેણે જયમલ્લના શીર્ષનું છેદન કરી પોતાના કુલની પ્રતિષ્ઠાનું સંરક્ષણ કીધું. આ પ્રકારે એક રાજપૂતની તલવાર બીજા રાજપૂતના રૂધિરથી રંગાઈ.

ધીમે ધીમે આ સમાચાર રાયમલ્લની રાજધાનીમાં પહોંચ્યા. શહેરમાં ઘેરેઘેર આ બનાવની ચર્ચા થવા લાગી. લોકોને ચિંતા થઇ

રાયમલ્લજીને જ્યારે લોકોએ વેર લેવાનું કહ્યું ત્યારે તેમણે એવો ઉત્તર આપ્યો કે, એક ક્ષત્રિયનો આવી રીતે અનાદર કરનારનું મસ્તક કાપીજ નાંખવું જોઇએ.

કે આ બનાવની ખબર રાયમલ્લજીને આપવાની કોણ હામ ભીડશે ? ઠેકઠેકાણે એમ બોલાતું હતું કે "રાવ સુરતને બાપારાવળના વંશજની હત્યા કરી મહા અનર્થ ઉપજાવ્યો છે. હવે એની રક્ષા કોણ કરશે ? હવે એનો પ્રાણ બચી શકશે નહિ."

રાયમલ્લનો સર્વેથી વડો પુત્ર નાના ભાઇના પરાક્રમથી પરાસ્ત થઇને કોણ જાણે કયાં ચાલ્યો ગયો હતો. બીજા પુત્રને ઉદ્ધતાઈના કારણે મહારાજ રાયમલ્લેજ પોતાના રાજ્યની બહાર કાઢી મૂકયો હતો. માત્ર એક પુત્ર જયમલ્લજ પિતાને વ્હાલો હતો. હવે મહારાજનો આજ પરમપ્રિય પુત્ર રાવ સુરતનના હાથથી માર્યો ગયો. "હાય! આજ મહારાજને આ દારૂણ દુઃખથી શું થશે ? એવી કોની શક્તિ છે કે મહારાજને સમજાવશે ?" મેવાડના રાજપુતો આ વિચારથી વ્યાકુળ બની ગયા હતા. વાત કયાં સુધી છૂપી રહી શકે ? ધીમે ધીમે તે વાત મહારાજના કાને પણ પહોંચી ગઈ. એમણે ધૈર્યથી આદ્યોપાન્ત સર્વ વૃત્તાંત લક્ષ દઇને સાંભળ્યું. વાત સાંભળ્યા પછી અચાનક તેમણે ભવાં ચઢાવ્યાં અને તેમની આંખો લાલચોળ થઈ ગઈ. પ્રાણથી પણ અધિક પ્રિયપુત્રના શોચનીય મરણથી તેઓ ક્રોધિત ન થયા પણ ધૈર્યયુક્ત ગંભીરતાથી બોલ્યા, "જે કુલકલંક પુત્ર પિતાની પ્રતિષ્ઠા નષ્ટ કરવાને ઉદ્યુક્ત થયો તેને એવોજ દંડ મળવો જોઇએ. રાવ સુરતને એ કુલાંગારને પ્રાણદંડ કરી ક્ષત્રિયના કર્ત્તવ્યનું પાલન કર્યું છે." મહારાજ રાયમલ્લે એમ કહી, પોતાના પુત્રને મારનાર રાવ સુરતનને ઈનામ તરીકે બેદનોરનું રાજ્ય સમર્પણ કર્યું.

સાચા વીરોનાં ચરિત્રો આવાજ ઉચ્ચ ભાવોથી ભરેલાં હોય છે. વાસ્તવિક વીરો એવીજ મહાપ્રાણતા અને તેજસ્વિતાથી વિભૂષિત હોય છે. આજે આ વિશાળ ભારતમાં કોઈ એવો સાચો કવિ, ગ્રંથ-

કાર કે ઇતિહાસકાર છે કે જે આવા સાચા વીર પુરૂષોની મહાપ્રાણુતા અને તેજસ્વિતાનું વર્ણન કરી શકે? શું કોઈ ભાટ આવા અલૌકિક ગૌરવનું ગીત ગાઇને ભારતને સુખી કરશે?

૩—પ્રતાપસિંહ.

આજે સં. ૧૬૩૨ ના શ્રાવણ માસની સપ્તમી છે. આજે મેવાડના રાજપુતો '**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**' જન્મભૂમિને માટે પ્રાણ આપવાને ઉદ્યત થયા છે. અકબરની એક મોટી સેના રાજા માનસિંહની+ આગેવાની હેઠળ મેવાડપર અધિકાર જમાવવાને ચઢી આવી છે. મુગલ લોકો સૂર્યવંશને કલંકિત કરવાને પ્રયત્ન કરી રહ્યા છે. આ તરફ મેવાડના વીરશિરોમણિ પ્રતાપસિંહ પણ પોતાના કુલની પવિત્રતાને અટલ જાળવી રાખવાને માટે કમર કસી તૈયાર થયા છે. સાચા ક્ષત્રિય બચ્ચાઓએ પોતાનું ગૌરવ જાળવી રાખવાને દ્રઢ સંકલ્પ કીધો છે. ચિરકાલ સુધી સ્મરણીય હલદીઘાટના મેદાનમાં આજે બાવીશ હજાર યોદ્ધાઓ મેવાડની કીર્તિ જાળવી રાખવાને માટે એકઠા થયા છે. મહારાણા પ્રતાપસિંહ એ બાવીશ હજાર યોદ્ધાઓના અધિનેતા બની પરાક્રમી મોગલ સેનાનો પ્રતીકાર કરવાને તૈયાર થયા છે.

હલદીઘાટ એક પહાડી માર્ગ છે. તેની ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ દિશાએ ઘણા મોટા મોટા પહાડ આવી રહેલા છે. લગભગ આ આખું સ્થાન પહાડ, જંગલ અને નાની નાની નદીઓથી ભરપૂર છે. મહારાણા આજ જગ્યાએ પોતાનું લશ્કર એકઠું કરી મોગલોની સામે આવી ઉભા છે. હલદીઘાટના યુદ્ધનો દિવસ રાજપૂતોનો મહા

+ 'તવારીખ તુહફએ રાજસ્થાન' નામના ગ્રંથમાં લખ્યું છે કે "અંબરના રાજા માનસિંહે એકવાર ગુજરાતથી પાછા ફરતાં ઉદયસાગર

ઉત્સવનો દિવસ હતો. રાજપૂત વીરોએ એ ઉત્સવમાં ઉન્મત્ત થઈ પોતાના પ્રાણ વિસર્જન કર્યા હતા. મહારાણા પ્રતાપસિંહ આ ઉત્સવમાં અગ્રણી હતા. તેમણે પ્રથમ તો માનસિંહજીની શોધ કરી પણ તે તો દિલ્હીના મોટા લશ્કરના મધ્ય ભાગમાં સંતાઇ બેઠો હતો. પ્રતાપસિંહ આ સેનાનાં માણસોને ભેદી માનસિંહની પાસે જઈ શકયા નહિ તથાપિ મેઘગર્જના સમાન ગંભીર સ્વરથી બોલ્યા "કા પુરૂષ, રાજપૂત કુલાંગાર એક વખત તું મારી સમીપ આવ" રાજા માનસિંહે આ તિરસ્કારની તરફ બિલકુલ લક્ષ આપ્યું નહિ. મહારાણા પ્રતાપસિંહ નિડરપણે યુદ્ધ કરવા લાગ્યા. તેઓ ત્રણ વખત મુગલસેનાની વચમાં પેઠા. આ ત્રણે વખત તેમની જીંદગી પરમ સંકટમાં ફસી હતી. રાજપૂતોએ આ ત્રણે વખત પોતાના પ્રાણની પણ દરકાર રાખ્યા વગર મહારાણાની નજીક આવી તેમના પ્રાણ બચાવ્યા. મહારાજાના પ્રાણ બચાવવાને માટે રાજપૂતોએ પોતાના પ્રાણ તુચ્છ સમજી લીધા હતા. પણ મહારાણા તો હજીએ હઠતા નહોતા. તેમના શરીરમાં એક જગાએ ગોળી, ત્રણ જગાએ બરછી અને ત્રણ જગાએ તલવારોના કારી ઘા લાગ્યા હતા.

તળાવ પર મુકામ કર્યો; આ વખતે મહારાણા પ્રતાપસિંહે તેની આગતા-સ્વાગતા બહુ સારી રીતે કરી. માનસિંહ પર પણ જમતી વખતે કાંઇ કટુ શબ્દો કહેવડાવ્યા તેથી તે નારાજ થઇને ત્યાંથી ચાલ્યો ગયો. સંવત ૧૬૩૩ અથવા ઈ. સ. ૧૫૭૭ માં પોતાને કહેલા કટુ શબ્દોનું વેર લેવાને બાદશાહી લશ્કર લઇને તે મેવાડ પર ચઢી આવ્યો અને ગોંગૂદેની નજીકમાં હલદીઘાટમાં ખમનોર ગામની પાસે તેમની વચ્ચે ભારે યુદ્ધ થયું. બપોર સુધી લડાઈ થયા પછી બાદશાહી ફોજ ઘણા ગાઉ સુધી પહાડોમાં વિખરાઈ ગઇ. પણ આ અણીના વખતે માનસિંહની ગંજાવર ફોજે 'બાદશાહ આવી પહોંચ્યા છે' એવી ખોટી બૂમ ફેલાવી દીધી. આથી મેવાડના લશ્કરના પગ ભાંગી ગયા અને તેમની ફત્તેહ પરાજયના રૂપમાં પલટાઇ ગઇ."

આ પ્રમાણે સાત જગાએ ઘા લાગ્યા છતાં પણ લડાઇની ધૂનમાં ઉન્મત્ત થયેલા મહારાણા હઠાવ્યા હઠતા નહોતા. તેઓ તો બસ ઘાસની માફક માણસોનાં શિર કાપતા મોગલ સેનાનો ઘાણ કાઢવા લાગ્યા. રાજપૂત વીરોએ પુનઃ તેમના જીવનની રક્ષા કરવાને માટે પ્રયત્ન આદર્યો, પરંતુ તેમાંથી ઘણા વીરો વીરશય્યા પર સૂતા. મેવાડનું ગૌરવ સાચવનાર રાજપૂત વીરોમાંથી ઘણો મોટો ભાગ હમેશની નિદ્રામાં સૂતો. તો પણ મહારાણાનો રણોત્સાહ જરા પણ મંદ પડયો નહોતો. તેમના મસ્તક પર મેવાડનું રાજછત્ર શોભી રહ્યું હતું. તેમના છત્રને ઓળખી સઘળી મોગલ સેના નજીક આવી તેમને ચારે તરફથી ઘેરવા લાગી. આ છત્રને લીધેજ અગાઉ ત્રણ વાર મહારાણાની જીંદગી જોખમમાં આવી પડી હતી. તોપણ તેમણે પોતાનું રાજચિન્હ ઉતાર્યું નહિ. આ વખતે તેમના પ્રાણની રક્ષા કરવાનું કાર્ય અસાધ્ય પ્રતીત થવા લાગ્યું. આવી સ્થિતિ જોઈ ઝાલાકુલતિલક માનસિંહ પોતાની સેનાને સાથે લઇ મહારાણાની નજીક જઇ પહોંચ્યા અને તેમના મસ્તકપરથી ઝટ રાજછત્ર લઇને પોતાના શિર પર ગોઠવી દીધું. આ છત્ર દેખી મુગલસેનાએ માનસિંહને મેવાડના મહારાણા સમજી તેના પર મોટો હુમલો કર્યો. આ વખતે મોગલ સેનાની કિલ્લેબંધી તૂટી ગઈ અને પ્રતાપસિંહ બચ્યા. પરંતુ વીરશિરોમણિ ઝાલા માનસિંહ બચી શકયા નહિ. તે તો સ્વામીભક્તિના ઉત્સાહમાં અપ્રતિમ શૌર્ય બતાવી મોગલસેનાની વચમાં પોતાના સમસ્ત યોદ્ધાઓની સાથે સદાને માટે વીરશય્યામાં સૂતા. મોગલ સેના પણ આ રાજપૂતોની પ્રશંસા કરવા લાગી. પરંતુ આ વખત રાજપૂતોનો વિજય થયો નહિ. મોગલ સેના ચારે તરફ તીડોની માફક ઉભરાઈ ગઇ હતી. રાજપૂતોએ મરણીઆ થઇ મોગલ સેનામાંના ઘણા યોદ્ધાઓને માર્યા પણ તેમનું દળ બહુ ભારે હોવાથી ઘટાડયું ઘટી શકતું નહોતું. હલદીઘાટના

યુદ્ધમાં ચૌદ હજાર રાજપૂતોના લોહીની નદી વહી. મહારાણા પ્રતાપસિંહે વિજયની આશા છોડી રણભૂમિનો ત્યાગ કર્યો.

આ પ્રકારે હલદીઘાટના સમરની સમાપ્તિ થઇ. ચૌદ હજાર યોદ્ધાઓ માતૃભૂમિના રક્ષણને માટે પ્રસન્ન વદને કોઇ પણ જાતના સંકોચ વગર વીરશય્યામાં અનંત નિદ્રા લઇ સૂતા. હલદીઘાટ યુદ્ધનું પરમ પવિત્ર ક્ષેત્ર છે. કવિઓની રસમયી કવિતામાં તે અનંતકાળ પર્યંત ગુંથાઇ રહેશે. ઇતિહાસકારોની પક્ષપાત રહિત પ્રભાવશાળી કલમોથી તે અનંતકાળ સુધી અનેકવાર લખાશે. મહારાણા પ્રતાપસિંહ અનંતકાળ સુધી વીરેંદ્ર સમાજમાં આદર પામશે અને અમર પુરૂષોની પંક્તિમાં સ્થિત થશે.

પ્રતાપસિંહ અનુચર લીધા વગર ચેતક નામના શ્યામવર્ણથી ચમકતા અશ્વપર ચઢી રણભૂમિને છોડી ચાલ્યા. આ ઘોડો પણ તેની તેજસ્વિતા માટે પ્રતાપસિંહની માફક રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે. જ્યારે બે મોગલ સરદાર મહારાણા પ્રતાપસિંહની પાછળ પડયા ત્યારે ચેતકે મહારાણાનું સંકટ દૂર કર્યું. એક નાની સરખી નદી આવતાં ચેતક છલંગ મારીને બીજે પાર ગયો, પણ મોગલોનાં ટટ્ટુ આ નદી કૂદી શક્યાં નહિ. પરંતુ અફસોસ! મહારાણાની માફક ચેતક પણ રણમાં ઘાયલ થઇ ચૂક્યો હતો. ઘાયલ સ્વામીને લઇને ઘાયલ ઘોડો પોતાનાથી બનતી ઝડપે ચાલવા લાગ્યો. મહારાણાને કાને અચાનક ઘોડાની ખરીનો અવાજ પડવા લાગ્યો, મુખ ફેરવીને પાછળ જોયું તો પોતાનો બંધુ શક્તિસિંહ આવી રહ્યો છે. શક્તિસિંહ પ્રતાપસિંહનો શત્રુ હતો; તે ભ્રાતૃપ્રેમનો ત્યાગ કરી બાદશાહ અકબરને જઇ મળ્યો હતો. પ્રતાપસિંહે તે રાજપુત કુલકલંક બંધુને જોઇને ક્ષોભ અને ક્રોધના આવેશમાં ઘોડાને થોભાવ્યો. પરંતુ આ વખતે શક્તિસિંહે મહારાણાની વિરૂદ્ધમાં કશું કાર્ય કર્યું નહિ. તેણે હલદીઘાટમાં પ્રતા-

પસિંહનું અલૌકિક સાહસ અને હામ દીઠાં હતાં, પોતાના દેશવાસી રાજપૂતોની દેશભક્તિ જોઈ હતી. આ અપૂર્વ દેખાવ જોઇને તે પોતાની જાતનેજ પોતાના મનથી ધિક્કારવા લાગ્યો. હવે તે ક્ષત્રિય લોહીને અપવિત્ર ન કરવાનો સંકલ્પ કરી અશ્રુભરિત નેત્રો સહિત વડા બંધુના પગે પડયો. પછી પૂછવુંજ શું ? વિમલસ્વભાવ પ્રતાપસિંહ આગલી સર્વ વાત ભૂલી ગયા, ઘણા દિવસથી એકઠું થયેલું વેર કોણ જાણે કયાં લીન થઈ ગયું, મહારાણાએ પરમપ્રેમની સાથે સહોદર બંધુ શક્તિસિંહને છાતી સરસો ચાંપ્યો. આ વખતે ઉભય બંધુઓએ મેવાડના લુપ્ત થયેલા ગૌરવને પુનઃ સજીવન કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો. ચેતકે માર્ગમાંજ પ્રાણ છોડયો. પોતાના પરમપ્રિય અશ્વનું સ્મરણ ચિરકાળ સુધી રાખવાને માટે મહારાણાએ તેના મૃત્યુસ્થાન ઉપર એક સમાધિ ચણાવી કે જે આજ સુધી "ચેતકનો ચબુતરો" એ નામે પ્રસિદ્ધ છે.

ઈ. સ. ૧૫૭૬ ના જુલાઈ માસમાં ચિરસ્મરણીય હલદીઘાટ મેવાડના ગૌરવરૂપ રાજપૂતોના રૂધિરની ધારાથી ધોવાઈ ગયો. મોગલોની સેના વિજય મેળવી રણભૂમિનો ત્યાગ કરી ચાલી ગઈ. કમલમીર અને ઉદેપુર શત્રુઓના હાથમાં જઇ પડયાં. મહારાણા પ્રતાપસિંહ પોતાના પરિવાર સહિત એક પહાડથી બીજે પહાડ, એક વનથી બીજે વન અને એક ગુફાથી બીજી ગુફામાં જઇ પાછળ પડેલા મોગલોથી પોતાનું રક્ષણ કરતા હતા. વરસ પર વરસ વહી જવા લાગ્યાં પરંતુ મહારાણા પ્રતાપસિંહના કષ્ટનો અંત આવ્યો નહિ. પ્રતિ વર્ષે નવાં નવાં કષ્ટ એકઠાં થઈ પ્રતાપસિંહને ઘેરવા લાગ્યાં. પરંતુ મહારાણા અટલ રહ્યા. મોગલોની અધીનતા સ્વીકારી નહિ. ધીમે ધીમે મેવાડનું આકાશ અધિક અધિક અંધારાથી છવાવા લાગ્યું, ધીમે ધીમે પરાક્રમી શત્રુઓએ અનેક સ્થાનમાં પોતાનો અધિકાર

જમાવી લીધો. તોપણ મહારાણા અડગ રહ્યા. તેમણે બાપારાવળના પવિત્ર વંશને કલંક લાગવા દીધું નહિ. આ વખતે મહારાણા પ્રતાપસિંહપર એટલું કષ્ટ આવી પડયું હતું કે એક દિવસ તો વિશ્વાસુ ભીલોએ તેમના પરિવારને નિર્ભય સ્થાને લઈ જઈ ભોજન આપી તેમના પ્રાણનું રક્ષણ કર્યું હતું.

પ્રતાપસિંહના આવા અસાધારણ સ્વાર્થત્યાગ અને પરમ કષ્ટ વખતે ધીરભાવ રાખવાના ગુણોને જોઇને સહૃદય શત્રુનું દીલ પણ પીગળી ગયું હતું. દિલ્હીના પ્રધાન રાજકર્મચારીએ એમની દેશ હિતૈષિતાપર મોહિત થઇને નિમ્ન લિખિત ભાવાર્થની એક કવિતા લખી મોકલી હતી "પૃથ્વીપર સ્થિર કોઇ પણ વસ્તુ નથી. ધરતી અને સર્વ સંપત્તિ એક દિવસ કોણ જાણે કયાં લુપ્ત થઇ જશે. પરંતુ મહાન પુરુષોનો ધર્મ કદી પણ લુપ્ત થશે નહિ. પ્રતાપસિંહે પૃથ્વી અને ધનનો ત્યાગ કર્યો છે, પણ મસ્તક કદી નમાવ્યું નથી. હિંદુસ્તાનના રાજાઓમાં કેવળ એમણેજ પોતાના કુલના ગૌરવનું સંરક્ષણ કર્યું છે."*

---

* રામનાથ રત્નૂએ રાજસ્થાનના ઈતિહાસમાં લખ્યું છે કે આ રીતે પ્રતિ વર્ષ વર્ષાઋતુની સમાપ્તિ થતાં પાદશાહી સેના પ્રતાપસિંહજી પર ચઢતી, તેઓ અપૂર્વ વીરતાથી તેની સામે થતા. વર્ષાઋતુ આવવાથી પ્રતાપસિંહજીને થોડો અવકાશ મળતો, પરંતુ પ્રતિ વર્ષ તેમના ગઢ અને ભૂમિ મુસલમાનોને હસ્તગત થતાં જતા હતાં. આટલું છતાં પણ તેમણે પોતાનો ટેક છાડયો નહિ. તેથી પાદશાહી દરબારના લગભગ સઘળા વીર પુરૂષો પ્રતાપસિંહજીની પ્રશંસા કરવા લાગ્યા. બલકે નવાબ ખાનખાને તો મારવાડી ભાષામાં તેમનાપર નીચલો દોહરો પણ લખી મોકલ્યો હતોઃ—

धर्म रहसी र[illegible]सी धरा, खिजनसे [illegible]रसाण;
अमर विसंभर उपरे, राखीन नहचो राण.

આનો અર્થ એ છે કે 'હે મહારાણા સાહેબ! પરમેશ્વરપર વિશ્વાસ રાખજો. આપનો ધર્મ અને દેશ બન્ને આપની પાસે રહેશે અને પાદશાહ હારી જશે.

આ રીતે પ્રતાપસિંહ વિધર્મી શત્રુઓ તરફથી પણ પ્રશંસા મેળવીને સ્વદેશરક્ષણ માટે ઘુમી રહ્યા હતા. પ્રાણથી પણ અધિક પ્યારાં સ્ત્રીપુત્રાદિ પરિવારનું કષ્ટ તેમને ઘણી વખત અતિ ઉદાસ બનાવી મૂકતું. એક દિવસ પાંચ વાર ખોરાકની વસ્તુ એકઠી કરી પણ પાંચે વાર તેને છોડી મોગલોની સેનાના ભયથી પહાડોના દુર્ગમ સ્થાનમાં જવું પડયું. એક દિવસ તેમની પટરાણી અને પુત્રવધૂએ ઘાસના બીજની કેટલીક રોટલી બનાવી હતી તેમાંથી અર્ધી તો સઘળાંઓએ ખાધી પણ અર્ધી બીજા સમયને માટે રહેવા દીધી; પરંતુ એક જંગલી બિલાડો તે રોટલી લઇ નાઠો. આ જોઈ મહારાણાની એક નાની છોકરી ગભરાઇને રડી પડી. થોડેક છેટે મહારાણા જરા આડા પડી પોતાની શોચનીય દશાનો વિચાર કરી રહ્યા હતા. તેઓ પુત્રીનું રૂદન સાંભળી એકાએક ચોંકી ઉઠયા અને જોયું તો બિલાડો રોટલી લઇ જવાથી પુત્રી અશ્રુ સારી રહી છે. પ્રતાપસિંહે પ્રસન્ન વદને ધૈર્યની સાથે હલદીઘાટપર પોતાના દેશી બંધુઓને પ્રાણત્યાગ કરતા જોયા હતા, પોતાના દેશનું ગૌરવ જાળવી રાખવાને માટે લોહીની નદી વહેવરાવવાને માટે તેમણે પોતાના અસંખ્ય યોદ્ધાઓને ઉત્તેજીત કર્યા હતા, રાજપુતો રણમાં પોતાના જાન આપવા માટેજ જન્મે છે એવો તેમનો દ્રઢ નિશ્ચય હતો; તોપણ પોતાનાં કુમળાં બાળકોનો આર્તનાદ સાંભળી પોતાની સઘળી હિમ્મત, પોતાનું સઘળું શૌર્ય, પોતાનું સઘળું સાહસ, કોણ જાણે કયાં જતાં રહ્યાં. જાણે સેંકડો સર્પોએ આવીને ડંખ દીધા ન હોય તે પ્રમાણે બાલિકાને રોટલાના ટુકડાને માટે રોતી જોઇ તેમનું ચિત્ત વ્યાકુલ થઇ ગયું. મહારાણા આ પીડાથી વિચલિત થયા અને પોતાનું કષ્ટ દૂર કરવાને માટે પાદશાહ અકબરને નમણું આપવાનો પત્ર લખ્યો. પ્રતાપસિંહ દિલ્હીની અધીનતા સ્વીકારવાને તૈયાર થયો છે એ હકીકત

જાણુતાંજ પાદશાહે મહા ઉત્સાહથી આખા શહેરમાં ઉત્સવ કરવાનો ઢંઢેરો પીટાવી દીધો. મહારાણાએ પાદશાહ ઉપર જે પત્ર લખ્યો હતો તે બિકાનેરના રાજાના નાના ભાઇ પૃથ્વીરાજના જોવામાં આવ્યો. તે મહારાણાની ટેક પર અચલ શ્રદ્ધા રાખતા હતા. તેથી એકાએકજ મહારાણા પાદશાહને મસ્તક નમાવવાને તૈયાર થયા એ હકીકત જાણી તેના હૃદયમાં બહુ દુઃખ પેદા થયું, અને તેજ વખતે નિમ્ન લિખિત ભાવાર્થના કેટલાક દોહરા શીઘ્રતાથી બનાવી પ્રતાપસિંહ પર રવાના કરી દીધા[1]:–

---

૧. એક સ્થાનપર લખ્યું છે કે પૃથુરાજના લખેલા ચૌદ દોહરાથી પ્રતાપસિંહજી મહારાજને ચૌદસો રાજપૂતોની મદદ મળી. રાજસ્થાનમાં આ દોહરા અતિ પ્રસિદ્ધ છે. આ ચૌદમાંના આઠ નીચે પ્રમાણે છે:—

સોરઠા—અકબર ઘોર અંધાર, ઊંઘાણા હિંદુ અવર;
જાગે જગદાતાર, પોહરે રાણુ પ્રતાપસી. ૧

અકબરિયે ઇણવાર દાગિલકી સારી દુની;
અણુદાગિલ અસબાર, ચેટક ગણુ પ્રતાપસી. ૨

અકબર સમદ અથાહ, સૂરાપણુ ભરિયો સુજલ;
મેવાડો તિણુ માહ, પોયણુ ફૂલ પ્રતાપસી. ૩

આઇહો અકબરિયાહ, તેજ તિહારો તુરકડા;
નમિ નમિ નિસરીયાહ, રાણુ વિના સહરાજવી. ૪

ચોથો ચિત્તોડાહ, બાંટો વાજંતી તણું;
દીસે મેવાડાહ, મોશીર રાણુ પ્રતાપસી. ૫

દોહરા—જનની સુત અહડા જણે, જહડો રાણુ પ્રતાપ;
અકબર સૂતીહી ચૌંધકે, જાણુ સિરાણુ સાપ. ૬

"હિંદુઓની આશા અને શ્રદ્ધા હિંદુજાતિપરજ નિર્ભય છે. મહારાણા આ વખત એ સર્વનો ત્યાગ કરે છે. આપણા સરદારોમાં ધીરતા નથી, સ્ત્રીઓમાં સતીત્વ નથી, જો પ્રતાપસિંહ ન હોત તો બાદશાહ અકબર બધાને એક પંક્તિમાં લાવત. અમારી જાતિના બજારમાં અકબર એક વ્યાપારી છે, તેણે બધાને ખરીદી લીધા છે, કેવળ ઉદયસિંહના વીરપુત્રને તે આજ સુધી ખરીદી શક્યો નથી, સર્વેએ ધીરજ ખોઇને નૌરોઝના બજારમાં પોતાનું અપમાન થતાં દીઠું છે.[2] કેવળ હમીર[3]ના વંશજે આજ સુધી તેવું અપમાન સહન કર્યું નથી.

સોરઠા—પાતલ પાધ પ્રમાણ, સાચો સાંગા હરતણી;
રહી અભોગત રાણ, અકબર સૂંવામી અણી. ૭
સોવૈ સબ સંસાર, અસુર પલોલે ઉપરૈ;
જાગે તું તિણવાર, પોહરૈ રાણ પ્રતાપસી. ૮

(૨) નૌરોઝનું બીજું નામ ખુશરોઝ અર્થાત્ આનંદનો દિવસ એવું છે.

(૩) મહારાણા પ્રતાપસિંહ હમીરના વંશજ છે એ વાત પ્રસિદ્ધ છે કર્નલ ટૉડે હમીરનું રાજ્યારોહણ ૧૩૦૧ માં થયેલું જણાવ્યું છે પણ આ વાત ખોટી છે. આ સાલ કરતાં ઓછામાં ઓછાં ૫૦ વર્ષ પછી હમીર ગાદીએ બેઠો હતો, જો કે કઈ સાલમાં, તે નક્કી જણાયું નથી. અલ્લાઉદીન ખિલજીનો હુમલો સહીહની ગણત્રી પ્રમાણે ૧૩૦૧ માં થયો હતો એમ પુરવાર થઇ ચૂક્યું છે. ચિતોડમાં ચારે તરફ તવાઇ આવી પડી હોય તે વખતે ગાદીએ બેસવાનું સ્વપ્નું પણ આવી શકે નહિ.

(રાણા હમીરની ઉત્પત્તિ તથા ચરિત્ર વિષેની જાણવા યોગ્ય રસીક હકીકત આ સંસ્થા તરફની "ચરિત્રમાળા" દ્વારા નીકળેલાં "ભારતનાં સ્ત્રી રત્નો ગ્રંથ ૨ જો" એ પુસ્તકમાં આપેલી છે. મંત્રી.)

દુનિયા પૂછે કે પ્રતાપસિંહને કોનો આધાર છે? તો એજ ઉત્તર મળે છે કે પુરૂષાર્થ અને તલવારનોજ તેને આશ્રય છે; અને તેનાથીજ ક્ષત્રિયોના ગૌરવની રક્ષા કરે છે. બજારનો એ વેપારી કાંઈ હમેશાં જીવતો રહેવાનો નથી. એક દિવસ તે પણ જરૂર આ લોક છોડીને ચાલ્યો જશે. તે દિવસે સર્વે સ્વતંત્ર થયેલી જન્મભૂમિમાં રાજપૂત બીજ વાવવાને મહારાણા પ્રતાપસિંહ કને પહોંચશે ત્યારેજ રજપૂતોની પવિત્રતા ઉજ્જવલ થઈ શકશે. આ કારણથી સર્વે રાજપૂતો મહારાણાની તરફ એકીટસે જોઇ રહ્યા છે.”

પૃથ્વીરાજનાં ઉપલાં ઉત્સાહક વાક્યોની અસર પ્રતાપસિંહપર વિજળીની ઝડપે થઈ. જાણે મૃત થયેલું શરીર જીવતું થયું હોય તે માફક પ્રતાપસિંહનો દેહ ચૈતન્યથી છલકાઈ ઉઠયો. આ વાક્યોથી તે પુનઃ પોતાના દેશની પ્રતિષ્ઠાને સજીવન કરવાને ઉત્તેજીત થયો. આ વાક્યોએ હજારો રાજપૂતોની મંદ થયેલી નાડીઓમાં જીવનરસ પૂર્યો અને તેઓ ‘હર હર મહાદેવ’ કરતા જન્મભૂમિને માટે પ્રાણ વિસર્જન કરવાને પુનઃ ઉદ્યુક્ત થયા. અકબરની અધીનતા સ્વીકારવાના વિચારને પ્રતાપસિંહે હમ્મેશને માટે તિલાંજલિ આપી. પણ તે અરણ્યસંકટથી અતિ દુઃખિત થવા લાગ્યો. વર્ષા ઋતુ હોવાથી પહાડોની ગુફાઓમાં રહેવું પણ કઠિન થઈ પડયું, ત્યારે તેમણે મરૂ ભૂમિનો ત્યાગ કરી સિંધુ નદીને કિનારે જવાનો સંકલ્પ કર્યો. તેઓ પોતાના પરિવાર તેમજ થોડા વિશ્વાસુ રાજપૂતોને લઈ અરવલ્લી પર્વતપરથી ઉતરી મરૂ ભૂમિના બિયાબાન મેદાનમાં આવ્યા. આ વખતે પ્રતાપસિંહના મંત્રીએ પોતાના બાપદાદાએ સંગ્રહત કરેલા ઘણા ધનને પ્રતાપસિંહના ચરણમાં મૂકી દીધું.* આ ધન એટલું બધું હતું કે તે વતી

---

* ચારણ રામનાથ રત્નૂએ રાજસ્થાનના ઈતિહાસમાં લખ્યું છે કે જ્યારે પ્રતાપસિંહ સિંધની સરહદપર પહોંચ્યા ત્યારે ત્યાંના

બાર વર્ષ સુધી પચ્ચીસ હજાર મનુષ્યનું પોષણ થઈ શકે. મંત્રીની કૃતજ્ઞતાથી ઉત્સાહિત થઇને મહારાણા પુનઃ અભીષ્ટ કાર્યનાં સાધન એકઠાં કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. સઘળા અનુચરો પણ શીઘ્રતાથી આવીને એકઠા થયા. મહારાણા તેમને લઇને અરવલ્લી ઓળંગી બહાર પડયા. મુગલ સેનાપતિ શાહબાજખાં પોતાના લશ્કર સાથે દેવીર નામના સ્થાનમાં રહેતો હતો. પ્રતાપસિંહે શીઘ્રતાથી આવી બાદશાહી ફોજને છિન્નભિન્ન કરી નાંખી. દેવીરના યુદ્ધમાં પ્રતાપસિંહની સંપૂર્ણ ફત્તેહ થઇ. ધીમે ધીમે કોમલમીર અને ઉદયપૂર પણ મહારાણાના હસ્તમાં આવ્યાં. આખરે ચિત્તોડ, મંડલગઢ અને અજમેર શિવાય આખા મેવાડ દેશમાં મહારાણા પ્રતાપસિંહજીની આણ ફરવા લાગી. પ્રતાપસિંહના આ વિજયની વાત ખુદ અકબરશાહને કાને પણ પડી હતી. પરાક્રમી પાદશાહે દશ વર્ષનો લાંબો સમય, પુષ્કળ ધન અને મોટી સેનાની ખરાબી કરીને મેવાડમાં જે જીત મેળવી હતી તેને પ્રતાપસિંહે ફક્ત દેવીરના યુદ્ધમાંજ હારના રૂપમાં ફેરવી નાંખી હતી. આ ઘટના બન્યા પછી ફરી બાદશાહી સેના મેવાડમાં આવી નહિ. મહારાજ

એક ગામના રહીશ ભીમાશાહ નામના વણિકે (કે જેના વડાએ અગાઉ કોઇ સમયપર ચિત્તોડમાં મંત્રીપણું કર્યું હતું) પ્રતાપસિંહજીને પોતાના બાપદાદાઓએ ઉપાર્જીત કરેલું સમસ્ત દ્રવ્ય એમ કહી સોંપી દીધું કે "આ દ્રવ્ય મહારાજનુંજ છે અને મહારાજનાજ કામમાં આવે તો સારૂ. મને એટલા બધા દ્રવ્યની કાંઇ પણ આવશ્યકતા નથી."

કર્નલ ટૉડ લખે છે કે "એ દ્રવ્ય એટલું બધું હતું કે થોડો ઉમેરો કરી પ્રતાપસિંહ પચ્ચીસ હજાર મનુષ્યોનું બાર વર્ષ સુધી પોષણ કરી શકે. ધન્ય છે આ વણિકને! એનું નામ રાજસ્થાનના ઇતિહાસમાં ચિરસ્થાયી રહેશે."

પ્રતાપસિંહની વિજયલક્ષ્મી અચલ રહી, પરંતુ આ પ્રકારે વિજય થવા છતાં પણ મહારાણા જીવનની અંતિમ દશામાં શાંતિ પામી શકયા નહિ. પહાડના શિખરપર ચઢતાંજ તેમની દ્રષ્ટિ ચિત્તોડના કિલ્લાની દીવાલપર પડતી હતી, ત્યારે તેઓ ઘણા ચિંતાગ્રસ્ત થઈ જતા હતા. જે ચિત્તોડમાં બાપારાવળ રહેતા હતા, જે ચિત્તોડમાં રાજપૂત કુળ-ગૌરવ સમરસિંહે પોતાના દેશની સ્વતંત્રતા જાળવવા માટે દષદ્વતી નદીના કિનારાપર પૃથ્વીરાજને મદદ કરવા માટે રણમાં જવા સમર-વેષ સજ્યો હતો, જે ચિત્તોડની સ્વતંત્રતા માટે બાદલ, જયમલ્લ અને પુત્ત એ ત્રણેએ રણભૂમિમાં હસતાં હસતાં પ્રાણ સમર્પ્યા હતા, તેજ ચિત્તોડ આજે ઉજ્જડ સ્મશાનવત્ થઇ રહ્યું છે! આજે તેજ ચિત્તો-ડમાં અંધકાર ફેલાઈ રહ્યો છે! અને તેજ ચિત્તોડ આજે ચૈતન્યરહિત બની ગયું છે! મહારાણા પ્રતાપસિંહને આવાજ વિચાર તરંગો વ્યાકુળ કરતા હતા અને એથીજ તેમનું હૃદય પ્રાયઃ ઘાયલ થઈ જતું હતું.

આ પ્રકારની હૃદયપીડાના ઘાવથી મહારાણા પ્રતાપસિંહ તરુણા-વસ્થામાંજ મરણને કિનારે આવી પહોંચ્યા. તેમનું શરીર રોગોનું સંગ્રહસ્થાન બની ગયું. પ્રતાપસિંહ અને તેમના સરદારોએ વિપત્તિના વખતમાં પોતાનું રક્ષણ કરવાને માટે પેશોલા તલાવપર જે પર્ણકુટી બ-નાવી હતી તેજ પર્ણકુટીમાં પ્રતાપસિંહનો શેષ સમય ગુજર્યો. પ્રતાપસિંહને પોતાના પુત્ર અમરસિંહનો કાંઇ ભરોંસો નહોતો. તે જાણતા હતા કે કુમાર અમરસિંહ શોખીન નવયુવક છે. રાજનું સંરક્ષણ કરવાનો ભાર તે સહન કરી શકશે નહિ. પુત્રનો વિલાસપર પ્રેમ જોઇને પિતાના હૃદયમાં ઘણું દુઃખ થતું હતું. અંતસમયે પણ તેમની એ પીડા દૂર થઇ નહિ. આજ દુઃખને લીધે મહારાણાના પાછલા દિવસો ઘણી ચિંતાતુર દશામાં પસાર થયા હતા. તેમનો શ્વાસ રૂંધાતો જોઇ એક સરદારે મહારાણાને પ્રશ્ન કર્યો કે "આપને એવું તે શું કષ્ટ છે કે જેથી આપ હમેશાં ચિંતાતુર

રણા કરો છો અને બોલી પણ શકતા નથી?" મહારાણાએ મહા કષ્ટથી પીડિત થઇ ઉત્તર આપ્યો કે "આપણો દેશ યવનોના હાથમાં ન જવા દઇએ એવી કોઇ રાજપૂતની પ્રતિજ્ઞા સાંભળવાની આશાથી ઘોર દુઃખ સહન કરવા છતાં પણ મારો દમ નીકળી જવામાં વિલંબ થાય છે." આટલું કહી તેમણે પર્ણકુટીની તરફ નજર ફેરવી કહ્યું કે "સંભવ છે કે આ જગાપર ઘણા પૈસા ખરચાઇને મહેલ બંધાય અને જે મેવાડની સ્વાધીનતાને માટે મેં આટલું બધું કષ્ટ સહન કર્યું છે તે મેવાડની સ્વાધીનતા એ પર્ણકુટીની સાથે સાથેજ વિલુપ્ત થાય તો તેમાં જરાએ આશ્ચર્ય નથી." મહારાણાના ઉપલા શબ્દો સાંભળી સર્વે સરદારોએ સોગંદ ખાઇને કહ્યું કે "જ્યાં સુધી મેવાડ સ્વાધીન ન થાય ત્યાં સુધી એક પણ મહેલ બંધાવવામાં આવશે નહિ." આટલું સાંભળી મહારાણાને ધૈર્ય આવ્યું. બુઝાઇ જતા દીવાની માફક તેમનું મુખમંડલ એકવાર પ્રકાશિત થયું અને મેવાડ પોતાની સ્વાધીનતાની રક્ષા કરશે એ શબ્દોનું રટણ કરતાં શાંતિથી પ્રભુને શરણ થયા.

આ રીતે પ્રતાપસિંહે ૧૫૯૭ ની સાલમાં દેહ છોડયો. યદિ થિઉકીડિડિસ અથવા જેનોફન મેવાડમાં ઉત્પન્ન થયા હોત તો 'પેલા પોનીસસનું યુદ્ધ'[1] અથવા 'દશ સહસ્રનું પ્રત્યાવર્તન'[2]

---

(૧) યૂનાન દેશમાં સ્પાર્ટા અને એથીના બે નગર છે. એથીનાએ ફારસની સાથે યુદ્ધ કરી ઘણી પ્રસિદ્ધિ મેળવી હતી. સ્પર્ધાથી ઉશ્કેરાઈ સ્પાર્ટાએ લડાઇનો સરંજામ એકઠો કરી એથીનાની સાથે ત્રણવાર લડાઇ કરી હતી. આ લડાઇ 'પેલા પોનીસસના યુદ્ધ'ને નામે પ્રસિદ્ધ છે. પ્રખ્યાત ઇતિહાસકાર થિઉકીડિડિસે તેનું વર્ણન ઘણા વિસ્તારથી કર્યું છે.

(૨) ફારસના પાદશાહ બીજા ડારાયુસના મરણ પછી તેનો પુત્ર અર્તક્ષત્ર ગાદીપર બેઠો. પણ અર્તક્ષત્રનો ભાઇ કાઇરસ દશસહસ્ર

કદી પણ આ રાજપૂત કુલ શિરોમણિના વીર કાર્યથી અધિક સુંદર રીતે ઇતિહાસમાં લખી શકાત નહિ. કોઇને પણ ન નમતાં, અપ્રતિમ વીરતા, અવિચલ દ્રઢતા અને અપૂર્વ ઉત્સાહની સાથે મહારાણા પ્રતાપસિંહે ઘણા વખત સુધી પ્રબળ, પરાક્રમી અને સર્વસાધનસંપન્ન બાદશાહની સાથે લડાઇ કરી અને વેર રાખ્યું. આજ કારણથી આજ પર્યંત મહારાણા પ્રતાપસિંહજી પ્રત્યેક રાજપૂતના હૃદયમાં અધિષ્ટાતા દેવતા સમાન વિરાજમાન થયા છે. જ્યાં સુધી રાજપૂતોના હૃદયમાં દેશભક્તિ રહેશે ત્યાં સુધી પ્રતાપસિંહજી પ્રત્યેના તેમના પ્રેમમાં જરા પણ ન્યૂનતા આવશે નહિ.

પ્રતાપસિંહે પોતાના દેશના સંરક્ષણને માટે પ્રબળ શત્રુના હાથથી માતૃભૂમિનું રક્ષણ કરવાને માટે, જે જે મોટાં મોટાં કાર્યો સિદ્ધ કર્યાં છે તેની કથા ચિરકાલ સુધી રાજસ્થાનના ઇતિહાસમાં સુવર્ણના અક્ષરોથી અંકિત થઇ રહેશે. આ વાતને સેંકડો વર્ષ વીતી ગયાં છે તોપણ આજ સુધી રાજપુતાનાવાસીઓ પ્રતાપસિંહજીની કથા જાણે કાલે બની હોય તેવી રીતે સ્મરણમાં તાજી રાખે છે. ગત પુરૂષોની વીરકથાઓ કહેતી વખત રાજપૂતોનાં હૃદય ઉલ્લાસથી ભરપૂર થઈ જાય છે, તેમની નસોમાં વેગથી લોહી દોડવા લાગે છે અને નેત્રોથી અશ્રુની ધારા વહે છે. વાસ્તવિક રીતે પ્રતાપસિંહે કરેલાં કામો રાજસ્થાનના ગૌરવ અને મહિમાનું કારણ છે. અન્ય કોઇ પણ પુરૂષે રાજકુળમાં જન્મી, સર્વ પ્રકારની સંપત્તિઓના સ્વામી થઈ,

---

ગ્રીક સેના લઇને તેનાપર ચઢયો. ઇ. સ. પૂર્વે ૪૦૧ માં કાઇરસ યુદ્ધમાં માર્યો ગયો. અને ગ્રીક સેનાપતિ જેનોફન પોતાની સેનાના પરાક્રમ અને કૌશલ્યથી યૂનાનમાં પાછો આવ્યો. આને 'દશસહસ્રનું પ્રત્યાવર્તન' કહેવામાં આવે છે, ગ્રીસના સેનાપતિ અને ઇતિહાસકાર જેનોફને આ બનાવનું વર્ણન અતિ સ્પષ્ટ રીતે કર્યું છે.

પ્રતાપસિંહના જેવું સંકટ વેઠયું નથી. કોઇએ પણ દેશહિતૈષિતાના આવેશમાં અને સ્વતંત્રતાનું રક્ષણ કરવાને માટે વનેવન અને જંગલે જંગલ ભટકી, પહાડ અને ગુફાઓમાં નિવાસ કરી, ભૂખ તરસ વેઠી, વ્યાઘ્ર અને સિંહનો ભય સહન કરી, ઉંઘ ખોઇ, ઉજાગરા કરી, પ્રતાપસિંહના જેટલું દુઃખ ભોગવ્યું નથી. અરવલ્લી પર્વતની સર્વે ગુફાઓ પ્રતાપસિંહના ગૌરવનું સ્મરણ કરાવે છે. આ ગૌરવનો વિજયસ્તંભ ચિરકાલ પર્યંત ઉંચો ઉભો રહી રાજપૂતાનાના મહિમાને પ્રકાશિત કરતો રહેશે. ભારત મહાસાગરના સંપૂર્ણ જળમાં પણ તે ડૂબી શકશે નહિ તેમ હિમાલયના સર્વથી ઉચ્ચ શિખરના પડવાથી પણ તે કદી ચૂર્ણ થઇ શકશે નહિ.

૪–પુરોહિતનો આત્મત્યાગ.

અમે આ સ્થળે જે દૃષ્ટાન્ત આપીએ છીએ તેવાં દૃષ્ટાન્તો જગતના ઇતિહાસમાં વિરલજ નીકળી આવશે. જો ઇતિહાસ તરફ દૃષ્ટિ નાંખી પૂછવામાં આવે કે "પૃથ્વીની કઇ જાતિએ ઘણી શતાબ્દીઓ સુધી અત્યાચાર સહન કરવા છતાં પણ પોતાની સભ્યતા અને ગૌરવનું રક્ષણ કર્યું છે?" તો નિઃસંદેહ એવોજ જવાબ મળશે કે મેવાડના રાજપૂતોજ તે અદ્વિતીય જાતિ છે. યુદ્ધપર યુદ્ધ કરીને મેવાડે સર્વસ્વ ગુમાવ્યું હશે. મહાન મહાન વીરોને સમરક્ષેત્રમાં સૂવાડયા હશે, તલવારોના ઘા ખાઇ ખાઇને રાજપૂતોનાં શરીર જીર્ણ થયાં હશે, પણ તેણે કદી કોઇની આગળ માથું નમાવ્યું નથી. ફક્ત મેવાડના રાજપૂતોજ અત્યાચાર અને દુરાચાર સહન કર્યાં છતાં પણ વિજયી મુસલમાનોની આગળ દીન વચને બોલ્યા નથી. તેમણે વિજેતા જાતિની સાથે ભળી જઇને પોતાની જાતિના ગૌરવને તિલાંજલિ આપી નથી.

રોમનોએ જ્યારે બ્રીટનોને જીત્યા ત્યારે બ્રીટનો રોમનોની સાથે ભળી ગયા હતા, પરન્તુ મેવાડના રાજપૂતોએ વિજેતાની સાથે ભળીને પોતાની જાતીય પવિત્રતાને કલંક લગાડયું નથી. તેઓ ઘણી વાર પોતાની ભૂમિ અને દ્રવ્યાદિ ગુમાવી બેઠા હતા, પણ તેમણે પોતાનો પવિત્ર ધર્મ અને પવિત્ર આચાર કદી છોડયો નહોતો. એ વીરભૂમિ ઘણીવાર શત્રુઓના હાથમાં ગઇ, પણ એના વીર પુત્રોએ પોતાની પ્રતિષ્ઠાને કલંક લાગવા દીધું નથી. તેમણે સ્વતંત્રતાનું રક્ષણ કરવાને માટે યુદ્ધમાં જવાને કદી પાછી પાની કરી નથી. મેવાડની વીર નારીઓ રણભૂમિમાં કપાઈ ગઇ, ચિતામાં બળીને ખાખ થઈ, પરંતુ પરધર્મીઓના હાથમાં જઇ પોતાની પવિત્રતાને તેમણે કલંક લગાડયું નથી. મેવાડના વીર પુત્રો સંગ્રામમાં કપાઇને ચિરકાલની શય્યામાં સૂતા પણ તેમણે સ્વાધીનતાને તિલાંજલિ આપી નથી. મેવાડની ધાઇએ પોતાના પ્રાણથી પ્યારા પુત્રને નિષ્ઠુર ઘાતકના હાથની તલવારના મુખમાં મૂકી દીધો, પરંતુ પોતાના પાલકના વંશની રક્ષા કરવામાં પરાંગમુખ ન બની. મેવાડના અધિપતિએ પોતાના પુત્રના સંહારકને શાબાશી આપી પણ પવિત્ર ન્યાયને કલંક લગાડયું નહિ. મેવાડના કુલપુરોહિતે રાજવંશના મંગળને માટે પોતાનો પ્રાણ પ્રસન્નતાથી છોડયો પરંતુ કર્તવ્યપરાયણતાથી વિમુખ ન થયો. જે વાતનું દૃષ્ટાન્ત બીજા દેશમાં ન જડે તેવું દૃષ્ટાન્ત મેવાડના ઇતિહાસમાં જડી આવે છે.

કુલપુરોહિતના અપૂર્વ આત્મત્યાગની કથા અકથનીય મહિમાથી ભરેલી છે. જો સંસારમાં કોઇ નિઃસ્વાર્થ ભાવ હોય તો તેની જીવિત મૂર્ત્તિ આ પુરોહિતજી થઈ ગયા છે. જો ઉદારતા જેવી કોઈ વસ્તુ હોય તો તેનું અપૂર્વ સ્વરૂપ પુરોહિતજી પોતેજ હતા. વાસ્તવમાં આત્મત્યાગના ગૌરવની ભૂમિ મેવાડજ છે. પૃથ્વીનો બીજો કોઈ પણ દેશ આત્મત્યાગના વિષયમાં મેવાડની બરોબરી કરી શકે એમ નથી.

પોતાનો પ્રાણુ આપી પારકાના જીવનનું રક્ષણુ કરવું એ ખરેખર અલૌકિક કાર્ય છે. મેવાડના પુરોહિત એવું અલૌકિક કાર્ય કરી પોતાની અક્ષય કીર્તિ મૂકી ગયા છે. આ નાશવંત જગતમાં સર્વ વસ્તુ અસ્થિર છે; વિજળીના ચમકારા જેવી છે, ફક્ત કીર્તિ એજ અમર છે. પુરોહિતજી જે કીર્તિ મેળવી ગયા છે તે અતુલનીય છે.

સોળમી શતાબ્દીના અંતિમ ભાગમાં એક દિવસ બે ક્ષત્રિય કુમાર જંગલમાં શિકાર કરતા હતા. આ બંને યુવાન કુમારના ચ્હેરામાં કાંઇ ભેદ પ્રતીત થતો નહોતો. બંનેના શરીરમાં વીરતાનો પ્રકાશ ચમકી રહ્યો હતો; બંને શરીરે મજબૂત, સૌંદર્યસંપન્ન અને તેજસ્વી હતા. તેમના મુખપરની શોભા અલૌકિક હતી. તેઓ તેમની આટલી ઉમરમાં કોઈ દિવસ અરસપરસ લડયા નહોતા. બંને વચ્ચે અપૂર્વ પ્રેમ હતો. પરંતુ જ્યાં સુધી ઇર્ષ્યા નથી હોતી ત્યાં સુધીજ પ્રેમ નભે છે. આ બંને કુમારો વચ્ચે ઇર્ષ્યા કેમ ઉત્પન્ન થઇ તેનું વર્ણન પાછળ આવે છે.

આ બંને કુમારો મેવાડના રાજા ઉદયસિંહના પુત્રો હતા. એકનું નામ પ્રતાપસિંહ અને બીજાનું નામ શક્તિસિંહ. પ્રતાપસિંહે પોતાનું અનુપમ શૌર્ય અને ઉત્કટ સ્વદેશભક્તિ બતાવી પોતાનું નામ પવિત્ર કીર્તિ સાથે જોડયુ છે. શક્તિસિંહે પોતાના જાતિબંધુઓના રક્તથી પોતાના વેરને તૃપ્ત કર્યું છે. એક જાતિને ભૂષણુરૂપ છે; બીજો દૂષણુરૂપ છે. આ બન્ને વીર બંધુઓની વચ્ચે આજે વિરોધનો અગ્નિ સળગી ઉઠયો. જે વીરતા અને તેજસ્વિતા એકઠી થઈને આજ સુધી મેવાડનું ગૌરવ ટકાવી રહી હતી તેજ આજે વિભક્ત થઇને મેવાડની શક્તિનો વ્યય કરવા તૈયાર થઈ છે.

પ્રતાપસિંહ ઉદયસિંહના વડા પુત્ર હોવાથી મેવાડની ગાદી તેમનેજ મળી હતી. અને શક્તિસિંહ પોતાના બંધુના આશ્રય

નીચેજ રહેતો હતો. તેજસ્વિતા અને કઠોરતામાં શક્તિસિંહ પણ કાંઇ ઓછો નહોતો. એક દિવસ એક નવી તલવાર આવી તેની પરીક્ષા કરવાને માટે સૂતરના તાર એકઠા કરી તે કાપી જોવાનો ઠરાવ થયો. પાંચ વરસનો બાળક શક્તિસિંહ પાસેજ બેઠેલો હતો. તે ગંભીરતાથી બોલ્યો "જે તલવારનો ઉપયોગ આગળ માંસ અને હાડકાંપર થવાનો છે તેની પરીક્ષા સૂતરપર અજમાવીને તે શું કરવી?" એમ કહી તે ઉઠયો અને તે તલવાર પોતાના હાથમાં લઇ પોતાની ટચલી આંગળીપર ચપ દઇને ઘા કર્યો! પાંચ વર્ષની ઉમ્મરે જે આવું અદ્વિતીય સાહસ બતાવે તે મોટી ઉમરે વીર નીપજે તેમાં શી નવાઇ?

પોતાના વડાભાઇપર શક્તિસિંહ મનમાં પુષ્કળ ઇર્ષ્યા રાખતો હતો. પ્રતાપસિંહ આ તેનો અદેખો સ્વભાવ જાણતા હતા તેથી તેમને તેનાપર બહુ ક્રોધ છૂટયો હતો. આ બન્ને ભાઇઓ વચ્ચે ધીમે ધીમે ઇર્ષ્યા વધવા લાગી. અને અમે વર્ણન કરીએ છીએ તે સમયે કાંઇક નજીવા કારણથી બન્ને વચ્ચે એટલો દ્વેષ વધી ગયો કે બન્ને ભાઇઓ સામસામી તલવાર લઇને એક બીજાનો પ્રાણ લેવા તત્પર થઇ ગયા.

પ્રતાપસિંહે ક્રોધથી કહ્યું "આજે કાં તો તું નહિ કે કાં તો હું નહિ. હમેશ કલેસ ચાલે તેના કરતાં એક દિવસમાંજ નીવેડો આવી જાય તે સારો." આથી શક્તિસિંહ બોલ્યો "વિલંબ શો છે? હું પણ તૈયારજ છું."

બન્ને ભાઇઓ વચ્ચે દ્વંદ્વયુદ્ધ ચાલવા માંડયું. ચળકતી તલવારો ઉછળવા લાગી. બન્ને ઉસ્તાદ પટ્ટાબાજ હતા. કોઇ કોઇથી હારે એવો નહોતો. ગરમા ગરમ તકરાર ચાલે છે એટલામાંજ પુરોહિતજી ત્યાં આવી પડયા અને મેવાડના રાજકુળનો નાશ નજીકમાં આવેલો જોઇ તેઓ આજીજી કરતા વચ્ચે પડયા. તેઓ ગંભીર સ્વરે બોલ્યા "મહારાજ, આ ક્રીડાભૂમિ છે, સમરક્ષેત્ર નથી.

વાસ્તવિક યુદ્ધ કરવાનું સ્થાન નથી. ભાઇ ભાઇની સાથે યુદ્ધ કરે એ સાચા ક્ષત્રિયોને શોભારૂપ નથી પણ કલંકરૂપ છે. માટે લડાઇ બંધ કરો. તમારા તીખા ભાલા શત્રુઓની છાતીમાં પ્રવેશ કરે અને તમારી તેજસ્વી તલવાર દુશ્મનોના લોહીથી રંગાય તેમાં તમારા કુલની શોભા છે; પરસ્પર લડી મરવામાં શોભા નથી. કુલની મર્યાદા નષ્ટ ન કરો. ભાઇના લોહીથી અસિને અપવિત્ર કરવી ઉચિત નથી."

પરંતુ પુરોહિતના આ વચનોની કાંઈ અસર થઈ નહિ. બન્ને ભાઇઓ તેમના કહેવાથી પાછા હઠયા નહિ. આવી સ્થિતિ જોઈ પુરોહિત મહા ઘોર વિચારમાં પડયા. થોડી વારમાં તેમણે પોતાના હાથમાં જે છેલ્લો ઉપાય હતો તે અજમાવ્યો. પોતાની બગલમાંથી એક કટાર કાઢી તેમણે પોતાની છાતીમાં ઘોંચી દીધી. લોહીનો ફુવારો છુટવા લાગ્યો અને પુરોહિત મડદું થઇને ભૂમિપર પડયા. મેવાડના રાજગોરે આ પ્રમાણે રાજકુમારોના પ્રાણની રક્ષાને માટે પ્રસન્ન મુખે પોતાના પ્રાણની આહુતિ આપી!

પ્રતાપસિંહ અને શક્તિસિંહ આ હૃદયભેદક બનાવ જોઇ દયા અને અનુકંપાથી સ્તબ્ધ થઇ ગયા. બંનેના હાથમાંથી તલવારો સરી પડી અને દ્વંદ્વ યુદ્ધ બંધ પડયું. મહાન આત્મત્યાગે પોતાનું મહાન કાર્ય સિદ્ધ કર્યું. પ્રતાપસિંહે પોતાનો હાથ ઉંચો કરી શક્તિસિંહને પોતાના રાજ્યમાંથી નીકળી જવાની આજ્ઞા કરી. શક્તિસિંહે વડા ભાઇની આજ્ઞા માન્ય કરી મેવાડનો ત્યાગ કર્યો અને તે દિલ્હી જઇ અકબરશાહને મળ્યો. ત્યાં તેણે પોતાના ભાઇને હર પ્રકારે હેરાન કરવાને અકબરશાહને ઉત્તેજીત કર્યો હતો. પરંતુ પુનઃ એકવાર તેનો બંધુપ્રેમ ઉભરી આવ્યો અને તેણે પ્રતાપસિંહનો હલદીઘાટના યુદ્ધ વખતે મેળાપ કર્યો હતો. આ વખતે બંને ભાઇઓએ પ્રેમથી એક બીજાને આલિંગન દીધાં હતાં.

૫—બાળક બાદલસિંહની વીરતા.

તેરમી શતાબ્દીમાં અલ્લાઉદ્દીન ખિલજીએ જે વખતે ચિત્તાડને ઘેરા ઘાલ્યો હતો અને જે સમયે ચિત્તાડના બાળ રાજા લક્ષ્મણસિંહના કાકા ભીમસિંહે પોતાના ભત્રીજાના રાજ્યનું સંરક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી તે સમયે એક વીરબાળકે અસાધારણ વીરતા બતાવી હતી. આ બાળકે પોતાના દેશના ગૌરવને વધારવાને માટે નિર્ભયતાની સાથે રણભૂમિમાં આવી શત્રુસેનાને નષ્ટભ્રષ્ટ કરી નાંખી હતી. આ વીરબાળકની વીરતા કવિઓની રસમયી કવિતા અને ઇતિહાસકારોના સુંદર વર્ણનોમાં ગ્રથિત થવાને યોગ્ય છે.

જુલમી પઠાણો વીરભૂમિમાં આવી પહોંચ્યા છે અને ભીમસિંહની પત્નીનું પાતિવ્રત્ય નષ્ટ કરવાને માટે પ્રયત્ન કરી રહ્યા છે. પઠાણબાદશાહ પદ્મિનીના રૂપ લાવણ્યથી મોહિત થઇ ગયો છે, તેના અલૌકિક ગુણોનું વર્ણન સાંભળીને પોતાના દેહનું ભાન ભૂલી ગયો છે. આ મોહથી ઉત્તેજીત થઈ તે ચિત્તાડને જીતી લેવાનો ઉદ્યોગ કરી રહ્યો છે. અકલંકિત રાજપૂત કુળમાં કલંકનો કાળો ડાઘ લગાડવાને મહેનત કરી રહ્યો છે, પરંતુ તેની આશા સફળ થઈ નહિ. ત્યારે આખરે તેણે એમ જણાવ્યું કે "જો મને રાણી પદ્મિનીનું મુખ જોવા દેશો તો હું તમારૂં ચિત્તાડ તમારા કબજામાં રહેવા દઇશ."

રાજપૂતોએ દર્પણમાં પડતી છબી જોવા દેવાની કબુલાત આપી અને અલ્લાઉદ્દીને પણ આ વાતનો સ્વીકાર કર્યો. બંધુભાવથી ચિત્તાડના રાજમહેલમાં આવી તેણે આરસીમાં પદ્મિનીનું પ્રતિબિંબ જોયું કે તરત તેને તો હરખસન્નિપાત થઈ આવ્યો. માત્ર એક ક્ષણ વાર પદ્મિનીનું રૂપ જોતાં તેનું મન હાથમાં રહ્યું નહિ. આપેલો કોલ પૂરો થયો પણ તેથી અલ્લાઉદ્દીનની તૃષા છીપી નહિ. અલ્લાઉદ્દીન કૃત્રિમ

બંધુભાવ બતાવી ભીમસિંહને ચિત્તોડ દુર્ગની બહાર લઈ ગયો. સરલ સ્વભાવનો ભોળો રાજપૂત પઠાણબાદશાહની લુચ્ચાઈ સમજ્યા વિના ચુપચુપ તેની સાથે ગયો. અલ્લાઉદ્દીને આ તકનો લાભ લઈ ભીમસિંહને કેદ કર્યો અને જ્યાં સુધી પદ્મિનીને પોતાના કબજામાં ન આપે ત્યાં સુધી તેને છોડવામાં આવશે નહિ એવું ખુલ્લે ખુલ્લું જણાવી દીધું.

પરાક્રમી ભીમસિંહ શત્રુના કબજામાં જઈ પડયો છે, પઠાણોએ પવિત્ર કુળને ભ્રષ્ટ કરવાની દ્રઢ પ્રતિજ્ઞા લીધી છે, ચિત્તોડના સર્વ લોકો ચિંતાતુર થઈ રહ્યા છે. પરંતુ રાજપૂત વીરો ઝાઝો વખત ચિંતાગ્રસ્ત રહેતા નથી, તેમણે તરતજ ભીમસિંહને છોડાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો. પ્રસિદ્ધ રાજપૂત વીરની પ્રાણપ્રિયા શું યવનના હાથમાં જશે? પઠાણ લોકો શું તિરસ્કારપૂર્વક આર્ય કુળની ગૌરવતા નષ્ટ કરશે? આ વિચારોથી રાજપૂતોનું લોહી ઉકળી આવ્યું. આવા સંકટના સમયે બાર વરસના વીર બાળક બાદલસિંહે ભીમસિંહને છોડાવવાની દ્રઢ પ્રતિજ્ઞા કરી અને પોતાના લશ્કરની આગેવાની લીધી. અને તેનો બીજો કાકો ગૌરસિંહ પણ પોતાના ભત્રિજાની સાથે સામેલ થયો.

અલ્લાઉદ્દીન ભીમસિંહને કેદી બનાવીને પ્રસન્ન ચિત્તથી બેઠો હતો એવામાં તેને ખબર મળી કે ચિત્તોડની રાણી પદ્મિની ઘણી દાસીઓને પોતાની સાથે લઇને બાદશાહની મુલાકાત કરવાને માટે આવે છે. આ ખબર સાંભળીને બાદશાહના આનંદનો પાર રહ્યો નહિ. તે પોતાના મનમાં હજારો પ્રકારનાં આનંદસ્વપ્ન જોવા લાગ્યો. એકની પાછળ એક એમ કરતી સાતસેં પાલખીઓ જોત જોતામાં બાદશાહની છાવણીમાં આવી પહોંચી. આ સઘળી પાલખીઓમાં સ્ત્રીને બદલે વીર પુરૂષો બેઠા હતા. સારી તક જોઈ તેઓ પાલખીમાંથી કૂદી બહાર પડયા અને પઠાણસેનામાં ઘુસ્યા. થોડી મિનિટમાં રાજપૂતો અને પઠાણો વચ્ચે ઘોર સંગ્રામ ચાલવા માંડયો. બાદલસિંહ

રાજપૂતોનો નેતા બની અસીમ શૌર્ય બતાવવા લાગ્યો. બાર વરસના વીર બાળકના અલૌકિક પરાક્રમથી શત્રુસેનાનો ઘણો સંહાર થયો. પઠાણ લોકો આ બાળકનું અદ્દ્ભુત પરાક્રમ જોઇને આશ્ચર્યચકિત થયા. ગૌરસિંહકાકા તો રણભૂમિમાં પડયા. બાદલસિંહ પોતાના કાકાનો દેહાંત થયેલો જોઈ નિરાશ થયો નહિ, પરંતુ બમણા ઉત્સાહથી ઘોડાને આગળ કરી શત્રુઓનો વિધ્વંસ કરવા લાગ્યો. એક તરફ અલ્લાઉદ્દીનની કેળવાયેલી મહા સેના હતી અને બીજી તરફ માત્ર સો રાજપૂતો હતા. જે બાળક પોતાની માતાની ગોદમાં બેસવાને લાયક હતો તે આજે ભયંકર રણભૂમિમાં અસ્ત્રશસ્ત્રોના ઘા ખમતો ચારે તરફ ઘુમતો હતો. જેનું કોમળ શરીર ખીલ્યા વિનાના કમળની પેઠે લોકોના નયનોને આનંદ આપતું હતું તે આજે દુર્ભેદ્ય બખ્તર પહેરી તીક્ષ્ણ ઘા ખમતું કઠોર સ્વભાવના પ્રચંડ શત્રુઓની વચમાં અહીંથી તહીં દોડાદોડ કરી રહ્યું છે! તેરમી શતાબ્દીમાં મેવાડની રણભૂમિમાં આ દ્રશ્ય માલમ પડતું હતું. વીર બાળક યુદ્ધમાં અસાધારણ વીરતાનો પરિચય આપી રહ્યો હતો. આ પરાક્રમનું પરિણામ એ આવ્યું કે અલ્લાઉદ્દીનના હાથમાંથી ભિમસિંહનો છુટકારો થયો અને અલ્લાઉદ્દીનને પદ્મિનીની આશા છોડવી પડી. બાદલસિંહ ઘાયલ થઇને રૂધિરથી તરબોળ થઇને સંકટ ભરેલી અવસ્થામાં ઘેર પહોંચ્યો, તેની માતાએ પોતાના પુત્રને અપૂર્વ પ્રેમથી ચુંબન કરીને પોતાની ગોદમાં દાબ્યો. વીર બાળકે પોતાના મૃત કાકા ગૌરસિંહના પરાક્રમની અદ્દ્ભુત કથા કહી સંભળાવી. ગૌરસિંહની સ્ત્રી પોતાના પતિની પાછળ સતી થઈ. આ વીર બાળક બાદલસિંહે એવું પરાક્રમ બતાવ્યું છે કે કોટયવધિ વર્ષો સુધી તેનાં યશોગાન દેશ પરદેશમાં ગવાશે.

- — -

૬–વીર યુવક રાઠોડ કુંભ.

ઈ. સ. ૧૫૪૩ નું વર્ષ વ્યતીત થઇ ગયું છે. શેરશાહના પરાક્રમથી દીલ્લીનો પાદશાહ હુમાયુ હિંદ દેશ છોડીને ચાલ્યો ગયો છે. જે પુરુષ એક સમયે મણિમુક્તાઓથી સુસજ્જ થઇને દીલ્લીના સિંહાસનને શોભાયમાન કરી રહ્યો હતો તેજ પુરુષની આજીવિકા હાલમાં અન્ય માણુસની આપેલી રોટલીથી ચાલતી હતી. તેને પોતાની જાતને માટે, પોતાની પ્રાણુપ્રિયાને માટે અને પ્રાણાધિક પુત્રને માટે જોઇતાં અન્નવસ્ત્રાદિકને માટે અન્ય માણુસોના મુખ તરફ જોવું પડતું હતું. અખિલ ભરતખંડના સ્વામી અકબરનો પિતા એક વખત આવી મુશીબતમાં આવી પડયો હતો. જે માણુસે પોતાના બાહુબળથી કાબુલના પહાડી ભાગમાં અને ભરતખંડની વિશાળ ભૂમિમાં પોતાની વિજયપતાકા ઉરાડી હતી તેણે મારવાડ દેશના એક નાના શહેરમાં આવેલા સાધારણુ બાંધણીના ઘરમાં જન્મ લીધો હતો અને પારકી સાહાય્યથી જેમ તેમ પોતાનો બાલ્યકાળ વ્યતીત કર્યો હતો.

શેરશાહ દીલ્લીના સિંહાસનપર બેઠો છે. મુગલ વંશને બદલે સૂરવંશનું સામ્રાજ્ય સ્થાપિત થયું છે. અમીર ઉમરાવ લોકો મુગલોને બદલે સૂરવંશીઓની આજ્ઞાનુસાર વર્તે છે. શેરશાહે પોતાની વીરતા અને તેજસ્વિતાથી હુમાયુને હિંદમાંથી હાંકી કાઢયો છે, પરતું તે સમસ્ત હિંદમાં પોતાનો અધિકાર સ્થાપિત કરી શકયો નહોતો. દીલ્લીના સિંહાનપર બેસી તેણે પોતાનું રાજ્ય વધારવાનો સંકલ્પ કર્યો. વીરભૂમિ રાજપુતાના ઉપર તેની દ્રષ્ટિ પડી અને તેણે એંશી હજાર સૈનિકો લઇને મારવાડને ઘેરી લીધો.

મારવાડદેશ પ્રકૃતિની સુંદર શોભાથી અલંકૃત નથી; મનોહર વૃક્ષપલ્લવો અને હરિયાળી ભૂમી ત્યાં દ્રષ્ટિગોચર થતી નથી; ત્યાં તો

વિશાળ રેતીનો સમુદ્રજ મારવાડનાં ભયાનક રૂપનો પરિચય કરાવે છે. શેરશાહે જ્યારે તે દેશપર આક્રમણ કર્યું ત્યારે પરાક્રમી રાઠોડો અલૌકિક વીરતાથી મારવાડની આધીનતાનું રક્ષણુ કરતા હતા. શેરશાહે આ દેશ તેમના હાથમાંથી ઝુંટવી લેવાનો ઉદ્યોગ કર્યો. દીલ્લીનો પાદશાહ એંશી હજાર સૈનિકોને લઇને મારવાડપર ચઢી આવે છે એવા સમાચાર જ્યારે મરુભૂમિમાં પ્રસર્યા ત્યારે રાઠોડ લોકો પૂજ્ય જન્મભૂમિની સ્વાધીનતાનું રક્ષણુ કરવાને માટે તૈયાર થવા લાગ્યા. જોતજોતામાં પ્રચંડ સૈન્ય એકત્રિત થઈ ગયું. મારવાડના મહારાજા માલદેવ પચાસ હજાર માણુસોને લઇને દીલ્લીના પાદશાહનું અભિમાન તોડવાને માટે તૈયાર થયા.

પચાસહજાર રાઠોડોએ દીલ્લીનરેશના એંશી હજાર માણુસોને પરાજિત કર્યા અને મારવાડની વીરતાનું ગૌરવ અક્ષત રાખ્યું. હુમાયુના વિજેતાને મારૂ વીરોની વીરતા આગળ મસ્તક નમાવવું પડયું. માલદેવની સેનાના વ્યૂહને તોડવાનું કાર્ય અસાધ્ય લાગવાથી શેરશાહ પાછા ફરવાનો ઉપાય શોધવા લાગ્યો, પરંતુ રાઠોડ સેનાના યુદ્ધકૌશલ્ય આગળ તે કાર્ય પાર પડવાનો સંભવ પણુ ઓછા જણાયા. હવે ચતુર મુસલમાન પાદશાહે ચાલાકી વાપરી. આવી ચાલાકીથીજ ભારતવર્ષનું સર્વસ્વ નાશ પામ્યું છે. શાહબુદ્દીન ઘોરીની ચાલાકીથી પૃથ્વીરાજ દૃષદ્વતીને તીરે પરાજિત થયા, અલ્લાઉદ્દીનની ચાલાકીથી વિધાતાની અદ્ભુત રચના—પદ્મિનીનું સુંદર શરીર ભસ્મનો ઢગલો બની ગયું અને આ સમયે શેરશાહની ચાલાકીથી રાઠોડ લોકોની ભૂમિના સર્વનાશનું બીજારોપણુ થયું. તેણે એક બનાવટી પત્ર બનાવ્યો અને તેમાં માલદેવના સર્વ સરદારોનાં નામ દાખલ કર્યાં. આ પત્રમાં એવા અર્થનું લખાણુ કરવામાં આવ્યું હતું કે “અમો સર્વે સરદારો માલદેવથી અપ્રસન્ન છીએ અને તમારી સાથે મળી જવાને તૈયાર છીએ.”

હવે યુક્તિથી આ પત્ર માલદેવના હાથમાં પહોંચાડવામાં આવ્યો. આ પત્ર વાંચી માલદેવ સ્તબ્ધ થઇ ગયા. તેમને પોતાના સરદારોપર અવિશ્વાસ આવ્યો અને તે સરદારોથી અલગ થઇ જવાને માટે પ્રયત્ન કરવા લાગ્યા. આ આકસ્મિક ઘટનાથી રાઠોડ સરદાર કુંભના હૃદયમાં અત્યંત દુઃખ થયું. કુંભે માલદેવને અનેક રીતે સમજાવ્યો; સનાતન ધર્મની સાક્ષીથી પોતાની સ્વામીભક્તિ અને દેશભક્તિ દર્શાવવાનો પ્રયત્ન કર્યો; દુષ્ટાત્મા શત્રુઓએ છળ કર્યો છે એમ કહી પવિત્ર ક્ષત્રિય ધર્મના રક્ષણને માટે બહુ આગ્રહ કર્યો. પરંતુ માલદેવે તેની એકપણ વાત ઉપર લક્ષ આપ્યું નહિ. તેમનું હૃદય નિરાશારૂપી ઘોર અંધકારથી આવૃત્ત થયું હતું. કુંભની સમજાવટથી પણ તેના હૃદયમાં પ્રકાશરશ્મિ પ્રસરી શક્યાં નહિ. આથી કુંભનું હૃદય ખિન્ન થયું. તેમનાં તેજસ્વી નેત્રોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. તેજસ્વી ક્ષત્રિય વીરે ક્ષણવાર વિચાર કીધો અને તરતજ પોતાની સેનાને લઇને 'હરહર' કરી શત્રુની સેનાપર આક્રમણ કર્યું.

ઘોર સંગ્રામ થવા લાગ્યો. કુંભ માત્ર દશ હજાર સૈનિકોને લઇને શત્રુના એંશી હજાર સૈનિકો ઉપર તૂટી પડયા. તેમના વિશાળ હૃદયમાં જરા પણ ભયનો સંચાર થયો નહિ તેમના ઉજ્જ્વલ મુખમંડળપર જરા પણ નિસ્તેજતા છવાઈ નહિ. તેમના પરાક્રમી શત્રુએ તેમના પવિત્ર ચારિત્ર્યપર કલંકનો કાળો ડાઘ લગાડયો હતો તે ડાઘ તેઓ તેમનાજ રુધિરથી ધોઈ નાખવાને ઉદ્યત થયા. તેમણે રણક્ષેત્રમાં પ્રાણ અર્પીને પણ પોતાની કીર્તિ ઉજ્જ્વલ રાખવાની દ્રઢ પ્રતિજ્ઞા કરી છે. ઘોર સંગ્રામમાં મહારાજ કુંભ અલૌકિક વીરતા બતાવવા લાગ્યા. શત્રુઓ તેમની તેજસ્વિતાની ગતિ રોકી શક્યા નહિ. તેમના અનેક સૈનિકો રણક્ષેત્રમાં સૂવા લાગ્યા. શેરશાહને ભય પેદા થયો; તેને ચારે તરફ અંધકાર દેખાવા લાગ્યો. રાઠોડોનાં પરાક્રમના

ભયથી તેનું કલેજું ધડકવા લાગ્યું. એટલામાં એક બીજી સેના તેને સાહાય્ય કરવાને આવી પહોંચી. પેલી તરફ કુંભ શત્રુઓની સેનાનો નાશ કરતા ચકિત થઇ ગયા હતા. એટલામાં નવી આવેલી સેનાએ તેમનાપર આક્રમણ કર્યું. પરાક્રમી રાઠોડ વીરો તેમની તે ગતિને રોકી શકયા તો નહિજ, પરંતુ તેમણે રણમાંથી નાશી જઇ કાયરપણું પણ બતાવ્યું નહિ. તેઓ પોતાની વીરતા બતાવવાની દૃઢ પ્રતિજ્ઞા કરી ચૂકયા હતા. એટલા માટે તુચ્છ પ્રાણોપર મમતા રાખીને તેમણે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો નહિ. મારવાડની પવિત્ર ભૂમિમાં શત્રુઓના ભયાનક કોલાહલ વડે આ તેજસ્વી વીરોએ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. કુંભ તથા તેમના અનુયાયીઓ ધીરતાપૂર્વક યુદ્ધ કરતા કરતા અનંત ધામમાં પહોંચ્યા અને અનંત કીર્તિના અધિકારી થયા. તેમના રાઠોડ સૈનિકોએ સમરક્ષેત્રમાં શત્રુઓની સન્મુખ યુદ્ધ કરતાં કરતાં આ નાશવંત જગતમાંથી અમ્મર કીર્તિ પ્રાપ્ત કરી. અને ભારતની કીર્તિના મહિમાથી ભારતવર્ષનો મારવાડ દેશ ચિરકાળને માટે પવિત્ર રહ્યો.

રાઠોડોની વીરતા જોઇને શેરશાહ ચકિત થઇ ગયો હતો. અને યુદ્ધને અંતે તેણે મારવાડની ભૂમિની રેતી તરફ જોઇને ભયભીત સ્વરથી કહ્યું હતું કે માત્ર સ્વલ્પ લાભને ખાતર આ સમયે હું આખા ભારતવર્ષની બાદશાહી ખોવાની અણીપર આવી પહોંચ્યો હતો.

૭–રાજસિંહનો રાજધર્મ.

ઔરંગઝેબ દીલ્લીના તખ્તપર બેઠો છે; તેણે વિશ્વાસઘાત કરીને પોતાના માર્ગમાંના સર્વ કંટકોને દૂર કર્યા છે; તેનો વૃદ્ધ પિતા કારાગૃહમાં સડે છે; અને તેના ભાઇઓ જલ્લાદની તલવારથી નાશ પામ્યા છે. નિષ્ઠુર પાદશાહે દયાધર્મને તિલાંજલિ આપી, પોતાના કુલનો નાશ કરી, સેવા કરવા યોગ્ય પિતાને કારાગૃહમાં પૂરી, ભારતવર્ષનું રાજતંત્ર

પોતાના હાથમાં લીધું છે. આ પાદશાહની સામે બે હિંદુ વીરોએ શસ્ત્ર ધારણ કર્યાં હતાં. દક્ષિણમાં મરાઠા વીર શિવાજીએ હિંદુઓના ગૌરવનું રક્ષણ કર્યું અને મેવાડમાં રાણા રાજસિંહે અલૌકિક દ્રઢતા સહિત સત્ય રાજધર્મનો પરિચય કરાવ્યો.

ઔરંગઝેબ વિશાળ સામ્રાજ્યપર અધિકાર સ્થાપિત કરી હિંદુ લોકો પ્રતિ અતિ તિરસ્કાર દર્શાવવા લાગ્યો. તે જેવો ધર્માંધ હતો તેવોજ સ્ત્રીલંપટ પણ હતો. તેણે રૂપનગરના રાજા વિક્રમ સોલંકીની લાવણ્યવતી પુત્રીની સાથે વિવાહ કરવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. આ રાજપુત બાળાને રૂપનગરથી લાવવા માટે તેણે બે હજાર ઘોડેસ્વારો મોકલ્યા પરંતુ તેજસ્વિની રાજપુત કુમારિકા પાદશાહની ઇચ્છાને તાબે થઇ નહિ. તેણે વિધર્મી પાદશાહની અર્ધાંગના બની પવિત્ર રાજપુત કુળને ચિરકલંક લગાડવાનું પસંદ કર્યું નહિ. તેણે ઘૃણા અને ક્રોધ સહિત દંભી પાદશાહને ઉચિત દંડ આપવાનો વિચાર કર્યો. રાણા રાજસિંહના અલૌકિક રાજગુણથી તે પરિચિત હતી અને તેણે તેનેજ વરવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગ પ્રાપ્ત થતાં તેણે રાજસિંહપર સંદેશો મોકલ્યો કે " શું રાજહંસિનીને સારસની સાથે રહેવું પડશે ? જે રાજપુત કુમારીના શરીરમાં પવિત્ર રુધિર વહે છે તે શું વાનરમુખા અસભ્ય પુરુષને પોતાનો સ્વામી બનાવશે ? જો આપ મારા કુળગૌરવની રક્ષા નહિ કરશો, જો આર્ય ગૌરવ નષ્ટ થવા દેશો, જો મુગલનો કઠોર હાથ આપણી પ્રાચીન મર્યાદાને ભ્રષ્ટ કરશે, તો પ્રાતઃસ્મરણીય પદ્મિની આદિ નારીઓએ જે માર્ગનું અવલંબન કરીને અનંત સુખ પ્રાપ્ત કર્યું હતું તે માર્ગનું અનુકરણ હું પણ અવસ્ય કરીશ."

રૂપનગરના પૂજ્ય રાજકુલ પુરોહિતે રાણા રાજસિંહની દરબારમાં જઇને આ સંદેશો સંભળાવ્યો. રાજસિંહે રાજપુત કુળમર્યાદાનું રક્ષણ કરવામાં ઉદાસીનતા જણાવી નહિ. તેઓ સાહસિક રાજપુત યોદ્ધા.

ઓનું એક દળ લઇને અરવલ્લીમાંથી નીકળી રૂપનગરમાં ગયા. તેમનાં પરાક્રમ આગળ મુગલસેના પરાજિત થઇને નાસી ગઇ; તેજસ્વી ક્ષત્રિય વીર તેજસ્વિની ક્ષત્રિય બાળાને પોતાની રાજધાનીમાં લઈ આવ્યા. પ્રબળ પ્રતાપી મુગલ પાદશાહની સાથે શત્રુતા કરવા છતાં પણ મેવાડનું રાજ્ય અખંડ રહ્યું.

આ તરફ ઔરંગઝેબનો અત્યાચાર શાંત થયો નહિ. તેણે હિંદુઓને અધિકતર દુઃખ દેવાને માટે 'જજીઆવેરો' કાઢયો. આ કર કેવળ હિંદુઓનેજ આપવો પડતો હતો. પાદશાહના હુકમથી આમેરનો રાજા જયસિંહ પરાક્રમી શિવાજીને પાદાક્રાંત કરવાને માટે દક્ષિણમાં છાવણી નાંખીને પડયો હતો. મારવાડાધિપતિ જસવંતસિંહને કાબુલની ગરબડ શાંત પાડવાને માટે તે દેશમાં મોકલવામાં આવ્યા હતા. આ બન્ને રાજા મુગલ સામ્રાજ્યના મજબુત આધારસ્તંભ હતા. મુગલ પાદશાહ આ રાજાઓની કાર્યકુશળતાને લીધે અનેક સંકટોમાંથી ઉગર્યો હતો. જજીઆવેરાને લીધે આ ઉભય રાજા મારી વિરૂદ્ધ કાર્ય કરશે એમ ધારી પાદશાહે તેમને ગુપ્ત રીતે વિષ આપી મારી નંખાવવાનો પ્રબંધ કર્યો અને આ બન્ને રાજા નીચ ઔરંગઝેબની કપટજાળના ભોગ થઇ પડયા. બંનેનું મૃત્યુ વિદેશમાં થયું. જસવંતસિંહની રાણી પોતાના બાળકુંવરને લઇને કાબુલથી સ્વદેશ જતી રહી. મુગલપાદશાહે તેને કારાગૃહમાં નાંખવાની આજ્ઞા કરી, પરંતુ તેના રક્ષક પરાક્રમી દુર્ગાદાસે પાદશાહની ઇચ્છા ફળીભૂત થવા દીધી નહિ. કેવળ અઢીસો સાહસિક રાજપુતોએ મુસલમાનોનાં પાંચહજાર માણસોને પર્વતના ઘાટમાં ઘેરી લીધા અને રાણીને નિર્ભયસ્થાને પહોંચાડી દેવામાં આવી. રાજસિંહે જસવંતસિંહની રાણી અને તેમના પુત્રનું સંરક્ષણ કર્યું; તેમની આજ્ઞાથી રાણી અને કુંવરને રહેવાને માટે એક ગુપ્તસ્થાન નિર્માણ કરવામાં આવ્યું. અને મુગલ સૈનિકોનાં આક્રમણથી

તેમનું રક્ષણ કરવાને માટે કેટલાક વીર રાજપુતો નિયત કરવામાં આવ્યા. આ પ્રકારે રાજસિંહે ક્રૂર ઔરંગઝેબની સામે થઈ અનાથ બાળક અને અનાથ રાણીનું સંરક્ષણ કર્યું.

ઔરંગઝેબે હિંદુઓપર જજીઆવેરો નાંખ્યો તેટલા માટે રાણા રાજસિંહના હૃદયમાં અતિ દુઃખ થયું; તેમનાથી પવિત્ર હિંદુ જાતિનું અપમાન સહન થઈ શક્યું નહિ. તેમણે એકદમ પાદશાહના આ કાર્ય તરફ પોતાની નાપસંદગી બતાવી. તેમની નસોમાં રક્ત જોરથી વહેવા લાગ્યું. ક્ષોભ, ક્રોધ અને અપમાનના ડંખે તેમને વ્યાકુળ કરી મૂક્યા. તેમણે સમસ્ત હિંદુ જાતિના તરફથી ઔરંગઝેબના ઉપર એક પત્ર લખી મોકલ્યો, આ પત્રનો આશય નીચે પ્રમાણે હતોઃ—

" મારા સાંભળવામાં આવ્યું છે કે આપે આપના શુભેચ્છકની સામે યુદ્ધ કરવામાં ઘણું દ્રવ્ય વૃથા ખરચી નાંખ્યું છે અને તેથી ખાલી થયેલા ખજાના ભરવાને માટે એક વિશેષ કર નાંખવાની આજ્ઞા કરી છે. આપના સ્વર્ગસ્થ પૂર્વ પુરુષ જલાલુદ્દીન અકબરે સમદર્શિતા અને દ્રઢતાથી મુગલ શહેનશાહતને મજબૂત કરી હતી. એમની કારકીર્દિમાં સર્વ જાતિના લોકો સુખાનંદમાં રહેતા હતા. તેઓ મુસલમાન, હિંદુ કે કોઈ પણ જાતિના લોકોપર કૃપાદ્રષ્ટિ રાખી તેમના પ્રત્યે ઉદાર વર્તન રાખતા હતા. આથી લોકો કૃતજ્ઞતાના આવેશમાં તેમને જગદ્ગુરૂ સુદ્ધાં કહી ચૂક્યા છે.

સ્વર્ગવાસી નૂરૂદ્દીન જહાંગીરે બાવીસ વર્ષ પર્યંત ઉત્તમ પ્રકારે પ્રજાનું પાલન કર્યું હતું. વળી તેમણે મિત્ર રાજાઓની ઉપર વિશ્વાસ રાખ્યો હતો તેથી તેમને પ્રત્યેક કાર્યમાં સફળતા મળી હતી.

પરમ પ્રતિષ્ઠિત શાહજહાને બત્રીસ વર્ષ સુધી ઉત્તમ પ્રકારે શાસન કરીને અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી છે.

આપના પૂર્વ પુરુષોનાં કાર્યો આવાં લોકહિતકારી હતાં. તેઓ આવી ઉદાર નીતિથી વર્તતા હતા તેથી તેઓ જ્યાં પગ મૂકતા હતા ત્યાં વિજયલક્ષ્મી અને સૌભાગ્યલક્ષ્મી તેમને વરતી હતી. તેમણે અનેક દેશો અને અનેક કિલ્લાઓ પોતાને સ્વાધીન કરી લીધા હતા. પરંતુ આપના સમયમાં અનેક દેશો મુગલ સામ્રાજ્યમાંથી છૂટા પડી ગયા છે. હમણાં અત્યાચાર અને અવિચારની સોટી જોરથી ઘૂમવા લાગી છે. આથી ભવિષ્યમાં અનેક સ્થળો મુગલ સામ્રાજ્યથી છૂટાં પડી જશે. આપની પ્રજા પાદાક્રાંત થાય છે. આપની શહેનશાહતનો પ્રત્યેક પ્રદેશ દુઃખ અને દરિદ્રતાના બોજાથી દબાઇ ગયો છે. જો રાજ્યનો સ્વામી ધનશૂન્ય થઇ જાય તો પછી પ્રજાની શી દશા થાય?

સૈનિકોનાં હૃદય ઉંચાં થયાં છે, વ્યાપારી લોકોને અનેક મુકર્દમાઓ લડવા પડે છે, હિંદુઓ નિર્ધન થઈ ગયા છે અને સાધારણ લોકો રાત્રિ પડતાં સુધીમાં ભોજનની સામગ્રી એકઠી કરી શકતા નહિ હોવાથી નિરાશાથી ઉન્મત્ત થઇ કપાળમાં ટપલા મારે છે.

જે રાજા આવી દરિદ્ર પ્રજાને ભારે કરથી પીડિત કરવામાં પોતાની શક્તિનો ઉપયોગ કરે છે તેનું ગૌરવ શી રીતે જળવાઇ શકે? હાલમાં પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી, એવો હોકારો પડી રહ્યો છે કે પાદશાહ હિંદુ ધર્મનો મહા દ્વેષી છે અને તે બ્રાહ્મણ તથા યોગી અને વૈરાગી તથા સંન્યાસીની પાસેથી પણ કર લેશે. સુપ્રસિદ્ધ તૈમુર વંશના ગૌરવને કલંકિત કરી આપ આ રીતે નિર્જન સ્થાનમાં રહેતા નિરપરાધી તપસ્વીઓને પણ પીડા કરવાને ઉદ્યત થયા છો. સર્વ ધર્મગ્રંથો એમજ સિદ્ધ કરે છે કે સર્વ મનુષ્યોનો ઇશ્વર એકજ છે. ઇશ્વર કેવળ મુસલમાનોને ચાહે છે અને હિંદુઓને ધિક્કારે છે એમ માનવાને કશું પ્રયોજન નથી. ઇશ્વરની આગળ હિંદુ અને મુસલમાન સમાન છે. સર્વની ઉત્પત્તિનું આદિ કારણ એજ છે.

મુસલમાનોની મસીદમાં તેમનાજ નામની નિમાજ પઢવામાં આવે છે અને હિંદુઓનાં મંદિરમાં ઘંટનાદ કરીને તેમનાજ નામની પૂજા કરવામાં આવે છે. વિધર્મી લોકોના આચારનું અપમાન કરવું એ સર્વ શક્તિવાન ઈશ્વરની ઈચ્છાવિરુદ્ધ કાર્ય કરવા સમાન છે. જો આપણે કોઈ ચિત્રને બગાડીએ તો સ્વભાવતઃ જ તેનો ચિત્રકાર આપણા ઉપર ક્રોધ કરે છે. માટે ઈશ્વરનાં કાર્યની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

આપે હિંદુઓ પાસેથી જે કર લેવાનો નિશ્ચય કર્યો છે તે અન્યાય છે. એ કાર્ય દીર્ઘદ્દષ્ટિવાળી રાજનીતિની વિરુદ્ધ છે. એથી દેશ વધારે દરિદ્ર થશે. જો આપ ધર્માન્ધતાને લીધે એ કરને ન્યાય માનતા હો તો પ્રથમ તો એ કર હિંદુઓના નેતા રામસિંહની પાસેથી લેવો જોઈએ અને ત્યાર પછી એ કર મારી પાસે માગવો જોઇએ. કીડીઓ અને માખીઓને મારવી એ કાંઈ સાચી વીરતા નથી. મને આશ્ચર્ય એ થાય છે કે આપના પ્રધાનો પણ આપને ન્યાયપુરઃસર શાસન કાર્ય કરવાની સલાહ આપતા નથી.”

આ રીતે રાણા રાજસિંહના પત્રમાં સુજનતા, સ્વાભિમાન, નમ્રતા, તેજસ્વિતા અને સ્પષ્ટવક્તૃતા ભરી હતી. તેમણે દીલ્લીના પાદશાહને અનુચિત કાર્ય ન કરવાને માટે આવો ઉત્તમ ઉપદેશ આપ્યો હતો. આ પત્ર મુત્સદ્દીપણાનો એક ઉત્તમ નમુનો છે અને એ પત્રમાંથી સત્ય રાજધર્મનો પરિચય મળે છે.

આ પત્ર વાંચતાં ઔરંગઝેબના ક્રોધનો પાર રહ્યો નહિ. રાણારાજસિંહે જસવંતસિંહની રાણીને આશ્રય આપ્યો છે એ વાત પણ તેના કર્ણપર પહોંચી ચૂકી હતી. તેથી હવે તેણે રાજસિંહને પાયમાલ કરવાનો નિશ્ચય કર્યો. આ કાર્ય સિદ્ધ કરવાને માટે તેણે પોતાના પુત્રોને બંગાળા, કાબુલ અને દક્ષિણમાંથી બોલાવી લીધા. ઔરંગઝેબે પોતાના પુત્રોને તથા અનેક સેનાપતિઓને પોતાની સાથે લીધા અને

પ્રચંડ સૈન્ય સહિત મેવાડપર આક્રમણ કર્યું. રાજસિંહ પણ પોતાના કુળનું ગૌરવ જાળવવાને માટે તેની સામા થયા. તેમણે પોતાના સૈન્યને ત્રણ ભાગમાં વિભક્ત કર્યું અને તેમાંના એક ભાગનો સેનાપતિ તેમણે પોતાના જ્યેષ્ઠ કુંવરને બનાવ્યો, બીજા ભાગનો સેનાપતિ ભીમસિંહને બનાવ્યો અને ત્રીજા ભાગના સેનાપતિ સ્વયં રાણા રાજસિંહ બન્યા. આ પ્રકારે ઉત્તમ તૈયારી કરી રાણા રાજસિંહ મુગલ સૈન્યને પરાજિત કરવાને માટે નીકળ્યા. પહાડોમાં વસતા ભીલ લોકો પણ હિંદુ કુળસૂર્ય રાણારાજસિંહને સાહાય્ય કરવાને માટે મેવાડની લાલ પતાકાની નીચે એકત્રિત થઇ ગયા.

રાજકુમાર જયસિંહે શત્રુનાં ખોરાકનાં ગાડાં આવવાનો માર્ગ રોકયો. ઔરંગઝેબના સૈન્યને પહાડી સ્થાનમાં ખોરાક ન મળવાથી પરમ કષ્ટ થવા લાગ્યું. તેના લશ્કરમાં અનાજનો મોટો દુષ્કાળ પડયો. રાજસિંહના માણસોના હાથમાં ઔરંગઝેબની શાહજાદી સપડાઈ. તેઓ તેને રાજસિંહની પાસે લઇ આવ્યા. રાજસિંહે તેનો યથોચિત આદર કર્યો અને તેને કેટલાક માણસોની સાથે ઔરંગઝેબની પાસે મોકલી દીધી. રાજસિંહ એવા ઉદાર હતા કે તેઓ શત્રુઓનું ભૂખનું દુઃખ જોઇ શકયા નહિ; તેમણે ખોરાકનાં ગાડાં આવવાનો માર્ગ ખુલ્લો કરાવી દીધો. તેમણે વિધર્મી શત્રુઓને અન્ન મેળવવાની સુગમતા કરી આપી અન્નના કષ્ટથી તેમનું રક્ષણ કર્યું. આ રીતે તે રાજપુત વીરે ઉદારતા દર્શાવી હતી અને આ પ્રકારે તેમણે ખરો રાજધર્મ તથા વીરધર્મ બતાવી આપ્યો હતો.

પરંતુ કુબુદ્ધિ મુગલ પાદશાહે પોતાની કુટિલતા છોડી નહિ. તે રજપુતોની સાથે ઘોર સંગ્રામ કરવા લાગ્યો. તેજસ્વી રાજપુતો પણ તેનાથી હારી જાય એવા નહોતા, ઔરંગઝેબની સેના રાજપુતોના હાથનો માર ખાઈ અહીં તહીં નાસવા લાગી. પાદશાહના ઝુંડા,

હાથી તથા અસ્ત્રશસ્ત્ર વગેરે વિજયી રાજસિંહના હાથમાં આવવા લાગ્યાં. આ મહાયુદ્ધ સંવત ૧૭૩૭ ના ફાલ્ગુન માસમાં થયું હતું અને એમાં રાણા રાજસિંહે વિજયલક્ષ્મી પ્રાપ્ત કરી હતી.

રાણા રાજસિંહે જય પ્રાપ્ત કરી નાઠેલા શત્રુઓને કષ્ટ આપવું ઉચિત ધાર્યું નહિ. ગુજરાતમાં સુરત તરફ ઘણા મુસલમાનો નાશી ગયા હતા અને તેની પાછળ ભીમસિંહ ગયા હતા, પરંતુ રાજસિંહે, દયા, ધર્મ અને સુજનતાથી પ્રેરિત થઇ તેમનાપર આક્રમણ નહિ કરવાનો સંદેશો મોકલ્યો હતો.

આ પ્રકારે રાણા રાજસિંહે રાજધર્મ ઉત્તમ રીતે પાળ્યો. એવો ક્યો માણસ હશે કે જે સાહસિકતા અને વીરતાને માટે તેમની પ્રશંસા નહિ કરશે? રાણા રાજસિંહ તેમના સમયના અદ્વિતીય નૃપતિ હતા. દુષ્ટાત્માઓની દુષ્ટતા દબાવવાને માટે તેઓ મુખ્ય ભાગ લેતા હતા. તેમનું પ્રત્યેક કાર્ય ગૌરવ અને વીરતાનો પરિચય કરાવે છે. તેઓ પરોપકારને શ્રેષ્ઠ ધર્મ માનતા હતા. તેમણે રાજસમુદ્ર બંધાવીને પોતાની શિલ્પ વિદ્યા પ્રત્યેની અભિરુચિનો પરિચય જગતને કરાવ્યો છે.* આજ પર્યંત તે શિલ્પકળા રાજપુતાનાના કીર્તિસ્તંભ રૂપે વિદ્યમાન છે.

---

* રાજસિંહની કારકીર્દિમાં એક મોટો દુષ્કાળ પડયો હતો. આ વખતે ઘણા લોકો ભૂખે મરતા હતા. આથી લોકોને બચાવવાને માટે રાણા રાજસિંહે તેમને રાજસમુદ્ર બાંધવાના ઉદ્યોગમાં લગાડયા. અને મહાન કીર્તિ પ્રાપ્ત કરી. રાજસમુદ્ર એક પ્રચંડ સરોવર છે. આ સરોવર મેવાડની રાજધાની ઉદેપુરથી ૨૫ માઇલ ઉત્તરે આવેલું છે. ગોમતી નામની એક પહાડી નદીના પ્રવાહને પુસ્તો બાંધી રોકીને આ સરોવર બનાવવામાં આવ્યું છે. રાજસિંહે પોતાનું નામ તેની સાથે જોડીને તેને રાજસમુદ્ર નામાભિધાન આપ્યું. ઇશાન અને વાયવ્ય

૮–રાજભક્ત વીર અમરસિંહ.

ઇસ્વીસનની અઢારમી શતાબ્દી શનૈઃ શનૈઃ કાળના અનંત સ્રોતમાં વિલીન થતી થતી સર્વાંશે અદ્રશ્ય થઈ ગઈ છે. ઓગણીસમી શતાબ્દીએ પોતાનો અધિકાર સ્થાપિત કર્યો છે. કાળની વિચિત્રતાથી અનેક મનુષ્યોની દશામાં ભારે પરિવર્તન થઇ ગયું છે. અનેક માણસો ઉન્નતિના શિખર પર ચઢી આમોદના તરંગોપર ઉડે છે અને ગર્વ ભરી દ્રષ્ટિથી નીચે જુએ છે. અનેક પુરુષો અવનતિના ઉંડા સાગરમાં ડુબી, શોક અને પશ્ચાત્તાપની તીક્ષ્ણ ચાબુક ખાઇ રહ્યા છે. અનેક માણસો સુખ અને સંપત્તિના અપૂર્વ વિલાસથી તૃપ્ત થઇ રહ્યા છે અને અનેક જણ દુઃખના દારુણ ચક્રમાં સપડાઇ આમ તેમ અથડાયા કરે છે. કાળચક્રની સાથે ભારતવર્ષની દશા પણ પલટાઇ ગઈ છે. ભારતવર્ષની સ્વાધીનતાનો નાશ થયો છે. સ્વાધીનતાથી મસ્ત થયેલા વીર પુરુષોનાં ખડ્ગોમાંથી હવે પ્રકાશ ઝરતો નથી. તત્ત્વજ્ઞાની મહાપુરુષો પણ અદ્રશ્ય થયા છે. ભારતવાસીઓનું ગૌરવ પવિત્રસલિલા દૃષદ્વતીના તટપર આર્ય ચક્રવર્તી પૃથ્વીરાજની સાથે અંતર્ધાન થઈ ગયુ છે.

ખુણા વિના આ સરોવરની બીજી સર્વ બાજુએ સંગેમરમરનો પુસ્તો બાંધી લેવામાં આવ્યો છે. પુસ્તાની સાથે અંદરના ભાગમાં છેક નીચે સુધી સંગેમરમરની સીડીઓ છે. સરોવર પણ ઘણું ઉંડું છે અને તેનો ઘેરાવ આશરે બાર માઇલનો છે. એ સરોવરનો બંધ ઊંચી ભઠ્ઠીના જેવો છે. વળી એ સરોવરની દક્ષિણે રાણાજીએ એક નગર અને એક કિલ્લો પણ બંધાવ્યો હતો. તે નગર તેમના નામપરથી રાજનગર નામથી પ્રસિદ્ધ છે. વળી એ પુસ્તાપર એક સંગેમરમરના પથ્થરનું દેવાલય પણ બનાવ્યું હતું. એ કાર્યમાં લગભગ ૯૬ લાખ રૂપીઆ ખર્ચ થયું છે—અને તે તૈયાર થતાં સાત વર્ષ લાગ્યાં હતાં.

ભારતવર્ષમાં મુસલમાનોની શક્તિ પણ ઔરંગઝેબની સાથે વિલુપ્ત થઇ છે. આગ્રાનો તાજમહાલ અદ્યાપિ વિદ્યમાન છે; જુમ્મા મસ્જીદ, મોતી મસ્જીદ હજી પણ ભારતવર્ષની શિલ્પ વિદ્યાનો પરિચય કરાવી રહી છે. દીવાનેઆમ અને દીવાનેખાસ મુગલોની લુપ્ત થયેલ શક્તિનો પરિચય આપે છે. પરન્તુ તે શક્તિ આજે વિદ્યમાન નથી. હિંદુ અને મુસલમાન ઉભય આજે દુર્દશાના સમુદ્રમાં ડૂબ્યા છે. જે વિદેશી વ્યાપારીઓએ વાણિજ્યને માટે ભારતવર્ષમાં પગ મૂકયો હતો તેઓ આજે રાજરાજેશ્વરના માનવંત પદપર સ્થિત થયા છે. હમણા તેમના પ્રતિપક્ષી ફ્રેંચોએ પણ તેમની આગળ મસ્તક નમાવ્યાં છે. મુસલમાન શહેનશાહોનો પ્રતાપ વિલુપ્ત થયો છે. હમણા પરમેશ્વરની કૃપાથી અંગ્રેજોએ ભારતનાં પ્રાયઃ સર્વ સ્થાનોપર પોતાની પ્રભુતા સ્થાપિત કરી દીધી છે. માર્કવીસ ઓફ વેલેસ્લી ભારતના ગવર્નર જનરલના પદપર નિયુક્ત થઇને ચંદ્રગુપ્ત અથવા શાર્લેમન, નેપોલ્યન વા પિટરની સાથે સ્પર્ધા કરી રહ્યો છે. ભવાનીના ભક્ત પ્રાતઃસ્મરણીય શિવાજી જે વીરસમાજના આદ્ય નેતા હતા, જે સમાજના મહાન મહાન વીરપુરુષોએ એક વખત સમસ્ત ભરતખંડને સ્વાધીન કરી લેવાનો ઉદ્યોગ કર્યો હતો, તે આ વખતે અનેક ભાગોમાં વિભક્ત થઇ જઇને તેમાંના માણસો પરસ્પર લડીને એક બીજાનાં ગળાં રેંસવા તત્પર થઇ રહ્યા છે અને આવી ક્ષીણ શક્તિ સાથે તેઓ અંગ્રેજોની વિરુદ્ધ શસ્ત્ર લઇને ઉઠયા છે.

અંગ્રેજોએ ભારતવર્ષમાં કેવળ તલવારના બળથીજ પોતાનો અધિકાર સ્થાપિત કર્યો છે એમ જેઓ કહે છે તેઓ ઇતિહાસના જ્ઞાતા નથી; અને તેઓ સત્ય જાણતા નથી. જો ભારતવાસીઓ અંગ્રેજોને સાહાય્ય કરત નહિ તો અંગ્રેજ લોકો કદિ પણ ભારતવર્ષમાં સામ્રાજ્ય સ્થાપન કરી શકત નહિ. પ્લાસીના આમ્ર વનમાં ભારતવાસીઓની સાહાય્યથીજ

અંગ્રેજોએ વિજય પ્રાપ્ત કર્યો હતો. આસાઇના વિશાળક્ષેત્રમાં ભારતવાસીઓએજ વિજયલક્ષ્મીને લાવીને અંગ્રેજોના હાથમાં સોંપી દીધી હતી. અને ભારતવર્ષના એક અસાધારણ વીરના પરાક્રમથીજ અંગ્રેજ લોકો શૌર્યવાન રાજા જસવંત રાવ હોલ્કરની ગતિને રોકી શકયા હતા.

ઈ. સ. ૧૮૦૦ માં હિંદમાં પાંચ મરાઠા રાજાઓ હતા. પશ્ચિમઘાટમાં આવેલા પુનામાં પેશ્વાઓની રાયજધાની હતી. ગુજરાતની અંતર્ગત વડોદરામાં ગાયકવાડની પ્રભુતા હતી. મધ્ય હિંદમાં આવેલા ગ્વાલિયરમાં સિંધિયા અને ઈંદોરમાં હોલ્કર રાજ્ય કરતા હતા. નાગપુરના રઘુજી ભોંસ્લે વરાડથી ઓરિસ્સા સુધી પોતાનો અધિકાર જમાવી બેઠા હતા. ભારતવર્ષનો ગવર્નરજનરલ માર્ક્વીસ ઑફ વેલેસ્લી આ સર્વ મરાઠાઓને તાબે કરવાને ઉદ્યત થયો. પ્રથમ જસવંતરાવ હોલ્કરની સાથે અંગ્રેજોને યુદ્ધ થયું. હોલ્કરે મરાઠાઓનાં લુપ્ત થયેલાં ગૌરવને સજીવન કરવાને માટે યુદ્ધ કરવાની તૈયારી કરી. મૅન્સન નામના એક અંગ્રેજ સેનાપતિને તેની સામે મોકલવામાં આવ્યો. આ વખતે હોલ્કર પ્રતાપગઢ નામના સ્થાનમાં રહેતા હતા. અંગ્રેજ સેનાના આગમનની ખબર સાંભળી તેઓ તેજ વખતે પોતાનું સ્થાન છોડી ચંબલ નદીની પાસે આવી પહોંચ્યા. તેઓ મૅન્સનના લશ્કરથી પચાસ માઇલના અંતરપર છાવણી નાંખીને પડયા. અંગ્રેજ સેનાપતિ પોતાના પ્રતિપક્ષીની અચાનક નિકટ આવી પહોંચવાની ખબર સાંભળી, તેનાથી થોડેક વધુ દૂર જતા રહેવાને ઉદ્યત થયો. સમીપમાંજ મુકુન્દર નામનો એક પહાડી ઘાટ હતો. આ ઘાટમાં અમારૂં રક્ષણ થશે એમ ધારી તે તે તરફ જવા લાગ્યો.

ગ્રીસના ઇતિહાસમાં સેનાપતિ જેનોફને પોતાની રસીલી લેખિનીથી 'દશ સહસ્રનું પ્રત્યાવર્તન' સુંદર રીતે લખ્યું છે. આ પ્રત્યાવર્તનની કથા આજ પર્યંત અટલ વીરતા, અવિચલ ઉત્સાહ અને અલૌકિક

દ્રઢ નિશ્ચયનો પરિચય આપી રહી છે. જો ભારતવર્ષમાં એકાદ જેનોફન હોત તો મૅન્સનના પ્રત્યાવર્તનની કથા પણ તેણે એવીજ સુંદર રીતે લખી હોત. મૅન્સન જે રસ્તે પાછો ફરતો તે રસ્તાને નિષ્કંટક રાખવાને માટે એક ભારતીય વીરે આત્મભોગની કેવી પરાકાષ્ઠા બતાવી હતી તથા ભયાનક શત્રુની સામે બહાદૂરીથી લડી પોતાની પ્રતિજ્ઞાનું કેવી રીતે પાલન કર્યું હતું, તેનું વર્ણન તેણે સુંદર રીતે કર્યું હોત. આ વીરપુરુષ પૂણ્યભૂમિ હરવતીના રાજપૂતોના સ્વામી અમરસિંહ હતા. અમરસિંહ વીરતાની તેજસ્વી મૂર્તિ તથા આત્મભોગ અને પવિત્ર મિત્રતાના અપૂર્વ દ્રષ્ટાન્ત રૂપ હતા. તેઓ વચનથી બંધાઇ વિદેશી અને વિધર્મી અંગ્રેજોની રક્ષા કરવાને માટે પ્રાણાર્પણ કરવાને ઉદ્યત થયા.

સેનાપતિ મૅન્સન પાછળ હઠી મુકુંદરના ઘાટ તરફ ચાલવા લાગ્યો. તેનો માર્ગ નિષ્કંટક રાખવાને માટે અમરસિંહ પોતાના હાથ નીચેના રાજપૂતોને લઇને ત્યાં ગયા હતા. મૅન્સને અમરસિંહને એવી ભલામણ કરી હતી કે શત્રુઓ આવે તો તેને ઘેરી લેવા અને આગળ વધવા દેવા નહિ. અમરસિંહે આ વાતની હા પાડી અને પ્રાણ જતાં સુધી પણ મૅન્સનના શત્રુઓને રોકી રાખવાને માટે ઉદ્યત થયા. એક પીપ્પલી નામક ગ્રામની પાસે અમઝર નામની નદી વહે છે. અમરસિંહ આ નદીના ઉત્તર તરફના તટપર જઇને ઘોડાપરથી નીચે ઉતરી પડયા અને એક સહસ્ત્ર સૈનિકોને લઇને નિર્ભયતાપૂર્વક શત્રુઓનો માર્ગ રોકીને ઉભા રહ્યા. થોડા વખતમાં મહારાજા હોલ્કરની સેના આવી પહોંચી. જોતજોતામાં અમરસિંહના તરફથી તે સેનાપર ગોળીનો વરસાદ વરસવા લાગ્યો. ગોળીઓના મારથી ઘણા શત્રુઓ મરણ પામ્યા. પરંતુ તેઓ હવે અમરસિંહની છેક નિકટ આવી પહોંચ્યા અને તેમના પર ગોળીઓ છોડવા લાગ્યા. અમરસિંહના કપાળપર અને તેમના

હૃદયની જમણી બાજુપર ગોળીઓ લાગી. અમરસિંહ ભૂમિપર તૂટી પડયા, પરંતુ થોડીવારમાં તેઓ શુદ્ધિમાં આવ્યા. તેઓ પુનઃ ઉભા થઇ હાથમાં તરવાર ગ્રહણ કરી પોતાના માણુસોને ઉત્સાહ આપવા લાગ્યા. અમરસિંહને ઉપર જણાવેલી બે જગાએ ભારે ચોટ લાગી હતી, પરન્તુ તેમના મુખમંડળપર દુઃખનો ભાવ જરા પણ જણાતો નહોતો. તેમના ક્રોધાન્વિત નેત્રમાં ભયનાં અને તેમના વિશાળ લલાટ પર ચિંતાનાં ચિન્હ જણાતાં નહોતાં. ઘાયલ થયેલા અમરસિંહ પોતાના હાથમાં તલવાર પકડી શત્રુસેના તરફ તે તલવાર ચલાવતા હતા અને એ રીતે પોતાના માણુસોને ઉત્સાહિત કરતા હતા. તેમના શરીરમાંથી રક્તની ધારા અવિશ્રાંત ચાલતી હતી આથી તેઓ નિસ્તેજ થવા લાગ્યા. થોડી વારમાં તેઓ શત્રુસેના તરફ તલવાર ઉગામતા ઉગામતા પરલોકવાસી થઈ ગયા. તેમના સાડી ચારસેં માણુસો તેમની પાસે ઉભા રહી પ્રાણુહીન અને ઘાયલ થયા. અધિક હાનિ થવાને લીધે શત્રુઓ આગળ જઇ શકયા નહિ. મુકુંદરનો ઘાટ નિષ્કંટક રહ્યો અને સેનાપતિ મૅન્સન અમરસિંહના પરાક્રમથી સુરક્ષિત રહ્યો.

અમરસિંહે જે સ્થળે પોતાનો પ્રાણુ છોડયો હતો તે સ્થળે આજે માટીના એક સાધારણુ ચોતરા શિવાય અન્ય કોઇ પણ સ્મૃતિ-ચિન્હ નથી. હરવતીનો શ્રેષ્ઠ હરવંશી રાજપુતના આત્મ–ત્યાગની ભૂમિ આ પ્રકારે સૂની પડી છે. આ રાજપુત વીર પ્રતિ કૃતજ્ઞતા દર્શાવવાને ખાતર તે ભૂમિ પર એક અતિ ઉચ્ચ, પરમ સુંદર કીર્તિ સ્તંભ બંધાવો જોઈતો હતો.

(૯) વીર શક્તાવત સરદાર.

મુગલ પાદશાહ અકબરનું મરણ થયું છે. એમ કહેવાય છે કે અન્યનો પ્રાણ લેવાને માટે કરેલા પ્રપંચનો ભોગ ભારતનો પ્રસિદ્ધ પાદશાહ પોતેજ થઇ પડયો.* કુમાર સલીમ પોતાનું નામ જહાંગીર રાખીને દીલ્લીના રત્નજડિત તખ્તપર બેઠો છે. તે ભારત વર્ષના સર્વ ભાગોપર પોતાની પ્રભુતા સ્થાપિત કરવાને માટે ચેષ્ટા કરી રહ્યો છે. તેના પિતાએ જે શક્તિથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી, તે શક્તિ પ્રાપ્ત કરવાને તે પણ પ્રયત્ન કરતો હતો. પરાક્રમી રાજપુતોનાં રાજ્ય છીનવી લેવાં એ અકબરનું પ્રધાન લક્ષ્ય હતું. મેવાડના પ્રાતઃસ્મરણીય પ્રતાપસિંહે અલૌકિક વીરતા અને દેશભક્તિના આવેશથી સ્વાધીનતાનું રક્ષણ કર્યું હતું. પ્રતાપસિંહની વીરતા અને તેના હાથ નીચેના રાજપુતોની તેજસ્વિતા જહાંગીરના હૃદયપટપર અંકિત હતી. તે પાદશાહ બનીને હમણાં મેવાડની સ્વતંત્ર ભૂમિને પરાધીનતાની જંજીરમાં જકડી લેવાને માટે ઉદ્યત થયો છે. હમણાં પ્રતાપસિંહ સ્વર્ગમાં વિરાજે છે. વીરપ્રસવિની મેવાડ ભૂમિ મહાવીર પ્રતાપ વિના શૂન્ય બની ગઇ છે. દીલ્લીના નવા પાદશાહે આ તકનો લાભ લઈને ચિત્તોડનો કિલ્લો હસ્તગત કર્યો છે. ચિત્તોડના સ્વામીને નિર્જન અરણ્યમાં જઇ પોતાના દેહનું સંરક્ષણ કરવું પડયું. મેવાડનાં રાજ્યની સીમાપર અંતલ નામનો એક

---

* રાજસ્થાનના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે, કે અકબરને એવો સંદેહ ઉત્પન્ન થયો હતો કે મારા અવસાન પછી રાજા માનસિંહ, સલીમને બદલે ખુશરોને રાજસિંહાસનપર બેસાડશે. આથી તેણે માનસિંહને માટે બનાવેલાં ભોજનમાં વિષ નંખાવ્યું હતું. પરંતુ ભૂલથી તે ભોજન માનસિંહને આપવાને બદલે તે પોતેજ ખાઇ ગયો. આથી તેનો દેહાંત થયો.

કિલ્લો હતો. આ કિલ્લાપર પણ પાદશાહનો અધિકાર સ્થાપિત થઇ ચૂક્યો. તે છતાં પણ પરાક્રમી રાજપૂતો હતાશ થયા નહિ. જે વીરતા અને ગૌરવને માટે રાજપુતો જગતમાં સુપ્રસિદ્ધ થયા હતા તે વીરતા અને ગૌરવ હજી પણ તેમને છોડી ગયાં નહોતાં. ચિત્તોડના સ્વામીએ પોતાની સ્વાધીનતા અખંડ રાખવાને માટે પ્રતિજ્ઞા કરી. રાજપુતાનાની વીરતાના મદથી ઉન્મત્ત બનેલા રાજપુતો પોતાના નષ્ટ થતા ગૌરવનો પુનરૂદ્ધાર કરવાને માટે પ્રાણ સુદ્ધાં આપવાને તૈયાર થઇ ગયા.

રાજપુતાનાના વીર રાજપુતો દુર્ગમ પહાડી સ્થાનમાં એકત્રિત થયા છે. મેવાડના રાણા બલવાન મુસલમાન પાદશાહનો મદ ઉતારવાને માટે પોતાના વીર સરદારોની સાથે મસલત કરે છે. સર્વે વીરો પોતાના ગૌરવનું રક્ષણ કરવાને માટે પ્રતિજ્ઞા લઇ રહ્યા છે. તેમની ભૂમિમાં શત્રુઓએ પ્રવેશ કર્યો છે, તેમના કિલ્લામાં શત્રુની પતાકા ફરકી રહી છે, શત્રુઓના આક્રમણને લીધે તેમને પહાડોનો આશ્રય લેવો પડયો છે. આથી હમણાં તેઓ દુર્દાન્ત શત્રુઓને ઉચિત શિક્ષા કરવાને માટે પ્રતિજ્ઞા કરી રહ્યા છે. વીરભૂમિના સાહસિક, રણ-ચતુર ચંદાવત અને શક્તાવત × એકત્રિત થયા છે. આ વખતે સર્વે રાજપુતો પોતાના પૂર્વ પુરુષોની કીર્તિ સાચવી રાખવાને માટે ઉત્સુક બન્યા છે. મેવાડના રાણાની આજ્ઞા પોતાનો પ્રાણ આપીને પણ પાળવાને સર્વે રાજપૂતો તૈયાર છે. ચંદાવત વીરો યુદ્ધ સમયે આગળ ચાલવાનો આગ્રહ કરવા લાગ્યા. તેમના હરિફો શકતાવત પણ તે માન મેળવા માટે ઉત્કંઠિત હતા. આ ઉભય દલ ઉક્ત સન્માન પ્રાપ્ત કરવાને

×ચિત્તોડના એક પ્રાચીન રાણાનું નામ ચંદ હતું. આ રાણાનું દલ ચંદાવત નામથી પ્રસિદ્ધ થયું. શક્ત, સુપ્રસિદ્ધ રાણા પ્રતાપસિંહનો બંધુ અને રાણા ઉદયસિંહનો પુત્ર હતો. એના નામપરથી એક દલનું નામ શક્તાવત પડયું.

માટે માંહોમાંહિ કલહ કરવા લાગ્યાં. પરંતુ ચતુર રાણાએ તેમને તેમ કરતાં અટકાવી ગંભીર સ્વરે કહ્યું "જે દલ શત્રુના હાથમાં ગયેલા અંતલ કિલ્લામાં પ્રથમ પ્રવેશ કરશે તેને સમસ્ત સૈન્યની આગળ ચાલવાનો અધિકાર પ્રાપ્ત થશે." શક્તાવત અને ચંદાવત ઉભય દલના માણસો રાણાની આજ્ઞાનુસાર ગૌરવયુક્ત સન્માન પ્રાપ્ત કરવાની આશાથી અંતલના કિલ્લા તરફ કુચ કરવા લાગ્યા.

અંતલનો કિલ્લો મેવાડના સપાટ પ્રદેશમાં આવેલો છે. આ કિલ્લો સ્હેજ ઉંચી જમીનપર આવેલો છે. આ કિલ્લાની ચારે તરફ એક નાની નદી વહે છે. તેનો કોટ ઉંચો અને મજબુત છે. કિલ્લામાં જવાને માટે માત્ર એકજ માર્ગ છે. અને આ માર્ગ લોઢાના ખિલાવાળા મજબૂત દરવાજાથી બંધ રાખવામાં આવે છે.

ચંદાવત અને શક્તાવત લોકો ઘોર અંધારામાં પોતાનો ટેક રાખવાને માટે કિલ્લા તરફ ચાલ્યા જાય છે. ચારણ લોકો સુમધુર કંઠે વીરરસયુક્ત કાવ્યો લલકારીને યોદ્ધાઓને ઉશ્કેરે છે. ઉભય દલ સમરસંગીતથી ઉશ્કેરાઇને ભિન્ન ભિન્ન માર્ગોથી આગળ કૂચ કરવા લાગ્યાં. પ્રાતઃકાળમાં શક્તાવત લોકો કિલ્લાના દ્વાર આગળ જઈ પહોંચ્યા. શત્રુઓ અસ્ત્રશસ્ત્રથી સજ્જીત નહોતા, પરંતુ રાજપૂતોના આગમનની ખબર સાંભળી તેઓ સુસજ્જ થઇ કિલ્લાના કોટપર ચઢી ગયા. રાજપૂતોએ મહાવેગથી કિલ્લાપર આક્રમણ કર્યું. મુગલ સેના પણ ઘણી દ્રઢતાપૂર્વક રાજપૂતોની સામે ટક્કર ઝીલવા લાગી. ચંદાવત લોકો પણ કિલ્લા તરફ જોસભેર ચાલ્યા આવતા હતા. ચંદાવતો પોતાની સાથે કિલ્લાપર ચઢવાને માટે કેટલીક સીડીઓ લઈ આવ્યા હતા. શક્તાવતોની પાસે સીડીઓ હતી નહિ. આથી તેઓ કિલ્લાના દ્વારને તોડીને પોતાના હરિફોની પહેલાં કિલ્લામાં પ્રવેશવાને પ્રયત્ન કરવા લાગ્યા. શત્રુઓના છોડેલા ગોળાથી ચંદાવતોનો સરદાર મરણ પામ્યો.

મુગલ સેના બન્ને દલોને રોકતી હતી. પરંતુ શક્તાવત વીરોનો તેજસ્વી સરદાર તેનાથી દબાયો નહિ. તે હાથીપર આરૂઢ થયો હતો અને તેણે પોતાના હાથીને દરવાજો તોડવાને માટે આગળ કર્યો. આગળ જણાવ્યા પ્રમાણે દરવાજાની સાથે તીક્ષ્ણ અણીવાળા ખીલા જડવામાં આવ્યા હતા. આથી હાથીની મહેનત વૃથા ગઈ. સાહસિક શક્તાવત સરદાર આવો મામલો જોઇને હાથીપરથી નીચે ઉતરી પડયો અને ધીરતાપૂર્વક ખીલાની તીક્ષ્ણ ધાર સાથે ઉભા રહીને માવતને હાથી પાસે ટક્કર મરાવવાની આજ્ઞા કરી. માવતે પોતાના સરદારની આજ્ઞાનું પાલન કર્યું. હાથીએ ખીલાવાળા દ્વારની અડોઅડ ઉભા રહેલા શક્તાવત સરદારની પીઠપર ટક્કર મારી દ્વારને ફાક દઈને ઉઘાડી નાંખ્યું. રાજપૂત સરદારે પોતાના દળની ઉત્તમતા સિદ્ધ કરવાને માટે ધીરતા સહિત તીક્ષ્ણ અણીવાળા ખીલાને પોતાના શરીરમાં પ્રવેશવા દઈ પરલોકવાસ કીધો. આ રાજપુત વીરની અક્ષય કીર્તિએ રાજપુતાનાની ભૂમિને પરમપવિત્ર કરી મૂકી. પોતાના સરદારનું મરણ થતાં શક્તાવતો દ્વારમાં જઈ યુદ્ધ કરવા લાગ્યા. પેલી તરફ ચંદાવતોનો સરદાર મરણ પામ્યો હતો, તોપણ એક સાહસિક વીરે તે દળનું નેતૃત્વ સ્વીકાર્યું અને તે પોતાના સરદારના મૃત શરીરને પોતાની પીઠપર બાંધી પરમપરાક્રમથી આગળ વધવા લાગ્યો. હાથમાંનાં તીક્ષ્ણ શસ્ત્રથી શત્રુઓનો વધ કરતો કરતો તે વેગપૂર્વક આગળ ધસ્યો અને પોતાના સરદારના શબને કિલ્લાની અંદર નાંખીને ગર્જના સહિત બોલ્યો. "ચંદાવતો અંતલના કિલ્લામાં પ્રથમ પ્રવેશ્યા છે માટે તેઓ સેનાના અગ્રણી છે."

૧૦–દેવીરનું યુદ્ધ.

મેવાડના અદ્વિતીય વીર, સ્વાધીનતાના અદ્વિતીય ઉપાસક મહારાણા પ્રતાપસિંહ હવે આ લોકમાં રહ્યા નથી. તેમની અનંત કીર્તિ રાજસ્થાનમાં જ્યાં ત્યાં ગવાઈ રહી છે. રાજપૂત લોકો તેમને દેવ સમાન ગણી શ્રદ્ધાયુક્ત ભક્તિ કરે છે. તેમના જ્યેષ્ઠ કુંવર અમરસિંહ સિંહાસનપર અધિષ્ઠિત થયા છે. પ્રતાપસિંહ સ્વાધીનતાનું રક્ષણ કરવાને માટે પહાડે પહાડ અને વને વન ભ્રમણ કરતા હતા અને અસહ્ય કષ્ટો સહન કરીને મહાપ્રાણતાનો પરિચય કરાવી રહ્યા હતા. અમરસિંહ બાળપણથી પિતાની સાથે રહેતા હતા, તેથી તેને પણ કષ્ટો સહન કરવાનો અભ્યાસ પડી ગયો હતો. તેમની વય આઠ વર્ષની હતી ત્યારથી તેઓ દુઃખ, વિપત્તિ અને પરિશ્રમના પ્રસંગોમાં પોતાના પિતાની સાથે રહેતા હતા. પિતાના મરણપર્યંત તેમણે અનેક કષ્ટો સહન કર્યા હતાં તેથી તેઓ નિરાલસ, ઉદ્યોગી અને દ્રઢપ્રતિજ્ઞ બની ગયા હતા. પિતાનું સાહસ અને સ્વાધીનતાના સંરક્ષણને માટે સર્વ પ્રકારનો સ્વાર્થત્યાગ જોઇને તેમની સાહસિકતા તથા સ્વાતંત્ર્યેચ્છા પ્રબળ થઈ હતી અને તેઓ રાજપૂત જાતિના કઠોર ધર્મને પાળવાને તત્પર હતા. પ્રતાપસિંહ એમ ધારતા હતા કે અમરસિંહ શોખીન યુવક છે, માટે તેનાથી રાજ્યરક્ષાનો ક્લેશ સહન થઇ શકશે નહિ. એટલા માટેજ તેમણે મરતી વખત પોતાની પર્ણકુટી તરફ દ્રષ્ટિપાત કરીને કહ્યું હતું કે "કદાચ આ પર્ણકુટીના સ્થાનમાં બહુમૂલ્ય મહાલય બની જશે. મેં મેવાડની સ્વાધીનતાને માટે આટલું બધું કષ્ટ સહન કર્યું છે, પરંતુ હવે મને એમ લાગે છે કે એ સ્વાધીનતા આ પર્ણકુટીની સાથેજ લુપ્ત થઈ જશે." પિતાજીનાં અંતકાળનાં વાક્યો અમરસિંહના હૃદયપર મજબૂત રીતે અંકિત થઈ ચૂક્યાં હતાં અને તેથી તેઓ મેવાડના રાજ સિંહાસનપર બેસીને સત્ય રાજધર્મનું પાલન કરવાને પ્રવૃત્ત થયા હતા.

મેવાડનો સૌથી મહાન શત્રુ અકબર પ્રતાપસિંહના મરણ પછી પ્રાયઃ આઠ વર્ષ પર્યંત જીવિત રહ્યો હતો. આ અરસામાં તેણે મેવાડની તરફ દ્રષ્ટિ કરી નહોતી. તેનું ધ્યાન બીજી તરફ લાગ્યું હતું. આ આઠ વર્ષ સુધી તે પોતાના વિશાલ રાજ્યને શૃંખલાબદ્ધ કરવાનો પ્રયત્ન કરતો રહ્યો હતો. આથી અમરસિંહને પોતાના પિતાના મહાન વૈરીની સાથે એક પણ યુદ્ધ કરવું પડયું નહોતું. મેવાડમાં શાંતિનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું હતું. અમરસિંહ આ શાંતિમય રાજ્યમાં શાંતભાવથી રાજધર્મનું પાલન કરી રહ્યા હતા. તેમણે પોતાના દેશની શાસનપ્રણાલીને સુધારી ભૂમિપર કર નાંખવાની નવી પદ્ધતિ અમલમાં મૂકી હતી. વળી તેમણે પેશલા સરોવરના તટ પર એક સુંદર મહેલ બંધાવ્યો હતો. આ મહેલ અમર મહેલના નામથી સુપ્રસિદ્ધ થયો હતો. સૃષ્ટિના અમર રાજ્યમાં આ અમર મહેલ આજપર્યંત રાજસ્થાનનું ગૌરવ વધારી રહ્યો છે.

પરંતુ અમરસિંહ ઘણા દિવસ પર્યંત શાંતિસુખ ભોગવી શક્યા નહિ. મેવાડ પર ફરી પાછી યવનોની દષ્ટિ પડી. અકબરના મરણ પછી તેનો પુત્ર જહાંગીર દિલ્હીના તખ્ત પર બેઠો. ચાર વર્ષ સુધી તે રાજ્યમાં ચાલતી ગરબડ શાંત પાડવામાં રોકાયો, પરંતુ ત્યાર પછી તેનું મન નિરંતર અન્ય રાજ્યો જીતી લેવા તરફ લાગી રહ્યું હતું. ભારતવર્ષના પ્રાયઃ સર્વ ભાગો તેમને આધીન થઇ ગયા હતા. સર્વ ભાગોના નિવાસીઓ તેને ભારતનો અદ્વિતીય પાદશાહ માનીને પ્રણામ કરતા હતા. પરંતુ એક મેવાડના પ્રાતઃસ્મરણીય પ્રતાપસિંહના પુત્ર અમરસિંહે તેની આધીનતા સ્વીકારી વીરધર્મને તિલાંજલિ આપી નહોતી ! જહાંગીર પ્રથમ મેવાડપર અધિકાર સ્થાપિત કરવાને ઉદ્યત થયો. જહાંગીરના પિતાએ વારંવાર આક્રમણ કરીને જે દેશની પાયમાલી કરી નાંખી હતી, જે દેશના વીરપુરૂષોને તરવારપર તરવા-

રની ચોટ લગાવી સદાને માટે રણક્ષેત્રમાં સુવાડી દીધા હતા, દર મહિને પુષ્કળ દ્રવ્ય ખર્ચીને અને અસંખ્ય સૈન્ય મોકલી જે દેશની સ્વાધીનતા ખુંચવી લેવાને ચેષ્ટા કરી હતી, તે જ દેશપર પોતાનું આધિપત્ય સ્થાપિત કરવાને માટે જહાંગીરે સંકલ્પ કીધો છે. તેની આજ્ઞા થતાંજ પ્રચંડ સૈન્ય દિલ્હીમાં એકત્રિત કરી પાદશાહે તેને મેવાડ તરફ રવાના કરી દીધું છે.

આ પ્રકારે મુગલ સેના પુનઃ મેવાડની સરહદપર આવી પહોંચી. પવિત્રાત્મા પ્રતાપસિંહ પરલોકમાં જઈને વસ્યા છે. આજ એમની નિવાસભૂમિમાં અંધકાર છવાયો છે. પરંતુ આ પ્રતાપસિંહરૂપી ચંદ્ર મેવાડરૂપી નભમાંથી વિલુપ્ત થયો તે છતાં પણ અનેક તારાઓ હજી પોતાનો અખંડ પ્રકાશ ફેંકયાજ કરતા હતા. પ્રતાપસિંહના મરણ પછી પણ સ્વાધીનતાના સાચા ભક્ત વીર રાજપૂતો પોતાની વીરતાનો પ્રકાશ પ્રસરાવી રહ્યા હતા, તેમણે પોતાના ગૌરવમાં ન્યૂનતા આણી નહોતી; તેમણે સન્માન તજી અપમાનમાં રાજી રહેવાની નીતિ સ્વીકારી નહોતી; હજી તેમની સાહસિકતા અને તેમની વીરતા અટલ રહી હતી. તેઓ પ્રતાપસિંહના મહામંત્રથી ઉત્તેજિત થઇને પોતાના દેશની સ્વાધીનતાનું રક્ષણ કરવાને માટે આક્રમણ કરનાર મુગલ સૈનિકોની સામે અટલ ગિરિરાજની પેઠે ઉભા થયા.

મેવાડના ઇતિહાસમાં ઇસવી સન ૧૬૦૮ નું એ પવિત્ર વર્ષ ચિરસ્મરણીય થઈ રહેશે. આ વર્ષમાં મેવાડના અસંખ્ય રાજપૂતોએ સ્વાધીનતાને માટે પોતાના પ્રાણ અર્પણ કરી દીધા હતા અને અમરસિંહ તો મુગલ પાદશાહની આધીનતા સ્વીકારવાને તત્પર થઈ ગયા હતા, પરંતુ મેવાડના રાજપૂત વીરોએ અમરસિંહને તેમ ન કરવા દેતાં પોતાની પ્રાચીન મહાપ્રાણતાનો પરિચય કરાવ્યો. સાહસિક ચંદાવત કુલતિલકે, મરણ સમયે પ્રતાપસિંહે આપેલા ઉપદેશ અનુસાર

આ પવિત્ર વર્ષમાં પોતાના દેશ બાંધવોનો ઉત્તેજિત કર્યા. અમરસિંહ પોતાના જાતિબંધુઓની અપૂર્વ તેજસ્વિતા જોઇને મુગલ પાદશાહને આધીન થવાની પોતાની ઇચ્છા માટે અનુતાપ કરી પોતાના પવિત્ર કુળનું ગૌરવ રક્ષવાને માટે ઉદ્યત થયા.

ઇ. સ. ૧૬૦૮ માં દેવીર નામક સ્થાનપર મુગલોની સાથે રાજપૂતોને યુદ્ધ થયું. આ સ્થાનપર મુગલો આવ્યા એટલે રાજપૂત વીરોએ તેમનાપર આક્રમણ કર્યું. ઘણીવાર સુધી યુદ્ધ ચાલ્યું. બહુ સમય સુધી રાજપૂત લોકોએ આ સ્થાનપર પહાડ સમ અડગ ખડા રહી અલૌકિક વીરતાનો પરિચય કરાવ્યો. અંતે મુગલો હારી ગયા. દેવીરના યુદ્ધમાં રાજપૂતોની વિજય પતાકા અનન્ત આકાશમાં ફરકવા લાગી અને તેણે રાજસ્થાનનો મહિમા પ્રકાશિત કર્યો.

રાણા અમરસિંહના કાકા કર્ણના પરાક્રમથી આ યુદ્ધમાં રાજપૂતોનો વિજય થયો હતો. એ વીર પુરૂષોનાં સંતાનો અદ્યાપિ કર્ણાવત નામથી સુપ્રસિદ્ધ છે. સાહસિક કર્ણના પરાક્રમથી વીર ભૂમિએ એક સમય એવી પ્રતિષ્ટા પ્રાપ્ત કરી હતી કે બાહુબળના અભિમાની મુગલો તે સમય આ વીર પુરૂષોની વીરતાથી હાર ખાઈ, ગભરાઇને રાજપૂતોની સાથે સંધિ કરવાને તત્પર થયા હતા.

૧૨–બીરબલ.

ઈ. સ. ૧૫૫૬માં જ્યારે અકબરશાહ દિલ્હીના તખ્તપર બેઠો, ત્યારે ભારતવર્ષનો ઘણો ભાગ દિલ્હીશ્વરના અધિકાર નીચે આવ્યો હતો, મુગલોની વિજયિની શક્તિ જ્યારે ધીમે ધીમે ચારે તરફ ફેલાઈ રહી હતી, તે વખતે એક ભાટ મધુર કવિતા ગાતો ગાતો યમુના નદીના તટપર આવેલા કાલપી નગરથી ચાલીને દિલ્હીશ્વરની સમક્ષ

આવી ઉભો રહ્યો. સુકંઠ ધરાવનાર ભાટનું મનોહર સંગીત સાંભળીને દિલ્હીનો પાદશાહ અતિ પ્રસન્ન થયો. ધીમે ધીમે દિલ્હીમાં આ ભાટની કવિતાની પ્રશંસા થવા લાગી અને તેની કીર્તિ ચારે તરફ પ્રસરવા લાગી. ભાટે મનમોહક કવિતાઓ રચવાથી તે દિલ્હીનિવાસીઓનું પ્રીતિપાત્ર બની ગયો. બાદશાહે પણ તેની કાવ્યશક્તિની કદર કરી તેને ' કવિરાય ' ની ઉપાધિ આપી પોતાની પાસે રાખ્યો.

આ પ્રમાણે કવિરાય બાદશાહનો પ્રેમપાત્ર બનીને દિલ્હીમાં રહેવા લાગ્યો. ઈ. સ. ૧૫૭૩ ની સાલમાં પુનઃ કવિરાયનો ભાગ્યોદય થયો અને તેને ' રાજા ' ની ઉપાધિ મળી. આ સમયથી ભાટનું પ્રથમ નામ બદલાઈ ગયું. નવા ' રાજા ' આ વખતથી ' બીરબલ ' અથવા ' વીરવર ' ના નામથી ઓળખાવા લાગ્યા.

બીરબલ જાતે બ્રાહ્મણ હતો. તે બુંદેલખંડમાં આવેલા કોઈ શહેરમાં રહેતો હતો. તેનું પ્રથમ નામ મહેશદાસ હતું. કોઈ કોઈ તો એને બ્રાહ્મણદાસ કહીને પણ બોલાવતા હતા.

આ વખત કાંગડાના રાજા જયચંદ કંઈ કારણથી દિલ્હીમાં બંદીવાન થઈને પડયા હતા. બાદશાહે આ રાજાનું રાજ બીરબલને આપી દેવાનો નિશ્ચય કર્યો, તોપણ જયચંદના તેજસ્વી પુત્રે બાદશાહને નમન કરવાનો અસ્વીકાર કર્યો અને પોતાના રાજ્યનું સંરક્ષણ કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી; પરંતુ તેનો ઉદ્યોગ નિષ્ફળ નિવડયો. અકબરશાહની આજ્ઞાથી પંજાબના સુબા હુસેન કુલીખાને કાંગડાપર આક્રમણ કરી બાદશાહની સત્તા બેસાડી. પરંતુ બીરબલે એ રાજ્યનો સ્વીકાર કરવાની ના પાડી. આથી બાદશાહે તેને કાલીંજરની પાસે એક જાગીર આપી અને તેને એક સહસ્ર ઘોડેસ્વારનો નાયક બનાવ્યો.

ભાટ મહેશદાસ આ પ્રમાણે રાજાની ઉપાધિ પ્રાપ્ત કરી સહસ્ર

માણુસોનો નાયક બન્યો એ શું સાધારણ વાત છે? જે એક વખત ચારણુની ગણત્રીમાં હતો, સંગીતથી જેનો ઉદરનિર્વાહ ચાલતો હતો તે આ સમયે સહસ્ર માણુસોનો ઉપરી બની કઠિન રાજકાજમાં પોતાની બુદ્ધિની વિલક્ષણુતા બનાવી રહ્યો હતો. બિરબલ બહુધા બાદશાહની પાસેજ રહેતો હતો. જ્યારે બાદશાહે ગુજરાતપર આક્રમણુ કર્યું ત્યારે બીરબલે તેની સાથે જઇ પોતાની અદ્ભુત રણુચાતુરીનો પરિચય કરાવ્યો હતો. કોઈ ઠેકાણે કોઈ અતિ મહત્વનો પ્રશ્ન ઉપસ્થિત થતાં તેનો ફેંસલો કરવાનું કાર્ય બીરબલનેજ સોંપવામાં આવતું હતું. બીરબલ કામ કરવામાં બહુ કુશળ હતો. તેનામાં પ્રમાદ તો જરા પણુ નહોતો. સાહસ, શક્તિ અને તેજસ્વિતાને લીધે તે દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરતો હતો. એમ કહેવાય છે કે તેની વાણીના પ્રભાવથી અકબરનો ધર્મ સુદ્ધાં પલટાઈ ગયો હતો અને તે હિંદુ ધર્મ પર બહુ આસ્થા રાખતો હતો.

ઈ. સ. ૧૫૮૬ માં અફઘાનોએ બાદશાહની સામે બંડ ઉઠાવ્યું તેથી કાબુલના સેનાપતિ જૈનખાંએ બાદશાહ પાસે સહાયતા માગી. બીરબલને સેનાપતિ બનાવી બાદશાહે કેટલુંક લશ્કર કાબુલ મોકલી આપ્યું. યુદ્ધમાં બાદશાહની સેના હાર પામી. અફઘાનોએ ચારે બાજુએ આવેલાં પહાડી સ્થાનોપરથી મોગલ સેનાપર આક્રમણુ કરવાથી મોગલ સેના છિન્નભિન્ન થઇ ગઈ. બીરબલ અને જૈનખાંએ ઘણી મહેનતે પાછા હઠી એક સ્થાનપર સેના સાથે પડાવ નાંખ્યો. અફઘાનોએ રાત્રિને સમયે પુનઃ તે સ્થાનપર આક્રમણુ કર્યું. આથી બાદશાહી સેનાનો ઘણો મોટો ભાગ દુર્ગમ કષ્ટદાયક પહાડી સ્થાનમાં જઈ પડયો. ઘણા માણુસોને અફઘાનોએ રહેંસી નાંખ્યા; અને તેમાં રાજા બીરબલ પણુ માર્યા ગયા.

બીરબલના મરણુની ખબર સાંભળી અકબરના શોકનો પાર

રહ્યો નહિ. તેના મૃત શરીરનો પત્તો ન લાગવાથી તેની વ્યાકુલતામાં બમણો વધારો થયો. એમ કહેવાય છે કે આ શોકસમાચાર મળતાંની સાથે બાદશાહ મૂર્ચ્છિત થઇ જશે એવી બ્હીકથી કોઇએ બીરબલના મરણની ખબર આપી નહિ, પણ એમ જણાવ્યું કે બિરબલ સંન્યાસી બનીને કાંગડામાં રહે છે. અકબરે આ વાતપર વિશ્વાસ મૂકી બીરબલને જ્યાં હોય ત્યાંથી શોધી કઢાવવાનો હુકમ આપ્યો. અંતે બીરબલનો પત્તો ક્યાંય લાગ્યો નહિ. વળી એકવાર એવી વાત ઉડી હતી કે બીરબલ કાલિંજરમાં રહે છે. આ વાત બાદશાહને સાચી લાગી અને બીરબલ જીવે છે એવો તેનો નિશ્ચય થયો. પણ કાલિંજરમાં ઘણી શોધ કરાવતાં જ્યારે બીરબલનો પત્તો લાગ્યો નહિ ત્યારે બાદશાહ હતાશ થયો. આ વાત પરથી બીરબલ બાદશાહને કેટલો પ્રિય હતો તેની પ્રતીતિ થાય છે.

બીરબલને એક લાલ નામનો પુત્ર હતો. પરંતુ તે પિતાના જેવો ગુણવાન નહોતો. તેણે પિતાની સંગ્રેહલી પૂંજી ઉડાવી દીધી. આખરે મોજ શોખથી કંટાળી તેના દીલમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે સંન્યાસીનો વેશ ધારણ કર્યો હતો. બીરબલ ફતેહપુરસીક્રીમાં રહેતો હતો. અદ્યાપિ પણ તે નગરમાં તેમનું સ્થાન વિદ્યમાન છે.

૧૨–મહારાષ્ટ્રની મહાશક્તિ.

શિવાજી મહારાજ.

જે વખતે મુગલ બાદશાહી ઉન્નતિને શીખરે પહોંચી હતી, ત્યારે ઔરંગઝેબના કઠોર શાસનથી ભારતના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભાગોમાં સર્વત્ર લોકોનાં હૃદય ભયભીત બની ગયાં હતાં, જ્યારે સ્વાધીનતાના પ્રધાન ઉપાસક અને તેજસ્વિ તથા સાહસિક રાજપૂતોમાંના ઘણાખરા મોગલોને આધીન થઈ ગયા હતા તે સમયે દક્ષિણમાં પશ્ચિમઘાટ નામના પર્વતોથી ઘેરાયેલા પ્રદેશમાં એક મહાશક્તિએ સર્વના હૃદયમાં અતિ વિસ્મયતા ઉત્પન્ન કરી હતી. ધીમે ધીમે ભારતનો અદ્વિતીય પાદશાહ પણ આ શક્તિના પરાક્રમથી કાંપી ઉઠયો; સમસ્ત ભારતમાં જે મહાશક્તિની હાક વાગી રહી હતી તે શક્તિ કયી? તે શક્તિ તે ભવાનીના મહાન ઉપાસક શિવાજી મહારાજ!

શિવાજી વીરતાની તેજસ્વી મૂર્ત્તિ અને સ્વતંત્રતાનો અદ્વિતીય ઉપાસક હતો. જે સમયે શિવાજી પ્રકટ થયા તે વખતે ભારતની પ્રાચીન વીરતાનું ઐશ્વર્ય ધીમે ધીમે નષ્ટ થતું જતું હતું. જે લોકો એક વખત સાહસ અને વીરતાની બાબતમાં સૌથી અગ્રસ્થાને વિરાજતા હતા, જેમણે વીરસમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી અનંત કીર્તિનો સંચય કર્યો હતો, તેમનાંજ સંતાનો ધીમે ધીમે પરાધીનતાની બેડીમાં સજ્જડ જકડાઈ ગયાં અને તેમણે પોતાની સ્વતંત્રતાને તિલાંજલિ આપીને જાણે વિધર્મીઓની ગુલામગીરી ઉઠાવવી એ પોતાની જીંદગીનું પ્રધાન કર્તવ્ય માની લીધું. જે તેજસ્વિતાથી પૃથ્વીરાજ તિરૌરીના યુદ્ધમાં અજીત રહી શકયો, જે તેજસ્વીતાથી સમરસિંહ પોતાના પ્રાણની લેશ પણ પરવા કર્યા વિના ભયંકર રણક્ષેત્રમાં જાલીમ શત્રુ-

ઓની સામે ખડો રહ્યો હતો અને જે તેજસ્વિતાથી પ્રાતઃસ્મરણીય પ્રતાપસિંહ ઘણાં વર્ષો સુધી અતુલ સમૃદ્ધિસંપન્ન બાદશાહની સામે થયો હતો. તે તેજસ્વિતા અને સ્વાધીનતાનો પ્રેમ હાલ અદ્રશ્ય થઈ ગયાં હતાં. માંહોમાંહેનો સંપ નષ્ટ થવાથી પરાક્રમી રાજપૂતો દિન-પ્રતિદિન નબળા પડતા જતા હતા, અને મુસલમાનોને આધીન થઈ પોતાની શોચનીય અધોગતિનું ફળ ભોગવી રહ્યા હતા. મહા પરાક્રમી શિવાજીએ મહારાષ્ટ્રમાં કુસંપને દૂર કર્યો અને એક મહા પ્રજા ઉત્પન્ન કરી. તેના મહામંત્રથી અનેક મુસલમાનોની દિવસે દિવસે પડતી થતી ગઈ અને તેઓ હિંદુને નમવા લાગ્યા.

ભારતવર્ષના નકશામાં દક્ષિણ અને પશ્ચિમ ભાગમાં મહારાષ્ટ્ર નામનો જે પ્રદેશ પહાડોથી ઘેરાઈ રહ્યો છે તેની ઉત્તરે સાતપુડા પર્વત ગંભીર ભાવથી ઊભો છે; પશ્ચિમ દિશાએ અગાધ સમુદ્ર અપાર તરંગો ફેલાવી જડ જગતની અપૂર્વ લીલા બતાવી રહ્યો છે. પૂર્વમાં વરધા નદી વહે છે અને દક્ષિણમાં ઉંચા નીચા પહાડોથી ઘેરાયેલો પ્રદેશ આવી રહ્યો છે. મહારાષ્ટ્ર દેશ પ્રથમથીજ સૃષ્ટિસૌંદર્યથી વિભૂષિત છે, તે ૧૦૦,૦૦૦ ચોરસ માઈલના વિસ્તારવાળો છે. ભયાનક સહ્યાદ્રિ પર્વત ઉત્તરથી દક્ષિણ સુધી પડેલો છે, પહાડનો ઘણોખરો ભાગ લીલાં લીલાં વૃક્ષોથી શોભી રહ્યો છે, જાણે પર્વતમાળાપર પ્રકૃતિએ પોતાની સુંદરતાનો અખંડ ભંડાર ભર્યો હોય તેવો દેખાવ લાગે છે. નજરે જોયા વિના આ અનંત ભંડારની અપૂર્વ શોભા ધ્યાનમાં આવવી મુસ્કેલ છે. પ્રકૃતિના આ મનોહર પ્રાંતમાં, અનંત વિશ્વના આ સૌંદર્યયુક્ત ભાગમાં મહારાજા શિવાજીનો જન્મ થયો હતો.

ઔરંગઝેબ બાદશાહના સમયમાં દક્ષિણનાં અનેક સ્થાનોમાં મુસલમાન લોકોની સત્તા હતી. વિજાપુરનો મુસલમાન નવાબ ઘણો પ્રતાપી હતો. તેને ત્યાં શાહજી નામનો એક ક્ષત્રીય યુવક નોકરીએ

રહ્યો હતો. શાહજી ધીમે ધીમે પોતાની કુશળતાથી નવાબનો એક પ્રધાન કર્મચારી ગણાવા લાગ્યો. તેની વીરતાથી વિજાપુરના નવાબની વિજયપતાકા અનેક સ્થાનોમાં ફરકવા લાગી. શાહજીનું લગ્ન જીજા- બાઇ નામની એક સ્ત્રી સાથે થયું હતું. જીજાબાઇને બે પુત્રરત્નોની પ્રાપ્તિ થઇ. વડા પુત્રનું નામ શાંતાજી અને નાનાનું નામ શિવાજી હતું.

ઈ. સ. ૧૬૨૭ ના મે મહિનામાં પૂનાની ઉત્તરે ૫૦ માઇલપર આવેલા શિવનારી નામના કિલ્લામાં શિવાજીનો જન્મ થયો. કિલ્લાની અધિષ્ઠાત્રી શિવાઈ દેવીના નામપરથી જીજાબાઇએ પોતાના પુત્રનું નામ શિવાજી રાખ્યું હતું. શિવાજી પોતાની માતા સાથે બાળપણમાં આજ કિલ્લામાં રહેતો હતો. શિવાજીનો જન્મ થયા પછી ત્રણ વરસે શાહજીએ તુકાબાઈ નામની એક મહારાષ્ટ્રીય સ્ત્રી સાથે બીજીવાર લગ્ન કર્યું. આથી જીજાબાઈ અને શાહજી વચ્ચે વિરોધ પેદા થયો. આ કારણથી શિવાજી ૭ વર્ષની ઉમ્મર થતાં સુધી શાહજીનું મુખ પણ જોવાને શક્તિવાન થયો નહિ. શાહજીએ દાદાજી કોંડદેવ નામના એક દૂરદર્શી વૃદ્ધ બ્રાહ્મણને શિવાજી તથા જીજાબાઈની સંભાળ લેવાને અને પૂનાની જાગીરની વ્યવસ્થા કરવાને નિયત કર્યો હતો. દાદાજી ચતુર અને રાજકાજમાં કુશળ હતો. તેણે જીજાબાઇને માટે પૂનામાં એક મોટો મ્હેલ બંધાવ્યો. પૂનાના આ નવા મહેલમાં દાદાજી કોંડદેવની દેખરેખ હેઠળ શિવાજીનું બાળપણ વ્યતીત થયું.

આ સમયમાં મહારાષ્ટ્રીય લોકો ભણવા ગણવા તરફ વધારે લક્ષ આપતા નહોતા; માત્ર પુસ્તકોના કીડા અને મંદ તેમજ તેજસ્વિતા- હીન વાચાલ પોપટજી બનવા કરતાં વીરપુરૂષોને છાજે એવા શૌર્યાદિ ગુણો કેળવવાને તેઓ ઉત્સાહી રહેતા હતા. શિવાજી પોતાની સહી પણ કરી શકતા નહોતા, પણ તીર ચલાવવામાં, બરછી મારવામાં અને તલવાર વાપરવામાં અદ્વિતીય ચતુરતા ધરાવતા હતા. મહારા-

ષ્ટ્રના ઘોડાઓ પર સ્વારી કરવામાં તે ઘણા કુશળ ગણાતા હતા. તેમની ઘોડા ચલાવવાની ચતુરાઈ જોઇને પ્રેક્ષકો ઘણા પ્રસન્ન થતા હતા. દાદાજીએ શિવાજીને પોતાના ધર્મમાં ચુસ્ત બનાવવાને માટે બહુ ધ્યાન આપ્યું હતું, આખરે તેનું પરિણામ પણ બહુ સારૂંજ આવ્યું. શિવાજી હિંદુ ધર્માનુસાર કાર્ય કરવામાંજ પ્રવૃત્ત રહેતા હતા. તે ઘણા ધ્યાનથી હિંદુ ધર્મની કથાઓ સાંભળતા હતા. રામાયણ, મહાભારત અને ભાગવતની કથા સાંભળવામાં તેમને બહુ આનંદ મળતો હતો. બાળપણથીજ કથા સાંભળવામાં તે બહુ શ્રદ્ધાવંત હતા. હિંદુ ધર્મપર આવી અચલ આસ્થા અને હિંદુ ધર્માનુસાર વર્તવામાં તેમને શ્રદ્ધા હોવાથી તેમણે હિંદુ ધર્મનું ગૌરવ રાખવાની દ્રઢ પ્રતિજ્ઞા લીધી. તેમની આ પ્રતિજ્ઞા અનેક વિઘ્નો અને અનેક વિપત્તિઓ આવી પડવા છતાંએ ચલિત થઈ નહિ. શિવાજીએ અંતકાળ પર્યંત નિર્ભયતાથી અને અવિચલ ચિત્તથી આ શુભ પ્રતિજ્ઞાનું પાલન કર્યું હતું.

રામાયણ અને મહાભારતની વીરતાભરી કથાઓ સાંભળવાથી શિવાજીના ચિત્તમાં વીરરસ ઉભરાઈ આવ્યો. સ્વાભાવિક સાહસિકતામાં વૃદ્ધિ થવા લાગી, સ્વજાતિપ્રેમ અને દેશહિતૈષિતા તેના મનમાં મજબૂત જડ ઘાલી બેઠાં. શિવાજીએ મોગલોની બાદશાહી તોડી હિંદુ સામ્રાજ્ય સ્થાપન કરવાની દ્રઢ પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે ધર્માંધ મુસલમાનોના અસહ્ય જુલમ કાળમાં હિંદુ ધર્મની મહાશક્તિને પ્રકાશિત કરવાનો મહા પ્રયાસ કર્યો હતો. તેમની પ્રતિજ્ઞા નિષ્ફળ નીવડી નહિ. જે સમયે બાદશાહ ઔરંગઝેબના પ્રતાપથી પ્રાયઃ સમસ્ત ભારતવર્ષ કાંપી રહ્યા હતો તે સમયે શિવાજીએ પોતાના બાહુબળને પ્રતાપે દક્ષિણમાં હિંદુ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. સ્વાધીનતાના ભક્ત વીરશિરોમણિ શિવાજીની અલૌકિક વીરતાથી વિજયી મુસલમાનોની વિજયિની શક્તિ નષ્ટ થવા લાગી. ઘણો

વખત વહી ગયા પછી પુનઃ એકવાર હિંદુ લોકોની પ્રતિષ્ટા તેમની પવિત્ર ભૂમિમાં વધવા લાગી.

શિવાજી પહાડી પ્રદેશમાં રહેતા માવલી લોકોને બહુ ચાહતો હતો. આ લોકો ચ્હેરે ખુબસુરત નહોતા પણ યુદ્ધ કાર્ય કરવામાં ચતુર, સાહસિક અને દ્રઢપ્રતિજ્ઞ હતા. શિવાજીએ આ લોકોના ભરોસાપર અનેક સ્થાનો પર પોતાની વિજયપતાકા ફરકાવી હતી. તે હમ્મેશાં કહેતા કે હું મુસલમાનોને જીતીને સ્વતંત્ર રાજા બનીશ.

તરૂણ વીરપુરૂષનાં આ વાક્યો નિષ્ફળ થયાં નહિ. શિવાજીએ મુસલમાનોને પરાજીત કરી સ્વતત્ર હિંદુ રાજ્યની સ્થાપના કરી.

સોળ વરસની ઉમ્મરે શિવાજી એવા સાહસિક અને તેજસ્વી બની ગયા હતા કે ઘોડેસ્વાર સેનાની સાથે તે સદા સર્વદા પહાડોપર ઘુમતા હતા. આમ કરવાથી પોતાના દેશના દુર્ગમ પહાડોના સર્વ માર્ગો તેમના ધ્યાનમાં આવી ગયા હતા. મહારાષ્ટ્ર દેશમાં અનેક પહાડી કિલ્લાઓ હતા. શિવાજીએ પોતાની ચતુરાઇથી આ કિલ્લામાંના ઘણાખરા પોતાને હસ્તગત કરી લીધા હતા. આ સઘળા કિલ્લાઓ વિજાપુરના નવાબના તાબામાં હતા. આથી વિજાપુરનો નવાબ શિવાજીનો શત્રુ બની ગયો. અફ્ઝુલખાન વિજાપુરની સેનાનો સરદાર થઇને શિવાજીની સાથે યુદ્ધ કરવા આવ્યો. તેણે માર્ગમાં હિંદુ તીર્થોને અપવિત્ર કરવામાં અને હિંદુ દેવમંદિરોને તોડવામાં કશી કચાશ રાખી નહિ આ વખતે શિવાજી રાયગઢના કિલ્લામાં રહેતા હતા. તેમણે હિંદુઓને થયેલા અપમાનનો બદલો લેવાનો નિશ્ચય કર્યો અને સેના એકઠી કરી, તેણે પોતાની માતાને દંડવત્ પ્રણામ કરી પ્રતાપગઢ તરફ પ્રયાણ કરવા માંડયું. તેમની સંકલ્પસિદ્ધિમાં કોઇ પ્રકારનું વિઘ્ન આડું આવ્યું નહિ. શુભ સમય આવી ગયો. શિવાજીએ પોતાની મહત્તા સ્થાપિત કરવાને અપૂર્વ ચતુરાઇથી અફ્ઝુલખાનની

સામે થવાની તૈયારી કરવા માંડી. જંગલમય દુર્ગમ પહાડી માર્ગોમાં સેનાને લઇને કુચ કરવાનું કાર્ય કેટલું કઠિન છે એ અફ્ઝુલખાન સારી પેઠે જાણતો હતો. આથી તેણે શિવાજીને યુક્તિ લડાવી વશ કરી લેવા માટે ગોપીનાથ પંત નામના એક મહારાષ્ટ્રીય બ્રાહ્મણને શિવાજીની પાસે પ્રતાપગઢ મોકલ્યો. ગોપીનાથ કિલ્લાની નજીકના ગામમાં પહોંચતાં, તેણે શિવાજીને ખબર કરી એટલે તે આવીને તેને મળ્યા. ગોપીનાથે ધીરતાથી શિવાજીને કહ્યું "શાહજીની સાથે અફ્ઝુલખાનને ગાઢી મિત્રતા છે તેથી તે પોતાના મિત્રના પુત્રને કોઇ પણ પ્રકારનું દુઃખ દેવા ઇચ્છતો નથી. તે આપની સાથે શત્રુતા કરવા માગતો નથી; પણ એક જાગીરી બક્ષીસ આપવા ઇચ્છે છે. શિવાજીએ સૌજન્ય અને વિનયની સાથે અફ્ઝુલખાનના દૂતને જવાબ આપ્યો "એક જાગીરી મળવાથી મને ઘણો આનંદ થશે, હું તો માત્ર વિજાપુરના નવાબનો એક રંક સેવક છું" દૂતે શિવાજીની આવી નમ્રતા જોઇને પોતાનો સંતોષ જાહેર કર્યો. પછી શિવાજીએ ગોપીનાથને રહેવાને માટે એક જુદો મુકામ આપ્યો અને તેની સાથેના માણસોને માટે જૂદો પ્રબંધ કરવામાં આવ્યો. એક દિવસે ઘોર અંધારી અર્ધ રાત્રે શિવાજી ગોપીનાથ પંતના મુકામપર પહોંચ્યો અને તેને જણાવ્યું કે "મેં હિંદુ ધર્મ અને હિંદુ જાતિના ગૌરવનું રક્ષણ કરવાને માટે દૃઢ પ્રતિજ્ઞા લીધી છે. ગૌબ્રાહ્મણની રક્ષા કરવી, પવિત્ર દેવમંદિરોનું અપમાન કરનારને ઉચિત દંડ આપવો અને હિંદુ ધર્મના વિરોધીઓની શક્તિનું તાડન કરવું એવી મારી પ્રબળ ઇચ્છા છે. હું ભવાનીની આજ્ઞાથી આ પવિત્ર કાર્યની સાધના કરવા માટે ઉદ્યુક્ત થયો છું. આપ બ્રાહ્મણ છો તેથી આપને હર પ્રકારની સહાયતા આપવી એ મારૂં પરમ કર્તવ્ય છે. મને આશા છે કે આપણા દેશના બ્રાહ્મણોની સાથે હું પરમ સુખથી મારો સમય વ્યતીત કરી શકીશ."

શિવાજીએ ધીર ગંભીર ભાવથી આટલા શબ્દો કહી ગોપીનાથને એક ગામ ઇનામમાં આપવાની પ્રતિજ્ઞા લીધી. ગોપીનાથ આ તરૂણ હિંદુવીરનું અસીમ સાહસ, અલૌકિક ભક્તિ અને ઉજ્જવલ સ્વદેશ-ભક્તિ જોઇને દંગ થઇ ગયો અને તેના મુખમાંથી શિવાજીને પ્રતિકૂળ થઇ પડે એવી એક પણ વાત નીકળી નહિ. તેણે ધીરતાથી શિવાજીના કાર્યસાધનમાં પોતાનાથી બનતી સહાયતા આપવાની હામ ભીડી કબુલાત આપી અને પ્રતિજ્ઞા કરી કે 'જ્યાં સુધી મારા જીવમાં જીવ છે ત્યાં સુધી આપની વિરૂદ્ધ કોઇ પણ આચરણ કરીશ નહિ.' શિવાજીની આશા સફળ થઇ. ગોપીનાથ શિવાજીની હિમ્મત, સ્વદેશભક્તિ અને વાક્ચાતુરીથી મોહિત થઇને તેના મુખ્ય કારભારીઓની કક્ષામાં આવ્યો.

પછી શિવાજીએ કૃષ્ણાજી ભાસ્કર નામક એક વિશ્વાસુ કર્મચારીને અનેક પ્રકારની ભેટ સોગાદો આપી ગોપીનાથની સાથે અફ્ઝુલખાનની પાસે મોકલી આપ્યો. કૃષ્ણાજીએ વિજાપુરના સેના-પતિની પાસે જઇને કહ્યું કે "શિવાજી આપની સાથે મૈત્રી રાખવાને ખુશી છે. વિજાપુરના નવાબ સાથે વિરોધ કરવાની તેની ઇચ્છા નથી." આ વાત સાંભળી અફ્ઝુલખાન પ્રસન્ન થઇ ગયો અને ગોપીનાથની સમ્મતિથી શિવાજીની મુલાકાત લેવાને પોતાની ખુશી દેખાડી. પ્રતાપ-ગઢના કિલ્લાની નીચે એક સ્થાનપર શિવાજી અને અફ્ઝુલખાનનો મેળાપ કરવાનો ઠરાવ થયો. શિવાજીએ અફ્ઝુલખાનનો આવવાનો માર્ગ થોડાં વૃક્ષો કપાવીને સ્વચ્છ બનાવી દીધો; પરંતુ બાકીનો ભાગ તો જેવો ને તેવોજ રહ્યો. શિવાજીએ આસપાસની ઝાડીમાં પોતાનાં માણુસો છૂપાવી રાખ્યાં, મૂર્ખ વિજાપુર સૈનિકોને આ વાતનો ભેદ જરા પણ સમજાયો નહિ. અફ્ઝુલખાનની સાથે પંદરસો માણુસો આવ્યાં હતાં, પરંતુ પંત બહાદુરે તેને એવા અવળા પાટા બંધાવ્યા કે 'બધાં માણુસોને સાથે [illegible]થી શિવાજીના મનમાં દગદગો પેદા થશે, માટે આ માણુસોને

થોડે દૂર રાખવાં જોઇશે.' મૂર્ખના સરદાર પણ મૂર્ખજ હોય છે. અફ્ઝુલખાને પંતના અભિપ્રાય પ્રમાણે અમલ કર્યો અને પોતાની સાથે ફક્ત એક શસ્ત્રધારી અનુચર લઇને પાલખીમાં બેસીને મેળાપ-સ્થાનમાં જઈ પહોંચ્યો. બીજે દિવસે શિવાજી પણ ઠરાવેલા વખતે અને ઠરાવેલા સ્થાને અફ્ઝુલખાનને મળવાને આવ્યા. અફ્ઝુલખાને એક મોટો જબ્બો પહેર્યો હતો, અને કમરમાંથી તલવાર લટકતી હતી. અહિંયાં શિવાજી પોતાનું ઇચ્છિત કાર્ય સાધવાને ઉદ્યત થઈ ગયા. શિવાજીનું શરીર લોહબખ્તરથી સજ્જિત હતું, અને બખ્તરમાં બિછુવો તથા *વાઘનખ વિરાજમાન હતાં. અન્યને ખબર ન પડે એવી રીતે તેણે બખ્તરની ઉપર સુતરાઉ અંગરખો પહેર્યો હતો. આ પ્રકારે સજ્જિત થઈ શિવાજી ધીમે ધીમે કિલ્લાપરથી ઉતરી યથોચિત નમ્રતાથી પ્રણામ કરતો કરતો અફ્ઝુલખાનની સમીપ આવી પહોંચ્યો. અફ્ઝુલખાનની માફક તેની સાથે પણ એક શસ્ત્રધારી સેવક હતો. ઉચિત રીતે પ્રણામ કર્યા પછી શિષ્ટાચાર પ્રમાણે બન્ને જણ છાતી સરસા ભેટયા એટલે તરતજ અફ્ઝુલખાન એકદમ બરાડી ઉઠયો "ભયંકર વિશ્વાસઘાત! ઘોર વિશ્વાસઘાત!" શિવાજીએ આલિંગન કરતી વખતે પોતાનો વાઘ-નખ અફ્ઝુલખાનના પેટમાં ખોશી દીધો હતો. અત્યંત પીડાથી વ્યથિત થઈ અફ્ઝુલખાને શિવાજીના ઉપર તલવાર ચલાવી પરંતુ શિવાજીના શરીર ઉપર બખ્તર હોવાથી તેને લેશ પણ ઈજા થઇ નહિ. આ ઘટના પળભરમાં બની ગઈ. એક ક્ષણમાં શિવાજીએ શસ્ત્ર ચલાવી અફ્ઝુલખાનને ભૂમિપર લોટતો કર્યો. અફ્ઝુલખાનનો સેવક આ દેખાવ જોઇ તટસ્થ રહી શકયો નહિ. તે અટલ ધીરતા અને

---

*બિછુઓ બીછુના જેવો તીરછો હોય છે. અને વાઘનખ વાઘના નખના આકારનો હોય છે.

ભારે સાહસ ખેડીને તેના માલીકની હત્યા કરનાર પર વેર લેવાના વિચારે આગળ ધાયો અને શિવાજીની સામે યુદ્ધ કરવા લાગ્યો. તેણે સારી બહાદુરી દેખાડી પણ તે થોડી વારમાં મુડદું થઇને જમીનપર પડયો. આ સમયે પાલખીવાળાઓ અફઝુલખાનના મૃત શરીરને લઇને નાશી જવાની તૈયારી કરતા હતા પરંતુ તેમની ગતિ તરતજ રોકવામાં આવી. શિવાજીનાં કેટલાંક માણસોએ એકાએક આવીને અફઝુલખાનનું મસ્તક કાપી લીધું. મહારાજ તરફનો ઇશારો થતાંજ માવલી લોકોએ જંગલમાંથી એકદમ નીકળી અફઝુલખાનની સેનાને ચારે તરફથી ઘેરી લીધી. મુસલમાની સેના માવલીઓના પરાક્રમ આગળ હતાશ બની અને છિન્નભિન્ન થઇ આમ તેમ નાસવા લાગી. શિવાજીનો વિજય થવાથી સમસ્ત મહારાષ્ટ્રમાં તેની દિવ્ય કીર્તિ પ્રસરી ગઇ અને થોડા વખતમાં તેની પાસે પુષ્કળ માણસો તથા અતુલ સંપત્તિ એકઠી થઇ ગઇ.

જે માણસો સરલ હૃદયના છે, જીંદગીના હરેક કાર્યમાં જેણે સરલતાજ વાપરી છે તેઓ શિવાજીના આ કાર્યને ઘોર વિશ્વાસઘાતી અને મહા પાતકી કહીને શિવાજીને નિંદે છે, પરંતુ જે માણસ દુર્દાન્ત શત્રુનો પરાજય કરીને પોતાના દેશની સ્વતંત્રતાનું રક્ષણ કરવાને ઉદ્યુક્ત થાય છે, દેશદ્રોહીઓથી વસાયેલા દેશમાં જાતીય સ્વતંત્રતાનું સામ્રાજ્ય સ્થાપન કરવાને માટે જે પરિશ્રમ કરે છે તેઓ આ વિષય તરફ અન્ય દ્રષ્ટિથીજ જોશે. મુસલમાનોની ચાલાકીથી ભારતવર્ષની સ્વતંત્રતા નષ્ટ થઈ હતી. જે વખતે મહાવીર પૃથ્વીરાજ પોતાના દેશની સ્વતંત્રતાનું રક્ષણ કરવાને માટે એક મોટી સેના લઇને દૃષદ્વતી નદીને કિનારે પહોંચ્યો તે વખતે શહાબુદ્દીન ઘોરી તેની અલૌકિક તેજસ્વિતા અને પ્રચંડ સેના જોઇને આશ્ચર્યચકિત થયો હતો. જો શાહાબુદ્દીન પોતાની ચાલાકી વાપરી રાત્રિને સમયે હિંદુ સેના પર

ગુપચુપ આક્રમણ ન કરત તો પૃથ્વીરાજનું એકાએક પતન થાત નહિ, અને ભારતની સ્વતંત્રતાનો એકદમ નાશ થાત નહિ. જેમણે આવી ચતુરાઈ—આવી ચાલાકી કરીને ભારતમાં પોતાની સત્તા જમાવવાની શરૂઆત કરી તેમની સાથે તેવીજ ચાલાકી વાપર્યા વગર કાર્યની સિદ્ધિ થઇ શકેજ નહિ; આ વાત શિવાજી સારી પેઠે સમજતો હતો. તેને સંપૂર્ણ ખાત્રી હતી કે ચાલાકીની સાથે ચાલાકી કર્યા વગર કોઈ પણ પ્રકારે મુસલમાનોની સત્તા તોડીને હિંદુ સામ્રાજ્યની સ્થાપના કરી શકાવાની નથી. જેમણે બીજાઓની સાથે વિશ્વાસઘાત કર્યો હતો તેમની સાથે સરલ વ્યવહાર કરવાથી કાર્યની સિદ્ધિ કદી પણ થઇ શકશે નહિ એવું શિક્ષણ શિવાજીને બાળપણથીજ મળ્યું હતું.

જો શિવાજી હથિયાર અને બખ્તર સહિત ન આવત તો તે સ્હેલાઇથી અફઝુલખાનના તાબામાં આવી જાત. કાંતો તે બંદીવાન થઇને વિજાપુર જાત અથવા તો અફઝુલખાનની તરવારથી તેનું શીર્ષ ધડથી જુદું થઈ જાત. આ વિચાર કરતાં શિવાજીની ચાતુરી સર્વ પ્રકારે કાર્યસાધક થઈ છે. જે માણસ સ્વદેશહિતૈષિતાના આવેશમાં આવી દુર્દાન્ત અને ચાલાક શત્રુઓના અત્યાચારની ગતિને રોકવાનો ઉદ્યોગ કરવા ઇચ્છે છે તેમની દ્રષ્ટિમાં શિવાજીનું આ કાર્ય નિન્દનીય નથી, પરંતુ આદરણીય છે.

સહ્યાદ્રિ પર્વતની પશ્ચિમ દિશામાં સમુદ્રના કિનારા સુધી આવેલી જમીનને કોકણ પ્રદેશ કહેવામાં આવે છે. વિજાપુરની સેનાનો પરાજય થયા પછી કોકણ દેશનો ઘણોખરો ભાગ શિવાજીના તાબામાં આવી ગયો. ઉપલી ઘટના બન્યા પછી શિવાજી કોકણ દેશમાં આવેલો પન્હાળગઢ લેવાને ઉદ્યુક્ત થયા. આ કિલ્લો વિજાપુરના નવાબના કબજામાં હતો અને દુર્ભેદ્ય ગણાતો હતો. શિવાજીએ પન્હાળગઢ જીતવામાં પણ અપૂર્વ ચાતુરી વાપરી હતી. તેણે પોતાના કેટલાક મુખ્ય

મુખ્ય સરદારોની સાથે કૃત્રિમ ઝઘડો કર્યો. તેટલીજ કૃત્રિમતાથી પેલા સરદારો અસંતુષ્ટ થઇને પોતાની સાથે આઠસેં માણુસો લઇને પન્હાળગઢના સુબાની પાસે પહોંચ્યા. આ સુબો પેલા સરદારોની ચાલાકી સમજી શકયો નહિ. શિવાજીની સાથે ખરો ઝઘડો થયો છે એવું માની તેણે પેલા સરદારોને ઘણી પ્રસન્નતાથી પોતાની નોકરીમાં રાખ્યા. આ તરફ શિવાજી શીઘ્ર પોતાની સેના લઇને પન્હાળના કિલ્લાપર ચઢી આવ્યો. કિલ્લાના કોટ પાસે ઘણાં ઉંચાં વૃક્ષો આવી રહ્યાં હતાં. શિવાજીના જે સરદારો કિલ્લામાં રહ્યા હતા, તેઓ એક દિવસે રાતના શિવાજીને તથા તેના સેવકોને પેલા વૃક્ષોની મદદથી ગુપ્ત રીતે કિલ્લામાં લઈ ગયા અને કિલ્લાનું દ્વાર ખોલી દીધું. બસ પછી શું પૂછવું ? ઘણી સ્હેલાઇથી શિવાજીનો અધિકાર કિલ્લાપર બેસી ગયો.

આવી રીતે વારંવાર જય મળવાથી શિવાજીની શક્તિ અને સંપત્તિ એટલી વધી ગઈ કે અનેક સ્થળોથી હિંદુ સૈનિકો આવીને તેના સૈન્યમાં વૃદ્ધિ કરવા લાગ્યા. સેનાના વધારાની સાથે શિવાજી અધિક કઠિન કાર્યો કરવામાં પ્રવૃત્ત થવા લાગ્યો, તેની ઘોડેસવાર સેના મુસલમાન નવાબના મુલકમાં ધાડ પાડવા લાગી અને તેને લૂંટવા લાગી. તેમનાં ઉદ્યોગ સાહસ અને વીરતા ઘણાંજ વધી પડયાં. આવું જોતાં જોતાં તેઓ ઠેઠ વિજાપુર નગરના કિલ્લાની નજીક જઇ લૂંટ ચલાવવા લાગ્યા.

વિજાપુરના નવાબને મરાઠાઓની આટલી બધી ધૃષ્ટતા જોઈ ઘણો ક્રોધ આવ્યો. તેણે પોતાની સત્તાનો સ્વીકાર કરાવવાને માટે શિવાજીની પાસે દૂત મોકલ્યો. દૂતને શિવાજીએ ગંભીર સ્વરે કહ્યું "તમારી સરકારનો મારા પર એટલો બધો શું દાબ છે કે હું તેની વાતનો સ્વીકાર કરૂં. તમે અહીંઆંથી શીઘ્ર ચાલ્યા જાઓ, નહિ તો તમારે અપમાન ખમવું પડશે." આ સાંભળી દૂત ચાલ્યો ગયો. વિજા-

પુરના નવાબને શિવાજીની આ ઉદ્ધતાઈથી અત્યંત ક્રોધ ચડયો. શિવાજી જ્યારે પ્રથમ નવાબની સામે થયો હતો ત્યારેજ નવાબે શિવાજીના પિતા શાહજીને કારાગૃહમાં પૂરી તેને સ્પષ્ટ જણાવી દીધું હતું કે "જો તારો પુત્ર શીઘ્રજ મારી આધીનતા નહિ સ્વીકારે તો કેદખાનાનું દ્વાર બંધ કરી તને જીવતાં સુધી અંધારામાં પૂરી રાખવામાં આવશે." પિતાની આ માઠી દશાની ખબર સાંભળી શિવાજીનો આત્મા કેટલેક અંશે શિથિલ થયો પણ તે પોતાના કર્તવ્યથી પરાંગમુખ થયા નહિ. શિવાજીએ દિલ્હીના પાદશાહ શાહજહાનને આ હકીકતની ખબર આપી. અને અનુમાન થાય છે કે કદાચ દિલ્હીના પાદશાહની આજ્ઞાથીજ વિજાપુરના નવાબે શાહજીને છોડી દીધો હશે. કેદખાનામાંથી છૂટયા પછી શાહજી પોતાની દુર્દશાના કારણભૂત પોતાના પુત્રની પાસે આવ્યા. શિવાજીએ પોતાના પિતાનું યથોચિત સન્માન કર્યું. શિવાજી એટલા બધા પિતૃભક્ત હતા કે પોતાના પિતાને ગાદી પર બેસાડી તેમની પાદુકા લઇ એક સેવકની માફક તેમની સમીપ ઉભા રહેતા હતા. મહાવીર શિવાજીનામાં પિતૃભક્તિ કેટલી હતી તે વાત આથી સુસ્પષ્ટ થાય છે

શાહજીનો છૂટકારો થયા પછી શિવાજીએ પુનઃ પોતાના રાજ્યમાં વધારો કરવાનો ઉદ્યોગ કરવા માંડયો. વિજાપુરના નવાબે શિવાજીને પરાજીત કરવાને માટે ઘણી સેના મોકલી પરંતુ શિવાજીની ચતુરાઇ આગળ તેનો સર્વ ઉદ્યોગ વ્યર્થ ગયો. તેનો સેનાપતિ અફઝુલખાન માર્યો ગયો તે પછી તેણે બીજી વાર એક બીજા રણચતુર આવિશીની સેનાપતિને શિવાજીની સામે મોકલી આપ્યો. વિજાપુરની સેનાએ શિવાજીને પાન્હાલ નામના કિલ્લામાં ઘેરી લીધા. આ વખત પણ શિવાજીનો વિજય થયો; કારણકે શિવાજીના ચાતુર્ય આગળ આવિશીની સરદારનો સર્વ ઉદ્યોગ નિષ્ફળ ગયો અને અન્તે

તે સરદાર પોતાના અનુચરો સહિત માર્યો ગયો અને વિજાપુરની સેનાનો પરાજય થયો.

જે સમયે ઔરંગઝેબ પોતાના પિતાનું રાજસિંહાસન ખુંચવી લેવાને માટે આગ્રે ગયો હતો તે સમયે તેણે શિવાજીની પાસે કેટલાક પ્રતિષ્ઠિત સરદારોને મોકલીને તેની સહાયતા માગી હતી પરંતુ શિવાજીએ ઔરંગઝેબને તેના અનીતિ ભરેલા કાર્યમાં સાફ ના પાડી. તેણે ઔરંગઝેબનો દુષ્ટ વિચાર જાણી તેના સરદારોને ઘૃણા અને તિરસ્કાર સાથે હાંકી કાઢયા અને તેઓ ઔરંગઝેબનો જે પત્ર લાવ્યા હતા તેને કુતરાની પુછડી સાથે બંધાવી દીધો. આ વખતથી ઔરંગઝેબ શિવાજીનો કટ્ટો દુશ્મન બન્યો. આ વખતથીજ તે શિવાજીને "પહાડી ઊંદર" કહીને તેને હર પ્રકારે હાનિ પહોંચાડવાનો ઉદ્યોગ કરવા લાગ્યો.

ઔરંગઝેબે પોતાના વૃદ્ધ પિતાનું રાજસિંહાસન ખુંચવી લીધું અને તેને કારાગૃહમાં કેદ કરી પોતે તખ્તનશીન થઇ ગયો. આ તરફ વિજાપુરના નવાબ સાથે શિવાજીને મિત્રતા થઈ. આ સમયે સમસ્ત કોંકણુ દેશમાં શિવાજીની સત્તા જામી ગઇ હતી, તેની પાસે આ વખતે સાત હજાર ઘોડેસવારો અને પચાસ હજાર પાયદળ સેના હતી.

વિજાપુરના નવાબ સાથે મિત્રતા થયા પછી શિવાજીએ મોગલ રાજ્યપર ચઢાઇ કરવાની તૈયારી કરવા માંડી. તેની આજ્ઞાથી સેનાપતિઓ દિલ્હીના અધિકાર નીચેના મુલકોમાં લૂંટ કરી પૂનામાં આવ્યા. આ વખતે દક્ષિણુનો સૂબો શાયસ્તખાન હતો. બાદશાહ ઔરંગઝેબે શિવાજીનું દમન કરવાને માટે શાયસ્તખાનને હુકમ આપ્યો. આ હુકમ મળતાંજ શાયસ્તખાન એક મોટું લશ્કર લઇને ઔરંગાબાદથી નીકળી પૂનાની સમીપ આવી પહોંચ્યો. શિવાજી મુગલ સેનાના આગમનના સમાચાર સાંભળી રાયગઢને છોડી સિંહગઢમાં રહેવા લાગ્યા.

શાયસ્તખાન શિવાજીની ચાલાકીની વાત સારી પેઠે જાણતો હતો. તેથી તેણે સાવચેતી વાપરી પોતાની છાવણી સુરક્ષિત રાખી. તેનું આજ્ઞાપત્ર દેખાડયા શિવાય કોઈ પણ શસ્ત્રધારી મરાઠો પુના શહેરમાં પ્રવેશ કરી શકતો નહોતો. પરંતુ તેની આ સાવચેતીનું કાંઇ પણ સારૂ પરિણામ આવ્યું નહિ. ચતુર શિવાજીના સાહસ અને ચાલાકીથી મોગલોની પાયમાલી થવાની શરૂઆત થઈ.

એક દિવસ રાતને વખતે પૃથ્વીપર ઘોર અંધકાર છવાઇ રહ્યો છે. પૂનાના માર્ગ, ઘાટ, મહેલ સર્વે ઘોર અંધકારમાં ઢંટાઇ ગયા છે. ક્યાંય પણ મનુષ્યનું દર્શન સુદ્ધાં થતું નથી. માત્ર કેટલાક જાનૈયાઓ રાત્રિની શાંતિમાં ભંગ કરી ધીમે ધીમે પુના તરફ ચાલ્યા જાય છે. સાહસિક શિવાજી આ તકનો લાભ લઈ એક સ્થાનપર પોતાની સેનાને ઉભા રાખી માત્ર પચ્ચીસ અનુચરોને પોતાની સાથે લઈ તે જાનૈયાઓની સાથે ભળી ગયો. જાનનાં માણસો આનંદથી ગાતાં વજાડતાં પુના નગરીની અંદર પ્રવેશ કરી ગયાં. શિવાજી પણ તેની સાથે સાથે નગરમાં ઘુસી ગયો, અને જે મહેલમાં શાયસ્તખાન ઘોર નિદ્રામાં પડયો હતો તે મહેલપર એકદમ આક્રમણ કર્યું. શાયસ્તખાનની સાથે કેટલીક સ્ત્રીઓ હતી તેમણે શિવાજીના આક્રમણની ખબર તેને પહોંચાડી એટલે તે એકદમ ઉઠીને આંફળો ફાંફળો નાસવાનો પ્રયત્ન કરવા લાગ્યો. ચારે તરફ તેના દુસ્મનો નાગી તલવાર સાથે તેની વાટ જોઇ રહ્યા હતા, તોપણ તે કોઈ રીતે મહેલમાંથી છટકી જવા પામ્યો. માત્ર તેના હાથની એક આંગળી કપાઇ ગઇ, નાશી જવાથી તેનો દેહ તો સલામત રહ્યો. પણ શાયસ્તખાનના પુત્ર અને તેની સેનાનાં માણસો મરાઠાઓને હાથે માર્યા ગયાં. શિવાજી વિજયનાં ચિન્હ તરિકે બળતી મશાલો સાથે પૂના શહેરમાંથી નીકળી સિંહગઢ પહોંચી ગયો.

આ વિજયથી મહાવીર શિવાજીની પ્રશસ્ય કીર્તિ સમસ્ત મહારાષ્ટ્રમાં પ્રસરી ગઈ. સકળ મહારાષ્ટ્રવાસીઓ પોતાના દેશી મહાવીરનાં યશોગાન ગાવા લાગ્યા. શિવાજીને અનેક વર્ષો થઇ ગયાં છે તો પણ હજી તેમની વીરતાની કથા લુપ્ત થઈ નથી. મરાઠા લોકો હજી પણ શિવાજીના સાહસ અને વીરતાનાં યશોગાન ગાતાં પુલકિત બની જાય છે.

બીજે દિવસે ઘણા મોગલ ઘોડેસવારો સિંહગઢ તરફ ગયા. શિવાજીએ તેમને કિલ્લાની નજીક આવવા કહ્યું. આ લોકો ઘણી બહાદુરી દર્શાવતા ડંકો વગાડતા અને હાથમાં પકડેલી નાગી તલવારો ધુમાવતા ધુમાવતા કિલ્લાની નજીક પહોંચ્યા. શિવાજીએ આ સમયે તેમની સામે તોપ ખડી કરી દીધી. આ લોકો તોપને જોઇને ગભરાઇને નાસવા લાગ્યા. શિવાજીએ તેમની પાછળ એક સેનાપતિને થોડું લશ્કર આપી મોકલ્યો અને તે તેમને દૂર સુધી નસાડી મૂકી આવ્યો. શિવાજી આ પહેલીવારજ મોગલ સેનાને નસાડી મકવાને શક્તિવાન થયો. આ વખત પણ તેની કીર્તિમાં ઘણો વધારો થયો.

આ પછી શિવાજી ઘોડેસવાર સેના લઇને બાદશાહ ઔરંગઝેબનું સુરત શહેરને લૂંટીને ઘણું દ્રવ્ય એકઠું કરી, તે રાયગઢ લઇ આવ્યા તે જળ માર્ગમાં પણ પોતાનો અધિકાર જમાવવનો પ્રયત્ન કરતા હતા. તેની ઘણી લશ્કરી મનવારો હતી. આ વહાણોદ્વારા મોગલ બાદશાહોનાં ઘણાં લશ્કરી વહાણોને શિવાજીએ જીતી લીધાં હતાં.

સુરત લૂંટયા પછી શિવાજીને ખબર પડી કે પોતાના પિતા શાહજીનું મૃત્યુ થયું છે. આથી તેઓ સિંહગઢ ગયા અને પિતાજીની શ્રાદ્ધાદિ ક્રિયા કરી. પછી રાયગઢમાં આવી પોતાના મંત્રીઓની સાથે પોતાના રાજ્યના સુપ્રબંધનું કાર્ય કરવા લાગ્યા. આ કાર્યમાં કેટલાક મહિના વીતી ગયા. આ સમયે શિવાજીએ પોતાના નામ સાથે રાજાની ઉપાધિ જોડી અને પોતાના નામના સિક્કા પાડવા માંડયા.

વીર પુરૂષની પ્રતિજ્ઞા પૂરી થઈ. મુગલોના પ્રચંડ સામ્રાજ્યની વચમાં ભારતના મહાવીર શિવાજી સ્વતંત્ર હિંદુ રાજ્ય સ્થાપન કરી પોતાનો અધિકાર ચલાવવા લાગ્યા.

મક્કા જનારા મુસલમાન યાત્રાળુઓ સુરતથી વહાણુપર બેસતા હતા. અને તેથી તેઓ સુરતને પ્રધાન તીર્થ ગણુતા હતા. મુસલમાનોનાં પવિત્ર સ્થાનને લૂંટવાની અને રાજાની ઉપાધિ ધારણુ કરવાની શિવાજીની ધૃષ્ટતાની વાત સાંભળી ઔરંગઝેબને ઘણો ક્રોધ ચઢયો અને તેનું દમન કરવાને માટે તેણે જયસિંહ તથા દિલેરખાનને દક્ષિણુમાં મોકલી આપ્યા. આ વખત શિવાજી તેમની સામે થયો નહિ, પણુ તેમની સાથે સલાહ કરવાના ઉદ્દેશથી રઘુનાથ પંત નામના પોતાના ન્યાયશાસ્ત્રીને જયસિંહની પાસે મોકલ્યો. પંત સાથે જયસિંહને ઘણી વાત થઇ. આખરે પંત શિવાજી પાસે આવ્યો. શિવાજી વીરધર્મના પક્ષપાતી હોવાથી જરા પણુ શંકા કર્યા વગર ઘણા થોડા સેવકોની સાથે વર્ષાઋતુના આરંભમાં જયસિંહની છાવણીમાં ગયા. ત્યાં જઈ તેણે પોતાના આગમનની ખબર જયસિંહને આપી. જયસિંહે તેને માન સહિત લાવવાને માટે એક પ્રતિષ્ઠિત કર્મચારીને સામો મોકલ્યો. શિવાજી તંબુની પાસે પહોંચતાંજ જયસિંહે આગળ આવી તેમને છાતી સરસા ચાંપ્યા અને તંબુની અંદર લઈ પોતાની જમણી બાજુએ બેસાડયા. સંધિના નિયમો તૈયાર કરવામાં આવ્યા અને દિલ્લી મોકલી દેવામાં આવ્યા. બાદશાહે આ નિયમોનો સ્વીકાર કરી સંધિપત્ર પુનઃ દક્ષિણુમાં મોકલ્યો. ત્યાર પછી શિવાજી મોગલોના પક્ષમાં ભળી વિજાપુરના નવાબની સામે લડવા લાગ્યા. બીજે વરસે બાદશાહના નિમંત્રણુથી પોતાના પુત્ર શંભાજી, પાંચસો ઘોડેસવાર અને એક હજાર માવલી લોકોના સૈન્યને પોતાની સાથે લઇને શિવાજી દિલ્લી ગયા.

દિલ્લીમાં પહોંચતાં તેમને જોવાને માટે ઘણા લોકો એકઠા થયા પણ દુષ્ટ ઔરંગઝેબે આ પરાક્રમી હિંદુ રાજાને યોગ્ય સન્માન આપ્યું નહિ. કિન્તુ હિંદુઓની સમક્ષ હિંદુ કુલભૂષણ શિવાજી મહારાજનું અપમાન કરવાની ચેષ્ટા કરવા લાગ્યો.

જ્યારે શિવાજી દરબારમાં પહોંચ્યા ત્યારે તેમને ઔરંગઝેબે હલકા દરજ્જાના કર્મચારીઓની જગ્યાએ બેસાડયા. શિવાજી આથી દુઃખિત અને અપ્રસન્ન થઇ દરબારમાંથી ઉઠી ચાલ્યા ગયા, પણ દિલ્લીમાંથી નીકળી પોતાના દેશ તરફ તેઓ આ વખત જઇ શક્યા નહિ. બાદશાહે તેના નિવાસસ્થાન પર પહેરો રાખવાને માટે નગરના કોટવાળને હુકમ આપ્યો હતો. પણ આ ચતુર મહારાજાએ પોતાની સાથેના લોકોને દિલ્હીનાં હવાપાણી માફક ન આવવાનું બહાનું કાઢી તેમને પોતાના દેશ જવા દેવાની આજ્ઞા માગી. સાથેના લોકોના જવાથી શિવાજી અસહાય થઇ સહજમાં વશ થઇ જશે, આવો વિચાર કરી બાદશાહે તેમના સાથીઓને દેશમાં જવાની આજ્ઞા કરી. શિવાજી બાદશાહની ચાલાકી સમજી ગયો અને **शठं प्रति शाठ्यं कुर्यात्** એ નિયમાનુસાર તેણે પોતે પણ યુક્તિ વાપરવા માંડી. પોતાના નિવાસસ્થાનમાં પોતે બિમાર હોવાનું બહાનું કાઢી તેઓ આખો દિવસ સુસ્ત પડી રહેવા લાગ્યા. થોડા દિવસ પછી કાંઇક આરામ થયો છે એમ જણાવી તે નિમિત્તે ફકીરોને મિઠાઈ વહેંચવા માંડી. આ રીતે તેના નિવાસસ્થાનપરથી હજારો મણ મિઠાઇના ટોપલા દરવાજા બહાર જવા લાગ્યા. જ્યારે પહેરેગીરોને ખાત્રી થઇ કે મિઠાઈનાજ ટોપલા દરવાજા બહાર જાય છે ત્યારે એક ટોપલામાં શિવાજી અને બીજામાં શંભાજી બેસી દરવાજા બહાર નીકળી ગયા. શહેરની બહાર નજીકમાંજ તેને માટે એક ઘોડો ઉભો રાખવામાં આવ્યો હતો તેના પર શિવાજી મહારાજ ચઢી બેઠા અને પો-

તાની પાછળ પોતાના પુત્રને ચઢાવી દીધો અને એકદમ મથુરાં જઇ પહોંચ્યા. ત્યાં કોઈ મિત્રને ઘેર પોતાના પુત્રને રાખી શિવાજી મહારાજ એક સંન્યાસીનો વેશ લઇ ફરતા ફરતા દક્ષિણમાં જઇ પહોંચ્યા.

આ સમયે મરાઠાઓ વિજાપુરના નવાબની સાથે યુદ્ધ કરવામાં રોકાયા હતા. શિવાજીને વિજાપુરના નવાબની સાથે સલાહ થઈ જશે એવી શંકાથી ઔરંગઝેબે શિવાજીને કેટલીક જાગીરી આપીને તેની રાજાની ઉપાધિ દ્રઢ કરી દીધી. ત્યાર પછી શિવાજીએ વિજાપુર અને ગોવલકોંડાના રાજ્યો સાથે લડાઇ કરી તેમની પાસેથી કર લીધો.

કેટલોક વખત સુધી યુદ્ધ કરવાનું છોડી દઇ શિવાજીએ પોતાના રાજ્યની સુવ્યવસ્થા કરવામાં પોતાનું ચિત્ત રોક્યું. તેણે રાજ્ય પ્રબંધનું સર્વ કાર્ય બ્રાહ્મણોના હાથમાં સોંપ્યું. ખેડૂતોપર જુલમ ન થાય, ઠગાઈ, પ્રપંચ, ચોરી, લૂંટ આદિ ન થાય તેને માટે ઉત્તમ કાયદા બનાવ્યા. તેની શાસન પ્રણાલી પ્રમાણે ઉત્પન્ન થયેલા અન્નમાંથી ત્રણ ભાગ ખેડૂતના અને બે ભાગ સરકારના થતા હતા. શિવાજી પોતાના નોકરો મારફતે રાજ્ય કર ઉઘરાવી લેતા અને સૈનિકોને રાજ્યના ખજાનામાંથી પગાર આપવામાં આવતો હતો. તેની સેના ઘણી ખરી માવલી લોકોની બનેલી હતી. તેમનાં મુખ્ય શસ્ત્રો તલવાર, ઢાલ અને બંદુક એટલાં હતાં. ઘોડેસવાર સેનાના બરગિરદાર અને શિલેદાર એવા બે ભાગ હતા.

હિંદુઓની માન્યતા પ્રમાણે શરદ્‌ઋતુ એ દિગ્વિજયની યાત્રા કરવાનો સમય છે. પ્રતાપશાળી શિવાજી આ સમયે દુર્ગતિનાશિની ભવાનીની પૂજા કરી દિગ્વિજય કરવાને માટે પ્રવાસ કરતા હતા. તે શત્રુઓનાં નગરો લૂંટતા હતા, પરંતુ ખેડૂત, ગાય, બ્રાહ્મણ અને સ્ત્રીઓની ઉપર કદી પણ જુલમ કરતા નહોતા. આ રીતે પરાક્રમી મુગલોના શાસનકાળમાં મરાઠાઓનું રાજ્ય સ્થાપિત થયું હતું અને મરાઠાઓએ પોતાની કીર્તિનો ડંકો વગાડયો હતો.

ઔરંગઝેબે પુનઃ એક વાર બહારથી સજ્જનતાનો ડોળ કરી શિવાજીને હાથ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહિ. શિવાજી ઔરંગઝેબની પ્રપંચ જાળમાં ફસ્યા નહિ. તે તો અગાઉની માફક દક્ષિણમાં જ્યાં ત્યાં પોતાનું રાજ્ય જમાવવામાંજ મચી રહ્યા. આથી મોગલ પાદશાહને હવે ખુલ્લી રીતે મરાઠાઓની સાથે યુદ્ધ કરવાની ફરજ પડી. શિવાજી મુગલોથી લેશ પણ ડર્યા નહિ, અને પોતાનો ટેક છોડી મોગલોની અધીનતા સ્વીકારી નહિ. તેણે સાચા વીર પુરૂષની માફક વીરધર્મની રક્ષા કરી અને મોગલોના અધિકાર નીચેના કેટલાક કિલ્લા જીતી તેનાપર પોતાની વિજયપતાકા ઉરાડવા માંડી. ત્યાર પછી શિવાજી પુનઃ એકવાર પંદર હજાર ઘોડેસવાર લઇને સુરતપર ચઢી ગયા અને તેમાં લૂંટ ચલાવી. તેજસ્વી શિવાજીની સામે થવાની કોઇની પણ હિમ્મત ચાલી નહિ અને શિવાજી નિર્ભય રીતે સુરતની સંપત્તિ લૂંટીને પોતાના રાજ્યમાં આવતા રહ્યા.

શિવાજી જ્યારે સુરતથી આવતા હતા ત્યારે દાઉદખાન નામક એક મુગલ સેનાપતિ પાંચ હજાર ઘોડેસવાર લઇને તેની પાછળ પડયો. શિવાજીએ દાઉદખાનને ઘેરીને સારી પેઠે નશીયત આપી. શિવાજીનો સેનાપતિ પ્રતાપરાવ ખાનદેશમાં જઇને તે જીલ્લામાંથી રાજ્ય કર વસુલ કરવા લાગ્યો. શિવાજીની આવી ફત્તેહથી ચિંતાતુર થઇને ઔરંગઝેબે મહોબતખાન નામના સરદારને ચાલીસ હજાર માણસનું લશ્કર આપીને શિવાજીની સામે મોકલ્યો. શિવાજી આ લશ્કરના આક્રમણથી ડરી ગયો નહિ. તેણે મેરૂપંત અને પ્રતાપરાવને મુગલ સેનાની સામે યુદ્ધ કરવાને મોકલ્યા. આ બે સરદારોના આગમનની ખબર સાંભળી મહોબતખાને ઇખલાસખાન નામના સરદારને એક મોટી સેના આપી તેમની સામે લડવા મોકલ્યો. આ યુદ્ધમાં મોગલ સેના સંપૂર્ણ પરાજય પામી. ઘણા માણસો અને બાવીસ મોગલ સરદાર માર્યા ગયા અને

કેટલાક મુખ્ય સરદારો પકડાઇને કેદમાં પડયા.

મરાઠા અને મુગલો વચ્ચે બે મોટાં યુદ્ધો થયાં તેમાં શિવાજીને સંપૂર્ણ જય પ્રાપ્ત થયો. ચારે તરફ તેના નામની જયઘોષણા થઇ રહી. સર્વે લોકો શિવાજીને મહા પરાક્રમી રાજા સમજીને તેનું સન્માન કરવા લાગ્યા. તેની વીરતા, પ્રતાપ અને રણચાતુરી જોઇ આશ્ચર્ય-ચકિત થઈ સર્વે તેને અસાધારણ વીરપુરૂષ સમજવા લાગ્યા. ઔરંગઝેબ આ પરાક્રમી શત્રુના અપૂર્વ પ્રભાવથી વિસ્મિત થયો. આ યુદ્ધમાં જેટલા મુસલમાન સરદારો કેદ પકડાયા હતા તેમની કોઇની સાથે શિવાજીએ અનુચિત વર્ત્તણુંક ચલાવી નહિ, પરંતુ તેમને ઉત્તમ સન્માનની સાથે રાયગઢ મોકલી આપ્યા અને તેમના જખમોપર દવા કરી તેને રૂઝવી નાંખ્યા. તેઓ તદ્દન સાજા થઈ ગયા પછી તેમને વિદાય કરી દીધા. ભારતના અદ્વિતીય વીર પુરૂષે વીરધર્મને લાંછન લગાડયું નહિ. ઘાયલ થયેલા કેદીઓને રાયગઢમાં કોઇ પણ સમય દુઃખ પડવા દીધું નહોતું. દુર્દશાગ્રસ્ત શત્રુઓ પ્રત્યે આવી ઉદારતા બતાવી શિવાજીએ વીરોચિત ધર્મનો પરિચય કરાવ્યો. આ મહત્વ અને ઉદારતા ચિરકાલ પર્યંત ઇતિહાસનાં પૃષ્ઠોમાં સુવર્ણના અક્ષરે લખાઈ રહેશે.

શિવાજીએ પ્રથમ રાજાની ઉપાધિ ધારણ કરી પોતાના નામના સિક્કા ચલાવ્યા હતા. આ વખતે તેમણે વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી રાજ્યાભિષેકના સંબંધમાં શાસ્ત્રના નિયમાનુસાર તેમની સમ્મતિ લીધી. ગાગા ભટ્ટ નામના એક સમર્થ વિદ્વાનને આ સમયે કાશીથી રાયગઢ બોલાવવામાં આવ્યો હતો. રાજ્યાભિષેકના કાર્યનો ભાર તેને સોંપવામાં આવ્યો. મરાઠાઓના ઇતિહાસમાં શાકે ૧૫૯૬ ના જ્યેષ્ઠ માસની શુક્લ ત્રયોદશી પ્રાતઃસ્મરણીય તિથીઓમાં ગણાવા યોગ્ય છે. આ દિવસે રાયગઢના કિલ્લામાં શિવાજી મહારાજ સ્વતંત્ર રાજા

તરિકે સિંહાસનારૂઢ થયા. એ દિવસે સર્વ શાસ્ત્રોમાં પારંગત વિદ્વાન ગાગા ભટ્ટે શાસ્ત્રની વિધિ અનુસાર શિવાજીનો રાજ્યાભિષેક કર્યો હતો. આ પ્રસંગ નિમિત્તે અનેક બ્રાહ્મણોએ અનુષ્ઠાન કર્યાં. આ મહાન પ્રસંગે રાયગઢમાં અપૂર્વ આનંદ છવાઈ રહ્યો હતો. સ્વાધીનતાના ભક્ત હિંદુ વીરોના જયધ્વનિથી રાયગઢ ગર્જી ઉઠયું હતું. વિર શિરોમણિ શિવાજીએ રાજ્યપદ પર સ્થિત થઈને તે દિવસના સ્મરણને માટે એક વાર્ષિક ઉત્સવ નિયત કર્યો અને રાજ્યની સર્વ ઉપાધિઓને ફારસીમાંથી સંસ્કૃતમાં ફેરવી નાંખવાની આજ્ઞા કરી. રાજ્યાભિષેક પ્રસંગે ભિન્ન ભિન્ન સ્થળેથી કેટલા એક રાજદૂતો રાયગઢમાં આવ્યા હતા. મુંબઈથી એક અંગ્રેજ રાજદૂત પણ ગયો હતો. આ દૂતે અંગ્રેજી કંપનીના પ્રતિનિધિ તરીકે આવી શિવાજીની સાથે સંધિ કરી હતી. આ રીતે શિવાજીના અભિષેકનું કાર્ય સમાપ્ત થયું. આ રીતે ક્ષત્રિય રાજાએ પોતાના બાહુ બળથી જગતમાં અતિ મહાન પ્રસિદ્ધિ મેળવી.

શિવાજી રાજા બની નિયમાનુસાર રાજકાજમાં પ્રવૃત્ત થયા. નર્મદાથી કૃષ્ણા નદી સુધી દક્ષિણ ભારતવર્ષ તેમને આધીન થઈ ગયું હતું. તેમણે આ મહાન સામ્રાજ્યનું શાસન કરવામાં કદી ઉદાસીનતા બતાવી નહિ. યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરવામાં અને અન્ય રાજ્યોપર પોતાનો અધિકાર બેસાડવામાં તેમણે જેવી શક્તિ અને ચતુરાઈ દેખાડી હતી, તેવીજ શક્તિ અને ચતુરાઈ તેમણે અધિકારમાં આવેલાં રાજ્યનો શાસન પ્રબંધ કરવામાં બતાવી હતી શિવાજીએ ત્યાર પછી અનેક સ્થાનોપર યુદ્ધ કર્યાં અને આ યુદ્ધોમાં તેણે પોતાના પરાક્રમની પરમાવધિ બતાવી હતી. તેની સેના નર્મદા નદી ઉતરીને મુગલ બાદશાહના રાજ્યમાં આક્રમણ કરતાં પાછી હઠી નહિ. જે વખતે મુગલ સેનાપતિ દિલેરખાને વિજાપુરના નવાબની ઉપર

ચઢાઈ કરી તે વખતે વિજાપુરના નવાબે શિવાજીની સહાયતા માગી અને શિવાજીએ સહાયતા આપી પણ ખરી. શિવાજીની સમર-ચાતુરી જોઈ દિલેરખાન એટલો તો ગભરાઇ ગયો કે તે હતાશ થઇને વિજાપુરથી નાશી ગયો. વજાપુરના નવાબે આ ઉપકારના બદલામાં શિવાજીને પોતાના રાજ્યમાંથી કેટલોક ભાગ આપીને કૃતજ્ઞતા બતાવી.

આ પ્રકારે અનેક સ્થાનો પર અનેક વિષયોમાં અપૂર્વ સાહસ, અલૌકિક શક્તિ અને અટલ તેજસ્વિતા બતાવી વીર શિરોમણિ શિવાજી જીવનની અંતિમ દશામાં આવી પહોંચ્યા. પોતાનું ગળું ફુલી આવવાથી તે રાયગઢ ગયા. ત્યાં તેમને ભયંકર તાવ લાગુ પડયો. આ તાવ નાબુદ થયો નહિ. આ તાવથી સાતમે દિવસે એટલે ઈ. સ. ૧૬૮૦ ની ૫ મી એપ્રીલે ૫૩ વર્ષની ઉમ્મરે શિવાજી મહારાજ અવસાન પામ્યા.

આ રીતે અસાધારણ વીર પુરૂષના અલૌકિક પરાક્રમોથી ભરેલા જીવનની સમાપ્તિ થઈ. શિવાજીનાં બધાં કામો અલૌકિક ભાવથી ભરેલાં હતાં. ભારતનો અદ્વિતીય પાદશાહ પણ તેમની શક્તિ અને ગતિને રોકી ન શકયો. જે વખતે તેમની માવલી સેના, તેમની રણચાતુરી, તેમનાં સાહસો, અને તેમની શાસનપ્રણાલીનું સ્મરણ થાય છે ત્યારે તેમનાપર અત્યંત શ્રદ્ધા અને પ્રીતિ ઉત્પન્ન થાય છે. તેઓ પોતાના પિતાની જાણ વગર અસહાય અને આશ્રયહીન દશામાં ઇચ્છિત કાર્યની સાધના કરવામાં પ્રવૃત્ત થયા હતા. એમ કરવામાં તેના મનમાં કોઈ પ્રકારની શંકા કે ગભરાટની ઉત્પત્તિ થઇ નહોતી. તેમણે અપૂર્વ શક્તિ અને દ્રઢ નિશ્ચયના બળથી પોતાની મહાન સાધનામાં સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

શિવાજી પોતાની જાતિના પ્રાચીન ગૌરવના ઉદ્ધારક હતા. ઘણી શતાબ્દીઓ થયાં જે જાતિ ભયંકર અત્યાચારોનું પરમ કષ્ટ ભોગવી રહી હતી, જે જાતિએ સ્વાધીનતાનો પરિત્યાગ કરી પરાધીનતાનેજ પરમ પુરૂષાર્થ સમજી લીધો હતો તે જાતિને શિવાજી ધીમે ધીમે

ઉન્નતિના માર્ગપર લાવ્યા અને ધીમે ધીમે તે જાતિના હૃદયમાં અચિન્તનીય સાહસ તથા ઉત્સાહ ભરી દઈને તે જાતિના માણસોને સ્વતંત્રતાના ભક્ત વીર પુરૂષના પદ પર પ્રતિષ્ઠિત કરી દીધા. મોગલ બાદશાહી ઉન્નતિના શિખરે હતી તે વખતમાં શિવાજીએ પોતાના બાહુબળથી સ્વતંત્ર હિંદુ રાજ્યની સ્થાપના કરી. પરાધીનતાના શોચનીય સમયમાં અને અત્યાચારના ભયદાયક કાળમાં હિંદુઓની પવિત્ર ભૂમિમાં બીજા કોઈ હિંદુ વીરે આવાં પરાક્રમથી સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી નહોતી.

પરમ સાહસ અને અટલ શક્તિને લીધે શિવાજી જે કામ હાથ ધરતા તેમાં તે અવસ્ય વિજયજ પામતા હતા. તેમની શક્તિની સામે સર્વ રીતે કેળવાએલી મુગલ સેના ભયભીત થઈ આમ તેમ નાસતી હતી. મતલબ કે શિવાજીના સમયમાં તેમના જેવો સાહસિક, શક્તિવાન અને ચતુર બીજો કોઈ વીર નહોતો. બાદશાહ ઔરંગઝેબ તેમને તિરસ્કારથી 'પહાડી ઉંદર' કહેતો હતો; પણ એ પહાડી ઉંદરની શક્તિથી એ બાદશાહ એટલો બધો ગભરાઈ ગયો હતો કે તેણે શિવાજીના રાજાની ઉપાધિ કબુલ રાખી હતી. શિવાજીના મરણની ખબર સાંભળી ઔરંગઝેબ બોલ્યો હતો કે "શિવાજી એક મહા બળવાન સેનાપતિ હતા. જે સમયે હું ભારતનાં પ્રાચીન રાજ્યોનો નાશ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, તે સમયે ફક્ત આ બહાદુરેજ નવીન રાજ્ય સ્થાપન કર્યું હતું. અમારી સેનાએ ઓગણીશ વર્ષ સુધી તેમની સાથે યુદ્ધ કર્યું તોપણ હું તેમના રાજ્યને કોઇ પણ પ્રકારની હરકત પહોંચાડી શક્યો નહિ." ઔરંગઝેબના આ પ્રમાણેના ઉદ્‌ગારથી શિવાજીની શક્તિ પ્રત્યક્ષ થાય છે.

શિવાજી શત્રુઓને હાનિ પહોંચાડતા હતા પણ જે હારી જતા હતા અને જે બંધીવાન થતા હતા તેમની સાથે તે માયાળુપણે સજ્જ-

નતા દાખવતા હતા. તે પોતાના કુટુંબીઓ તથા કામદારો સાથે અનુચિત વર્તન કરતા નહોતા. ગૌ બ્રાહ્મણ અને વર્ણાશ્રમના રક્ષણને માટે તે સર્વદા તન, મન અને ધનથી તત્પર રહેતા હતા. તે જેવા પિતૃભક્ત અને માતૃસેવક હતા તેવાજ ગુરૂભક્ત અને પ્રજાવત્સલ પણ હતા. તેમના ગુરૂનું નામ રામદાસ સ્વામી હતું. આ ગુરૂને માટે તે પોતાનું રાજ સુદ્ધાં પણ અર્પણ કરવા તત્પર રહેતા હતા. ગુરૂ આજ્ઞાનુસાર તેમણે વર્ણાશ્રમધર્મની રક્ષા કરવાનો સંકલ્પ કર્યો હતો. પરમાત્માના સાચા ભક્ત સાધુઓમાંજ તેમની અતિ શ્રદ્ધા હતી. મહારાષ્ટ્ર દેશના દેહુ નામના સ્થાનમાં તુકારામ નામના એક વૈશ્ય જાતિના સાધુ રહેતા હતા, તેમના ઉપર શિવાજીની અચળ શ્રદ્ધા હતી. અનેક વિઘ્નવિપત્તિ સમયે પણ શિવાજી તેમનું કીર્તન શ્રવણ કરવાને જતા હતા. દાદાજી કોણ્ડદેવે મરણ સમયે શિવાજી મહારાજને સ્વધર્મરક્ષા અને પ્રજાપાલનની જે શિક્ષા આપી હતી તે ઉપદેશ અનુસાર વર્તવામાં શિવાજી કદી પછાત પડયા નહતા. તેઓ સ્ત્રીઓની પ્રતિષ્ઠાની રક્ષાને માટે પૂર્ણ ધ્યાન રાખતા હતા. તેમના એક સેનાપતિએ કોઇ એક નગરપર અધિકાર કરતાં ત્યાંની એક રૂપવતી સ્ત્રીને શિવાજીની પાસે મોકલી આપી. શિવાજીએ તેને માતા તરીકે સંબોધી સન્માનપૂર્વક જ્યાંથી તે આવી હતી ત્યાં મોકલી આપી. આવા દયાયુક્ત સદ્‌વ્યવહારને લીધે મહારાષ્ટ્રીઓ તેમને ઘણું ચાહતા હતા. મિતાચાર તેમનો એક મુખ્ય ગુણ હતો. અતુલ શકિત અને પરમ સંપત્તિવાન હોવા છતાં પણ તે કદી એશઆરામમાં મુલતાન થયા નહતા. તે કદી ભોગવિલાસને આદર આપતા નહતા. તે સાધારણ વેશ અને સાદા ખાનપાનથી પણ સંતુષ્ટ રહેતા હતા.

શિવાજીએ દક્ષિણમાં જે રાજ્ય સ્થાપન કર્યું હતુ તેની લંબાઇ ચારસો માઇલ અને વિસ્તાર બે હજાર માઇલ હતો. તાંજોરમાં પણ

તેમનું રાજ્ય હતું. નર્મદાથી તાંજોર સુધી અને કોંકણથી મદ્રાસ સુધીના રાજાઓએ કેટલીક વખત શિવાજીની સહાયતા માગી હતી. અનેક રાજાઓ તેમને કર આપી સન્તુષ્ટ રાખતા હતા. સકળ દક્ષિણ દેશમાં તેમની મહત્તા પ્રચલિત હતી. તે સમય આખા દક્ષિણના વીરોમાં તેમના જેવો ચતુર અને કાર્યનિપુણ અન્ય કોઈ હતો નહિ. તેમની ચાતુર્યજાલને કોઇ સમજી શકતા નહતા. તેમના મનની વાતનો પત્તો કોઇને લાગતો નહિ. તેમની શક્તિને કોઈ રોકી શકે તેમ નહોતું. તેમણે પરાક્રમી મોગલોના સમયમાં સર્વ પ્રકારે પોતાની શ્રેષ્ઠતા સાચવી હતી. વિશ્વાસઘાતી સાથે વિશ્વાસઘાતી થયા શિવાય કામ સિદ્ધ થતું નથી એવો તેમનો નિશ્ચય હતો. આ નિશ્ચય અનુસાર તેમણે કોઇ કોઈ સમય અવિશ્વાસીપણાનું કામ કર્યું હતું.

શિવાજી શરીરે ઠીંગણા હતા. તેમના નેત્રમાં ધીરતા અને મુખમુદ્રા ઉપર વીરતા ઝળકી રહ્યાં હતાં. તેમના શરીરના પ્રમાણમાં તેમના હાથ લાંબા હતા. તેમના પ્રેમી દેશબંધુઓ તેમને દેવના તરીકે ગણતા હતા. તેમણે પોતાની તલવારનું નામ ભવાની રાખ્યું હતું. આ તલવાર સતારા નરેશના અધિકારમાં હતી. અને સતારાનો સઘળો રાજપરિવાર શિવાજીની આ ભવાનીની પૂજા કરતો હતો.

શિવાજીની મહાનુભાવના.

વીર શિરોમણિ શિવાજી રાજપદપર પ્રતિષ્ઠિત થયા છે, તેમના નામનો સંવત્ ચાલે છે, તેમના નામની મુદ્રા ચાલે છે અને તેમનાજ નામથી સર્વ પ્રકારનો રાજકારભાર ચલાવવામાં આવે છે. મુગલ શહેનશાહ શિવાજીનો અધિકાર ખુંચવી લઈ શકયો નથી. મુગલ પતાકાની સાથે મરાઠા પતાકા હરીફાઇ કરી રહી છે. શિવાજીએ સ્થળે સ્થળે કિલ્લાઓ બંધાવીને પોતાના રાજ્યની ઉત્તમ પ્રકારે રક્ષા કરવાનો પ્રબંધ

કર્યો છે. યુદ્ધચતુર હમ્મીરરાવ તેમનો સેનાધિપતિ છે. પ્રસિદ્ધ માવલી સેના દ્વિગુણ ઉત્સાહથી મરાઠા સામ્રાજ્યની વૃદ્ધિ કરવાને માટે પ્રયાસ કરી રહી છે.

રાજસિંહાસનપર સ્થિત થઇને શિવાજીએ સંતાનની પેઠે પ્રજાનું પાલન કર્યું હતું. તેઓ પોતાની માતા જીજાબાઇને સાક્ષાત્ દેવી ગણીને તેમની પૂજા કરતા હતા. તેઓ પોતાની પત્ની સઇબાઇપર અત્યંત પ્રેમ રાખતા હતા. તેઓ ગાદીપર બેઠા પછી થોડા વખતમાં તેમનાં માતા અને પત્ની આ લોક છોડી ચાલ્યાં ગયાં. મહારાજા શિવાજીને આથી અત્યંત શોક થયો, તોપણ તેમણે રાજધર્મ પાલનમાં ઉદાસીનતા દર્શાવી નહિ. તેમની પરમ શ્રેષ્ઠ શાસનપ્રણાલીને લીધે પ્રજા પરમસુખમાં દિવસ વ્યતીત કરવા લાગી. તેમણે અનેક ભાગોપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો, પરંતુ તેઓ શરણાગત અને કેદી શત્રુનું કદિ અપમાન કરતા નહિ. તેમણે અનેક આક્રમણો કર્યાં હતાં પરંતુ કદિ પણ ગૌ, બ્રાહ્મણ, ખેડૂત, અને સ્ત્રીને કષ્ટ આપ્યું નહોતું; તેમજ વિધર્મીઓનાં ધર્મસ્થાનક ભ્રષ્ટ કર્યાં નહોતાં. તેમણે અનેક કિલ્લાઓ હસ્તગત કર્યા હતા, પરંતુ કદિ પણ શરણાગત થયેલા કિલ્લાવાસીઓને કષ્ટ આપ્યું નહોતું. વીરશિરોમણિ શિવાજીએ આ રીતે વીર ધર્મનું ગૌરવ સાચવ્યું હતું. આવી ઉદારતા અને આવી ધર્મપરાયણતાને લીધે તેઓ પ્રજાને અતિ પ્રિય થઈ પડયા હતા. એમના બંધુ વેંકોજીએ ભાગ લેવાને માટે સેના એકત્રિત કરી હતી. તોપણ તેમણે કદિ બંધુધર્મનો ત્યાગ કર્યો નહોતો. વેંકોજી જ્યારે તેના મંત્રીની સમ્મતિથી શિવાજીને મળવા આવ્યો ત્યારે શિવાજીએ તેને સદુપદેશ આપી તેના મનની મલિનતા દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

રાજસ્થાનની પેઠે દક્ષિણમાં પણ વીર નારીઓ ઉત્પન્ન થઈ હતી.

શિવાજીના સમયમાં એક વીર નારીએ પોતાની શક્તિનો પરિચય કરાવ્યો હતો. વીરશીરોમણિ શિવાજીએ તેની અપૂર્વ વીરતાનું અપમાન કર્યું નહોતું. શિવાજી રાજમુકુટ ધારણ કરી દક્ષિણમાં જ્યાં ત્યાં પોતાની પ્રભુતા સ્થાપિત કરવાને ઉદ્યત થયા હતા તે વખતે, બલ્લારી રાજ્યમાં મલબાઈ નામની એક વિધવા સ્ત્રીનું આધિપત્ય હતું. શિવાજીએ જ્યારે બલ્લારીના કિલ્લાપર આક્રમણ કર્યું ત્યારે મલબાઇએ સ્વાધીનતાનું રક્ષણ કરવાને માટે શસ્ત્ર ઉઠાવ્યાં. શિવાજીની સેનાને રોકવા માટે કેટલાંએક સ્થાનોએ મલબાઇનાં માણસો ગોઠવાઈ ગયાં. યોગ્ય સેનાપતિઓને સરદારી સોંપી મલબાઈ પોતે દેખરેખ રાખવા લાગી. ભારતના સર્વોત્તમ સેનાપતિનું પ્રચંડ સૈન્ય તેને પરાધીનતામાં જકડી નાંખવા ચઢી આવ્યું, એ કારણથી તે વીરનારી ગભરાઇ નહિ. તે પોતાની શક્તિપર ભરોંસો રાખી હાથમાં તલવાર પકડી શિવાજીની સામે થઈ. શિવાજીની સેનાએ અતિ વેગથી તેનાપર આક્રમણ કર્યું. વીરાંગના મલબાઇ નિડર બની કિલ્લાની બહાર ખડી રહી પોતાની રક્ષા કરવા લાગી. પરંતુ તે અધિક સમય સુધી શિવાજીની રણપ્રવીણ સેનાની સામે ટકી શકી નહિ. કિલ્લાની બહાર ઉભા રહી યુદ્ધ કરવામાં ફાયદો નથી એમ ધારી તેણે પોતાની સેનાને કિલ્લાની અંદર પ્રવેશવાની આજ્ઞા કરી. શિવાજીના સૈનિકોએ કિલ્લાને પણ ઘેરી લીધો અને તેપર તોપના ગોળા છોડવા માંડયા. પરંતુ મલબાઈ આથી પણ ડરી નહિ. તે અપૂર્વ શૌર્યથી કિલ્લાનું રક્ષણ કરવા લાગી. આ પ્રકારે સત્તાવીસ દિવસ સુધી શિવાજીની સેના કિલ્લો ઘેરી રહી હતી. આ અરસામાં મલબાઈ જરા પણ ભય પામીને પરાક્રમ દર્શાવવાથી વિમુખ થઇ નહિ. તેની સાહસિકતા, તેની તેજસ્વિતા અને આત્મગૌરવની રક્ષા કરવાની તેની ઇચ્છામાં જરા પણ ન્યૂનતા આવી નહિ. તેણે એવી ચતુરાઇથી, એવી સાહસિકતાથી અને એવી ધીરતાથી કિલ્લાનું રક્ષણ

કર્યું કે સત્તાવીશ દિવસ સુધી શિવાજીની સેના કિલ્લામાં પ્રવેશી શકી નહિ. પરંતુ સત્તાવીશમા દિવસે તેના ભાગ્યનું ચક્ર ફરી ગયું. તે દિવસે કિલ્લાની દિવાલનો એક ભાગ તૂટી પડયો. તેથી હવે તેના રક્ષણનો પ્રબંધ થઇ શકયો નહિ. આ તૂટી ગયેલા ભાગમાંથી શિવાજીના માણસો કિલ્લામાં પ્રવેશવા લાગ્યા. એકે ઉપાય નહિ સુઝયાથી વીર નારી હતાશ થઇ શિવાજીને શરણે આવી.

શિવાજીની આશા સફળ થઇ. બલ્લારીના કિલ્લાપર તેની વિજયપતાકા ફરકવા લાગી. વિધવા વીરનારી સત્તાવીશ દિવસ પર્યંત ઘોર યુદ્ધ કર્યાં પછી મહારાષ્ટ્રપતિને શરણે આવી હતી. પરંતુ વીર શિવાજીએ આ વીરનારીનું સન્માન કરવામાં ઉદાસીનતા બતાવી નહિ. તેમણે મલબાઇને યોગ્ય માન આપી તેનો કિલ્લો તેને પાછો સોંપ્યો. ત્યાર પછી બલ્લારીના કિલ્લાપર શિવાજીની વિજયપતાકા દ્રષ્ટિગોચર થઇ નહિ. તેની સ્વાધીનતા અચળ રહી. તે વીરનારી પૂર્વવત્ સંપૂર્ણ સ્વાતંત્ર્યથી રાજ કરવા લાગી. તે એવી ચતુરાઇથી સેનાને દોરતી હતી, એવી ધીરતાથી યુદ્ધની આજ્ઞા આપતી હતી અને એવી વીરતાથી સૈન્યના સાહસને ઉત્તેજીત કરતી હતી કે;—સત્તાવીશ દિવસ સુધી શિવાજીની સેના પણ તેની શક્તિને પરાજિત કરી શકી નહોતી.

૧૩–મરાઠા વીર ફિરંગજી.

ઇસવીસનની સત્તરમી શતાબ્દીનાં પચાસ વર્ષો વીતી ગયાં છે. મુગલ પાદશાહ ઔરંગઝેબ દક્ષિણમાં પોતાની પ્રભુતા સ્થાપિત કરવાનો ઉદ્યમ કરી રહ્યો છે. પ્રાતઃસ્મરણીય શિવાજી પોતાની વીરતાથી સર્વ લોકોને આશ્ચર્યચકિત કરી રહ્યા છે. તેમનો પ્રતાપ અને તેમની મહાપ્રાણુતા સમસ્ત દક્ષિણ દેશમાં પ્રશંસા પામી રહી છે. શક્તિવાન

મુગલ પાદશાહ કોઇપણ પ્રકારે હિંદુલોકોના બળને દબાવી શક્યો નથી. દિનપર દિન, અઠવાડીઆંપર અઠવાડીઆં અને મહિનાપર મહિના અવિશ્રાંત ગતિથી અનંત કાળસાગરમાં વિલીન થતા જાય છે. પરંતુ સ્વાધીનતાના અને ભવાનીના ઉપાસક વીર શિવાજીનો પ્રતાપ મંદ થતો નથી. હિંદુ વીર શિવાજી વીરધર્મ છોડી મુસલમાન પાદશાહને નમણું આપતા નથી. ઘોર દુર્દશાના સમયમાં, પરાધીનતાના શોચનીય કાળમાં ભારતભૂમિ પુનઃ જાગૃત થઇ ઉઠી છે. અંધકારમય રાત્રિમાં એક ધ્રુવનો તારો ધીમે ધીમે ઉદય પામી ભૂલા પડેલા વટેમાર્ગુઓને રસ્તો બતાવવા લાગ્યો છે. અધૈર્યના સ્થાનમાં વિશ્વાસ અને નિરાશાના સ્થાનમાં આશા અધિષ્ઠિત થઇ છે. મેઘમાળાની વચ્ચે સૂર્ય પોતાની ચૈતન્યદાયક પ્રભા ફેલાવી રહ્યો છે અને તે જોઇને મનુષ્યો પુલકિત થાય છે.

ઔરંગઝેબે શિવાજીને વશ કરવાને માટે પોતાના મામા શાયસ્તખાનને દક્ષિણનો સૂબો બનાવી તે દેશમાં મોકલી દીધો. આ સૂબાને આજ્ઞા કરવામાં આવી કે ‘ શિવાજીની શક્તિનો હ્રાસ થાય અને તેનું રાજ્ય આપણા હાથમાં આવે તેને માટે તમારાથી બનતા સર્વ પ્રયત્નો કરજો.’ પાદશાહની આજ્ઞાનુસાર શાયસ્તખાન પ્રચંડ સેના લઇને ઔરંગાબાદ થઇને પુના તરફ આવ્યો અને ત્યાં પોતાનો અધિકાર સ્થાપિત કર્યો; ત્યાર પછી તેણે થોડીક સેનાને પહાડી ઘાટમાં આવેલાં એક બીજા સ્થાનપર અધિકાર જમાવવાને માટે મોકલી. શાયસ્તખાન શિવાજીના રાજ્યમાં મુગલ સામ્રાજ્યની પતાકા ફરકાવવાની દૃઢ પ્રતિજ્ઞા કરીને આવ્યો હતો. આ કારણથી પ્રતિજ્ઞા સાથે તેની તેજસ્વિતાનો પ્રકાશ થવા લાગ્યો. તો પણ તે મહારાષ્ટ્રમાં ફતેહ પામી શક્યો નહિ. શિવાજીના શિક્ષણથી મરાઠા લોકો સાહસિક અને બળવાન બની ગયા હતા. તેઓ સ્વાધીનતાનું ગૌરવ સમજવા લાગ્યા

હતા અને તેમના હૃદયમાં સ્વદેશભક્તિ પ્રતિષ્ઠા પામી હતી.

મુગલ સેનાધિપતિ શાયસ્તખાને મરાઠાઓને વશ કરવાને માટે ઘણો ઉદ્યમ કર્યો; પરંતુ તે પરાક્રમી મરાઠાઓની સ્વાધીનતા છીનવી શક્યો નહિ. દક્ષિણમાં ચાકન નામનું એક નાનું નગર હતું. શિવાજીએ ફિરંગજી નામના એક યોદ્ધાને આ નગરની રક્ષાનો ભાર સોંપ્યો હતો. તેજસ્વી ફિરંગજીએ ૧૭ વર્ષ સુધી દુર્દાન્ત મુસલમાનોના હાથમાં આ નગર જવા દીધું નહોતું. ચાકનનો કિલ્લો ઘણો નાનો હતો તેથી શાયસ્તખાને ધાર્યું હતું કે મારો હુકમ થતાં ને વાર એનો રક્ષક એ કિલ્લો મને સોંપી દેશે; પરંતુ ફિરંગજી નાના પ્રદેશના રક્ષક છતાં શક્તિ અને તેજસ્વિતામાં કાંઈ નાના નહોતા. મુગલ સૈનિકોએ તે કિલ્લાપર આક્રમણ કર્યું કે તરતજ ફિરંગજી તેનું રક્ષણ કરવાને માટે ઉદ્યત થયા. જોતજોતામાં દોઢ માસ વ્યતીત થઈ ગયો તથાપિ પરાક્રમી મરાઠાવીરે નમણું આપ્યું નહિ. દિવસપર દિવસ અને અઠવાડીઆંપર અઠવાડીઆં વીતવા લાગ્યાં, દરરોજ અને દરેક અઠવાડીયે ફીરંગજી નવા સાહસ નવા ઉદ્યોગ અને નવીન વીરતામાં આવી જઈ પોતાની સ્વાધીનતા સાચવવાના ઉદ્યોગમાં મચી રહેતા; ઘણા દિવસ સુધી શાયસ્તખાનને વિજય મળ્યો નહિ. લગભગ બે માસ ઘેરો રહ્યો એટલામાં અચાનક એક દિવસ તે કિલ્લાની નજીકની ખાઈ તૂટી પડવાથી કિલ્લાની દિવાલનો કેટલોક ભાગ પણ તૂટી ગયો. આ તૂટેલા ભાગમાંથી મુગલ સૈનિકો કિલ્લામાં ઘુસવા લાગ્યા. આવા સંકટના સમયમાં સાહસિક ફિરંગજી પોતાની સેનાને લઇ શત્રુઓને રોકવા ઉદ્યત થયા અને તેમનું પરાક્રમ, તેમની શક્તિ અને તેમની વીરતા કોઇપણ કારણથી મંદ પડી નહિ. ફીરંગજી એવી તેજસ્વિતા અને એવી વીરતાથી શત્રુઓની ગતિ રોકતા હતા કે યવનો આગળ વધી શક્યા નહિ. આ પ્રકારે તેમણે આખો દિવસ નગરનું રક્ષણ કર્યું અને

આ પ્રમાણે આખો દિવસ નગરની તૂટેલા કોટ પાસે ઉભા રહી મહાન મોગલ સેનાના અધિપતિ શાયસ્તખાનની સાથે તેમણે હિંમત-પૂર્વક પોતાના દેશની સ્વતંત્રતા જાળવવાને ખાતર મહાવીર શિવાજીના અવિચળ ગૌરવની રક્ષા કરી. હવે રાત્રિ પડવા લાગી. આકાશમાં તારાઓ ધીમે ધીમે ચમકવા લાગ્યા. મુગલસેના અંધકારને લીધે યુદ્ધભૂમિમાંથી ચાલી ગઈ. બીજે દિવસે પ્રાતઃકાળમાં વીર ફિરંગજી શાયસ્તખાનની પાસે ગયા. શાયસ્તખાને તે વીર પુરૂષનું સન્માન કરવામાં કચાશ રાખી નહિ. તેણે ફિરંગજીની અલૌકિક વીરતા તથા બળની પ્રશંસા કરીને તેમને કહ્યું "જો આપ મુગલ સરકારની નોકરી કરો તો આપને મોટું પારિતોષિક આપવામાં આવશે" પરંતુ વીર ફિરંગજીએ પોતાની પ્રતિષ્ઠા વેચી નહિ. તેમણે શાયસ્તખાનની માગણીનો અનાદર કર્યો. શાયસ્તખાને આ વીરની અદ્દભુત વીરતાથી પ્રસન્ન થઇને તેને સન્માન સાથે વિદાય કર્યો. હવે ફિરંગજી વીરતાનું ગૌરવ પ્રાપ્ત કરી શિવાજીની પાસે ગયા. શિવાજીએ તેમના પરાક્રમને માટે તેમને યોગ્ય પરિતોષિક આપી તેમનું સન્માન કર્યું. ભારતના વીર પુરૂષે એક સમય આ પ્રકારે સ્વાધીનતાની રક્ષા કરી હતી અને પોતાના ગૌરવને સાચવીને તે સમયે એવા પ્રકારથી પોતાની તેજસ્વિતા અને મહાપ્રાણતાનું રક્ષણ કર્યું હતું.

—

૧૪–વીર સરદાર તાનાજી.

ઔરંગઝેબ દક્ષિણમાં પોતાનો અધિકાર ફેલાવવાને ઉદ્યત થયો છે. વીર શિરોમણિ શિવાજી પાદશાહની ગતિને રોકવાના પ્રયત્ન કરી રહ્યા છે. શિવાજીની સાહસિકતા સર્વનું ધ્યાન ખેંચી રહી છે. તેમણે અતુલ સાહસ, અસાધારણ પરાક્રમ અને અલૌકિક દ્રઢતાથી પરમપૂજ્ય જન્મ ભૂમિનો ઉદ્ધાર કરવાની દ્રઢ પ્રતિજ્ઞા કરી હતી. મુગલ સામ્રાજ્ય

રૂપી સાગરના પ્રચંડ તરંગો પ્રબળ વેગથી ભારતવર્ષના સર્વ છેડા ડુબાવવાને તૈયાર થયા હતા. શિવાજી દક્ષિણમાં અટલ ગિરિરાજની પેઠે અદ્દભૂત તેજસ્વિતા સાથે આ તરંગોની ગતિ રોકી રહ્યા હતા. ઇસવીસનની સત્તરમી શતાબ્દીના અંતિમ ભાગમાં મહારાષ્ટ્ર દેશ અપૂર્વ શૌર્ય દર્શાવી રહ્યો હતો, પરાધીનતાના શોચનીય સમયમાં સ્વાધીનતાની સ્વર્ગીય મૂર્તિ ભારતવર્ષના એક ભાગમાં ધીમે ધીમે પ્રકાશિત થઇને સમસ્ત ભારતવર્ષના હૃદયમાં આશા અને ઉત્સાહના તરંગો રેલાવી રહી હતી. અંધકારમય મેઘમાલામાંથી સૂર્યના કેટલાક કિરણોએ નીકળીને ભારતવર્ષના એક ભાગને ઉજ્જવલ પ્રકાશથી સુશોભિત બનાવી મૂક્યો હતો. આથી અન્ય ભાગો પણ પુલકિત બન્યા હતા.

ઔરંગઝેબે શિવાજીને પાદાક્રાંત કરવાને માટે પોતાના જ્યેષ્ઠ પુત્ર સુલતાન મોઆજીમ અને સેનાપતિ જસવંતસિંહને દક્ષિણમાં મોકલ્યા છે. આ પૂર્વે રાજા જયસિંહે શિવાજીના સિંહગઢ અને પુરંદર નામના કિલ્લાપર અધિકાર સ્થાપિત કરી દીધો હતો. પાદશાહની ઘણી રાજપૂત સેના સિંહગઢમાં રહેતી હતી. ઉદયભાનુ નામનો એક રાજપૂત વીર આ સેનાનો સરદાર હતો. મુગલ સામ્રાજ્યની સામે પોતાની પ્રભુતા સ્થાપિત કરવાની તેમણે દ્રઢ પ્રતિજ્ઞા કરેલી છે. અને શિવાજી આ કાર્ય સાધવામાં પોતાના મનમાં પુનઃ અનેક વિચારો કરી રહ્યા છે.

સિંહગઢ પ્રકૃતિરાજ્યના સુંદર સ્થાનમાં આવેલો છે. ચારે તરફ ઉચ્ચ પર્વતો ગગનમંડળ સાથે વાતો કરી રહ્યા છે. એક બાજુ સિંહગઢ સહ્યાદ્રિ પર્વતની પૂર્વ દિશાએ આવેલો છે. કિલ્લો ઉન્નત સ્થાનપર આવેલો હોવાથી ત્યાં ચઢવું બહુ મુશ્કેલ થઇ પડે છે. અર્ધ માઇલની ઉંચાઇએ ચઢયા પછી કિલ્લામાં જઇ શકાય છે. કિલ્લાનો આકાર ત્રિકોણમય છે. તેની વચ્ચે પ્રાયઃ બે માઇલનું મેદાન છે. જે સમયે

આકાશ નિર્મળ હોય અને સ્વચ્છ નીલ ગગનમાં સૂર્ય પ્રકાશતો હોય તે વખતે પૂર્વ દિશા તરફ દ્રષ્ટિ ફેંકવાથી નીરા નદીના તટપર આવેલાં વૃક્ષો તથા લીલાછમ છોડવાઓ નેત્રને પરમસુખ આપે છે. ઉત્તર દિશામાં પહાડની પેલી તરફ વિશાલ સપાટ ભૂમિ દ્રષ્ટિગોચર થાય છે. શિવાજીના શૈશવકાળની લીલાભૂમિ પુના નગરી આ ભૂમિની સામી દિશામાંજ આવેલી છે. સિંહગઢની દક્ષિણે અને પશ્ચિમે કેવળ ઉંચી નીચી પર્વતમાલા નીલ સમુદ્રતરંગોની પેઠે શોભી રહી છે. આ તરફ દૂર દ્રષ્ટિ ફેંકવાથી પર્વતનાં ઉંચાં શિખરો નીલ આકાશની સાથે મળી જતાં જણાય છે. શિવાજીનું રાયગઢ અત્રેજ વસેલું છે. શિવાજીના સેનાપતિ તાનાજીએ આ દુર્ગમ અને દુરારોહ કિલ્લાને હસ્તગત કરવાની જોખમદારી પોતાને શિર લીધી હતી. પૂર્વે આ કિલ્લો કોંડ નામથી પ્રસિદ્ધ હતો, પરંતુ શિવાજીએ તાનાજીના પરાક્રમનો પરિચય આપવાને માટે એનું નામ સિંહગઢ રાખ્યું હતું.

માઘ માસ ચાલે છે. દુર્ગમ પહાડી ભાગમાં શીતઋતુએ પોતાનો પ્રભાવ દ્વિગુણ વધારી મૂક્યો છે. સાહસિક તાનાજી આ શીતકાળની અંધકારમય રાત્રિમાં એક હજાર માવલીઓની સેના લઇને સિંહગઢપર અધિકાર સ્થાપિત કરવાને માટે જાય છે. માવલી સૈનિકો પહાડી માર્ગ સારી રીતે જાણતા હતા તેથી તેઓ ગુપચુપ ચાલ્યા જતા હતા. તાનાજીએ પોતાની સેનાને બે ભાગમાં વિભક્ત કરી હતી. તેમાંના એક ભાગને તેણે પાછળ ઉભો રાખ્યો અને તેને આજ્ઞા ફરમાવી દીધી કે "તમને સંજ્ઞા કરવામાં આવે ત્યારે તમારે આગળ વધવું." બીજા ભાગને તેણે છેક કિલ્લાની નિકટ પહાડની તળેટીમાં છુપાવ્યો. આ ભાગમાંના એક સાહસિક વીર પુરુષે ગુપચુપ પહાડપર ચઢી શીઘ્રતાથી એક દોરડું નીચે લટકાવ્યું. શિવાજીના સાહસિક માવલી સૈનિકો આ દોરડાંવતી એક પછી એક કિલ્લાપર ચઢવા લાગ્યા. આ

પ્રકારે ત્રણુસેં માણુસો કિલ્લાપર ચઢી ગયા. એટલામાં અચાનક એક પોકાર ઉઠયો. આ પોકાર સાંભળી સૈનિકો ચોંકી ઉઠયા. કિલ્લામાંનો એક માણુસ જાગૃત થયો હતો અને તે કિલ્લામાં કોણુ આવે છે તે જોવાને માટે આગળ ધસી આવ્યો એવામાં એક માવલીએ તેને તીર મારી નીચે તોડી પાડયો. પણુ તેણે જે બૂમ પાડી તેથી કિલ્લાના રક્ષકો એકદમ જાગૃત થયા. તાનાજીએ કેવળ ત્રણુસેં માણુસો સાથે કિલ્લાના રક્ષકોપર આક્રમણુ કર્યું. રક્ષકોની સંખ્યા વિશેષ હતી તોપણુ માવલી સૈન્ય તેમનાથી હઠયું નહિ. તેઓ તેમનાપર પુષ્કળ શરવૃષ્ટિ કરવા લાગ્યા. થોડી વારમાં તાનાજી એક સાચા વીર પુરુષની પેઠે સમરક્ષેત્રમાં સદાને માટે સૂતા. તેની સેના આ આકસ્મિક ઘટનાથી ગભરાઇને નીચે ઉતરવા નાસભાગ કરવા લાગી. પરંતુ તાનાજીના બંધુ સૂર્યજીએ ગંભીરતાપૂર્વક તેમને સંબોધીને કહ્યું "એવો કયો નીચ પુરુષ હોય કે જે પોતાના પિતાનું શરીર રણુભૂમિમાં રઝળતું છોડીને નાશી જાય? ચઢવાને માટે જે દોરડું લટકાવવામાં આવ્યું હતું તે તૂટી ગયું છે; માટે જો તમે ઉતરવાનો પ્રયત્ન કરશો તો ઉંડી ખીણુમાં તૂટી પડીને મરણુ શરણુ થશો. અરે! તમે શિવાજી મહારાજના બહાદુર સૈનિકો છો, માટે નાશી જવું એ તમને શોભાસ્પદ નથી. આ વખતે તમારે વીરતાનો પરિચય કરાવવો જોઇએ." સૂર્યજીનાં આ શૌર્યમય વાકયોથી માવલી સૈનિકોનો ઉત્સાહ વધ્યો અને તેઓ એક ક્ષણુમાં 'હરહર મહાદેવ' કરીને શત્રુઓની ઉપર તૂટી પડયા. 'હરહર મહાદેવ'નો ધ્વનિ રાત્રિની શાંતિનો ભંગ કરી પહાડોની ગુફાઓમાં ગુંજવા લાગ્યો. આ વખતે માવલી વીરોએ એવા વેગથી શત્રુદલપર આક્રમણુ કર્યું કે તેઓ કોઈ પણુ પ્રકારે તેમની ગતિને રોકી શકયા નહિ. કિલ્લામાંના રક્ષકોમાંથી ૫૦૦ માણુસો મરાઠા વીરોની અસિના ભોગ થઈ યમલોકમાં પહોંચી ગયા.

સૂર્યજીનો વિજય થયો; અને દુરારોહ સિંહગઢપર પુનઃ શિવાજીની પતાકા ફરકવા લાગી.

આ વિજયના અને તાનાજીના મૃત્યુના સમાચાર શિવાજીને કાને પહોંચ્યા ત્યારે હર્ષ શોકની મિશ્ર લાગણી તેમના હૃદયમાં ઉત્પન્ન થઇ. તેમણે પોતાના બહાદુર સરદારના મૃત્યુની ખબર સાંભળી શોકાકુલ થઇ અશ્રુ સારતાં સારતાં કહ્યું "સિંહને રહેવાની ગુફા પર તો અધિકાર સ્થાપિત થયો, પરંતુ સિંહ તો મારો ગયો. મેં મારા હાથમાં કિલ્લો તો લીધો. પરંતુ અફસોસ ! તાનાજીને સદાને માટે ગુમાવી દીધો !"

૧૫–સ્વામીભક્ત બાજી પ્રભુ દેશપાંડે.

સંધ્યાકાળનો રમણીય સમય હતો. સૂર્યનારાયણ પોતાની શ્વેત રંગની પછેડી છોડી લાલ રંગની ઓઢીને અસ્તાચળ તરફ જતા હતા. ખરેખર, દરેક મનુષ્યને સવાર તથા સાંજનો વખત આનંદદાયક લાગે છે; અને તે વખતે દરેક મનુષ્યના મુખ ઉપર કંઇને કંઇ નવીનતા જોવામાં આવે છે, આ વખતે અબ્દુલફજલ એકલો છજામાં ઉભેલો જોવામાં આવતો હતો; પરંતુ તેના પિતાના મરણથી તેનો ચહેરો અતિ ખિન્ન દેખાતો હતો. તે ક્ષણમાં ક્રોધથી લાલ થઇ જતો હતો અને ક્ષણમાં પક્ષીઓના શબ્દ પ્રત્યે ધિક્કાર દ્રષ્ટિથી જોતો હતો. તેની આવી દશા જોઇને તેના નોકર ચાકરોને પણ બીક લાગતી હતી. ઘણી વાર સુધી તે વિચારશીલ સ્થિતિમાં છજામાં ઉભો રહ્યો. આખરે તેના મ્હોંઢામાંથી ઉદ્‌ગારો નિકળ્યા "અરે દગાખોર શિવાજી ! તેં ઘણી દગાબાજી કરી છે, મારા પિતા જે હાથી સમાન બળવાન હતા તેને નહિ જેવી વાતમાં તેં મારી નાંખ્યા છે, પરંતુ યાદ રાખજે કે આ અબ્દુલફજલ પણ કંઇ કમ નથી. જ્યારે તારૂં માથું કાપી બાદશાહના

ચરણ સમક્ષ રજુ કરૂં ત્યારેજ પિતાના ઋણમાંથી મુક્ત થાઉં! પિતા! અરે પિતા!! તમે અત્યારે કયાં છો? બાદશાહ કહે છે કે મને જો આવી ખબર હોત તો કદી પણ તમને ત્યાં મોકલત નહિ." આવી રીતે અબુલફજલ બડબડતો હતો, તે વખતે તેને કોઇના આવવાના પગલાંનો અવાજ સંભળાવાથી તેણે બાજુપર નજર કરી તો સિપાઇએ તેને કહ્યું કે સિદ્દી સાહેબ આપને મળવા માગે છે. "જા જલદી અંદર બોલાવી લાવ" એમ કહી અબુલફઝલ દીવાનખાનામાં ગયો કે તુરત સિદ્દીસાહેબ અંદર આવ્યા. અબુલફઝલે તેનો ઘણોજ માનપૂર્વક આદરસત્કાર કરી એકજ ગાદી ઉપર બન્ને જણ બેઠા. વિશ્રાન્તિને માટે બેચાર પ્યાલી સરબતની લીધા પછી હુક્કો પીવા માંડયો. હુક્કો પીતાં પીતાં અબુલફજલે પૂછ્યું, સિદ્દી સાહેબ! શું આપની સાથે આવવાનો હુકમ બાદશાહે મને ફરમાવ્યો છે? બતાવો, બતાવો, જલદી બતાવો, શું બાદશાહે મને દગાખોરનું શિશ કાપી મારૂં વેર લેવાની તક આપી છે? એટલામાં સિદ્દી જોહરે હુકમ બતાવ્યો. અબુલફજલે જ્યારે હુકમમાં વાંચ્યું કે સિદ્દી જોહર સાથે શિવાજીનો પરાજય કરવા માટે પોતાને પણ જવાનું છે, ત્યારે તેને ઘણો આનંદ થયો. હવે કેવી રીતે કામ કરવાથી શિવાજીનો પરાજય થાય અને પોતાના હાથમાં તે કેદી તરીકે આવે તેની અબુલફઝલે સિદ્દીજોહર સાથે સલાહ કરવા માંડી. તે વિષયપર જુદા જુદા વિચાર કરવામાં આખી રાત કાઢી પણ કંઇ નિર્ણય થયો નહિ.

કાંગા નામના બ્રાહ્મણને ત્યાં હુસેન નામનો એક મુસલમાન ગુલામ હતો. તેણે પોતાના શેઠની નેક નિષ્ઠાથી નોકરી કરી હતી. જેથી બ્રાહ્મણે ખુશ થઇને હુસેનને પોતાની ગુલામગીરીમાંથી મુક્ત કર્યો. મુક્ત થયા પછી હુસેન થોડી મુદ્દતમાં સુલતાન થયો. સુલતાન થયા પછી પોતાના શેઠનું નામ અમર રાખવા માટે તેણે પોતાના રાજ્યનું

નામ બ્રાહ્મણી રાખ્યું. આગાળ ઉપર બ્રાહ્મણી રાજ્યના પાંચ ભાગ થયા તે પૈકી વિજાપુરનો ભાગ પણ બ્રાહ્મણી રાજ્યનો હતો. બ્રાહ્મણી રાજ્યે દક્ષિણનો ઘણો મોટો ભાગ પોતાને કબજે કર્યો હતો. બીજી બાજુ દિલ્લીશ્વર ઔરંગઝેબે પોતાનું રાજ્ય વધારવા પ્રયત્ન ચાલુ કર્યો હતો. મુમતાજમહાલબેગમના મૃત્યુના શોકથી શાહજહાંએ રાજ્ય કારભારને તિલાંજલિ આપી હતી. શાહજહાંને ચાર છોકરા હતા. આ ચારેયના સ્વભાવ જુદા જુદા હતા. એક ક્રોધી હતો તો બીજો દારૂડીઓ અને વિષયી હતો. ત્રીજો ધુતારો, કપટી અને વિશ્વાસઘાતી હતો. અને ચોથો મૂર્ખ અને ભોળો હતો. આ ચાર છોકરામાંથી ઔરંગઝેબ પોતાના પિતા શાહજહાંને કેદ કરી પોતાના ભાઇ દારા, સુજા અને મુરાદને મારી ગાદી ઉપર બેઠો. ઔરંગઝેબનો એવો વિચાર હતો કે જ્યાં લગી હિંદુઓને મુસલમાન બનાવવામાં નહિ આવે ત્યાં લગી મુસલમાની રાજ્ય મજબુત થવાનું નથી. આ આશયથી તેણે એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર લઇને હિંદુઓને મુસલમાન બનાવવાનો ક્રમ ચાલુ કર્યો હતો. ચારે બાજુએ મુસલમાનના ત્રાસથી હિંદુઓના દુઃખનો પાર રહ્યો નહોતો. આ વખતે છત્રપતિ શિવાજી મહારાજ જેવું રત્ન ઉત્પન્ન ન થયું હોત તો હિંદુઓ આજ અસ્તિત્વ ભોગવતા હોત કે નહિ તેની પણ શંકા રહે છે. મહારાજ શિવાજી પોતાના જાતિ બન્ધુઓની આવી દશા જોઇ શક્યા નહિ. જેથી તેમણે ખેડૂતો અને માવલી લોકોને ભેગા કર્યા. તોરણાનો કિલ્લો જીત્યા પછી બાર વરસ સુધી તેમની સામે કોઇ થયું નહિ. વિજાપુરના બાદશાહને ડર લાગતો હતો કે જો શિવાજી મારા ઉપર ચઢાઇ કરશે તો જરૂર મારા રાજ્યનો અંત આવશે એ કારણથી તેણે મહા પરાક્રમી અફજલખાનને શિવાજીને પકડવા મોકલ્યો હતો. ખાનસાહેબ પોતાની બહાદુરીનું ઘણું અભિમાન રાખતા હતા; તેથી પોતે એવી પ્રતિજ્ઞા કરી હતી કે "શિવાજીને હમણાંજ જીવતો પકડી લાવું છું."

પણ તે પ્રતિજ્ઞા પૂર્ણ કરતા પહેલાં તો ખાનસાહેબ પોતેજ કાળના સપાટામાં પકડાઈ ગયા!

સિદ્દી જોહર એક કસાએલો વીર યોદ્ધો હતો. તેણે કોઇ પણ વખત પુંઠ બતાવી નહોતી. તેથી બાદશાહે તેને શિવાજી મહારાજ ઉપર ચઢાઈ કરવા મોકલ્યો, અને અબુલફ્જલને તેની મદદે જવા હુકમ કર્યો હતો. ઘણી મોટી સેના લઇને સિદ્દીજોહર તથા અબુલફ્જલ પન્હાલગઢની તળેટીમાં શિવાજી મહારાજની તપાસ કરતા આવી પહોંચ્યા. જે વખતે તેઓ પન્હાલગઢ આવ્યા તે વખતે શિવાજી મહારાજ ગઢમાં હતા. શિવાજી ગઢમાં છે તેવી ખબર સિદ્દી જોહરને મળી કે તરતજ તેણે ગઢને ચારે બાજુથી ઘેરી લીધો અને બહારની ખબર અંદર ન જાય તેનો પુરતો બંદોબસ્ત કરવામાં આવ્યો. જે વખતે કિલ્લામાં ખબર પડી કે શત્રુઓએ કીલ્લો ઘેરી લીધો છે, તે વખતે કિલ્લામાં ભારે ગડબડ મચી રહી. આથી તેઓ વિચાર કરવા લાગ્યા કે આપણા પ્રભુ શિવાજી મહારાજને હવે કેવી રીતે બચાવી શકીશું. સિદ્દી જોહરની વીરતા મરાઠાઓ સારી રીતે જાણતા હતા, તેથી તેઓ એમ સમજવા લાગ્યા કે આ વખતે શિવાજી મહારાજ શત્રુઓના હાથમાં સપડાઇ ગયા છે. પણ શિવાજી મહારાજને પોતાના જીવની પરવા નહોતી. શત્રુઓનો નાશ કેવી રીતે કરવો? તેનોજ તેઓ વિચાર કરતા હતા. શિવાજી સારી રીતે જાણતા હતા કે જ્યાં લગી હું બહાર નહિ નીકળું ત્યાં લગી શત્રુઓનો પરાભવ થવાનો નથી. તેથી તેમણે પોતાના વિશ્વાસુ સરદારોને બોલાવ્યા. અને પૂછ્યું કે હવે આપણે આપણો બચાવ કેવી રીતે કરવો. શત્રુઓ કિલ્લામાં આવી શકવાના નથી એ વાત નક્કી છે, પણ આપણે કિલ્લામાં રહીશું ત્યાં સુધી તેઓનો પરાજય કરી શકીશું નહિ. આખરે ઘણો વિચાર કરી નક્કી કર્યું કે મહારાજે રાંગણાના કિલ્લામાં જતા રહેવું. બાજીપ્રભુ દેશપાંડે સાથી

પહેલા વર્ગનો વિશ્વાસુ સરદાર હતો; તેથી તેણે આવા કઠિન વખતમાં પણ શિવાજી મહારાજ સાથે જવાની હઠ કરી; શિવાજીએ તેની હઠ જોઇ તેને પોતાની સાથે આવવાની હા કહી. થોડી સેના લઇ શિવાજીએ રાત્રિ સમયે પન્હાલનો કિલ્લો છોડયો. બીજી તરફ સિદ્દી જોહર મરાઠાઓની લુચ્ચાઇ સારી રીતે જાણતો હતો તેથી તે કોઇ વખત રાતના ઉંઘતો નહોતો. જે વખતે તેને માલુમ પડયું કે મરાઠા કંઇ દગાબાજી રમે છે. તે વખતે તે પોતાના તંબુમાંથી બહાર નીકળ્યો. અને સુખમાં ઉંઘતા અબ્દુલફ્જલને જાગૃત કરી તે વાતથી વાકેફ કર્યો. અને મોટી સેના લઇ જે મરાઠા બહાર નીકળ્યા હતા તેમને પકડવા તેઓ નીકળી પડયા. શિવાજી અને બાજીપ્રભુને જ્યારે ખબર પડી કે શત્રુઓએ તેમની પુંઠ પકડી છે ત્યારે તેઓ એક ખીણમાં ઉભા રહ્યા. તેઓ જાણતા હતા કે શત્રુઓની મોટી સેના સામે થઈ શકાશે નહિ; પણ બાજીપ્રભુને વિશ્વાસ હતો કે આ ઘાટીમાં શત્રુઓને રોકી શકાશે, અને તેટલી મુદતમાં મહારાજા રાંગણાના કિલ્લામાં સહીસલામત પહોંચી જશે; તેથી તેણે મહારાજાના ચરણ પકડી કહ્યું કે "મહારાજ આપ અહીંથી જતા રહો. કારણ કે એક એક ક્ષણ એક એક યુગ બરાબર જાય છે. હું થોડી સેના સાથે અહીં રહું છું અને શત્રુઓને મારા પ્રાણ જતાં સુધી આ ઘાટીમાં દાખલ થવા નહિ દઉં." શિવાજી મહારાજ બાજીપ્રભુની વાતને મળતા થયા નહિ. અને તેના ગળામાં હાથ નાંખી કહ્યું કે—"બાજી હું તમને દરેકને છોડી કદાપી જવા માંગતો નથી. કારણ કે તમે મારા માટે અહીં મરો, અને હું મારો પ્રાણ બચાવવા એકલો નાશી જાઉં એ કેમ બને? માટે કદાપી હું જઇશ નહિ." શિવાજી મહારાજનું આવું બોલવું સાંભળી બાજીપ્રભુએ મહારાજાના ચરણ પકડી કહ્યું કે—"મહારાજ! 'સો મરો પણ સોનો પાળનાર ના મરો' એ કહેવત ખોટી નથી;

માટે આપ સત્વર ચાલ્યા જાઓ. અત્રે વધુ રોકાવામાં માલ નથી. આપ જુઓ છો કે શત્રુઓ આવી પહોંચ્યા છે." ઉપરનાં વાક્ય સાંભળી મહારાજ લાચાર થઈ ગયા અને બાજીના ગળામાંથી હાથ લઈ લીધો અને કહ્યું કે–"રાંગણાના કિલ્લામાં પહોંચી તમારી મદદને માટે બીજું લશ્કર મોકલું છું અને હું સહીસલામત કિલ્લામાં પહોંચ્યો છું તેની જાણને માટે તોપના પાંચ અવાજ કરીશ." એટલું કહી શિવાજી મહારાજ પોતાના અંગ રક્ષક તરિકે થોડા માણસો લઈ રવાના થયા. હવે બાજી પ્રભુના જીવમાં જીવ આવ્યો. તેણે પોતાના માણસના બે ભાગ કરી ધાટીની બે બાજુ ઉભા રાખ્યા અને તેમને ઉત્તેજીત કરવા માટે ખુબ આવેશથી બોલ્યો. "મારા પ્યારા સૈનિકો, તમે જાણો છો કે આ વખતે આપણા ઉપર કેટલી જવાબદારી રહેલી છે. તમારી સ્વામીભક્તિ જાવાનો પ્રસંગ આવ્યો છે. ભલે શત્રુઓ તમારા કરતાં વધુ પ્રમાણમાં છે પણ તમારી તલવાર આગળ તે ટકી શકવાના નથી એવી મારી ખાતરી છે. માટે શત્રુઓને આજે બરાબર બતાવી આપો કે મરાઠાઓ જેનું લુણ ખાય છે તેની નોકરી સત્યનિષ્ઠાથી બજાવે છે. શત્રુઓને સમજણ પાડો કે સિંહને પકડવો સ્હેલ છે પણ શિવાજીને પકડવો એ સ્હેલ નથી. ચાલો તૈયાર થાઓ અને આપણા પરાક્રમથી શત્રુઓનો પરાજય કરો. જુઓ શત્રુઓ આવી પહોંચ્યા છે. તમારી દરેક જણની આગળ ધાટીમાં આ બાજી છાતી ઠોકી ઉભો રહે છે" એવું કહીને એ વીરરત્ન ધાટીમાં બકરાના ટોળામાં વાઘ તલપે તેમ કૂદી પડ્યો. બાજીના ભાષણથી મરાઠાઓના શરીરમાં પણ બળની વૃદ્ધિ થઈ અને મરતાં સુધી પણ શત્રુઓને આગળ નહિ વધવા દેવાનો તેમણે દૃઢ નિશ્ચય કર્યો અને પછી પર્વતની પેઠે અડગભાવે તેઓ ધાટીમાં ઉભા રહ્યા. અણુલઝજાએ પહેલો હલ્લો કર્યો પણ તે મરાઠાઓની સમશેરથી પાછો ફર્યો.

બીજો હલ્લો સિદ્દી જોહરે કર્યો તેમાં બાજીને બે ઘા થયા પણ તેની વીરતા આગળ સિદ્દીને પાછું ફરવું પડયું. ત્રણ કલાક સુધી ભયંકર યુદ્ધ થયું છતાં મહારાજાના પહોંચ્યાનો બીલકુલ જવાબ આવ્યો નહિ. તેથી બાજીને મનમાં ઘણી ચિંતા ઉત્પન્ન થઈ, એટલામાં શત્રુઓએ ત્રીજો હલ્લો કર્યો આ હલ્લામાં બાજીના ઘણા માણસો ખપી ગયા ઉપરાંત તેને પણ દશ વીશ ઘા પડયા. છતાં શત્રુઓથી એક ડગલું આગળ વધી શકાયું નહિ. એટલામાં શત્રુ તરફથી બાજીના ઉપર એક ઘા એવો થયો કે બાજીનો હાથ બાજીને સદાને માટે છોડી ગયો. છતાં બાજી હિંમત નહિ હારતાં પ્રયત્ન કરવા લાગ્યો. એટલામાં ધનાધન તોપોના પાંચ અવાજ થયા. અવાજ સાંભળતાંજ બાજીનો જીવ શાન્ત થયો અને સિદ્દી જોહરને કહ્યું કે, મેં મારૂં કર્ત્તવ્ય કર્યું છે. સ્વામીનો જીવ બચાવ્યો છે. હવે આ શરીરનું ગમે તે થાઓ. સિદ્દી જોહર જા, ખુશીથી જા, મેં મારા પ્રભુને સુખ રૂપે ધારેલા સ્થળે પહોંચાડી દીધા છે. એટલું બોલી બાજી જમીન ઉપર પડી ગયો. અને શરીરમાંથી તેનો પ્રાણ જુદો થયો. બાજી પ્રભુનું અપ્રતિમ શૌર્ય જોઇ સિદ્દી જોહર તાજુબ થયો; તેના મુખમાંથી એકાએક ઉદ્દગાર નીકળ્યો કે બાજી તું ખરેખરો શૂરવીર છે, અને ખરો સ્વામીભક્ત છે. તું અહીં તારા સ્વામીને જેટલો વહાલો હતો તેટલોજ અરે તેથી વિશેષ વહાલો હવે ઇશ્વરનો થયો છું" એટલું બોલી તેણે પોતાની સેના પાછી વાળી. અને દિલગીર વદને વિજાપુર પાછો ફર્યો. શિવાજી મહારાજને આ દુઃખદ સમાચાર કહેવા માટે બે ચાર મરાઠા રવાના થયા અને બનેલી હકીકત કહી. જ્યારે બાજીના મૃત્યુના સમાચાર શિવાજીના સાંભળવામાં આવ્યા ત્યારે તેઓ તેના ગુણ યાદ કરીને આંસુ પાડવા લાગ્યા. ધન્ય છે શિવાજી મહારાજ જેવા સ્વામીને અને ધન્ય છે બાજી પ્રભુ દેશપાંડે જેવા સેવકને!

(૧૬)–વીર રંગરાવ.

ઇસવીસન ૧૭૫૭ ના ડીસેમ્બર મહિનામાં કર્ણાટક પ્રદેશમાં ઇંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે ભીષણ યુદ્ધ ચાલતું હતું. મદ્રાસના કિનારા ઉપરના રાજાઓમાંના કોઈએ ફ્રેન્ચનો, તો કોઈએ ઇંગ્રેજનો પક્ષ સ્વીકાર્યો છે. સમુદ્ર કિનારે ઇંગ્રેજ અને ફ્રેન્ચોની નૌકા સેનાઓ આકાશમાં ધ્વજા ઉડાવતી અભિમાનથી અહીંથી તહીં ફરે છે; આખા દેશમાં સૈન્ય ફેલાઈ ગયું છે; સૈન્યનાં પગલાંથી દેશ ધ્રુજી રહેલો છે; પોતપોતાના સ્વાર્થની રક્ષાને માટે તેઓએ સૈનિકોના લોહીથી તર્પણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. મનુષ્યોના લોહીની નદી પ્રવાહિત કરવાને માટે તેમના ગળામાં ફાંસો નાખવાને એ રાજાઓ પ્રવૃત્ત થયા છે. ફ્રેન્ચ સેનાપતિ બુસિ રાજમહેન્દ્ર નગરમાં આવ્યો છે; લોહીના તરસ્યા વિજય નગરના મહારાજાના પૂર્વપુરૂષ રાજા વિજયરામરાજીએ બાબિલીના રાજાનો સર્વ નાશ કરવાને માટે તેની સાથે મસલત કરવાનો આરંભ કર્યો છે. વિજયરામે બુસિને સમજાવ્યો કે, બાબિલીનો રાજા રંગરાવ એક ખરાબ માણસ છે, તેને દેશમાંથી દૂર નહિ કરવામાં આવે તો ફ્રેન્ચોનું કલ્યાણ થનાર નથી. બુસિએ તે ઉપરથી રંગરાવને સ્વદેશ છોડીને કોઈ દૂરના ભાગમાં જવાનો હુકમ આપ્યો. ભારતવાસીઓ તે સમયે હીનવીર્ય નહોતા. રંગરાવે બુસિના કહેવાને ગણકાર્યું નહિ અને એકદમ ફ્રેન્ચ લશ્કરનો યુદ્ધમાં પરાજય કરીને તેનો સમૂળો ધ્વંસ કર્યો. આ પ્રમાણે લઢાઇમાં પરાજિત થયેલો બુસિ ક્રોધાનલથી બળવા લાગ્યો; અને રંગરાવનો તેના વંશ સાથે નાશ કરવાને તેણે એક મોટી લઢાઈની તૈયારી કરી.

પેલી બાજુએ રંગરાવે છેટેના ધાડા જંગલમાં વિંટાયલા મજબૂત કિલ્લામાં ૨૫૦ લશ્કર અને ૫૦૦ બાળક તથા સ્ત્રીઓને લઇને

આશ્રય લીધો. બુસિ ૭૫૦ યુરોપિયન અને ૧૧,૦૦૦ દેશી સૈન્ય તથા ૪ તોપો લઇને તેની સામે લઢાઇ કરવા આવ્યો. દ્વેષી, ભારત–કલંક વિજયરામ પણ મનુષ્યજાતિનું લોહી પીવાને માટે લશ્કરની સાથે બુસિના સૈન્યમાં સામેલ થયો હતો. આ વિપુલ સૈન્ય વન-જંગલ સાફ કરીને થોડા દિવસમાં રંગરાવના કિલ્લાની પાસે આવ્યું. કિલ્લાની લંબાઈ ૪૦૦ હાથ અને પહોળાઇ ૪૦ હાથ હતી. અને તે સુમારે ૧૪ હાથ ઉંચી દીવાલથી સુરક્ષિત હતો. એના ચારે ખુણા ઉપર ચાર મજબુત નાના કિલ્લા હતા; શત્રુઓને ઘેરી લેવાને માટે ચોતરફથી દીવાલની ચારે બાજુનો કેટલોક ભાગ નીકળેલો હતો. બુસિએ સેનાને ચાર ભાગમાં વહેંચીને ચાર બાજુના નાના કિલ્લાઓને તાબે કરવાને માટે હુકમ આપ્યો. રંગરાવ થોડું લશ્કર લઇને જીવનનું પણ કરીને લડાઇ કરવા લાગ્યો. ઇસવીસન ૧૮૫૮ ની ૨૪ મી જાનેવારીએ સૂર્યોદય પહેલાં લઢાઇ શરૂ થઇ. ફ્રેન્ચ તોપોમાંથી ગોળાઓ વરસવા માંડયા. કિલ્લામાંના રહેનારાઓએ અગ્નિનો ભય નિવારવાને માટે ઘાસનાં ઝુંપડાં ભાગી નાખ્યાં. ૯ વાગતાં કિલ્લાની દિવાલ ઘણી જગાએથી ભાગી ગઇ. ફ્રેન્ચ લશ્કર એકીવારે ચારે બાજુએ દીવાલમાંથી અંદર જવાને માટે દોડવા લાગ્યું. પરંતુ એક કલાક સુધી ઘણી મહેનત કરી તોપણ એકે માણસ તે દીવાલમાં પેસી શક્યો નહિ. રંગરાવની માત્ર ૨૫૦ મનુષ્યોની સેનાએ ફ્રેન્ચોની અગણનીય સેનાને ગભરાવી મુકી. ઘણું લશ્કર મરી ગયું. એક ટોળી હઠી ગઇ, પાછી નવી તેજદાર બીજી ટોળી દીવાલની પાર થવાને માટે યત્ન કરવા લાગી; પણ તે ભગ્નમનોરથ થઇને પાછી ફરી. આખરે ફ્રેન્ચ સેના થાકી ગઇ અને તેના સેનાપતિએ લઢાઇ બંધ કરવાનો હુકમ કર્યો. સેના વિશ્રામ કરવા લાગી. એટલામાં "બીજી બાજુએથી કિલ્લાની દીવાલ તોડવાને માટે ફ્રેન્ચ તોપોમાંથી ગોળા આવવા લાગ્યા. કિલ્લાનો ભાગ

ભાગી ગયો; ફ્રેન્ચ સેના પાછી ચઢાઈ કરવાને આગળ પડી. કિલ્લામાંના રહેવાસીઓ પૂર્ણ પરાક્રમથી લઢાઇ કરવા લાગ્યા–પોતાનાં સ્ત્રી પુત્રનું સન્માન યાદ કરીને, તેઓ ખીજવાયલા વાઘની પેઠે મહા પરાક્રમથી લઢવા લાગ્યા. તેઓ અવિરલ અગ્નિની વૃષ્ટિ તરફ કંઈ પણ નજર ન રાખતાં, ભાગેલી દીવાલ ઉપર ચઢી ગયા. શત્રુઓને તેઓ કોઇ વખત દીવાલ ઉપરથી નીચે નાખતા, તો કોઇ વખતે ભાલાથી વિંધી નાખીને તેઓના પ્રાણ હરણ કરતા; તે છતાં અંદરના રહેવાસીઓનાં પણ ટોળે ટોળાં મરવા લાગ્યાં. બપોરના બે વાગી ગયા તોપણ દશહજાર કરતાં વધારે કેળવાયલાં માણસોની રણ–કુશલ ફ્રેન્ચ સેના સુગઠિત હથિયારની સાથે અવિરલ લઢાઇ કરવા છતાં ૨૫૦ ભારતવાસીઓનો પરાજય કરી શકી નહિ. આખરે એ સેના યુદ્ધ બંધ કરીને થોડી વાર વિશ્રામ કરવા લાગી. રંગરાવે એ અવસરનો લાભ લઇને સૈન્ય સામંતોને બોલાવીને કહ્યું "હવે વધારે વખત લઢાઇ ચાલશે નહિ, કિલ્લો જલદીથી શત્રુના હાથમાં જશે; માટે હવે બાળક, બાળિકા અને સ્ત્રીઓને વિદેશી અને સ્વદેશી શત્રુઓના અપમાનથી બચાવવાનો ઉપાય કરો." આમ કહીને તેણે કેટલાક સિપાઇઓને બોલાવ્યા. તેઓ એક હાથમાં સળગતી મશાલ, બીજા હાથમાં ભાલા અને કમરમાં નાની તલવારો લઇને એ ભયાનક કામમાં આગળ પડ્યા. જે કોઇ ઘરમાં સ્ત્રીઓ અને મદદ વગરનાં બાલક બાલિકાઓ રહેતાં હતાં, તે ઘરોમાં તેમણે આગ લગાડી મૂકી. અગ્નિની શિખા ધૂ ધૂ કરતી સળગી ઉઠી; એ ભીષણ અગ્નિ–દાહને ભયંકર બનાવવાને માટે તેના ઉપર ઢગલે ઢગલા બળવાની વસ્તુ નાખી. એવી રીતે રંગરાવના લસ્કરીઓ અપમાન ખમવા કરતાં મરી જવું ઉત્તમ સમજીને પોતપોતાનાં સ્ત્રી, પુત્ર અને કન્યાને મારવા લાગ્યા. જેઓ અગ્નિનો તાપ ન સહન કરી શકાયાથી બહાર નીકળવાની કોશેશ કરતાં હતાં તેઓની છાતીમાં

તેઓ તરવાર ભોંકી દેતા. પિતા પોતાના પુત્રનો, કન્યાનો સ્વામી પોતાની પ્રાણાધિક ભાર્યાનો, ભાઇ પોતાની પ્રાણસમી બેહેનનો, એમ સૌ પોતપોતાનું સન્માન જાળવવા પોતાના કુટુમ્બીઓનો વધ કરીને ઘોરતર લડાઇમાં પોતાનો પ્રાણ વિસર્જન કરવાને માટે આગળ પડયા. પેલી બાજુએ શત્રુસેના પાછી ચઢાઇ કરવાને અગ્રસર થઈ છે. રંગરાવની સેના આ વખતે પૃથ્વીના સઘળા સંબંધ તોડીને તુચ્છ જીવનપર મમતા ન રાખતાં ઘોર યુદ્ધમાં પ્રવૃત્ત થઇ. થોડી વારમાં શત્રની સેના દીવાલ ઉપર ચઢી ગઇ. રંગરાવ એ આક્રમણમાં અગ્રસર થયો, પરંતુ બાણ વાગવાથી તેજ ક્ષણે તેનો પ્રાણ ગયો. તેના મરવા છતાં પણ સૈનિકો યુદ્ધ કરવા લાગ્યા, પરંતુ તેઓને ક્ષણ માત્રમાં શત્રુ સેનાએ મારી નાખીને દીવાલને શૂન્ય કરી મૂકી. થોડીજ પળમાં ચારે બાજુએથી શત્રુસેનાની ચાર ટોળીઓ આવી દીવાલ ઉલ્લંઘન કરીને કિલ્લામાં પેઠી, પરંતુ કિલ્લાના કોઇ પણ રહેવાસીઓ ભાગી ગયા નહિ, કે કાયર પુરૂષની પેઠે પ્રાણ બચાવવાની ભિક્ષા તેમણે માગી નહિ, પરંતુ વીરની પેઠે શત્રુઓને તોબા પોકરાવતા તેઓ એકે એકે સર્વ હમેશાંને માટે રણશય્યામાં સૂતા. પૂર્વે ભારતવર્ષ વીરશૂન્ય નહોતું; કેવી રીતે મરવું જોઈએ તે ભારતવાસીઓ સારી પેઠે જાણતા હતા. ફ્રેંચ સેનાએ રણમાં જય મેળવીને જયધ્વાન કરતાં કરતાં કિલ્લો લીધો ખરો પરંતુ નરનારીઓની અગ્નિ–દગ્ધ ભીષણ મૂર્તિ જોઈને સઘળાઓના હૃદયમાં વિષાદે પ્રવેશ કર્યો.

૧૭–શીખ શૂરવીરો.

શીખ જાતિમાં થઈ ગયેલા શૂરવીરોનાં ચરિત્રો વાંચકોને સમજવાં સુગમ થઈ પડે તે અર્થે શીખ સંપ્રદાય નીકળવા પૂર્વેની કેટલીક પરિસ્થિતિ તથા તે સંપ્રદાયની ઉત્પત્તિ વિષયક સંક્ષિપ્ત હકીકત અને

તેના મૂળ પુરૂષ મહાત્મા ગુરૂ નાનકદેવનું સંક્ષિપ્ત જીવન ઈ૦ વિષયો વાંચકો માટે ઉપયોગી હોવાથી તે અત્ર દાખલ કર્યાં છે.

શીખ સંપ્રદાય પૂર્વના અન્ય સંપ્રદાયો.

શીખોનો ઇતિહાસ સહૃદય ઇતિહાસપ્રેમી પાઠકોને અવશ્ય વાંચવા યોગ્ય છે. જે સમયે મુસલમાનોનો પ્રચંડ પ્રતાપ ભરતખંડમાં પ્રવર્તી રહ્યો હતો, જે સમયે ભારતવર્ષ પરાધીનતાની જંજીરમાં ખૂબ જકડાયો હતો તે સમયે કોઈ પણ માણસ એમ ધારતું નહોતું કે ભારતવર્ષનો એક નાનો સરખો સંપ્રદાય એક પ્રકાંડ જાતિ બનશે. આજે જે જલની એક સૂક્ષ્મ રેષા છે તે આવતી કાલે એક પ્રચંડ નદી બની જશે અને મનુષ્યની શક્તિનો ઉપહાસ કરી અતિ વેગથી દોડશે તથા પોતાના સામર્થ્યના ભરોસાપર ઉન્મત્ત થઈ તરંગરૂપી ભુજાથી, કિનારાને તોડી નાંખશે એમ કોણ ધારી શકશે ? કાળના પ્રતાપથી શીખ જાતિમાં એવો મહાન વિપ્લવ બની ગયો. જે સંપ્રદાય તરફ પ્રથમ કોઇએ દ્રષ્ટિ ફેંકવાની દરકાર કરી નહોતી તેજ સંપ્રદાયના લોકો વખત આવતાં સમરભૂમિમાં વિરૂદ્ધપક્ષના તેજસ્વિ સૈનિકોનો વિધ્વંસ કરી વીર મંડળમાં પ્રતિષ્ઠા પામ્યા એ શું એક અદ્દભુત ઘટના નથી ? આ પ્રસિદ્ધ સંપ્રદાયની ઉત્પત્તિ પૂર્વે ભારતવર્ષમાં જે પ્રધાન પ્રધાન ધર્મસંપ્રદાયો હતા તેનું અહીંઆં સંક્ષેપમાં વર્ણન કરવામાં આવશે.

પૃથ્વીના અન્ય દેશના ઇતિહાસની પેઠે ભારતવર્ષનો ઇતિહાસ પણ અનેક વિચિત્ર ઘટનાઓથી પરિપૂર્ણ છે. રોમના સામ્રાજ્યનું પતન અને ખ્રીસ્તી ધર્મનો ઉદય થતી વખતે જેવી વિચિત્ર ઘટનાઓ બની હતી, તેવીજ ઘટનાઓ ભારતવર્ષમાં પણ બનેલી છેજ હિંદુ રાજ્યની ઉન્નતિ અને પતન, બૌદ્ધરાજ્યનો પ્રારંભ અને સમાપ્તિ, તથા મુસલમાનોના અધિકારનો ઉદય અને અસ્ત એ વિગેરે અનેક ઘટનાઓ ઇતિહાસમાં લખાઈ ચૂકી છે. ઇસ્વીસનના ૧૦૦૦ વર્ષ પછી મુસલ-

માનોએ પાણીના પૂરની પેઠે ધસી આવીને સમગ્ર હિંદુસ્તાનને ડૂબાવી દીધો હતો. તે પૂર્વે પારસી લોકો પણ એક વાર હિંદુસ્તાનપર ચઢી આવ્યા હતા, પરંતુ તેઓ મુસલમાનોના જેટલું અનિષ્ટ કરી શક્યા નહોતા. ગ્રીક લોકો પણ હિંદુસ્તાનપર ચઢી આવી પંજાબથી અયોધ્યા પર્યંત આવી પહોંચ્યા હતા, આરબલોકો પણ એક વાર પ્રચંડ દલ લઇ સિંધુ નદી સુધી આવ્યા હતા, પરંતુ તેમનાથી ભારતવર્ષે ઘણા સમય સુધી ઝાઝું નુકશાન ખમ્યું નહોતું. તેઓ કાસિમના મરણ પછી પાછા જતા રહ્યા હતા; પરંતુ ઇ. સ. ૧૦૦૦ પછી ભારતનો સ્વાતંત્ર્ય સૂર્ય અસ્તાચલમાં ગયો. સુલ્તાન મહમદે હિંદુસ્તાનપર બારવાર સ્વારી કરી અનેક નગરો લૂંટી લીધાં અને ભારતવર્ષનું અઢળક દ્રવ્ય તે પોતાના દેશમાં લઇ ગયો. આ સમય સુધી મુસલ્લમાનો માત્ર લૂંટફાટજ કરતા હતા. તેઓ ભારતવર્ષનો કોઇ પણ ભાગ પોતાને સ્વાધીન કરવાનો સવિશેષ ઉદ્યોગ કરતા નહોતા. પરંતુ મહમુદ ઘોરીએ મધ્ય એશિયાના પહાડી ભાગમાંથી આવી સુલતાન મહમદે શેષ રાખેલું કાર્ય પૂરૂ કર્યું. ભારતવર્ષના વીર પુરુષોએ પોતાની સ્વાધીનતા સુરક્ષિત રાખવાને માટે બહુ પ્રયાસ કર્યો. જ્યાં સુધી ક્ષત્રિયોની નસોમાં રુધિરનું એક બિંદુ રહ્યું ત્યાં સુધી તેઓ મુસલ્લમાનોની સામે પ્રાણાર્પણ કરતાં સુધી લડયા. પરંતુ મુસલમાનોની દગલબાજી અને વિશ્વાસઘાતથી હિંદુઓનો પરાજય થયો. અને પુણ્યસલિલા દૃષદ્વતીને કિનારે ક્ષત્રિયોના રુધિરના સમુદ્રમાં ભારતવર્ષનો સૌભાગ્યસૂર્ય ડૂબી ગયો !

આ સમયથી હિંદુસ્તાનમાં મુસલમાનોની પાદશાહીનો પ્રારંભ થયો. આજ સમયથી ભારતવર્ષનાં સર્વ હિંદુરાજ્યો એક પછી એક મુસલમાનોની અર્ધચંદ્રાકાર ચિન્હયુક્ત પતાકા નીચે આવવા લાગ્યાં. ધીમે ધીમે જુદા જુદા વંશના લોકો દિલ્લીના રાજસિંહાસનપર બેસવા લાગ્યા. નવા નવા વંશોની સાથે નવા નવા ધર્મ સંપ્રદાય પણ ભારત-

વર્ષમાં પોતાની જડ જમાવવા લાગ્યા. ભારતવર્ષમાં મુસલમાનોનો અધિકાર જામ્યો તે પૂર્વે શ્રી રામાનુજાચાર્યે શક્તિની ઉપાસના વિરુદ્ધ ઉપદેશ આપી વૈષ્ણવ મતનો પ્રચાર કર્યો હતો. વળી ભરતખંડના ઉત્તરભાગમાં રામાનંદ અને ગોરખનાથે સીતારામ અને યોગના પ્રભાવપર પ્રવચન કર્યું અને મધ્ય હિંદુસ્તાનમાં કબીરે વેદ તથા કુરાન એ ઉભયની અપેક્ષાએ કક્ષાન્તરે ઈશ્વરી તત્ત્વની દુંદુભિ વગાડી. આ સંપ્રદાયનો સોટો આટલેથી પણ અટક્યો નહિ. થોડા સમય પછી નવદ્વીપના એક રંક ક્ષત્રિય યુવકે સ્વર્ગીય પ્રેમામૃતની ધારાથી સમગ્ર બંગાળને ભીંજવી નાંખ્યું. આ પ્રેમપ્રવાહમાં અનેક ભારતવાસીઓએ સ્નાન કર્યું. આ સમયે યૂરોપમાં મહા બુદ્ધિશાળી લ્યુથર પ્રદીપ્ત અગ્નિવત્ પ્રકાશી રહ્યા હતા. આ ઘટના પહેલાં થોડા વખત પૂર્વે પંજાબમાં એક રંક ક્ષત્રિય કુમાર એક નવોજ સંપ્રદાય સ્થાપન કરવાના ઉદ્યોગમાં લાગી રહ્યા હતા.

પરમ પ્રવીણ ગુરૂ નાનકની ચમત્કારિક બુદ્ધિના પ્રભાવથી પંજાબમાં એક નવા સંપ્રદાયની સ્થાપના થઇ તેથી ઘણા વર્ષ પહેલાં ભારતવર્ષમાં ધર્મનો પડઘો પડી ચૂકયો હતો. દૃષદ્વતીના કિનારાપર હિંદુઓની વિજયપતાકા જમીનદોસ્ત થઈ ગઇ હતી. જે નવીન જાતિના લોકોનો ભારતમાં પ્રવેશ થયો હતો તેને લીધેજ આ પ્રકારનો ધર્મવિપ્લવ થઇ રહ્યો હતો. મુસલમાનોએ દ્વિજ ધર્મની વિરુદ્ધ શસ્ત્ર પ્રહાર ચલાવ્યો હતો, વેદનું અપમાન કર્યું હતું અને હિંદુઓને ધર્મ પ્રચાર કરતાં અટકાવ્યા હતા. એમના મુલ્લાં, મોલવી અને સૈયદ લોકો પોતાને ઈશ્વરનિષ્ઠ અને પવિત્ર મનાવવાની ચેષ્ટા કરતા હતા અને હિંદુઓની પરમ પવિત્ર ભક્તિ, શુદ્ધ ઈશ્વરપ્રીતિ અને જાતીય વિચારને ઠોકર મારી કુરાનનો મહિમા પ્રચારવાને ઉદ્યત થયા હતા. ક્રમશઃ કુરાનના મૂળ સિદ્ધાંતો ભ્રમની જાળમાં ગુંચવાવા લાગ્યા હતા.

આ પ્રકારે આચારની પછી આચાર, મતની પછી મત અને આજ્ઞાની પછી આજ્ઞાના વમળમાં પડયાથી લોકો પણ ભ્રમણામાં પડી ગયા હતા. આ પ્રમાણે ધર્મની ક્ષીણતા અને અસ્થિરતાથી લોકોનાં હૃદય વ્યાકુળ થયાં અને શાંતિનો લય થયો. અંતે ઘણા લોકો બ્રાહ્મણ અને મુલ્લાં તથા મહેશ્વર અને મહમદ એ સર્વથી અસંતુષ્ટ થઇ કોઇ નવા સંપ્રદાયને ગ્રહણ કરવાને ઉત્તેજિત થયા.

અસંખ્ય હિંદુઓ આવા ધર્મક્રાંતિના સમયમાં જેણે જેણે ધર્મની બાબતમાં સરલતાનો પરિચય આપ્યો તેના શિષ્ય બની ગયા. જે વખતે રોમન સામ્રાજ્યમાં કુસંસ્કારોનો બોજો વધી ગયો હતો, જે વખતે રોમનોનો ધર્મ ઉત્સાહ અને ઉદારતાવિહીન બની ગયો હતો—શિથિલ બની ગયો હતો તે સમયે શુદ્ધ અને ઉદાર ધર્મને માટે રોમન લોકો અનાયાસ ઉત્સાહિત થયા હતા. આ વખતે રોમન પુરોહિતો તે સમયે દેવળના અંદરના ભાગમાં રહેતા હતા. ધ્યાન, ધારણા આદિ કોઇ પણ વિષય પ્રત્યે તેમને અનુરાગ કે ઉત્સાહ હતો નહિ. હજારો દેવોની ઉપાસના પ્રચલિત થવાથી કોઇ પણ ઉપાસનામાં તેમના ચિત્તની એકાગ્રતા, સરલતા કે સજીવતા પ્રતીત થતી નહોતી. આ કારણથી રોમનો પરમ વ્યાકુળ થઇ કોઇ નવી ઉપાસનપ્રણાલીને માટે ઉત્સુક થઇ રહ્યા હતા. અનેક મતોની ટક્કરોપર ટક્કરો લાગવાથી રોમન સામ્રાજ્યમાં ધર્મની અંધાધુંધી ફેલાઇ રહી અને એ સમયમાં ખ્રિસ્તી ધર્મ ધીમે ધીમે લોકોના હૃદયમાં સ્થાન કરવા લાગ્યો. અંતે તેણે પ્રતિકૂળતાથી વિશેષ દ્રઢ થઈ જુપિટરનાં તૂટેલાં મંદિરોનાં શિખરોપર પોતાની વિજયપતાકા ફરકાવી દીધી. ભારતવર્ષ પણ એજ પ્રકારે બૌધ, મુસલમાનાદિ ધર્મસંપ્રદાયોના તરંગોની ટક્કરો ખાઇ ઘણી બાબતોમાં રોમનોની પેઠે વ્યાકુળ બની રહ્યો હતો. આવા ચંચળતાના સમયમાંજ નવા નવા સંપ્રદાયોનાં મૂળ રોપાયાં હતાં.

આ પ્રકારે સોળમી શતાબ્દીના પ્રારંભકાળ સુધી હિંદુઓનાં મન ક્રમશઃ નવા નવા ધર્મમાર્ગો તરફ વળી રહ્યાં હતાં. વિધર્મીઓના બળાત્કારથી દુઃખિત થઇ હિંદુઓ નવા નવા ધર્મોનો પ્રચાર કરવા લાગ્યા. રામાનંદે જે મતનો પ્રચાર કર્યો હતો તેને પુષ્ટિ આપવાનો કબીરે પ્રયત્ન કર્યો; ચૈતન્ય પ્રભુએ તેમાં પુનઃ ચૈતન્ય દાખલ કર્યું અને વલ્લભાચાર્યે તેમાં એક નવીન રેષા કાઢી. આ સર્વ સંપ્રદાયોની પછી ગુરૂ નાનકની ચમત્કારિક બુદ્ધિના પ્રભાવથી એક નવા મતનો પ્રચાર થયો. રામાનંદ, ગોરખનાથ, અને કબીરે જે કાર્ય અપૂર્ણ રાખ્યું હતું તેને નાનકે સંપૂર્ણ કર્યું અને પંજાબના વિશાળ પ્રદેશમાં એમના મતની પ્રતિષ્ઠા થઇ, ગોવિંદસિંહે એ ધર્મનું અવલંબન કરી નાના મોટા સર્વને એકસ્થાનમાં ઉભા રાખી ભ્રાતૃભાવથી આલિંગન કરાવ્યું અને સર્વની નસેનસમાં ઉત્સાહ ભરી દીધો.

ગુરૂ નાનક અને શીખસંપ્રદાયની ઉત્પત્તિ.

ગુરૂ નાનકનું જીવનચરિત્ર અને તેમનો મત એ શીખ જાતિના ઇતિહાસમાં અગ્રસ્થાન ભોગવે છે. નાનકશાહ અથવા બાબા નાનકનો જન્મ ઇ. સ. ૧૪૬૯ માં લાહોરની દક્ષિણ દિશાએ દશ ગાઉ ઉપર કાણકૂચા નામનું ગામ છે ત્યાં થયો હતો. એમના પિતાનું નામ કાલૂવેદી હતું. તેઓ ક્ષત્રિયવંશી હતા. બાબા નાનકનું જીવનચરિત્ર અનેક કલ્પિત ઘટનાઓથી પરિપૂર્ણ છે. જે સમયે એમણે આ વિશાળ જગતની સમક્ષ પોતાના બુદ્ધિપ્રભાવનો પ્રકાશ કર્યો હતો તે સમયે મનુષ્યની કલ્પનાશક્તિએ એમને વિષે અનેક અદ્દભુત ઘટનાઓનો પ્રચાર કર્યો હતો. બાબા નાનકે ધર્મના વિષયમાં જે શક્તિ અને ચાતુર્યનો પરિચય કરાવ્યો હતો તેને લીધે એમના સંબંધમાં અનેક પ્રકારની કિંવદન્તીઓ પ્રચાર પામે તેમાં આશ્ચર્ય પણ શું છે? શીખ લોકોએ પોતાના ગુરૂનો મહિમા વૃદ્ધિંગત કરવાને માટે જે

આશ્ચર્યકારક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે તે સર્વ ઘટનાઓપર એક-દમ વિશ્વાસ મૂકી શકાતો નથી. ખેર ગમે તેમ હો.

બાબા નાનકે નાની ઉમ્મરમાં ગણિતશાસ્ત્ર અને ફારસી ભાષાનો અભ્યાસ કર્યો હતો. તેઓ સદાચરણી અને વિચારશીલ હતા. થોડાજ વખતમાં એમને સાંસારિક કાર્યો અને સાંસારિક વિષયવાસના પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. કાલૂવેદીએ પોતાના પુત્રનું ચિત્ત સાંસારિક કાર્યોપર સ્થિત કરવાને માટે ઘણી ચેષ્ટા કરી. તેમણે તેને મીઠાનો વ્યાપાર કરવાને માટે રૂ. ૪૦) આપ્યા, પરંતુ બાબા નાનકે આ દ્રવ્યથી અનાજ વગેરે ખરીદી ભૂખ્યા માણસો તથા ઉદાસીન ફકીરોને ભોજન કરાવી દીધું.

નાનકશાહે યુવાવસ્થામાંજ હિંદુઓના વેદ અને મુસલમાનોના કુરાનનાં તત્વો સારી રીતે સમજી લીધાં હતાં. ત્યાર પછી પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને પ્રગાઢ શાસ્ત્રજ્ઞાનના બળથી તેઓ પોતાના મતનો પ્રચાર કરવાને ઉદ્યત થયા હતા. એમને લૌકિક કાર્યો પ્રત્યે અત્યંત ઘૃણા હતી. જેથી હૃદયને શાંતિ પ્રાપ્ત થાય, જેથી પવિત્ર ઈશ્વરી તત્ત્વનો પ્રકાશ થાય, તેનેજ તેઓ સત્ય ધર્મ માનતા હતા. બાબા નાનક સકલ ધર્મોના ગ્રંથોમાં અને વિધિઓમાં પોતાની મતિ અનુસાર અનેક કુસંસ્કારો પ્રવેશ પામેલા જોઇ ખિન્ન થયા. તેઓ સંન્યાસીનો વેષ ધારણ કરી ભારતવર્ષનાં અનેક સ્થાનોમાં વિચર્યા અને તેમણે અનેક યોગીઓ અને સાધુઓની સાથે વાર્તાલાપ કર્યો. તેઓ અરબસ્તાનમાં પણ ગયા અને ત્યાંના ફકીરોના રંગઢંગ જોયા, પરંતુ તેમને ક્યાંય પણ સત્યનું પવિત્ર દર્શન થયું નહિ. ત્યાંના સર્વ સ્થાનોમાં કુસંસ્કારની ભયંકર મૂર્તિ તથા કર્મકાંડની શોચનીય વિકૃત દશા જોઇને તેમનું ચિત્ત ખિન્ન થયું અને તેઓ પુનઃ સ્વદેશ ચાલી આવ્યા. સ્વદેશમાં આવીને બાબા નાનકે સંન્યસ્ત ધર્મ અને સંન્યાસી વેષનો

પરિત્યાગ કર્યો અને ગુરુદાસપુર જીલ્લામાં ઇરાવતીના તટપર 'કર્તારપુર' નામની એક ધર્મશાળા બંધાવી અને તેજ ધર્મશાળામાં સપરિવાર સશિષ્ય રહી પોતાના જીવનનો શેષ ભાગ વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો. ઈ. સ. ૧૫૩૯ માં બાબા નાનક સિત્તેર વર્ષની ઉમ્મરે આજ સ્થળે પરલોકવાસી થયા. બાબા નાનકનો જન્મ લોદી વંશના ઉદયના સમયમાં થયો હતો અને મુગલ સામ્રાજ્યની સ્થાપના થયા પછી તેમનો સ્વર્ગવાસ થયો હતો. એમના જીવનનાં સાઠ વર્ષ, પાંચ માસ અને સાત દિવસ ધર્મચિંતનમાં વ્યતીત થયા હતા.

બાબા નાનકનો મત પ્રથમ પંજાબના દ્રઢકાય સરલસ્વભાવ જાટોમાં પ્રસર્યો. શનૈઃ શનૈઃ અનેક મુસલમાનોએ પણ એ ધર્મનો આશ્રય લીધો. નાનકશાહના એક શ્રદ્ધાવાન મુસલમાન શિષ્યનું નામ સર્ધાના હતું. આ શિષ્ય ગુરૂ નાનકની પાછળ છાયાની પેઠે ફરતો હતો. સંગીતવિદ્યાપર સર્ધાનાનો ઘણોજ પ્રેમ હતો. તે સદા સર્વદા વીણા વગાડી ઇશ્વરના ગુણોનું ગાન કર્યા કરતો હતો. બાબા નાનક જ્યારે નેત્રો મીંચી ઇશ્વરનું ધ્યાન ધરતા હતા અને બાહ્ય જગતની સાથે કોઈ પ્રકારનો સંબંધ રાખતા નહોતા ત્યારે સર્ધાના ક્ષુધા તૃષાથી વ્યાકુલ હોવા છતાં પણ ઇશ્વરમાં ચિત્ત લગાડી વીણાના મધુર મધુર ધ્વનિ સાથે ગાન કર્યા કરતો હતો.

હિંદવાસીઓનું જાતિ-અભિમાન નષ્ટ ન થાય તથા સર્વે જણ બંધુ સમાન પ્રેમથી હળીમળીને રહે અને શુદ્ધ ધર્માચરણ તથા સાધુ વૃત્તિ ધારણ કરે એટલા માટે બાબા નાનકે ઘણો ઉદ્યોગ કર્યો હતો. તેમનો મત એવો હતો કે અનેક જાતિ અને અનેક સંપ્રદાયોનું અસ્તિત્વ મનુષ્ય જાતિના કલ્યાણને માટે હિતાવહ નથી. શીખ મતાનુયાયીઓ દેવમંદિરે જવામાં, યજ્ઞપૂજન કરવામાં અને બ્રાહ્મણભોજનાદિ કરાવવામાં પણ શ્રદ્ધા રાખતા નથી. એમના મત અનુસાર

ઈંદ્રિયનિગ્રહ અને મનોનિગ્રહ એ વિશેષ હિતકારક છે. આત્મશુદ્ધિને પણ એ મતમાં અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. પવિત્ર હૃદયથી ઈશ્વરની અનન્ય ભક્તિ કરવી એવો પણ બાબા નાનકનો બોધ છે. નાનકશાહ જણાવતા હતા કે ઈશ્વર એકજ છે, અનેક નથી. અને ખરી શ્રદ્ધા પણ એકપરજ રહી શકે છે, અનેકપર રહી શકતી નથી. ભિન્ન ભિન્ન ધર્મોની સ્થાપના મનુષ્યોની કલ્પનાને લીધે થઇ છે. તેઓ મુલ્લાં અને પંડિત, દરવેશ અને સંન્યાસી એ સર્વને પોકારીને કહેતા હતા કે "અસંખ્ય શિવો, વિષ્ણુઓ અને શક્તિઓ તથા કોટયવધિ મહમ્મદોના શરીરમાં જેનો સંચાર છે અને જે પ્રભુનો પ્રભુ છે તેનું જ માત્ર સ્મરણ કરો. જે જ્ઞાનદ્વારા ઈશ્વરી તત્ત્વ જાણવામાં આવે તેજ સત્ય જ્ઞાન છે અને તે પ્રાપ્ત કરવાને માટેજ મનુષ્યે ઉદ્યોગ કરવો જોઇએ. જે પુરુષ સદાચારણી હોય છે તે સર્વ શક્તિવાન પ્રભુની કૃપાને પાત્ર થાય છે. વૈરાગ્ય અને સંન્યાસ ધર્મની કાંઇ આવશ્યકતા નથી. યોગી અને પરમાત્મનિષ્ઠ ગૃહસ્થ એ ઉભય પરમેશ્વરની દૃષ્ટિમાં સમાન છે."

ધર્માનુયાયી મનના વિષયમાં બાબા નાનકે ઘણો બોધ આપ્યો છે ને તે સર્વ પ્રસિદ્ધ છે. તેમાંનું એક અત્રે જણાવીએ છીએ. એક દિવસ કેટલાક બ્રાહ્મણો જળમાં બેસી પૂર્વ અને દક્ષિણ દિશા તરફ મુખ કરી તર્પણ કરતા હતા. આ વખતે નાનક પોતે પણ જળમાં પ્રવેશ્યા અને પશ્ચિમ દિશા તરફ મુખ કરી તે તરફ પાણી ઉલેચવા લાગ્યા. સર્વે બ્રાહ્મણોએ તેમને તેમ કરવાનું કારણ પૂછ્યું. નાનકશાહ બોલ્યા "મારૂં કર્તારપુર પશ્ચિમ દિશામાં છે અને હું તે ક્ષેત્રને જલસિંચન કરૂં છું." આ શબ્દો સાંભળી સર્વે જણ ખડખડ હસી પડ્યા અને તેમને કહેવા લાગ્યા. "કર્તારપુર તો સેંકડો ગાઉ દૂર છે, તો પછી આ જલ ત્યાં શી રીતે પહોંચશે?" નાનકશાહે ગંભીરતા-

પૂર્વક પ્રત્યુત્તર આપ્યો " ત્યારે તમે આ લોકમાં જળનું તર્પણ કરી પરલોકમાં ગયેલા આપના પિતૃઓને તૃપ્ત કરવાની આશા શા માટે રાખો છો ? "

ઇ. સ. ૧૫૨૬ અથવા ૧૫૨૭ માં નાનકશાહને પ્રથમ મુગલ શહેનશાહ બાબરનો કેટલોક માલ લુંટવાના આરોપસર પકડવામાં આવ્યા. પરંતુ બાબરે જ્યારે તેમને પ્રત્યક્ષ જોયા ત્યારે તેમની સાધુતા તથા તેમના વાત કરવાના ચાતુર્યથી તે મોહિત થયો અને તેમને તેણે છોડી મૂક્યા એટલુંજ નહિ, પરંતુ તેમના ભરણપોષણને માટે ઘણી સંપત્તિ આપવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. પરંતુ નાનકશાહે આ દાન લેવાનો સ્વીકાર કર્યો નહિ. તેમણે પાદશાહને જણાવ્યું કે મારે કોઈ પણ વસ્તુનો તોટો નથી. " મારો ધનભંડાર એટલો મોટો અને અવિનાશી છે કે તે કદિ પણ ન્યૂન થતો નથી. " બાબરે આ વાત સ્પષ્ટ રીતે સમજાવવાનો આગ્રહ કર્યો ત્યારે નાનકશાહ બોલ્યા કે "મારૂં હૃદય કેવળ ઇશ્વરભક્તિમાંજ લીન રહે છે, માટે મારે કોઇ પણ સાંસારિક પદાર્થની અપેક્ષા નથી, ઇશ્વરનામ રૂપી અમૃત પ્રાશન કરવાથી મારી ક્ષુધા પિપાસા એકદમ શાંત થઇ ગઈ છે."

કહેવાય છે કે નાનકશાહ મક્કામાં જઈ મસીદ તરફ પગ કરી સુતા હતા. આથી ત્યાંના લોકોએ પવિત્રસ્થાનનું અપમાન કરવામાટે તેમની ઘણી નિંદા કરી. ત્યારે તેઓ ક્રોધ કરી બોલ્યા " ઇશ્વર સર્વ-વ્યાપક છે. જે તરફ પગ કરવામાં આવે તે તરફ તેમનું અપમાન થાય એમ છે. તો હવે તમેજ મને બતાવો કે મારે કયી તરફ પગ કરીને સુવું ?"

એક વખત નાનકશાહે કહ્યું હતું કે " એક લાખ બ્રહ્મા, વિષ્ણુ અને રામ તથા દશલાખ મહમ્મદ સર્વ શક્તિવાન પ્રભુના દ્વાર પર ખડા રહે છે. આ સર્વે એક પછી એક પોતાનો અધિકાર

છોડી કાળના પંજામાં સપડાય છે માત્ર એક સર્વેશ્વરજ અમર છે. તે છતાં પણ લોકો તે પરમેશ્વરની ઉપાસના કરવા વિષે વાદવિવાદ કરતાં લજ્જિત થતા નથી. આ પરથી સિદ્ધ થાય છે કે અદ્યાપિ કુસંસ્કાર મનુષ્ય જાતિને છોડી ગયો નથી. જેનું હૃદય શુદ્ધ છે તેજ સાચો હિંદુ છે. જેનું જીવન પવિત્ર છે તેજ ખરો મુસલમાન છે." નાનકશાહે પોતાના ધર્મ-મતનો પ્રચાર કરવાને માટે કદિ પણ દુરાગ્રહ સેવ્યો નથી. તેમણે કદિ અભિમાન ધારણ કર્યું નથી. તેઓ પોતાને સર્વ શક્તિવાન ઈશ્વરનો આજ્ઞાંકિત દાસ જણાવતા હતા. તેમનાં લખેલાં જ્ઞાન અને ચતુરાઈથી ભરેલાં ધર્મપુસ્તક મોજુદ છતાં, તે કદી પોતાની વડાઈ દેખાડવા ઉન્મુખ થતા નહિ. એમના ધર્મનો બહોળો પ્રચાર થયો ત્યારે પણ તેઓ તેને અમાનુષી ઘટનાઓથી કલંકિત કરતા નહોતા. તે કહેતા હતા કે ઈશ્વરની કથા છોડીને અન્ય તકરારો ઉપસ્થિત ન કરો. પોતાના ધર્મની પવિત્રતા સિવાય બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી

ગુરૂ નાનકે પોતાના મતનો આ પ્રમાણે પ્રચાર કરી અનેક શિષ્યો એકત્રિત કર્યા. આ પ્રકારે તેમના ધર્મમાં શ્રદ્ધાળુ શિષ્યોની વૃદ્ધિ થતાં ક્રમશઃ તે એક ધાર્મિક સંપ્રદાય બની ગયો. શિષ્ય શબ્દનો અપભ્રંશ થઈનેજ 'શીખ' શબ્દની ઉત્પત્તિ થઈ છે. જે પંજાબીઓ તેમના માથાપર શિખા રાખે છે તેમને ઘણા લોકો શિખ કહે છે.

શીખોની ઉન્નતિ અને ગુરૂ નાનક પછીના તેમના ગુરૂઓ.

દેવર્ષિ નારદજીએ એક વખત રાજા યુધિષ્ઠિરને પૂછ્યું હતું કે "રાજા! તમે તમારૂં બળ વાપરી દુર્બળ લોકોને તો પીડતા નથી?" નારદજીનાં આ વચનોમાં એક મહાન રાજનૈતિક બોધ ભરેલો છે. દુર્બળ મનુષ્યોને પીડા કરવાથી તેઓ શનૈઃ શનૈઃ પોતાનું બળ વધારતા જાય છે. અને એક વખત પીડા આપનારની સામે થઈને તેની શક્તિ નષ્ટ કરી નાંખે છે. એટલા માટે જ દેવર્ષિ નારદજીએ રાજા

યુધિષ્ઠિરને ઉપદેશ આપ્યો હતો કે "દુર્બળ માણસોને પીડા આપવી નહિ, નહિ તો તેઓ ક્રમશઃ બળવાન થઇને તમારું બળ નષ્ટ કરવાનો ઉદ્યોગ કરશે" નારદજીના ઉપદેશ પ્રત્યે દુર્લક્ષ્ય કરવાથી અનેક રાજાઓ ઉચિત શિક્ષા પામ્યા છે. ઇતિહાસમાં આવાં અનેક ઉદાહરણો ઉપલબ્ધ થાય છે. પરંતુ એનું એક સૌથી મોટું ઉદાહરણ ભરતખંડનાં મુસલમાન સામ્રાજ્યના ઇતિહાસમાં પ્રાપ્ત થાય છે. મુસલમાન પાદશાહોના અત્યાચારથી દુઃખિત થઇ દક્ષિણના અભણ ખેડૂતો પ્રાતઃસ્મરણીય શિવાજીના ઝુંડા નીચે એકત્રિત થયા હતા અને તેમણે મુસલમાન સામ્રાજ્યનો પાયો ડગમગાવી દીધો હતો. તેજ પ્રમાણે પંજાબના શીખ લોકો પણ શનૈઃ શનૈઃ શક્તિ અને સાહસિકતા પ્રાપ્ત કરી મુસલમાનોની સામે શસ્ત્ર લઈ ઉઠયા હતા. શીખ લોકોનો ઇતિહાસ અનેક વિચિત્ર ઘટનાઓથી ભરેલો છે. બાબા નાનકના મૃત્યુ પશ્ચાત્ અમરદાસ પ્રભૃતિ અનેક પુરુષો શીખોના ગુરૂ થયા. પ્રથમ તો શીખ લોકો મનોનિગ્રહ કરી યોગીની પેઠે પોતાના 'ગ્રંથ સાહબ'ની આજ્ઞાનુસાર વર્તવામાં નિમગ્ન રહેતા હતા. પરંતુ ધીમે ધીમે મુસલમાનોનો અત્યાચાર વધવા લાગતાં શીખોનાં હૃદય બળવા લાગ્યાં. શીખોને પશુઓની પેઠે કતલ કરવામાં આવતા હતા. અગાઉ કદિ સાંભળવામાં પણ ન આવ્યાં હતાં, એવાં કષ્ટો શીખોપર પડવા લાગ્યાં. પાદશાહ જહાંગીરની આજ્ઞાનુસાર શીખોના ગુરૂ અર્જુનને કારાગૃહમાં નાંખવામાં આવ્યા. કારાગૃહમાં શરદી અને ગરમીની અસહ્ય પીડાથી ગુરૂ અર્જુનનો દેહાંત ત્યાંજ થઈ ગયો. હવે ગુરૂ અર્જુનના પુત્ર હરગોવિંદ શીખ લોકોના ગુરૂ થયા. હરગોવિંદ મુસલમાનોના કટ્ટા શત્રુ થયા. અત્યાર સુધી શીખ લોકો શાંતિપૂર્વક કાળ નિર્ગમન કરતા હતા. પરંતુ ગુરૂ અર્જુનના મરણ પશ્ચાત્ તેમના શાંત સ્વભાવને તિલાંજલિ મળી. ગુરૂ હરગોવિંદ પોતાના પિતાનું વૈર લેવાને માટે

તત્પર થયા. તેઓ હમ્મેશાં પોતાની કમ્મરે બે તલવારો લટકાવી રાખતા હતા. કોઈ આનું કારણ પૂછતું તો તેઓ પ્રસન્નતાપૂર્વક પ્રત્યુત્તર આપતા કે "એક તલવાર પિતાજીનું વૈર લેવાને માટે છે અને બીજી મુસલમાન સામ્રાજ્યનો અંત આણવાને માટે છે." ગુરૂ હરગોવિંદના હાથ નીચે શીખ લોકો પ્રથમ અસ્ત્ર શસ્ત્ર વાપરતાં શીખ્યા. પરંતુ હરગોવિંદજીના પ્રયત્નથી અભીષ્ટ કાર્ય સિદ્ધ થયું નહિ. આ કાર્ય સિદ્ધ કરવાને માટે શીખ સમાજમાં એક બીજા મહા પુરુષનો જન્મ થયો. આ મહા પુરુષે પોતાની જાતિના લોકોપર પડતું અસહ્ય કષ્ટ જોઇ નિશ્ચય અને ઉત્સાહપૂર્વક તેને દૂર કરવા માટે ઉદ્યોગ કરવા માંડયો. એ મહા પુરૂષની તેજસ્વિતા, સાહસ અને ઉદારતાએ શીખસમાજમાં ચૈતન્ય શક્તિ પૂરી દીધી. ત્યાર પછી સંપ, કષ્ટજ્ઞાન, પ્રભૃતિ જાતીય જીવનનાં સકલ લક્ષણો શીખોના હૃદયમાં અંકુરિત થવા લાગ્યાં. આ મહા પુરુષના મહામંત્રથી દીક્ષિત થઇ શીખ લોકો મહા બળવાન થયા. આ મહા પુરુષ અને મહામંત્ર દાતાનું નામ ગુરૂ ગોવિંદસિંહ હતું.

ગુરૂ ગોવિંદસિંહ અને તેમના પિતા ગુરૂ તેગબહાદૂર.

ગુરૂ ગોવિંદસિંહે પ્રથમ શીખ લોકોને સમાનતાના સૂત્રથી બાંધ્યા હતા. ગોવિંદસિંહના બુદ્ધિબળથીજ હિંદુ અને મુસલમાન, બ્રાહ્મણ અને ચાંડાલ એક સ્થાનપર ખડા રહી ભ્રાતૃભાવથી પરસ્પર આલિંગન કરવા લાગ્યા હતા. ગોવિંદસિંહેજ પ્રથમ શીખોના હૃદયમાં જાતીય જીવનનું બીજારોપણ કર્યું હતું. શીખ લોકો જે તેજસ્વિતા, દ્રઢ પ્રતિજ્ઞા અને યુદ્ધકૌશલ્યને માટે ઇતિહાસમાં સુપ્રસિદ્ધ થયા છે તેના મુખ્ય નેતા ગુરૂ ગોવિંદસિંહજ છે. ગોવિંદસિંહના જેવી તેજસ્વિતા અને મહાપ્રાણતા શીખોના અન્ય કોઇ પણ ગુરૂમાં નહોતી.

શીખોને એક મહા પ્રજા બનાવવાને માટે ગુરૂ ગોવિંદસિંહે જેટલો પ્રયત્ન કર્યો તેટલો અન્ય કોઇએ પણ કર્યો નથી.

ગોવિંદસિંહના જીવન ચરિત્રની સાથે શીખોની જાતીય ઉન્નતિને અતિ નિકટનો સંબંધ છે. ઇ. સ. ૧૬૬૧ માં ગોવિંદસિંહનો જન્મ પટના નગરમાં થયો હતો. એમના પિતાનું નામ તેગબહાદૂર હતું. તેગનો અર્થ તલવાર થાય છે. હરગોવિંદની પેઠે તેગ બહાદૂર પણ કષ્ટસહિષ્ણુ અને ઉદ્યોગી પ્રકૃતિના હતા. જે સમયે તેમને શીખ લોકોએ પોતાના ગુરૂની ગાદીપર સ્થાપિત કર્યા તે વખતે તેમણે નમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે "હું હરગોવિંદજીની પેઠે અસ્ત્ર ધારણ કરવાની લાયકાત ધરાવતો નથી." તેગબહાદૂર પોતાના પ્રતિપક્ષી રામરાયની પ્રપંચજાળના ભોગ થઇ દિલ્લીના પાદશાહના ક્રોધપાત્ર બન્યા. અંતે તેમની સામે સૈન્ય મોકલવામાં આવ્યું. તેગબહાદૂર પરાજિત થયા. તેમને પકડીને દિલ્લી મોકલવામાં આવ્યા. ત્યાં ધર્માંધ ઔરંગઝેબે તેમને મૃત્યુદંડ ફરમાવ્યો.

દિલ્લી જતી વખતે તેગબહાદૂરે ગોવિંદસિંહને પોતાના પિતાએ આપેલી તલવાર આપી અને તેને ગાદીપર અધિષ્ઠિત કરતાં કહ્યું કે "હે પુત્ર! શત્રુઓ મને પણ દિલ્લી લઇ જવાને માટે આવ્યા છે. જો એઓ કદાચ મને મારી નાંખે તો તું અધૈર્યવશ થઇશ માં. જો હું મરી જાઉં તો મારૂં શરીર કુતરાં કોલ્હાં અને ગીધ ન ખાય તેમ કરજે અને યોગ્ય સમય પ્રાપ્ત થતાં મારા મૃત્યુનો બદલો પણ લેજે."

ગોવિંદસિંહે પોતાના પિતાની અંતિમ આજ્ઞા પાળવાની પ્રતિજ્ઞા કરી. તેગબહાદૂર પુત્રની પ્રતિજ્ઞાથી પ્રસન્ન થઇ પાદશાહનાં માણસોની સાથે દિલ્લી તરફ ચાલ્યા ગયા. તેમના દિલ્લીમાં પહોંચ્યા પછી પાદશાહ ઔરંગઝેબે તેમને મુસલમાની ધર્મ સ્વીકારવાનો આગ્રહ કર્યો. તેગબહાદૂરે તેને ગંભીરતાપૂર્વક જણાવ્યું કે "સર્વશક્તિમાન ઈશ્વરની

ઉપાસના કરવી તે મનુષ્યનો ધર્મ છે, તોપણ એકજ વાત કહી દઉં છું કે, મેં એક કાગળ ઉપર કેટલીક વાત લખીને ગળામાં બાંધી રાખી છે. અને ગળાના જેટલા ભાગમાં તે લખેલો કાગળ બાંધ્યો છે. તેટલા ભાગપર જલ્લાદની અસિનો પ્રહાર ન થાય તેમ કરજો." આમ કહી તેગબહાદૂરે પોતાની ગરદન જલ્લાદની આગળ ધરી દીધી. એક ક્ષણ વારમાં જલ્લાદની તલવાર તેની ગરદનપર પડી અને તેનું મસ્તક ધડથી જુદું થઇને નીચે પડયું. આ અપૂર્વ આત્મભોગ અને આ અદ્ભુત નિડરતા જોઈ દિલ્લીનો ધર્માંધ પાદશાહ ઔરંગઝેબ આશ્ચર્યચકિત થઇ ગયો. તત્પશ્ચાત્ જ્યારે તેને ગળે બાંધેલો કાગળ ખોલીને વાંચવામાં આવ્યો ત્યારે તો તેના આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ. તે કાગળમાં નિમ્નલિખિત ઉલ્લેખ હતો:—

"શિર દિયા સાર ન દિયા." અર્થાત્ મેં શિર આપ્યું પણ ધર્મનું ગુપ્ત તત્વ આપ્યું નહિ. આ પ્રકારે ઇ. સ. ૧૬૭૫ માં તેગબહાદૂરનો દેહાંત થયો—આ રીતે તેણે અલૌકિક મહાપ્રાણતા બતાવી ધૈર્યપૂર્વક ઘાતકના હાથમાં પોતાનું જીવન સોંપી દીધું—આ પ્રકારે તેણે અસાધારણ આત્મભોગ આપી પોતાના પવિત્ર જીવનને વિશેષ ઉજ્જ્વલ બનાવ્યું. નાશવાન જગતમાં વિનાશી શરીરની આ અવિનાશી કીર્તિ ચિરકાલ પર્યંત લોકોને ઉપદેશ આપશે.

પિતાના મૃત્યુના સમાચાર સાંભળી ગોવિંદસિંહ અતિ શોકાકુલ થયા. તેમણે શિષ્યોને એકત્રિત કરીને કહ્યું કે "બંધુઓ! તમે સર્વ જણે મારા પિતાનું દિલ્લીમાં મૃત્યુ થયું એ વાત સાંભળી છે. હવે હું આ સંસારમાં નિરાધાર બન્યો છું. પરંતુ હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી પિતાજીનું વૈર લીધા વિના મારો જીવ કદિ પણ શાંત પડનાર નથી. આ કાર્ય સિદ્ધ કરવાને માટે હું મૃત્યુની જરા પણ દરકાર રાખનાર નથી. હમણાં પિતાજીનું મૃત શરીર દિલ્લીમાં છે. તમારામાંથી

કોઇ ત્યાં જઇને એ શરીર લઇ આવશે ?" ગુરૂનાં આ વચનો સાંભળી એક શિષ્યે તેગબહાદૂરના મૃત શરીરને આણી આપવાની પ્રતિજ્ઞા લીધી. ગોવિંદસિંહે આ માણસને દિલ્લી તરફ વિદાય કર્યો. તે દિલ્હી જઇને તેગબહાદૂરનું મૃત શરીર લઇને પુનઃ પંજાબમાં આવ્યો. અહીંઆં દિલ્લીના શીખોએ વિધિપૂર્વક તેગબહાદૂરના મસ્તકનો સત્કાર કર્યો.

આ વખતે ગોવિંદસિંહની વય કેવળ પંદર વર્ષની હતી. પોતાના પિતાનું શોકજનક મૃત્યુ અને પોતાની જાતિ તથા દેશની અધોગતિ જોઇને ગોવિંદસિંહના હૃદયને એવો તો કારી ઘા લાગ્યો હતો કે તેણે અત્યાચારી યવનોના હાથમાંથી સ્વદેશને મુક્ત કરવાને માટે પ્રયાસ કરવો એનેજ પોતાના જીવનનું મુખ્ય કર્તવ્ય ગણ્યું અને તેજ કર્મ બજાવવાનો તેણે નિશ્ચય કર્યો. તેણે સર્વ માણસોને સમાન ભૂમિકાપર લાવી એક પ્રચંડ સંપ્રદાય બનાવવાનો ઉદ્યોગ કરવા માંડયો. તેમની વય જો કે નાની હતી તોપણ તેમનું ધૈર્ય અદ્‌ભુત હતું. બુદ્ધિની મૃદુતાએ તેમને ભોગવિલાસમાં પ્રેર્યા નહિ. પિતાની અંત્યેષ્ટિ ક્રિયા કરી તેઓ યમુના નદીની પાસેના પહાડી પ્રદેશમાં ચાલ્યા ગયા. અહીં-આં તેઓ મૃગયા, ફારસી ભાષાનો અભ્યાસ, અને પોતાની જાતિનો પ્રાચીન ઇતિહાસ શ્રવણ કરવામાં પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

ઇસ્વીસનની સત્તરમી શતાબ્દીનો ઘણો ભાગ વ્યતીત થઇ ચૂક્યો છે. ભારતવર્ષમાં મુગલ સામ્રાજ્ય પૂર બહારમાં પ્રકાશી રહ્યું છે. પાદશાહ અકબરની ઉદારતા અને ચાતુરીનાં ચિહ્ન લુપ્ત થયા છતાં પણ હજી તે વારંવાર લોકોના સ્મરણમાં આવે છે. પાદશાહ શાહ-જહાનની શોચનીય સ્થિતિ જોઇને લોકો અશ્રુધારા વર્ષાવે છે. ઔરંગઝેબ પૈશાચી શક્તિથી ભારતવર્ષનું શાસન ચલાવવાનો ઉદ્યોગ કરી રહ્યો છે. પૂર્વ તરફ પરાક્રમી રાજસિંહ એ શક્તિની ગતિ રોકવાને માટે ઉદ્યત થયા છે. દક્ષિણમાં પ્રાતઃસ્મરણીય શિવાજી હિંદુઓનાં

ગૌરવનું રક્ષણ કરવાને માટે અલૌકિક વીરતાનો પરિચય કરાવી રહ્યા છે. અને ઉત્તરમાં એક નવયુવક એજ શક્તિના મૂળમાં કુહાડા મારવાને માટે પર્વતની દુર્ગમ ગુફામાં આસન કરી નેત્ર બંધ કરી ધ્યાનનિમગ્ન થઈ રહ્યો છે.

આ યુવક ચિત્તને વશ કરી તપસ્યા કરે છે. એની મૂર્તિ શાંત અને ગંભીર છે. એને વિલાસનો જરા સ્પર્શ સુદ્ધાં થયો નથી. તેનામાં લોભનું તો એક બિંદુ પણ નથી. તે સ્વાર્થી પણ નથી. આ યુવક ભોગવિલાસથી દૂર રહી વાયુરહિત સ્થાનમાં રહેલા દીપવત્ લોહ સમાન નિશ્ચલ અને અગાધસાગરવત્ ગંભીર બની પરપીડિત માતૃભૂમિના કલ્યાણાર્થે આત્મસંયમ અને આત્મત્યાગ પ્રાપ્ત કરવાને માટે ઇષ્ટદેવતાની આરાધના કરે છે. આ ચિત્ર માત્ર કલ્પના કરવાવાળી કલમથી આલેખાયું નથી. ઉપન્યાસની એમાં છાયા પણ નથી એ તો સત્ય ઐતિહાસિક ચિત્ર છે. અમારા પાઠકોમાંના ઘણા જણે મૅઝિનીનું જીવનચરિત્ર વાંચ્યું હશે, ગૅરિબાલ્ડીનું વૃત્તાન્ત પણ તેમને અવિદિત નહિજ હોય અને વૉશિંગ્ટનની દ્રઢતા વાંચી ગર્દન હલાવી હશે. અંગ્રેજવક્તાઓ પોતાની વક્તૃત્વ શક્તિથી મૅઝિનીના આત્મત્યાગનું વર્ણન સંભળાવી શ્રોતાજનોને દિગમૂઢ બનાવે છે. તેઓ ગેરીબાલ્ડીની મહાન પ્રતિમાને પ્રાતષ્ઠિત કરવાને ઇચ્છે છે; પરંતુ હે આર્ય બંધુઓ! આ તમારીજ ભૂમિમાં, આ દુર્દશાગ્રસ્ત આર્યાવર્તમાં પણ એવા આત્મત્યાગ અને આવી દ્રઢતા, એનાં દ્રષ્ટાન્ત પ્રકાશિત થયાં હતાં. આ વીરોએ અદ્દ્ભૂત પ્રકાશ પાડયો છે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે.

મુગલ રાજ્ય ઔરંગઝેબની કારકીર્દિમાં ઉન્નતિને શિખરે પહોંચ્યું હતું. ઔરંગઝેબે છળ, બળ અને ચાતુર્યથી અનેક રાજ્યોને પોતાની શહેનશાહતમાં સંયોજી દીધાં હતાં. પૂર્વે જે રાજ્યો મુગલ સામ્રાજ્યને આધીન થયાં નહોતાં તે પૈકી અનેક રાજ્યો કેટલાંએક કારણથી શક્તિ-

હીન બની ગયાં હતાં અને તેથી ઔરંગઝેબે તેમને ખાલસા કર્યાં હતાં. દક્ષિણમાં શિવાજીએ સ્વાધીનતાનું સંરક્ષણ સારી રીતે કર્યું હતું. પરંતુ તેમનું અકાળ મૃત્યુ થયા પછી ઔરંગઝેબના સામર્થ્યથી ઘણાં રાજ્યો થરથરવા લાગ્યાં. મુગલ સામ્રાજ્યના આવા ઉન્નતિના વખતમાં ગુરૂ ગોવિંદસિંહ શીખોને એકત્રિત કરી નવું રાજ્ય સ્થાપન કરવાને માટે ઉદ્યુક્ત થયા હતા.

યમુનાની નિકટના પહાડી પ્રદેશમાં ગોવિંદસિંહે પ્રાયઃ વીશ વર્ષ ગુપ્ત રીતે વ્યતીત કર્યાં. આ સમય દરમ્યાન તેમની પાસે અનેક શિષ્યો એકત્રિત થયા. ત્યાર પછી ગુરૂ ગોવિંદસિંહ પંજાબમાં આવ્યા અને પોતાના શિષ્યોના સમુહદ્વારા પોતાનું અભીષ્ટ સાધ્ય કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. તેમનું અંતઃકરણ ઉદાર, તેમના વિચાર નિર્મળ અને તેમનું પ્રગાઢ કર્તવ્યજ્ઞાન ઉચ્ચ હતું. તેમણે પોતાના શિષ્યોના કાનમાં એકતા અને સ્વાર્થત્યાગનો મંત્ર ફૂંક્યો. તેમણે તેમને અડગ અને પ્રમાદવિહીન બનાવ્યા. તેમના મહામંત્રથી શિષ્ય મંડળ સજીવ બની ગયું. ગોવિંદસિંહે એવા પરમ પરાક્રમી યવન રાજ્યમાં રહ્યા છતાં પણ તે રાજ્યનો વિનાશ કરવા સંકલ્પ કર્યો.

ગુરૂ ગોવિંદસિંહ સાહસિક, કર્તવ્યપરાયણ અને સ્વજાતિપ્રેમી હતા. પૃથ્વીમાં થતાં પાપથી તેમનું અંતઃકરણ બળી ઉઠતું હતું. તેઓ વિધર્મીઓનો અત્યાચાર અને સ્વધર્મીઓનું દુઃખમય જીવન જોઇ દુઃખિત થતા હતા. તેઓ મનમાં વિચાર કરતા કે "મનુષ્ય સાધનાના બળથી વિકટમાં વિકટ કાર્ય સિદ્ધ કરે છે. ઇચ્છાની એકાગ્રતા અને તેજસ્વિતા સંપાદન કરવાને માટે મહા પ્રયત્ન કરવાનો સમય હમણાં ઉપસ્થિત થયો છે." પ્રાચીનકાળના ઋષિમુનિઓ અને યોદ્ધાઓનાં અદ્દભુત કાર્યો તેમને વારંવાર યાદ આવતાં હતાં. પૃથ્વીના ધર્મમાર્ગો સ્વચ્છ બનાવી કુસંસ્કારોનું ઉન્મૂલન કરવાના ઉપાયો શો-

ધવામાં તેમનું ધ્યાન નિરંતર નિમગ્ન રહેતું હતું. તેઓ શિષ્યોના અંતઃકરણને ધીટ બનાવવાને માટે તેમની આગળ પ્રાચીન સ્થાનકોનું વર્ણન કરતા હતા. દેવતાઓએ દૈત્યોનો નાશ શી રીતે કર્યો, ધર્મ-સંસ્થાપકોએ ધર્મની સ્થાપના શી રીતે કરી, ગોરક્ષનાથ અને રામાનંદે કેવી રીતે પોતાના મતનો પ્રચાર કર્યો હતો, મહમ્મદે કેવાં કષ્ટ અને કેવાં વિઘ્નવિપત્તિઓને સહી પોતાને પેગમ્બર તરીકે જણાવી અનેક મનુષ્યોમાં પ્રભુતા સ્થાપન કરી હતી. વગેરે વાતો તેઓ રસભરિત વાણીમાં પોતાના શિષ્યોને શ્રવણ કરાવતા હતા. વીરપુરુષોએ અને ધર્મસંસ્થાપકોએ કેવાં કેવાં કષ્ટો સહન કરી અન્ય મનુષ્યોપર પ્રભુતા મેળવી હતી તેનું વર્ણન ગુરૂમુખે સાંભળીને શીખો તેમનાપર મોહિત થઈ ગયા હતા. ગુરૂ ગોવિંદ એમ કહેતા હતા કે "હું સર્વશક્તિવાન ઈશ્વરનો દાસ છું. ઈશ્વર કોઇ વિશિષ્ટ ગ્રંથમાં પરિબદ્ધ નથી. તે સરલ અને સાધુ હૃદયમાંજ વિરાજમાન છે."

ગુરૂ ગોવિંદસિંહનો ઉપદેશ સાંભળી શીખ લોકોમાં ઘણું ચૈતન્ય આવ્યું. તેઓ વૈદિક તત્વજ્ઞાન અને વૈદિક ક્રિયાની પર્યાલોચના કરતા અને સાથે સાથે શારીરિક બળ વધારવાનો પણ બોધ આપતા. એમનામાં કષ્ટસહિષ્ણુતા અને ચિત્તની દ્રઢતા અસાધારણ હતી. એમ કહેવાય છે કે તેઓ સમીપના પર્વતોમાં જઈ અર્જુનના જેવી તેજસ્વિતા પ્રાપ્ત કરવાને માટે તપ કરતા હતા. ગુરૂ ગોવિંદસિંહનો આત્મસંયમ અને સમાજની ઉન્નતિ કરવાની તેમની તીવ્ર આકાંક્ષાથી ક્રમે ક્રમે શીખ-સમાજમાં તેમની પ્રતિષ્ઠા વૃદ્ધિંગત થતી ગઈ.

ગોવિંદસિંહ પોતાના મહા કાર્યની સિદ્ધિને માટે અતિ ચિંતાતુર રહેવાને લીધે સાંસારિક ભોગવિલાસ પ્રત્યે તેઓ ઉદાસીનતા દર્શાવવા લાગ્યા. નાશવાન પદાર્થોની ક્ષણિક મનોહરતા તેમનું મન આકર્ષી શકતી નહોતી. પોતાના શિષ્યોને ભોગવિલાસથી પરાવૃત્ત

કરી અભીષ્ટ મહાકાર્ય સિદ્ધ કરવાના ઉદ્યોગમાં ઉદ્યત રાખવાને માટે તેમણે પોતાની અપૂર્વ ત્યાગવૃત્તિ તેમને પ્રત્યક્ષ જણાવી. તેમણે પોતાની સર્વ ધન સંપતિ સતલજ નદીમાં ફેંકી દીધી. એક વખત એક શીખે સિંધ દેશમાંથી પ્રાયઃ ૫૦૦૦૦ રૂપિઆની કિમ્મતની સુવર્ણની બે બંગડીઓ આણીને તેમને આપી. પ્રથમ તો ગોવિંદસિંહે ઉક્ત બંગડીઓ લેવાનેજ ના પાડી, પરંતુ પોતાના શિષ્યનો અત્યાગ્રહ જોઈ તેમણે પાછળથી તે લીધી. પણ થોડી વારમાં તેમણે નદીપર જઇ તેમાંની એક બંગડી જળમાં ફેંકી દીધી. તેમના હાથમાં એક બંગડી જોઈ શિષ્યે તેમને પૂછ્યું "આમ કેમ? એક બંગડી કયાં ગઈ?" ગોવિંદ સિંહે ઉત્તર આપ્યો કે "એક બંગડી પાણીમાં પડી ગઇ છે" આ શબ્દો સાંભળી ઉક્ત શિષ્ય એક માણસને તેડી લાવ્યો અને તેને કહ્યું કે "જો તું પાણીમાંથી બંગડી શોધી લાવશે તો તને રૂા. ૫૦૦)નું પારિતોષિક આપવામાં આવશે." પેલા માણુસે આ વાતનો સ્વીકાર કર્યો. તત્પશ્ચાત્ તે શિષ્યે ગુરૂ ગોવિંદસિંહને સવિનય પ્રાર્થના કરી કે "તે બંગડી નદીના કયા ભાગમાં પડી ગઈ છે તે કૃપા કરી બતાવો." ગોવિંદસિંહ તેની સાથે નદી તટપર ગયા અને બીજી બંગડી નદીમાં ફેંકી કહ્યું કે "અહીંઆં પડી ગઈ હતી." ગુરૂની આવી અપૂર્વ ત્યાગવૃત્તિ જોઇ પેલો શિષ્ય આશ્ચર્યચકિત થઇ ગયો. અંતે એ પરિણામ આવ્યું કે તે પણ પોતાના સર્વ પ્રકારના ભોગવિલાસો ત્યાગીને ગુરૂજીએ ધારેલું મહા કાર્ય સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવાને દૃઢપ્રતિજ્ઞ થયો.

આ પ્રકારે વિષયવાસનાનો ત્યાગ કરીને શીખસમાજને સંગઠિત કરવાને માટે ગુરૂ ગોવિંદસિંહ પ્રવૃત્ત થયા. તેમણે શિષ્યોને એકત્રિત કરીને કહ્યું કે "તમો સર્વેને શુદ્ધ અંતઃકરણથી ઇશ્વરની ઉપાસના કરવી પડશે. કોઇએ પણ વિષયવાસનામાં લુબ્ધ થવું નહિ. ચિત્તને એકાગ્ર

કરી ઈશ્વરપર શ્રદ્ધા રાખવી. એકજ ઉદ્દેશ સાધ્ય કરવાને માટે સર્વે જણે પ્રયત્ન કરવાનો છે. આપણી સમાજમાં નાતજાતનો ભેદ રાખવામાં આવશે નહિ. કુલમર્યાદાની પ્રતિષ્ઠા રાખી શકાશે. અહીંઆં બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, શૂદ્ર, પંડિત અને મૂર્ખ સર્વને સમાન માનવામાં આવશે. સર્વેને એકજ પાત્રમાં રાંધેલું ભોજન એકજ પંક્તિમાં બેસીને જમવું પડશે. આ સમાજ તુર્કોનો નાશ કરવાને માટે યત્ન કરશે. શૂરવીર અને તેજસ્વિ બનવાને માટે શિક્ષણ આપવામાં આવશે."

આટલા શબ્દો બોલી ગુરૂગોવિંદે એક બ્રાહ્મણ, એક ક્ષત્રિય અને ત્રણ શૂદ્ર જાતિના વિશ્વાસપાત્ર શિષ્યોનાં અંગપર ખાંડનું સરબત છાંટી 'ખાલસા'* એવો ઉચ્ચાર કર્યો. 'ખાલસા'નો અર્થ 'પવિત્ર' અથવા 'મુક્ત' થાય છે. પછી તેમના નામની સાથે યુદ્ધકાર્યે તથા વીરતાનું સૂચન કરનારો 'સિંહ' શબ્દ સંયોજી દીધો. તેમણે પોતે પણ તેજ દિવસે સિંહની ઉપાધિ ધારણ કરી અને તે દિવસથીજ તેઓ 'ગુરૂ ગોવિંદસિંહ' કહેવાવા લાગ્યા.

આ પ્રકારે ગોવિંદસિંહે જાતિભેદ દૂર કરી સર્વને એક પંક્તિમાં આણી મૂકયા અને સર્વના હૃદયમાં નવશક્તિનો સંચાર કરી દીધો. જાતિભેદ દૂર થઈ જવાથી ઉચ્ચ વર્ણના શિષ્યોએ પ્રથમ તો અપ્રસન્નતા બતાવી, પરંતુ ગુરૂ ગોવિંદસિંહની તેજસ્વિતા અને કામ કરવાની ચતુરાઈથી તે અપ્રસન્નતા ઝાઝા દિવસ ટકી નહિ. શિષ્યો ગુરૂની અવર્ણનીય તેજસ્વિતા જોઈને ગુપચુપ આવી તેમની આજ્ઞાનુસાર કાર્ય કરવા લાગ્યા. તેઓ એકેશ્વરવાદી હોવાથી આદિ ગુરૂ નાનક અને તેના ઉત્તરાધિકારીઓની સાથે યથોચિત સન્માન જણાવવા લાગ્યા.

---

* ખાલસા શબ્દની ઉત્પત્તિ અરબીમાંથી થઈ છે એનો અર્થ 'પવિત્ર' અથવા 'મુક્ત' થાય છે. વળી જે ભૂમિ સ્વતંત્ર રાજાને તાબે હોય છે તેને 'ખાલસા' કહેવામાં આવે છે.

શીખો રાજપૂતોની પેઠે સિંહ ઉપાધિ ધારણ કરી લાંબી લાંબી જટા અને મોટી દાઢી મૂછ રાખવા લાગ્યા તથા અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત થઈ સાચા યોદ્ધા બનવા લાગ્યા. તેમણે લીલા રંગનાં વસ્ત્રો પરિધાન કરવા માંડયાં. શીખો એક બીજાને સામા મળતા ત્યારે "વાહ ગુરૂજીકા ખાલસા, વાહ ગુરૂજીકી ફતેહ" એ શબ્દોથી સન્માન કરતા. ગોવિંદસિંહે ગુરમઠ ગુરૂદ્વારા નામની એક શાસન સભાની સ્થાપના કરી. અમૃતસરમાં આ સભાની બેઠક મળતી. શીખોના સર્વ પ્રકારના માંહોમાંહેના વિરોધોનો નાશ કરવો, કામ ક્રોધાદિ આંતર શત્રુઓપર જીત મેળવવી, અને બાહ્ય શત્રુઓનું આક્રમણ થતાં તેનો પરાજય કરવો, આવા નિયમો આ સભાદ્વારા ઘડવામાં આવતા હતા. આથી એકપ્રાણતા, સમવેદના આદિ પ્રજોન્નતિના ગુણોનો વિકાસ થવા લાગ્યો.

આ રીતે ગુરૂ ગોવિંદસિંહે શીખ સમાજમાં સર્વ સાધારણનો અધિકાર સ્થાપિત કર્યો. જે શીખો પૃથક્ પૃથક્ રહી યોગીની પેઠે વિરક્ત દશામાં પોતાનો સમય વ્યતીત કરતા હતા તેઓ હવે ગુરૂમઠમાં આવી સંપની વૃદ્ધિ કરવા લાગ્યા. ગોવિંદસિંહે પોતાનો એક ઉદ્દેશ સાધ્ય કર્યો. પરંતુ હજી સુધી એથી અધિક મહત્વનો ઉદ્દેશ તો અસિદ્ધજ રહ્યો હતો. તેમણે પરમપરાક્રમી મુગલોની વચ્ચે રહી શસ્ત્રધારી શીખોને 'સિંહ'ની ઉપાધિ બક્ષી હતી. હિંદુ અને મુસલમાનોને એક પંક્તિમાં બેસાડયા હતા. પરંતુ હજી સુધી તેઓ પાદશાહના સૈન્યનો વિધ્વંસ કરી શકયા નહોતા. પોતાના પિતાનાં અંતિમ વચનો અને તેમની સમક્ષ પોતે કરેલી પ્રતિજ્ઞા ગોવિંદસિંહને સ્મરણમાં આવી. હવે તેમણે વધુ વિલંબ ન કરતાં પોતાના પિતાની હત્યા કરનાર મુસલમાનોની સામે શસ્ત્ર ધારણ કર્યાં.

ભારતવર્ષના સર્વ ભાગોમાં મુગલ સામ્રાજ્ય સર્વત્ર જામ્યું નહોતું. માંહોમાંહેના કલહથી અને અન્ય કારણોથી તે પડી જવાની તૈયા-

ામાં હતું. મુગલ સામ્રાજ્યની સ્થાપના કરનાર બાબર નિષ્કંટક
ાજ્ય ભોગવી શક્યો નહોતો. તેનો પુત્ર હુમાયુ પઠાણ શેરશાહના હા-
ાથી પરાજિત થઈ દીલ્લીની ગાદી છોડી સોળ વર્ષ સુધી પરદેશમાં
ભટક્યો હતો. પાદશાહ અકબરે રાજનીતિપ્રાવીણ્ય, ચાતુર્ય, યુદ્ધકૌ-
ાલ્યાદિ ગુણોને લીધે પ્રાયઃ પચાસ વર્ષ પર્યંત રાજ્ય કર્યું હતું તોપણ
ાને પોતાના પુત્ર સલીમનું દુર્વર્તન અને બંગાલામાં પ્રવર્તેલા રાજ-
ત્દ્રોહથી વ્યાકુળ થવું પડ્યું હતું. પાદશાહ જહાંગીર ક્રૂર અને ઇંદ્રિય-
ાંપટ હતો. તેના પ્રધાન કર્મચારીઓ તેની વિરુદ્ધ શસ્ત્ર ધારણ કરવામાં
રતા નહોતા. એક વખત તેને પોતાના સૈન્યાધિપતિ મહોબતખાનના
ાંદીવાન થવું પડ્યું હતું. શાહજહાન જીવતો હતો ત્યારથીજ તેના
ુત્રો રાજ્ય લેવાને માટે ખટપટ કરવા લાગ્યા. અંતે તેમાંના અધિક
ામર્થ ઔરંગઝેબે ક્રૂરતાથી તેને કારાગૃહમાં નાખ્યો અને કારાગૃહ-
ાંજ તેનું મૃત્યુ નિપજ્યું હતું. ઔરંગઝેબની ધર્માંધતા અને કુટિ-
ાતા હિંદુસ્તાનના ઇતિહાસમાં અતિ પ્રસિદ્ધ છે. તેણે પોતાના શંકા-
ાીલ સ્વભાવથી અને કઠોર વર્તનથી અનેક શત્રુઓ ઉત્પન્ન કર્યા હતા.
એક તરફ રાજસિંહ અને દુર્ગાદાસ રાજપૂતોને થતા અપમાનનું વૈર
ાવાને માટે કટિબદ્ધ થયા હતા અને બીજી તરફ શિવાજી મુગલ સા-
ામ્રાજ્યનો પાયો ઉખેડી નાખવાને માટે પ્રયત્ન કરતા હતા. ઉત્તરમાં
ગોવિંદસિંહ પણ તેજ કાર્યને માટે ઉદ્યત થયા હતા.

આ મહાકાર્યની સાધનાને માટે ગોવિંદસિંહે પોતાના શિષ્યોને
ભિન્ન ભિન્ન ટુકડીઓમાં વિભક્ત કર્યા અને વિશેષ વિશ્વાસપાત્ર બહા-
ાર માણસની સરદારી નીચે સર્વ ટુકડીઓને મૂકી દીધી. વળી ગો-
વિંદસિંહે યુદ્ધકળાના જ્ઞાતા પઠાણ લોકોને બોલાવ્યા અને પોતાના
ાલમાં તેમનો ઉમેરો કર્યો. તેમણે સતલજ અને યમુનાની વચ્ચે
આવેલા પહાડની તળેટીમાં ત્રણ કિલ્લા બંધાવ્યા. પહાડી સ્થાનોમાં

સૈન્યને રાખવાથી યુદ્ધ કરવાની સુગમતા થાય છે એમ જાણી તેમણે આ કિલ્લાઓને સર્વ પ્રકારે ઉત્તમ બનાવ્યા. પછી તેઓ તે સ્થળની આસપાસના સરદારોપર પોતાનો અધિકાર સ્થાપિત કરવાને ઉધુક્ત થયા. આ પ્રકારે ગોવિંદસિંહે મોગલોની સાથે યુદ્ધ કરવા પ્રબંધ કર્યો. તેમણે ધર્મોપદેશદ્વારા અનેક સ્થાનોમાંથી શિષ્યોને એકત્રિત કર્યા હતા. અને હવે તેઓ સેનાપતિ બની સેનાના નિવાસસ્થાનને નિષ્કંટક કરવા અને સર્વ કિલ્લાઓનો પ્રબંધ રચવા તત્પર થયા.

પ્રથમ મુગલો સાથે કરેલાં કેટલાંક યુદ્ધોમાં ગોવિંદસિંહને વિજય પ્રાપ્ત થયો. પરંતુ તેઓ અંતિમ યુદ્ધમાં પરાજિત થયા. તેમની માતા અને તેમના બે પુત્રો સરહિંદના નવાબના હાથમાં કેદ પકડાયા. આ નવાબ ધર્મનિષ્ટ મુસલમાન હતા. આથી ગોવિંદસિંહની માતા અને પુત્રોના પ્રાણ લેવાને તે રાજી ન થયા તેથી તેમના દિવાન સાથે વાદ-વિવાદ કરવા લાગ્યા. એક દિવસ નવાબે ગોવિંદસિંહના બન્ને પુત્રોને પોતાની સમક્ષ તેડાવી મંગાવ્યા. આ છોકરાઓના ખુબસુરત ચ્હેરા જોઇને નવાબ આશ્ચર્યચકિત થયો. તેણે તેમને પૂછ્યું "અરે છોકરાઓ! જો તમને છોડી મૂકવામાં આવે તો તમે શું કરશો ?" બન્ને છોકરાઓએ ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો "અમે મુક્ત થઇને અમારા શીખોને એકઠા કરીશું અને તેમને શસ્ત્રથી સજ્જીત કરી દુશ્મનોની સાથે લડીને સમરાંગણમાં પ્રાણ આપીશું." નવાબે કહ્યું. "જો તમે હારી જશો તો શું કરશો ?" ઉભય બાળકે પુનઃ ગંભીરતાપૂર્વક વીરતાથી જવાબ આપ્યો "તો પુનઃ શીખોને એકત્રિત કરીશું અને બનશે તો તમને કાપી નાખીશું અને નહિ તો અમે લડતાં લડતાં મરણ પામીશું." બાળકોની આવી તેજસ્વિતા જોઇને નવાબના આશ્ચર્ય અને ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે તેમને પોતાના દિવાનના કબજામાં સોંપ્યા અને દિવાને તેમને કતલ કરાવ્યા. આ વાતની ખબર

થતાં ગોવિંદસિંહની માતા શોકથી મરણ પામી. આ સમાચાર સાંભળી યદ્યપિ ગોવિંદસિંહ અતીવ દુઃખિત થયા તોપણ તેમણે પોતાની કાર્ય સાધવાની પ્રતિજ્ઞા છોડી નહિ. તેઓ પોતાના સૈનિકોના શૌર્યપર શ્રદ્ધા રાખી મુગલ સામ્રાજ્યનો ઉચ્છેદ કરવાને માટે પુનઃ પ્રયત્ન કરવા લાગ્યા. ઔરંગઝેબે આ તેજસ્વી પુરુષની સાહસિકતાથી આશ્ચર્ય-ચકિત થઇ તેમને દિલ્લી આવવાને આગ્રહ કર્યો. ગોવિંદસિંહે તેના પત્રના જવાબમાં લખ્યું કે "પાદશાહ ઉપર હું કોઇ પણ પ્રકારે વિશ્વાસ રાખી શકતો નથી. પણ ખાલસા લોકો એક દિવસ અવશ્ય તમારા પર વૈર લેશે. મારા પિતા અને મારા પુત્ર તમારા ક્રોધના ભોગ થઇ પડયા છે. હવે મને આ સંસારમાં કોઇ પણ પ્રકારના ભોગ-વિલાસપર આસક્તિ રહી નથી, પરંતુ હું હવે ધૈર્યપૂર્વક મૃત્યુની રાહ જોઇ રહ્યો છું. મને રાજાઓના રાજા અને પાદશાહોના પાદશાહ તે સચ્ચિદાનંદ શ્રી પ્રભુ શિવાય આ જગતમાં કોઇનો પણ ભય નથી." આવો ઉત્તર મળ્યા છતાં પણ ઔરંગઝેબે તેને મળવાનો પુનઃ આગ્રહ કર્યો. આથી ગોવિંદસિંહ તેને મળવા જવાને નીકળ્યા. પરંતુ તેઓ તેની મુલાકાત કરી શકે તે પૂર્વે વૃદ્ધ ઔરંગઝેબનું મૃત્યુ થયું. ઔરં-ગઝેબની પછી દિલ્લીના સિંહાસનપર બેસનાર બહાદુરશાહે ગોવિંદ-સિંહની સાથે સારો મિત્રભાવ જણાવ્યો પરંતુ ગોવિંદસિંહ આ સં-સારમાં અધિક સમય રહીને પોતાની અસાધારણ કાર્યશક્તિનો પરિચય આપી શકયા નહિ. ઔરંગઝેબના મૃત્યુ પછી અલ્પ સમયમાં તેમનું પણ મૃત્યુ થયું. ગોવિંદસિંહ જે વખતે દક્ષિણમાં રહેતા હતા તે વખતે તેમના હાથથી એક પઠાણ માર્યો ગયો હતો. આ પઠાણના પુત્રોએ એક દિવસ ગુપ્ત રીતે ગોવિંદસિંહની છાવણીમાં ઘુસીને તેમ-નાપર શસ્ત્રપ્રહાર કર્યા. આ શસ્ત્રઘાતથી ગોવિંદસિંહનું મૃત્યુ થયું. ઇ. સ. ૧૭૦૮ માં ગોદાવરીના તટપર નાદર નામના સ્થળે આ શોચ-

નીય ઘટના બની હતી. આ વખતે ગોવિંદસિંહની વય કેવળ ૪૮ વર્ષની હતી.

ગોવિંદસિંહે શીખસમાજને જીવન અર્પ્યું હતું. એમના વખતથીજ શીખ લોકો મહા બળવાન પ્રજા તરિકે પ્રસિદ્ધ થયા છે. ગુરૂ નાનકે શીખ ધર્મનો પાયો નાંખ્યો અને ગોવિંદસિંહે શીખ પંથીઓને સંપ તથા સ્વાધીનતાનો પાઠ શીખવ્યો. ગોવિંદસિંહનો ઉદ્દેશ મહાન હતો, તેમની સાધના ઉચ્ચ હતી, તેમની વીરતા અસાધારણ હતી અને તેમના ચિત્તની સ્થિરતા અનુપમ હતી. તે જાતીય જીવનના ગૌરવને સમજતા હતા. સંપ વિના નિર્જીવ ભારતનો કદિ ઉદ્ધાર થનાર નથી, એ વાતથી તેઓ સુજ્ઞાત હતા અને એથીજ તેઓ હિંદુ મુસલમાન સર્વને એક પંક્તમાં લાવ્યા હતા તથા એથીજ તેમણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રને એક ભૂમિમાં સાથે બેસાડયા હતા. તેમણે એક વખત પાદશાહ ઔરંગઝેબ ઉપર ગર્વ સહિત લખ્યું હતું કે "તમે હિંદુઓને મુસલમાન કરો છો, પરંતુ હું મુસલમાનોને હિંદુ કરીશ. તમે મુગલ સામ્રાજ્યને નિષ્કંટક માનો છો પરંતુ યાદ રાખજો કે ચકલી બાજને તોડી પાડશે." પ્રતિભાશાળી ગોવિંદસિંહનું આ વાક્ય નિષ્ફળ થયું નહિ. તેમના મંત્રના બળથી ચકલીએ ખરેખર બાજપક્ષીને નીચે તોડી પાડયું.

ગોવિંદસિંહનું મૃત્યુ તરુણ અવસ્થામાંજ થયું. જો તેઓ વધુ વખત જીવ્યા હોત તો અનેક મહાકાર્યો તેમણે સિદ્ધ કર્યાં હોત. જો ગોવિંદસિંહે આવી મહા સાધના કરી ન હોત તો કદાચ શીખ લોકોનું નામ ઇતિહાસમાં પ્રકાશત નહિ. ગોવિંદસિંહે થોડી ઉમ્મરમાં અને થોડા વખતમાં શીખ સમાજમાં એવી જીવનશક્તિ અને તેજસ્વિતા ભરી દીધી કે જેથી નિર્જીવ, નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય ભારત શીખોનાં પરાક્રમથી એકદમ સચેત થઈ ગયો અને આજે પણ શીખ લોકોની

જે કીર્તિ રહી છે તે ગોવિંદસિંહના એ જીવનમંત્રનાજ પ્રતાપ છે. ગોવિંદસિંહે શીખ સમાજને આપેલાં ચૈતન્યને લીધેજ નૌશેરા, રામનગર અને ચિનિયલવાળાનાં નામો ઇતિહાસમાં પ્રસિદ્ધ થયાં છે. જો કે ગોવિંદસિંહનું વિનાશી શરીર પંચતત્ત્વમાં મળી ગયું છે, તોપણ તેમની કીર્તિનો નાશ થયો નથી. જે સમયે મનુષ્યોથી વસેલાં શોભાયમાન નગરોના સ્થાને બિયાબાન ઉજ્જડ જંગલ બની જશે, જે સમયે નદીઓ સૂકાઈ જઈ રેતીનાં રણો બની જશે, અને રાજ્યોના મહાન વિપ્લવો થઈ જશે, તોપણ ગોવિંદસિંહની મહાપ્રાણતા, કર્તવ્યબુદ્ધિ અને ઉદારતા ઇતિહાસનાં પૃષ્ઠપર સુવર્ણના અક્ષરોથી ચિરકાળ પર્યંત અંકિત રહેશે.

૧૮–પંજાબ કેશરી મહારાજા રણજીતસિંહ.

ઇસ્વીસનની અઢારમી શતાબ્દીથી મુગલ સામ્રાજ્યના અધઃપતનનો પ્રારંભ થયો છે. એક પછી એક એ રીતે અનેક પાદશાહો દિલ્લીના સિંહાસનપર બેઠા, પદભ્રષ્ટ થયા અને માર્યા ગયા. સૂબાઓ પાદશાહના ફરમાનને જરા પણ માન આપ્યા વિના કે તેની જરા પણ પરવા રાખ્યા વિના પોતાની ઇચ્છાનુસાર રાજ્ય કરવા લાગ્યા. પરાક્રમી નાદિરશાહે દિલ્લી પર આક્રમણ કર્યું અને પાદશાહના પાટનગર સૌંદર્યવાન દિલ્લીના દિવાનેઆમ અને દિવાનેખાસ નામના મહેલોને ભસ્મીભૂત કરી સ્મશાન ભૂમિવત્ બનાવી મૂક્યા. તેની પછી દુરાની અહમદશાહ સાહસિક અફઘાનોને લઇ દિલ્લીપર ચઢી આવ્યો. અહમદશાહની સાથે પાણીપતના રણક્ષેત્રમાં મહા બળવાન મરાઠાઓની શક્તિ નાશ પામી અને તેઓ કાળચક્રની ગતિથી પરાજિત થયા. દિલ્લીનો પાદશાહ તખ્તે તાઉસ છોડી બિહાર તરફ નાશી ગયો. આવા

ગરબડના સમયમાં—મારામારી વિદ્રોહ અને લૂંટના સમયમાં શીખોએ પોતાની તેજસ્વિતા અડગ રાખી હતી. ગોવિંદસિંહે શીખોને જે મંત્રની દીક્ષા આપી હતી, તે મંત્ર હજી શીખો ભૂલી ગયા નહોતા. શીખ લોકોમાં સાહસિક સેનાપતિઓ અને ચતુર રાજાઓ થયા તેઓ પોતાના આ સાહસિક સેનાપતિઓ અને સમરપ્રવીણ શાસનકર્તાઓને આધીન રહી પોતાની સ્વાધીનતાનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરતા હતા. જે પુરુષ અસ્ત્ર ચલાવવામાં પ્રવીણ અને અશ્વપર સ્વારી કરવામાં કુશલ નહિ થતો તેનું ખાલસા લોકોમાં સન્માન થતું નહિ. આથી પ્રત્યેક ખાલસાને અસ્ત્ર ફેંકવાની અને અશ્વારૂઢ થવાની પરીક્ષા આપવી પડતી હતી. શનૈઃ શનૈઃ ખાલસાઓનું દળ બહુ મોટું થઇ ગયું. એક એક સરદારના હાથમાં થોડું રાજ્ય અને અમુક માણુસો રહેતાં. આ રીતે શીખોનો દેશ અનેક ખંડ રાજ્યોમાં વિભક્ત થઇ ગયો. આ ખંડ રાજ્યને 'મિસિલ' કહેવામાં આવતું. પ્રત્યેક 'મિસિલ'નો સ્વામી સર્વ પ્રકારે સ્વતંત્ર હતો. આ પ્રકારે શીખસામ્રાજ્ય અનેક ખંડ રાજ્યોમાં વિભક્ત થયું તોપણ તેમની અખંડતા સંપૂર્ણ રીતે જળવાઇ રહી હતી. તેમના ભ્રાતૃભાવમાં જરા પણ વિક્ષેપ નડયો નહોતો. તેઓ સર્વ અભેદ્ય જાતિબંધનથી બદ્ધ રહેતા હતા અને સર્વ પ્રતિવર્ષ અમૃતસરના પવિત્ર મંદિરમાં એકત્રિત થઇ પોતાની ઉન્નતિ કરવાના વિચારો કરતા હતા.

અઢારમી શતાબ્દીના અંતિમ ભાગમાં જ્યારે અંગ્રેજ વ્યાપારીઓ દક્ષિણમાંથી ફ્રેંચ લોકોની પ્રધાનતા દૂર કરવાને ઉદ્યત થયા હતા, જે વખતે એક મુસલમાન યોદ્ધાએ મહીસુરના સિંહાસનપર અધિકાર સ્થાપિત કરી સર્વના હૃદયમાં આશ્ચર્ય અને ભય ઉત્પન્ન કર્યો હતો, તેજ વખતે શીખોના ખંડ રાજ્યમાં એક મહા શક્તિવાન અને કાર્યકુશલ પુરુષ પેદા થયો હતો. આ મહા પુરુષના

પ્રાકટ્યથી શીખ લોકો અધિક બળવાન અને અધિક તેજસ્વી બન્યા હતા. આ મહા પુરૂષનું નામ રણજીતસિંહ હતું. મહારાજા રણજીતસિંહની ગણના સમગ્ર પૃથ્વીમાં જેટલા મહા પુરુષો પ્રગટ થયા છે, તેમાં એક ઉત્તમ રાજ્યનેતા તરીકે છે. રણજીતસિંહના પિતા બહાદૂર મહાસિંહ એક મિસિલના રાજકાર્યનો પ્રબંધ કરતા હતા. રણજીતસિંહનો જન્મ ઈ. સ. ૧૭૮૦ ના નવેમ્બરની ૨ જી તારીખે થયો હતો. મહાસિંહ અતિ ઉદાર અને યુદ્ધકળામાં પ્રવીણ હતા. રણજીતસિંહ પણ પોતાના પિતાના જેવાજ ઉદાર, સાહસિક અને રણપંડિત થયા. શૈશવ કાળમાં શીતળાના રોગથી એમનું એક નેત્ર ફુટી ગયું હતું. આથી એઓ 'કાણા રણજીતસિંહ"ના નામથી પ્રસિદ્ધ થયા. જ્યારે રણજીતસિંહની વય આઠ વર્ષની હતી તે સમયે તેમના પિતા મરણ પામ્યા. હવે રણજીતસિંહ પોતાની માતા અને મહાસિંહના દિવાન લક્ષ્મીપતિસિંહના હાથ નીચે શિક્ષા પ્રાપ્ત કરવા લાગ્યા. રણજીતસિંહ કદે ઠીંગણા હતા, પરંતુ તેઓ પોતાની બુદ્ધિ, સાહસિકતા અને પરાક્રમપર શ્રદ્ધા રાખીને પોતાના રાજ્યની ઉન્નતિ કરવાનો ઉદ્યોગ કરવા લાગ્યા. આ વખતે પંજાબમાં દુરાનીઓનું રાજ્ય હતું. અંગ્રેજ લોકો પણ શનૈઃ શનૈઃ બળવાન થઇ પોતાના રાજ્યની વૃદ્ધિ કરી રહ્યા હતા. સિંધિઆ અને હોલ્કર પોતાનું બળ વધારી અંગ્રેજોની સામે થયા હતા. રણજીતસિંહે દુરાનીઓના સ્વામી જેમાનશાહને વિશેષ સાહાય્ય કરી હતી, તેથી પારિતોષિકમાં તેમને લાહોરનું રાજ્ય મળ્યું હતું. શનૈઃ શનૈઃ શીખ સમાજમાં એમની શક્તિ અને પ્રતિષ્ઠા વધી ગઈ અને થોડા વખતમાં સર્વ શીખો એમને આધીન થઈ ગયા.

પઠાણ લોકોએ હિંદુસ્તાનમાં આવી ચાતુરી અને પ્રપંચથી હિંદુ રાજાઓના હાથમાંથી આ દેશ જીતી લીધો હતો, એ વાત

ઇતિહાસના પાઠકોને અજ્ઞાત નથી. મહારાજા રણુજીતસિંહે પઠાણોને ઉચિત શિક્ષા આપી તેમની કુટિલતાનું પૂરૂં વૈર લેવાનો નિશ્ચય કર્યો. જેણે શઠતાના બળથી ભારતવર્ષમાં પોતાનો અધિકાર જમાવ્યો હતો તેમના હાથમાંથી ભારતનાં સર્વ ખંડોનાં રાજ્યોનો ઉદ્ધાર કરવા એમણે પોતાની શક્તિ અનુસાર બહુ ઉદ્યોગ કર્યો હતો અને તેમનો આ ઉદ્યોગ ઘણે ભાગે સફળ થયો હતો. તેમણે તેમને ઉચિત શિક્ષા આપવાની પ્રતિજ્ઞા કરી; અને પ્રથમ તો પઠાણોને પંજાબમાંથી હાંકી કાઢી મુલતાનપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. તત્પશ્ચાત્ તેમણે ભારતવર્ષના નંદનવન સમાન કાસ્મીરમાં પોતાની વિજયપતાકા ફરકાવી. મહારાજા રણુજીતસિંહના પુત્ર ખડ્ગસિંહે સેનાના સરદાર બનીને કાસ્મીરપર આક્રમણ કર્યું અને અફઘાન સેનાપતિ જબ્બરખાનને હરાવીને તે હસ્તગત કરી લીધું. ત્યાર પછી મહારાજા રણુજીતસિંહ પેશાવરપર પોતાનો અધિકાર સ્થાપિત કરવાને માટે ઉદ્યોગ કરવા લાગ્યા. ઈ. સ. ૧૮૧૩ ના માર્ચ મહિનાની ૨૩ મી તારિખ ભારતવર્ષના ઇતિહાસમાં નોંધી રાખવા યોગ્ય દિવસ હતો. જે લોકોએ દૃષદ્વતીના તટપર હિંદુ રાજા પૃથ્વીરાજ ચૌહાણને હરાવી ભારતવર્ષમાં પોતાની પ્રભુતા સ્થાપિત કરવાનું બીજારોપણ કર્યું હતું, તેજ લોકોના દેશમાં પોતાની વિજયપતાકા ફરકાવવાને માટે રણુજીતસિંહ પોતાનું સમર્થ સૈન્ય લઇને ઉપલે દિવસે જઈ પહોંચ્યા. એ દિવસે મહારાજા રણુજીતસિંહ સિંધુ નદીને પેલેપાર વિજયી પઠાણોના રુધિર રૂપી જળમાં પૃથ્વીરાજ અને સમરસિંહના આત્માની શાંતિ અર્થે તર્પણ કરવાને માટે ગયા હતા. મહારાજા રણુજીતસિંહ સર્વ રીતે નિડર થઈ પરમસાહસની સાથે પઠાણોના રાજ્યમાં જઇ પહોંચ્યા. અફઘાનિસ્તાનના પ્રધાન સરદાર મુહમ્મદ આજમખાંએ રણુજીતસિંહની સામા થવાને માટે એક પ્રચંડ સેના એકત્રિત

કરી હતી; માર્ચની ૨૪ મી તારિખે કાબુલની પાસે નૌશેરાની નજીક ખેરાઇ નામક સ્થળે ઉભય પક્ષનાં સૈન્યો સામસામાં મળ્યાં. આ મહા સંગ્રામમાં મહાવીર રણજીતસિંહ પોતાની અશ્વારોહી સેનાને આગળ કરી શત્રુ સેનાપર આક્રમણ કરવા લાગ્યા. પ્રચંડ શરીરવાળા અફ્ઘાન લોકો અટલ પર્વતની માફક ખડા રહી ઘોર પરાક્રમ કરી શીખોના અસ્ત્રપ્રહારોને રોકવા લાગ્યા.

આખો દિવસ યુદ્ધ ચાલ્યું; શીખોએ મુસલમાનોપર પુષ્કળ મારો ચલાવ્યો, રાત્રિ થઇ તોપણુ યુદ્ધ તો ચાલુંજ રહ્યું. રણજીતસિંહના યોદ્ધાઓ શત્રુસેનાના માણુસોને ઘાસની પેઠે કાપી નાંખતા હતા. અંતે અફ્ઘાન લોકો પંજાબ કેશરીના પરાક્રમની આગળ પરાસ્ત થયા અને અંધકારમાં અહીંતહીં છુપાતા છુપાતા સમરક્ષેત્રમાંથી નાશી ગયા. પંજાબ કેશરીની વિજય પતાકા રાત્રિના શીતલ પવનથી ફરફર ફરકી રહી અને શત્રુઓના અંતઃકરણુમાં ભય પેદા કરવા લાગી. ઇસ્વીસનની ઓગણીસમી શતાબ્દીમાં ભારતવર્ષના વીર પુરુષોએ આવું મહાન પરાક્રમ કર્યું હતું. આ રીતે ઓગણીસમી શતાબ્દીમાં પઠાણોએ શીખોની આગળ મસ્તક નમાવ્યાં હતાં.

મહારાજા રણજીતસિંહનો અધિકાર ઉત્તરમાં કાસ્મીર, દક્ષિણુમાં મુલતાન, પૂર્વમાં સતલજ અને પશ્ચિમમાં પેશાવર સુધી પ્રસરી ગયો હતો. તેમની રણુચતુર સેના યુરોપીઅન પદ્ધતિ અનુસાર શિક્ષણુ પામી હતી જેથી તે વીરસમાજમાં પ્રતિષ્ઠા પામી હતી. એમણે અગ્રેજોની સાથે સંધિ કર્યા પછી, પોતે બળવાન હોવા છતાં પણુ તેમની સામે શસ્ત્ર ધારણુ કરી મિત્રતાને કલંકિત કરી નહોતી.

રણુજીતસિંહના જીવન ચરિત્રના લેખકોએ જણાવ્યું છે કે "રણુજીતસિંહ વાસ્તવમાં સિંહ સમાન હતા અને તેમણે સિંહની પેઠેજ આ લોકનો ત્યાગ કર્યો હતો. આ પરાક્રમી વીર શિરોમણિનું સર્વ

જીવન ચરિત્ર અહીંઆં લખવું અશક્ય છે. જેમણે નિયમસર શિક્ષણ પ્રાપ્ત કરી જગતમાં અસાધારણ કાર્ય કરી બતાવ્યું છે તેમની સાથે રણજીતસિંહની તુલના કરવી યોગ્ય નથી. કારણકે રણજીતસિંહ અન્યની આપેલી શિક્ષાથી પ્રકાસ્યા નહોતા, તેઓ તો સ્વયં પ્રકાશસ્વરૂપ હતા. રણજીતસિંહ પોતાની બુદ્ધિ અને પોતાનીજ ચતુરાઈથી જગતના એક મહા પુરુષના પદપર સ્થિત થયા હતા. તેમણે પોતાની સેનાને અતિ ઉત્તમ પ્રકારે કેળવી હતી. ફરીદખાંએ એકલે હાથે શેર (વ્યાઘ્ર) નો શિકાર કરી શેરશાહ નામ ધારણ કર્યું હતું અને અંતે તે દિલ્લીના સિંહાસનપર પણ બેઠો હતો. જગત્પ્રસિદ્ધ નુરજહાનના પ્રથમ સ્વામી શેર અફઘાને પણ આવુંજ પરાક્રમ બતાવ્યું હતું. એટલુંજ નહિ પણ ઇતિહાસમાં આ ઉભય વીરોના સાહસનું વૃત્તાન્ત આજ સુધી આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે છે. પરંતુ રણજીતસિંહના સાહસિક શીખ શૂરવીરો શિકારમાં પશુરાજ સિંહની સાથે યુદ્ધ કરી તેની શક્તિ નષ્ટ કરી નાંખતા હતા; તેમજ તેમણે અશ્વારોહણ કરવામાં, શસ્ત્રો ફેંકવામાં અને શત્રુદલને ભેદવામાં પણ સમસ્ત પૃથ્વીના કોઈ પણ વીર કરતાં ઓછી યોગ્યતા બતાવી નથી.

વાસ્તવમાં રણજીતસિંહ વીરલીલાની જન્મભૂમિ ભારતવર્ષના સાચા શૂરવીર હતા. ઇસ્વીસનની અઢારમી શતાબ્દીમાં ભારતવર્ષમાં એમના જેવો બીજો કોઈ પણ વીર પુરુષ થયો નથી. હિંદુ શિરોમણિ પૃથ્વીરાજે જ્યારે તિરૌરીના પવિત્ર ક્ષેત્રમાં પઠાણોને પરાજિત કરીને નસાડી મૂક્યા હતા અને અંતે પુણ્યસલિલા દૃષદ્વતીના તટપર પૂજ્ય જન્મભૂમિને માટે રણક્ષેત્રમાં સદાને માટે સુતા હતા, ત્યારે તેમની વીરતાએ મુસલમાનોને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા. પરમ પરાક્રમી પ્રતાપસિંહે જ્યારે ભારતવર્ષના 'થર્મોપલી' પુણ્યપુંજમય મહાતીર્થ હલ્દીઘાટમાં પોતાના દેશવાસીઓના રૂધિરની

નદીઓને ઉછળતી જોઇને ગંભીર ભાવથી કહ્યું હતુ કે " આ પ્રકારે શરીરનો ત્યાગ કરવાને માટેજ રાજપૂતોએ જન્મ લીધો છે, " તે વખતે તેમની મહાપ્રાણુતા અને વીરતા જોઈ વિધર્મી શત્રુઓ પણ એમની સહસ્ર મુખે પ્રશંસા કરી રહ્યા હતા. મહાન શિવાજીએ જે વખતે પહાડોમાં ભ્રમણ કરીને વિજય દુંદુભિના ગંભીર નાદથી સૂતેલા ભારતને જાગૃત કર્યો હતો, તે વખતે ઔરંગઝેબ જેવો બળવાન શત્રું પણ તેમની દેશભક્તિ અને શૌર્યથી ચકિત થઇ ગયો હતો. ભારત ભૂમિએ એક વખત આવા વીર પુરુષોને જન્મ આપ્યો હતો. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એ સર્વ દિશાઓએ ગંભીર સ્વરે તેમની અનન્ત અને અક્ષય કીર્તિ ગાઈ હતી. જે વીર્યવન્હિની પ્રકાશિત ચિણગારીએ ભારતવર્ષના અન્યાયી મોગલોનાં હૃદય બાળીને ભસ્મ કર્યાં હતાં, તે મહા શક્તિદાયિની ચિણગારી આ વીર પુરુષોના મરણની સાથેજ બુઝાઈ ગઇ. શિવાજીની પછી ગોવિંદસિંહના મહામંત્રથી ઉત્તેજિત થઇને રણજીતસિંહે ભારતભૂમિમાં પુનઃ એ મહા શક્તિને જાગૃત કરી હતી. તેમણે પુનઃ એક વાર વીરતાનો મહિમા ફેલાવી શીખોને શૌર્યથી ઉન્મત્ત કરી મૂક્યા હતા.

૧૯—ગુરૂ ભક્ત ૪૦ શીખ વીરો.

આસામ પ્રાંતના એક શીખ તરફથી ગુરૂ ગોવિંદસિંહને એક પ્રખ્યાત સફેદ હાથી ભેટ મળ્યો હતો. તે હાથીને તેમની પાસેથી જીતી લેવાને પંજાબની ટેકરીઓમાં વસ્તા રાજાઓ યત્ન કરવા લાગ્યા; પણ પોતે નિષ્ફળ નીવડ્યાથી તેમાં મદદ કરવા માટે દિલ્લીના બાદશાહને તેઓએ વિનંતિ કરી. શીખસત્તા નાશ કરવામાં જેનો સ્વાર્થ હતો, એવા તે બાદશાહે તે વિનંતિ સ્વીકારી અને એક મજબુત લશ્કર તે રાજાઓને મદદ કરવા મોકલ્યું.

એ લશ્કરે આનંદપુર જે શીખ ગુરૂનું ધામ હતું તેનાપર ઘેરો ઘાલ્યો અને તેથી બહારનાં શહેરો સાથેનો ગુરૂનો વ્યવહાર બંધ થઇ ગયો. રાજાઓ અને બાદશાહનું સંયુક્ત લશ્કર આસરે એક લાખ લડવૈયાઓનું હતું, જ્યારે ગુરૂ પાસે માત્ર થોડા હજાર માણસો હતા અને તે પણ કેળવાયલા લશ્કરી નહિ. ગુરૂનો કિલ્લો પણ એવો મજબુત નહોતો કે લાંબો ઘેરો ટકાવી શકે. આવી સ્થિતિ હતી તો પણ ગુરૂના માણસોના હૃદયમાં, લશ્કરીઓમાં જે સર્વથી વધારે મહ-ત્વના ગુણ જોઇએ તે હતા: જેમકે કાર્ય તરફ અનહદ ભક્તિભાવ, ઉજ્વળમાં ઉજ્વળ નૈતિક ગુણ, અને અડગ શ્રદ્ધા.

ઘણા દિવસો વહી ગયા પણ ઘેરો ચાલુજ રહ્યો. ઘેરો ઘાલનારા લશ્કરની ટુકડીપર ટુકડી કિલ્લાપર હુમલો લઇ આવતી પણ તેના યત્નો વ્યર્થ જતા. અને તેને પાછા ફરવું પડતું. શીખો જાણે મૃત્યુને આવકાર આપતા હોય તેમ જીવ પર આવી જઇ લડતા અને ઘેરો ઘાલનાર લશ્કર નિષ્ફળ જઇ પાછું ફરતું.

પણ ઘેરાયલા લશ્કર પાસે ખોરાક પૂરેપૂરો ભરી રાખેલો નહોતો. એક મહિનામાં તો ખોરાક ખુટવાથી તેમને ઓછો ખોરાક મળવા માંડયો. અને બીજે મહિને તો મૃત્યુજ તેમની સામું પોતાનું નિર્દય મ્હોં વિકાસી ઉભું. આખરે જ્યારે સખત લડાઇ, ભયંકર ખૂનરેજી અને કતલ સાથે અતિશય ઠંડી, કડકડતી ભૂખ શરૂ થઇ ત્યારે દુ:ખથી માનુષી શક્તિની સહનશીલતાની હદ આવી ગઇ.

ગુરૂના ચાળીસ શિષ્યો ગુરૂ પાસે આવ્યા અને જીંદગીને જોખમે પણ કિલ્લો છોડી જવા દેવા પરવાનગી આપવા તેમને પ્રાર્થના કરી. તેમને જવાબ આપવામાં આવ્યો કે હાલના સંજોગોપર આપણા પંથના અસ્તિત્ત્વનો આધાર છે અને તેથી જો તમારે જવું હોય તો

ગુરૂ તરીકે મને છોડી જવાનું ખુલ્લી રીતે લખી આપી ચાલ્યા જાઓ. અતિશય ટાઢ અને દુઃખથી તેમનું મગજ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું તેથી આ મહાન ભોગે પણ છુટા થવાનું તેમણે પસંદ કર્યું, અને ઘેર જતા રહ્યા. પોતાના પતિ, બંધુઓ અને પુત્રોને આનંદપુરથી પાછા ફરેલા જોઇ તેમની સ્ત્રીઓ અને માતાઓ ગુરૂના અને તેમના પુત્રોના કુશળ સમાચાર પૂછવા લાગી. તેમણે કહ્યું કે તમારા આવતા પહેલાં ઘેરો તો ઉઠીજ ગયો હશે? આનંદપુરની જેમ જેમ હકીકત પૂછાવા માંડી તેમ તેમ તેઓ વધારે શરમાતા ગયા. તેમનાં મુખ નિસ્તેજ થવા માંડયાં. બોલવાની ફરજ પડતાં આખરે તેમણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું કે અમે તો લખાણુ કરી ગુરૂને તજી દીધા છે. ભયંકર ફટકાથી પણ જે અસર ન થાય તેવી અસર તેમનાં કુટુંબીઓને આ વચનોથી થઇ. તેઓ સ્તબ્ધજ બની ગયાં. તરતજ જાગૃત થઈ જઇ તેઓ બોલવા મંડી પડયાં. સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે "હું તમારી પત્ની છું તે ખરૂં છે અને તમારા સુખ દુઃખમાં ભાગ લેનારી છું તે પણ ખરૂં છે; પરંતુ તેજ પ્રમાણે તમારે પણ તમારા ગુરૂને વળગી રહેવું જોઇતું હતું અને મૃત્યુ થયેજ ગુરૂથી છુટા પડવું જોઇતું હતું. એવા ગુરૂની સેવાથી તમને ઉત્તમ ફળ પ્રાપ્ત થવાનું હતું, તેનાપરજ મારા પણ ભવિષ્ય જીવનનો આધાર હતો. તેને ઠેકાણે ગુરૂની આજ્ઞાનો ભંગ કરીને જ્યારે તમે જાતેજ નરકનાં દ્વાર તમારે માટે ખુલ્લાં કર્યાં છે ત્યારે તમે મને શું સહાય આપી શકશો? તમારી તરવાર મને આપો. ઉતાવળ કરો, મારી કમ્મરે તરવાર બાંધવા દો અને હજી સમય છે ત્યાં સુધીમાં તમારૂં તારણ કરવા મને યત્ન કરવા દો."

અશ્રુપાત કરતી માતા બોલી "પુત્ર, ગુરૂનો ત્યાગ કરી તેં મારી કુખ લજાવી છે. તારૂં એ પાપ પરમેશ્વર પણ ધોઇ શકે તેમ નથી. હે પ્રભુ! હે ગુરૂ! મેં આવા પુત્રને શા માટે જન્મ આપ્યો?

ભાયલા! તારાં કપડાં તું મને આપ. મારા ગુરૂના દુશ્મનોની સામે હું જાઉં છું અને તું ઘરમાં બેસ."

પુત્રીઓ અને બ્હેનો પોતાના પિતા અને બંધુઓને ભેટીને નિર્દોષ અંતઃકરણથી કહેવા લાગ્યાં કે "પિતાજી, આપણા ગુરૂ તેના દુશ્મનો વચ્ચે હાલ એકલા પડયા હશે. તમે આવા કટોકટીને સમયે તેમને એકલા કેમ ત્યજી દીધા? તમે પાછા જઇને તેમને મદદ નહિ કરી શકો? અહો! કેવી ભયંકર સ્થિતિ! આપણા પિતાજી–ગુરૂજી– આથી ઘણા દીલગીર થયા હશે."

આ શીખોનું અંતઃકરણ આ શબ્દોથી ભેદાઈ ગયું અને તેઓ કર્ત્તવ્યમૂઢ થઇ ઉભા રહ્યા. તેમની સ્થિતિ તેમને ઘણી દુઃખમય લાગવા માંડી. મનમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો. જે હૃદય ભારેમાં ભારે કસોટીમાં પણ કદી કંપી ગયું નહોતું અને જેણે કદી પણ આંસુ પાડયાં નહોતાં તેવા આ શીખોની આંખમાંથી અતિ દુઃખથી ઉન્હાં ઉન્હાં ચોધાર આંસુ પડવા માંડયાં. જે દૈવી મૃત્યુને તેઓ ઠેસ મારી ન્હાસી આવ્યા હતા તેના આગળ આ જીવન તુચ્છ લાગવા માંડયું. મૃત્યુ, આકર્ષક વાગો સજ્જ કરતું તેમને હવે જણાયું અને ભૂખમાં અનંત કીર્તિનો સ્વાદ જણાવા લાગ્યો.

પશ્ચાત્તાપથી દુઃખિત થઇને અને અંતરાત્માના ઘાથી વેદના પામી તેઓ આખરે આનંદપુર તરફ પાછા ફર્યા. તેઓ ભાગ્યેજ થોડા આઉ ગયા હશે એટલામાં દુશ્મનોનું લશ્કર તેમની દૃષ્ટિએ પડયું. ગુ-રૂના ભાગ્યાતૂટયા અને દુશ્મનના લશ્કરની વચ્ચે તેઓ દાખલ થયા ને લડયા. સૂર્ય દેવતાએ આવાં વીરત્વનાં કામો આગળ કદી નીહાળ્યા નહોતાં. એક છેડાથી બીજા છેડા સુધી મુડદાંઓ રણક્ષેત્રપર પથરાઈ ગયાં અને પેલા ચાળીસ શીખોમાંથી એક પણ માણસ જગભર જ-ણાયો નહિ. પણ આ વીરત્વથી દુશ્મનો એટલા તો ત્રાસી ગયા કે

તેઓ રણભૂમિનો ત્યાગ કરી એક નિર્ભય જગાએ ન્હાસી ગયા. ગુરૂ રણભૂમિમાં પધાર્યા. પોતાનો ત્યાગ કરી જનારાઓ જેમણે અદ્‌ભૂત પરાક્રમથી પ્રાણાર્પણ કરી બાયલાપણાનું લાંછન પોતાપરથી દૂર કરી આપ્યું હતું, તેમને આશીર્વચન આપ્યાં. મૃત્યુવશ થતા કોઈ બહાદૂર શીખને તેઓ શોધવા લાગ્યા કે જે તેની જોડે થોડા શબ્દ બોલી શકે અને પોતે તેને મરતા પહેલાં આશીર્વાદ ભણી સંતોષ આપી શકે. એક મુડદાથી બીજા મુડદા પાસે ગુરૂ ગયા અને સર્વને ચુંબન કરી આશીર્વાદ આપ્યો. આખરે મહાનસિંહ નામનો એક શીખ કે જે મૃત્યુની વેદનામાં પડયો હતો તેની પાસે તે જઈ પહોંચ્યા. તે પશ્ચાત્તાપની દૃષ્ટિથી ગુરૂ સામે જોવા લાગ્યો ગુરૂએ કહ્યું કે "તારે જે માગવું હોય તે માગ. તે તને આપવામાં આવશે." મહાનસિંહે કહ્યું "આપના દર્શન માત્રથી હું કૃતકૃત્ય થયો છું. પણ તે ઉપરાંત જો આપને કંઈ પણ આપવાની ઇચ્છા હોય તો આપનો ત્યાગ કર્યાનું જે ખત છે તે ફાડી નાખો." "તારે માટે અને તારાંઓને માટે બીજું કંઈ વધારે માગ," ગુરૂએ કહ્યું. શીખે જવાબ આપ્યો "માત્ર એકજ ઇચ્છા છે, સદ્‌ગુરૂ, અને તે આપ જાણો છો." આજ છેલ્લા શબ્દો પેલો શીખ જેમ તેમ કરતાં ઉચ્ચારી શકયો. પેલો કાગળ ગુરૂએ તેની દૃષ્ટિ સમક્ષ ફાડી નાખ્યો. શીખે પોતાની આંખો બંધ કરી દીધી અને આ દુનિઆમાં ફરી તે ઉઘડી નહિ. માનુષી દેહના દુઃખે જે સંબંધ તેણે તોડી નાખ્યો હતો, તે ફરી જોડીને તે વીર પુરૂષ હમેશના આરામમાં પડયો.

૨૦—ફુલાસિંહ.

ઈ. સ. ૧૮૦૯ ની સાલમાં જ્યારે અંગ્રેજ એલચી સર ચાર્લ્સ અમૃતસરમાં રહેતો હતો અને જ્યારે તે અંગ્રેજ સેનાપતિ ઑકટરલૉની સાથે મળીને ગવર્નર જનરલ લોર્ડ મિંટોની આજ્ઞાથી મહારાજ રણજીતસિંહની સાથે તહ કરવાની તજવીજ માટે રોકાયો હતો ત્યારે એક સાહસી યુવક પોતાના હાથમાં એક નાગી તલવાર લઇને પોતાની સાથે કેટલાક અનુચરો લઇને નિર્ભયતાથી પંજાબ કેશરી રણજીતસિંહની સમક્ષ જઇ પહોંચ્યો અને હાથમાં તલવાર ઠોકતાં ઠોકતાં ગંભીર સ્વરથી અંગ્રેજોની વિરૂદ્ધમાં કેટલાંક કારણો બતાવીને તેઓ સાથે તહ ન કરતાં લડાઇ કરવાનું રણજીતસિંહને આગ્રહપૂર્વક કહેવા લાગ્યો. એટલુંજ નહિ પરંતુ છેવટે તેણે એમ પણ કહ્યું કે જો આપ તેમ નહિ કરો તો આ તલવારથી આપની સાથે આપના કુટુંબના સર્વે માણસોનો વિધ્વંસ કરી નાખીશ. મહારાજ રણજીતસિંહ આ યુવકને મુખેથી સહસા આવી વાત સાંભળીને ચકિત થઇ ગયા અને અચંબાથી તેના મુખ સામે જોવા લાગ્યા. પેલો યુવક નિર્ભયતાથી પોતાની તલવાર ઘુમાવી રહ્યો છે અને નિર્ભયપણે આંખો ફાડી પોતાની દ્રઢ પ્રતિજ્ઞાનું પાલન કરવાને તૈયાર થઇ રહ્યો હોય એવો લાગે છે. આવો અલૌકિક દેખાવ જોઇને મહારાજ રણજીતસિંહ ગભરાયા નહિ, પણ ગંભીરતા અને ધૈર્ય ધારણ કરી ચૂપ બેસી રહ્યા, તેમણે થોડી વાર પછી ધીર ગંભીર ભાવથી અને પ્રેમથી જણાવ્યું "બંધુ! હું તમારા સાહસની પ્રશંસા કરૂં છું, પરંતુ અંગ્રેજ એલચીને મેં મિત્ર તરીકે ગણી તહ કરવાની કબુલાત આપી છે, તેથી હવે તમારી માગણીનો મારાથી સ્વીકાર થઇ શકે એમ નથી. હું ગરદન નમાવું છું, ખુશીથી તમારી તલવાર મારી ગરદનપર ચલાવો" મહારાજ રણજીતસિંહનાં પ્રેમભર્યાં આવાં મધુર વાક્યો સાંભળી યુવકનું

ઉશ્કેરાયેલું મન કિંચિત્ શાંત થયું અને તેણે પોતાની ઉદ્ધતાઇનો ત્યાગ કરી મહારાજને નમન કર્યું. મહારાજ રણજીતસિંહે તેના પર પ્રસન્ન થઇ તેને બે સોનાનાં કડાં અને તેના અનુચરોને યથોચિત ઇનામ આપ્યાં. યુવક આ ઇનામ લઇને ચાલ્યો ગયો.

આ તેજસ્વી યુવકનું નામ ફુલાસિંહ હતું. તે જાતે જાટ હતો. શીખ ગુરૂ ગોવિંદસિંહે અકાલી નામના જે સમ્પ્રદાયની સ્થાપના કરી હતી તે પંથનો અનુયાયી આ ફુલાસિંહ હતો. અકાલી સમ્પ્રદાયના અનુયાયીઓ લીલાં વસ્ત્ર પહેરે છે, તેઓ સાહસમાં અટલ, પરાક્રમી, અજય, કર્તવ્યપરાયણ અને આલસ્યરહિત હોય છે. શત્રુના વ્યુહને તોડવામાં અને તેમના કિલ્લા હસ્તગત કરવામાં તેઓ કેવા કુશળ હોય છે, તેઓની શક્તિથી શત્રુઓની વિજય શક્તિ કેવી રીતે નષ્ટ થઇ જાય છે, તેનું વર્ણન ઇતિહાસકારોએ અતિ રસીક વાણીમાં કર્યું છે. તેઓ દુઃખી અને રંક માણસોના પરમ મિત્ર અને અત્યાચારી શ્રીમંત લોકોના પરમ શત્રુ હોય છે. પોતાનાં કર્તવ્ય બજાવવામાં તેઓ પોતાના પ્રાણની કાંઇ પરવા કરતા નથી. પોતાના સમ્પ્રદાયની મહત્તાપર સંપૂર્ણ શ્રદ્ધા હોવાથીજ ગુરૂ ગોવિંદસિંહ ઔરંગઝેબની સામે થયો હતો. ઓગણીસમી શતાબ્દીમાં ફુલાસિંહ આ સમ્પ્રદાયનો નાયક બન્યો અને સાહસ, કર્તવ્યપરાયણતા અને વીરતાથી ઇતિહાસના પાનામાં એ સમ્પ્રદાયનું નામ અમર કર્યું. ફુલાસિંહે જે દિવસે રણજીતસિંહ સમક્ષ પોતાની સાહસિકતા અને તેજસ્વિતા બતાવી તે દિવસથી અકાલી સમ્પ્રદાયના અનુયાયીઓમાં તેની પ્રતિષ્ઠા વધવા લાગી અને તેમણે તેને પોતાનો નાયક બનાવ્યો. ધીમે ધીમે ફુલાસિંહનું દળ વધવા લાગ્યું અને પ્રાયઃ ચારસેં અકાલી સામ્પ્રદાયિકો પ્રતિક્ષણે તેની આજ્ઞાનુસાર વર્તવાને તૈયાર રહેવા લાગ્યા. ફુલાસિંહ આ અનુયાયીઓની મદદથી જ્યાં ફાવે ત્યાંથી ધનનો સંચય કરવા

લાગ્યો. આશ્રયહીન દુઃખી મનુષ્યોનું રક્ષણ કરવું એ તેનું મુખ્ય કાર્ય હતું. તે હરહમેશ આ કર્તવ્ય બજાવતો હતો. જ્યાં જ્યાં નિર્ધન, નિરાશ્રય, દુઃખી મનુષ્યો રહેતાં હતાં ત્યાં ત્યાં ફુલાસિંહનો ઉદ્દાર હાથ લંબાતો હતો. જ્યાં જ્યાં સમર્થ શ્રીમંત લોકો ભોગ વિલાસ કરતા હતા અને સ્વપ્નમય સુખનો આનંદ લૂંટતા હતા, ત્યાં ત્યાં ફુલાસિંહ પોતાના અનુયાયીઓની સાથે દોડી જઇ તેમને લૂંટી લેતો હતો અને તેમને દંડ આપતો હતો. જ્યાં નિર્ધન, અસહાય, અનાથ, શોકાકુલ પુરૂષ નિર્જન ઝુંપડીમાં ચુપચુપ બેસી રહેતા હતા અને પોતાના હૃદયની આગને બુઝાવવા માટે નયનાશ્રુની ધારા છોડતા હતા, ત્યાં ફુલાસિંહ તેમનાં ચિત્તને શાંતિ આપવાને માટે જતો હતો. ધીમે ધીમે ફુલાસિંહનાં આ કૃત્યોની વાત મહારાજા રણજીતસિંહના કાન સુધી પહોંચી. તેમણે ફુલાસિંહને પોતાની પાસે બોલાવ્યો અને મીઠાં વચનોથી બીજાનું ધન નહિ લૂંટવાની શીખામણ દીધી, પરંતુ ફુલાસિંહને તેમની આ શીખામણ ગળે ઉતરી નહિ. રણજીતસિંહે તેને ઘણું દ્રવ્ય આપવાની ઇચ્છા જણાવી, અનેક વાતો કરી શાંતિમય જીવનની મહત્તા દર્શાવી; પરંતુ ફુલાસિંહના હૃદયપર તેની જરા પણ અસર થઈ નહિ. રણજીતસિંહની સમ્મતિ—સલાહ અને તેમની મોહિત કરે તેવી વાતો આદિ સઘળું ફુલાસિંહની આગળ રદ ગયું. ફુલાસિંહે તેમનું કહ્યું માન્યું નહિ. તે તો બસ પોતાની સાધનામાં પર્વતની માફક મક્કમ રહી ઉદ્ધત ધનિકોનો ગર્વ ઉતારતોજ રહ્યો અને ગરીબોનો ઉદ્ધાર કરતોજ રહ્યો. હવે ફુલાસિંહની પાસે ચાર પાંચ હજાર માણસો એકઠાં થયાં. આ માણસો પોતાના સ્વામીની દરેક આજ્ઞા ઉઠાવવાને ખડે પગે તૈયાર રહેતાં હતાં. મહારાજા રણજીતસિંહ સારી પેઠે સમજતા હતા કે ફુલાસિંહને ભય દેખાડવાથી અર્થ સરવાનો નથી, તેની સાથે મિત્રભાવ રાખવાથીજ કામ થશે.

તેથી તેમણે પ્રથમ તો ફુલાસિંહની સામે લશ્કર મોકલ્યુ પણ પાછ-ળથી તેની સાથે નમ્રતાથી કામ લેવા માંડયું. આ યુક્તિથી રણજીત-સિંહનો મનોરથ સિદ્ધ થયો અને ફુલાસિંહ ધીમે ધીમે પંજાબ કેશરી રણજીતસિંહનો આજ્ઞાંકિત અને પ્રીતિપાત્ર સેવક બની ગયો.

આ વખતથી મહારાજ રણજીતસિંહની શક્તિ વધી ગઇ. આ સમયથી ફુલાસિંહ અને તેનાં માણસોએ અતુલ સાહસ અને અસીમ વીરતાથી ઠેક ઠેકાણે રણજીતસિંહની કીર્તિ પ્રસારી દીધી ફુલાસિંહના લશ્કરમાંના એક વીર પુરૂષે અલૌકિક સાહસથી મુલતાનપર પોતા-નો અધિકાર જમાવી દીધો. ફુલાસિંહે અપૂર્વ વીરતાથી ભારતવર્ષના નંદનવન કાશ્મીરપર પોતાનો અધિકાર બેસાડયો. મહારાજ રણજીત-સિંહે જે વખતે પેશાવર પર પોતાનો અધિકાર બેસાડવાનો ઉદ્યોગ કર્યો હતો, તે વખતે નૌશેરાના યુદ્ધમાં ફુલાસિંહે પોતાની વીરતા અને પરાક્રમનો બહુ સારો પરિચય કરાવ્યો હતો.

પેશાવરમાં અફઘાનોની સત્તા હતી. કાબુલનો મુખ્ય પ્રધાન મહમદ આજમખાન પરાક્રમી યુસુફજી આદિને લઇ પંજાબ કેશરી મહારાજા રણજીતસિંહની સામે તેમની શક્તિને રોકવા આવ્યો. અટક અને પેશાવરની વચ્ચે નૌશેરાની પાસે થેરાઇ નામના સ્થળે પરાક્રમી અફઘાન અને યુદ્ધકુશળ શીખ સેનાનો મેળાપ થયો. બન્ને પક્ષ પોતપોતાના ગૌરવને માટે યુદ્ધ કરવા લાગ્યા. આ મહાયુદ્ધમાં પ્રથમ શીખો હાર ખાવા લાગ્યા; અફઘાનોનો જય થવા લાગ્યો. રણજીત-સિંહના બે યુરોપિયન સેનાપતિઓ પણ પ્રથમ તો અફઘાનોનો પરા-જય કરવાની આશા છોડી બેઠા હતા. આવા સંકટના સમયમાં રણ-જીતસિંહે શત્રુની ગતિ રોકવાને માટે પોતાની સેના એકઠી કરી હતી પણ તેમનો મનોરથ સફળ ન થયો. ઇશ્વરનું અને પોતાના ગુરૂનું પવિત્ર નામોચ્ચારણ કરીને પોતાની સેનાને આગળ વધવાને દીધેલી તેમની

આશા વૃથા ગઇ. આથી તેઓ ક્ષોભ અને ક્રોધથી પોતાની તલવાર ઘુમાવતા એકલાજ શત્રુની સેનામાં પ્રવેશ કરવા લાગ્યા. આ વખતે " વાહ ગુરૂજીકી ફત્તે " આવો રણમંત્ર તેમને કાને પડયો. આ મંત્ર સીધો તેમના હૃદયમાં પ્રવેશી ગયો અને તેથી તેમને અતિ આનંદ થયો. રણજીતસિંહે નજર ઉંચી કરી જોયું તો તેણે ફુલાસિંહને પાંચસેં અકાલી યોદ્ધાઓ સાથે લીલા રંગનો વાવટો ફરાડતો આવતો દીઠો. તેની અકાલી સેનામાંથી " વાહ ગુરૂજીકી ફત્તે " નો પ્રચંડ ધ્વનિ આકાશને ભેદી નાંખતો હતો. રણજીતસિંહે થોડા વખતપર ફુલાસિંહને ગોળી વાગવાથી ઘોડાપરથી નીચે પડતાં જોયો હતો. ગોળી વાગવાથી તેના માણસો રણક્ષેત્રમાંથી તેને દૂર લઇ ગયા હતા પણ આ વખતે રણજીતસિંહે તેને હાથી પર બેસીને અધિક ઉત્સાહથી પોતાની સેનાને ઉત્સાહિત કરતો સમરભૂમિ તરફ આવતો જોયો. ગોળીઓના જખમોથી તેનું શરીર ચાળણી સમાન થઇ રહ્યું હતું પણ તેથી ફુલાસિંહના મુખપર જરા પણ અસર થઇ નહિ, તેના વિશાળ લલાટ પર ભયની બિલકુલ નિશાની જણાઇ નહિ, તેજસ્વી નેત્રોમાં નિરાશાનો પડછાયો પણ જણાયો નહિ. ફુલાસિંહ હાથી પર બેસીને ગંભીર સ્વરથી " વાહ, ગુરૂજીકી ફત્તે " ની ઘોષણા કરી રહ્યો છે. તેની સેના ગુરૂ ગોવિંદસિંહના આ મંત્રથી ઉત્સાહિત બની અફઘાનોની તરફ ધસતી જાય છે. ફુલાસિંહની આ તેજસ્વિતા જોઇને રણજીતસિંહના હૃદયમાં પ્રસન્નતા, વિસ્મયતા અને ધીરતાનો આવિર્ભાવ થયો. કોણ કહે છે કે ગુરૂ ગોવિંદસિંહનું મૃત્યુ થયું છે? કોણ કહે છે કે ગુરૂ ગોવિંદસિંહની મહાપ્રાણતા તેના સ્થૂલ શરીરના નાશ સાથે સદાને માટે નષ્ટ થઇ છે? ઇ. સ. ની ઓગણુસમી શતાબ્દીમાં નૌશેરા નજીકની યુદ્ધભૂમિમાં પણ જાણે ગોવિંદસિંહ હાજર ન હોય તેવો દેખાવ થઇ રહ્યો હતો. તેના

ઉત્સાહપરિપૂર્ણ મંત્રે અકાલી સમ્પ્રદાયના અનુયાયીઓને મદોન્મત્ત બનાવી દીધા છે. આજે ફુલાસિંહ ગોવિંદસિંહની મહાપ્રાણુતાથી ગૌરવયુક્ત બનેલા મહામંત્રથી ઉત્તેજીત થઇ પોતાનો જાતીય ટેક અચળ રાખવાનો ઉદ્યોગ કરી રહ્યા છે. આ નાશવંત સંસારમાં શીખ ગુરૂનો આ મહિમા કદી પણ લુપ્ત થશે નહિ. મહારાજા રણુજીતસિંહ ફુલાસિંહને અફઘાનોની સેનાપર પૂર્ણ જોરથી તૂટી પડતો જોઇને પરમ પરાક્રમની સાથે યુદ્ધ કરવા લાગ્યા. આ વખત ફુલાસિંહના પરાક્રમથી અફઘાનો ત્રાહ ત્રાહ પોકારવા લાગ્યા; અકાલી લોકો મૂહુર્ત માત્રમાં અફઘાનોની સેનાનો ઘાણ વાળવા લાગ્યા. થોડી વારમાં રણુજીતસિંહની સેના પણ અકાલીઓની સેના સાથે મળી ગઇ. પછી તો આ બન્ને સેનાના એકત્રિત થયેલા બળની વાતજ શી કરવી? ફુલાસિંહ જે હાથાપર બેઠો હતો તેના માવતના શરીરમાં એક પછી એક એમ ત્રણ ગોળીઓ આવીને ઘુસી ગઇ. એક ગોળી ફુલાસિંહને પણ વાગી, તે છતાં તેણે પોતાના હાથીને શત્રુઓની સેનાની વચમાં લઇ જવાની માવતને આજ્ઞા આપી. ઘાયલ થયેલા માવતે આ આજ્ઞાનું પાલન કરવાની સાફ ના પાડી. ફુલાસિંહના વારંવાર કહેવા છતાં જ્યારે માવતે તે વાત કબુલ નહિ કરી ત્યારે ફુલાસિંહે માવતના મસ્તકપર પિસ્તોલ છોડી; માવતનો પ્રાણ છૂટી ગયો અને તે નીચે પડી ગયો. ફુલાસિંહ પોતાની તલવારની અણીનો અંકુશ બનાવી હાથીને આગળ ચલાવવા લાગ્યો. તે શત્રુ સેનાના મધ્ય ભાગમાં જઈ પોતાની સેનાના માણુસોને ઉત્સાહિત કરવા લાગ્યો. એટલામાં શત્રુઓના તરફથી એક ગોળી આવી તેના મસ્તકમાં ઘુસી ગઇ. તેનું પ્રાણુશૂન્ય શરીર હાથીના હોદ્દાની અંદર ગબડી પડયું; પણ આ વિપત્તિથી અકાલી લોકો નાશી જવાને બદલે બમણા ઉત્સાહથી લડવા લાગ્યા અને અફઘાનોને ત્રાહ ત્રાહ પોકરાવવા લાગ્યા.

અફઘાન સેના અકાલીઓનો માર સહન ન કરી શકવાથી રણમાંથી દૂર નાસવા લાગી. આ યુદ્ધમાં ફુલાસિંહના અદ્દભુત પરાક્રમથી પંજાબ કેશરી રણજીતસિંહને વિજય પ્રાપ્ત થયો.

પઠાણોએ ઘણા આશ્ચર્ય ચકિત થઇ ફુલાસિંહના અદ્દભુત પરાક્રમની પ્રશંસા કરી અને જ્યાં તેનો પ્રાણાન્ત થયો હતો ત્યાં એક સ્થંભ બનાવ્યો. આ સ્થાન હજી પણ હિંદુ અને મુસલમાનોનું એક પવિત્ર સ્થળ ગણાય છે. આજે પણ તે પવિત્ર સ્થળે હજારો હિંદુ મુસલમાનો એકઠા થઇ ફુલાસિંહનાં યશોગાન ગાય છે. જ્યાં સુધી એકચક્ષુ વૃદ્ધ શીખ રાજા રણજીતસિંહ જીવ્યા ત્યાં સુધી નૌશેરાના યુદ્ધની વાતમાં ફુલાસિંહનું સ્મરણ થતું હતું. આ વખતે મહારાજાનાં ઉજ્જવલ નેત્રો લાલ ચોળ બની જતાં અને તેમાંથી અશ્રુધારાઓ છૂટી કપોલ તથા ગાલોને ભીંજવી દેતી હતી. વીર ભક્ત, વીર કેશરી મહારાજા રણજીતસિંહ આ રીતે શોકાશ્રુથી વીરસમાજમાં આદર પામેલા ફુલાસિંહપરના પ્રેમનો પરિચય કરાવતા હતા.

૨૧—સીતારામરાય.

જે વખતે બાદશાહ ફરૂખશેર દિલ્લીના તખ્તપર બેઠા હતા, જે વખતે નાનકશાહનો સ્થાપન કરેલો ધર્મ સંપ્રદાય ગુરૂ ગોવિંદસિંહના મહામંત્રથી પોષણ પામી પ્રગતિ કરતો હતો, જે વખતે મહારાષ્ટ્રીય લોકો મહારાજ શિવાજીની આગેવાની હેઠળ અસીમ સાહસ અને અલૌકિક તેજસ્વિતા સાથે સમગ્ર હિંદુસ્તાનમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપન કરવાની ચેષ્ટા કરી રહ્યા હતા, તે સમયે બંગાલામાં જેસોર જીલ્લો ઘણો સમૃદ્ધિવાન હતો. આ જીલ્લામાં સુંદર સરોવર, જોવા લાયક મહેલો અને મજબૂત કિલ્લા પ્રેક્ષકોની દ્રષ્ટિને આહ્લાદ આપી

ભારતવર્ષની શોભામાં વધારો કરી રહ્યા હતા. આ જીલ્લામાં મધુમતી નદીને પશ્ચિમ કિનારે મહમૂદપુર શહેરમાં એક વિશાળ કિલ્લો હતો. કિલ્લાની ચારે બાજુએ દિવાલ અને દિવાલની આસપાસ ઉંડી ખાઇઓ આવી રહી હતી. આ કિલ્લાના વિશાળ મહેલમાં રાતને વખતે એક મજબૂત યુવક શેતરંજની બાજી ખેલવામાં લીન થયેલો માલમ પડતો હતો. તે આનંદથી શેતરંજની મોહરો ચલાવી રહ્યો હતો, તે વખતે તેને ખબર મળી કે બાદશાહની સેના કિલ્લા તરફ ચાલી આવે છે અને થોડી વારમાં કિલ્લાને ઘેરી લેશે. આ ખબર સાંભળી યુવકની શાંતિમાં જરા ભંગ તો પડયો, પણ તેણે પોતાનો ખેલ બંધ કર્યો નહિ. પ્રતિપક્ષીને પરાજીત કરવા માટે તેણે પોતાનો દાવ શેતરંજની બાજીમાં ચલાવ્યો, પણ પ્રતિપક્ષી હાર્યો નહિ. આથી તે યુવક ક્રોધમાં આવી જઈ બોલ્યો "મેં આજે જે કષ્ટ ભોગવ્યું છે તે બાદશાહનું શીર્ષ કાપી નાંખવાથી પણ મટવાનું નથી." પાસેજ એક મહા પ્રચંડ અને પરાક્રમી વીર પુરૂપ ઉભો હતો તેણે યુવકનાં આ વચન સાંભળ્યાં કે તરત ત્યાંથી ગુપચુપ ચાલ્યો ગયો.

રાત્રિ વીતી પ્રાતઃકાળ થયો. નવા સૂર્ય ભગવાને નવી પ્રભાથી મહમૂદપૂરના કિલ્લાને પ્રકાશિત કર્યો. જે યુવક રાતે શેતરંજ ખેલતો હતો તે હમણાં મુખ ધોઇ રહ્યો છે, એટલામાં પેલા પ્રચંડ શરીર-વાળા વીર પુરૂષે આવી એક મનુષ્યનું કાપેલું મસ્તક યુવકની સમીપ મૂકી પ્રણામ કર્યા.

આ ઘટના જોઇ આપણો યુવક એકાએક.આશ્ચર્યચકિત થઈ ગયો. આ સમયે મનુષ્યનું કપાયેલું મસ્તક એકાએક જોઇ તેણે ગંભીરતા સાથે પેલા વીર પુરૂષને કહ્યું "મેનાહાતી! આ શું?" મેનાહાતીએ મસ્તક નમાવી હસ્તદ્વય જોડી કહ્યું "મહારાજ! શત્રુ સેના હારીને નાસી ગઇ છે અને આ મસ્તક સેનાપતિ આવૂતુરાવનું છે."

યુવકનાં તેજસ્વી નેત્રો અધિક તેજસ્વી થયાં. ગંભીર, શાંત, મુખમંડળ અધિક ગંભીર દેખાવા લાગ્યું. યુવકના મનમાં કાંઇ વિચાર આવ્યો, પણ તેણે તે વિચાર પ્રકટ કર્યો નહિ. તેણે પ્રસન્ન થઇ મેનાહાતીની યોગ્ય પ્રશંસા કરી અને આવું પરાક્રમી તથા સાહસિક કામ કરવાને માટે યોગ્ય પારિતોષિક આપી કહ્યું કે " થોડા વખતમાં નવાબની સાથે ઘોર સંગ્રામ થશે એવું અનુમાન થાય છે. ખેર, ચિંતા કરવાની કાંઈ જરૂર નથી. જે કાંઇ થશે તે જોઇ લઇશું. હવે તમે આપણી સેનાની વૃદ્ધિ કરતા રહો."

આ પૂર્ણ યૌવનમાં મહાલતા યુવકનું નામ સીતારામરાય હતું અને આ ભીમ પરાક્રમી વીરપુરૂષ મેનાહાતી તેનો સેનાપતિ હતો. સીતારામ જાતે ઉત્તરરાઢી કાયસ્થ હતો. તેની અટક 'વિશ્વાસ'ની હતી. મધુમતી નદીના પૂર્વ તટપર આવેલા હરિહરનગર નામના એક નાના ગામમાં સત્તરમી શતાબ્દીના અંતમાં સીતારામરાયનો જન્મ થયો હતો. સીતારામનો પિતા એક નાનો જમીનદાર હતો. સીતારામ તે વખતની પ્રચલિત રીતિ અનુસાર ગુરૂની શાળામાં ભણવા બેઠો હતો પણ તે ઘણા દહાડા ગેરહાજર રહેતો હતો. મંદ અને નિસ્તેજ પંડિત બનવા કરતાં સાહસિક, તેજસ્વી વીરપુરૂષ કહેવડાવવાની તેની અધિક ઇચ્છા હતી. મહારાષ્ટ્રના ઉદ્ધારક છત્રપતિ શિવાજી મહારાજે નાનપણમાં અલૌકિક તેજસ્વિતા બતાવી ભારતવર્ષના હિંદુ મુસલમાનોને અચંબામાં નાંખ્યા હતા. પંજાબ કેશરી રણજીતસિંહે યુવાવસ્થામાં અલૌકિક શૌર્ય બતાવી પંજાબના ગૌરવ સૂર્યને અધિક તેજસ્વી બનાવી દીધો હતો. અઢારમી શતાબ્દીના પ્રારંભમાં સીતારામે પોતાની વીરતા અને સાહસના પ્રભાવથી બંગાલીઓનાં મુખ ઉજ્જવલ કરવાની ચેષ્ટા કરી હતી.

સીતારામ બાળપણમાંજ ધનુષ્યબાણ વાપરવાની કળામાં ઘણા

ચતુર થયા, ભાલા અને લાઠી વાપરવાની કળામાં પ્રવીણ થયા. ઘો-
ડાપર બેસવાની કળામાં અલૌકિક કુશળતા બતાવી પ્રેક્ષકોને ચકિત
કરવા લાગ્યા, બંદુક ફોડવામાં અતિ નિપુણતા બતાવી અને તલવાર
વાપરવામાં તો સમસ્ત બંગાળામાં નામના મેળવી. તે જેમ એક ક્ષ-
ણમાં બરાબર નિશાન નાકી શકતા હતા, તેમ શીઘ્રતાથી ઘોડાપર
સ્વારી કરી તેને પૂર જોસમાં ચલાવી શકતા હતા. નાગી તલવાર અને
લાઠીના દાવ તેઓ એવી કુશળતાથી ખેલી શકતા હતા કે, બંગાલાનો
નવાબ અને દિલ્હીનો બાદશાહ તેનાં વખાણ સાંભળી ભય પામતા
હતા. તે સમયમાં બંગાલી લોકોને સઘળા લોકો ડરપોક કહેતા હતા.
આધુનિક સમયમાં પણ ઘણા વિદેશી ઇતિહાસકારો બંગાલીઓને
કાયર ગણી તેમની નિંદા કરે છે. પરંતુ પૂર્વકાળમાં બંગાલીઓ
કદી પણ કાયરતાનો દુર્ગુણ દર્શાવતા નહોતા. અનેક દોષોથી બંગા-
લાનું અધઃપતન થયું છે, અનેક દુષ્કાર્યોથી બંગાલીઓની સ્વતંત્રતા
હણાઇ ગઇ છે; પરંતુ ભૂતકાળમાં કદી પણ બંગાલીઓએ કાયર-
તાનું દૂષણ લાગવા દીધું નથી. જે વખતે દિલ્હીના મુસલમાન બાદ-
શાહોએ ભારતવર્ષમાં પોતાની સત્તા જમાવી હતી, જે વખતે એક
પછી એક એમ ઘણા દેશો તેમના હાથમાં જઇ પડતા હતા, તે
સમયે બંગાલીઓએ અનેક સ્થળે પોતાની સ્વાધીનતાનું રક્ષણ કર્યું
હતું. બંગાલાના વિજયસિંહે દુસ્તર સાગર ઓળંગી પરદેશમાં
પોતાની સત્તા જમાવી હતી. બંગાલાના ગંગા વંશના મહા પુરુષોએ
ઓરીસ્સામાં પોતાનો અધિકાર જમાવી ઇતિહાસમાં સન્માન મેળવ્યું
હતું. બંગાલાના પાલ અને સેન રાજાઓએ ઘણે સ્થળે વિજય મેળવ્યો
હતો. બંગાલાના દ્વાદશ ભૌમિકે પોતાનાં શૌર્ય અને વીર્યથી દિલ્હીના
પાદશાહને ચોંકાવી દીધો હતો. બંગાલાના સીતારામે પણ પોતાની
અપૂર્વ શક્તિ અને તેજસ્વિતાથી વીરસમાજમાં સન્માન મેળવ્યું હતું.

બંગાલાના વીર પુરુષો રણનીતના નિયમો સારી પેઠે શીખતા હતા અને વિશાળ ક્રીડાભૂમિમાં નકલી યુદ્ધ ખેલી પ્રેક્ષકોને ખુશ કરતા હતા. બંગાલી લોકોએ અગાઉ કદી પણ જાતીય ગૌરવને કલંક લગાડયું નથી. જ્યાં સુધી ઇતિહાસ વિદ્યમાન રહેશે, જ્યાં સુધી દેશહિતૈષિતાનું સન્માન કાયમ રહેશે, ત્યાં સુધી સત્યની પ્રતિષ્ઠા કરનાર સહૃદય પુરુષો મુક્તકંઠથી અને ગંભીર સ્વરથી કહેશે કે "બંગાલાએ પૂર્વકાળમાં કદી પણ જાતીય ગૌરવને તિલાંજલિ આપી નથી."

સીતારામ જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ તેની તેજસ્વિતા વધતી ગઇ, અને તે અનેક વીર પુરૂષોનો અગ્રેસર બન્યો. ધીમે ધીમે અનેક જાગીરોનો તે માલિક બનતો ગયો અને અનેક નગરોમાં પોતાનો અધિકાર જમાવી સ્વતંત્ર રાજા કહેવડાવવા લાગ્યો. તેણે મહમૂદપૂરમાં પોતાની રાજધાની સ્થાપી. સીતારામે પોતાના બાહુબળથી "**वीर भोग्या वसुंधरा**" એ વાક્યને ચરિતાર્થ કીધું. તે દુઃખી માણસોને સહાયતા આપતા અને નિર્ધન મનુષ્યોનાં કષ્ટ દૂર કરતા. તે વખતમાં જેસોરમાં બાર ચકલા હતા, તે ચકલાના માલિકો દિલ્લીના બાદશાહને કર (ખિરાજ) આપતા નહોતા. બાદશાહ ફરૂખશીરે વીરશિરોમણિ સીતારામની વીરતાની પ્રશંસા સાંભળી ત્યારે તેમણે એ ચકલાના સ્વામીઓને યોગ્ય શિકસ્ત આપવાને માટે સીતારામને પત્ર લખ્યો. બાદશાહનો પત્ર મળવાથી સીતારામે બારે ચકલાના માલિકોને કબજે કીધા અને તે સઘળા ચકલાના માલિક પોતેજ બની ગયા. આ વાત સાંભળી બાદશાહ પ્રસન્ન થયો. જુઓ! સીતારામની તેજસ્વિતા કેટલી બધી છે! તે એક સાધારણ માણસનો છોકરો હોવા છતાં પોતાના કૌશલ્યથી રાજા બની ગયો. તેણે પરોપકાર વૃત્તિને તિલાંજલિ આપી નહોતી. તે હમેશાં દીન જનોને સહાય આપતો હતો.

બંગાલાના નવાબ મુર્શિદકુલીખાને સીતારામને કર (ખિરાજ)

મોકલી આપવા માટે લખ્યું, પણ તેણે નવાબની વાત ધ્યાન પર લીધી નહિ, અને નવાબને કોઇ પણ પ્રકારે નમણું આપ્યુ નહિ. તેમણે તેજસ્વિતાની સાથે નવાબપર કહેણુ મોકલ્યું કે "હું નવાબની રૈયત નથી, માટે મારી પાસે કર માગવો એ ધૃષ્ટતાની પરિસીમા છે. હું જેસોરનો સ્વતંત્ર રાજા છું." આ ખબર સાંભળી નવાબના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે સીતારામનું દમન કરવાને માટે લશ્કર મોકલી આપ્યું. સીતારામને તેની સાથે યુદ્ધ થયુ પણ તેમાં મુસલમાનોને વિજય મળ્યો નહિ. સીતારામની વીરતા અને સાહસ તથા તેના સેનાપતિ મેનાહાતીના અતુલ પરાક્રમની સામે બિચારા પગાર લઇ કામ કરનારા ભાડુતીઓ શું નભી શકે? બંગાલાના હિંદુ વીર પુરુષે પોતાની જાતિનું ગૌરવ સાચવી મુસલમાન નવાબને દિગ્મૂઢ બનાવી દીધો.

આ ઘટના બની ગયા પછી આવૂતુરાવ નામનો એક માણસ મુસલમાની લશ્કરનો નાયક બન્યો. દિલ્લીના પાદશાહે તેને નિયમાનુસાર સનંદ આપી. આવૂતુરાવ સીતારામને પદદલિત કરવાને માટે રાત્રિને વખતે મહમૂદપુરના કિલ્લાની સમીપ આવી પહોંચ્યો. તે વખતે સીતારામ શેતરંજ ખેલી રહ્યો હતો. ખેલમાં હારી જવાથી સીતારામે દુઃખિત થઇ જે કહ્યું તે સાંભળીને સ્વામીભક્ત મેનાહાતી પોતાના સ્વામીની વાત ચરિતાર્થ કરવાને માટે આવૂતુરાવની પાસે ગયો અને તેનું શિર કાપી સવારમાં સીતારામની આગળ સાદર કર્યું. આ મસ્તકને જોતાંજ સીતારામે પોતાના સાહસિક સેનાપતિને પારિતોષિક આપ્યું હતું અને નવાબ સાથે અવશ્ય ઘોર યુદ્ધ થશે, એવું અનુમાન કરી લશ્કરની વૃદ્ધિ કરવાની તેને આજ્ઞા કરી હતી. કેટલાક ઇતિહાસકારો લખે છે કે સીતારામની સાથે યુદ્ધ કરતાં આવૂતુરાવનો પરાજય થયો હતો.

આવૂતુરાવના મરણની ખબર સાંભળી નવાબ મુર્શીદકુલીખાનને ઘણી ચિંતા થઇ. નાટોરના રાજા રઘુનંદન નવાબના દિવાન હતા. નવાબની આજ્ઞાથી રઘુનંદનના વડા ભાઈ રાજા રામજીવને સીતારામ ઉપર ચઢાઇ કરવાનો સંકલ્પ કર્યો અને તેના હાથ નીચેના સાહસિક સેનાપતિ દયારામરાયે એ કાર્ય સિદ્ધ કરવાની યુક્તિ બતાવી. બંગાલી બંગાલીની વિરૂદ્ધ લડાઇ કરવાને ખડા થયા, હિંદુ હિંદુનું અપમાન અને સર્વ નાશ કરવાને ઉદ્યુક્ત થયા અને આ ઉદ્યોગ સર્વ પ્રકારે સફલ થયો. રાજા રામજીવને સન્મુખ લડાઇ કરવાનો વિચાર છોડી દઇ સીતારામના સેનાપતિ મેનાહાતીને ચતુરાઇથી પકડવાનો ઉદ્યોગ કરવા માંડયો. આ ચેષ્ટા સફળ થઇ. શત્રુઓએ શસ્ત્રહીન સેનાપતિ મેનાહાતીને ભાલાના ઘાથી વિંધી નાખ્યો. પોતાના દેશી ભાઇઓના ષડ્ યંત્ર (પ્રપંચ) થી મેનાહાતી માર્યો ગયો. રાજા સીતારામ પોતાના આજ્ઞાંકિત સેવકના મૃત્યુથી ઘણા દુઃખિત થયા. તેમણે પુનઃ યુદ્ધની તૈયારી ન કરતાં શત્રુના હાથમાં આત્મસમર્પણ કર્યું. કેટલાક ઇતિહાસકારો લખે છે કે નવાબની સેનાએ ચારે તરફથી સીતારામને ઘેરી લીધો હતો. ગમે તેમ હો, પણ સીતારામ નવાબના લશ્કરના તાબામાં ગયો એ વાત તો નક્કીજ. નવાબનો સેનાપતિ સીતારામને કેદ પકડી નવાબની પાસે તેને લઈ જતો હતો તે વખતે રસ્તામાંજ સીતારામે પોતાના હાથની વીંટીમાંનો હીરો ચૂસી આત્મઘાત કર્યો. પૂર્ણ યૌવનમાં આ પુરૂષસિંહ સ્વેચ્છાથી અનંતતામાં લીન થઇ ગયો. કેટલાક ઇતિહાસકારો એમ કહે છે કે મુર્શીદાબાદના કારાગૃહમાં સીતારામે હીરો ચૂસી આત્મઘાત કર્યો હતો.

રાજા સીતારામે જેસોર જીલ્લામાં અનેક સ્થળે મોટાં મોટાં જળાશયો ખોદાવ્યાં હતાં. વળી તેણે અનેક દેવમંદિરો બંધાવી પોતાની પ્રભુભક્તિનો પરિચય કરાવ્યો હતો. મહમૂદપૂરનો કિલ્લો તેમની

કીર્તિનો એક મહાન અને અચલ સ્તંભ છે. તેમની આજ્ઞાથી મોટા મોટા ચતુર કારીગરો આ કિલ્લામાં આવી અનેક પ્રકારનાં અસ્ત્રો તૈયાર કરતા હતા. ઢાકાના કારીગરો ઉત્તમ પ્રકારની તોપો બનાવતા હતા. આ તોપોથી મહમૂદપૂરના કિલ્લાની કીર્ત્તિ ઘણીજ પ્રસરી ગઈ હતી. રાજા સીતારામનું બંધાવેલું કૃષ્ણસાગર આજે પણ જેસોર જીલ્લામાં સૌથી મોટું જલાશય છે. સામ્પ્રતમાં પણ રાજા સીતારામની જ્વલંત કીર્તિનો ફાટયો તૂટયો ભાગ અનંતકાળની અપાર શક્તિ દર્શાવી રહ્યો છે. સીતારામના શાસન કાળમાં મહમૂદપૂરમાં અતુલ સમ્પત્તિ અને ઉચ્ચ ગૌરવ કેંદ્રિત થયાં હતાં. આજકાલની મહા નગરી કલકત્તા, એ સમયે સિંહ, વ્યાઘ્ર આદિ અનેક હિંસક પશુઓથી ભરેલા જંગલની દશામાં હતી. અને હાલના રાજ્યકર્ત્તા અંગ્રેજ લોકો તે સમયે બંગાલામાં સાધારણ વ્યાપારી તરીકે માલની આપ લે કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા.

૨૨–બે હરવંશી ક્ષત્રિય વીરો.

ઓગણીસમી શતાબ્દીનો અંતકાળ સમીપ આવ્યો છે. ધીમે ધીમે ભારતવર્ષના અનેક સ્થાનોમાં બ્રિટિશ શાસનની જડ ચોંટવા લાગી છે. બ્રિટિશ કંપની ધીમે ધીમે વ્યાપારની સાથે રાજખટપટમાં પણ ચંચુપાત કરતી જાય છે. માર્ક્વીસ ઓફ હેસ્ટીંગ્સ ભારતની રાજ્ય-વ્યવસ્થા ચલાવે છે. એના શાસનથી પિંઢારાઓનું અધ:પતન થયું છે. નેપાલના પહાડી પ્રદેશમાં બ્રિટિશોની વિજયિની શક્તિનો પ્રકાશ ફેલાઈ રહ્યો છે. મરાઠાઓનું પરાક્રમ દબાઇ ગયું છે. ભારતવર્ષની ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એ સર્વ દિશામાં બ્રિટિશ સામ્રાજ્ય પ્રસરી ગયું છે.

ઇ. સ. ૧૮૨૦ ના વર્ષનો શ્રાવણ માસ ચાલે છે. મહારાજા કિશોરીસિંહ કોટાના રાજસિંહાસનપર બેઠા છે. નગરમાં સર્વત્ર આનંદોત્સવ ફેલાઈ રહ્યો છે. હાથી, ઘોડા વગેરેને સુસજ્જ કરીને રાજસભાની એક બાજુએ ખડા રાખવામાં આવ્યા છે. એક ભાગપર ઘોડેસ્વાર સેના વીરતાનું ચિન્હ દ્રસ્યમાન કરાવી રહી છે. મહારાજા કિશોરીસિંહે સુશોભિત સભાભુવનમાં રત્નજડિત સિંહાસનપર આરૂઢ થઇ ગવર્નર જનરલના પ્રતિનિધિ આગળ રાજધર્મનું પાલન કરવાની પ્રતિજ્ઞા કરી છે. હરવંશી રાજપુતોના જયધ્વનિથી પૂણ્યભૂમિ હરવતી ગુંજી રહી છે.

પરંતુ આ આનંદ લાંબા વખત સુધી નિભી શકયો નહિ. રાજા કિશોરીસિંહ ઘણો સમય શાંતિસુખ ભોગવી શકયા નહિ. માંહોમાંહે વિરોધ વધી પડયો. રાજાને મુખ્ય પ્રધાન જાલિમસિંહની સાથે તકરાર થઇ. જાલિમસિંહ કિશોરીસિંહના પિતા ઉદયસિંહનો માનીતો પ્રધાન હતો. રાજ્યનો ઘણોખરો કારભાર તેનાજ હાથમાં હતો. આ રાજા અને પ્રધાન વચ્ચે વૈમનસ્ય થતાં ઉભય એક બીજાનો નાશ કરવાને પ્રયત્ન કરવા લાગ્યા.

એક દિવસ પ્રાતઃકાળમાં જાલિમસિંહની સેના એક નાની સરખી નદીના તટપર થઇ મહારાવ કિશોરીસિંહને પરાજિત કરવાને માટે જતી દ્રષ્ટિગોચર થઇ. નદીનો તટ ઉંચો હતો. આ ઉંચી ભૂમિપર થઇને પ્રાયઃ આઠહજાર માણુસો જતાં હતાં. તેમની પાસે વીશ તોપો હતી. તેઓની ગતિ એકદમ રોકાઈ ગઇ. થોડી વારમાં તેમનાપર ગોળીનો વર્ષાદ વરસવા લાગ્યો, આથી ઘણા માણુસો ઘાયલ થયા. અનેક માણુસો સદાને માટે ત્યાં સુઈ ગયા. જાલિમસિંહના માણુસોએ જે તરફથી ગોળી આવતી હતી તે તરફ દ્રષ્ટિ ફેંકી તો તેમને થોડે દૂર એક ઉંચ ટેકરીપર માત્ર બે માણુસો ગોળીબાર કરતા જણાયા.

તેમાંનો એક માણુસ બંદુક ભરી આપતો હતો અને બીજો તેને ફોડતો હતો. એક તરફ આઠ હજાર માણુસો અને વીશ તોપો છે અને બીજી તરફ કેવળ બે વીર પુરુષો છે. માત્ર આ બે માણુસોએ ઉક્ત પ્રચંડ સૈન્યની ગતિ રોકી છે. આ બે વીરોના મારથી સેના ગભરાઇ ગઈ છે. આ ઉભય વીર મહારાવ કિશોરીસિંહના સ્વામિભક્ત સૈનિક અને પૂણ્યભુમિ હરવતીના હરવંશી ક્ષત્રિય છે. આ ઉભય સ્વામિભક્ત સૈનિકો પોતાની સ્વામિભક્તિનો નમુનો બતાવવાને માટે પ્રચંડ સૈન્યની સામે ખડા રહીને પોતાની અપૂર્વ વીરતાનો પરિચય કરાવી રહ્યા છે.

હવે જાલિમસિંહના માણુસોએ આ ઉભય વીર પુરુષોની સામે બે તોપો ગોઠવી. પરંતુ તોપ છોડવાને બદલે સૈનિકો બંદુકનો ગોળીબાર કરવા લાગ્યા. આથી ઉભય વીરોનાં શરીર ઘાયલ થયાં. તથાપિ હજી પણુ તેઓ જાલિમસિંહના માણુસોપર ગોળી છોડયાજ કરતા હતા. તેમના ગોળીબારથી અનેક માણુસો મરણુ પામ્યા, તે છતાં પણુ તે સેનાના નાયકને તેમની અસાધારણુ વીરતા અને સાહસને લીધે તેમને જીવિત રાખવાની ઇચ્છા થઇ. તેણે તરતજ પોતાના સૈનિકોને બંદુક નહિ ચલાવવાની આજ્ઞા કરી. સૈનિકોએ પોતાના સરદારની આજ્ઞાનુસાર ગોળીબાર કરવા બંધ કર્યા અને ધીમે ધીમે ચાલતા લાગ્યા. સેનાના નાયકે ફરમાવ્યું કે આ બે યુવકોની સામે માત્ર બે માણુસોએજ લડવું. આ આજ્ઞા સાંભળી બે રોહિલા સૈનિકો તેની સામે લડવાને ગયા. પરંતુ હરવંશી વીરોના શરીરમાંથી રૂધિરની ધારા ચાલી રહી હતી અને તેથી તેમની શક્તિ ક્ષીણુ થઈ ગઇ હતી. તેઓ એ બે રોહિલાની ગતિ હવે રોકી શકયા નહિ. અતિ શૌર્યથી યુદ્ધ કરતા કરતા તેઓ નીચે પડી ગયા અને પુનઃ ઉઠી શકયા નહિ. ઉભય વીરોએ ધીરતાની સાથે આત્મ બલિદાન આપી અસાધારણુ તેજસ્વિતા

દર્શાવી આપી. ઓગણીસમી શતાબ્દીમાં આ રીતે હરવતીના એ હરવંશી ક્ષત્રિયોએ સાહસ અને વીરતાનો પરિચય કરાવી પોતાની જન્મભૂમિને વીરતાની કીર્તિથી ઉજ્જવલ કરી હતી.

૨૩—દાનવીર શિલાદિત્ય.

જેમણે ભારતવર્ષનો ઇતિહાસ વાંચ્યો છે અને જેમણે ભારતનાં પ્રાચીન ઐતિહાસિક ચરિત્રોનું નિદિધ્યાસન કર્યું છે તેઓ પ્રાચીન સમયના ભારતવાસીઓની કીર્તિ સારી પેઠે જાણે છે. અને તેથી તેઓ આ પુરાતન ભારતવાસીઓની કીર્તિ પ્રત્યે અવશ્ય પ્રસન્નતા જણાવશે અને અવશ્ય તેઓ તે પ્રતાપશાળી પુરૂષોને પ્રીતિ પુષ્પાંજલિ અર્પણ કરવા આગળ વધશે. ભારતવાસીઓની કીર્તિ કેવળ યુદ્ધમાંજ સમાપ્ત થઇ નથી. પાણીપત, હલ્દીઘાટ અને દેવીરના સંગ્રામોનાંજ માત્ર તેમનાં પરાક્રમનો અંત આવી રહ્યો નથી, પરંતુ જ્ઞાન, સત્ય નિષ્ઠા અને દાનશીલતા આદિ ગુણોને માટે પણ તેઓ આજ સુધી સકલ ભૂમંડળમાં પ્રતિષ્ઠા પામ્યા છે. જે પ્રમાણે પ્રતાપસિંહ અને શિવાજી આદિ મહાન યોદ્ધાઓ ભારતવર્ષમાં થયા છે તેજ રીતે શંકરાચાર્ય અને બુદ્ધ જેવા મહા જ્ઞાનીઓ અને શિલાદિત્ય જેવા દાનશીલ મહાત્માઓ પણ આ ભૂમિમાં પેદા થયા છે. ભારતવાસીઓની અપૂર્વ દાનશીલતાનાં કેટલાંક કથાનકોના ઉલ્લેખ અત્રે કરવામાં આવે છે.

ઇસ્વીસનની સાતમી શતાબ્દીમાં જ્યારે મહારાજા હર્ષવર્દ્ધન શિલાદિત્ય કાન્યકુબ્જના સિંહાસનપર બેસી પૂર્વ અને પશ્ચિમ ભાગનાં અનેક રાજ્યોપર પોતાની વિજયપતાકા ફરકાવી રહ્યા હતા, જ્યારે મહાવીર દ્વિતીય પુલકેશી પોતાના અસાધારણ બાહુબળથી મહારાષ્ટ્રની સ્વાધીનતાનું સંરક્ષણ કરી રહ્યા હતા, જે વખતે ચીન દેશનો સુપ્ર-

સિદ્ધ વિરક્ત પરિવ્રાજક હ્યુએનસંગ નાલંદાના બૌદ્ધ મહા વિદ્યાલયમાં શીલભદ્રની ચરણ છાયામાં બેસી ભારતવાસીઓની અપૂર્વ વિદ્યાનું શિક્ષણ લેતો હતો, તે વખતે મહારાજા શિલાદિત્યે ગંગા યમુનાના સંગમ સ્થાન, હિંદુઓના પવિત્ર તીર્થ પ્રયાગ નગરીમાં એક મહોત્સવ કર્યો હતો. પાંચ છ ચોરસ માઇલ જેટલી ભૂમિમાં આ મહોત્સવ કરવામાં આવ્યો હતો. ચિરકાલથી આ ભૂમિ સંતોષક્ષેત્ર એ નામથી સુપ્રસિદ્ધ છે. સંતોષક્ષેત્રનો ઉત્સવ ભારતવર્ષમાં એક પ્રધાન બનાવ ગણાતો આવ્યો છે; પ્રાચીન સમયથી ચાર હજાર ફીટના પરિધમાં ગુલાબના છોડની વાડ બનાવી તેની વચ્ચે મોટાં મોટાં મકાનો બાંધવામાં આવ્યાં હતાં. આ મકાનોમાં સુવર્ણ, ચાંદીના અલંકારો, સુતરાઉ, રેશમી તથા જરીનું કાપડ, એવા એવા અનેક પ્રકારના કિંમતી પદાર્થો ભરેલા હતા. આ સ્થાનની નિકટ અનેક ભોજનાલયો બજારની પેઠે હારબંધ બંધાવવામાં આવ્યાં હતાં. પ્રત્યેક ભોજનાલયમાં એક ટંકે પ્રાયઃ એક સહસ્ર પુરુષો જમતા હતા. ઉક્ત ઉત્સવ આજ સ્થળે થતો હતો. ઉત્સવની પૂર્વે ઘણા દિવસથી ઢંઢેરો પીટાવવામાં આવતો હતો. અને પ્રાચીન સમયથી બ્રાહ્મણ, શ્રમણ, આશ્રયહીન, દુઃખી, પિતૃહીન, માતૃહીન, તથા નિર્ધન માણસોને ત્યાં દાન લેવાને માટે બોલાવવામાં આવતા હતા. મહારાજા શિલાદિત્ય પોતાના ખંડીઆ રાજાઓની સાથે મહોત્સવના દિવસોમાં ત્યાં જતા હતા. ખંડીઆ રાજાઓમાં વલ્લભી રાજ્યના સ્વામી ધ્રુવપતિ અને આસામના રાજા ભાસ્કરવર્મા મુખ્ય હતા. આ ઉભય રાજાઓ તથા મહારાજા શિલાદિત્યની સેના સંતોષક્ષેત્રની ચારે તરફ છાવણી નાંખીને પડતી હતી. પશ્ચિમ ભાગમાં અનેક અભ્યાગતો પોતાના ડેરા તંબુ નાંખતા હતા. ત્યાં અસંખ્ય માણસો એકત્રિત થવા છતાં ઉત્તમ પ્રબંધ જાળવવામાં આવતો હોવાથી પ્રજાને કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ સહન કરવો પડતો નહોતો. દાન

આપવાને માટે આણેલાં દ્રવ્યને દુષ્ટ લોકો લૂંટી ન જાય એટલા માટે ચારે તરફ લશ્કરનો પહેરો રહેતો હતો—આ ક્ષેત્ર ગંગા યમુનાના સંગમ સ્થાનથી બરાબર પશ્ચિમ દિશામાં આવેલું હતું. શિલાદિત્ય પોતાની સેના સાથે ઉત્તર દિશામાં છાવણી નાંખી રહેતા હતા. ધ્રુવપતિ પશ્ચિમ દિશામાં અને અભ્યાગત લોકો મધ્ય ભાગમાં છાવણી નાંખી રહેતા હતા. ભાસ્કરવર્માની સેના યમુનાના દક્ષિણ તટપર રહેતી હતી.

ઉત્સવનો આરંભ મોટી ધામધુમ સાથે કરવામાં આવતો હતો. શિલાદિત્ય બૌધ ધર્મ પાળતા હતા, તોપણ તેઓ હિંદુ ધર્મને અપમાન કરતા નહોતા. તેઓ બ્રાહ્મણ અને શ્રમણ (બૌદ્ધ સાધુ) ને આદર સહિત બોલાવતા અને બુદ્ધની મૂર્તિ તથા હિંદુઓના દેવોનું સમાન સન્માન કરતા. પહેલે દિવસે પવિત્ર મંદિરમાં બુદ્ધની મૂર્તિ સ્થાપિત કરવામાં આવતી હતી. આ દિવસે સર્વથી અધિક મૂલ્યની વસ્તુઓ વહેંચવામાં આવી હતી તથા સર્વથી અધિક સ્વાદિષ્ટ ભોજન અતિથિ અભ્યાગતોને કરાવવામાં આવતું હતું. બીજે દિવસે વિષ્ણુની અને ત્રીજે દિવસે શિવની મૂર્તિ સુંદર મંદિરમાં પધરાવવામાં આવતી હતી. પહેલે દિવસે જેટલું અન્ન વહેંચવામાં આવતું હતું તેનાથી અર્ધું અન્ન બીજે અને ત્રીજે દિવસે વહેંચવામાં આવતું હતું. ચોથા દિવસથી દાન આપવામાં આવતું હતું. વીશ દિવસ સુધી બ્રાહ્મણ અને શ્રમણને, દશ દિવસ સુધી હિંદુ અને બૌદ્ધ દેવતાઓના પૂજારીને અને બીજા દશ દિવસ સુધી પરિવ્રાજક, સંન્યાસી આદિને દાન આપવામાં આવતું હતું. તે શિવાય ત્રીસ દિવસ સુધી દરિદ્ર, નિરાશ્રય, પિતૃહીન, માતૃહીન તથા બંધુહીન પુરૂષોને દાન આપવામાં આવતું હતું. બરાબર પંચ્ચોતેર દિવસ સુધી આ ઉત્સવનું કામ ચાલતું હતું. છેલ્લે દિવસે મહારાજા શિલાદિત્ય પોતાનાં બહુ મૂલ્ય વસ્ત્રો

અને રત્નજડિત સુવર્ણના અલંકારો તથા મોતીના હાર વગેરે સર્વ વસ્તુનો ત્યાગ કરીને ભિક્ષુકનો વેપ ધારણ કરતા હતા. આ સર્વ વસ્તુઓ દરિદ્ર મનુષ્યોને આપી દેવામાં આવતી હતી. તે દિવસે મહારાજા શિલાદિત્ય ભિક્ષુકના વેષમાં બન્ને હાથ જોડી ગંભીર સ્વરથી કહેતા હતા કે " આજે મારી સકળ સંપત્તિની રક્ષા કરવાની સર્વ ચિંતા દૂર થઈ ગઈ છે. આ સંતોષક્ષેત્રમાં આજે હું મારી સર્વ સંપત્તિનું દાન દઈને નિશ્ચિંત થયો છું. મનુષ્યના કલ્યાણને માટે અર્થાત્ આ પ્રકારે દાન આપવાને માટે હું અત્યાર પછી સંપત્તિનો સંચય કરીશ. આ રીતે પુણ્યભૂમિ પ્રયાગના સંતોષક્ષેત્રમાં ઉત્સવ થતો હતો. મહારાજા શિલાદિત્ય મુક્ત હસ્તે પ્રાયઃ સર્વસ્વ દાનમાં આપી દેતા હતા. રાજ્યરક્ષા અને વિદ્રોહ દમનને માટે કેવળ હાથી, ઘોડા અને શસ્ત્રાજ શેષ રહેતાં હતાં.

હિંદુઓના પવિત્ર તીર્થ પ્રયાગમાં ચીન દેશનો પરિવ્રાજક હુએનસંગ આવો મહોત્સવ જોઈને અતિ પ્રસન્ન થયો હતો. આવા આવા મહોત્સવો કરીને ભારતવર્ષના પ્રાચીન સમયના રાજાઓ અતીવ સંતોષ પામતા હતા. જો કે રાજાઓ પુણ્ય સંચયને માટે આવા મહોત્સવો કરતા હતા, તોપણ એની સાથે રાજનૈતિક વિષયનો પણ થોડો સંબંધ રહેતો હતો. તે વખતમાં સર્વ રાજાઓ, વિદ્વાન્ બ્રાહ્મણો અને વિરક્ત શ્રમણોના અંકુશમાં હતા. તેમને આ ઉભય સમુહની સમ્મતિ અનુસાર રાજ્ય શાસનનું કાર્ય ચલાવવું પડતું હતું. બ્રાહ્મણો અને શ્રમણો કોઈ પણ પ્રકારે અસંતુષ્ટ ન થાય અને તેઓ સદા સર્વદા રાજ્યનું કલ્યાણ ઇચ્છે એટલા માટે રાજા નિરંતર તેમને યોગ્ય પારિતોષિકથી પ્રસન્ન રાખતા હતા. આથી બ્રાહ્મણ અને શ્રમણો રાજ્યની ઉન્નતિના ઉપાય રાજાને સુચવતા હતા. રાજકારભાર સુવ્યવસ્થિત રીતે ચાલતો હતો અને તેથી લોકો રાજાને દેવ સમાન માનતા હતા.

આ પ્રકારે ભારતના પ્રાચીન રાજાઓ સર્વ લોકોની પ્રીતિ સહજ મેળવી શકતા હતા.

શિલાદિત્યની આ દાનપ્રણાલીથી તેમનો પ્રભાવ એટલો બધો વધી ગયો હતો કે કોઇ માણસ તેમની સામે મસ્તક ઉંચકી શકતો નહોતો. આધુનિક સમયમાં ભારતવર્ષના શિલાદિત્ય જેવા નહિ તો પણ સમયના પ્રમાણમાં અસાધારણ ઉંચ કોટીના કોઇ કોઇ દાનેશ્વરી અમેરિકા ઇ૦ પ્રદેશોમાં જન્મે છે. ભારતને એવા દાનેશ્વરીઓની હાલ બહુ જરૂર છે. પણ તે દેશકાળાનુસાર આવશ્યકતા સમજી વર્તનારાઓનીજ; નહિ કે માત્ર બ્રહ્મભોજન, જ્ઞાતિભોજન અને તીર્થદાનમાં તથા ભર્યામાં ભરનારા મૂર્ખાઓની ?

૨૪–ક્ષમાવીર ભાઈ મધુ.

જગતમાં ઘણાં મનુષ્યો કહે છે કે, અમે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. અમે ચાર વેદ, અઢાર પુરાણ, છ શાસ્ત્ર, ઉપનિષદ્ આદિ ગ્રંથો વાંચ્યા છે. અમે ધર્મ, કર્મ જાણીએ છીએ, અમે કામ ક્રોધાદિ ષડ્રિપુઓને જીત્યા છે; દયા, ધર્માદિને હૃદયમાં સ્થાપ્યાં છે. અને અમે "ક્ષમા"ની તો સાક્ષાત્ મૂર્તિ છીએ. "આટલું બધું કહેવા છતાં અને એમાંના કોઇક ગુણો જોવામાં આવે છે છતાં તેવા મનુષ્યોમાં "ક્ષમા" નો મહાન ગુણ જોવામાં આવતો નથી. ઘણા મહા પુરૂષો, ઘણા સંત પુરૂષો, ઘણા શાસ્ત્રીઓ, ઘણા પુરાણીઓ, ઘણા ધર્મ ગુરુઓ અને ઘણા વિદ્વાનો, ઉપર ઉપરનો ડોળ બતાવવામાં પ્રખ્યાત થયા છે; પરંતુ જીવનનું ખરૂં કર્તવ્ય કરતા ઘણા થોડાજ જણાયા છે. આજે અમે એક શીખ શ્રીમંતની "ક્ષમા"નું ઉજ્વળ વૃત્તાન્ત તમોને બતાવીએ છીએ. મનુષ્યો કેટલી હદ સુધી ક્ષમા રાખે છે તે તેમની

નજર આગળ મૂકીએ છીએ. આ દ્રષ્ટાન્તથી તેઓ "ક્ષમા" કેટલી હદ સુધી રાખવી, તે શીખશે તો અમારી મેહનત સફળ થશે.

પંજાબનો ઇતિહાસ અનેક રહસ્યોથી ભરપૂર છે. જેમ ત્યાંના રાજા અને ગુરુઓનો ઇતિહાસ ચમત્કારિક છે, તેમજ ત્યાંની પ્રજાનો ઇતિહાસ પણ રહસ્યપૂર્ણ છે. પંજાબની ઉન્નતિ અને પડતી થવાની સાથેજ સમસ્ત ભરતખંડની ઉન્નતિ અને પડતી થઇ છે. અમારા આર્ય મહા પુરૂષોનું પ્રથમ લીલાસ્થાન પંજાબજ છે. હિંદુઓનું પતન પણ પંજાબમાં શેષત્વ પામ્યું છે! આ દેશનાં બીજાં હિન્દુ રાજત્વો ઘણા સમયથી પડી ચૂક્યાં હતાં પરંતુ વીર કેશરી રાજા રણજીતસિંહે પોતાનું વિશાળ રાજ, પોતાના જીવન પર્યંત અંગ્રેજ સત્તાના હાથમાં જતાં પણ બચાવી સ્વતંત્ર રાખ્યું હતું. એ માટે આગળ વધી એમ પણ કહીએ કે એ બહાદૂર રાજાના વીરત્વ આગળ અંગ્રેજોનું જોર ચાલ્યું નહિં અને તેથી તેમની સાથે સંધિસૂત્રમાં બંધાઇ એ બળવાન, બહાદૂર હિન્દુ રાજા સાથે તેઓને મૈત્રી કરવી પડી, તો તે અસત્ય કહેવાશે નહિ. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની ઇચ્છા તો એવી હતી કે એ રાજ્ય પણ લઇ લેવું, પરંતુ મહાપુરૂષ રાજા રણજીતસિંહના જીવતાં તેમ બનવું અશક્ય હતું, અને તેથીજ સંધિઓ કરવી પડી–મૈત્રી કરવી પડી. પરંતુ એ વીર મહારાજા–કહો કે હિંદના નેપોલિયનના મરણ પછી લોર્ડ ડેલહૌસીએ એ રાજ્યને પોતાના ધારવા પ્રમાણે ખાલસા કર્યું! બાળક રાજા દિલીપસિંહ લાખો કરોડો રૂપિયાનો ખજાનો ધરાવવા છતાં દેવાળીઓ થઇ વિલાયતમાં મરણ પામ્યો! પોતાની ઇચ્છાથી કે બીજાની ઇચ્છાથી પણ તે ક્રિશ્ચિયન ધર્મમાં વટલ્યો! અને તેને તેની ગાદી ઉપર બ્રિટીશ સિંહે એક વખત પણ અભિષિક્ત કર્યો નહિ! જો લોર્ડ ડેલહૌસીએ ધાર્યું હોત અથવા તો તે વખતે મહારાણી માતાના હાથમાં રાજ્યની સ્વતંત્ર લગામ હોત, તો રાજકુંવર દિલીપ-

સિંહ ખંડીઓ રાજા થઇ રહેત અને જેમ બીજાં દેશી રાજ્યોનાં માન, ગાદી જળવાયાં છે, તેમ તેનાં પણ જળવાઇ રહેત! એજ બહાદુર શીખ જાતિના બીજા શીખ યુદ્ધ પછીથી હિન્દુઓને પોતાના રાજ્યત્વનું અભિમાન ગુમાવવું પડયું! ત્યારથીજ હિન્દુ જાતિસમસ્તને પરતંત્ર થવું પડયું! હિન્દુસ્થાનના એક ખુણામાં પણ જે સ્વતંત્ર રાજ્ય હતું, તે ગર્વ ઉતરી ગયો! તે અભિમાન ઉતરી ગયું! તે સ્વતંત્ર બળવાન રાજ્ય નષ્ટ થયું!

શીખ લોકો માત્ર લડાઇમાંજ વીર હતા એમ નથી. તેઓના હૃદયમાં કોમળવૃત્તિ તેમ ક્ષમાનો પણ અદ્દ્ભૂત ભાવ હતો યોદ્ધાઓને લાયકની કઠોરતા સાથે બ્રાહ્મણોને યોગ્ય એવો ધર્મ આવેશ પણ દેખાતો હતો. શીખ લોકો અંતઃકરણથી ભક્ત છે. તેઓની ભક્તિ અતિ પ્રબળ છે. તેઓ ગુરૂને માટે, વિના ક્લેશે પોતાનું જીવન સમર્પણ કરે એવા છે. આ જગતમાં તેઓના જેવા આત્મોત્સર્ગ કરે એવા બીજા કોઇ પણ મનુષ્યો જોવામાં આવતા નથી. ધર્મરક્ષાને માટે તેઓ દેહ ત્યાગ કરવાનું કાર્ય પણ કદી ચૂકયા નથી. "જય ગુરુજીની" કહીને તેઓ કેસરીયાં કરતા હતા. તેઓનો ઇતિહાસ ઘણો રસમય, શિક્ષામય, અને વીરરસથી ભરપૂર છે.

જીંદગીમાં જે સામાન્ય—ન્હાના—ગુણો હોવા જોઇએ, તે પણ શીખ લોકોમાં જોવામાં આવ્યા છે. તેઓની ધર્મપ્રિયતા અને અતિથિનો સત્કાર કરવાની યોગ્યતા, હદ પાર પ્રશંસા પામી છે. આ સઘળા ગુણોથી ભરેલા, જે પુરૂષો પોતાનાં ઉદાહરણો મૂકી ગયા છે, તે સઘળાં કાંઇ પ્રકટ થયાં નથી. જે થોડાક પુરૂષોનાં ઉદાહરણો મળી આવે છે, તે એટલાં મહત્વનાં અને ઉદ્દીપનામય છે, કે જગતની સઘળી અવસ્થામાં અને સઘળા સમયમાં તે ઉદાહરણો અનુકરણ કરવા યોગ્યજ રહેશે!

અમે મહારાજા હરિશ્ચંદ્રની દાક્ષિણ્યવાર્તા સાંભળી છે. મહાવીર કર્ણની અને +રંતિદેવની આતિથેયતા, મહારાજ શિબિની* આશ્રિત

+ મહારાજા રંતિદેવે કોઈ વ્રતને લીધે ૪૮ દિવસ માત્ર પાણી પીને કહાડયા. તે પછી બીજે દિવસે જમવા બેઠા. તે વખતે તેઓ જમવાની થાળીમાંનું ભોજન પરમાત્માને જમાડતા હતા એટલામાં બારણા આગળ એક બ્રાહ્મણ અતિથિ આવીને ઉભો. રાજાએ યોગ્ય આદરસત્કાર કરીને તેને જમાડયો. તે દિવસે તેમને જમવાનું બન્યું નહિ. બીજે દિવસે જ્યારે જમવા બેઠા તે વખતે એક દરિદ્ર ભિક્ષુક આવી ઉભો. તે દિવસે પણ તેમણે આહાર લીધો નહિ. તે પછીના બીજે દિવસે પણ રાજા જમવા બેઠા એટલે એક શૂદ્ર કેટલાંક કુતરાંને સાથે લઇને આવી ચઢયો, રાજાએ તેને બધું ખાવાનું આપી દીધું; તેમને પોતાને જમવા માટે કાંઈ પણ રહ્યું નહિ. માત્ર પીવાને થોડુંક જળ રહ્યું ભૂખ અને તરસથી આકુળવ્યાકુળ થતાં રાજા જેવો પાણી પીવા જાય છે તેજ વખતે એક ચણ્ડાળે આવી કહ્યું. "મહારાજ! ઘણીજ તરસ લાગી છે! મરી જવાય છે! થોડુંક પાણી આપો." રાજાએ પાણી પીધું નહિ. જેટલું જળ હતુ તેટલુ ચંડાળને આપી દીધું અને તેથી તે તૃપ્ત થયો. ત્યાર પછી પરમેશ્વર રાજાની પરીક્ષાથી પ્રસન્ન થયા અને તેને આશીર્વાદ દીધો. આ કથા શ્રીમદ્‌ભાગવતમાં છે.

* મહાભારતમાં મહારાજા શિબિને માટે જે લખ્યું છે તે આ પ્રમાણે:—એક દિવસ મહારાજા રાજસભામાં બેઠા હતા. તે સમયે એક કબૂતર આવી તેમના ખોળામાં બેઠું અને જાણે રક્ષા કરવાને કહેતું હોય તેમ ગભરાતું ગભરાતું ખોળામાં ભરાવા લાગ્યું. એટલામાં એક બાજ પક્ષી આવી જાણે કબૂતરને છુટું કરવા કહેતું હોય તેમ ફરવા લાગ્યું. તેણે કહ્યું કે:—કબૂતર એજ તેનું ખાણું છે. કોઇનું ખાવાનું સંતાડી રાખવું એ રાજાને માટે ઘણું અન્યાય કામ છે." રાજા બાજપક્ષીનાં

રક્ષાની વાત વાંચી છે. તેઓનું ઉદાહરણ ભારતવાસીઓ ભૂલે તેમ નથી. તેઓના જેવા મહાપુરૂષ થવાને માટે ભારતવાસીઓ જીવન સુધી તપસ્યા કરે છે. એવી તપસ્યાથી કેટલા મનુષ્યોને સિદ્ધિ મળી છે તેઓનો ઈતિહાસ કોણ જાણે છે? અમારા દેશની આટલી બધી અધમ અવસ્થા હોવા છતાં પણ અનેક હરિશ્ચંદ્ર, અનેક કર્ણ, ઘણા રન્તિ દેવ અને પુષ્કળ શિબિ રાજા ભારતવર્ષમાં ઉત્પન્ન થયા છે, અને

આવાં વચનો સાંભળી મ્હોટી વિપત્તિમાં પડયો. તે કોઈ પણ રીતે બાજ પક્ષીને સંતોષ પમાડી શકયો નહિ. છેવટે બાજપક્ષીએ કહ્યું, "હે રાજન્! ત્હારી છાતીનો જમણો ભાગ કાપીને તેમાંથી મને કબૂતરના જેટલા વજનનું માંસ કાપી આપ, તેમ કરવાથીજ હું રાજી થઇશ અને કબૂતર બચી જશે. અને તમે પણ પ્રજામાં પ્રશંસા પામશો." ત્યાર પછી રાજાએ પોતાની જમણી છાતી કાપી તેમાંથી કબૂતરના જેટલું માંસ કહાડી જોખી જોયું તો ત્રાજવામાં કબૂતર કરતાં માંસ ઓછું થયું. ફરીથી છાતીમાંથી પુષ્કળ માંસ ત્રાજવામાં નાંખ્યું તો પણ કબૂતરનું વજન વધ્યું, એમ કરતાં કરતાં શરીરનું બધું માંસ કાઢી ત્રાજવામાં નાંખ્યું તોપણ કબૂતર વધ્યું. છેવટે રાજા ત્રાજવામાં બેઠો. આ દેખાવ જોતાંજ બાજપક્ષી અન્તર્ધ્યાન થઈ ગયું. તેજ વખતે જાણવામાં આવ્યું કે કબૂતર તે વૈશ્વાનર અગ્નિ અને બાજપક્ષી તે શચીપતિ ઈંદ્ર હતો.

આ ઉપાખ્યાન વનપર્વના ૧૯૬ મા અધ્યાયમાં છે. પરંતુ એજ પર્વના ૧૩૧ મા અધ્યાયમાં બીજું એક એવુંજ ઉપાખ્યાન છે તે પણ મહારાજ શિબિના પિતા ઉશીનરની પરીક્ષા કરવા માટે અગ્નિ અને ઈંદ્રનોજ પ્રપંચ હતો. એ બંને ઉપાખ્યાનોમાં કાંઈ જુદાપણું નથી. એક બીજાના અનુકરણ જેવુંજ છે.

એવો પણ એક વખત આવશે કે જે સમયે તેઓની કીર્તિ વડે જગન્મ-ણ્ડલ પ્રકાશિત થઇ ઉઠશે. અમે જીવન ધારણ કરી એવોજ ઉચ્ચ આદેશ રાખ્યો છે. અમે પરમાર્થ, દયા અને ધર્મની રક્ષાનેજ ચાહીએ છીએ. અમે કપટી, પાપી કે પ્રપંચી નથી, અમે પારકાં હૃદયોને બાળનાર નથી, અમે પારકાના હૃદયને કોઈ પણ પ્રકારે ટંડાં પાડનાર છીએ. અમે આખા જગતને સુખી થયલું જોવાજ ઇચ્છીએ છીએ. કહો જગતની જાતિઓમાં અમારા જેવો કોણ ઉદ્દેશ રાખે છે? અમારી પેઠે ગમે તેવી દુઃખી દરિદ્ર અવસ્થામાં પણ ઇશ્વરનોજ આધાર રાખી શાન્ત રીતે કોણ બેસી રહેનાર છે?

મહાવીર કર્ણે જેમ પોતાના પુત્રનું બળિદાન આપી પોતાના અતિથિ બ્રાહ્મણને તૃપ્ત કર્યો હતો તેજ પ્રમાણે શીખવીર ભાઇ મધુએ પણ પોતાની પ્રિયતમા ધર્મપત્નીનું બલિદાન આપી અતિ-થિની સેવા કરી હતી. તેની એ ઉત્સર્ગવાર્તા જેટલી હૃદયદ્રાવક છે તેટલીજ બોધદાયક અને સુમધુર છે. શીખ લોકો આજે પણ એ વાત આનંદપૂર્વક યાદ કરે છે. કારણ કે જગતમાં "ક્ષમા" ની હદ ક્યાં સુધી રાખવી તે સાધુ પુરૂષ ભાઈ મધુએ શીખવ્યું છે.

એક દિવસ સન્ધ્યા સમય પછી મધુ દિવસના ઘણા પરિશ્રમ પછી જીવનની એક માત્ર સંગિની, સુખ દુઃખમાં સમાન ભાગ લેનારી, પોતાની પ્રાણથી વહાલી, સુંદર સ્વરૂપા પત્ની સાથે બેઠો બેઠો પ્રણ-યનાં વચનો કહે છે, હાસ્યવિનોદ ચાલે છે; પતિભક્ત પત્ની પણ થાકેલા પતિના પગ આગળ બેસી હૃદય પૂર્ણ ભક્તિ સહિત તેની સેવા કરે છે; તેને ભોજનાદિ આપી કોમળ શય્યામાં સુવાડી તેના શરીરને વિશ્રાંતિ લેવડાવે છે, તે દિવસની રાત્રી ઘણી ભયંકર હતી. આકાશમાં કાળાં વાદળાં ચઢી આવ્યાં. ઠંડો પવન જોસબંધ વાવા લાગ્યો; વચમાં વચમાં પવનના સખત ઝપાટા તે ન્હાના ઘરનાં બા-

રણાં ઉચમચાવી મૂકતા હતા. એટલામાં મુશળધાર વરસાદ પડયો! બહાર ઘોર અંધકાર હતો. તે અંધકારમાં થઇને ચાલ્યા જવું એ કોઇ સાધારણ મનુષ્યનું કામ નહોતું. પતિ પત્ની સુખે વાતચીત કરતાં હતાં, એટલામાં બહારથી બારણામાં કોઇએ ધક્કો માર્યો. તે ધક્કાની સાથેજ બહારથી શબ્દ સંભળાયો કે:–"રાત્રિના ઘોર અંધકારમાં કાંઇ સુઝતું નથી ભાઇ! દુઃખી મુસાફર બહાર ઉભો છે. હું ભૂલો પડયો છું. રાતવાસો રહેવા ચાહું છું. દયા કરીને આશ્રય આપો ભાઇ!"

તે કરૂણાજનક શબ્દો કાને પડતાંજ દયાળુ દિલનો ભાઈ મધુ એકદમ દુઃખીની વ્હારે ધાયો. સ્ત્રીની વાતો ભૂલી ગયો. પથારીમાંથી છલંગ મારી બારણું ઉઘાડી દીધાં, એક દુઃખી મુસાફર ઘરમાં આવ્યો. પતિ પત્નીએ પ્રેમપૂર્વક તે મુસાફરની સેવા કરી. રાતેજ રસોઇ બનાવીને તે મુસાફરને જમાડયો. ત્યાર પછી બીજા ઘરમાં તેને સૂવાને પથારી કરી આપી. મુસાફર આશીર્વાદ દેતો નિરાંતે–સુખમાં સૂતો.

નિર્વિઘ્ને રાત વીતી અને વહાણું વાયુ. મુસાફર કાંઇ કોઇ ગૃહસ્થ નહોતો. તે તો એક લૂંટારો હતો. એ વાત ભાઈ મધુ જેવો ગૃહસ્થ જાણી શકયો નહિ. શ્રીમંતોને ભુલાવવા માટે તે લૂંટારાએ ગૃહસ્થ-શીખ જેવો પોષાક પહેર્યો હતો. ભાઇ મધુએ તેને જોતાંજ દુઃખી મુસાફર ગૃહસ્થ જાણીનેજ આશ્રય આપ્યો હતો. પ્રાતઃકાળે મધુ, શય્યામાંથી ઉઠયા પછી પોતાના ઘરકામમાં ગુંથાયો. પેલા મુસાફરે પણ બિછાનામાંથી ઉઠયા પછી મધુને દર્શન આપ્યાં! રાતના દુઃખને વખતે આશ્રય આપવાથી તે લૂંટારા મુસાફરે ખોટો ડોળ કરતાં ભાઇ મધુની પાસે ઉપકારના શબ્દો બોલી, જવાની રજા માંગી. મધુ એક સદ્‌ગૃહસ્થ હતો. પોતાને ઘેર આવેલો પરોણો સ્હવારમાં જમ્યા વગર જાય એ તેને ઠીક લાગ્યું નહિ. તે પોતાનો ધર્મ યથાર્થ સમજતો હતો. તેણે કહ્યું. મહાશય! થોડી વાર થોભો! આહાર કરીને જાઓ

જવું હોય ત્યાં જજો.” પરંતુ ડોળવાળુ મુસાફરે માન્યું નહિ. મધુએ ઘણો આગ્રહ કર્યો છેવટે મુસાફરે રહેવાનું સ્વીકાર્યું, અને બોલ્યો; જ્યારે તમારો આટલો બધો આગ્રહ છે ત્યારે માત્ર થોડીક રોટલીઓ બનાવી આપો. તે લઇ હું રસ્તે પડીશ. મ્હારે હજુ ઘણું ઉતાવળનું કામ છે. મધુની ભોળી અને ભલી, પરોપકારી અને ધર્મ સમજનારી પત્ની ઉતાવળે રોટલી કરવાના કામમાં ગુંથાઇ. મધુ બજારમાં શાક લેવા ગયો.

લૂંટારા મુસાફરે જોયું કે ઘરમાં બીજું કોઈ નથી; માત્ર મધુની સ્ત્રી રાંધવાના કામમાં ગુંથાઇ છે. તેણીના શરીર ઉપર સોનાનાં કિંમતી ઘરેણાં પહેરેલાં છે. એ બધાં ઘરેણાં જોવાથી લૂંટારા મુસાફરનું પાપી મન ભ્રમિત થયું ! તેણે તે સ્ત્રી ઉપર હુમલો કર્યો, અને તેના શરીરના કટકે કટકા કરી નાંખ્યા ! તે પાપી, લૂટારાએ તેણીના શરીર ઉપરનાં બધાં ઘરેણાં લઈ લીધાં. ને એના શરીરના કટકા ત્યાંજ પડ્યા રહેવા દઈ ચાલતો થયો !

તે ઉતાવળે ચાલ્યો જતો હતો એટલામાં રસ્તામાં ભાઈ મધુ મળ્યો. તેની નજર ચૂકાવવા લૂંટારા મુસાફરે ઘણી યુક્તિ કરી પણ તેનું પાપ આગળ આવી ચ્હડયું ! મધુએ તેને જોતાંજ સત્વર તેની પાસે જઈ, તેને પોતાને ઘેર લઈ જવાનો આગ્રહ કર્યો. લૂંટારાએ જવા માટે ઘણાં બ્હાનાં કર્યાં પરંતુ મધુ તેનો હાથ ઝાલી પોતાના ઘર તરફ ખેંચવા લાગ્યો. મધુના મનમાં એવો વિચાર આવ્યો કે “બિચારો મુસાફર ! મ્હારૂં સાધારણ જમવાનું પડતું મૂકી ચાલ્યો જાય છે ! બિચારો ઘરમાં બેસી રહેતાં શરમાયો હશે ! હર ! હર !” અતિથિવત્સલ મધુએ તેને કાલાવાલા કરી ઘરમાંથી ચાલ્યા જવાનું કારણ વારંવાર પૂછવા માંડયું. મુસાફરે ઘેર પાછા આવવા ઘણીજ ના કહી.

પરંતુ મધુએ પોતાની ક્ષુદ્ર સામગ્રી આરોગવાને તે મહાપુરૂષ (!) ને ઘણોજ આગ્રહ કર્યો. મુસાફર કમ્પતો કમ્પતો તેને ઘેર આવ્યો.

ઘરમાં પ્રવેશ કર્યા પછી ભાઈ મધુએ પોતાની વ્હાલી પત્નીના કટકે કટકા થયેલા જોયા ! તેનું સુંદર શરીર લોહીથી ખરડાયલી જમીનમાં જુદું થઈ પડેલું જોયું ! તેના ચીકણા કાળા વાળ લોહીની નદીમાં તરતા જોયા ! પોતાની પ્રિયતમાનાં જે ચંચળ નેત્રોથી તેને સ્વર્ગીય આનંદ થતો હતો તેજ નેત્રો બ્હીઆમણાં થઈ પડ્યાં હતાં ! વાંચક ! પોતાની વ્હાલી પ્રાણપ્રિયાની આવી ભયંકર સ્થિતિ જોઈ કોણ કઠોર હૃદયનો પુરૂષ સ્થિર રહી શકે ? કોણ મહાપુરૂષ ગુસ્સાને રોકી શકે ? કોણ પુરૂષ હૃદયની લાગણીઓને દબાવી શકે ? અને કોણ પુરૂષ નેત્રમાં છલકાઈ જતાં આંસુઓને રોકી શકે ? પરંતુ તે ક્ષમાની મૂર્તિ, મહાન દયાળુ, મહાન શાન્ત પુરૂષ ભાઈ મધુએ માત્ર "ઇશ્વિરની ઇચ્છા" એટલાજ શબ્દો કહ્યા. લેશ માત્ર પણ હૃદયને ડગાવ્યું નહિં. લેશ માત્ર પણ ચિત્તને ચંચળ થવા દીધું નહિ ! જો કે તેના હૃદયમાં સખત આઘાત થયો હતો. પરંતુ તેણે ધૈર્ય, ક્ષમા, દયા, ધારણ કર્યાં હતાં પેલા કમ્પાયમાન થતા મુસાફરને પોતાની પાસે બેસાડીને, પોતે રોટલી, શાક બનાવી આપ્યું અને તેને ભોજન કરાવ્યું ! તેણે તેને એક શબ્દ પણ કહ્યો નહિ. ઠપકાના કે કરૂણાના ઉદ્ગારો કાઢ્યા નહિ ! ક્લેશનાં સામાન્ય ચિહ્ન પણ તેના મનોહર વદનમંડળ ઉપર જણાયાં નહિ ! કહો વાંચક ! આટલી ધૈર્યતાનું. ક્ષમાનું દ્રષ્ટાન્ત પશ્ચિમના એક પણ સુધરેલા દેશમાંથી મળી આવશે ? તે દેશોમાં તો નાજુકડી વાંદરીઓને પણ છીંકતાં છીંક પડી જાય છે ! અને જો કદાચ એક વાંદરીનેજ જરાક મારી હોય તો તેને બદલે પાંચ પચીસ માણસોના જીવ જોખમમાં આવી જાય છે, તો પછી એકાદ સ્ત્રીનું ખૂન થયું હોય તો પછી બાકીજ શું ? એકાદ

કુતરીને મારવામાં આવે તો મારનારનો જીવ મુશ્કેલીમાં આવી પડે છે! અર્થાત્ તે દેશોમાં સ્ત્રીઓને સાતમે આસમાન ચઢાવી દેવામાં આવે છે! દયા અને ક્ષમા જોવામાં આવતાં હોય તો તે માત્ર તેમની જીભમાં ઇતિહાસમાં ભાઈ મધુ જેવું કોઈ દ્રષ્ટાન્ત ભાગ્યેજ જોવામાં આવે છે.

મધુની આટલી બધી ઉદારતા અને ક્ષમાશીળતા જોવાથી પાષાણુ જેવી કુટેવવાળા લૂંટારા મુસાફરનું મન પીગળી ગયું. તેણે જે પાપ કર્મ કર્યું હતું તેને માટે પશ્ચાત્તાપ પામી તેનું હૃદય બળવા લાગ્યું. ને તાપથી બળતાં બળતાં તેણે બે હાથ જોડી મધુ પાસે ક્ષમા માગી! તેણે મધુને તેના પોતાના ગુરૂની પાસે લઇ જવા માટે ઘણો આગ્રહ કર્યો. મધુએ તેની ઉત્કટ ઇચ્છા જોઇને તેને ગુરુ પાસે લઇ ગયો. ગુરુએ બધી વાત સાંભળીને લૂંટારા મુસાફરના મનનું આવું પરિવર્તન થયેલું જોઇ તેને ગુન્હાની ક્ષમા કરી અને તેને પવિત્ર શીખ ધર્મની દીક્ષા આપી. તે લૂંટારાએ તેજ વખતે, પાપ કર્મ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી. આ ખરો બનાવ શીખ લોકોના છઠ્ઠા ગુરુ મહાત્મા હરગોવિંદના વખતમાં બન્યો હતો.

વાંચક! પાપી મનુષ્યોનાં પાપ કર્મ છોડાવવા માટે અને તેને સુધારવા માટે મહાપુરૂષોએ ઘણું સહન કરવું જોઇએ. પોતાનું નુકશાન પણ વેઠવું જોઇએ. ભાઇ મધુના ઉદાહરણથી અમારા દેશના તેમજ પશ્ચિમ તરફના મનુષ્યો કાંઇ શીખશે તો એકંદરે દરેક જાતિઓને અને દરેક દેશોને ફાયદો થશે. "ભૂલી જાઓ અને ક્ષમા કરો" આ કહેવત ખરી છે. તે પ્રમાણે વર્તવું એજ સજ્જનોનું ભૂષણ છે.

૨૫–સ્વામિભક્ત–વીર જવાનસિંગ.

રાજપુતાનામાં નાગોર નામનું એક શેહેર છે. કેટલાંક વર્ષ ઉપર મરાઠા લોકોએ તે ઉપર એક ચઢાઇ કરી હતી. તે સમયે ત્યાંના રાજા વિજયસિંહે તે શહેરનું ઉત્તમ પ્રકારે રક્ષણ કર્યું હતું; તે એટલે સુધી કે તે મરાઠા એટલે "મરણ પામતાં સુધી પાછા નહિ હઠનાર" લોકોને તેણે ૭ મહિના સુધી આગળ ચસકવા દીધા નહિ.

ત્યાર પછી તેણે પોતાના કેટલાક જાસુસોને બીજા રાજાઓ પાસે મોકલી વિનંતિ કરી કે "મરાઠા લોકો આગળ આપણા સૈન્યનો નિભાવ થશે નહિ. માટે તમારે પોતે જાતેજ તમારાં લશ્કર સાથે આવીને શત્રુઓને હાંકી કહાડવામાં મને મદદ કરવી." પરંતુ તે પ્રમાણે કોઇ પણ રાજા મદદે આવ્યા નહિ. પ્રત્યેક રાજા, પોતાનો જ બચાવ કરી બેસી રહ્યા, અને વિજયસિંહના વિભવની ઇર્ષ્યા કરતા તમાસો જોવા લાગ્યા.

વિજયસિંહે એ સઘળું જાણ્યું. અન્તે તેણે શત્રુઓના સૈન્ય વચ્ચે થઇને બીજા રાજાઓને મદદે બોલાવવા જવાનો નિશ્ચય કર્યો. તેણે એવો વિચાર કર્યો કે કદાચ તે રાજાઓને હું જાતે તેડવા જઇશ, તો મદદ કરવા આવશે. વિજયસિંહે એક હજાર સાંઢણીઓ તૈયાર કરી. તે ઉપર સ્વારો બેસાડયા અને મધ્યરાત્રિના સમયે મરાઠાના લશ્કર વચ્ચે થઈ બિકાનેર ગયો. ત્યાંનો રાજા તેને મદદ કરવાને તૈયાર નહોતો. તેથી તેને દિલગીર થઇ પાછું જવું પડયું, ત્યાંથી તે જયપુર ગયો. ત્યાં ઇશ્વિરસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે તેને સ્પષ્ટ રીતે ના કહી નહિ. કારણ કે તે તેનો ગુપ્ત શત્રુ હતો. ઇશ્વિર-સિંહ પણ વિજયસિંહનો વૈભવ, રાજ્યવિસ્તાર આદિ જોઇને તેની ઇર્ષ્યા કરતો હતો; તોપણ તે તેનાથી ડરતો હતો. વિજયસિંહના આવા-

ગમનની વાત સાંભળી તે બહારથી મહા આનંદ પ્રદર્શિત કરતો હતો પરંતુ મનમાં વિચારતો હતો કે સુદૈવયોગે વિજયસિંહ આપણા હાથમાં આવ્યો છે ત્યારે તેને પકડી કેદ કરી મરાઠાઓને સોંપી દઇ, આપણે આપણું કામ કહાડી લેવું. તેથીજ વિજયસિંહ આવ્યા પછી તરતજ તેની મુલાકાત કરી આદરસત્કાર કરવા લાગ્યો.

વિજયસિંહના અનુયાયીઓમાં જવાનસિંગ નામનો એક રાજપૂત મુખ્ય સરદાર હતો. તેનાં લગ્ન જયપુરના એક સરદારની પુત્રી સાથે થયાં હતાં. તે જયપુરના સરદારને અને ઇશ્વરસિંહને ઓળખાણ હતી. ઇશ્વરસિંહ વિજયસિંહને પકડવાનો પ્રયત્ન કરે છે અને તેથી મોટું રણકંદન થઇ બંને બાજુના અનેક વીરો પ્રાણમુક્ત થશે. એ વાતની તેને ખબર પડવાથી રખેને પોતાનો જમાઇ તેમાં સપડાઇ જાય એ બ્હીકે તે સરદાર પોતાના જમાઇ પાસે આવીને તે વિષે વાત કરવા લાગ્યો, અને કહેવા લાગ્યો કે કોઇ પણ કાર્યને નીમત્તે તમારે આ પ્રાણઘાતક સમયે ગેરહાજર રહેવું. તેના મનમાં એવું હતું કે ભલે રાજાનું ગમે તેમ થાય પણ પોતાનો જમાઇ બચી જાય. તેથીજ તેણે તેને એ પ્રમાણે કહ્યું.

જવાનસિંગને આ બાબતની ખબર પડી તે પહેલાંજ વિજયસિંહ અને ઇશ્વરસિંહની મુલાકાતનો નિશ્ચય થયો હતો. તેથી તેનાથી તેમાં કાંઇ ફેરફાર થઇ શકયો નહિ. પરંતુ પોતાના સ્વામીને કોઇ પણ પ્રકારે બચાવવાનો નિશ્ચય કરી તે તેજ વખતે ઇશ્વરસિંહ પાસે આવવા નિકળ્યો. અને વિશેષ કાંઇ બોલ્યો નહિ.

જે ધર્મશાળામાં વિજયસિંહ ઉતર્યો હતો, તેજ ધર્મશાળા તરફ ઇશ્વરસિંહ આવ્યો અને બંનેની દ્રષ્ટિ એક થઇ. પરસ્પર આલિંગન દીધું. અને બંને એક બીજાને " ભાઇ " કહી એકજ ગાદી ઉપર બેઠા. તે સમયે વિશ્વાસુ જવાનસિંગ પણ ત્યાં હાજર હતો. બન્ને રાજ-

પુત્ર બેઠા પછી તે જયપુરના રાજાની પાછળ જઇ, એકાએક રાજાના અંગરખાના એક છેડા ઉપર બેઠો.

ઇશ્વિરસિંહે પાછળ ફરી જોયું અને પોતાના અંગરખા ઉપર કોણ બેઠું છે તે જોઇ કહ્યું કે કેમ જવાનસિંગ! આજે તમે પાછળ કેમ બેઠા છો? તમારી હમેશાં બેસવાની જગ્યા તો તમારા રાજાના જમણા હાથ તરફ છે.

જવાનસિંગે કહ્યું: મહારાજ. તેમ કરવું એ આજના પ્રસંગને અનુસરતું છે. તેણે પોતાના રાજા તરફ ફરીને કહ્યું: કે મહારાજ! સ્વામી! આપ ઉઠીને ચાલતા થાઓ નહિ તો નાહક તમારા પ્રાણ જશે.

જવાનસિંગને આજે કાંઇક ખાનગી સમાચાર મળ્યા છે એમ સમજી વિજયસિંહ તરતજ ઉઠયો. એટલે ઇશ્વિરસિંહે પણ ઉઠવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેનાથી ઉઠાયુ નહિ. વિજયસિંહને પકડવા માટે તેણે પોતાના સિપાઇઓને અને સરદારોને આજ્ઞા આપી. પરંતુ જવાનસિંગે જયપુરના રાજાના અંગરખામાંથી છુપાવેલું ખંજર બહાર કાઢી તેની છાતી સ્હામું ઉગામ્યું. અને બોલ્યો, મ્હારા સ્વામીને કંઇ પણ નુકશાન થયા વગર જવા દો, નહિ તો આજ ખંજર તમારી છાતીમાં ભોંકી દઇશ.

એટલું કહીને તે પોતાના અનુયાયીઓ તથા વિજયસિંહ તરફ ફરીને બોલ્યો: તમે ઘોડા ઉપર સ્વાર થયા છો, એવી ખબર મને આપો એટલે હું તમારી પાછળ આવ્યો છું, એમજ સમજજો. વિજયસિંહ ઘોડા ઉપર બેઠો, તેણે પોતાને યોગ્ય હતું એવુંજ વર્તન કર્યું. તે ન્હાસી ગયો નહિ. તેણે પોતાને ઉપડી જવાની ખબર જવાનસિંગને આપી. અને પોતાની તલવાર ઉઘાડી રાખી જવાનસિંગના આવવાની વાટ જોતો ઉભો.

આ ખબર મળતાંજ જવાનસિંગે પોતાનું ખંજર મ્યાનમાં ઘાલી દીધું, અને જયપુરના મહારાજા સામે આવી નમીને પ્રણામ કર્યા.

જવાનસિંગની આવી સ્વામિભક્તિ જોઇ જયપુરના મહારાજાએ ઘણા ખુશી થઇને તેને નમીને સલામ કરી અને કાંઈ પણ હરકત ન થાય તેમ તેને જવા દીધો. મહારાજાએ પોતાના સરદારો તરફ જોઇ કહ્યુંઃ સરદારો! સ્વામિભક્તિનુ આ કેવું ઉદાહરણ છે? જુવો! એમના ઉપર શસ્ત્ર ઉગામવાને કોની હિમ્મત ચાલશે વારૂ? જગતમાં સ્વામિભક્તિ એ મ્હોટામાં મ્હોટું માન છે, મ્હોટામાં મ્હોટો યશ છે અને સ્વર્ગના દેવતાઓ પણ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે. જેણે જેનુ લુણ ખાધું છે તે તેણે હલાલ કરવું જોઇએ. ક્ષુદ્ર પશુ પક્ષીઓ પણ સ્વામિભક્તિ કરવા ચૂકતાં નથી. તો પછી મનુષ્યે જેનું અન્ન ખાધું છે, તેની ભક્તિ કરવાને શા માટે પછાત પડવું જોઇએ? સરદારોએ સ્વામિની સેવા કરવી એ સેવ્ય જનોનો ધર્મ છે. તેથીજ ઇશ્વર રાજી થાય છે. અને તેવા સ્વામિભક્ત મનુષ્યને સંસારમાંજ સ્વર્ગસમાન સુખ મળે છે."

૨૬—રાજભક્ત—સરદાર ગુલાબસિંહ.

આપણા દેશની, આપણી જાતિની અને આપણા કુળની અપકીર્તિ કરાવવી કિંવા કલંક લગાડવું એના કરતાં મૃત્યુ હજાર દરજ્જે સારૂં છે. એવો મનમાં નિશ્ચય કરવો એ કાંઇ સાધારણ વાત નથી. સાધારણ મનુષ્યો પોતાના જીવ કરતાં અન્ય કોઇ વસ્તુને વ્હાલી ગણતા નથી, એવા મનુષ્યો પોતાના જીવ બચાવવા માટે ગમે તેટલું દુઃખ ભોગવવા અને અપમાન કે કલંક વ્હોરી લેવા પણ તૈયાર હોય છે. પરંતુ જેઓ અસાધારણ મહા પુરૂષો છે, જેઓ વીર માતા પિતાનાં

સંતાનો છે, જેઓને દેશનું, જાતિનું, અને કુળનું અભિમાન હોય છે તેવા મહા પુરૂષો અપકીર્તિ કરતાં મૃત્યુનેજ પસંદ કરે છે. અપકીર્તિ થતી હોય તો પોતાના જીવનને તુચ્છ સમજે છે, અને ગમે તેટલા યત્ને પણ કીર્તિ દેવીનેજ ચરણે પડે છે. હિંદુસ્તાન દેશમાં એવા કીર્તિ-પ્રિય હજારો મનુષ્યોનાં ઉદાહરણો મળી આવે છે. જગતના ઇતિહાસમાં આપણો હિંદુસ્તાન દેશજ એવો છે કે જ્યાં સત્ય, દયા, કીર્તિ, વીરતા પરોપકાર અને સહિષ્ણુતા જેવી અમૂલ્ય વસ્તુઓ ડગલે ડગલે મળી આવે છે, આજે અમારા દેશના દેશાભિમાની અને જાત્યભિમાની મહાપુરૂષોને, એક ઉચ્ચ પ્રકારના કીર્તિલોલુપ મહાત્માના ચરિત્રનું રસા-ત્મક વર્ણન અર્પણ કરીએ છીએ. અને તે ઉપરથી પ્રત્યેક મનુષ્યના હૃદયમાં "અપકીર્તિ કરતાં મૃત્યુ વ્હાલું" એ વાક્યની સાર્થકતા સમજાશે.

ઉદેપુરનો મહારાણો પ્રતાપસિંહ એ અકબરનો મ્હોટો દ્વેષી હતો. આખા હિંદુસ્તાનમાં પ્રતાપરાણા જેવો સ્વદેશાભિમાની વીર બીજો કોઇ નહોતો એમ કહીશું તોપણ અયોગ્ય નથી. અકબર બાદશાહે પોતાના શૌર્ય વડે અને માત્ર મીઠું મીઠું બોલીને–આશ્વાસન આપીને ઘણા ભલા રાજપુત્રોને વશ કરી લીધા હતા એટલુંજ નહિ પણ ઘણા રાજાઓનાં મન ભોળવી નાંખી, તેમની પુત્રીઓ પોતાના મુસલમાન સરદારો સાથે પરણાવવા માટે પણ બુદ્ધિ ફેરવી નાંખી હતી અને તેમનાં મન પોતાને સ્વાધીન કરી લીધાં હતાં. એટલું છતાં પણ અક-બરશાહના મોહક ભાષણથી અને કપટી યુક્તિથી બધાજ રાજપુત્રો ફસાઇ ગયા હતા તેવું નહોતું. રાણા પ્રતાપસિંહે પ્રસિદ્ધ રીતે બાદ-શાહ સાથે દુશ્મનાઇ કરી અને પોતાનું રાજ્ય છોડીને અરણ્યવાસ પસંદ કર્યો હતો. જેટલા દિવસ રાજ્યનું રક્ષણ કરવાનું બની શક્યું તેટલા દિવસ રાજ્ય જાળવ્યું, પરંતુ જ્યારે રાણાએ જોયું કે હવે બાદશાહને શરણે ગયા વિના રાજ્ય રહેશે નહિ ત્યારે રાજસુખને

અને વૈભવને લાત મારી તે અરણ્યનિવાસી થયો ! કેટલાક દેશદ્રોહી રાજપૂતોએ ઘણું સમજાવ્યું પરંતુ તે દેશાભિમાની અને જાત્યાભિમાની વીરપુરૂષે માન્યું નહિ. જેમ જેમ રાણાને તાબે કરવામાં વિલંબ થયો તેમ તેમ અકબર બાદશાહની મહત્વાકાંક્ષા વધતી ગઈ. કોઇ પણ ઉપાયે રાણા પ્રતાપ જેવા વીરપુરૂષને તાબે કરવા, તેણે તેને અનેક પ્રકારની સ્વતંત્રતા આપવાનું કહાવ્યું તેમજ છેવટે કહાવ્યું કે, "હું ત્હારી પહેલાંના જેવાજ સ્વતંત્રતા કાયમ રાખીશ, તું માત્ર મ્હારો ખંડીઓ રાજા છે એટલુંજ કબુલ કર. ત્હારા રાજ્યમાં હું કાંઇ પણ ગડબડ કરીશ નહિ !" પરંતુ ટેકીલો પ્રતાપરાણો તો કાને હાથ દઇનેજ અરણ્યમાં ગયો હતો. બાદશાહના સંદેશા અને વચનો સાંભળ્યાંજ નહિ. ગમે તેટલા જોરમાં પવનનો ઝપાટો આવે તોપણ જરાક પણ હાલે નહિ એવા પ્રચંડ ચંદનવૃક્ષ પ્રમાણે પ્રતાપસિંહ દ્રઢ નિશ્ચયી રહ્યો. સ્વતંત્રતા વેચીને પરતંત્રતાની ગુલામગીરી ખરીદવાની ઇચ્છાને લાત મારનાર વીર રાણા પ્રતાપે અત્યંત દુઃખ વેઠવાનું શરૂ કર્યું. આ રાણાનાજ જેવા વિચાર ધરાવનાર બીજા હજાર પાંચસો રાજપૂત વીરો હતા. તેમણે પણ મહારાણા પ્રતાપસિંહના જેવોજ ટેક રાખી રાણાના જેટલુંજ દુઃખ વેઠવાનું કબુલ કર્યું, પણ સ્વતંત્રતા વેચી નહિ ! રાજનિષ્ઠ સેવકોએ પણ અરણ્યમાં રાણાના શરીર સાથેજ પોતાના શરીરને દુઃખ આપવા માંડયું. આ શૂરવીરોમાં ગુલાબસિંહ નામનો એક શૂરવીર રાજપૂત સરદાર હતો. આ દેશભક્ત અને સ્વામિભક્ત ગુલાબસિંહની અચલ ભક્તિ વાંચકને વિશેષ ઉપયોગી થઈ પડશે.

પોતાના અપાર અઢળક ધનવૈભવને લાત મારી વનમાં રખડવું, શત્રુને તાબે ન થવું અને અનેક દુઃખ વેઠવા છતાં પણ "મ્હારો દેશ, મ્હારી સ્વતંત્રતા અને મ્હારી જાતિ" આ શબ્દો જેના હૃદયમાં અખંડ કોતરાઈ રહ્યા છે તેવા રાણા પ્રતાપની સાથે બીજા હજાર

પાંચસો દેશભક્ત રાજપૂતો હતા. રાણો પોતાના દુઃખને નહિ ગણતાં પોતાની સાથે રહેલા રાજપૂતોનું કુશળક્ષેમ તપાસતો હતો, એ એક મહત્વની વાત હતી. રાજ્યાસન ઉપર આરૂઢ હોય તે વખતે પાંચ માણુસ વધારે આવ્યાં તો શું ને પાંચ માણુસ ઓછાં આવ્યાં તો શું ? તેની કાળજી રાખવાની જરૂર હોતી નથી; પરતુ હમણાં તો માત્ર "રાજા" "રાણા" એટલા બેજ અક્ષરો પોતાની સાથે લઇ ફરતો રાણો પ્રતાપ, કાંઈ પણ ધન સમ્પતિ વગરનો હોવા છતાં પણ સાથેનાં મનુષ્યોની કાળજી રાખતો એ શું કાંઇ થોડી સહનશક્તિની વાત છે ? એવા દુઃખના પ્રસંગો જેઓ ઉપર આવી પડે છે તેઓનેજ આવી ાસ્થતિની ખબર હોય છે. પ્રતાપસિંહ ઉપર એવો પ્રસંગ આવ્યો હતો. "તમારી સ્થિતિ તેજ અમારી" આવું કહેનારા અને રાણાના જેટલુંજ દુઃખ સહન કરનારા હજાર પાંચસો વીરપુરૂષો તેની સાથે રહ્યા હતા. તેથીજ તેમની ખાવા પીવાની અને તેમના કુશળક્ષેમ બાબતની રાણાને કાળજી રાખવી પડતી હતી. પરંતુ કાળજી રાખવાના કામ સિવાય રાણાના હાથમાં બીજું કાંઇ નહોતું, અને તેથી રાણાને ઘણું દુઃખ થતું હતું. સાથે આવેલા મનુષ્યો પોતે શિકાર કરી લાવતા હતા અને પોતાનો ઉદરનિર્વાહ ચલાવતા હતા. "આપણે રાણાની સાથે આવ્યા છીએ, તેથી રાણાએજ આપણી કાળજી રાખવી જોઇએ." એવું કોઇ સમજતાજ નહોતા. ઉલટા એવું સમજતા હતા કે "આપણે માટે રાણાજીને જેમ બને તેમ ઓછી કાળજી રહે તેમ કરવું જોઇએ." અને તેજ પ્રમાણે વર્તતા હતા. સ્વામિભક્ત ગુલાબસિંહ રાણાને કાંઈ પણ કષ્ટ ન પહોંચે તે માટે ઘણીજ સાવધતાથી રાણાની સેવા ચાકરી કરતો હતો. જંગલમાં શિકાર કરવો, કંદ મૂળ ફળ ભેગાં કરવાં, અને સઘળા સિપાઇઓએ પોતાનો ઉદરનિર્વાહ કરવો; તેમજ અકબર-શાહનાં માણુસો રસ્તામાં મળી આવે તો તેમને લૂંટી લેવાં અને

રાણા ઉપર કોઇ હલ્લો કરે તો તેને રસ્તામાંથીજ હરાવી પાછો મોકલવો એ પ્રત્યેક શૂરા રાજપૂતોનું કર્તવ્ય હતું. ગુલાબસિંહ એ સર્વે સિપાઇઓનો ઉપરી હતો. તેના શરીર અને મનના અનેક સદ્ગુણોને લીધે તે સઘળા સિપાઇઓમાં પ્રિય થઇ પડયો હતો. અને પ્રતાપસિંહનો તો તે જમણો હાથજ હતો. રાણાની સઘળી હિમ્મત તેના ઉપરજ હતી.

અકબર બાદશાહને ચિંતા થઇ કે પ્રતાપ રાણો આપણી માગણી પ્રમાણે કબુલ થતો નથી, રાજ્ય છોડી જંગલમાં જઇ દુઃખ સહન કરે છે. ત્યારે તે ખરેખરો દ્રઢનિશ્ચયી અને વીરપુરૂષ હોવો જોઇએ. આવા વીર પુરૂષને કાં તો તાબે કરવો જોઇએ અને નહિં તો છેવટ મૈત્રી પણ કરવી જોઇએ. બાદશાહના મનમાં હમેશાં આવા વિચારો ઉત્પન્ન થતા હતા. વારંવાર પોતાના સલાહકારોને પણ આ બાબત પૂછવામાં આવતી અને કયી યુક્તિવડે કાર્યસિદ્ધિ કરવી તેની પણ સલાહ લેવામાં આવતી હતી. સલાહકારો કહેતા કે, “ પ્રતાપસિંહનો જમણો હાથ ગુલાબસિંહ જો વશ થાય તો પછી બસ છે; પણ પ્રતાપસિંહ કદાચ વશ થશે, તોપણ ગુલાબસિંહના મનને વશ કરવું અશક્ય છે. સમુદ્રનું પાણી હિમાલયના માથાપર ચઢાવવું જેટલું શકય છે તેટલુંજ ગુલાબસિંહનું મન વશ કરવું શકય છે.” એટલું છતાં પણ અકબર બાદશાહ હમેશાં ઉદ્યોગી અને દ્રઢનિશ્ચયી હતો. તેણે પોતાનો પ્રયત્ન છોડયો નહિ. પોતાના લશ્કરમાંથી પાંચસો પાંચસો સિપાઇઓની બે ત્રણ ટુકડીઓને જંગલમાં તપાસ કરવા રાખી હતી. એ ટુકડીઓને સૂચના આપી હતી કે જંગલમાં ગમે તેમ ભટકવું, પણ વખત આવતાં પ્રતાપસિંહને તથા ગુલાબસિંહને પકડી લાવવા ચૂકવું નહિ.

એક દિવસ અકબરશાહની એક ટુકડી અને ગુલાબસિંહના કેટલાક સિપાઇઓ એક બીજાની આગળ સ્હામ સ્હામા થઇ ગયા. અકબ-

રનું કોઈક સૈન્ય ખજાનો લઈ જાય છે એવી શંકાથી ગુલાબસિંહના સિપાઈઓએ ખીણમાંથી બહાર નીકળી તેના ઉપર હલ્લો કર્યો. રાણાને પકડવા જે ટુકડીઓ જંગલમાં ફરતી હતી તેઓને બાદશાહે આજે એવો હુકમ લખી મોકલ્યો હતો કે "ઘણા દિવસ થયા તમોને જંગલમાં મોકલ્યા છે પરંતુ તમારાથી કાંઈ વળ્યું નહિ! પંદર દિવસમાં તમારાથી ધારેલું કામ થશે નહિ તો તમને બધાને પાછા બોલાવી યોગ્ય શિક્ષા કરવામાં આવશે. તમારા અત્યાર સુધીના કામથી બાદશાહ ઘણા નારાજ થયા છે." બાદશાહનો આ હુકમ ત્રણે ટુકડીવાળાઓએ પોતાના સિપાઇઓને વાંચી સંભળાવ્યો હતો. તેમ થવાથી સઘળાઓને ઘણો ગુસ્સો ચહડયો હતો. સઘળાએ નિશ્ચય કર્યો હતો કે ગમે તેમ થાય તોપણ પંદર દિવસની મુદતમાં પ્રતાપસિંહને જીવતો અથવા મરણ પામેલો બાદશાહની હજુરમાં લઈ જવો. ત્રણ ટુકડીના સિપાઇઓ ત્રણે દિશામાં તપાસ કરવા લાગ્યા. પ્રતાપસિંહ જે ખીણમાં રહેતો હતો તે ખીણમાં જવાનો માત્ર એકજ માર્ગ હતો. તે ખીણની ત્રણે બાજુએ ઉંચા ઉંચા ડુંગરો હતા. તેથી એક માર્ગ શિવાય બીજા માર્ગેથી શત્રુઓ હુમલો કરી શકે તેમ નહોતું. પ્રતાપસિંહના સિપાઇઓ તે એકજ માર્ગે જતા આવતા હતા. તેમજ તેમણે પોતાનું સઘળું બળ ત્યાંજ ભેગું કર્યું હતું. કોઇક માણસો અનાજ વિગેરે લેવા જતા તોપણ ખીણમાં પ્રવેશ કરવાના માર્ગની રક્ષા કરવા માટે ઘણોજ ચોક્કસ બંદોબસ્ત કરીનેજ જતા હતા. આજે પણ ગુલાબસિંહ પોતાનાં કેટલાંક માણસોને સાથે લઇ બહાર નિકળ્યો હતો. બહાર નિકળ્યા પછી ઉપર કહેવા પ્રમાણે થોડા વખતમાંજ અકબરની ત્રણમાંની એક ટુકડી સાથે મેળાપ થયો. પ્રતાપસિંહનાં માણસો ક્યે રસ્તે ક્યાં જાય છે અને ક્યાં આવે છે તેની માહિતી અકબરના સિપાઇઓને આજ સુધી મળી નહોતી. પરંતુ આજે

બહાર નીકળતાંજ અકબરના માણુસો પ્રતાપસિંહનું રહેવાનું સ્થાન જાણી ગયા. અકબરનાં માણુસોને જોતાંજ ગુલાબસિંહને ઘણું માઠું લાગ્યું. મનમાંજ કહેવા લાગ્યો કે; "આજે આપણું સર્વ નાશ થયું ! જો આ સમયે બળપૂર્વક આ માણુસોને મારી નાંખવામાં આવશે નહિ, તો આ ખીણમાં રસ્તો કરી રાણાશ્રીને પકડી જવામાં વિલંબ થશે નહિ. સ્વામીભક્તિ અને સ્વદેશાભિમાન એ શું વસ્તુ છે તે સાચી રીતે બતાવી આપવાનો આજ સમય છે. આજનો પ્રસંગ ગુમાવવાથી રાણાશ્રીને ગુમાવવા બરોબર છે અને જાણી જોઇને પ્રતાપસિંહને શત્રુના હાથમાં આપવા બરોબર થશે" ગુલાબસિંહે પોતાનાં માણુસોને ઉત્સાહપૂર્વક લઢવાને તૈયાર કર્યાં. અને ગમે તેમ થાય તોપણ ખીણના મુખ પર્યંત શત્રુઓ આવે તે પહેલાં તેમને રામશરણ કરવા એવો બધાએ નિશ્ચય કર્યો. સઘળા રાજપૂત વીરો ઉત્સાહપૂર્વક લઢવા મંડયા. તેમના શરીરમાં દેશભક્તિ, રાજભક્તિ અને દેશાભિમાનનું પવિત્ર લોહી ઉછળવા લાગ્યું. તેમના અંતઃકરણમાં સ્વામીભક્તિનો પવિત્ર રક્તાસ્રોત ઉછળવા લાગ્યો. નિરપરાધી રાજાને શિક્ષા આપનાર રાજાના સિપાઇઓ, યમના દૂતો છે એમ જાણી તેઓ ધર્મયુદ્ધ કરવા લાગ્યા. થોડા રાજપૂત સિપાઇઓનું વીરત્વ જોઇ અનેક મુસલમાન સિપાઇઓ ચકિત થયા. તે ટોળીના સરદારે નિશ્ચય કર્યો કે આ દેશાભિમાની રાજપુત શત્રુઓ ગમે તેટલા થોડા છતાં તેમની આગળ આપણું કંઇ ચાલવાનું નથી. તેણે બીજી બે ટુકડીઓને કહાવી મોકલ્યું કે અમે શત્રુઓને ઘેર્યા છે. જો તમારી મદદ નહિ મળશે તો અમારી કતલ થઈ જશે. આજના જેવો લાગ ફરીથી મળશે નહિ. અને હવે પછી પ્રતાપસિંહનો પત્તો સ્વપ્નામાં પણ લાગશે નહિ.

આવો સંદેશો કહાવવા છતાં પણ મદદ મળી નહિ. એ જોઈ સિપાઇઓ ગભરાવા લાગ્યા. રાજપૂતો શૌર્યપૂર્વક લડે છે, ગુલાબસિંહ

પણ માણસોને ઉત્સાહપૂર્વક ઉશ્કેરે છે, હવે થોડીવારમાંજ જય પરાજયનો નિકાલ થઇ જવાનો છે, અકબરનાં માણસો એક એક ડગલું પાછા ખસતા જાય છે, ગુલાબસિંહનાં માણસો પણ તેની પાછળ પાછળ જાય છે પરંતુ ઈશ્વરના મનમાં તેમ નહોતું ! છેલ્લી ઘડીએ અકબરનાં માણસો ન્હાસવાની તૈયારીમાં હતાં તેજ ક્ષણે બીજી બે ટુકડીઓની મદદ પવનવેગે આવી પહોંચી. જેમ જળ વગર તરફડતા માણસને ઠંડા જળનું પાત્ર મળી જાય, તેમ અકબરનાં માણસોને મદદ મળવાથી થયું ! મુખ્ય અમલદારે પાછું ફરી લઢવાનું શરૂ કર્યું, માણસો પણ બમણા ઉત્સાહથી લઢવા લાગ્યાં. એટલામાં બે ટુકડીઓ આવી પહોંચી અને લઢાઇનો રંગ ફરી ગયો ! અકબરનાં માણસો પુષ્કળ થઈ ગયાં અને શૂરત્વપૂર્વક લઢવા લાગ્યાં. પ્રતાપસિંહનાં થોડાં માણસો થાકેલાં હતાં અને વળી પોતાના સ્હામાં ત્રણ ગણાં માણસો લઢવા આવેલાં હતાં ! હવે એટલું બળ કયાંથી લાવવું ? થાકેલા રાજપૂતો હતધૈર્ય થયા. આ રંગ જોતાંજ ગુલાબસિંહનું હૃદય કમ્પવા લાગ્યું. જો પોતાના માણસોને લઈ ખીણમાં જાય તોપણ શત્રુઓ પાછળ આવે અને પ્રતાપસિંહને પકડી લઈ જાય ! ગુલાબસિંહે નિશ્ચય કર્યો કે "ગમે તેમ થાય તોપણ આ વખતે રાજભક્તિ બતાવવીજ જોઇએ. પ્રાણ જાય તો તેની દરકાર નહિ પણ શત્રુઓના હુમલામાંથી મહારાણાને સહીસલામત રાખવા." ગુલાબસિંહે રાજપૂત સિપાઇઓને ફરી ઉત્સાહ આપ્યો, રાજનિષ્ઠાનું વર્ણન કર્યું, સ્વામીભક્તિનાં ગીત ગાયાં, સ્વદેશ પ્રેમનો મહિમા કહી સંભળાવ્યો, રણક્ષેત્રમાં મરણ પામતાં કેટલું મ્હોટું પુણ્ય છે તે પણ સંભળાવ્યું, રાજપૂતોનો કેવો ધર્મ છે તે યાદ દેવડાવ્યો, પ્રતાપસિંહ મહારાજાએ આજ પર્યંત કેટલું દુઃખ વેઠીને પણ રાજપૂતોનું નામ રાખ્યું છે, તેનું હૃદયભેદક વર્ણન કર્યું અને "પ્રતાપસિંહે કોઇને બોલાવ્યા નહોતા, તમે તમારી મેળેજ તેની

પાછળ આવ્યા છો, તમારા આવવાથીજ તેમને કદાચ પકડાવું પડશે, તે એકલા ગમે ત્યાં સંતાઈ રહેત, હવે તમારે તેમનું સંરક્ષણ કરવુંજ જોઇએ" વિગેરે અનેક શબ્દો કહી સંભળાવ્યા; વિનતિ, ઉપદેશ, સ્તુતિ, બ્હીક અને ઉત્તેજક ભાષણો દ્વારા યત્ન કર્યો પરંતુ સઘળું નિષ્ફળ ! થોડો વખત શૂર ચઢતું, રાજપૂતો લઢતા અને વળી પાછા ઉત્સાહભંગ થઇ પાછાં પગલાં ભરતા ! આ સ્થિતિ જોઇ ગુલાબસિંહને ઘણોજ આઘાત થયો, રાજપૂતો પાછા ખસતા ખસતા ખીણના દ્વાર આગળ આવી પહોંચ્યા અને હવે ખીણમાં પેસી જઇ શત્રુઓને પણ ખીણમાં લઇ જશે એમ જણાયું. ગુલાબસિંહ ખરેખરો દેશભક્ત અને સ્વામિભક્ત વીર પુરૂષ હતો. તેને એક રામબાણ ઉપાય મળી આવ્યો. રાજપૂત સિપાઇઓ ખીણના દ્વાર આગળ આવી પહોંચતાંજ ગુલાબસિંહ પોતાનો ઘોડો આગળ લઇ ઘોડા ઉપરથી ઉતરી પડ્યો, અને ખીણના બારણા આગળજ જમીન ઉપર આડો પડ્યો, તે મ્હોટેથી બોલ્યો કે, "ભાઇઓ ! તમે ખરા રાજપૂત બચ્ચા હો તો પાછાં પગલાં કદી પણ ભરશો નહિ. હમણાં તમે જે કામ કરો છો તે રાજપૂતના નામને કલંક લગાડે તેવું છે. ભલે તમારે રાજપૂતોના નામને કલંક લગાડવું હોય તો તમારા ઘોડાના પગ મ્હારી છાતી ઉપર મૂકો અને મ્હને મારી નાંખો ત્યાર પછી તમે ખીણમાં ન્હાસી જાઓ. બસ, હું અહીંજ મરણ પામીશ. નામર્દ રાજપૂતોને લીધે મ્હારે મરવું પડશે તો ફીકર નહિ. તમે બધા બાયલા, બ્હીકણ અને રાજપૂતના નામને કાળો ડાઘ બેસાડો છો." આ શબ્દો રામબાણ ઉપાય જેવા થઇ પડ્યા. એ શબ્દો સાંભળતાંજ રાજપૂતોના શરીરમાં દશ દશ યોદ્ધાઓનું બળ આવ્યું અને તેઓ શત્રુઓના સ્હામે લડવા લાગ્યા. વિનતિ અને સ્તુતિવડે જે કામ થયું નહિ તે કામ સહજ વાતમાં થઇ ગયું ! સમયોચિત શબ્દોવડે રાજપૂત સિપાઇઓને શૂર ચઢ્યું અને સ્વામિભક્ત તથા

દેશભક્ત ગુલાબસિંહની છાતી ઉપર પગ મૂકીને ખીણમાં જવાનું કોઇને પસંદ પડયું નહિ. દરેકે મરણપર્યંત લઢવાનો નિશ્ચય કર્યો. એક એક રાજપૂત દશ દશ માણુસનું બળ ધરાવી લઢવા લાગ્યો. અને તેમાં તે બધાને જય મળ્યો. જો કે ઘણા રાજપૂત સિપાઇ મરણ પામ્યા પરંતુ ત્રણ ગણી શત્રુ સેના હોવા છતાં રાજપૂતોનો પરાજય થયો નહિ. તેઓનો જયજ થયો. સઘળા મુસલમાન સિપાઇઓ ત્રાહ ત્રાહ કરી પાછા ગયા. દેશભક્ત અને રાજભક્ત મનુષ્યોનો જયજ થાય છે. પ્રતાપસિંહનું સ્વાતંત્ર્ય અને સ્વાભિમાન કાયમ રહ્યાં. રાજપૂતોના મારથી અને ગુલાબસિંહ જેવા ચતુર રાજપૂતની યુક્તિથી પ્રતાપ-રાણાનો ટેક કાયમ રહ્યો. ધન્ય છે સ્વામિભક્ત ગુલાબસિંહને અને ધન્ય છે દેશભક્ત રાજપૂત વીરોને !

૨૭–ધર્મવીર હકીકતરાયજી.

પંજાબ અને મધ્ય હિંદુસ્તાન કે જ્યાં મુસલમાન બાદશાહોની સત્તા ઘણા લાંબા વખત સુધી ચાલી હતી, ત્યાં પણ આપણા આર્ય-ધર્મના પરમપૂજ્ય શ્રદ્ધાશીલો ધર્મ માટે પોતાના પ્રિયતમ પ્રાણનું બ-લિદાન આપી, વિશ્વમાં પોતાની અચલ કીર્તિ પ્રસારી ગયા છે; અને તેમની સંખ્યા પણ એક બેની નાહ, કિંતુ અનેકની છે. એ ધર્મવીર બાળક હકીકતરાયજીનો જન્મ વિક્રમ સંવત ૧૮૦૨ માં પંજાબ દેશના પ્રસિદ્ધ નગર સિયાલકોટમાં થયો હતો, એના પિતાનું નામ વાઘમલ અને માતાનું નામ ગૌરાં હતું. એ પૂરીખત્રી જ્ઞાતિનો પુરુષ હતો. વાઘમલજી સિયાલકોટના હાકેમની દરબારમાં એક ઉચ્ચપદપર નોકર હતા. ઉચ્ચ પદ અને ઉત્તમ જ્ઞાતિના હોવાથી એના કુલદીપક પુત્ર હકીકતરાયજીનો વિવાહ સંબંધ સિંહસંપ્રદાયના એક ઉચ્ચવંશ ક્ષત્રિયની પુત્રી સાથે થયો હતો. જ્યારે હકીકતરાય વિવાહ પ્રસંગે

પોતાના શ્વસુરાલયમાં ગયા. તે સમયે શ્વસુર એ બાળકની મોહિની મૂર્તિ અને ભાવી પ્રારબ્ધસત્તાને નિહાળી મોહિત થઈ ગયો; તેથી કેટલાક દિવસ સુધી તેણે પોતાના જમાઇને પોતાને ઘેર જ રાખ્યો, અને તેને પોતાના ધર્મની મહત્તાનું જ્ઞાન આપતો રહ્યો. હકીકતરાયજીના પવિત્ર અને નિર્મળ અંતઃકરણમાં શ્વસુરના એ ઉપદેશનું ઘણુંજ ઉચ્ચ પ્રતિબિંબ પડ્યું. તે ધર્મનો સત્ય પ્રેમી–સત્ય વીર બની ગયો. ત્યાંથી હકીકતરાય જ્યારે પાછો પોતાના પિતાને ત્યાં આવ્યો, ત્યારે તે સાત વર્ષની વયમાં જે શાળામાં શીખતો હતો, તેજ શાળામાં તેને પાછો રાજકીય યવન–ભાષા શીખવા માટે મોકલવામાં આવ્યો. હકીકતરાય નિયમ પૂર્વક નિત્ય શાળામાં ભણુવાને જતો હતો અને સુશીલ બાળકને યોગ્ય લાગે તેવી રીતે વિદ્યાભ્યાસ કરતો હતો. એક દિવસ શાળાનો શિક્ષક (મોલવી) બાળકોને એકલાં મૂકી કોઈ કાર્યના કારણથી ક્યાંક ગયો હતો. તે પ્રસંગનો લાભ લઈ કેટલાક મુસલમાન બાળકોએ પોતાની સ્વભાવિક રીતિને અનુસરીને વિનાકારણ હકીકતરાયને છેડવા માંડયો. પરંતુ ઘણીકવાર સુધી હકીકતરાય શાંતિ ધારી ચૂપચાપ બેસી રહ્યો. મુસલમાન બાળકોએ એને શાંત બેઠેલો જોયો એટલે તેઓ વળી વધારે બહેક્યા અને તેને "કાફિર, બેઇમાન, બુતપરસ્ત (મૂર્તિપૂજક)" ઇત્યાદિ શબ્દો કહીને દેવી દેવતાઓને પણ યથેચ્છ ગાલિપ્રદાન કરવા લાગ્યા. સીમાને ઉલંઘીને વિષય આગળ વધી ગયો એટલે હકીકતરાયના હૃદયમાં પણ કોપનો અગ્નિ પ્રકટ થયો અને તેથી તેણે મુસલમાની ધર્મના આચાર્ય હજરત મહમ્મદ પયગંબર સાહેબની બેટી બીબી ફાતમાને ગમે તેમ બોલવા માંડયું અને મુસલમાન બાળકો ચીડાઇ ગયા. તેઓ હકીકતરાયને માર પીટ કરવા લાગ્યા અને હકીકતરાય પણ તેમની સામો થઇ ગયો, અને જે તેની સામુ આવ્યું તેની તેણે સારી પૂજા કરી; મોલવી સાહેબ જ્યારે બ-

હારથી આવ્યા, ત્યારે મુસલમાન બાળકોએ તેની પાસે ફરિયાદ કરી અને મોલવીએ હકીકતરાયને ઝગડાનું કારણ પૂછ્યું. ઉત્તરમાં તેણે જણાવ્યું કે, "પહેલાં એમનેજ પૂછો કે, પ્રથમ છેડ કોણે કરી હતી? એના સમાધાનમાં મોલવી સાહેબ બોલ્યા કે, "ભલે એમણે તને પહેલાં ગાળો આપી હોય અને છેડ કરી હોય પણ તને પયગંબરજાદીને સારી કે નઠારી કહેવાનો શો હક હતો? શું તમે કાફિર છતાં નેકબખ્તોને આમ કહેવાની હિંમત કરી શકો છો? ખયર, તું જો તો ખરો કે આનું ફળ તને કેવું મળે છે!!" એટલું કહીને મોલવી હઠ કરીને ઝટપટ કાજીસાહેબ પાસે ગયો અને તેને શાળામાં બનેલો સઘળો બનાવ કહી સંભળાવ્યો. એ વૃત્તાંત સાંભળતાંજ કાજી તો લાલ પીળો થઇ ગયો અને તરતજ હકીકતરાયજીને બંધીખાનામાં મોકલી મોલવીને સાથે લઇને તે શહેરના હાકેમ પાસે ગયો.

તે વખતમાં સિયાલકોટમાં અમીરબેગ નામક એક ન્યાયશીલ મુસલમાન હાકેમ હતો. તેણે કાજી અને મોલવીના મુખથી સર્વ વૃત્તાન્ત સાંભળીને તેમને ઉત્તર આપ્યો કે, "બાળકોનું લડવું ઝગડવું અને ગાળાગાળી કરવાનું હમેશ થયાંજ કરે છે. માટે એવી બાબતોમાં સારા અને વિચારશીલ માણસોએ ધ્યાન આપવું ઉચિત નથી. આપ એ ઝગડાને વધારે ન જગાડો. છોકરાઓને ધમકાવીને છોડી મૂકી હકીકતરાયને પણ સારી રીતે ધમકાવીને જવા દો."

"આપનું કથન સત્ય છે. પરંતુ ધર્મની આજ્ઞામાં બુદ્ધિ અને ન્યાયનો અવરોધ આવી નથી શકતો. એ મારા પોતાના લાભનો તો વિષય નથી ને? નગરના બીજા પણ કાજીઓ ક્યાં નથી? તેમને આપ પૂછી જુઓ કે, "એણે કુરાન યા તો તલવારને સ્વાધીન થવું" એવો મેં જે ફેંસલો કરેલો છે, તે બરાબર છે કે નહિ?" હાકેમની વાત સાંભળીને કાજીએ પોતાની વાતને પકડી રાખી.

કાજીનાં એ વચનો સાંભળી અમીરબેગ થોડીવાર ગંભીર વિચારમાં પડી ગયો અને ત્યાર પછી કહેવા લાગ્યો કે, "ખયર, હવે એ મુકર્દમો નગરના વિદ્વાનોને સોંપવામાં આવે છે. આપ કાલે દરબારમાં પધારજો."

હાકેમનો એ જવાબ સાંભળીને કાજી ઉઠી નગરમાં ફરવા લાગ્યો અને સઘળા મુસલમાનોને ધર્મનું ઝનૂન ચડાવવાનો તન મન ધનથી પ્રયત્ન કરવા લાગ્યો.

હકીકતરાયનાં માતા પિતાને જેવા એ કંકાસના સમાચાર મળ્યા, કે તેવાંજ તેઓ વ્યાકુલતાથી પીડાતાં કાજી પાસે આવી પહોંચ્યાં અને તેના ચરણોમાં માથું મૂકી રોઈ રોઇને પ્રાર્થના કરવા લાગ્યાં કે, "અમારા એકના એક પુત્રને જીવથી ન મારો ! તે બાળક છે તેનો એ અપરાધ એકવાર તો માફ કરો !" પરંતુ કાજીનું વજ્ર બનેલું હૃદય એ કરુણાપૂર્ણ વચનોથી કિંચિત્ માત્ર પણ પીગળ્યું નહિ. વાઘમલ અને ગૌરાંના શોકનો પાર નહોતો. તેમને સકલ વિશ્વ અંધકારમય ભાસતું હતું !!

બીજે દિવસે સર્વ સાધારણ સભા (આમ દરબાર) ભરવામાં આવી અને ત્યાં નગરના સર્વ સાધારણ અને મુખ્ય મુખ્ય હિંદુ મુસલમાન મહાશયો એકઠા થયા. હાકેમે હકીકતરાયના ન્યાયનો ભાર નગરના વિદ્વાનોના શિરે નાખી દીધો. નગરના જે વિદ્વાનોને ન્યાયનું કાર્ય સોંપવામાં આવ્યું હતું, તે બધા મુસલમાનોજ હતા અને વિશેષમાં કાજીએ તેમને પાઠ ભણાવી રાખ્યો હતો. તેથી તેમણે કાજીની કરેલી ન્યાય વ્યવસ્થાનેજ યોગ્ય ઠેરવી. તે ફેંસલો એ હતો કે, "હકીકતરાય યાતો મુસલમાન થઇ જાય, યા તો તેનો વધ કરવામાં આવે. ત્રીજો કોઇ પણ માર્ગ નથી."

એ વચનો સાંભળતાંજ હકીકતરાયનાં માતા પિતા મૂર્છિત થઇને ધરણીપર ઢળી પડયાં ! જ્યારે તેમને ભાન આવ્યું, ત્યારે તેઓ

કાજીના ચરણમાં પુનઃ મસ્તક ધરીને વિનંતિ કરવા લાગ્યાં કે "આ અપરાધના દંડ તરીકે આપ અમારૂં ઘરબાર, ધન દૌલત જે કાંઇ છે તે લઇ લ્યો; પરંતુ અમારા પુત્રપર દયા કરીને તેના પ્રાણ ન લ્યો! જીવનદાન ઘો."

કાજીએ મ્હોડું ઉતારીને ઉત્તર આપ્યો કે, "શું તમે મને ધનનો લોભ બતાવી, ધર્મથી ચળાવવા માગો છો કે? એ કામ મારાથી કદાપિ થશે નહિ."

ખરેખર કોઇએ સત્ય કહ્યું છે કેઃ—"જિસ તન લાગે વહ તન જાને; કોઉ ન જાણે દુઃખ પરાયા" કાજીને હકીકતરાયની હૃદય વ્યથાની કલ્પના પણ ક્યાંથી થઇ શકે?

એક તરફ ન્યાયપરાયણ અમીરબેગ હાકેમના મનમાં એક તુચ્છ અપરાધ માટે આવો કઠોર દંડ વજ્રસમાન વેદના ઉપજાવતો હતો અને બીજી તરફ એની વિરૂદ્ધ પક્ષના કાજી અને મૌલવીના ભમાવેલા મુસલમાન વિદ્વાનો મિજાજથી ઉભા ઉભા જોઇ રહ્યા હતા કે, "અ-મીરબેગ હિંદુઓનો પક્ષ કરે, તો એને પણ કાફિર ઠરાવી, પદભ્રષ્ટ કરી નાખવો" એથી અમીરબેગ પોતે પણ ભયભીત થઈ ગયો હતો. પરંતુ એક ન્યાયપરાયણ નરથી, તે ગમે તેટલો દબાણમાં આવે તો પણ અન્યાયમાં સંમતિ આપી શકાયજ નહિ. એ સિદ્ધાન્તને અનુસરી તે નિર્ભયતાથી કહેવા લાગ્યો કે, "ભાઇઓ! જેને તમે આવો પ્ર-ચંડ દંડ આપ્યો છે, તે એક નાદાન બાળક છે. તેને હિંદુ ધર્મના નિયમોનું પણ જ્ઞાન નથી, તેમજ મુસલમાન ધર્મના નિયમોથી પણ એ તેટલોજ અજ્ઞાન છે. માટે એણે જે સારાં માઠાં વચનો ઉચ્ચાર્યાં છે, તે માત્ર અહીં તહીંથી સાંભળેલી વાતોને આધારેજ. જેમકે છો-કરાં પરસ્પર લડે વડે છે અને એક બીજાનાં માબાપને ગાળો પણ આપે છે; પરન્તુ તે ગાળોનો ભાવાર્થ તેઓ સમજતાં નથી; જો તેઓ

તે ભાવાર્થ સમજતાં હોત, તો પાછો તરત તેમનો મેળાપ થઈ ન જાત. તેઓ એક બીજાની ગાળો સાંભળીનેજ ગાળો બકયા કરે છે. એમનામાં દ્વેષબુદ્ધિનો ભાવ નથી, અર્થાત્ હકીકતરાયજીએ પણ બાળકબુદ્ધિથીજ સાંભળીને વાદે વાદે પયગંબરકુમારીને ગાળો આપેલી છે. દ્વેષબુદ્ધિથી ગાળો નથી આપી."

પરંતુ કાજી, મૌલવી અને ન્યાય આપનારા બીજા ગૃહસ્થોને એ વિચારો માફક ન આવ્યા. તેઓ કોપથી નીચા ઉંચા થવા લાગ્યા. તેમની આંખો રાતી ચોળ થઇ ગઇ.

કાજીએ મહા કોપયુક્ત મુદ્રાથી કહ્યું કે, "જો આને યથાર્થ દંડ નહિ આપવામાં આવે, તો આખા દેશમાં હોહા થઇ જશે અને બળવો જાગશે. હિંદુઓ અભિમાનમાં તો આવીજ ગયા છે, અને જો આ જીવતો બચશે તો તેમના અભિમાનમાં વધારોજ થશે. શું તમે નથી જાણતા કે, હિંદુઓમાંના શીખ લોકો મુસલમાનોથી કેવી બદસુલુકીથી વર્તે છે? અને તેઓ હિંદુઓને કાંઇ પણ કહેતા નથી, કારણકે તેઓ જાણે છે કે, એ તો અમારા ભાઇઓ છે. માટે જો હકીકતરાયને શિક્ષા નહિ થાય, તો શીખ લોકો પ્રમાણે સાધારણ હિંદુઓ પણ મુસલમાનોનાં ઘરબાર લૂંટવા તૈયાર થશે. શું એક ધર્મી મુસલમાન એક કાફિરના મુખનાં દુર્વચનો અને તેનાથી થતા કષ્ટને મૂંગે મોઢે સહન કરી જાય? એમ થશે, તો પછી મુસલમાનોને ઉભા રહેવાની હિંદુસ્તાનમાં જગ્યા પણ રહેશે નહિ!!"

અમીરબેગે કાજી, મૌલવી અને બીજા કેટલાક મુસલમાનોને ખાનગીમાં લઇ જઇને કહ્યું કે, "આપ જાણો તો છોજ કે, એ ગુનોહ એક નાદાન છોકરાને હાથે થએલો છે, કોઇ સમજદાર જવાન અને ધાર્મિક હિંદુથી નથી થયો. એટલા માટે મારૂં કહેવું એમ છે કે, એને સાધારણ દંડ આપીને છોડી દેવામાં આવે, તો કાંઇ ચિન્તા

જેવું નથી. એને કઠિન શિક્ષા કરવાથી હિંદુ પ્રજાના મનમાં ભયંકર પરિણામ થશે, અને તેથી તેઓ જો બીજું કાંઇ પણ નહિ કરી શકે તોપણ આપણા નગરને તો અવસ્ય ત્યાગી જશે. એથી એક તો નગરની શોભા જતી રહેશે અને બીજું રાજ્યની આવક ઘટી જશે. ત્રીજું દેશમાં દંગો ફીસાદ થશે અને ચોથું શીખ લોકો વધારે ત્રાસ વર્ત્તાવશે. એથી રાજ્યને ઘણીજ હાનિ થશે. વળી તેઓ જો કોઇ આપણા શત્રુના નગરમાં જઇ વસ્યા, તો એક નવા દુસ્મનથી બ્હીવાનું થશે."

"મને ઘણાજ ખેદથી કહેવું પડે છે કે, સાંસારિક લાભોની હાનિનો વિચાર કરી, પરલોકના લાભને ધિક્કારી આવી રીતે કાફિરોનો પક્ષ કરવાને આપ બહાર નીકળ્યા છો. ધાર્મિક નિયમોનું ઉલ્લંઘન કરવાવાળો મનુષ્ય નરકનો નિવાસી થાય છે તે સિદ્ધાન્ત શું આપનાથી અજ્ઞાત છે કે? બીજું આપનામાં એ સામર્થ્યજ કયાં છે કે, આપ પોતાની ઇચ્છાથી ધાર્મિક નિયમો વિરૂદ્ધ કાંઇ પણ કાર્ય કરી શકો? જેની આગળ મોટા મોટા શહેનશાહોને પણ માથું નમાવવાનો વખત આવેલો છે, આવે છે અને આવશે, ત્યાં તમે તે શી ગણત્રીમાં?" કાજીએ કોપથી લાલચોળ થઇને કહ્યું.

કાજીનાં એ વચનો સાંભળી મૌન ધારી અમીરબેગ પાછો દરબારમાં આવી બેઠો. તે સમયે ચારે તરફ તેને કોઈ આશ્ચર્યકારક રંગ દૃષ્ટિગોચર થવા લાગ્યો. એની જમણી બાજુએ મોટા મોટા મુસલમાનો ધર્મશાસ્ત્રનાં પુસ્તકોને આગળ રાખી બેઠા હતા અને હજારો મુસલમાનો જોશમાંને જોશમાં અહીં તહીં ફેરા મારતા હતા. તેઓ પરસ્પર ગુપ્ત વાર્ત્તાલાપ કરતા પણ સંભળાતા હતા. અને ડાબી બાજુએ ગોરાં અને વાઘમલ કેટલાક હિંદુઓ સાથે ઉભાં રહી વારંવાર જમીનને ચૂમી હાથ જોડીને દીનમુખે આર્જવતાથી એજ વિનતિ કરતાં

હતાં કે "મીર સાહેબ! પરમેશ્વરે આપને પોતાની સૃષ્ટિના હાકેમ બનાવી આ ન્યાયાસનપર બેસાડયા છે, તો તેને કલંકિત કરશો નહિ! પક્ષપાતને ત્યાગી ન્યાયના ભાગી થશો, તો પરમાત્મા આ લોકમાં અને પરલોકમાં તમારૂં ભલુંજ કરશે!" જેને સંસારસંકટની કલ્પના પણ નહોતી એવો એક પંદર વર્ષની વયનો અને સ્વરૂપસુંદર તરુણ બાળક એ સમસ્ત ઘટનાને શાંતિથી અવલોકતો એક ધ્યાનથી ઉભો હતો. એ કોણ વારૂ? એજ આપણા પ્રસ્તુત વિષયનો નાયક હકીકતરાય હતો. અમીર બન્ને તરફથી ફસાયલો હતો. કારણ કે, એક તરફ શરા (ધર્મવ્યવસ્થા) મુખ વિકાસીને ઉભી હતી અને બીજી તરફ ન્યાય અન્યાયી ન થવાનો પોકાર થતો હતો. જો અમીર-બેગ શરાનો અનાદર કરે, તો પોતેજ કાફિર ઠરવાથી માર્યો જાય, અને અન્યાયથી હકીકતરાયનો વધ કરે, તો ઇશ્વરના ન્યાયનો અનાદર કરી પાપી બને. હવે તે કરે શું? ગમે તે રીતે પોતાના શિરપરથી એ ભાર ટાળવાના હેતુથી તેણે એ મુકર્દમાને લાહોરના નાજિમની કચેરીમાં ફેરબદલી કર્યો અને પોતે જવાબદારીમાંથી છૂટો થયો.

ક્ષત્રિયકુલદીપક ધર્મવીર હકીકતરાયજી, જે ભૂમિમાં તે ઉત્પન્ન થયો, જ્યાં પોતાના બાળમિત્રો સાથે રમણમાં આનંદથી કાળ વીતાડયો અને જ્યાં તેણે અંતે દુઃખનો પણ કાંઇક અનુભવ કર્યો, તે જન્મભૂમિને સદાને માટે છોડવા તૈયાર થયો. જે ચરણો સોના-રૂપાના તોડાથી વિભૂષિત થતા હતા, તેમાં લોઢાની સખ્ત બેડીઓ નાખવામાં આવી હતી. અને જે હસ્તોમાં સોનાનાં કડાં ઓપતાં હતાં તે હાથોમાં હાથકડીઓ પહેરાવવામાં આવી હતી. તેની આસપાસ નાગી તરવારો લઇને પહેરેગીરો ચાલતા હતા. જ્યારે એને ચાલવાની આજ્ઞા કરવામાં આવી, ત્યારે નમી નમીને સર્વને હકીકતરાયે પ્રણામ કર્યો અને મહા આનંદયુક્ત મુદ્રાથી તે માર્ગ ગમન કરવા લાગ્યો.

એ સમયે જેના નેત્રમાંથી શોકનાં બે ચાર અશ્રુ નહિ ટપકયાં હોય, એવો પાષાણહૃદયી પુરુષ તો નગરમાં કોકજ હશે! હકીકતરાયની પાછળ પાછળ તેની માતા, તેનો પિતા, તેનો સસરો અને જ્ઞાતિના બીજા કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થો રોતા અને છાતી કૂટતા ચાલવા લાગ્યા. ઘરમાં માત્ર એક વિના બીજું કોઈ પણ રહ્યું નહિ.

લાહોર જતાં માર્ગમાં જે જે નગરો આવતાં હતાં, ત્યાંના લોકો હકીકતરાયના સમાચાર સાંભળતાંજ તરત તેને જોવાને દોડી આવતા હતા અને તેની ભોળી નિર્દોષ અને મનોમોહક મૂર્તિને નિહાળીને મોહિત થઇ ચોધાર આંસુ વર્ષાવતા હતા. તેઓ વારંવાર એમ બોલતા સંભળાતા હતા કે, "શાબાશ ધર્મપરાયણ વીર! પરમાત્મા તારી રક્ષા કરો!" કેટલાકો તો તેને છોડવવા માટે પણ તન મન ધનથી યત્ન કરતા હતા. હિંદુઓ તો ઠીક પણ કેટલાક ઉદારચિત મુસલમાનોએ પણ એને બચાવવાના પ્રયત્નો કર્યા. શાહદરા નામક ગ્રામના દરગાહી વંશના એક પ્રતિષ્ઠિત મુસલમાને મર્મવેધક વચનોથી કાજીને સમજાવ્યો હતો. પરંતુ કઠોરહૃદય કાજીના મનમાં તેની કાંઇ પણ અસર થઇ નહિ. અંતે ત્રીજે દિવસે સાયંકાલને સમયે હકીકતરાય પોતાના હિતૈષી અને શત્રુઓ સહિત લાહોરમાં આવી પહોંચ્યો. તે સમયે વળી પણ તે દરગાહી સરદાર નગરના કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થોને લઇને કાજી પાસે ગયો અને ઘણી ઘણી રીતે તેને સમજાવ્યો પરન્તુ હઠે ચડેલા કાજીએ એક પણ વાત માની નહિ. તેણે ચોથે દિવસે સવારમાં હકીકતરાયને દરબારમાં નાજિમ સન્મુખ ઊભો કર્યો અને મુકર્દમો ચાલુ થયો.

જે સમયે હકીકતરાયજીને દરબારમાં ઊભો કરવામાં આવ્યો, તે સમયે ત્યાં એ દૃશ્ય જોવાને હાજર નહિ થયો હોય, એવો કોઈ પુરુષ નગરમાં ભાગ્યેજ હશે. પ્રતિષ્ઠિત ગૃહસ્થો તેમજ દરબારના કારકુનો

પોતપોતાના કામમાં લાગેલા હતા અને નાજિમ એક ઉચ્ચ સિંહાસનપર વિરાજમાન થએલો હતો. એ મહાન સભાને દેખી, ક્ષણભર એવો ભાસ થતો હતો કે, જાણે ન્યાય અને સત્ય બન્ને ત્યાં હસ્તદ્રય જોડી ઉભાં છે! તેથી એવી પણ કલ્પના થતી હતી કે હકીકતરાયને અવશ્ય ન્યાય મળશે!!! પણ અફસોસ કાજી સાહેબના ત્યાં આવી પહોંચતાજ હઠે સત્યને, અને શરાએ ન્યાયને, નસાડી દીધો; અર્થાત્ દરબારે સિયાલકોટની દરબારનું રૂપ ધારણ કર્યું. એટલે કે દરબારમાં તેજ કાજી, તેજ વ્યવસ્થાપક, તેજ હાકેમ અને તેજ હુકમ વિરાજિત થઇ રહ્યો. પછી ન્યાય કયાંથી ઉભો રહી શકે વારૂ? કાજીએ મુકર્દમાનો આરંભ કર્યો અને સિયાલકોટમાં થયેલી તપાસના કાગળપત્રો નાજિમના હાથમાં આપ્યા. નાજિમે કેટલીકવાર સુધી તેને જોઇ ફેરવીને મુકર્દમાની નવેસરથી તપાસ ચલાવવાની શરૂઆત કરી, અને પછી પોતાની સભાના વિદ્વાનોને એ મુકર્દમાનો સાર કહી સંભળાવ્યો અને તેમના અભિપ્રાયની તેણે માગણી કરી.

મુખ્ય કાજીએ સમસ્ત વૃત્તાંત સાંભળીને ઉત્તર આપ્યો કે, "સિયાલકોટના વિદ્વન્મંડળે જે વ્યવસ્થા કરી છે, તે મુસલમાની ધર્મને બરાબર અનુકૂળ છે અને તેથી એમાં કાંઇ પણ ફેરફાર કરવાની આવશ્યકતા જણાતી નથી."

જોકે નાજિમ પોતે ઘણોજ ક્રૂર મનુષ્ય હતો, છતાં પણ કોણ જાણે એ મુકર્દમાએ તેના મનમાં પણ કેમ અને કેવી રીતે દયા ઉપજાવી? તેણે દુઃખિત હૃદયથી કહ્યું કે, "ગુનેહગાર એક નાહાન બચ્ચું છે. એને પ્રાણદંડની શિક્ષા આપવી એ મને તો યોગ્ય નથી જણાતું."

કાજીએ કહ્યુ કે, "હજૂર! આપનું કહેવું બરાબર છે; પરંતુ ધર્મવ્યવસ્થામાં બુદ્ધિ અને ન્યાયની પ્રબળતા ચાલી નથી શકતી."

નાજિમે ઘણીક રીતે કાજીને સમજાવ્યો અને મૌલવીને પણ મનાવ્યો; કિન્તુ તેમણે પોતાની હઠ છોડી નહિ અને ઉલટા તેની સામા થઇ ગયા. તેથી લાચારીએ નાજિમને શરા આગળ શિર ઝુકાવવું પડયું. તેણે પોકાર કરીને કહ્યું કે, હકીકતરાયજી ! શરાની આજ્ઞા સાંભળો તે શું કહે છે. યા તો તમે મુસલમાની મજહબનો સ્વીકાર કરો અને યાતો તલવારની આગળ મસ્તક ઝુકાવો !" નાજિમનાં એ વચનો સાંભળીને હકીકતરાયે મહા સાહસ અને ઉત્સાહથી નિર્ભય ઉત્તર આપ્યો કે, "મરણના ભયથી હું કોઇ કાળે પણ મારા પોતાના પવિત્ર ધર્મને ત્યાગીશ નહિ." નાજિમ અને હકીકતરાયનાં એ પરસ્પર વિરૂદ્ધ વચનો સાંભળી માતા ગૌરાં કોઇ ગાંડા માણસ પ્રમાણે દોડીને હકીકતરાય પાસે ગઇ અને તેને હૃદય સરસો દબાવી રોતી રોતી કહેવા લાગી કે, "અરે પુત્ર ! તેં એ તે શો જવાબ આપ્યો ? એવો જવાબ ન આપ. હે બેટા ! તું મુસલમાન થઇ જા—મુસલમાન થતાં પણ હું તને જીવતો તો જોઇ શકીશ—મારા લાલ ! તારા વિના મારી દુર્દશા થઇ જશે !! પુત્ર ! મારૂં વચન માની જા. જો શ્રી રામચંદ્રજીએ પિતા-માતાની આજ્ઞા પાળવાનેજ ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યો હતો. પરન્તુ માતાપિતાની આજ્ઞાને ઉલ્લંઘી નહોતી. પુત્ર ! તું અમ વૃદ્ધોપર દયા કર. જો અને વિચાર કે અમ અંધોને તું એકજ માત્ર નેત્ર છે માટે અમારી આજ્ઞા માનીને તું મુસલમાન થઇ જા અને અમારી રક્ષા કર !!!"

હકીકતરાયજી માતાની ગોદમાંથી ઉઠીને જમીનપર ઊભો થઇ રહ્યો અને હાથ જોડીને શૌર્યપૂર્વક કહેવા લાગ્યો કે, "માતા ! તમારૂં કહેવું યથાર્થ છે. પુત્ર તેજ કહેવાય કે જે માતાપિતાની આજ્ઞા માને. પરંતુ વિદ્વાનોના મુખથી મેં એમ પણ સાંભળેલું છે કે, જો માતા-પિતા અધર્મમાં વિચરવાની આજ્ઞા કરે, તો તે પુત્રે ન માનવી; એવી

આજ્ઞા ન માનવાથી પુત્ર અપરાધી થતો નથી. હે જનની ! પ્રહ્લાદ, ધ્રુવજી ઇત્યાદિ મહાનુભાવો મારા કરતાં પણ નાની અવસ્થામાં છતાં તેમણે પણ માતાપિતાની અધર્મ આજ્ઞાઓને માન્ય કરી નહોતી; ત્યારે હું તો વયમાં તેમના કરતાં મોટો છું. તો પછી તમારી અધર્મ આજ્ઞાને માન્ય કેમ કરી શકું વારૂ ? માતેશ્વરી ! કૃપા કરીને તમે મને સુશિક્ષાને સ્થાને કુશિક્ષાની આજ્ઞા ન કરો. શું તમે પોતેજ મને નરકનો અધિકારી બનાવવા માગો છો કે ? મા ! તમેજ મને ધ્રુવજીની કથા નહોતી કહી સંભળાવી ! ત્યારે તેજ કથાથી વિરૂદ્ધ ઉપદેશ તમે કેમ આપો છો ? એનો વિચાર કરો. શું મુસલમાન થઇને હું સદૈવ જીવતોજ રહીશ ? શુ મને કોઇ દિવસે પણ મરવાનુ નથી ? અને તમે મને શું હમેશ જોતાં જ રહેશો ? મારાં પ્રિય માતુશ્રી ! મારા હસ્તે અધર્મ કૃત્ય કરાવીને તમે અપયશનાં ભાગી ન થાઓ. મા ! તમે શું તે ક્ષત્રાણી નથી કે ધર્મને માટે ચિતામાં બળીને જે જીવતાંજ ભસ્મ થઇ જતી હતી ! બસ-બસ ! પવિત્ર ક્ષત્રિયકુળને કલંક ન લગાડો-મારા પાસેથી ચાલ્યાં જાઓ. હું તમારી આજ્ઞાને કાળત્રયે પણ માનનાર નથી ! ” તે ક્ષણેક શાંત થઈ ગયો અને પાછો શાંતિથી કહેવા લાગ્યો કે, “ જન્મદાત્રી જનની ! મારા અપરાધોની ક્ષમા આપો. હું તમને હવે અંતના પ્રણામ કરૂં છું ! એમ કહીને તેણે માતાના પવિત્ર ચરણોપર શીર્ષ ધરીને પ્રણામ કર્યા. પણ માતા ગોરાં ત્યાંથી એક ડગલું પણ દૂર ખસી નહિ.

એટલામાં પુનઃ નાજિમે કહ્યું કે, “ અય નાદાન છોકરા ! હજી પણ વિચારી લે. ધર્મની વ્યવસ્થા અનિવાર્ય છે, માટે મુસલમાની ધર્મને સ્વીકારી લે. એમાં જ તારૂં ભલું છે. મુસલમાની ધર્મના સ્વીકાર વિના બીજું કોઇ તને બચાવી શકે તેમ નથી. માટે વિનાકારણ પ્રાણનું બલિદાન ન આપ. સમજ-વિચાર. ”

સર્વ સાધારણ સત્યવક્તા હિંદુ મુસલમાન લેખકોએ હકીકત-રાયના વિષયમાં જે કાંઇ પણ લખ્યું છે, તેમાં તેની નાની ઉમર અને નિર્દોષતા તથા ભોળાપણાનું વર્ણન કરવાની સાથે તેની ધર્મ-પરાયણતા અને સાહસનું પણ ઘણુંજ હૃદયદ્રાવક વિવેચન કરેલું છે. એક લેખક મહાશય લખે છે કે, "જ્યાં મૃત્યુ પણ હાથ જોડીને ઉભુ રહેતું હતું, તે પંજાબના હાકેમની દરબારમાં, નાજિમના મુખ-માંથી શબ્દ નીકળતાંજ મોટા મોટા વીરોનું સાહસ પણ લુપ્ત થઇ જતું હતું;" તેજ દરબારમાં અને તેજ નાજિમની સામે હકીકતરાય નિર્ભયતાથી ઉભો ઉભો સાહસપૂર્ણ ઉત્તરો આપે જતો હતો. અર્થાત્ નાજિમે જ્યારે બીજી વાર તેનાં તેજ વચનો ઉચ્ચાર્યા; ત્યારે હકીકત-રાયજીએ કહ્યું કે, "નાજિમ સાહેબ! આપનું કથન સત્ય છે કે, મુસલમાની ધર્મના સ્વીકાર વિના મારા પ્રાણની રક્ષા અશક્ય છે; પણ હું એ પ્રશ્ન પૂછુ છું કે, હું પરમેશ્વરે વેદમાં કહેલી આજ્ઞાને માન્ય રાખું કે એક મનુષ્યની બનાવેલી શરાને કબુલ કરૂં? હવે આપજ વિચાર કરો કે, જો પરમેશ્વરની ઇચ્છા મને મુસલમાન બનાવવાનીજ હોત તો, તે મને કોઇ મુસલમાનના ઘરમાંજ પેદા કરત. પણ તેની ઇચ્છાથી મારો જન્મ તો એક હિંદુ અને તે પણ ઉચ્ચ હિંદુ કુળના મનુષ્યને ત્યાં થએલો છેઃ છતાં જો હું એ મારા પવિત્ર આર્યધર્મને ત્યાગી, માત્ર પ્રાણ બચાવવાના હેતુથી આપની અથવા આપની ધર્મ-શરાની આજ્ઞાનો અંગીકાર કરૂં, તો જે ઈશ્વરે મને ઉત્પન્ન કરેલો છે, તેની આજ્ઞાવિરૂદ્ધ મેં કાર્ય કર્યું એમજ કહેવાય. ઇશ્વરની સભામાં એ અપરાધ માટે સવાલ થાય, તો હું જવાબ શું આપું? થોડા જીવન માટે હું તે પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાને કોઇ કાળે અને કોટિ પ્રયત્ને પણ લોપીશ નહિ!"

તેનો આવો દૃઢ નિશ્ચય જાણ્યા છતાં પણ વાત્સલ્ય પ્રેમના પ્રભા-

વથી વાઘમલે પુત્રની પાસે આવી તેના માથાપર હાથ રાખીને તેને સમજાવતાં કહ્યું કે, "મારા લાડકવાયા પુત્ર! મારા વૃદ્ધત્વનો, તારી માતાના વંધ્યત્વનો અને તારી વિવાહિતા સન્નારીના વૈધવ્યનો તો કાંઇ વિચાર કર. હે પુત્ર! જો તું જીવતો રહીશ, તો અમે પણ જીવતાં રહીશું. હે બાળક! તારા વિના વૃદ્ધાવસ્થામાં અમારી સેવા કોણ કરશે? અમે જોકે જાણીએ છિએ, કે તું મુસલમાન થતાંજ તારો અને અમારો સંબંધ તૂટી જશે, તોપણ બીજી રીતે પણ તું અમારી સેવા કરીશ! અને જો તારાથી અમારી શુશ્રૂષા નહિ પણ બની શકે, તોપણ માત્ર તને નેત્રથી નિરખીનેજ અમે અમારી વૃદ્ધાવસ્થાના દિવસો સંતોષથી પૂરા કરીશું. માટે હે પુત્ર! માત્ર અમારા સુખ માટે પણ તું મુસલમાન થવાનું કબૂલ કર—એટલું અમારૂં વચન માન."

પરંતુ ધર્મવીર હકીકતરાયનો નિશ્ચય એથી જરા પણ ડગ્યો નહિ. નાજિમને અને પોતાની માતાને તેણે જેવા ઉત્તરો આપ્યા હતા, તેવાજ ઉત્તરોથી પોતાના પિતાને પણ તેણે નિરૂત્તર કરી દીધો; અને બીજાઓ સમજાવવા નીકળ્યા તેમનું પણ તેણે કાંઇ માન્યું નહિ. ધર્મ માટે મરવાને તે તત્પર થઇ રહ્યો.

નાજિમના મનમાં દયા આવવાથી પુનઃ એક વાર તેણે કહ્યું કે, "હકીકતરાયજી શી ઇચ્છા છે? મુસલમાન થવું છે કે નિશ્ચયથી મરવું છે?"

"નાજિમ સાહેબ! શરાને કબૂલ કરીને હું પવિત્ર ક્ષત્રિય કુળને અને આર્યધર્મને કલંકિત કરવા નથી ઇચ્છતો, તેથીજ ગર્દનપર તલવારનો વાર ધારવાને તૈયાર છું." હકીકતરાયે દૃઢતાથી ઉત્તર આપ્યો.

કોઇ પણ રીતે નાજિમે તેને પોતાના નિશ્ચયથી ડગતો ન જોયો, ત્યારે નિરૂપાયે અંતે તેણે જલ્લાદને હકીકતરાયના વધની આજ્ઞા આપી અને આજ્ઞા મળતાંજ જલ્લાદ (વધક) હકીકતરાયને વધસ્થાન-

પ્રતિ લઈ ચાલ્યો. હકીકતરાય ભજન ગાતો ગાતો નિર્ભયતાથી તેની સાથે પ્રાણ અર્પવાને ચાલતો થયો.

એ સમયે સર્વ આર્ય જનો રોતા કકળતા તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા. સમસ્ત આર્ય નાગરિકોનાં ચિત્ત અત્યંત ઉદાસીન બની ગયાં. એ વેળાએ આકાશ અકસ્માત્ વાદળાંથી ઘેરાઈ ગયું અને જળના મંદ મંદ બિંદુઓનું વર્ષણ થવા લાગ્યું. મુસલમાનોના અન્યાયથી જાણે આકાશવાસી દેવોનાં નેત્રોમાંથી પણ અશ્રુધારા વહી નીકળી હોયની! એવો ભાસ થવા લાગ્યો. જ્યારે જલ્લાદ હકીકતરાયને વધ-ગૃહના અંતર્ભાગમાં લઈ ગયો અને તેનું માથું કાપવાને મ્યાનમાંથી તીક્ષ્ણ તલવારને બહાર કાઢી, તે ક્ષણે તેના હૃદયમાં પણ દયાનો આ-વિર્ભાવ થઇ આવ્યો અને તેથી તે નમ્રતાથી હકીકતરાયને કહેવા લાગ્યો કે, "હે ભોળા અને નિર્દોષ સુન્દર બાળક! હજી પણ તું પોતાની હઠને છોડી દે અને મુસલમાન બનીને પોતાના પ્રાણને બચાવી લે–જો તારાં માતાપિતા અને સંબંધિજનો કેવું અને કેટલું હૃદયવેધક રોદન કરે છે, તેમનાપર તો જરા દયા કર."

હકીકતરાયે ગંભીરતા અને શાંતિથી ઉત્તર આપ્યો "ભાઈ! તું જે કાર્ય માટે અહીં આવેલો છે, તેને પૂર્ણ કર–ઉપદેશ આપવાની કાંઇ પણ આવશ્યકતા નથી." જલ્લાદે જોયું કે કોઇ પણ રીતે એ માને તેમ નથી, ત્યારે તે લાચાર થઇને કહેવા લાગ્યો. "ખયર, તારી જ્યારે એવીજ ઇચ્છા છે, તો હેઠો બેસી જા; અને પોતાના ભગવાનનું ધ્યાન ધરીને ગર્દન ઝુકાવ."

જલ્લાદની એ આજ્ઞા સાંભળતાંજ હકીકતરાય ગોઠવણુ મંડીએ બેસી ગયો અને એક ધ્યાનથી માથું નમાવીને ઇશ્વરના ધ્યાન અને નામસ્મરણ કાર્યમાં નિમગ્ન થયો. પ્રાર્થના કરી લેતાં તે બોલ્યો કે, "ભાઇ હવે તું તારા કાર્યમાં વિલંબ ન કર." બસ થઈ ચૂક્યું.

જલ્લાદે એકજ—માત્ર એકજ વારથી તેનું માથું ધડથી જૂદું કરી નાખ્યું. ધર્મવીર હકીકતરાયનો આત્મા આ નશ્વર વિશ્વમાંથી તે અક્ષય સુખકારી પરલોક ધામમાં પ્રયાણ કરી ગયો. તે આ લોકમાં અક્ષય કીર્તિવાન અને પરલોકમાં પણ યશોભાગી થયો!!!

અહા! ધન્ય છે એ ધર્મપરાયણ વીર હકીકતરાયને કે જેણે પવિત્ર આર્યધર્મની રક્ષા માટે પોતાના ક્ષત્રિયકુળનું મહત્વ વિશ્વને પ્રત્યક્ષ દેખાડી દીધું! પ્રાણ જતાં પણ પોતાના ધર્મને ત્યાગવો નહિ, એ આર્ય ધર્મના તત્ત્વની ભાવના સર્વને કરાવીને પોતે ક્ષીણદેહને ત્યાગી અક્ષીણ કીર્તિને વિસ્તારી ગયો! ગીતામાં કૃષ્ણ ભગવાને કહેલું છે કેઃ—

"स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।"

પોતાના ધર્મમાં મરણ પણ શ્રેષ્ઠ છે અને પરધર્મ ભયકારક છે. એ તત્ત્વને કર્ત્તવ્યદ્વારા તેણે પાળી દેખાડયું.

એક તરફ માતાનું હૃદયભેદક રોદન, બીજી તરફ પિતાનો હૃદય-દ્રાવક વિલાપ, ત્રીજી તરફ કુટુમ્બિજનોનો અશ્રુપ્રવાહ અને ચોથી તરફ પત્નીનો વિયોગ; એવી રીતે ચારે તરફના અસહ્ય દુઃખોને દ્રઢતાથી સહન કરી સંસારનો કોઇ પણ આનંદ ઉપભોગ લીધેલો ન હોવા છતાં એક તરુણનું આવી રીતે સર્વ સુખ વૈભવની આશા ત્યાગીને માત્ર સત્ય ધર્મ માટે બલિદાન થવું, એ કાંઇ સામાન્ય કર્ત્તવ્ય નથી. દૃઢ, ધર્મિષ્ટ અને વીરનર વિના બીજામાં શક્તિજ નથી કે, એવું સાહસ કરી શકે.

આર્યજનની! ભારતભૂમિ! તું હકીકતરાય જેવા સત્ય ધર્મશીલ સંતાનોને ઉત્પન્ન કરી પોતાના નામને એકવાર પુનઃ સંસારમાં વિખ્યાત કર! હે ઈશ્વર! પરમાત્મન્! તું આર્યોના હૃદયમાં હકીકતરાય જેવા સાહસની સ્થાપના કર, કે જેથી અમે તારા પવિત્ર વૈદિક ધર્મના મહત્વને જાણી સત્ય આર્ય બનવાની યોગ્યતા મેળવી શકીએ!!! તથાસ્તુ.

૨૮–પિતૃભક્ત મરાઠા બાળક !

ઈ. સ. ૧૬૭૬ માં ઔરંગઝેબની સ્વારી દક્ષિણમાં પોતાના સર્વ વૈભવ સહિત, મરાઠાઓની પુંઠે લાગવા અને તેમને હરાવી પોતાના દિગ્વિજયનો ડંકો વગાડવા આવી હતી. ઔરંગઝેબ, કેટલે દરજ્જે સાહસી, લોભી, કપટી અને ક્રૂર બાદશાહ હતો. તે સઘળા ઇતિહાસપ્રિય જનોને વિદિત છે. શંભાજી મહારાજનો નિર્દયપણે વધ કરી પોતાનો ક્રૌર્યરૂપી ભણ્ડાર કંઠપર્યંત ભરી દીધો હતો. જે પ્રમાણે એકાદ વાઘને ઘણા દિવસ સુધી પાંજરામાં પૂરી દુઃખ દેવામાં આવે અને પછી તેનો છુટકારો થતાં જેટલાં જેટલાં સપાટામાં આવે તેને તે ફાડી ખાય તે પ્રમાણે મરાઠાઓએ પણ ઘણા દિવસથી ઔરગઝેબના ત્રાસથી અકળાઇને આજે આ ગામ લૂંટવું, કાલે પેલો કિલ્લો સર કરવો, પરમ દહાડે પેલા સુબેદારનો પ્રાણ લેવો, અને ચોથે દહાડે પેલું પરગણું બાળી દેવું; એવી એવી ધામધુમ કરી મૂકી હતી અને ઔરંગઝેબને ત્રાહ ત્રાહ પોકરાવી હતી.

એ પ્રસંગે ઔરંગઝેબની સ્વારી પોતાના ખાનગી પરિવાર સહિત નર્મદાના કિનારા ઉપર એક વિસ્તીર્ણ આંબાવાડિયામાં પડાવ નાંખી રહી હતી. સૂર્યોદય થયો હતો. જગત ઉપર પ્રકાશ ધીમે ધીમે પ્રસરવા લાગ્યો હતો. રાત્રિની શાંતિ ધીમે ધીમે પલાયન કરી ગઇ હતી. પક્ષિઓના મધુર કલરવથી વૃક્ષની ડાળો ગાજી રહી હતી. બાદશાહની છાવણીનાં માણસોમાં કેટલાંક ઉઠયાં હતાં, કેટલાંક પથારીમાંજ પડયાં પડયાં નિદ્રા લેતાં હતાં અને કેટલાંક નિમાજ ભણતાં હતાં. એટલામાં ૯–૧૦ વર્ષનો એક મરાઠા છોકરો, બાદશાહના તંબુ પાસે જઇ બાદશાહની મુલાકાત લેવા પહેરેગીરને વિનતિ કરતો હતો. કોઇક પહેરેગીર એવું શું કામ છે ? એમ પૂછતો હતો, ત્યારે કોઇ પહેરેગીર તે

બિચારા છોકરાની મશ્કરી કરતો હતો, કોઇ તેના શરીર ઉપરનો ફેંટો પૃથ્વી ઉપર ફેંકતો હતો, ત્યારે બીજા કેટલાક ઉભા ઉભા તેના શરીર સ્હામું જોઇનેજ હસતા હતા. એટલામાં બાદશાહનો કારભારી તંબુ બહાર આવ્યો. કારભારીએ તે છોકરાની દીનવાણીથી ભરેલી મુખમુદ્રા જોઇ, અને તેને ઘણી દયા આવી, તેથી તેને કંઇક પૂછપરછ કરી બાદશાહની મુલાકાત કરાવી દેવાનું આશ્વાસન આપી તંબુમાં લઇ ગયો. બાદશાહે પોતે તે છોકરાને કેટલાક પ્રશ્નો પૂછી નિશ્ચય કર્યો કે, એ ફાંસીએ જનારા બંડખોરો પૈકી એકાદનો છોકરો છે. અને પિતાને બદલે પોતે ફાંસીએ જવા તૈયાર થયો છે. બાદશાહે તેની પરીક્ષા કરવાને એક તીક્ષ્ણ છરો મંગાવી તેનો કાન ઝાલી કહ્યું. "છોકરા! સાચું બોલ! તું ખરેખર ફાંસીએ જવાનેજ આવ્યો છે કે તને કોઇએ શિખવીને અહીં મોકલ્યો છે?"

'નહિ મહારાજ! કૃપા કરી મ્હારા પિતાને મુક્ત કરો. હું તેમને બદલે ફાંસીએ જવા તૈયાર છું.' છોકરાએ કોમળ સ્વરે કહ્યું.

એ સાંભળતાંજ દુષ્ટ ઔરંગઝેબે તે છોકરાનો એક કાન ઝટ કાપી નાંખ્યો. અને હજુ પણ તે છોકરો મરવાને તૈયાર છે કે કેમ? તે જોવા પૂછ્યું. "છોકરા! હજુ એકજ કાન કાપ્યો છે. કેટલું દરદ થાય છે તેનો વિચાર કર! તું ઘણો દુઃખી થઇ મરશે; તે કરતાં સિધો ચાલ્યો જા." વિકરાળમૂર્તિ ઔરંગઝેબે કહ્યું.

"મહારાજ! પિતાને માટે પ્રાણ અર્પણ કરવો એજ પુત્રનું લક્ષણ છે. જો મ્હારા પિતા જીવતા રહેશે તો મ્હારા જેવા અનેક પુત્રોને જન્મ આપશે. અને દેશની સ્વતંત્રતાને માટે પ્રાણ જતાં સુધી લડશે. શત્રુઓથી અથવા મરણથી ડરી જેઓ માતૃભૂમિની રક્ષા કરતા નથી, તેઓ બાયલા અને કાયર નરપિશાચ છે. નદી કે તળાવપર પડેલા અવાક્, નિર્બોધ પથ્થરો પણ ધોવાના ઉપયોગમાં આવી નદીઓને દીપાવે છે. પણ એવા કાયર પુરૂષો તો જ્ઞાન, બુદ્ધિ હોવા છતાં પૃથ્વી ઉપર

ભારરૂપ થઇ પડે છે. જેઓ માતૃભૂમિને માટે લડતાં લડતાં મરે છે તેઓ સ્વર્ગમાં જાય છે. ત્યાં પણ તેમને સુખ અને આનંદ મળે છે. મહારાજ! હું બાળક છું પણ વીર ક્ષત્રાણીને પેટે જન્મ્યો છું. ભલે, મ્હારા રાઈ રાઇ જેટલા કટકા થાય તોપણ ચિંતા નહિ; પરન્તુ મ્હારા પિતાને છોડી દો." બાળકે ધૈર્યપૂર્વક કહ્યું. તેના એક કાનમાંથી ધડ ધડ લોહી નીકળતું હતું, છતાં તેણે જરા પણ મ્હો બગાડયું નહોતું. તેને અસહ્ય વેદના થતી હતી, છતાં પણ તે મરવાથી પાછો હઠયો નહિ અને જવાબ આપ્યો.

બાદશાહ સ્વભાવે ક્રૂર હતો. તેણે એ શબ્દો સાંભળી હસતાં હસતાંજ તે બાળક વીરનો બીજો કાન કાપી નાંખ્યો. તેમ છતાં પણ તે છોકરો સ્તબ્ધ ઉભો રહી દુઃખ સહન કરવા લાગ્યો. એ જોઇ બાદશાહને આશ્ચર્ય લાગ્યું. પરંતુ તે નિર્દય બાદશાહને લગાર પણ દયા આવી નહિ. તેણે કારભારીને કહ્યું કે "આવા શૂરવીર ધૈર્યવાન બાળકના પિતાને જીવતો રાખવો ઉચિત નથી. તેને જીવતો મૂકવાથી પરિણામ ઘણું ભયંકર આવશે. માટે તેને હમણાં ને હમણાંજ ફાંસીએ લટકાવો. અને આ છોકરાને કાઢી મૂકો."

છોકરો ગરીબડે ચ્હેરે કાનમાંથી નીકળતું લોહી લુંછતો લુંછતો બાદશાહને ફરીથી વિનતિ કરવા લાગ્યો "મહારાજ! મ્હારા પિતા ક્યાં છે? તેને છોડી દો! હવેથી ફરી એવું બંડ નહિ કરે! હું જામીન થાઉં છું.! મ્હારી માતા આંધળી છે. મ્હારો એક મ્હોટો ભાઇ લુલો છે! મ્હારા વૃદ્ધ દાદાજી મરણ પથારીએ પડી તેમનું મુખ જોવા માંગે છે! મહારાજ દયા કરો! ઇશ્વર તમારૂં ભલું કરશે! એમ કહેતો ઔરંગઝેબને પગે પડવા લાગ્યો. હવે તેના નેત્રમાંથી આંસુની ધારા ચાલવા લાગી. કારણ તેના પિતાને ફાંસીનો હુકમ થઇ ચૂક્યો હતો. પિતાને છોડવવાને માટે તેણે બન્ને કાને થતી અસહ્ય વેદના સહન

કરી હતી; પરંતુ ક્રૂર, દયાહીન મનુષ્યોને ગરીબોની દયા ક્યારે આવે છે! રાજ્ય વધારવાના લોભમાં ને લોભમાં ગરીબોની હાય લેવાનુંજ તેમના કપાળમાં લખાયલું છે! લક્ષ્મીલોભ, ભૂમિલોભ અને રાજ્યલોભનો મદ કાંઇ જેવો તેવો છે? તે સર્વ નીશાઓના કરતાં સહસ્ત્ર ગણી નીશા છે! બીજી નીશાથી માણસ કે રાજા દીવાના બને છે, પણ આ બધી નીશાઓથી માણુસ કિંવા રાજાઓ આંધળા બને છે! નેત્રો છતાં દેખના નથી! માત્ર સ્વાર્થનેજ જૂએ છે!

છોકરો રડતો હતો એટલામાં પાછળથી એક તોપનો મોટો ધડાકો થયો. છોકરાએ પાછળ ફરી જોયું તો એક મ્હોટા ઝાડની ડાળ નીચે તેના પિતાનું શરીર છિન્નભિન્ન થઇ ગયેલું લટકતું જોયું. એ જોતાંજ તેના નેત્રનાં આંસુ સૂકાઇ ગયાં. આ સમયે છોકરાના હૃદયની કેવી સ્થિતિ હશે તે વાંચનારેજ વિચારી લેવું. સીપાઇઓની વચમાં થઇને દોડનાં દોડનાં તે પિતાને પગે બાઝયો; અને વારંવાર માથું નમાવી ચુંબન કરવા લાગ્યો. દુષ્ટ ઔરંગઝેબે તેને ત્યાંથી કાઢી મૂકાવ્યો.

વાંચનાર! રાજ્યના લોભમાં મનુષ્યો શું નથી કરી શકતાં? સ્વાર્થ કે પરમાર્થનું ભાન કયારે રહે છે? અને ધર્મમાં લખેલી દયા કયાં જતી રહે છે! એવા રાજ્યલોભીઓને હજાર વાર ધિક્કાર હજો!

૨૯—ગુરૂ ગોવિંદસિંહના ચાર વીર બાળકો.

(૧ ફત્તેહસિંહ, ૨ જબ્બરસિંહ.)

આત્મ ત્યાગ—સ્વાર્થ ત્યાગ—કર્યા વિના આ જગતમાં કોઇ મહા પુરૂષ થઇ શકતા નથી. આ જગત કાંઇ સ્વાર્થ—સાધુઓ માટે નથી. જો મહાપુરૂષ થવાની ઇચ્છા હોય; જો જગતમાં પોતાનું નામ અમર રાખવાની ઇચ્છા હોય;—જો જગતના મનુષ્યોના હૃદયમાં પોતાનું નામ ચિરકાળ કોતરાઇ રહે એવી ધારણા હોય—તો મનુષ્યે પોતાનો

સ્વાર્થ પરમાર્થમાં ફેરવી નાખવો અને નિષ્કામ ભાવે કર્મ કરવું. એકનુંજ નહિ, પોતાના કુટુંબનુજ નહિ, પણ સમસ્ત પ્રાણી માત્રનું કલ્યાણ થાય તેવું કર્મ કરવું. પ્રત્યેક પ્રાણી માત્રને આત્મવત્ ગણી તેમનું અનિષ્ટ થતુ અટકાવી, ઇષ્ટ થાય એવાં કાર્ય કરવાં. સ્વાર્થને માટે–ફક્ત નામનેજ માટે–ફક્ત ખોટા યશને માટેજ ઘણા મનુષ્યો, ઘણા પુરૂષો અને ઘણા બાળકો–કેટલાંક કર્મો કરે છે! પરંતુ તેનું ફળ શું? એકજ વ્યક્તિને સંતોષ આપવો એજ! અમે તેવી સ્વાર્થવૃત્તિને ધિક્કારીએ છીએ. અમે અનેક મનુષ્ય પ્રાણીનાં કલ્યાણ થાય એવાંજ કામોને ધન્ય માનીએ છીએ. અનેક વિપત્તિ અને અનેક સંકટો પડે છતાં તેવાંજ પરમાર્થનાં કામ કરવાં. તેથીજ મનુષ્ય આ લોક અને પરલોકમાં ચિરકાળ પર્યંત નામ, યશ અને કીર્તિ મૂકી જશે; જગત ત્હેનેજ ધન્ય કહેશે.

સમસ્ત ભારતખંડમાં, સ્વાર્થત્યાગની વૃત્તિ ધારણ કરવા માટે શીખ લોકો ભારતવર્ષના ગૌરવ સ્વરૂપ છે, તેનું કારણ પણ એજ પરમાર્થ વૃત્તિ છે! એ ગૌરવ ત્હેમણે બહુ કિંમતે મેળવ્યુ છે. ધર્મને માટે, કર્મને માટે, પરમાર્થને માટે, અને અતિથિના સત્કાર માટે, તેઓએ જેવી આત્મત્યાગવૃત્તિ બતાવી છે, તેવું દ્રષ્ટાંત જગતના ઇતિહાસમાંથી ભાગ્યેજ બીજું મળશે. તેઓના પરોપકારી ધર્મ ગુરૂઓએ દેશને માટે અને ધર્મને માટે જે આત્મબલિદાન આપી ઉજ્વલ અને અક્ષય કીર્તિ રાખી છે, તે શીખ ઇતિહાસમાં પ્રત્યેક પૃષ્ઠ ઉપર ચળકતે અક્ષરે જોઈ શકાય છે. તે અક્ષરો કહે છે કે "પરમાર્થ માટે આત્મત્યાગ કરવો એજ મહા પુણ્યનું કામ છે."

ગુરૂ ગોવિંદસિંહે પોતાની નિસ્પૃહતા બતાવીને શીખસમાજમાં એક નવું જીવનતત્વ ફમેર્યું હતું. તેમનું દ્રષ્ટાંત જોઇને; તેમને પગલે ચાલીને તેમના શિષ્યો પણ અજીત વીર પુરૂષ થઈ ઉઠયા હતા. તેમણે

તેઓની સ્હાયતા વડે પંજાબમાંથી મોગલ રાજત્વનો ઉચ્છેદ કરી સ્વતંત્ર હિન્દુ રાજ્ય સ્થાપન કર્યું હતું. પરંતુ તેમના ખંડિયા રાજાઓએ અન્યાયના ભયવડે બ્હી જઇને, ઇર્ષ્યાખોર અને પરતંત્ર રાખવાના હિમાયતી મોગલરાજા ઔરંગઝેબ બાદશાહની મદદ લઈ ગુરૂ ગોવિંદસિંહની રાજધાની આનન્દપૂરને ઘેરો ઘાલ્યો.

આ ઘેરા વખતે શીખ પુરૂષોએ મહાન વીરત્વ બતાવ્યું. પરંતુ તેઓ કોઇ રીતે ખંડિયા રાજાઓને કે મોગલ રાજાને પાછા હઠાવી શકયા નહિ. ધીમે ધીમે અસન્તોષનો અગ્નિ બળવા માંડયો. એ જોઈ ગુરૂ ગોવિંદસિંહની માતા ગુજરીને ઘણી ચિન્તા થઈ. પોતાના બે લાડકવાયા પૌત્રને શી રીતે બચાવવા તેનીજ ચિન્તામાં તે ગભરાઇ ઉઠયાં. અનેક ચિન્તા કર્યા પછી તેમણે એક નાશકારક રસ્તો શોધી કહાડયો. ગુરૂમાતાએ ઘેરો ઘાલનારા રાજાઓને ગુપ્ત રીતે કહાવ્યુ કેઃ તેણીને કિલ્લામાંથી બહાર નીકળી જવા દેવી. ગુરૂમાતાની આ પ્રાર્થના મંજુર પણ થઇ. માતા ગુજરીએ, ગોવિંદસિંહના બે ન્હાના છોકરાઓ—ફત્તેહસિંહ અને જમ્મરસિંહને લઇને પલાયન કર્યું. અને ગુપ્ત રીતે કિલ્લો છોડી ચાલ્યાં ગયાં. તે વખતે તેમની સાથે ગંગુ નામનો એક રસોઇઓ હતો.

ગંગુ બ્રાહ્મણનો છોકરો હતો. ગમે તેમ પણ ભિક્ષા માગીને ખાનાર જાતિમાંનો તે હતો; તેનામાં બ્રાહ્મણોમાં હોવા જોઇએ તેવા કોઈ પણ ગુણ નહોતા. તે અતિ શૂદ્ર પ્રકૃતિનો હતો. પૈસાની લાલચને લીધે તેનું હિતાહિતનું જ્ઞાન નાશ પામ્યું હતું. પૈસાને બદલે તે કોઈ પણ જાતનું પાપ કરવા તૈયાર થઇ ગયો હતો. તેની પૈસા મેળવવાની ઈચ્છાને લીધેજ તે આટલો બધો અધમ શૂદ્ર—જેવો થઇ રહ્યો હતો.

ગંગુ સિરહિન્દ ગામમાં રહેતો હતો. કિલ્લામાંથી ન્હાસી છુટયા પછી ગુરૂમાતા બે પૌત્રને લઇને ગંગુને ગામ—ગંગુને ઘેર આવી પહોંચ્યાં. ગંગુ ઘણો આદરસત્કાર કરતો માતાને પોતાના ન્હાનકડા ઘ-

રમાં લઇ ગયો. ગુરૂમાતા પણ પરમ આનંદ માનતી ઘરમાં ગઇ અને ગંગુનો અતિથિસત્કાર જોઇ ત્યાં રહેવાની ઇચ્છા બતાવી. ગંગુએ માતાને બેસવા એક ભાંગેલો ખાટલો પાથરી આપ્યો.

રસ્તાની મુસાફરીથી થાકેલા બે બાળકો ભાંગેલા ખાટલા ઉપર બેઠા કે તરતજ નિદ્રાવશ થયા. જેઓ અનેક પ્રકારની સામગ્રીથી ભરેલા વિલાસ–ભુવનમાં લાલિત પાલિત થયા હતા, જેઓ મન ભાવતાં ભોજન મેળવતા હતા, અને જેઓ અનેક દાસદાસીઓ વડે રક્ષાતા હતા, તેજ રાજબાળકો આજે સુખના ખોળામાંથી નીકળી આવી, એક ભાંગલા તુટલા ઘરમાં, ભાંગેલા ખાટલામાં સૂતા છે! કાળની બલિહારી છે! બાળકો ઉઘ્યા, પણ માતાના નેત્રમાં ઉંઘ નથી, અનેક ચિન્તાઓને લીધે તેમનું હૃદય પથ્થર જેવું ભારે થઇ રહ્યું છે. પોતાના પુત્ર ગુરૂ ગોવિંદસિંહને તેઓ જે સ્થિતિમાં મૂકી આવ્યાં હતાં તે સ્થિતિ કેટલી ભયંકર હતી! ગોવિંદનું મુખદર્શન હવે હેના નશિબમાં લખ્યું હશે કે નહિ, તે કોણ જાણે? આ બે બાળકોનું રક્ષણ થશે કે દુર્દાન્ત મોગલોની તીક્ષ્ણ તલવારનું બલિદાન થશે? આવી આવી અનેક ચિન્તાઓ કરતાં કરતાં બન્ને પૌત્રોનાં માથાં ગુજરી માતાએ પોતાના ખોળામાં લીધાં. અને પ્રેમપૂર્વક હેમના મુખ ઉપર, શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યાં.

રસ્તામા પૈસાની ઘણી જરૂર પડે છે. એવો વિચાર કરીને ગુજરી માતાએ કિલ્લો છોડતી વખત એક પીતળનો દાબડો સાથે લીધો હતો, તેમાં હીરા, માણેક અને મોતીના ઘણા અલંકારો ભરેલા હતા, તેણે તે દાબડો ઘણી સાવચેતીથી સંતાડી રાખ્યો હતો. ગંગુના ઘરમાં આવ્યા પછી તે દાબડો માથાના ઓશિકા નીચે મૂકીને ગુરૂમાતા સુઇ ગઇ. અનેક વિચારોને લીધે તેને ઉંઘ આવી નહિ, તોપણ પળવારને માટે જરા ઝોકું આવતું, અને પળવારમાં આંખ ઉઘડી જતી.

ગંગુની પાપી નજર પેલા પીતળના દાબડા ઉપર પડી! હવે જોઇએ શું! ગંગુ કર્મભ્રષ્ટ બ્રાહ્મણભાઇ હતો! તેના લોભને કોણ રોકી શકે? ડોસીમાતાના ઓશિકા નીચેથી તે દાબડો ગુમ કરવાનો વિચાર નક્કી થયો. પરંતુ એ દાબડો ગુમ થાય તો બે રાજપુત્રોને અનેક પ્રકારના ક્લેશ થાય, અરે! ખાવાના પણ વખા પડે તેનું પણ તેને ભાન થયું નહિ. ગંગુ મહારાજ તો પેલો દાબડો ઉઠાવી જવાનો લાગ શોધવા લાગ્યો. પણ ડોસી જુના જમાનાની હતી તેને ઉંઘ આવતી નહોતી, ગંગુ ઉંઘવાનો ઢોંગ કરી સુતો હતો, અને લાગ જોતો હતો. એટલામાં બ્રાહ્મણભાઇની ભાગ્યદેવી પ્રસન્ન થઇ! લાગ મળ્યો! ગુરૂમાતા મોડી રાત સુધી જાગી પણ રસ્તાના થાકે તેનાં નેત્રો પરાણે બંધ કર્યા. તેણી ઉંઘી ગઈ, પાપી ગંગુ મહારાજે એક, બે, પાંચ વખત ઉંચુ માથું કરીને જોયુ. તેણે જાણ્યું કે ગુરૂમાતા ઉંઘી ગયાં છે. એટલે ધીમે ધીમે ગુરૂમાતાની પાસે જઈ તેના ઓશિકા નીચેથી દાબડો કાઢી લીધો; તે ઘરમાંના એક ખૂણામાં સંતાડી આવ્યો, અને તરતજ મ્હોટેથી બૂમ પાડી ઉઠયો કેઃ "ચોર ચોર, કોઇ દોડો! કોઈ પકડો" ગંગુની એ મોટી બુમથી ગુરૂમાતા એકદમ જાગી ઉઠી. બે છોકરાઓ પણ આંખો ચોળતા, બ્હી ઉઠયા! ગુરૂમાતાએ સૌથી પહેલાંજ ઓશિકા નીચે જોયું તો "દાબડો" ગુમ થયેલો જણાયો. તેણીએ જાણી લીધું કેઃ "સત્યાનાશ ગયું!" સ્તબ્ધ હૃદયે તેણીએ ઘણી વાર સુધી ગંગુના મ્હોં સામું જોયા કર્યું. બ્રાહ્મણના ચ્હેરા સ્હામું જોઇને તેણીએ તરતજ નિશ્ચય કર્યો કે, બીજો ચોર કોણ? ચોર તે પોતેજ છે! પરંતુ શું કરવું? આજે તેણીને એકાન્ત આશ્રય વગરની જોઇને દુષ્ટ નોકરે લૂંટી લીધી છે. અચિન્તી લૂંટ ચલાવી છે! પણ લાચાર! અનેક વિચારોને લીધે ત્હેનું હૃદય ભરાઇ આવ્યું, ઘણો વખત સુધી ચુપ બેસી રહી. ત્યાર પછી શાન્ત ચિત્તે

ગુરૂમાતાએ તેનો ઉપકાર માન્યો અને કહ્યું કે: બેટા! ચોરના હ થમાંથી બચાવી જે દાબડો તેં સંતાડી દીધો છે તે પાછો આ' ત્હારો ઉપકાર ભૂલાશે નહિ." ડોસી માએ ઘણા કાલાવાલા કર્યા કરૂણ શબ્દોમાં તેને ઘણી વિનતિ કરી.

દુષ્ટ કાયર પુરૂષો કોઇ પણ રીતે પોતાનો દોષ સ્વીકારત નથી, તેઓ તો ઉલટા અનેક આડાંઅવળાં બ્હાનાં કાઢી પોતાની નિર્દોષતાજ બનાવવાને યત્ન કરે છે. કોઇક વખત તો વિન કારણે ગુસ્સે પણ થઇ જાય છે. ગુરૂમાતાના કાલાવાલાથી તેન હૃદય પીગળી જવાની વાત તો વેગળી ગઇ, પરંતુ ઉલટો ગુસ્સે થઇ ગયો. ગગુએ ગુરૂમાતાને વિના કારણે અનેક ગાળો દીધી. ગંગુન એવા આચરણથી બે વીર બાળકોનો મિજાજ જતો રહ્યો. અને તેમણે ગંગુને તેજસ્વિપણાથી કહ્યું કે: "ખબરદાર! જો માતાજીને એક શબ્દ પણ કહ્યો છે તો તેની યોગ્ય શિક્ષા મળશે." બાળકોના વીરત્વ ભ રેલા શબ્દો સાંભળતાંજ ગંગુએ કહ્યુઃ "અરે મૂર્ખાઓ! તમને ખબ છે કે ત્હમે મ્હારા કબજામાં-આશ્રયમાં-છો, મ્હારી કૃપા વડેજ જી વતા છો એ શું ભૂલી જાઓ છો કે! આખું જગત ત્હમારૂં દુશ્મન છે. ત્હમને નિરાશ્રય જોઇને તો મ્હેં મ્હારૂં મકાન રહેવા આપ્યું છે તેમાં પણ મ્હને કેટલો ભય છે તેની ખબર છે? મ્હારો ઉપકાર મા નવાનું ભૂલી જઇને ત્હમારી ડોસી ઉલટો મને "ચોર" બનાવે છે ત્હમારી ઉપર ઉપકાર કરવાનું શું આ ફળ? શું ત્હમે મ્હને એવા નજીવા દ્રવ્યનો લોભી-રે! ચોર કહો છો! ત્હમે ખરેખર નાલાયક છો! ઠીક હવે ત્હમને ક્ષમા કરીશ નહિ. જોઉં છું કે કોણ તમાર રક્ષણ કરે છે? હું હમણાંજ મુસલમાન કોટવાલને બોલાવી ત્હમને પકડાવી દઉં છું. ત્હમારો પિતા મોગલ રાજાનો બળવાખોર છે, ત્હમે મોગલના હાથમાંથી કદી પણ છુટવા પામશો નહિ. જુવો હવે !

તમારી નાલાયકીનું શું ફળ મળે છે?" એટલું કહીને નીચ ગંગુ મહારાજ ઝપાટાબંધ બહાર જવા તૈયાર થયો.

એક બ્રાહ્મણનાં આવાં વાક્યો સાંભળી વીર બાળકોની આંખો-માંથી અગ્નિ વરસવા લાગ્યો. અપમાનની અને તિરસ્કારની આગ તેમની નસેનસમાં સળગી ઉઠી. મ્હોટો પુત્ર ફત્તેહસિંહ કમ્મરેથી તલવાર બહાર કાઢી ગગુ ઉપર ધસી ગયો. પરંતુ ગુરૂમાતાએ તેને રોક્યો. માતાના કહેવાથી બાળક અટકી ગયો, નહિ તો ગંગુ મહારાજ એકના બે થઇ જાત! માતાએ રસોઇયાને ઘણું સમજાવ્યો. તેને શાંત પાડવા માટે કાલાવાલા કર્યા. એટલુંજ નહિ પણ પોતાના હાથડામાં જે અલંકારો હતા તે તેને આપી દીધા. પરંતુ પાપી ગં-ગુનો ગુસ્સો શાંત પડ્યો નહિ. ગુરૂમાતાની આંસુની ધારાએ તેનું હૃદય શીતળ કર્યું નહિ, પણ ઉલટો ભડકો થઇ ઉઠ્યો. બદલો લેવાની ઇચ્છા પ્રબળ થઇ ઉઠી. તે તરતજ શહેરના કોટવાલ પાસે ગયો અને બધી વાત કહી દીધી. અને કહ્યું કે 'જો મને ઇનામ આપશો તો હમણાંજ ત્રણે જણને પકડાવી આપીશ.'

તત્કાળ કોટવાલ સાહેબ કેટલાક સિપાઇઓને સાથે લઇને ગં-ગુના મકાનમાં આવી પહોંચ્યા. ત્યાંથી ગુરૂમાતા અને બે છોકરાઓને પકડી લઇ ગયા, કિલ્લાના એક ઓરડામાં ગુરૂમાતાને અને બીજા એક અંધકારવાળા ઓરડામાં બે છોકરાઓને કેદ કરી દીધા.

કેદખાનામાં પૂરાયલા બાળકોના મનની અવસ્થા અવર્ણનીય હતી! તે માત્ર વિચારવા જેવી અને સમજવા જેવીજ વાત છે. તેઓ અંધારા ઓરડામાં પૂરાયા હતા, છતાં પણ બન્ને ભાઇઓ ત્યાં આગળ નાના પ્રકારની ધર્મચર્ચા કરતા હતા. "સિંહનાં બાળકો સિંહના જેવાંજ હોય છે," પિતાનું અદમ્ય હૃદય અને પિતામહનો ધર્મોન્માદ તેમનામાં પણ જણાતો હતો. તેઓ ધૈર્યપૂર્વક આ અન્યાય-અત્યાચાર સહન કરવા લાગ્યા.

તે ગમે તેમ હો પણ બીજે દિવસે મોટા ઠાઠમાઠ સાથે રાજદરબાર ભરાયો. નવાબ વાજીદખાં સિંહાસન ઉપર બેસી છોકરાઓનો ન્યાય કરવા બેઠા. બે કેદી બાળકોને રાજસભામાં લાવવામાં આવ્યા. બાળકોની તેજોમય મૂર્તિ જોઇ, સભામાં બેઠેલા બધા ગૃહસ્થો આશ્ચર્ય પામ્યા. તેઓનું શરીર અન્નાહાર વગર સૂકાઇ ગયલું અને પિતા માતાથી વિખુટા પડવાથી મ્હો ચિન્તાતુર છતાં પણ દ્રઢતાભરેલું હતું.

નવાબ કોટવાલની ફરીયાદ સાંભળીનેજ તેઓને પ્રાણદણ્ડની આજ્ઞા કરવા જતા હતા, તેજ વખતે એક આશામયી ચિન્તા તેમના હૃદયમાં ઉદય થઈ. તેમણે ગુરૂ ગોવિંદસિંહના હૃદયમાં હમેશાં અગ્નિ સળગાવી બાળી મારવાની ગોઠવણ કરી, આ બન્ને બાળકોને "ઇસ્લામ" ધર્મમાં વટલાવી નાંખવાથી ગોવિન્દના મનમાં જે અસહ્ય દુઃખ થશે તે કરતાં પ્રાણદણ્ડથી વધારે દુઃખ થશે નહિ એવો તેણે વિચાર કર્યો. તેથીજ નવાબે કહ્યું "બાળકો ! ત્હમે ઘણા ન્હાના છો, ત્હમને પ્રાણદણ્ડની શિક્ષા આપતાં મ્હારૂં હૃદય બહુ દુઃખાય છે. મ્હારૂં હૃદય ત્હમારા ઉપરના સ્નેહથી ભીંજાઇ જાય છે. પિતાના પાપથી ત્હમારી જે દુર્દશા થઇ છે, તેમાંથી હું તમને મુક્ત કરવા ચાહું છું. ત્હમારો પિતા એક સખ્ત કાફર છે. તે મોગલ રાજ્યમાં એક બળવાખોર જેવો થઇ ઉઠ્યો છે. તેના પુત્ર તરીકે ત્હમને પ્રાણદણ્ડનીજ શિક્ષા થવી જોઇએ. પરંતુ ત્હમારી ન્હાની ઉમ્મર ધ્યાનમાં લેતાં હું ભયંકર શિક્ષા કરી શકતો નથી, પરંતુ તે દયાને બદલે ત્હમારે અમારો ધર્મ ગ્રહણ કરવો પડશે. જો તમે ઇસ્લામી ધર્મ ગ્રહણ કરશો તો તમને અમે પુત્રની પેઠે પાળીશું. આ જગતમાં જેટલાં સુખ, ભોગ, વિલાસ છે તે બધાં ત્હમને આપીશું. તમે પૃથ્વી ઉપર રહેવા છતાં સ્વર્ગનું સુખ ભોગવશો. સર્વ પ્રકારના વિલાસ વિભવો તમારા દાસ થઇ રહેશે. સુંદર સ્ત્રીઓ અને દાસીઓ ત્હમારી સેવા માટે નિમ-

વામાં આવશે. ત્હમારો પિતા ઇસ્લામી ધર્મ નહિ સ્વીકારવાથી અને મોગલ રાજા જેવી પ્રબળ શક્તિની વિરૂદ્ધ વર્તવાથી નરકનું દુઃખ ભોગવશે; પરંતુ તમે નિર્દોષ છો! પિતાના પાપે પુત્રોએ શા માટે દુઃખી થવું? જેનો ફેલાવેલો ધર્મ આ જીવનમાં સુખ આપતો નથી અને ટુકડા રોટલા માટે ભટકવું પડે છે, તેનો ધર્મ પરલોકમાં શું સુખ અપાવશે? તમારા પિતાના શબ્દો ઉપર વિશ્વાસ કરશો નહિ. હું માનપૂર્વક જે સલાહ આપું છું તે સ્વીકારી લેજો. હું તમને બધુંજ આપીશ. હું તમારે માટે બધુંજ કરીશ. તમે ઇસ્લામ ધર્મ ગ્રહણ કરો.”

પ્રકૃત ધર્મસાધન એ કાંઇ ઐહિક સુખનું નિકેતન નથી. હિંદુ-ધર્મ અથવા તેનો એક અંશ, શીખ ધર્મ ઉપર વિશ્વાસ રાખવાનો પક્ષપાતી છે. વિનાશિતા કિંવા ઐહિક સુખ-ચિન્તા એ કાંઈ ધર્મનાં અંગ નથી. મુસલમાન ધર્મ પણ પ્રકૃત ઐહિક ધર્મ નથી. તે પણ પરકાલના મંગળનો શોધક છે, તે પણ પવિત્રતા અને સંયમનો પક્ષપાતી છે. પરંતુ સમયના દોષવડે તે પણ અનેક રીતે કલુષિત થઈ પડ્યો છે. જ્યારે હઝરત મહમ્મદ સાહેબના પન્થવાળાઓ વિશાળ રાજ્યેશ્વર થઇ ઉઠયા ત્યારે તેમનો સંયમ કયાંયે ડુબી ગયો! તેઓએ ધીમે ધીમે વિલાસિતાના સ્રોતમાં શરીર ડુબાવી દીધુ; ધર્મ કલુષિત થઇ પડયો, ઐહિક સુખ એજ ધર્મનો પ્રધાન ઉદ્દેશ છે, એમ તેઓએ મનમાં માની લીધું; પરંતુ આજ સુધીમાં તેઓમાં એવો કોઈ ધર્મવીર જન્મ્યો નહિ કે જે ધર્મના એવા અધઃપતનથી ક્ષુબ્ધ થઇને તેને ઉન્નતિની-સંયમની સાચી દિશા તરફ લઈ ગયો હોય! જેણે જેની મરજીમાં આવ્યું તેમ રાજ્ય કર્યું, વચમાં એકાદ બે વીર પુરૂષો જન્મ્યા હતા પરંતુ તેમનો એવા ક્ષીણ યત્ન, અધઃપતનની ગતિનો રોધ કરી શક્યો નહિ. હમણાં પણ મુસલમાન ધર્મને નામે કેટલા અન્યાય થાય

છે, તે વાતનો તો ખરા મુસલમાનો સ્વીકાર કરે છેજ. હિંદુ ધર્મની પણ જોઇએ તેટલી અવનતિ થઇ છે; પરંતુ વચમાં વચમાં નાનક, ચૈતન્ય, શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, દયાનંદ આદિ મહા પુરૂષોએ-ગમે તેમ પણ-હિંદુ ધર્મમાં નવું ચૈતન્ય, નવું જીવન અને નવું બળ ઉમેરી આપ્યું છે. અને તેથીજ હજુ પણ હિંદુ ધર્મ જાગૃત છે. તેથીજ આજે પણ હિંદુઓ ઐહિક સુખને જીવનનું પ્રધાન સુખ માની શકતા નથી. દરિદ્ર ધર્મનિષ્ઠ બ્રાહ્મણ આજે પણ-તેની દ્રષ્ટિમાં-કોટયાધિપતિ, વિલાસી રાજા કરતાં શ્રેષ્ઠ, પુજનીય છે!

તે વાત જવા દો, નવાબનાં એવાં વાક્યો-એના પિતૃનિન્દા-જનક શબ્દો સાંભળીને બન્ને બાલકોના મનમાં ક્રોધનો અગ્નિ ભડકી ઉઠયો. તેમનાં ક્ષીણ ચક્ષુ પ્રકાશિત થઈ ફરયાં. તેમનું સુકાઇ ગયેલું મ્હો પ્રફુલ્લ થઇ આવ્યું. શરીરમાં રહેલું થોડું ઘણું લોહી મ્હો ઉપર આવી ચઢયું. બન્ને છોકરા નવાબને ઉત્તર આપવાને આગળ વધ્યા પરંતુ ફતેહસિંહ પોતાના ભાઇને અટકાવી ક્રોધના આવેશમાં જે કાંઇ બોલી ઉઠયો તે શબ્દો આજે પણ બળીકણ મનુષ્યના હૃદયમાં સાહસનો સંચાર કરે છે. બાળકે કહ્યું-"નવાબ! દરિદ્ર પ્રજાનું લોહી પીને પણ હજુ ત્હમે નવાબ કહેવાઓ છો! ત્હમારા અત્યાચારવડે અને લુંટફાટનાં ધિઃકારવા જેવાં કાર્યથી દેશ રસાતળ ગયો છે. ત્હમારા મહેલો હજારો સ્ત્રીઓના ઉન્હા નિઃશ્વાસથી ગરમ ગરમ થઇ ગયા છે! ત્હમે તેમના પતિનાં જીવન, અન્યાયની રીતે નષ્ટ કર્યા છે. હજારો બાળકો પોતાની માતાના વિયોગથી દુ:ખી થાય છે. અતિશય કલ્પાંત કરી રડી રહ્યા છે અને ચારે દિશા કમ્પાવી રહ્યા છે. ત્હમે બલપૂર્વક હિંદુ પ્રજાની કન્યાઓને અને બ્હેનોને પકડી લાવી તમારૂં અંતઃપુર શોભાવ્યું છે. કેટલી સ્ત્રીઓએ પોતાનું સતીત્વ જાળવવા માટે તમને શાપ દેતાં દેતાં દેહ ત્યાગ કર્યો છે? તમે રક્ષક થઇને પ્રજાની ધન

સંપત્તિ હરણ કરો છો. તમારી તલવારના પ્રભાવથી કોઇનું પણ જીવન નિરાપદ નથી. હમારા પિતા, તમારા રાક્ષસને યોગ્ય એવાં આચરણની ભારે શિક્ષા આપીને જગતમાં ધર્મનાં સાચાં બીજ વાવવા માટે ઈશ્વર તરફથી આવી પહોંચ્યા છે. હમારા એવા પાપને માટે સત્વર તમને પશ્ચાત્તાપ અને દીલગીરી થશે. અને બીજાઓને જેટલાં કષ્ટો આપ્યાં છે, તે બધાં તમારે માટે ભેગાં કરવામાં આવ્યાં છે. જ્યારે રક્ષણનો બીજો રસ્તો રહેશે નહિ ત્યારેજ હમારૂં હૃદય પશ્ચાત્તાપના અગ્નિવડે દગ્ધ થશે. પરંતુ તે વખતે તે પશ્ચાત્તાપ નિરર્થક થઇ પડશે. પૃથ્વી ઉપર કેટલાંએ રાજ્ય અને કેટલાએ રાજા થઇ ગયા છે અને તે બધાંએ રાજ્ય અને બધાએ રાજા નાશ પામ્યા છે. એક દિવસ તમારૂં પણ તેમજ થશે. કોઇનું રાજ્ય કે કોઇ રાજા અમર રહ્યો નથી. અમારા પરમધાર્મિક, પરમપરોપકારી વિક્રમ જેવા ચક્રવર્તી રાજાઓનાં રાજ્ય પણ ચાલ્યાં ગયાં છે. તો પછી હમે શી ગણત્રીમાં! એક સમય તમારાં રાજસિંહાસનો, વાગોળો અને કબુતરોના માળા બાંધવાને લાયક થઇ પડશે! તમારા કિલ્લા, રાજમહેલો, અને રાજસત્તા, એ બધું માત્ર એક "વાર્તા" જેવું થશે! તે વખતે અનેક માણસો તમારાં કાર્યો તરફ તિરસ્કાર બતાવશે અને ઘણાં થોડાંજ માણસો તમારા દુઃખના વખતમાં દિલાસો આપશે. હમણાં તમે રાજસત્તાના અહંકારને લીધે, વેગળે ઉભા રહેલા ભયંકર દુઃખ દાવાનળને જોઈ શકતા નથી. તે વેગળે રહીને તમારા "દુઃખ" ને વસ્ત્રાલંકારો સજે છે! નવાબ! તમે મ્હને જે સુખ સ્વચ્છંદની આશા અને લોભ બતાવો છો, તે બધાં ક્ષણવાર રહેનારાં છે. માનસિક અશાંતિ, શારીરિક રોગ અને મૃત્યુની સાથે તે બધાં સુખ એકે સપાટે લોપ થઇ જશે. જો આ જગતમાં "મૃત્યુ" ના હોતતો હું તમારા તરફથી મળતા સુખમાં લોભાઈ જાત, અને તમો કહો છો તેને સ્વીકારી લેત;

પરંતુ જ્યારે "મરણ" તો નક્કી જ છે, ત્યારે પછી એવું ક્ષણિક સુખ ભોગવવું તે શા કામનું? તમારી વિકરાળ તલવારના ઘાથી મરવું અથવા રોગના ડાચામાં પડીને મરવું, એ બન્ને એક સરખાંજ છે. મ્હારી ધર્મ ઉપરની શ્રદ્ધા એ તો જીવન કરતાં પણ કિંમતી છે, તે શરીરનાં તુચ્છ સુખોને માટે કદી પણ કલંકિત થશે નહિ. તમે તેજ પવિત્ર ધર્મ-શ્રદ્ધા ત્યાગ કરવા કહો છો? એ શું કાંઈ થોડું આશ્ચર્ય કહેવાય? જ્યારે બધાજ જાણે છે કે મૃત્યુ અનિવાર્ય છે, ત્યારે શા માટે લોકો જીવનને મૂલ્યવાન ગણે છે અને તેની રક્ષાને માટે અનેક યત્નો કરે છે; તેનો હું વિચાર કરૂં છું ત્યારે ઘણુંજ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે! જેણે ધર્મને માટે પ્રાણ ત્યાગ કર્યો છે, તે મહાપુરૂપ તેગબહાદૂરના અમે પૌત્રો છીએ, જેઓ શ્રી ગુરૂ નાનકદેવના પ્રચાર કરેલા ધર્મનો (હમણાં) અવતાર છે, તેજ મહાત્મા ગુરૂ ગોવિંદસિંહના અમે પુત્રો છીએ. જેઓનાં માતપિતા એવાં મહાન ચારિત્રવાળાં અને જેમનો વંશ અતિ પવિત્ર છે, જેઓના પૂર્વ પુરૂષોના મહિમા વડે જગત્ ગૌરવાન્વિત થયું છે, જેઓ હંમેશાં દેવતાઓના દૂતોવડે રક્ષાતા હતા, જેઓના માથા ઉપર હમેશાં પિતૃઓનો શુભાશીર્વાદ વર્ષે છે, જેઓને સ્વર્ગની મોહિની જ્યોતી જીવનની ઉચ્ચ નિસરણી ઉપર ખેંચે છે, તેઓ શું સાધારણ શરીરને માટે, અથવા કુતરા, ગધેડાની પેઠે ઇન્દ્રિયોની તૃપ્તિને માટે, એવાં સર્વ ઉચ્ચ સુખો ત્યાગ કરશે? નવાબ! મૃત્યુની બ્હીક શા માટે બતાવો છો? અમે તે ભય કેવો હોય છે તે જાણતા નથી. ધર્મ-જીવનની પવિત્ર શક્તિ શું કદી પણ નષ્ટ થાય છે! તે પવિત્ર શક્તિ તલવારના આઘાતથી કે તોપના ગોળા વડે શું કદી નષ્ટ થાય છે કે? અમારો આત્મા અમર છે, અને બહાર જણાતું શરીર તો માત્ર તે આત્માનું આચ્છાદન જ છે. સુખે અથવા દુઃખે, શાંતિમાં કે અશાંતિમાં "મરવું" એ તો નિશ્ચયજ છે. ગમે તો સુ-

રીર આખું રહો, કે પછી તેના કટકે કટકા થઇ કપાઇ જાઓ, તે અમારે માટે સરખુંજ છે. અમે તો માત્ર એક અમર આશીર્વાદના હકદાર છીએ. અમે હમેશાં ઇશ્વરના હૃદયમાં રહીએ છીએ. તમે જેવી રીતે ચાહના હો તેવી રીતે અમને મારી નાંખો. ગુરૂ ગોવિંદસિંહના પુત્ર થઇને અમે કદી પણ ગુરૂએ બતાવેલા માર્ગથી એક વાળપૂર પણ વેગળા જઇશું નહિ. ધર્મ એજ અમારૂં સર્વસ્વ છે."

સાચો ધાર્મિક મનુષ્ય કદી પણ દેહના સુખ માટે લોભાતો નથી. દૈહિક દુઃખનો ભય બતાવીને કદી પણ ત્હેને સત્યના માર્ગેથી વિચલિત કરી શકાતો નથી. તેનો હમેશાં પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન થઇ અંતે પરમાત્માની જ્યોતિમાં મળી જવાની જ પ્રાર્થના કરે છે; અને તેમાંજ તે અનંત સુખ માને છે. તેના આગળ શયતાન, માર, અથવા સાક્ષાત્ કામદેવ પણ પરાજય પામે છે. તેઓજ જગતમાં આદર્શ પુરૂષ છે. ઉપર કહેલા બન્ને બાળકોએ શીખ ગુરૂઓની ધર્મપ્રિયતા, ઉત્તરાધિકારમાં મેળવી હતી. તેઓ હજુ સુધી સંન્યાસી હતા. તેઓએ જીવનની સાથે જ ધર્મ-તૃષ્ણા મેળવી હતી. તેઓ બાળકો હોવા છતાં તેમને શરીરનાં સુખ-સમ્પતનો લોભ બતાવી મોહ પમાડવાનું કામ કાંઇ સહેલું નહોતું.

બાળકનાં તેજસ્વી વાક્યો સાંભળીને નવાબનો ક્રોધાગ્નિ ઉલટો ભડકી ઉઠયો, તેમણે કઠોર શબ્દે કહ્યું: "ચૂપ રહે, બદમાસ છોકરાં! તારા ઉપર દયા લાવીને મેં ઉદાર ચિત્તે વર્તવાની ઇચ્છા કરી ત્યારે તું ઉલટો છેક જ માથે ચડી જાય છે કે! અમારી સત્તાની ત્હને હજુ કલ્પનાજ નથી. ત્હારો પિતા મૂર્ખ છે. તું કહે છે કે; અમે મરણનો ભય રાખતા નથી. પણ ત્હરા જેવા છોકરાઓને તો એક કાંટો વાગતાં ચીસો પાડી મૂકે છે! અને તું તો તલવારના પાની વેદના પણ

મનમાં લાવતો નથી. વાહરે છોકરા! થવું હોય તો મુસલમાન થા નહિ તો મર! એજ મ્હારો છેલ્લો હુકમ! બોલ, શું ઇચ્છા છે?"

આ સમયે બાળક જોરાવર (જબર)સિંહે તીવ્ર સ્વરે ઉત્તર દેતાં કહ્યું:–"નવાબ! જેટલી વખત ઇચ્છા હોય તેટલી વખત અમને તલવારના ઘા મારો. અમે કદી પણ આંખમાંથી આંસુનું એક ટીપું પાડીશું નહિ, રડીશું નહિ, અમે મરણનો ભય રાખતાજ નથી. અમને ફાંસીએ લટકાવો, અથવા અમારા શરીરનું ચામડું ઉતારી લો. જેમ મરજી થાય તેમ કરો. અમે અમારા પૂર્વ મહાપુરૂષોના પ્રતાપથી અને તેમના આશીર્વાદથી તમારી એ શિક્ષાને હસતે મોડે સહન કરીશું, અંતે જેવી તમારી મરજી થાય તે પ્રમાણે અમારી હત્યા કરો, પરંતુ અમારી રૂબરૂ અમારા પૂજ્ય પ્રભાવશાલી પિતૃ દેવતાની નિન્દા કરશો નહિ. તમારો છેલ્લો હુકમ તરતજ અમલમાં મૂકો કે અમે તમારી દુષ્ટ નજર આગળથી મુક્તિ મેળવીએ, જે દેશમાં તમારો રાજ્ય અમલ છે તે દેશમાં જીવવું નકામું છે, અમે તે સર્વાનંદમય પરમેશ્વરની સાથે મળીશું. આપો, ત્હમે હુકમ આપો, અમારૂં ખુન કરો."

નવાબને બેહદ ક્રોધ ચઢ્યો તેને કર્મ અકર્મનું જ્ઞાન રહ્યું નહિ. તેણે બે પઠાણોને બોલાવ્યા અને કહ્યું:–"આ બે છોકરા ત્હમને આપ્યા. ગુરૂ ગોવિંદસિંહ તરફ તમારે જે બદલો લેવાનો છે તે આ વખતે પૂરો કરો, એ બન્ને તેનાજ છોકરા છે." એ પઠાણનો બાપ ગુરૂ ગોવિંદસિંહના સ્હામે લડતાં, એક યુદ્ધમાં, માર્યો ગયો હતો. તે વખતથી તેઓ ગુરૂ ગોવિંદના અંતઃકરણ પૂર્વક શત્રુ થઇ રહ્યા હતા. અને ત્હેને બદલો આપવાનો લાગ શોધતા હતા. પરંતુ આજસુધી તેમને કોઇ લાગ મળ્યો નહોતો. નવાબ વાજીદખાં તે વાત જાણતા હતા. તેથીજ તેમનો પ્રાણ લેવાને માટે એ બન્ને છોકરાને પઠાણોને સોંપી દીધા. પણ પઠાણો કાંઇ કાયર પુરૂષો નહતા. તેઓના હૃદયમાં

વીરતાનું લોહી ઉછળી રહ્યું હતું. નવાબ સાહેબનો હુકમ સાંભળતાંજ તેઓએ ઉત્તર આપ્યો કેઃ "અમારો પિતા, યુદ્ધમાં એમના પિતાને હાથે માર્યો ગયો હતો; પણ તેથી અમે કાંઈ એવા ક્રૂર હૃદયના અને કાયર નથી કે એમના બાપને બદલે આ નાદાન નિર્દોષ બાળકોના જીવ લઈશું. જેટલા દિવસ સુધી અમે અમારા શત્રુ ગુરૂ ગોવિન્દસિંહ સાથે યુદ્ધ-ક્ષેત્રમાં લડાઇ કરવાનો અને સ્હામ સ્હામા લડવાનો સમય નહિ મેળવીએ અને જ્યાં સુધી અમે તેનું માથું ધડથી જુદું કરવાનો સમય નહિ મેળવીએ, ત્યાં સુધી અમે ચૂપ બેસી રહીશું. આ તો બિચારાં દૂધમલ બાળકો છે. ક્ષમા કરજો. અમે આપનો હુકમ પાળીશું નહિ."

પઠાણોનાં આવાં, વીર પુરૂષને છાજે તેવાં વચનો સાંભળીને નવાબને કાંઇક શરમાવું પડ્યુ. તે વખતે સભામાં બેઠેલા અનેક સભાસદોએ પણ એ બાળકોને છોડી મૂકવા વિનતિ કરી, પોતાની કાયરતાનું ભાન થતાં નવાબનું મુખ પણ લાલ થઇ ઉઠયુ. બાળકોને છોડી દેવાને પણ ત્હેમનું મન લલચાયું. પરંતુ એક હિંદુ મંત્રીનું ઉત્તેજન મળવાથી તેના હૃદયમાંથી ક્ષણવારમાં દયા ઉડી ગઇ! *બધા દેશોમાં કાયર પુરૂષો પણ હોય છે. તે હિંદુ કુળ કલંક કાયર પુરૂષે કહ્યું કેઃ "નેકનામ! સાપનાં બચ્ચાંને ઉછરવા દેવાં એ કદી પણ રાજનીતિને યોગ્ય નથી. એ બાળકો મોગલ બાદશાહના ભયંકર બળવાખોરના છોકરા છે. એમને તો મારી નાંખવા એજ યોગ્ય છે." મંત્રીના આ શબ્દો સાંભળતાંજ નવાબે પોતાનો પહેલો હુકમ કાયમ રાખ્યો. બાળકોને મારી નાંખવા એજ ત્હેને યોગ્ય લાગ્યું, પરંતુ એકાએક તે હુકમ આપી શકયો નહિ. એ બે બાળકો "સાપનાં બચ્ચાં હતાં એમાં સંદેહ શો? તેઓને છોડી દેવાથી એક સમયે તેઓ ભરતખંડના ઇતિહા-

---

* એ મંત્રીનું નામ કેટલાક કલયશ કહે છે અને કેટલાક સચ્ચિદાનંદ પણ કહે છે.

એમાં મુખ્ય "નાયક" થઈ બેસે અને વખતે ઈતિહાસનાં પાના ઉંધાનાં ચત્તાં કરી નાંખે, એમાં પણ ફેર શું? એવા વીર, તેજસ્વી પણ ભયંકર બાળકોને છોડી દેવા એ રાજ્યનીતિને કોઈ પણ રીતે લાયકનું નહતું; પરંતુ નવાબે વિચાર કર્યો કે તેમનું ખુન કરવામાં આવે તે પહેલાં હજુ પણ કંઇક પરીક્ષા લેવી જોઇએ. એટલા માટેજ તેણે પુછયું. "બાળકો! જો અમે તમને હમણાં છોડી દઇએ તો ત્હમે શું કરો!" જયસિંહે ઉત્તર દીધો કે; "કેમ? અમારો પિતા આ સમયે ગમે ત્યાં હોય તો પણ અમે બરાબર તેમની પાસે જઇને લશ્કર ભેગું કરીએ, અને અત્યાચારી મોગલરાજાના વિરૂદ્ધ લડાઇ ઉઠાવીએ. અમો અદમ્ય સાહસ અને અવિચલિત પ્રતિજ્ઞા સહિત કહીએ કે: "મરીશું અથવા જીતીશું અને તમારા જેવા અવિચારી નવાબો સાથે લડીશું."

આ વાકય સાંભળતાંજ નવાબ અત્યંત વિસ્મય થયા. તેના બન્ને નેત્રમાંથી અગ્નિ વરસવા લાગ્યો. "તેમણે કઠોર શબ્દે કહ્યું. હમણાંજ ત્હમને દેશપાર કરીને કે એવુંજ દુઃખ દઇને મારી નાંખવામાં આવશે કે તેની વાત કોઇને કાને પણ જશે નહિ, ત્યાર પછી તમારા મુડદાને કાગડા અને ગીધના ખોરાક માટે ફેંકાવી દઇશ."

અતિ સાહસ સાથે બાળકોએ કહ્યું કે: "કુચ્છ પરવા નહિ. જે ખુશી હોય તે કરો. ધર્મને નામે અમે અમારાં શરીર; શીઆળ, કુતરાંના ખોરાક માટે ત્યાગ કરવા રાજી છીએ. અમને જે કષ્ટ આપી મારી નાંખવામાં આવશે તે વાત બીજું કોઇ જાણશે નહિ. એ તમારી પ્રપંચી રાજનીતિ ત્હમનેજ મુબારક! પણ યાદ રાખજો કે; સર્વ રાજાઓનો રાજા, તે પરમેશ્વર અમારા દુઃખની વાત જાણ્યા વગર અને તમારા પાપની શિક્ષા આપ્યા વગર કદી પણ રહેશે નહિ. એટલુંજ નહિ પણ આવાં અનેક પાપકર્મો થતાંજ મોગલ રાજ્યનો અંત આવશે, એમાં પણ સંદેહ નહિ."

"ઠીક ત્યારે તમારી એવી બેઅદબીનું ફળ ભોગવો. કોઇ પણ રીતે* ત્હમને બચાવવાની મ્હેં ધારણા રાખી હતી, પરંતુ તમારી આવી અસહ્ય બેઅદબીને માટે તમારૂં મૃત્યુ એજ અવશ્ય નક્કીજ થયલું છે. હું હમણાંજ મજુરોને બોલાવી સિરહિન્દ કોટની દીવાલો બે ગજ ખોદી નંખાવી તેમાં તમને પૂરાવી ચણાવી દઇશ."

આજ્ઞા થઇ કે તેજ પળે રાજમિસ્ત્રી આવીને ઉભો અને તેજ વખતે કિલ્લાની દિવાલ તોડી બે ગજ ખાડો પાડયો. બન્ને બાળકોને તેમાં ઉભા રાખી રાજમિસ્ત્રીએ, ઈંટો, ચુનો, માટી, પથરા નાખી ચણવા માંડયું. બન્ને ભાઈઓને એક બીજાથી બે બે હાથ છેટે ઉભા રાખ્યા હતા. ધીમે ધીમે પગથી તે માથા સુધી ચણી લીધા. આવા ભયંકર મૃત્યુથી પણ બન્ને બાળકોએ ધૈર્ય અને ધર્મ, એ બન્ને છોડયાં નહિ. દુઃખ ભોગવવાથી બીધા નહિ. આ બાળકોના મૃત્યુ પ્રકારથી અનેક જોનારા માણસોનાં શરીર કમ્પાયમાન થયાં, અનેકનાં નેત્રોમાંથી આંસુની ધારાઓ ચાલી રહી. પરંતુ સિરહિન્દપતિ નવાબ વાજીદખાંના મુખ ઉપર પૈશાચિક હાસ્ય જણાતું હતું! પોતાના મ્હોટા શત્રુના મનમાં દુઃખ ઉત્પન્ન કરવા માટે ઉપાય મળી આવતાં તેને ઘણો આનંદ થયો.

જે વખતે ચણતર કમ્મર સુધી આવ્યું ત્યારે નવાબે ફરીથી એક વાર તે બન્ને છોકરાઓને ઇસ્લામી થવાની માગણી કરી. પરંતુ

* આ બન્ને બાળકોને પકડવાના સમાચાર ઔરંગઝેબને મોકલવામાં આવ્યા હતા. તેણે તેઓના જીવ લેવાની આજ્ઞા કરી હતી. (Vide Grifl's Runjitsingh) તેમ છતાં પણ નવાબ જે ઢીલ કરતો હતો તેનું કારણ એ હતું કે કોઈ પણ રીતે બાળકોને ઇસ્લામ ધર્મમાં લેઇ શકાશે, તો ઔરંગઝેબ અસંતુષ્ટ થશે નહિ. એટલુંજ નહિ પણ ગોવિન્દસિંહ તરફ કંઇક બદલો લીધો છે, એમ ગણાશે.

ફત્તેહસિંહે લાલ થઇ જઇ ગુસ્સામાંજ ઉત્તર આપ્યો: "અરે કાયર પુરૂષ! હવે આ વખતે તુ અમને વધારે સતાવ નહિ. તું તારા આનંદમાંજ મસ્ત થા, અમે ઇશ્વરની ઇચ્છાનું સ્મરણ કરતા કરતા ઘણું સુખ મેળવીએ છીએ. ઇશ્વરની આવીજ ઇચ્છા છે તો તે પૂર્ણ થાઓ. આ દુ:ખી જગતમાં રહેવાની અમારી બીલકુલ ઇચ્છા નથી.

જબરસિંહે પણ આ વખતે છેલ્લો ઉત્તર દીધો; "દુરાચારી! નરાધમ! અત્યાચારી! તું શું માણસોને મારી નાખવાનેજ જન્મ્યો છે. કોઇને જીવતદાન આપવાને જન્મ્યોજ નથી કે? ત્હને ખબર છે કે જીંદગી એ ચાર દિવસના ચાંદરણા જેવી છે. તે ફક્ત એક નિ:શ્વાસ જેવી છે. ત્યારે પછી શા માટે અમર રહેવાનો હોય તેવાં દુષ્ટ કામો કરે છે"?

જ્યારે મિસ્ત્રી ચણુનોચણુતો ફત્તેહસિંહના ગળા સુધી આવી પહોંચ્યો ત્યારે નવાબે વળી પાછો તેજ સવાલ પૂછ્યો. તે વખતે જોરાવરસિંહ (જબરસિંહ)નું આખું શરીર ચણાઇ ગયું હતું અને તે બિચારો હાંફતો હતો. તેણે નવાબને જે કાંઇ ઉપદેશજનક શબ્દો કહ્યા. તે સંભળાયા નહિં. માત્ર એટલાજ શબ્દો સંભળાયા કે "હે ઈશ્વર! તમારી ઇચ્છા જ પૂર્ણ થાઓ." બન્ને બાળકોનાં શરીર ચણાઇ રહ્યાં. જાણે તે જગ્યા એ બન્ને સિંહ બાળકોનું સમાધિસ્થાન થઇ પડ્યું; માત્ર તેમની છેલ્લી વાણી ફરીથી સંભળાઇ કે "હે ઈશ્વર! તમારી ઇચ્છાજ પૂર્ણ થાઓ."

જે સમયે એ બાળકો સંસારની માયા ત્યાગ કરીને સ્વર્ગમાં જવાની તૈયારીમાં હતા તે વખતે, એક શીખગુરૂ, ગોવિન્દસિંહની આજ્ઞાથી બાળકોને શોધતો ત્યાં આવી પહોંચ્યો. શીખગુરૂએ પેલા બન્ને બાળકોનું કરૂણાજનક અને વીરોચિત વૃત્તાંત સાંભળ્યું, અને એક કલાક પહેલાં આવ્યો હોત તો પોતાના જીવનને બદલે તે છો-

કરાઓને બચાવી શકત, એ ચિન્તાથી ત્હેના હૃદયમાં દુઃખ થયું. તેજ ક્ષણે તેણે પોતાની તલવારથી પોતાના શરીરના બે કટકા કરી નાંખ્યા! તેનો અમર આત્મા, પેલા બે બાળકોની* સાથે સર્વ સુખમય, અમર-લોકમાં ચાલ્યો ગયો. આ સમયે એક હિન્દુ ઘણું ધન લઇને ત્યાં આવી પહોંચ્યો. એ ધનને બદલે પોતાના ગુરૂપુત્રોને બચાવવાની ઇચ્છાથી તે ઘણીજ ઉતાવળ કરીને આવ્યો હતો. આવીને તેણે જોયુ કે બધું પૂરૂં થઇ ગયુ છે! તે કરૂણાજનક દૃશ્ય જોઇ તેના હૃદયમાં ઘણું દુઃખ થયુ અને તેથી તે ગાંડો બની ગયો.

ગુરૂમાતા ગુજરી બહુ ચિન્તા કરી રહ્યાં હતાં. એટલામાં તેમણે છોકરાઓની ખબર સાંભળી; તે સાંભળતાંજ જે મૂર્છા આવી તે પછી હજુ સુધી શુદ્ધિ આવી નથી! મૂર્છા તે મૂર્છાજ!

ધનના લોભી ગંગુએ પોતાની દુર્બુદ્ધિને લીધે ઘણું ધન મેળવ્યું. તેણે આજે પોતાના અન્નદાતા, શુભચિંતક ગુરૂનું સર્વ નાશ કર્યું તેના પાપને લીધે ચાર નિર્દોષ પ્રાણીઓનાં અકાળે મૃત થયાં! એક ગાંડો બની ગયો. હજુ પણ તે અત્યાચારી નવાબની શી કથા કહેવી? બસ, તે માનવરૂપને કલંકકર્ત્તા હતો એટલુંજ કહેવું બસ છે.

એ કરૂણા દૃશ્ય પછી કેટલેક દિવસે મુક્તસરના યુદ્ધમાં પંજાબના કેટલાક વિભાગો ઉપર જય મેળવી ગોવિંદસિંહ રાજધાની તરફ પાછો ફરતો હતો, તે વખતે એજ પાપ ભૂમિ સિરહિન્દમાં આવી ઉભો. શીખોએ આ નગરને તોડી પાડવાની પ્રબળ ઇચ્છા બતાવી. પરંતુ મહા દયાવાન ગુરૂ ગોવિંદસિંહની ઇચ્છા તેવી નહિ હોવાથી તે કામ બંધ પડયું. ગુરૂગોવિંદ તે પાપ નગરના કિલ્લા ઉપર જ્યાં બે વીર બાળકોને ચણી લેવામાં આવ્યા હતા, તેની બાજુમાં બેસીને કાંઇ વિચાર

---

* મરણ વખતે ફત્તેહસિંહનું વય લગભગ દશ વર્ષનું અને જોરાવરસિંહનું વય લગભગ આઠેક વર્ષનું હશે.

કરતા હતા, તેમણે તલવાર વડે એક ન્હાનું ઝાડ ઉખાડયું, તે જોઇ શીખ લોકોએ એમ કરવાનું કારણ પૂછ્યું. તેમણે ઉત્તર દીધો કે આ ભવિષ્યની મ્હોટી વાત છે. હવે મોગલ રાજત્વ લાંબા દિવસ રહેશે નહિ.

ગુરૂએ સિરહિન્દનું "ગુરૂ માતા" નામ પાડયું અને શિષ્યોને કહ્યું કે જે કોઇ શીખ આ સ્થળે થઇને ગંગાસ્નાન કરવા જાય તેણે એક એક ઇંટ લઇને તે નદીમાં નાખવી. નહિ તો ગંગાસ્નાન કરીને પોતે જે ધારણા રાખી હશે તે સફળ થશે નહિ. આજે પણ શીખ લોકો તે સ્થાને થઇને જતી વખતે એક એક ઇંટ ગંગા નદીમાં નાંખે છે.

પાપીઓને માટે શિક્ષા અનિવાર્ય હોય છે. બન્ને વીર બાળકોનો શાપ ફળ્યો છે. અત્યાચારોને લીધે મોગલ રાજ્યનો નાશ થયો છે અને આજ માત્ર તે "વાર્તા" ના રૂપમાં બદલાઇ ગયું છે. અજ્ઞાન વાજી દખાં અને તેની સાથે રહેનારા સિરહિન્દવાસી લોકો, તેમજ ધનનો લોભી ગંગુ, એ બધા, બાવા વૈરાગી બન્દાન અને તેના પ્રબળ શીખ શિષ્યોને હાથે ત્રાહ ત્રાહ પોકારી, દુઃખ ભોગવી મરણ પામ્યા છે.

આ વાર્તા ઘણીજ શોકજનક છે. પાપનું પ્રાયશ્ચિત્ત થયા છતાં તે પ્રાયશ્ચિત્ત ઘણુંજ ભયંકર થયું છે. એમાંથી ધર્માંધ અને અર્થાંધ દુરાચારી અને પાપીઓને ઘણું શિખવાનું મળે છે, જેની ઇચ્છામાં આવે તેણે શિખામણ લેવી, "કરશે તે ભરશે" એનો નક્કીજ છે.

(૩ અજીતસિંહ, ૪ જુહારસિંહ.)

અપાર પરિશ્રમ કરવા છતાં પણ જ્યારે સુખવાલના કિલ્લાનું રક્ષણ કરવાનું કામ અસાધ્ય થઈ પડયું ત્યારે શીખ–ગુરૂ ગોવિન્દસિંહ, કેટલાક વિશ્વાસુ નોકરોને સાથે લઇને, ગુપ્ત રીતે ચમકૌડના દુર્ગમાં જઇ રહ્યા. ચમકૌડના કિલ્લાની આસપાસ પર્વતોની દિવાલો, શીખ વીરોની રક્ષા કરવા માટેજ, પ્રકૃતિદેવીએ બનાવી હતી. આ

ન્હાનો કિલ્લો હમણાં પંજાબના રૂપુર તહસિલ વિભાગમાં આવેલો છે.

મુખવાલ કિલ્લામાં રહેવાના છેલ્લા દિવસો પસાર થતા હતા તે વખતથીજ ગોવિન્દસિંહનો અદષ્ટ પ્રવાહ આડે રસ્તે વહેવા માંડયો હતો. તેના ફળ વડેજ ત્હેના ઉપર, ઉપરા ઉપરી નાના પ્રકારની અભાવનીય વિપદો આવી પડી હતી. અને અનેક પ્રકારનાં સંકટો ભોગવવાં પડતાં હતાં. મોગલોના સખ્ત ઘેરાને લીધે અનિવાર્ય ફળ એ આવ્યું કે કિલ્લામાં અન્ન આવી શકતું નહોતું. તે જોઇને ગુરૂમાતા ગુજરીએ ચોક્કસ રીતે જાણી લીધું હતું કે, આ કિલ્લો સ્વલ્પ સમયમાંજ મોગલોના હાથમાં જશે પોતાના વંશની રક્ષાને માટે તેણી ગુરૂ ગોવિન્દસિંહના બે ન્હાના છોકરાને લઇ કિલ્લામાંથી ગુપ્ત રીતે ન્હાસી ગઈ હતી. તેના ગયા પછી થોડા સમયમાંજ શીખ લશ્કરી સિપાઇઓ પણ અન્નને અભાવે, ભૂખે મરતા હોવાથી–શક્તિહીન થઇ ગયા અને ધીમે ધીમે ગુરૂનો ત્યાગ કરી ચાલતા થયા! માત્ર ૪૦ વિશ્વાસુ શીખ યોદ્ધાઓએ પોતાના અન્નદાતાનો ત્યાગ કર્યો નહિ. તેઓએ નિશ્ચય કર્યો હતો કે, 'અન્ન કે જળ ના મળે તો પણ પોતાના અન્નદાતાનો ત્યાગ કરવો નહિ. તેની સાથેજ લડતાં લડતાં જેટલા દુશ્મનોનો પ્રાણ કહાડી શકાય તેટલો કહાડીનેજ મરવું. પણ નિમકહરામ થવું નહિ.' શીખ યોદ્ધાઓની આવી દઢ પ્રતિજ્ઞા હતી.

એટલાજ મુઠ્ઠીભર પણ વિશ્વાસુ મરણીયા લડવૈયાઓને સાથે રાખીને પણ મુખવાલના કિલ્લાની રક્ષા થવી અસંભવ છે, એમ નક્કી જાણવાથી, ગુરૂ ગોવિન્દસિંહ, એક અંધારી રાત્રે ચમકૌડના કિલ્લામાં ન્હાસી ગયો. ત્હેમના ન્હાસી જવાની વાત તરતજ મોગલ રાજાને કાને આવી. મોગલ સૈન્ય તરતજ ગોવિન્દસિંહની પાછળ દોડયું અને તેઓ ચમકૌડનો કિલ્લો પણ ઘેરી વળ્યા, પર્વતના રસ્તા અજાણ્યા હતા છતાં સાહસ, ધૈર્ય અને વીરતાએ ત્હેમને સર્વ સૂઝાડયું.

આ કિલ્લામાં ગયા પછી ગુરૂ ગોવિન્દે પોતાની કુળદેવી "નયના માતા" નું આરાધાન કર્યું અને ત્હેનો આશીર્વાદ માગ્યો. શીખ લોકોને એવી ખાત્રી હતી કે ગુરૂ ગોવિન્દ "નયના દેવી" નો ઉપાસક છે. અને જ્યારે જ્યારે કોઇ વિપદ્ આવી પડે છે, ત્યારે દેવી ગુરૂ ગોવિન્દને સંકટમાંથી બચાવી લે છે. આવે સંકટને સમયે ગુરૂ ગોવિન્દ હમેશાં શીખવીરોના મનઃપ્રાણમાં નવું તેજ જગાડી આપતા અને નવી આશા-શક્તિ રેડી આપતા. શીખ લોકો પણ ગુરૂને માટે આત્મદાન કરવા હમેશાં તૈયાર જ હતા. ગોવિન્દસિંહ પણ કહેતા કે: "જો મ્હારૂં નામ ગોવિન્દસિંહ હશે તો હું એક કીડીને બચાવવા હાથીનો પ્રાણ લેવાનો યત્ન કરીશ. મ્હારો એક એક શીખ સિપાઇ એક લાખ મોગલોનાં માથાં કાપી નાંખશે" ગોવિન્દસિંહનું અપૂર્વ શિક્ષાદાન અને અપૂર્વ વીરત્વ ત્હેમના પ્રત્યેક શિષ્યની નસેનસમાં ભરાયું હતું. ગુરૂની શિક્ષાના ફળનો વિચાર કરતાં જણાશે કે તે અમાર દામ્ભિકતા જેવી નથી. ઉલટો વિશ્વાસ ઉત્પન્ન થશે! આત્મશ્રદ્ધાવાળા વીર મનુષ્યો કદી પણ પરાજય પામતા નથી. ગોવિન્દસિંહે શીખ લોકોના હૃદયમાં, નવા તેજનાં જે કિરણો નાંખ્યાં હતાં તેનું ફળ એ થયું કે: પ્રત્યેક શીખ નિર્ભીક (બ્હીક વગર) આત્મત્યાગી થઇ પડયા હતા. પ્રાણ કરતાં ધર્મને, તીર્થને, અને દેશને વધારે જાણતાં શિખ્યા હતા. તે મહદ્ગુણો અને તે નવીન જ્યોતિર્મય ઉપદેશને લીધે જ તેઓએ એક દિવસ મોગલવંશનો ધ્વંસ કરવાના સાધન માર્ગમાં સહાયતા આપી અને સ્વતંત્ર શીખ-રાજ્ય સ્થાપવાના સર્વોત્તમ કાર્યમાં સિદ્ધિ મેળવી હતી. કિલ્લાને ઘેરો ઘાલનાર મોગલ સેનાપતિ ખાનજમહમ્મદ અને નાહરખાંએ અનેક વિચારો કર્યા પછી, ગોવિન્દસિંહને એક દૂત મોકલી કહાવ્યું કે: "ત્હેણે બાદશાહને શરણે આવવું." ગુરૂની પાસે દૂત ગયો. ગુરૂએ તેને માન આપ્યું. પરંતુ મહાન મોગલ શહેનશાહ

જેવો વિનય દર્શાવે છે તેવા વિનયના માથા ઉપર લાત મારી તે દૂત ઉલટો અસહ્ય દાંભિક શબ્દો ગુરૂ–દરબારમાં બોલવા લાગ્યો. ગુરૂને ભય બતાવવા લાગ્યો અને શીખ સમાજનું અને શીખ રાજ્યનું અપમાન થાય એવા શબ્દો બોલવા લાગ્યો. ત્યાં હાજર રહેલા શીખ વીરોને ઘણું અપમાન જણાયું. પરંતુ દૂતને મારી નંખાય નહિ એવો એક રાજનિયમ છે. તે તો અતિથિ જેવો ગણાય. તેથી એકાએક તેને કોઇ કંઇ બોલ્યું નહિ.

પરંતુ આ સભામાં ગુરૂ ગોવિન્દના બે છોકરા હાજર હતા. મોટા એક છોકરાનું નામ અજીતસિંહ, તેની ઉમ્મર પંદર વર્ષ ને બીજા ન્હાના છોકરાનું નામ જુહારસિંહ, તેની ઉમ્મર તેર વર્ષની હતી. દૂતને મોઢેથી પિતૃનિન્દા, ધર્મ નિન્દા અને નેતૃ નિન્દા થઈ તે અજીતથી સહન થયું નહિઃ સિંહનો બાળક ગુસ્સે થઇ ગયો. તેણે કમ્મરે લટકતી તલવાર બહાર કાઢી અને કઠોર શબ્દે દૂતનો તિરસ્કાર કરી કહ્યુંઃ "સાવચેત ! ફરીથી એક શબ્દ પણ બોલ્યો તો ત્હારા શરીરના કટકે કટકા કરી નાંખીશ."

બાળકના આવા તેજસ્વી શબ્દો સાંભળી દૂતનો કોપાગ્નિ સળગી ઉઠ્યો તેણે પોતાનું અત્યન્ત અપમાન થયલું જાણ્યું અને તરતજ શીખ દરબાર છોડી ચાલ્યો ગયો.

* * *

આ બનાવને થોડા દહાડા થયા પછી શીખોએ કિલ્લાનાં બારણાં ઉઘાડી નાંખી મોગલો ઉપર હુમલો કર્યો. કિલ્લાની બહાર એક મ્હોટું યુદ્ધ થયું. તે મહાન યુદ્ધમાં પ્રત્યેક શીખે અસીમ વીરત્વ બતાવ્યું. અનેક શત્રુઓના પ્રાણ લીધા પરંતુ ગમે તેમ પણ તેઓ મુઠ્ઠીભર હતા. તેથી એક પછી એક રણશય્યામા પોઢી ગયા ! આ દેખાવ જોઇ બાળ અજીતનું મન ચંચળ થઈ ઉઠ્યું, ત્હેનું હૃદય

નાચી ઉઠયું. પિતાના શરીરનું વીર લોહી પુત્રના શરીરમાં ઉકળી ઉઠયું. બીજા શીખ વીરોની પેઠેજ શત્રુઓ સ્હામે વીરતાપૂર્વક લડીને મરવાનું તેણે પસંદ કર્યું, ત્હેના પ્રાણ આકુળવ્યાકુળ થઇ ઉઠયા, તે તરતજ પિતાની સ્હામે જઇ ઉભો અને લાલ લાલ આંખો કરી બોલ્યો: "પિતા! આપની પાસેથી જ શીખ્યો છું કે દેહ એ થોડા વખતને માટે છે, શરીર હમેશાં રહેવાનું નથી. કોઇ એક દિવસે પણ એ શરીર પડવાનું જ છે. મરણ એ જન્મની સાથે જ સરજાયલું છે, મ્હને યુદ્ધમાં જવાની આજ્ઞા આપો. હું મારી આ તલવાર લઇને શત્રુઓના સ્હામે જઇશ, લડીશ અને મારીશ કે મરીશ. શીખોને માટે, ધર્મને માટે, મ્હને મરવા દો. મ્હારી ન્હાની ઉમ્મરનો વિચાર કરશો નહિ. ધર્મને માટે–મુક્તિને માટે હું યુદ્ધ કરીશ. મ્હને રજા આપો" કોમળ શરીરવાળા પણ વીરત્વથી ભરેલા બાળક–પુત્રના આવા શબ્દો સાંભળી પિતાના હૃદયના સ્નેહ ઉછળી આવ્યો ત્હેણે હસતે ચ્હેરે, પ્રેમપૂર્વક, આનંદપૂર્વક, પુત્રને છાતી સાથે દબાવી કહ્યું: "જાઓ બેટા ત્હમારી આ ન્હાનકડી તલવાર જોડે રમત કરતાં કરતાં અનંત કાળના ગર્ભમાં મળી જાઓ. ત્હમારૂં આ ક્ષુદ્ર જીવન સમર્પણ કરીને જગતને બતાવી આપો કે અમે આ નશ્વર (ક્ષણિક–નાશવંત) જગતની માયામાં મોહ પામ્યા નથી. જગતનાં સુખો ભોગવવાની અમને ઇચ્છા–લાલસા નથી. અમે માત્ર પરમાત્માના આશીર્વાદનીજ પ્રાર્થના કરીએ છીએ. બસ સ્વર્ગ! સ્વર્ગ એજ અમારી હમેશની નિવાસભૂમિ છે! અમે અમર છીએ, અને અમરજ રહીશું! અમે મૃત્યુને ઓળખતા નથી, રે! જાણતા પણ નથી, એવું બતાવી આપો! અમારૂં હૃદય, ઇશ્વરનું સિંહાસન છે! તેના ઉપર પોતાની ઉદાર–વિશાળ આજ્ઞાઓ સહિત બિરાજ્યાનો અધિકાર તે ઇશ્વર–નો જ છે! તે હમેશાં બિરાજો! જાઓ બેટા!

તમે જગતને એ બધું બતાવી આપો. તે મહાન પ્રભુમાં લક્ષ રાખજો. તેની અપૂર્વ જ્યોતિનું સ્મરણ કરજો. જાઓ બેટા, ધર્મમાં પ્રવૃત્ત થાઓ. ઈશ્વર તમારી ઇચ્છા પૂર્ણ કરો, ધર્મ ત્યાગ કરશો નહિ. ત્હમારી નજર સ્હામે જગત્ ચૂર્ણ થઈ જાય તોપણ તે મહાન પ્રભુ ઉપર વિશ્વાસ રાખજો. ધર્મની લડાઇમાં મરણ પામતાં ઇશ્વરને ત્યાં અમરત્વ મળશે. મૃત્યુના આમંત્રણથી બ્હીકણ થશો નહિ! વિપદ્ વખતે ભય પામશો નહિ! જાઓ બેટા! અજીત! અજીતની પેઠેજ આત્મોત્સર્ગ કર! "ઇશ્વર છે" એ વાત મન અને પ્રાણથી સાચી માનજે. તે હમેશાં ત્હારી સ્હાયતાજ કરશે."

અજીતસિંહ વીર પુરૂષ–યોદ્ધાની પેઠે ખરેખરો જુસ્સો લાવીને ઘોડેસ્વાર થયો અને જોત જોતામાં મોગલ સૈન્યના સમુદ્રમાં ઝંપલાવ્યું. હાથમાં ન્હાનકડી ઉઘાડી તલવારે રણમેદાનમાં, શત્રુ સૈન્યમાં ઝુઝવા માંડયુ. કિલ્લામાંથી પિતા જોવા લાગ્યો. તેણે જોયું કે પુત્ર વીરતાપૂર્વક શત્રુઓનાં માથાં ધડથી જૂદાં કરે છે! પુત્ર મ્હોડામાંથી "અમર" "અમર" શબ્દો બોલતો ચારે દિશામાં ઘુમી રહ્યો છે. પરંતુ કેટલી વાર ? એક તરફ ન્હાનું બાળક અને બીજી બાજુએ સમુદ્રના તરંગો પેઠે મોગલ સૈન્ય! બે કલાક વીતતાં ના વીતતાંજ બાળક થાકી ગયો, તોપણ રણમાંથી પાછો હઠયો નહિ! થાકેલા હાથ અને થાકેલું શરીર વારંવાર લથડી જતાં હતાં, પણ પાછું ઇશ્વરી બળ આવતું અને વળી તે લશ્કરમાં ઘૂમી શત્રુઓનો સંહાર કરતો. પરંતુ વધારે વખત ટકી શક્યો નહિ. જોતજોતામાં એક મોગલ લશ્કરી સિપાઇની તલવારના ઘાથી પૃથ્વી ઉપર પડયો અને ચૈતન્ય વગરનો થઇ ગયો. બિચારો કોમળ પણ વીર બાળક—લડતાં લડતાં અમર ધામમાં ચાલ્યો ગયો.

બાળક પુત્રને રણ મેદાનમાં પડેલો જોઈ, પિતા ગોવિન્દસિંહ

ઇશ્વરનાં જયગાન કરવા લાગ્યો. તેણે કહ્યું: "હે પ્રભો! જે વિશ્વાસ વડે મારૂં હૃદય પૂર્ણ કર્યું હતું, તે જ આજે તમારા પાદપદ્મમાં અર્પણ કરી દઉં છુ. આ જુઓ, મ્હારો મ્હોટો પુત્ર અનન્ત નિદ્રામાં સુઇ ગયો ત્હમે ત્હેને ખોળામાં લઇ લો. હું પણ તમારોજ પુત્ર છું. પ્રભો! ત્હમારી જ્ઞાન જ્યોતિથીજ મ્હારૂં હૃદય પૂર્ણ છે. ત્હમેજ મ્હારૂં સુખ છો. દેવ! ત્હમારા પ્રસાદ વડેજ આજે અમે અત્યાચારી મોગલોના અત્યાચાર બંધ પાડવાની આટલી બધી શક્તિ અને સાહસ મેળવ્યું છે. શત્રુઓ હમણાજ કિલ્લો જીતી શકે એમ છે, છતાં પણ તમારોજ જય છે એમ હું સર્વત્ર જોઉં છું; અને તેજ ત્હમે અમારા હૃદયમાં વિરાજો છો. શીખ પ્રજાનું આટલું બધું વીરત્વ એ પણ પ્રભો! ત્હમારીજ કૃપા છે:" આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ ગાન કરતાં ગુરૂ ગોવિન્દસિંહનાં નેત્રો બંધ થઇ ગયાં અને સમાધિમાં પડી ગયાં.

જ્યારે સમાધિ ભંગ થઇ, આંખો ધીમે ધીમે ઉઘડવા લાગી, ત્યારે એક અપૂર્વ આનંદ દૃશ્યવડે તેમનું હૃદય નાચી ઉઠયું. તેમણે જોયું કે વચલો છોકરો જુહારસિંહ બે હાથ જોડીને–વિનીત ભાવે-તેમની પાસે ઉભો છે. પિતાએ પ્રેમપૂર્વક પૃછ્યું; "શું જોઇએ છે બેટા! હાથ જોડીને કેમ ઉભો છે?" પુત્રે ધીમે ધીમે ઉત્તર આપ્યો. "મ્હોટો ભાઇ જે સ્થાને ગયો છે, તે સ્થાને જવાની મ્હારી ઇચ્છા છે; હું પણ તલવાર ચલાવી જાણું છું, હું પણ શત્રુનું કેટલુંક લશ્કર મારી નાંખીશ, મ્હારા હાથમાં પણ બળ છે, જો મ્હારો જય થશે તો તો સુખની વાત; પણ જો હું યુદ્ધમાં દેહત્યાગ કરીશ તો હું તે પરમાત્માના પાદપદ્મમાં–અમર ધામમાં–અમર સ્થાન મેળવીશ. આજ્ઞા આપો પિતૃદેવ! કે જેથી હું યુદ્ધમાં દેહત્યાગ કરી શકું."

"પરંતુ! બેટા, ત્હારૂં વય બહુ નાનું છે." તે વાત કાને નહિ સાંભળતાં પુત્રે કહ્યું: "મ્હારૂં વય ન્હાનું છતાં મ્હેં અમૃતપાન* કર્યું

છે. હું યુદ્ધ કરી શકીશ. મ્હને આશીર્વાદ આપો! કે જેથી મનોરથ સિદ્ધ થાય. હું તે આનન્દ ધામનીજ પ્રાર્થના કરું છું."

તેર વર્ષના સુકોમળ બાળકના મુખમાંથી આવાં અપૂર્વ સાહસ, વીરતા અને તેજ ભરેલાં વાક્યો સાંભળી ગુરૂને બહુ આનંદ થયો, તેણે જાણ્યું કે; તેને જે ધર્મ-શિક્ષા આપવામાં આવી છે તે વ્યર્થ ગઇ નથી. પુત્ર ન્હાની ઉમ્મરનો હોવા છતાં પણ તેણે વંશની લજ્જા-આબરૂ હૃદયમાં રાખી છે. આવાં વીરોચિત વાક્યો સાંભળીને ક્યા પિતાનું હૃદય આનંદથી નાચી નહિ ઉઠે? સાધારણ રીતે જોતાં તેર વર્ષનો બાળક લડાઇમાં જવાનું શું સમજે? પરંતુ જે ક્ષત્રીય પુત્ર છે. જે ભયંકર યુદ્ધના કોલાહલ વચ્ચે ઉછરી મ્હોટો થયો છે. તે યુદ્ધનું નામ સાંભળીને કંપી ઉઠતો નથી, પણ ઉલટો યુદ્ધનું નામ સાંભળતાંજ તલવાર ઉપર હાથ નાંખી આનંદપૂર્વક-રણ મેદાનમાં દોડી જાય છે અને શત્રુઓનાં હૃદય કમ્પાવી મૂકે છે!

ગોવિન્દસિંહે હસતાં હસતાં ઉત્તર દીધો; "બેટા, ત્હારી એવી ઇચ્છા છે તો આવ, હુંજ મારે હાથે ત્હને યુદ્ધનો પોષાક પહેરાવું." એમ કહી ગુરૂએ પોતેજ તેનો ઉત્સાહ વધાર્યો. બાળક પણ નાચતો નાચતો પિતાની પાસે આવી ઉભો રહ્યો. મખમલનો સુંદર પોષાક ત્હેના કોમળ દેહ ઉપર પહેરાવી દીધો, કટી ઉપર મેખલા બાંધી દીધી. તેના ઉપર એક સુંદર તલવાર-મ્યાન સાથે લટકાવી દીધી. જરીનો એક ન્હાનો ફેંટો તેના માથાની શોભા વધારવા લાગ્યો. બાળકે પોતાનો પહેરવેશ અરીસામાં જોયો અને પોતેજ આનંદ પામતો હસવા લાગ્યો. ધન્ય ગુરૂ તમારી શિક્ષા-દીક્ષા! ધન્ય ગુરૂ ત્હમારા વીર

---

*અર્થાત્ મ્હને ધર્મ-દીક્ષા મળી છે. "દીક્ષા" ને શીખ લોકો "પહલ અથવા અમૃત" ઉત્સવ કહે છે.

બાળકને! પિતાએ બાળક પુત્રને ગાઢ આલિંગન દીધું અને વારંવાર ચુંબનો કર્યાં. છેવટે કહ્યું; "જુહાર! તું અમર છે! મરણનો ભય રાખતો ના. શત્રુને પીઠ દેખાડતો ના. આ ન્હાનકડી તલવારવડે લડતાં લડતાં દેહ ત્યાગ કરજે. મૃત્યુ એજ સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરવાનું દ્વાર છે. ઈશ્વર ત્હને આશીર્વાદ આપો."

પિતાની પાસેથી આજ્ઞા લઇને સિંહ શિશુ અશ્વારોહણ કરીને શત્રુના ઉપર તુટી પડયો. બાળકે યુદ્ધ ક્ષેત્રમાં અસીમ વીરત્વ બતાવ્યું અને અનન્ત નિદ્રામાં સૂતો. ત્હેને ભૂમિ ઉપર પડતાં જોઇ પિતા બોલી ઉઠયો: ધન્ય છે પ્રભો! ધન્ય ત્હમને! ત્હમારા સત્યની અને ત્હમારા ધર્મની રક્ષા કરતાં મારા બે પુત્રો વીર યોદ્ધાની પેઠે, વીરશય્યામાં સૂતા છે!"

ત્યાર પછી સિંહ પોતે યુદ્ધ ક્ષેત્રમાં ઉતર્યો. ગુરૂ ગોવિન્દસિંહ તે એક ખરેખરો સિંહજ હતો! ત્હેનું બળ, વીર્ય અને તેજ–પરાક્રમ એકઉન્મત્ત સિંહના જેવુંજ હતું. ત્હેના તેજ આગળ પ્રબળ મોગલ શક્તિનો પરાજય થયો. સેનાપતિ નાહરખાં ત્હેને હાથે ઘાયલ થયો, અને ખાજાં મહમ્મદ મરણ પથારીએ પડયો. પરંતુ તે વખતે સિંહ અતિશય બલહીન થઇ ગયો હતો, ફક્ત પાંચજ શીખ–વીર ત્હેની આસપાસ હતા. અને બીજા બધા અનન્ત નિદ્રાના ખોળામાં પડયા હતા! તે યુદ્ધમાં ગુરૂ ગોવિંદે પોતાના આત્માની આહુતિ આપવાનો આગ્રહ કર્યો પરંતુ જોડીદારોએ તેમ કરવા ના પાડી. તેના અકાળ મરણથી શીખ સમાજમાં મ્હોટી ખોટ જશે, એ વાત ત્હેમને તેઓએ ઘણી-વાર સમજાવી, અને તેથી તેમણે નિરૂપાય થઇ અંતે સાથીદારોની વિનંતી સાંભળી, મનમાં ઉતારી અને હઠ કરીને લઢવું એ તો માત્ર આત્મહત્યાનું નામાન્તરજ થાય છે. એમ જાણી તે તેમના વિચારને સંમત થયા.

યુદ્ધમાં કેટલાક મોગલ સેનાપતિઓ ઘાયલ થયા છે અને કેટલાક મરણ પામ્યા છે, એવું જાણતાંજ મોગલ છાવણીમાં ગભરાટ ફેલાઇ ગયો, એટલામાં સાંજનો વખત હોવાથી અંધકાર ફેલાઇ ગયો. ગુરૂએ આ સુયોગ જવા દીધો નહિ; તે ગુપ્ત રીતે રણસ્થળ ત્યાગ કરી ન્હાસી ગયા.

માર્ગમાંજ ગુરૂને માતાના સમાચાર મળ્યા. પરંતુ તે સમાચાર ઘણાજ દુઃખદાયક હતા. મોગલોના અન્યાય યુક્ત અત્યાચાર વડે તેના બન્ને પુત્રોને જીવતાં ભીંતમાં ચણી લેવામાં આવ્યા છે; અને તેજ દુઃખ સહન નહિ થવાથી ગુરૂ–માતાએ પણ પ્રાણ ત્યાગ કર્યો છે. વંશ રાખવાને માટે માતા, પુત્ર ગુરૂ ગોવિન્દની આજ્ઞાથી બે છોકરાઓને લઇને ન્હાસી ગયાં હતાં. પરંતુ પરમાત્મા એજ એક માત્ર જગતનો બનાવનાર છે. અને તેની જે ઇચ્છા છે તેજ પૂર્ણ થાય છે. ત્હેની સામાન્ય અવકૃપા થતાંજ માતા ગુજરીના બધા યત્નો નષ્ટ થયા. જગતમાં અક્ષયકીર્તિ આત્મત્યાગનાં ઉદાહરણો રાખવાને માટે વિધાતાએ ગુરૂ ગોવિન્દના વંશમાં અગ્નિ મૂકતાં પણ પાછું વાળીને જોયું નહિ.

આવી શોક–વાર્તા સાંભળવા છતાં ગુરૂના હૃદયમાં લેશ માત્ર પણ ખેદ થયો નહિ. તેઓ દેશનું ભવિષ્ય વિચારતાં વિચારતાં જ્ઞાનશૂન્ય થઇ પડયા! ત્યાર પછી, કેટલાંક વર્ષ પછી, ચિરસ્મરણીય મુક્તસરના યુદ્ધમાં મોગલોનો સંપૂર્ણ રીતે ખોડો કહાડી હરાવી–ગુરૂએ શીખ રાજ્યનો પુનરૂદ્ધાર કર્યો. તેમ કરવાથી ગુરૂપત્ની માઇ સુદરણે, અજ્ઞાતવાસ દૂર કર્યો અને પતિના પગ આગળ હાજર થઈ. તેજ વખતે તેણીએ એક વખત પોકાર કરીને કહ્યું કેઃ "આજે મ્હારા તે પુત્રો ક્યાં છે?" તેણીનાં શોકનાં આંસુ લુંછતાં લુંછતા ગોવિન્દસિંહે કહ્યું કેઃ "તેમને ગુમાવ્યા છે એ ખરૂં, પણ ત્હેમને બદલે સમગ્ર શીખ સંપ્રદાયનું હૃદય જીતી લીધું છે. તે બધાંજ ત્હારાં છોકરાં છે. તું તે બધાંને ત્હારો માતૃસ્નેહ વ્હેંચી આપ."

મહાપ્રતાપી, ધર્મ અને જાતિરક્ષક ગુરૂ ગોવિન્દસિંહ અને હ્હેના ચારે પુત્રોનું અપૂર્વ વીરત્વ આજે પણ પંજાબના ઇતિહાસનાં પાનાં ચળકાવી રહ્યું છે. હજારો જીહ્વા અને હજારો મુખ કરીને તે બોલી રહ્યાં છે કેઃ ધર્મ-વીર પુરૂષોનો જય! કર્મ વીર પુરૂષોનો જય!

૩૦-સ્વદેશને ખાતર સાત હજાર ભારત વીરોનું આત્મ બલિદાન.

किमपेक्ष्य फलं पयोधरान् ध्वनतः प्रार्थयते मृगाधिपः ।
प्रकृतिः खलु सा महीयसः सहते नान्यसमुन्नतिं यया ॥

श्री भारविः ।

અર્થાત્—ગર્જના કરતા મેઘની સામે, સિંહ જે પ્રતિગર્જન કરે છે, તે શું ફલની અપેક્ષાએ કે? નાહજ! એ તો મહાપુરૂષોની પ્રકૃતિજ એવી હોય છે કે જેને લીધે, તેઓ પરોત્કર્ષ સહન કરી શકતા નથી-અર્થાત્ (પોતે સામાના ઉત્કર્ષ કરતાં વિશેષ ઉત્કર્ષશાળી બને છે નહિ કે અદેખાઇ કરી સામાનું અનિષ્ટ ઇચ્છે છે.)

There is nothing which can resist an Indian archer's shot-neither shield nor breast plate, nor any stronger defence if such there be. (Arrian, Indica ch. XV.)

અર્થાત્—ભારતીય ધનુર્ધરના છોડેલા બાણુથી બચાવ થઇ શકે તેવુ કંઇ પણ નથી. જો ઢાલ અગર તેવું કંઇ પણ સબળ સાધન હોય તો તે પણ નથી.

(એરીઆન-ઈન્ડીકા-ચેપ્ટર ૧૫)

(૧) ઉપોદ્ઘાત.

આજથી દોઢ હજાર વર્ષ પહેલાંનુ ભારતવર્ષ એક જુદાજ પ્રકારનું હતું. કદાચ અસંભવિત સંભવિત થઇ જાય અને તે સમયનો કોઇ ભારતવાસી આ સમયે ઉપસ્થિત થઈ ભારતવર્ષનું નિરીક્ષણ કરે તો કોણ જાણે તેના મનમાં કેવા કેવા વિચારો ઉદ્દ્ભવે! એમ જણાય છે કે હમારી દશા જોઇને, જેમ સિંહણને પોતાને પેટે ગર્દભ જન્મેલું દેખી જેવું થાય તેવુંજ તેને આશ્ચર્ય થશે. અરે! હમે એવા નિર્બલ અને સ્વદુર્ગુણોને લીધે અન્યની આગળ ઘૃણાસ્પદ બની ગયા છીએ, અને વિચિત્રતો એ છે કે હમે હમારી યથાર્થ સ્થિતિ પણ સમજી શકતા નથી. સાંપ્રત સમયના ભારતવાસીઓ અને એલેકઝાન્ડરના આક્રમણ સમયના ભારતવાસીઓ વચ્ચે એટલુંજ અંતર છે કે, જેટલું તે સમયના ભારતવાસીઓ અને રામાયણાદિના સમયના ભારતવાસીઓ વચ્ચે હતું. અસ્તુ! એલેકઝાન્ડરના સમયના ભારતવાસીઓના ગુણગાનથી રામ, અર્જુનાદિના શૌર્યનું મહત્વ પ્રકટ થઇ શકે છે. જે સમયની ઘટનાનો ઉલ્લેખ હમે કરવા ધારીએ છીએ તે સમયે ભારતવર્ષ નાનાં નાનાં રાજ્યોમાં વિભક્ત થયેલું હતું. અખંડ શાસન—અચલ અમલ કોઇનો પણ નહોતો. મહાભારતના યુદ્ધ પછી પ્રાયઃ ભારત વર્ષની એવીજ દશા ચાલી રહી છે. ઐક્યભાવથી કામ કરવું એ ખરેખર ભારતીય નરપતિઓને વિસ્મૃત થઈ ગયું છે. ઇતિહાસકારોનો એવો મત છે કે કદાચ એકતાના સૂત્રથી બંધાઈ ભારતીય નૃપતિગણ વિદેશીયોની સામા થઇ ગયા હોતતો સંસારની કોઇ પણ શક્તિ તેને જીતવા સમર્થ થઈ શકત નહિ. પણ તે સાથે તે લોકોનુ કહેવું એમ પણ છે કે, વિભક્ત રાજ્યોના કારણથી આખું ભારત એકજ સપાટે જીતાઈ શકાયું નહિ; કારણકે એક રાજાને જીતવાથી કેવળ તેના રાજ્યપરજ તેનો અમલ થતો હતો, અને અન્ય નૃપતિઓ તો જેવાને તેવાજ

સ્વતંત્ર રહેતા હતા. નિદાન એક એક એમ સર્વને જીત્યા સિવાય સંપૂર્ણ ભારતપર આધિપત્ય થઈ શકતું નહોતું. હા, કદાચ એકજ રાજાનો અમલ હોત તો તેને જીતવાથી સમસ્ત દેશપર એકે ફેરેજ આધકાર પ્રાપ્ત કરવાનો સંભવ હતો.

જે સમયે દિગ્વજયી એલેકઝાન્ડર રોમ, મિસર, સીરિયા અને ઇરાન આદિ દેશોપર વિજય કરતો કરતો ભારતવર્ષ તરફ વધતો જતો હતો તે સમયે ઉક્ત દેશના પશ્ચિમોત્તર સીમાન્ત પ્રદેશોમાં તક્ષ-શિલા, અભિસાર આદિ, પ્રસિદ્ધ પ્રસિદ્ધ રાજ્ય સ્થાપિત હતાં. મહા-રાજ પુરૂ જેવા મહાવીર રાજા રાજ્ય કરતા હતા અને માલ્લ જેવી શૂર જાતિઓ ઉક્ત પ્રદેશના ગૌરવસ્વરૂપ બની રહી હતી. ધન, બલ, વિદ્યા, શિલ્પ અને વાણિજ્ય વગેરેથી સર્વ પ્રકારે દેશ પૂર્ણ હતો. પ-રન્તુ એકતા–સંપનોજ અભાવ હતો. અભિસારનો રાજા તક્ષશિલાના રાજાનો નાશ ઇચ્છતો હતો અને તક્ષશિલાનો રાજા, મહારાજ પુરૂનો અભ્યુદય સાંખી શકતો નહતો. શત્રુને મળી જઇ એક બીજાનો નાશ કરવા સર્વેએ મનમાં ધાર્યું હતું. આથી એલેકઝાન્ડર વિજયશાળી કેમ ન થાય? ભારતવર્ષમાં એ સમયે શૂરવીર લડવૈયાઓની સંખ્યા અગણિત હતી. સાધારણ સેના–નાયકગણ દસ દસ બાર બાર હજાર લડવૈયાઓનો સંચય કરી રાખતા હતા. અને યુદ્ધને સમય ભિન્ન ભિન્ન નૃપતિઓને પોતાની સુવિધા અનુસાર સહાયતા કરી રહેતા હતા. આવી સેનાઓ પોતાના દેશમાં તો નહિજ પણ બહારના દૂર દેશોમાં જઈ પોતાના અનુપમ શૌર્ય પ્રદર્શનથી સ્વદેશનું મુખ ઉજ્જવલ કરી રહી હતી. અને ઇરાનવાસીઓની સેનાને કેટલીએવાર સમ્મિલિત થઇ પોતાની અપૂર્વ ધનુર્વિદ્યાનો ખરેખરો પરિચય કરાવી દીધો હતો. શું શું ગ-ણીએ! સ્વયં–ખુદ એલેકઝાન્ડર પણ ભારતીયવીરોની ધનુર્વિદ્યા કબુલ કરતો હતો. પ્રસિદ્ધ ઇતિહાસકાર એરિયનનું કહેવું છે કે; "ભારતીય

ધનુષ્ય મનુષ્યના જેટલું લાંબુ હતું; તેના એક છેડાને જમીન ઉપર ગોઠવી હાથથી પ્રત્યંચા ખેંચી બાણુ છોડતા હતા. બાણુ ૭ હાથથી કંઈક ઓછું લાંબુ હતું. ભારતીય ધનુર્ધરના હાથે છૂટેલા બાણુથી બચાવ થવો ઘણો મુસ્કેલ હતો. ઢાલ અથવા એવી કોઇ પણ વસ્તુથી એની સામે રક્ષા કરી શકાતી નહિ. સર્વને છેદતું તે તેના લક્ષ્યસ્થાને પહોંચતુ હતું. આજે કોઇક એવાજ ધનુર્ધરોનું પુણ્યચરિત્ર વાંચકોની સમક્ષ રજુ કરવામાં આવે છે. જનની જન્મભૂમિના સપૂતોના વીરોચિત કાર્યોથી, તેમની અપાર સ્વદેશભક્તિથી, અને તેમના આત્મબલિદાનથી, કદી આપણી નાડીયોના રક્તમાં કંઇ પણ ઉષ્ણુતા ન આવે તો કહેવું પડશે કે હવે હિન્દુ જાતિ આવી રહી !

(૨) અશકુનિ (Assakonoi) દેશ અથવા યુદ્ધયોજન.

પંચકોડા અને સિન્ધુ નદીની વચ્ચેનો દેશ ઉક્ત નામથી વિખ્યાત હતો. દેશવાસીઓ ઘણાજ વીર્યવાન હતા. મહારાજ પુરૂ પણ વીરપુરૂષ હતા તેમની પાસે ૨૦૦૦૦ અશ્વારોહી ઘોડેસ્વાર અને ૩૦૦૦૦ પદાતિ–પાયદળ સૈન્ય અને ૩૦ હાથી હતા. સ્વાતંત્ર્ય પ્રિય હોવાના કારણથી પોતાનાપર ચઢી આવેલા એલેકઝાન્ડરને વશ થવાનો તેમણે અસ્વીકાર કર્યો. એટલુંજ નહિ પણ યુદ્ધને માટે તેઓ પ્રાણાર્પણ કરવાને તૈયાર થઇ ગયા. સૈન્યસંગ્રહનો પણ આરંભ થઈ ગયો. સાત હજાર ભારતવીરો તેમની સેનામાં આવી રજુ થઇ ગયા, આ ભારતીય વીરોના સેનાપતિ ઘણાજ રણકુશળ હતા; મહારાજ પ્રત્યેક વાતમ તેમનીજ સલાહ લેતા હતા. અને તેમનીજ સલાહથી મહારાજે મહાશૃંગ (massaga) ને પોતાના પ્રધાનદુર્ગ–મુખ્ય કિલ્લા તરીકે નિયત કર્યો. અહિંયાંજ પોતાના સૈન્યબળથી પૂર્ણ થઇને મહારાજે જગતવિજેતા એલેકઝાન્ડરની સામે સૈન્યને ગોઠવ્યું. આ દુર્ગનું કિંચિત્ વર્ણન વાચકોને આ સ્થળે અરૂચિકર થઈ પડશે નહિ.

આ દુર્ગની પૂર્વમાં ઉગ્ર ગતિથી વહેતી એક પહાડી નદી પોતાના તરંગોથી જાણે શત્રુઓનો ઉપહાસ કરી રહી હતી. આ તરફથી દુર્ગ પર આક્રમણ કરવું અસંભવિત હતું. પશ્ચિમ અને દક્ષિણબાજુએ ખાડા ટેકરાવાળી ખડબચડી પહાડીયોને લીધે માર્ગ મળવાનો અસંભવ હતો, કેવળ ઉત્તર બાજુને પ્રકૃતિ દેવીએ અરક્ષિત રાખી હતી. પરન્તુ આ બાજુ મહારાજના સુપ્રબન્ધથી સુવ્યવસ્થિત હતી. આ પ્રમાણે પ્રાયઃ ચાર માઇલથી શહેર સુરક્ષિત હતું. યથાસ્થાને ઇંટ, પથ્થર અને લક્કડ વગેરે સર્વનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની આગળ એક જલપૂર્ણ ઘણી ઉંડી ખાઈ હતી. વીર ભારતીય સૈનિકો ધનુષ્યબાણ લઇને આ બાજુ તરફથી શત્રુના ગર્વનો ધ્વંસ કરવાને ખડા હતા. અહીંયાંજ પોતાની માતૃભૂમિનું ગૌરવ સ્થાપિત કરવાની યોજનાનો આરંભ થયો હતો. અહીંયાંજ વીર ભારતવાસીઓ રણચંડીની પૂજાનું વિધાન કરી રહ્યા હતા. એલેકઝાન્ડર દુર્ગની સુવ્યવસ્થા અને ભારતવાસીઓનો અપ્રતિમ ઉત્સાહ મુક્તકંઠે ગાવા લાગ્યો. એલેકઝાન્ડરે ભારતવાસીઓને પોતાના પક્ષમાં લાવવા વિવિધ પ્રકારની યુક્તિઓ રચી, વિવિધપ્રકારના લાભ દર્શાવ્યા, પરન્તુ વીર ભારતવાસી તો અટલજ રહ્યા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે; "વિશ્વાસઘાત કરવો એ કાયરોનુંજ કામ છે. અમારૂં નહિ;" એમ કહી તેમણે બાણો વર્ષાવવાનો આરંભ કર્યો. ગ્રીક શિબિરોમાં હાહાકાર મચી રહ્યો. સૈનિકો ભાગવાની તૈયારીમાં હતા એટલામાં ત્યાં સ્વયં એલેકઝાન્ડર આવી ઉભા રહ્યા; પોતાના સૈનિકોને તેમણે ઘણુંજ આશ્વાસન આપ્યુ; પરંતુ બાણોની એવી ઝડી લાગી રહી હતી કે તેમણે પણ ત્યાં ઉભા રહેવું ઉચિત ધાર્યું નહિ. એટલામાં દુર્ગના એક ભારતીય વીરે પોકારી કહ્યું કે;—" ઓ, એલેકઝાન્ડર! તું નાના નાના દેશોની સ્વતંત્રતાનો નાશ કરવા ફરે છે તેથી તને ઘણુંજ અભિમાન વધી ગયું છે અને તેથી અન્યનું હિત અહિત

તું જાણતો નથી. આ સમય તું હમારા લક્ષમાં છું. હમે કદી ધારીએ તો તને મારી નાંખીએ અને સંસારનાં સર્વ સંકટોનો અંત લાવી દઈએ; પરન્તુ હમે લોક, રાજવધ કરવો ઉચિત ધારતા નથી. આ કારણથી એક સાધારણ બાણથી તને ઘાયલ કરી નાંખીએ છીએ. બસ હવે તું અહીંથી ચાલ્યો જા અને આ દુર્ગ લેવાનો સંકલ્પ ત્યજી દે; તેમાંજ તારી ભલાઇ છે." એટલામાં એલેકઝાન્ડરને એક સામાન્ય બાણ વાગ્યું અને તેથી તે ઘાયલ થઇ ધરાશાયી થઇ પડયો. થોડીજવારમાં રણસ્થળમાં ગભરાટ થઇ રહ્યો; એટલામાં એલેકઝાન્ડર પોતાના ઘોડાપર પુનઃ આરૂઢ થયેલો જણાયો. તેણે સંકેતદ્વારા પોતાની સેનાને પાછા હઠવાને સૂચવ્યું અને અલ્પ સમયને માટે યુદ્ધ બંધ પડયું.

(૩) "યુદ્ધ અને દુર્ગપતન"

ત્રણ ચાર દિવસ પર્યન્ત આ પ્રકારે યુદ્ધ ચાલુ રહ્યું, પરંતુ ભારતીય વીર નરોએ બાણો વર્ષાવવાથી એલેકઝાન્ડરના મનોરથ નિષ્ફળ નીવડયા. છેવટે તેણે એક યુક્તિ શોધી કાઢી. રાત્રિ સમયે જ્યારે યુદ્ધ બંધ પડતું ત્યારે તે ખાઈની નજીક એક દિવાલ બનાવવાનો આરંભ કરતો હતો. આથી એલેકઝાન્ડરની આશા સર્વાંશે સફળ થઇ. યુદ્ધારંભના નવ દિવસમાં જ્યારે એ દિવાલ શહેરના કોટની ઉંચાઈ બરાબર તૈયાર થઇ ગઇ ત્યારે તેણે કાર્ય કુશળતાથી રાત્રિને સમયે એ દિવાલો અને કોટની સહાયતાથી ખાઈ ઉપર પુલ બાંધી દીધો. જ્યારે એ સમાચાર મહારાજને પહોંચ્યા ત્યારે તે ઘણાજ ગભરાયા અને તુરત સૈન્ય લઇ તે સ્થળ પર જઈ પહોંચ્યા. ત્યાં જોયું કે ભારત વીરોની બાણવર્ષા ને અસિપ્રહાર આડે ગ્રીકસેના ઘણી મુશ્કેલીથી આગળ વધવાનો યત્ન કરે છે છતાં પણ તે સફળતા મેળવી શકતી નથી. આ સમયે ભારતીય સેના પૂર્ણ પરાક્રમ પ્રદર્શિત કરી રહી હતી; પરંતુ અફસોસ!

મહારાજ એટલા બધા તો ગભરાઇ ગયા કે તેમણે સ્વયંયુદ્ધ કરવાની ઇચ્છા પ્રકટ કરી; એટલુંજ નહિ પણ તેમણે કહ્યું કે ભારતીય સેના બાણુ યુદ્ધમાંજ કુશળ છે અને બાણ–યુદ્ધ નજીકથી સારી રીતે થઇ શકતું નથી. હાલ ગ્રીક સેના અને અમારી સેના એક બીજા સાથે તદ્દન સેળભેળ થઇ ગઇ છે. આ કારણથી એવા સ્થળપર હમે હમારી સઘળી સેનાની સાથે ઉભા રહી યુદ્ધ કરીશું. ભારતીય સેનાને દુર્ગના ઉચ્ચતમ સ્થાન પરથી બાણવૃષ્ટિ કરવાની આજ્ઞા મળી; સેનાપતિએ આ આજ્ઞા સામે ઘણો વાંધો ઉઠાવ્યો. પણ મહારાજે તેપર કંઈ લક્ષ આપ્યું નહિ. અન્તે ભારતીય સેનાને તે સ્થળ છોડીને ઉપર જવું પડયુ. જ્યારે ભારતીય સેના ત્યાંથી હઠી ત્યારે મહારાજની સેનાને ગ્રીક સેનાએ ઘણીજ હઠાવી દીધી; આ સમયે મહારાજનાં ઉત્સાહિત વચનોથી સેનામાં ખૂબ જોશ ફેલાયો પરંતુ એલેકઝાન્ડરના અટલ પ્રતાપની સામે સર્વેને શિર ઝુકાવવું પડયું.

ગ્રીક શિબિરમાના એક યંત્રથી એક એવોતો વિનાશક ખંડ ફેંકવામાં આવ્યો કે જે બરાબર મહારાજના માથામાં વાગ્યાથી તેમની ખોપરી ફાટી ગઇ; રક્તની ધારાઓ વહેવાથી મહારાજ ધરાશાયી થયા અને તેમના શરીરરૂપી પાંજરામાંથી પ્રાણરૂપી પંખી ઉડી ગયું. આ સમાચાર દુર્ગમાં પવનવેગે ફેલાઇ ગયા. સર્વલોક નિરાશ થઈ ગયા, ગ્રીક લોકો વિશેષ ઉત્સાહિત થઇ ગયા અને તેઓ કિલ્લામાં ઘૂસી આવ્યા. ભારતીય સેનાનાયકે પોતાની સેનાને ઘણીજ ઉત્સાહિત કરવા માંડી, પણ પુનઃ કોઇએ યુદ્ધ કરવાની હિમ્મત ભીડી નહિ. વીર ભારતવાસીઓને છોડીને બાકીનાં બધાંએ આત્મસમર્પણ કર્યું. વિધવા મહારાણીએ રાજપુત્રને એલેકઝાન્ડરના ખોળામાં બેસાડયો. તેમણે રાણીને અભયદાન આપ્યું. અને ભારતીય સેનાનાયકને તેમણે લખી મોકલ્યું કે; "તમારી વીરતાથી હમે સંતુષ્ટ થયા છીએ. હવે તમે

અમારી સેનામાં મળી જાઓ તો અમે તમારૂં ઉચિત સન્માન કરીશું.” ભારતીય સેનાનાયકે ઉત્તરમાં કહાવી મોકલ્યું કે “ખરેખર આપ વીર છો. વીર પુરૂષ વીરની યોગ્યતા પીછાણે છે. આપ હમારૂં સન્માન કરશો એમાં કોઇ પ્રકારનો શક નથી. આપ જેવા જગતવિજેતા વીર-પુરૂષની સેનામાં રહેવાથી સર્વની યોગ્યતાનો યથોચિત ઉપયોગ થશે; પણ અમો સર્વને એક બે આપત્તિઓ આડે આવે છે; તેનો નિકાલ થઇ જતાં હમો શ્રીમાનની સેનામાં સમ્મિલિત થઇને આપના આજ્ઞા-કારી સૈનિક કહેવાવાનું સન્માન પ્રાપ્ત કરીશું.” આ ઉત્તર સાંભળી એલેકઝાન્ડર અત્યંત પ્રસન્ન થયા. તેમણે તરતજ ભારતીય સેનાના નાયકને બોલાવા મોકલ્યા. તેમના હાજર થયા પછી એલેકઝાન્ડરે તેમને કહ્યું, “તમો સર્વથી હું ઘણોજ પ્રસન્ન થયો છું. હજુ અમારે આ દુર્ગનો કેટલોક પ્રબન્ધ કરવાનો છે ત્યાં સુધી તમે સર્વ અહીંથી નવમાઇલ દૂર પહાડી છે ત્યાં વિશ્રામ કરોઃ કાલ અગર પરમ હું તમારી સર્વ આપત્તિયો સાંભળીશ અને યથાસાધ્ય તેમને દૂર કરવાના ઉપાય યોજીશ. તમારાપર હમારો પૂર્ણ વિશ્વાસ છે અને તમને અમારી સેનામાં સમ્મિલિત કરવાથી અમો અમારા સૈન્યબળને અધિક દૃઢ થયેલું સમજીશું. એ વાતથી હવે તમે નિશ્ચિન્ત રહો અને નિર્ભય થઇ પોતપોતાનાં બાલબચ્ચાં સહિત તે સ્થાનમાં રહી અમારી આજ્ઞાનુ-સારવર્તો.” વીર ભારતીય સેનાનાયક આ યોગ્ય ઉત્તરથી સન્તુષ્ટ થઇ નિર્માણ કરેલા સ્થાનપર સૈન્યસહ ચાલ્યા ગયા.

બીજે દિવસ એલેકઝાન્ડરે ભારતીય સેનાની અડચણો પૂછી મંગાવી, જેના ઉત્તરમાં ભારતીય સેના નાયકે પોતાની સર્વ અડચણો વર્ણવી. જેમાંની મુખ્ય ત્રણ હતીઃ—

(૧) મેસીડોનિયન લોકો કરતાં અમારૂં સન્માન કોઇ પણ વાતે ન્યૂન નહિ થવું જોઇએ.

(૨) તમારે અમારા ધાર્મિક અને સામાજીક વ્યવહારોમાં પણ હાથ ઘાલવો નહિ.

(૩) જે સેના ભારત વિજય કરવા જાય તેમાં અમને મોકલવા નહિ; કારણુ કે દેશ દ્રોહિઓની માફક અમે સ્વદેશીઓની વિરૂદ્ધ શસ્ત્ર નહિ ઉઠાવી શકીએ.

ભારતીય વીરોની આ સર્વ આપત્તિઓને એલેકઝાન્ડરે ખુબ ધ્યાન પૂર્વક સાંભળી; પ્રથમની બે ઉપર તો તેને એટલો આગ્રહ નહોતો, પરંતુ અંતિમ શર્તતો ઘણીજ સખ્ત હતી. વાસ્તવમાં ભારતમાં આગળ ઉપર ચઢાઈ કરવા માટે તેણે તેમની અધિક સહાયતા લેવા ધારી હતી. આથી એ શર્ત માનવાને માટે તે તૈયાર ન થયો. તે એટલું પણ જાણતો હતો કે ભારતવાસી પોતાની વાતને કદી છોડતા નથી. આ કારણથી આ સેના પોતાના નિશ્ચિત પથ પરથી કદાપિ વિચલિત થનાર નથી, ત્યારે વારૂ તેનો ઉપયોગ પણ શો ? આથી એલેકઝાન્ડરે વિચાર્યું કે તેઓને એમને એમ જવા દેવા; પરન્તુ છેવટે તેણે વિચાર્યું કે આવી ઉત્તમ સેનાને એમ ચાલી જવા દેવાથી શત્રુપક્ષની સેનાના બળની વૃદ્ધિ થવાની. તેમના અતિરિક્ત વિશ્વાસપાત્ર થવાના કારણથી એ સૈનિકો અમો સર્વની યથાર્થ સ્થિતિ પણ જાણી ગયા છે, આવી દશામાં તેમના જીવતાં જાગતાં ચાલી જવાથી અમોને ઘણી હાનિ છે. નિદાન બહુ તર્ક વિતર્ક કર્યા બાદ તેણે એવો નિશ્ચય કર્યો કે રાત્રિએ સૂતી વખતે આક્રમણ કરી સમસ્ત સૈન્યસમૂહ સમામ કરી નાંખવો.

(૪) વિશ્વાસઘાત અને ઘોર યુદ્ધ.

મધ્યરાત્રિનો ભયંકર સમય છે. મહાઘોર અંધકાર વ્યાપી રહ્યો છે. ચંદ્રનો અસ્ત થયાને હજુ ઘણી વાર થઈ નથી, વાયુ પોતાની મંદ ગતિથી વહી રહ્યો છે; કોઇપણ જગ્યાએ પશુપક્ષિ આદિનો સ્વર સાંભળવામાં આવતો નથી. પણ હા, આ પહાડી પર કંઇક જણાઈ

આવે છે. ત્યાં આ સમયે એલેકઝાન્ડરના વચન પર વિશ્વાસ રાખનારી સમસ્ત ભારતીય સેના નિદ્રા દેવીની ગોદમાં પડી પડી આનંદાનુભવ કરી રહી છે. પરંતુ આ શું! આ ઘોડાના ડાબલાનો અવાજ કેવો સંભળાય છે! આ તો ઘોડેસ્વારો છે. એક, બે, ત્રણ, ચાર અરે! તેમની સંખ્યા વધતી જાય છે! આ તો આખી સેના છે! જુઓ પેલો એલેકઝાન્ડર પણ તેના પ્રિય ઘોડાપર સ્વાર થઇ પહાડીપર ચઢવા લાગ્યો! વાતની વાતમાં સેના પહાડ ઉપર ચઢી ગઇ. હવે સર્વે જણ એલેકઝાન્ડરના મ્હોઢા સામું તાકી રહ્યા છે. આ જુઓ! તેની આજ્ઞા મેળવતાંજ તેઓ સઘળા, બિચારા નિદ્રાગ્રસ્તો ઉપર પ્રહાર કરવા મંડી પડયા છે. બસ, એલેકઝાન્ડર! બસ, થઈ ચૂકયું! તારી ન્યાય પરાયણતા સ્પષ્ટ થઈ ગઈ! સાંભળ્યું હતું કે તું ખરેખરો વીર છે. શું સૂતેલી સેના પર આક્રમણ કરવું એ વીરતાનું ચન્હ છે! શું વચનભ્રષ્ટ થવામાંજ ખ્યાાત છે! એલેકઝાન્ડર! તારૂં ચરિત્ર નિષ્કલંક હતું. પરંતુ શું તારા આવા ઘાતકી કાર્યને જોઇને પણ અમે તેને નિષ્કલંક કહીએ! તારા પક્ષના એરિયન આદિ ઇતિહાસકારો તારા બચાવને માટે ભલે ગમે તેટલા પ્રયત્નો કરે, પણ અત્રે તો ડાયોડોરસ આદિ નિષ્પક્ષપાત ઇતિહાસકારોનીજ વાત મનાશે! જા! એલેકઝાન્ડર તું સદાને માટે કલંકિત થઇ ગયો! તારા ચરિત્રરૂપી સફેદ ચાદરપર ઘૃણિત કાર્યરૂપી કાળો ડાઘ લાગી ગયો! તારા પક્ષવાળાઓ ચાહે તેટલી યુક્તિરૂપી સાબુથી ધુએ પણ આતો પાકો ડાઘ છે. જ્યાં સુધી ચાદર મોજુદ છે ત્યાં સુધી આ ડાઘ ભુંસાશે નહિ. ઠીક, ભારતીઓ! શું તમે પણ તેવી કદરદાની બતાવશો કે? નહિ, નહિ. આ જુઓ ભારતીય સિંહ જાગી ઉઠયા! અહા કેવી કુશળતાથી એ સર્વેએ જોતજોતામાં એક ચક્ર વ્યુહની રચના રચી દીધી! પ્રત્યેક વીર સિપાઇ ચક્રના અગ્ર ભાગમાં અસ્ત્રશસ્ત્રથી સજ્જિત થઈ આવી ઉભો. તેમણે

બાળક, અબળા, વૃદ્ધ અને અસ્ત્રરહિત લોકને વચ્ચે રાખી દીધા, સુશોભિત મ્યાનમાંથી તરવારો ખેંચવામાં આવી. આ અંધારી રાત્રે, આ શૂન્યવત્ પહાડીપર જાણે હજારો વિજળીઓ એકી સાથ ચમકી રહી; તે સમયે મેઘગર્જના સમાન એક શબ્દ સંભળાયો. ભારતીય સેનાનાયકે પોતાના પક્ષવાળાને સંબોધીને કહ્યું; "વીરો! શું તમે સમજી શકો છો કે શા માટે તમારા ઉપર આવું ચક્ર ચલાવવામાં આવ્યું છે? આ વખતે વધારે કહેવાનો સમય નથી. તો પણ ન જાણતા હો તો જાણી લ્યો કે; તમે સર્વેએ સ્વદેશની વિરૂદ્ધ અલેકઝાન્ડરને સહાયતા કરવાનું વચન ન આપ્યું! બસ, આજ કારણથી આ નરાધમે સ્વપ્રતિજ્ઞા તોડી ધર્મથી મ્હોં મરડી, કાયરતાથી મૈત્રી જોડી; નીચતાની હોડમાં-શરતમાં સર્વથી આગળ જવા ઇચ્છા કરી છે! એવા સમયમાં મિત્રો, આપણુ સર્વનું એ પવિત્ર કર્ત્તવ્ય છે કે યુદ્ધમાં પરાઙ્મુખ ન થવું અને આ દુષ્ટોને દેખાડી દેવું કે હમે લોક સ્વ-કર્ત્તવ્યપાલન આગળ જીવનને તુચ્છ સમજીએ છીએ! ખબરદાર! ભારત માતાનું મસ્તક નીચું ના નમે! યાદ રાખો કે **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**"—સર્વ સૈનિકોના અંતિમ વાકયના પ્રતિઘોષ–નાદથી આકાશ ગાજી ઉઠયું. યુદ્ધનો આરંભ થઇ ગયો. પ્રહારો શરૂ થયા. લોહીની નદીઓ વહેવા લાગી. મુડદાંના ઢગલા થઇ પડયા અને પ્રાતઃકાળ થયો, પરંતુ યુદ્ધ અવિરામપણે-અટકયા સિવાય ચાલુજ રહ્યું. સૈનિકગણની આવી દશા હતીઃ—

आनन औरै ओप, भुज फरकत हरषत हियो ।
भये अरुन दृग कोप, देखा देखी दुहुंन सों ।
ताते करे तुरंग, अंग अंग उमगे सुभट ।
चढयों चौगुनो रंग, सूरन के तन बदनमें ॥

(हम्मीर हठ)

આ યુદ્ધનો કંઇક આભાસ નિમ્ન લિખિત પદ્યો વાંચવાથી થઈ શકે છે.

चौ०—खुली खड्ग को करै सुमार । रनमें परी भयंकर मार ॥
लगी दुहुं दिसि दारुन चोटैं । घायल परे भूमि पै लोटैं ॥
अंग भंग रन फिरैं तुरंग । लगे दाव जिमि विपिन विहंग ॥
जरजर गात जात मग भागे । विकल वितुंड बान बहु लागे ॥
ढीले धनुष भये जिह टूटे । भेखाली निखंग सर खूटे ॥
दुहू ओर पिलि चले तुरंग । परीमार ने जन के संग ॥
हांकि हांकि रिपु हनै सजोर । बरखैं अस्त्र शस्त्र अति घोर ॥

(૫) અંત.

નિદાન એ સાત સહસ્ત્ર વીર એટલી પ્રચંડ મેસીડોનિયન સેનાની સામે ક્યાં સુધી લડી શકે? ધીરે ધીરે સર્વ અસ્ત્રધારી યોદ્ધા ખપી ગયા. આ વાત ભારતભૂમિને માટે ગૌરવરૂપ છે, કે જેના અસ્ત્રધારી સપૂત સૈનિકો શરીરમાં જીવ રહેતા સુધી પરતંત્ર થયા નહિ અને દેશદ્રોહી બનવાની અપેક્ષા રાખ્યા કરતાં આત્મબલિદાન આપવું એ ઉચિત સમજ્યા. એક પ્રસિદ્ધ પ્રાચીન ઇતિહાસકારે તે સભારીને કહ્યું છે કેઃ—

They met a glorious death which they would have disdained to exchange for a life and with dishonour."

અર્થાત્—" તેમણે વીરોચિત મૃત્યુ પ્રાપ્ત કર્યું. તેઓએ તેને બદલે સન્માન રહિત જીવનને ખરેખર ધિક્કાર્યું હોત." ગમેતેમ હો તો પણ આ પ્રકારે સાત સહસ્ત્ર સ્વદેશભક્ત ભારતવાસી વીરનો અંત આવી ગયો. અફસોસ કે જે મહાપુરૂષે આ પ્રકારે આત્મબલિદાન આપ્યું; તે સંબંધે

જે કંઇ પણ જાણુતો નથી તે આપણા દેશનોજ નથી, એમજ જાણવું. તે ભારતના કયા પ્રાંતના રહેનાર હતા, કઇ જાતિના આભૂષણુરૂપ હતા અને તે મહાશય સેનાનાયકે કયા નામને પવિત્ર કર્યું હતું, તેથી અમે અજ્ઞાત છીએ; કહેવું જરૂરનું નથી કે અમે પુરેપૂરા કૃતઘ્ન છીએ. આપણા દેશને ખાતર આ પ્રકારે પ્રાણ અર્પણ કરનારના વિષય પરત્વે અમને જે કંઇ મળે છે તે તેમના શત્રુપક્ષે લખેલા ઐતિહાસિક ગ્રંથોથી પ્રાપ્ત થયું છે. પણ એવા પ્રબળ શત્રુની યથાર્થ કાર્ય પ્રણાલી એ લોકો શા માટે લખે? તેમના લખેલા ઇતિહાસ યથાસ્થિત હોતા નથી, અને ખ્રિસ્તિ ઇતિહાસ લેખકોના સંબંધમાં અમેરિકન વિદ્વાન (Draper) ડ્રેપરની નિમ્ન લિખિત સમ્મતિ સર્વથા વિચારણીય છેઃ—

The Christian writers of Europe on all manners of Subjects, whether of History, Religion or Science have followed a similar course. It has been their constant practice to hide what they could not depriciate and depriciate what they could not hide.

અર્થાત્—યુરોપીય ખ્રિસ્તિ લેખકો દરેક વિષયોના સંબંધમાં પછી તે ગમે તો ઇતિહાસ, ધર્મ અગર વિજ્ઞાન શાસ્ત્ર સંબંધીનો હોય તોપણ તેમાં તેઓ આજ માર્ગ અનુસરે છે. જે વર્ણનનું મૂલ્ય ઓછું આંકી શકાતું નથી તે છુપાવવું અને જે છુપાવી શકાતું નથી તેનું મૂલ્ય ઓછું કરી નાંખવું એ તેમની હમેશની શૈલી છે.

જે હોય તેમાંથી એટલું તો અવશ્ય નિકળી આવે છે કે અમે ગ્રીક ઇતિહાસ લેખકો પાસેથી પૂર્ણપણે આદરણીય ભારતીય વૃત્તાન્તોને જાણી શકતા નથી.

શું કોઇ યોગ્ય મહાશય ઇતહાસવેત્તા આ સ્વદેશભક્ત ભારતરત્ન સાત હજાર વીર સૈનિકોના વિષયમાં કંઇ પણ ઉદાત્તપણે લખી શકશે

૩૧–પૃથ્વીરાજ અને સમરસિંહ.

સમરસિંહ સંવત્ ૧૨૦૬ માં જન્મ્યા હતા. ચિતોડના રાજભાટોએ તેમના જીવનચરિત્રનું વર્ણન ઘણા વિસ્તારથી કર્યું છે ખરૂં, તથાપિ અમે મહાકવિ ચંદબારોટના પૃથ્વીરાજરાસામાંથી તેમનું અને પૃથ્વીરાજનું વર્ણન લખીએ છિયે. અને એ ચરિત્ર લખતાં પહેલાં એક અતિ ઉપયોગી ઐતિહાસિક વૃતાન્ત આપવાનું દુરસ્ત ધારીએ છીએ; તે વૃતાન્તથી પૃથ્વીરાજ કોણ હતો, અને તે સમયે ભારતવર્ષના કયા પ્રદેશમાં કયો હિંદુ રાજા રાજ્ય કરતો હતો તે જણાશે. પૃથ્વીરાજરાસામાં લખ્યું છે કેઃ–"મહાકાય ચાલુક્યરાજ ભોળોભીમ અણહિલપુર પાટણ નગરમાં રહેતો હતો. આબુ પર્વતમાં પરમાર વંશનો રાજા જિત્ રહેતો હતો, તે રણના મેદાનમાં ધ્રુવ નક્ષત્રના જેવો અચળ હતો. આ સમયે મેવાડમાં સમરસિંહ રાજ્ય કરતા હતા. તે અતુલ પરાક્રમી નૃપતિઓની પાસેથી પણ કર લઇ દિલ્લીશ્વરના શત્રુ દુરંત યવનોનો માર્ગ રોકવામાં પ્રચંડ લોઢાના સળિયાની પેઠે બિરાજતા હતા. મરૂભૂમિના પ્રતાપ સ્વરૂપ પોતાના બળથી બળવાન, નિડર, તેજસ્વી, મંડોર રાજ્યનો રાજા નહિરાય, એઓની વચમાં રહેતો હતો. દિલ્લી નગરમાં સર્વનો અધીશ્વર રાજાધિરાજ મહારાજ અનંગપાળ રહેતા હતા; મંડોર, નાગોર, સિંધુ, જલાવત્ અને તેની આસપાસના શહેરોના રાજાઓ પેશાવર, લાહોર, કાંગડા અને પર્વતના અધિનાયકો, તથા કાશી, પ્રયાગ ને ગઢ દેવગિરિના અધિપતિયો એમનો હુકમ અતિ વિનીતભાવથી શિરોધાર્ય કરતા અને તે પ્રમાણે ચાલતા હતા. અને તેઓ તેમના પ્રચંડ પરાક્રમના ભયથી સર્વદા ડરતા રહેતા હતા." આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે દિલ્લીના છેલ્લા તોમાર સમ્રાટના રાજત્વની વેળાએ જે સઘળા હિંદુ રાજાઓ ભારતના જુદા જુદા ભાગમાં પોતપોતાના રાજ્યમાં રહેતા હતા, તેઓમાં અનંગપાળ સર્વથી ઉચ્ચાસનનો અધિકારી હતો.

ભટ્ટીઓ જાબાલિસ્થાનથી માર ખાઇને ભારત ભૂમિમાં પાછા આવ્યા તે પછી તેઓએ થોડા વખતમાં પંજાબમાં શાલિવાહનપુર, તન્નોટ અને મરૂભૂમિમાંનું લદુર્વાપટ્ટન તાબે કરી લીધું; અને દેરયાલ નગર સ્થાપન કરીને, જે વેળાએ ચહુઆણવીર પૃથ્વીરાજ દિલ્લીના તખ્ત ઉપર બેઠો તે વેળાએ પ્રસિદ્ધ જેસલમીર નગર વસાવવાની તેઓ કોશીશ કરવા લાગ્યા. તે વખતે તે નગર બહુ પ્રસિદ્ધિમાં નહોતું. એ નગર વસાવવાની આગાઉ તેઓ તે અપ્રશસ્ત ભાગમાં રહીને ખલિફાના સેનાપતિની સાથે લઢાઇઓ કર્યા કરતા હતા. બન્ને પક્ષમાં ઘણુંખરૂં ભયંકર યુદ્ધ થતું. તે સર્વે લઢાઇઓમાં ભટ્ટીલોકો સમયે સમયે જય મેળવતા, અને એમ લાગતું કે સિંધુ નદીના કિનારા ઉપરના તક્ષક રાજાની રાજધાની પર્યંતના પોતાના પૂર્વ પુરૂષોના વિસ્તૃત રાજ્યનો તેઓ પાછો ઉદ્ધાર કરી શકશે.

જે વેળાએ મુસલમાનોના બળને લીધે ભારતવર્ષમાં મહા ગરબડ મચી રહી હતી, તે વેળાએ ભટ્ટીલોકો સંકીર્ણ રાજ્યમાં રહીને રાજનીતિના સંબંધમાં ઘણીજ થોડી ઉન્નતિ કરી શક્યા હતા. ચહુઆણરાજ દિલ્લીશ્વર પૃથ્વીરાજના શાસનસમયમાં તેઓની ઉન્નતિ શરૂ થઇ. એ વખતથીજ તેઓનું શૌર્ય ધીમે ધીમે વધવા માંડ્યું. ભરતખંડના ઇતિહાસમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, પૃથ્વીરાજના આધીનમાં અખિલેશ નામનો એક પ્રસિદ્ધ સેનાપતિ હતો; તે આ ભટ્ટી રાજાનો ભાઇ હતો.

પ્રથમ જણાવવામાં આવ્યું છે કે, મહારાજ અનંગપાળ તે વખતમાં ભારતવર્ષનો સાર્વભૌમ અધિપતિ હતો. તે દિલ્લીના પ્રથમ તોમાર વીલનદેવથી ઓગણીસમો રાજા હતો. મહારાજ વિક્રમાદિત્યના વખતથી ભારતવર્ષનું પાટનગર ઉજ્જયિની થવાથી યુધિષ્ઠિરનું લીલાસ્થળ પ્રાચીન ઇંદ્રપ્રસ્થ નગર (જૂની દિલ્લી) સેંકડો વર્ષથી શોચનીય

સ્મશાનભૂમિ જેવું બની ગયું હતું. ઘણો સમય રાજવૈભવથી ભ્રષ્ટ દશામાં રહ્યા પછી તેની પૂર્વસ્થિતિનું પ્રકાશન કરનાર તે વીલનદેવજ હતા. એ વીલને અસાધારણ યત્ન અને ઉદ્યોગથી ઇન્દ્રપ્રસ્થની પ્રથમની શોભા પાછી આણી. તેનાજ વંશમાં અનંગપાળ યુધિષ્ઠિરના રાજસિંહાસન ઉપર બેઠો હતો. તેને પુત્ર ન હોતો, માત્ર બે પુત્રીઓ હતી; તેમાંની એક કમળાદેવી અજમેરના રાજા સોમેશ્વરને દીધી હતી, તેને પેટે પૃથ્વીરાજનો જન્મ થયો. અને બીજી કનોજના રાઠોડ વિજયપાળને દીધી હતી, તેને પેટે જયચંદ્ર થયો. જયચંદ્ર અને પૃથ્વીરાજ બન્ને દિલ્લીશ્વર અનંગપાળના દૌહિત્ર હતા; એમાં જયચંદ્ર ઉમ્મરે મોટો હતો. એ બંને માતામહના સમાન સ્નેહ અને આદરને પાત્ર હોવા જોઇએ; પરંતુ જયચંદ્ર પોતાના દુર્ભાગ્યથી તેવા સ્નેહ અને આદરને યોગ્ય થઇ શક્યો નહિ. મહારાજ અનંગપાળ અપુત્ર હતા, અને નાના દૌહિત્ર પૃથ્વીરાજના ઉપર વિશેષ પ્રેમ રાખતા હતા, તેથી તે પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાના વિશાળ રાજ્યનો ભાર પૃથ્વીરાજને સોંપીને પોતે બદરીનાથ ગયા.

જયચંદ્ર નિરાશ થયો. માતામહનું સિંહાસન પોતાને મળવાની તેને આશા હતી, અને તે આશા પૂર્ણ કરવાનો તેનો અધિકાર પણ હતો, કેમકે તે મોટી પુત્રીનો કુંવર હતો; પરંતુ દુર્ભાગ્યથી તેની આશા પૂર્ણ થઇ નહિ. તે વેળાએ પૃથ્વીરાજની ઉમ્મર ફક્ત આઠ વર્ષની હતી; તથાપિ મહારાજે ઉમ્મરમાં મોટા જયચંદ્રને સિંહાસન ન આપતાં તેનેજ સામ્રાજ્યમાં અભિષિક્ત કર્યો! આવા અન્યાય—પક્ષપાતથી જયચંદ્રનું હૃદય ઘણું દુઃખિત થયું. ભયાનક ઇર્ષ્યાગ્નિ તેના હૃદયમાં બળવા લાગ્યો; અને એ વિષમ અગ્નિનું નિવારણ કરવા જતાં તેણે પોતાના પગમાં કુહાડો માર્યો તથા તેજ સાથે સમસ્ત ભારતભૂમિનો સર્વ નાશ કર્યો. પૃથ્વીરાજ દિલ્લીના તખ્ત ઉપર બેઠાથી

તેણે તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું નાહ; અને જેથી પોતે સમસ્ત ભારતભૂમિનો એકછત્રી ગણાય એવી રીતનું કાર્ય કરવા લાગ્યો. મંડોરનો પુરીહર રાજા અને અણુહિલપુર પાટણનો અધિપતિ એતો ચહુઆણ કુળના હમેશના દુશ્મન હતા. તેમણે આ અંદર અંદરના કુસંપની વેળાએ જયચંદ્રનો પક્ષ લીધો અને તેને પૃથ્વીરાજની સામે ઘણો ઉશ્કેર્યો. પૃથ્વીરાજ એ બધું જાણી શક્યો હતો; તથાપિ તેણે પાટણ અને મંડોરના રાજાઓને પ્રથમ કંઇજ કહ્યું નહિ; પરંતુ જ્યારે પુરીહરરાજ પોતે વચનભંગ થયો અને પૃથ્વીરાજનું ઘણું અપમાન કર્યું ત્યારે તો તે તેની સામે તલવાર લઇને આવ્યા સિવાય રહી શક્યો નહી. પૃથ્વીરાજ દિલ્લીની ગાદીએ આવ્યો તે પછી એ મંડોરરાજે પોતાની કુંવરી તેને અર્પણ કરવાની ઇચ્છા દર્શાવી અને ઉદાર હૃદયનો પૃથ્વીરાજ તેમાં સંમત થયો, અને વિવાહની તૈયારી પણ થવા લાગી; પરંતુ દુષ્ટમતિ પુરીહરરાજે પ્રપંચ કરીને પોતાની પુત્રી તેને પરણાવી નહિ; એથી પૃથ્વીરાજ ઘણો અપમાનિત થયો, અને તે અપમાનનો બદલો લેવાને માટે તેણે તેની સામે ચઢાઇ કરી. એ લઢાઇથીજ તેના ભવિષ્યના ગૌરવની સૂચના થઇ હતી, અને ત્યારથી તેનું વિપુલ વીરત્વ ધીમે ધીમે વધવા લાગ્યું. પણ તેની તે ઉન્નતિ ક્રૂરચરિત્ર જયચંદ્રના હૃદયમાં ઝેરી બાણની પેઠે ખુંચવા લાગી. પણ તેને તોડી પાડવાનો બીજો કંઇ ઉપાય ન સૂઝયો ત્યારે છેલ્લી વારે તે રણકુશળ તાતાર સૈનિકોને પોતાની સેનામાં દાખલ કરવા લાગ્યો. પણ એનાથીજ તેની પોતાની પડતીનો માર્ગ ખુલ્લો થયો. તેનું ભવિષ્ય ઉલટું થઈ પડયું. પોતાના પાપી હૃદયને તૃપ્ત કરવાને તેણે જે ખરાબ ઉપાય આદર્યો તેનાથીજ તેનો પોતાનો અને સર્વ ભારતભૂમિનો સર્વનાશ થયો; કેમકે મહમદગોરીએ તે અરસામાં ભરતખંડમાં આવી, ભારતસંતાનોની સ્વાધીનતા હરણ કરીને ભારતવર્ષમાં ઇસલામની વિજયપતાકા રોપી હતી.

ચિતોડના અધિપતિ સમરસિંહે દિલ્હીશ્વર પૃથ્વીરાજની બેન પૃથાની સાથે લગ્ન કર્યું હતું. એ મંગળમય સંબંધને લીધે તે બન્નેમાં જે પ્રીતિની ગાંઠ બંધાઈ હતી, તે હજારો વિપત્તિઓમાં પણ જરાએ છૂટી પડી નહોતી, એટલુંજ નહિ, પણ તેઓ એક પળ પણ પરસ્પરના ઉપર કદી પણ અન્યથાભાવ રાખતા નહોતા. જે દિવસે દૃષદ્વતીને કિનારે એ બંને સ્વદેશપ્રેમિઓ પવિત્ર દેશસેવામાં તત્પર થઇને અનંત ધામમાં ચાલ્યા ગયા, તે દિવસેજ તેઓ એકબીજાથી જૂદા પડ્યા; પરંતુ અનંત સુખના ધામમાં તેઓ પાછા એકઠા થયા નથી એમ કોણ કહી શકે? હાય! કેવા કટાકટીના પ્રસંગે ભારતીય વીરોમાં કુસંપે પોતાનો દોર શરૂ કર્યો છે! તેજ સમયથી ભારતનો સર્વનાશ થવાનો આરંભ થયો છે;

પાટણ અને કનોજના રાજાઓએ પૃથ્વીરાજના પરમ હિતૈષી મહારાજ સમરસિંહ પ્રતિપણ શત્રુતા બતાવવામાં કંઇ બાકી રાખી નહોતી. તે બન્ને રાજાની સામે સમરસિંહને તલવાર ધારણ કરવી પડી હતી. પોતાને માટેજ નહિ પણ પોતાના પ્રિયતમ બંધુ પૃથ્વીરાજની મદદને માટે પણ તેમને ઘણીવાર લડાઈના મેદાનમાં જવું પડયું હતું. પૃથ્વીરાજને નગરકોટની કોઇ જગા પરથી સાત કરોડ સોનાની મોહરો મળી હતી. એમ કહેવાય છે કે એ વિપુલ મોહોરો અતિપ્રાચીન કાળમાં કોઇએ ત્યાં જમીનમાં દાટી હતી. પૃથ્વીરાજે તે મોહોરોથી પોતાનો ખજાનો ભરી દીધો. આ સમાચારથી કનોજ અને પાટણના રાજાઓના મનમાં વિશેષ ઇર્ષા પેદા થઇ. એક તો પૃથ્વીરાજનું સેનાબળ વિશાળ હતું, તેમાં વળી તેને આટલું વિપુલ દ્રવ્ય પ્રાપ્ત થયું એ તેમનાથી સહન થઈ શક્યું નહિ; તેથી તેની સામે ચઢાઇ કરવાથી પોતાને જય નહિ મળી શકે એવી શંકા લાવીને તેઓએ તેના પ્રચંડ બળને રોકવાની ઇચ્છાથી શાહાબુદ્દીન ગોરીની મદદ માગી. જે

દિવસે તેઓના હૃદયમાં એ સર્વનાશ કરનારી કલ્પનાની ઉત્પત્તિ થઇ, તે દિવસથી જ ભારતના ભવિષ્યપર અંધકારનું આવરણ ફેલાઈ રહ્યું;–ભારતેશ્વર પૃથ્વીરાજનું સિંહાસન એકાએક કંપાયમાન થઇ પડયું. અગાઉથીજ શાહબુદ્દીનની દ્વેષી આંખ ભારત ઉપર ચોંટી હતી પણ અત્યાર સુધી તે પોતાની એ અભિલાષા પૂર્ણ કરવાનો પ્રસંગ મેળવી શકયો નહોતો પણ આ તકનો લાભ લઈ તે કનોજ રાજ જયચંદ્રની સાથે મળી જવાને જલદીથી એક મોટી સેના એકઠીકરીને તેની રાજધાની તરફ ચાલ્યો.

દુરાચારી જયચંદ્ર પોતાનો સર્વનાશ કરવાને માટે તૈયાર થયો છે, એવું જ્યારે પૃથ્વીરાજે સાંભળ્યું ત્યારે તે પણ તેના તે દુષ્કર્મનો લાયક બદલો આપવાને માટે તૈયારી કરવા લાગ્યો, અને આ સર્વ વાતની ખબર પોતાના પ્રિય મિત્ર સમરસિંહને જણાવવાને, ચંદપુન્દીર નામનો એક સામંત રાજા જે તે વેળાએ લાહોરમાં રાજ્ય કરતો હતો, તેને દૂત તરીકે મોકલ્યો. તે રાજાનું પ્રચંડ પરાક્રમ, અદભુત દેશહિતૈષણા અને અતિ ઉદ્યોગનું વર્ણન મહાકવિ ચંદ બારોટે ઘણી સારી રીતે લખ્યું છે પૃથ્વીરાજે તેને સમરસિંહની પાસે મોકલ્યો તે દિવસથી તે તેના અંત સુધીની હકીકત વાંચ્યાથી સ્પષ્ટ જણાશે કે, તેણે સ્વદેશને માટેજ જીવન ધારણ કર્યું હતું, અને સ્વદેશને માટેજ જીવન ઉત્સર્ગ કરીને તે અનંત સુખના ધામમાં ગયો હતો. જ્યારે શાહાબુદ્દીન મોટું લશ્કર લઇને ભારતવર્ષમાં આવ્યો, ત્યારે એ રજપૂત વીર ચંદપુન્દીરેજ તેની પ્રચંડ ગતિ રોકવાને માટે રાવી નદીને કિનારે લાંબા શળદંડો ઉભા કર્યા હતા, પણ તે પોતાની ઇચ્છા પાર પાડી શકયો નહિ. તથાપિ તે વખતે તેણે જે અસીમ વીરત્વ પ્રકાશ કર્યું હતું, તેથી તેનું નામ ઇતિહાસમાં હંમેશાને માટે કાયમ રહ્યું છે.

દૂતવર ચંદપુન્દીર દિલ્હીશ્વરની આગળથી અમૂલ્ય ભેટો લઇને

મોટીધામધુમની સાથે ચિતોડ નગરમાં ગયો. મહારાજ સમરસિંહ તેને માનથી મળ્યા અને તેમણે તેને રહેવાને માટે એક ઉત્તમ મહેલ આપ્યો. કેટલીક આરામએશ લીધા પછી ચંદપુન્દીરે યથાસમય મહારાજની સાથે મુલાકાત કરવાની ઇચ્છા દેખાડી. તરતજ તેની ઇચ્છા તૃપ્ત કરવામાં આવી. જે સમયે ચંદપુન્દીર મહારાજ પાસે ગયા તે વેળાએ સમરસિંહ પોતાના વિશ્રામના ઓરડામાં બેઠા હતા તેમનું આસન વાઘના ચામડાનું હતું, રક્તાંબર પહેરેલું હતું, સર્વ શરીરે વિભૂતિ લગાડી હતી, ગળામાં રૂદ્રાક્ષનો કંઠો હતો અને માથા ઉપર લાંબી જટાનો બોજો હતો. દુતવર ચંદપુન્દીર નજીક આવતાંજ તેમણે તેને સાદરથી માન આપીને સામેના આસન ઉપર બેસવાનો ઇશારો કર્યો. તે વેળાની તેમની શાંત ગંભીર મૂર્ત્તિ, તાપસી પોશાક અને ઉદાર વ્યવહાર જોયાથી ચંદપુન્દીરનું હૃદય અપૂર્વ ભક્તિરસમાં ભળી ગયું. તેણે તેમને યોગેન્દ્રના નામથી સંબોધી જણાવ્યું કે આપ સાક્ષાત્ શંકર છો. એ પછી સર્વ હકીકત નિવેદન કરી અને પૃથ્વીરાજનું આમન્ત્રણ તેમને વિદિત કર્યું. તેમની વચ્ચેનો વાર્તાલાપ ચંદ બરદાઇના ગ્રંથમાં અતિ તેજસ્વી ભાષામાં વર્ણવ્યો છે.

ત્યારપછી બેજ દિવસમાં મહારાજ સમરસિંહ પોતાના સાળાના નિમંત્રણને માન આપી સેનાની સાથે દિલ્લી તરફ જવા નીકળ્યા. પૃથ્વીરાજે તેમને માન સાથે નગરમાં આણ્યા. તેઓ મળ્યા પછી એકમેકના કુશળ સમાચાર પૂછીને પાસે આવેલા કર્ત્તવ્યનો વિચાર કરવા લાગ્યા. તેમણે જલ્દીથી એ કર્ત્તવ્ય નક્કી કર્યો. એકતો અણહિલપુર પાટણનો ગર્વ તોડવો અને બીજું મુસલમાનોની ચઢાઇમાં વિઘ્ન નાખવું. સમરસિંહ અણહિલપુર પાટણના રાજાની સાથે વૈવાહિક સૂત્રમાં બંધાયલો હતો તેથી તે તેની સામે ચઢાઇ ન કરતાં યવનની ચઢાઇમાં હરકત કરવાને માટે દિલ્લીમાં રહ્યા. અને પૃથ્વીરાજ પાટણ

તરફ લશ્કરની સાથે ગયો. થોડાજ સમયમ યવનો દિલ્લી નજીક આવી લાગ્યા. અને રજપૂતો પણ તેઓની ગતિ રોકવાને સામે ચાલ્યા. થોડી વારમાં બન્ને પક્ષમાં મોટું યુદ્ધ થયું; પરંતુ તે લઢાઇમાં એકે પક્ષના જય પરાજયનું કંઈ લક્ષણ દીઠામાં આવ્યું નહિ એવી રીતે ઉપરાપરી લઢાઈ થયા છતાં વિજયલક્ષ્મી કોઇને પણ વરી નહિ. એટલામાં પૃથ્વીરાજ પાટણના રાજાનો ગર્વ તોડીને ઉલ્લાસિત હૃદયે પોતાના વીર બંધુને આવી મળ્યો. હવે તે બંને વીરનું પ્રચંડ શૌર્ય એકઠું થઇને પ્રકાશવા લાગ્યુ. અસંખ્ય ઇસલામીઓ તેમના ક્રોધાગ્નિના ભોગ બન્યા. શાહબુદ્દીનગોરી ઘણી મહેનતે પોતાનો પ્રાણ બચાવીને ભાગી ગયો, અને તેનો સેનાપતિ વિજયી રજપૂતોના હાથમાં બંદીવાન થયો.

પૃથ્વીરાજ વિજયશાળી થયા, તેમનાં સઘળાં વિઘ્ન નાશ પામ્યાં; ત્યાર પછી એ નગરકોટની જમીનમાંથી જે વિપુલ ધનસંપત્તિ તેમને મળી હતી, તેમાંથી તેમણે અડધો ભાગ પોતાની બેનના પતિને આપ્યો. પરંતુ સમરસિંહે પોતે તે ન લેતાં પોતાના સૈન્યસામતોને તે ઇનામ તરીકે આપી દીધો. આ સિવાય પૃથ્વીરાજે બીજી પણ ઘણીક ભેટો સૈન્યસામંતોને આપી. પછી મહારાજ સમરસિંહ સાળાની પાસેથી વિદાયગીરી લઇને સેનાની સાથે પાછા પોતાની રાજધાનીમાં આવ્યા.

ત્યારબાદ કેટલાંક વર્ષ સુખમાં પસાર થયાં. સામાન્ય સામાન્ય લઢાઇઓમાં જય મેળવીને પૃથ્વીરાજ અને સમરસિંહે થોડાં વર્ષ તો શાંતિસુખ ભોગવ્યું. પણ પછી થોડાંજ વર્ષમાં ભારતની પડતીનો સમય આવી પહોંચ્યો. યવનના ઉપર જય મેળવીને પૃથ્વીરાજ ધારતો હતો કે હવે હું સુખેથી રાજ્ય કરીશ. તેથી તે નિશ્ચિંત થઇને પોતાની પ્રિયતમા સંયુક્તાની સાથે આનંદથી કાળ ગાળવા લાગ્યા. પરંતુ તેમના

સુખના દિવસ હવે ધીમે ધીમે કમી થતા ચાલ્યા; ધીમે ધીમે તેમનો ગૌરવકાળ પૂર્ણ થયો. તેમને મોજશોખમાં પ્રવૃત્ત થએલા જાણીને શાહબુદ્દીન ગોરી ફરી પાછો એક વિશાળ સૈન્ય લેઇને ચઢી આવ્યો. એ વખતે વીર પૃથ્વીરાજ પોતાની ગાઢ મોહ નિદ્રામાંથી જાગૃત થયા અને પોતાના વીર બંધુ સમરસિંહને મદદ માટે કહાવી મોકલ્યું. તેમની રાણી સંયુક્તાએ પણ તેમને વીરોચિત પરાક્રમ પ્રકટાવવાને ઉશ્કેર્યા અને લઢાઇના મેદાનમાં જવાને કહ્યું. એ વિષે મહાકવિ ચંદબારોટે જે વર્ણન કર્યું છે તેનું યથાર્થ ભાષાન્તર નીચે આપવામાં આવે છે. જે દિવસે શાહબુદ્દીનગોરી સેનાને લઇને છેલ્લીવાર પૃથ્વીરાજની સામે લઢવાને આવ્યો હતો, તેની આગલી રાત્રે પૃથ્વીરાજને એક ભયંકર સ્વપ્નુ આવ્યાથી તેનું હૃદય ઘણું વ્યાકુળ થયું અને મનમાં ઘણી ચિંતા ઉત્પન્ન થઇ હતી. પછી સવારે પોતાની પ્રિયતમા સંયુક્તાની આગળ તે અદ્દભુત સ્વપ્નનુ વર્ણન કરતાં તે બોલ્યો:—

"ગઇ રાત્રે જ્યારે હું નિદ્રાના સુકોમળ ખોળામાં વિરામ ભોગવતો હતો, તે વેળાએ મેં જોયુ કે રંભાના જેવી એક સ્વરૂપવાન સ્ત્રીએ આવીને કઠોર ભાવથી મારો હાથ પકડીને મને ભયભિત કર્યો. તેનાથી આત્મરક્ષા કરવાને માટે હું ઘણી કોશેશ કરવા લાગ્યો એટલામાં–અહા! એક મહા ભયાનક રાક્ષસ જેવો મદમત્ત હાથી દોડતો ને શુંઢ ફૂંકતો ફૂંકતો મારી તરફ ધસી આવ્યો, ભયથી મારી નિદ્રા ભંગ થઈ. મેં ભયભીત, સચકિત આંખથી ચારે બાજુએ જોયુ. સર્વ શરીરે કંપારો છૂટયો ને બંધ થયલા ગળામાંથી હર! હર! બોલતો પથારીમાંથી ઊઠયો. જો, હજુ પણ મારૂં હૃદય થરથરે છે ને સર્વ શરીરે કંપ આવે છે. નસીબમાં શું છે, તે દૈવજ જાણે!"

આ સ્વમાની વાત સાંભળતાં સાંભળતાં સંયુક્તાના પ્રભાત કમળના જેવા મોહ ઉપર એક અપૂર્વ જ્યોતિ પ્રકાશિત થઈ. તેણે મૃદુ-

ગભીર સ્વરથી કહ્યું–" હે ચહુઆણુ કુળના ગૌરવસૂર્ય ! આ જગતમાં આપના જેવો બીજો કોણ વિપુલ સુખસંપદ અને ઐશ્વર્યગૌરવ ભોગવે છે ? તથાપિ આપની તૃષાની શાંતિ ક્યાં છે ? એક સામાન્ય સ્વપ્નું જોઇને ભવિષ્યની ચિંતાથી શા માટે આપ વ્યાકુળ થાઓ છો ? પ્રાણેશ્વર ! મૃત્યુજ જીવનો એક માત્ર સહચર–સાથી છે; એ દુર્નિવાર સહચરના હાથથી દેવતાઓ પણ છૂટી શક્યા નથી. જૂનું છોડીને નવું સ્થાન બદલવાની કોને ઇચ્છા ન થાય ? પરંતુ નાથ ! વિચાર કરીને જુઓ કે જે શુભ કર્મોમાં જીવન ગાળે છે તેજ ગૌરવની સાથે મૃત્યુને ભેટે છે. તેવો પુરૂષ મૃત્યુ પામશે તો પણ તે હમેશાં જીવતો રહેશે હું સ્ત્રી જાત છું, હું આપને શું કહી શકું ? આપ સ્વાર્થની ઉપર દ્રષ્ટિ નહિ રાખતાં જેનાથી આ દુનિયામાં અમરત્વ મેળવી શકાય તેવો ઉપાય કરો. આપની આ કરાળ તરવાર લઈને શત્રુકુળનો નાશ કરો. મારે માટે વિચાર કરશો નહિ. હું હમણાં પણ આપની અર્દ્ધાંગનાનું કામ કરૂં છું."

પૃથ્વીરાજે રાજ્યસભામાં આવીને ભાટોને બોલાવીને સ્વપ્નમાં બનેલું સર્વ વૃત્તાન્ત જણાવ્યું, એટલે તેમણે તેનો ભાવાર્થ કહી બતાવ્યો, અને રાજકુળગુરૂએ એક જયકવચ લખી આપ્યું, તેને દિલ્લીશ્વરે પોતાની પાઘડીમાં ખોસ્યું. ત્યારે પછી ભાટોના કહેવા પ્રમાણે ગ્રહોની શાંતિને માટે હજારો હાંડા વિશુદ્ધ દૂધથી સૂર્ય અને ચંદ્રને અર્ઘ્ય આપવામાં આવ્યા, દશ દિગપાળના ઉદ્દેશથી દશ ભેંસોનો બલિ આપવામાં આવ્યો, અને ગરીબ ગુરબાને સોના રૂપાનું દાન આપવામાં આવ્યું. પરંતુ લોહી તથા દૂધ આપ્યાથી અથવા દાન ધ્યાન કર્યાથી કંઇ વિધિનું વિધાન બદલાય છે ? જો તેમ થઇ શકતું હોત તો નળ અને પાંડવોને સખ્ત દુઃખ ભોગવવું ન પડત. ઘણું સંકટ આવી પડયાથી પૃથ્વીરાજે પોતાના પ્રિયતમ બંધુ સમરસિંહની મદદ માગી, એટલે

તે પણ જલદીથી પોતાની સેના લઇને દિલ્લી જવાની તૈયારી કરવામાં રોકાયા. પૃથ્વીરાજ પણ પોતાના સેનાપતિ અને સામંતોને બોલાવીને લઢાઇ વિષે વિચાર કરવા લાગ્યા.

ઈર્ષાને લીધે ભારતવર્ષના સર્વે રાજાઓએ આ ભીષણયુદ્ધ પ્રસંગે તેમનો જાતીય ધર્મ વિસારી મૂક્યો. તેઓ આ યુદ્ધ પ્રસંગે મલકાતા મલકાતા ઘરના ખૂણામાં ભરાઇ બેશી રહ્યા. કનોજ, પાટણ અને ધારા નગરના રાજાઓ ઈર્ષાને વશ થઈ પૃથ્વીરાજના નાશ કરવાનો છુપો યત્ન કરી રહ્યા હતા. ભારતવર્ષના દૂર્દૈવથી તેમને એટલું પણ ભાન ન રહ્યું કે આ ઇર્ષા હીમ જેવી છે. તે પોતે બળે છે તેમ સામાને પણ બાળે છે. ખરેખર! આ ઈર્ષા–હીમથી તે પણ બચવા પામ્યા નહિ અને યવનોની જુલ્મી સાંકળમાં તેમને જકડાવું પડયું!

જાતીય ગૌરવના રક્ષણની સર્વે તૈયારી થઈ ચૂકી એટલે, રાજકાજનો ભાર પોતાના નાના પુત્ર કરણના હાથમાં સોંપીને મહારાજ સમરસિંહ પોતાના સગાવહાલા અને સૈન્ય સામંતોને સાથે લઇને દિલ્લી જવા નીકળ્યા. પણ જતી વેળાએ તેમનું હૃદય એકદમ કંપાયમાન થયુ–એકદમ જાણે કોઇએ તેમના કાનમાં અતિ મૃદુસ્વરે કહ્યું હોય એવું સાંભળ્યું કે "હવે પૂર્ણ રીતે ચિતોડને એકવાર જોઈ લે, હવે તેને ફરીથી જોવા પામીશ નહિ." આથી સમરસિંહ ચમકિત થયો; પરંતુ કોઈ પણ રીતે નિરૂત્સાહ ન થતાં ઇષ્ટિદેવને યાદકરતાં કરતાં તે આગળ ચાલવા લાગ્યો. ચંદવરદાઇના "મહાસમર" નામના છેલ્લા સર્ગમાં મહારાજ સમરસિંહના એ છેલ્લા છેલ્લી આવવાનું વર્ણન લખ્યું છે. પેલી બાજુએ દિલ્લીશ્વર પૃથ્વીરાજ, પ્રધાન અને સામંતોને લઇને ૩ કોસ સુધી સમરસિંહને લેવાને સામે આવ્યા અને મહા સન્માન અને સંભ્રમની સાથે તે પોતાના પ્રિયતમ બંધુને ભેટયા. સમરસિંહના આવવાથી દિલ્લીના રહેવાસીઓ ઘણા ખુશી થયા. ઘેરેઘેર ગીત વાદ્ય થવા

લાગ્યાં. દરેક ઘરને તોરણ અને મંગળ ઘટથી શણગાર્યાં; અસંખ્ય નિશાનો અને ફૂલની માળાઓથી દિલ્લીમાં ઉત્સવ પ્રકટી રહ્યો. બ્રાહ્મણો પવિત્ર હૃદયથી સ્તવન કરવા લાગ્યા અને બંદીજન સ્તુતિપાઠ કરતા કરતા સમરસિંહને માન આપવાને આગળ ચાલ્યા. ટૂંકામાં તે એક પરમ આનંદનો દિવસ હોય તેવો દેખાતો હતો. તે આનંદપૂર્ણ દિવસે અસીમ આનંદમાં પ્રફુલ્લિત થયલા, વૃદ્ધથી તે બાળક પર્યંત સર્વે કોઇના આનંદ અને માનની સાથે સમરસિંહે પાંડવના પવિત્ર લીલાનિકેતનમાં પ્રવેશ કર્યો. આજે અનેક દિવસ વીત્યા પછી હૃદયનાં પ્રિયતમ ભાઈ બેન, સાળો બનેવી અને બંધુ બાંધવ એક બીજાને મળ્યા. બંને પક્ષના સૈન્ય સામંતો પોતાના ચિર મિત્રોને મળીને આ ઉત્સવને વિશેષ ઉત્સાહથી ઉજવવા લાગ્યા.

શ્રમથી શ્રમિત થયેલા સમરસિંહ થોડો સમય વિશ્રાન્તિ લીધા પછી પ્રિયતમ મિત્રની સાથે લઢાઈના બંદોબસ્તની વાતો કરવા બેઠા. અને શત્રુકુળની ગતિ રોકવાને માટે પૃથ્વીરાજે આગળ કોઈ રીતનો બંદોબસ્ત કર્યો છે કે નહિ તે પૂછ્યાં. તેમણે જવાબમાં સાંભળ્યું કે હજી સુધી કોઈ વિશેષ ઉપાય યોજાયા નથી. આથી સહજ ઉપાલંભ દઇને તેને માટે યોગ્ય વિચાર કરવા લાગ્યા. એનું વર્ણન ચંદ કવિએ પોતાના ગ્રંથના છેલ્લા સર્ગમાં ઘણુંજ સરસ વર્ણવ્યું છે, એ મનોહર વર્ણન સાંભળ્યાથી પાઠકનાં હૃદય એ બંને રજપૂત વીરના મહાન ચરિત્રના ઉપર સમભાવે આકૃષ્ટ થશે.

યુદ્ધોપયોગી સર્વ તૈયારીઓ થઈ રહી. મહારાજ સમરસિંહના હુકમથી વિશાળ રજપૂત સેના દિલ્લીનો દરવાજો છોડીને શત્રુની તરફ આગળ ચાલી. હથિઆરનો ખડખડાટ, મદોન્મત્ત હાથી અને ઘોડાઓના ભયંકર અવાજ અને રણોન્મત્ત રજપૂત વીરોના ગંભીર નાદથી ધરતી કાંપવા લાગી. રજપૂતસેનાએ કયા રસ્તા ઉપરથી જવું અને

કેવી રીતે શ્રેણીબદ્ધ થઈને આગળ વધવું તથા માર્ગમાં કયી કયી જગ્યાપર વિશ્રામ લેવાની જરૂર છે, તે સર્વ યોજનામાં સમરસિંહની સલાહ લેવામાં આવતી. તેમની સલાહ સિવાય પૃથ્વીરાજ કંઇ કામ કરતા નહોતા. મહાકવિ ચંદબારોટે તેમને રજપુત સેનાનો એકયુલીજ કહીને વર્ણવ્યો છે. તે સાહસી, ધીર અને લડાઇમાં કુશળ હતા, તેમજ તે પરમપંડિત, શાસ્ત્રવિશારદ, સલાહ આપવામાં નિપુણ, ધર્મનિષ્ઠ, સત્યપ્રિય અને શુદ્ધ ચરિત્રવાન હતા. પશુ પક્ષી વિગેરેની ગતિ અને બીજાં લક્ષણ જોઇને જોષ જોવામાં કોઈ પણ જોષી તેમના જેવી ભાવી ફળાફળની ગણના કરી શકતો ન હતો. મતલબ કે તે શુકન જોવામાં તથા જોષ જોવામાં ઘણાજ કુશળ હતા. સંગ્રામસ્થળમાં સેના ગોઠવવામાં અને લડાઈની વેળાએ ઘોડો અને ભાલો ચલાવવામાં તેમના જેવો બીજો રજપુત વીર કોઈ ન હતો. તેમના એ સર્વ અપ્રતિમ ગુણ ગૌરવને માટે ગિહલોટ, ચહુઆણ વગેરે સર્વ સૈનિક અને સામંતો તેમની અતિશય શ્રદ્ધાભક્તિ કરતા. યુદ્ધયાત્રા સમાપ્ત થતાં પ્રાતઃકાળે રાજપુત સૈનિકો અને સામંતો છાવણીમાં આવતા; સમરસિંહ તેઓની સાથે આદર અને સ્નેહથી વાતો કરીને જુદા જુદા પ્રસંગની નીતિમાન શિક્ષા અને ભાષણ આપતા; તે મનોહારિણી શિક્ષા અને ભાષણ શ્રવણ કરતાં કરતાં છાવણીના સર્વે જણ પરમાનંદમાં પુલકિત થઈ જતા. મહા કવિ ચંદબારોટે મુક્તકંઠથી સ્વીકાર્યું છે કે તેમના મહાકાવ્યમાં જે સર્વ શાસન વિષયની નીતિશિક્ષા દાખલ કરી છે, તેનો ઘણોખરો ભાગ ખોમાન કુળમણિ સમરસિંહના મોઢેથી નીકળ્યો છે. ધર્મનીતિ, રાજનીત, સમાજનીતિ, મંત્રીને પારખવાની રીતિ અને રાજદૂતના આચાર, તેમજ વિશેષે કરીને રાજાપ્રતિ રાજપુતનાં મહાન કર્તવ્યોના સંબંધમાં જે સર્વ સુબોધક વાર્તા અને રૂપક અલંકાર તેમના કાવ્ય ગ્રંથમાં દાખલ કર્યાં છે તે સર્વના વક્તા ચિતોડના અધિપતિ સુપંડિત મહારાજ સમરસિંહ હતા.

પૂણ્યભૂમિ બ્રહ્માવર્ત્તની પ્રાંતવાહિની પવિત્ર નદી દૃષદ્વતીના* વિશાળ કિનારા ઉપરના મેદાનમાં ક્ષત્રીય અને મુસલમાન વચ્ચે ત્રણ દિવસ સુધી મોટી લઢાઇ થઇ હતી. પ્રથમ બે દિવસ સુધી એકે પક્ષના જય પરાજયનું કંઇપણ લક્ષણ જોવામાં આવ્યુ નહિ. ત્રીજે દિવસ કાળ રાત્રિરૂપે ભારતના પૂર્વદ્વારમાં દેખાવા લાગ્યો. ભગવાન સૂર્યદેવ જાણે એકવાર અનંતકાળને માટે ભારતસંતાનોનું ગૌરવ જોવાને ધીરે ધીરે ઉદયાચલે આવ્યા હોય ને! તેમ જણાવવા લાગ્યા. તેમને જોઇને રજપૂતો દૃષદ્વતીના પવિત્ર પાણીમાં નાહીને પ્રાતઃકૃત્યાદિ કરવા લાગ્યા. બીજી બાજુએ પૃથ્વીરાજ પ્રિયતમા રાણી સંયુક્તાની આગળ ઉભા છે; ને સંયુક્તા તે દિવસે તેમને સ્વહસ્તેજ રણશય્યાને સારૂ સજ્જિત કરવા લાગી છે. તેમને કવચ પહેરાવી તેમની કમ્મરે તલવાર લટકાવી દીધી છે. તે વખતે ગગનભેદી રણના ડંકા પ્રચંડ શબ્દથી વાગી ઉ ય તે ગંભીર વાદ્યધ્વનિ પ્રતિધ્વનિમાં વિલીન થતાં ન થતાંમાં તો રાજપૂતો ભયંકર ગર્જનાથી સિંહનાદ કરી ઉઠયા, તેનાથી પૃથ્વીરાજ ચમકી ઉઠયો; એટલીવારમાં વિશ્વાસઘાતક યવનો ચઢાઈ કરશે એવો તેમણે મનમાં વિચાર પણ કર્યો નહોતો. પળ પણ ન થોભતાં તે દોડતો રણના મેદાનમાં ગયો. અને જુએ છે તો તે છેલ્લા સમરાંગણમાં, ભારતના તે છેલ્લા ગૌરવને દિવસે, ભારતનો અદ્વિતીય મહાવીર સમરસિંહ અને તેમનો પુત્ર કલ્યાણ અતુલ પરાક્રમ દર્શાવી શત્રુદળને ત્રાહે ત્રાહે પોકરાવી છેવટે કાળબળને આધીન થઇ સમરભુમિમાં સૂતા છે. તે દુર્ભાગ્ય દિવસે દૃષદ્વતીની તે રક્તપૂર્ણ નદીમાં ભારતનો ગૌરવસૂર્ય હંમેશાંને માટે અસ્ત થયો! ભારતની આશા વિલુપ્ત થઈ ગઇ અને વીર પૃથ્વીરાજ ગોરીબાદશાહના બંધીવાન થઈ પડયા. વીરશિરોમણિ સમરસિંહની પતિવ્રતા રાણી પૃથાએ જ્યારે સાંભળ્યું

* એનું હાલનું નામ કાગ્ગાર.

કે યવનોના કપટાચરણુથી તેના જીવનનું જીવન–સ્વામીરત્ન સમરસિંહ સમરક્ષેત્રમાં મરણુ પામ્યા છે; પ્રિયતમ ભાઈ પૃથ્વીરાજ યવનના હાથમાં બંદીવાન થયો છે, અને ભારતના આશાદીપ આર્યવીરો દષદ્વતીને કિનારે ભીષણુ સમરક્ષેત્રમાં અનંતકાળને માટે સુતા છે; ત્યારે તે તરતજ આત્મીય સ્વજન બંધુબાંધવનાં સાંત્વનાવાક્ય ન માનતાં, ચિતામાં શરીર હોમીને પ્રાણુપતિની સહચારિણી થઇ; અને પૃથ્વીરાજને શાહબુદ્દીને મારી નાખ્યો× તે વાત જ્યારે સંયુક્તાએ જાણી ત્યારે તે પણુ ચિતા ખડકાવીને બળી મૂઇ. દષદ્વતીની રેતીવાળી જમીન ભીષણુ સ્મશાનરૂપ થઇ રહી. જે પવિત્ર તટ ઉપર બેસીને આર્યગૌરવ બ્રહ્મર્ષિયો વેદગાનથી દેવતાઓને આનંદિત કરતા હતા; જેઓના મધુર વેદગાનથી મોહિત થઇને સ્વચ્છ સલિલા દેવતરંગિણી તાલે તાલે નૃત્ય કરતી કરતી સમુદ્રમાં મળી જતી હતી, તે તટની પુણ્યમયી રેતાળ જમીન, ભયંકર સ્મશાનરૂપ થઇ ગઇ છે! એજ પવિત્ર સ્થળ ઉપર અસંખ્ય શિયાળો, કૂતરા અને ગીધો ભયાનક ચિત્કાર કરે છે. ઇશ્વરની ગતિ ન્યારી છે!

× કોઈ કહે છે કે પૃથ્વીરાજને શાહબુદ્દીન ગોરીએ કાબુલમાં લઈ જઈ તેની આંખો ફોડી નાખી અને તે પછી તેની શબ્દવેધી બાણુશક્તિ જોવાને સાત લોઢાના તવા અમુક અન્તરે મૂકી તે વિંધી નાંખવાનું કહ્યું; પૃથ્વીરાજે સાત તવા વીંધીને શાહબુદ્દીન જે ત્યાં જોવા બેઠો હતો તેને તીર માર્યું તેથી તે મરી ગયો. ત્યાર બાદ પૃથ્વીરાજ સાથે ચંદબારોટ આવ્યા હતા તેઓ એકમેકને તલવાર મારીને મરી ગયા. મહાકવિ ચંદ એવું પણુ કહે છે કે પૃથ્વીરાજે સાતવાર શાહાબુદ્દીન ગોરીને કેદ કરી છોડી મૂક્યો હતો. પરંતુ તેણુ પૃથ્વીરાજને એકજ વખત પકડીને મારી નાખ્યો, એ કેવું કૃતઘ્નપણું !!

૩૨–જયમલ અને બીજા વીર રાજપુતો.

અકબર મેવાડનો સર્વનાશ કરવાને માટે પ્રતિજ્ઞાબદ્ધ થઇને ચિતોડ જીતવાને માટે આવ્યો તે વેળાએ મેવાડનો શાસન–દંડ રાજધર્મશૂન્ય, અકર્મણ્ય ઉદયસિંહના હાથમાં હતો. બાપા, સમરસિંહ, હમીર વગેરે રાજનીતિજ્ઞ અને શાસ્ત્રવિત્ રાજાઓ જે શાસનદંડ ચલાવતા હતા, તેઓ સુદક્ષ અને કાર્યકુશળ હોવા છતાં, રાજ ચલાવવું એ એક મહાન કાર્ય છે, એમ જાણીને સર્વદા સાવચેત રહેતા. પણ આજે ઉદયસિંહ તે કામને ઘણું સહેલું અને જલદી થવાવાળું માનતો હતો, તેથી મેવાડના દુઃખની સીમા રહી નહોતી. શિશોદીય કુળની અધિષ્ઠાત્રી દેવીએ નિશ્ચય કર્યો હતો કે, બાપારાવળનો વંશ જ્યાંસુધી પોતાની આજ્ઞા પાળે, ત્યાંસુધી કોઇ રીતે ચિતોડને છોડી જવું નહિ. બાપારાવળના વંશજ આજ સુધી તેની તૃપ્તિને માટે વગર અચકાયે પોતાનું લોહી આપતા હતા; તેથી મહાદેવીની પ્રતિજ્ઞા જેમ જોઇએ તેમ પળાતી હતી. સ્વદેશની સ્વાધીનતાની રક્ષાને માટે ગિહલાટ રાજાઓએ જે અદ્ભુત આત્મત્યાગનું જ્વલંત ઉદાહરણ દેખાડયું હતું, તેનો વિચાર કર્યાથી કોના હૃદયમાં અજાયબી ઉત્પન્ન ન થઇ શકે ? તે જાણીને કોણ ચિતોડની સ્વાધીનતારૂપ તે ભગવતી ચતુર્ભુજા દેવીની સામે પ્રાણ–વિસર્જન કરવાને આગળ ન પડે ? પ્રથમ જ્યારે અલાઉદ્દીન પદ્મિનીના રૂપમાં મોહ પામ્યો અને ચિતોડપર સ્વારી કરી, ત્યારે બાર રાજકુમારોના રક્તથી એ દેવીને તૃપ્ત કરવામાં આવી હતી. તે દિવસે બાપારાવળનું રક્ત નિશાન નિષ્કલંક રહ્યું હતું, પણ અનેક વીરો અને વીર રમણીઓ પોતાની જન્મભૂમિનું ગૌરવ સાચવવાને પરલોકમાં પ્રયાણ કરી ચૂક્યાં હતાં. વળી બીજીવાર બહાદુરશાહના આક્રમણ વખતે વીર વાઘજીએ બત્રીસ હજાર રાજ-

પુતો સાથે એજ આત્મસન્માનના સંરક્ષણમાં સમરવેદી પર આત્મજીવનની આહુતિ આપી રાજપૂતોના રાજધર્મનો પરિચય આપ્યો હતો. પરંતુ ચિતોડના આ ત્રીજી વારના ભયાનક દુઃખની વેળાએ, શિશોદીય કુળના દારૂણ અધઃપતનના સમયે બાપારાવળનો કયો વંશજ પ્રાણાર્પણ દ્વારા ચિતોડની અધિષ્ઠાત્રી દેવીની તૃપ્તિ કરશે? ભગવતી ચામુંડા આજે કયા વીરના રક્તપાનથી તૃપ્ત થઇને ચિતોડની રક્ષા કરશે? આજ કોઇ રણમર્દ પોતાની તેજદાર અસિ ચમકાવી તેને શત્રુના લોહીથી રંગી નાખે તેમ જણાતું નથી. આજ એ દેવીના મનોરથ પૂર્ણ થાય તેમ સંભવતું નથી! શું ત્યારે આજજ ચિતોડનો ગૌરવસૂર્ય નિદ્રિત થશે! શું ત્યારે આજજ બાપારાવળનું રક્તનિશાન નીચું પડશે! ના! ના! હજુ બાપારાવળનો પ્રતાપ ઉજ્જવળ છે, હજુ તેની તીક્ષ્ણતા શત્રુઓના શરીરને કંપાવે છે. આજ પણ ચિતોડની રણચાતુરી—આત્મસાહસ જેવું ને તેવુંજ છે!

અકબરના આવ્યાથી કાપુરૂષ ઉદયસિંહ ચિતોડ છોડીને ભાગી ગયો, પરંતુ તેથી ચિતોડ કાંઇ રક્ષક વગરનું નહોતું. ચિતોડનો કુલાંગાર અધીશ્વર તેને છોડીને ગયો ખરો, પરંતુ તેના પવિત્ર નામની મોહિની એવી છે કે, ક્યાંયથી ને ક્યાંયથી સાહસિક અને વિક્રમશાળી અસંખ્ય વીરો ચિતોડની રક્ષાને માટે ઉઘાડી તલવાર હાથમાં લઇને યવનની સામે મેદાનમાં આવી ચઢ્યા. જાણે કોઇ અદ્રશ્ય દેવતા મૃતસંજીવિનીના મંત્રબળે ચિતોડીય વીરોના ભસ્મપુંજમાંથી પાછા અસંખ્ય વીરોની સૃષ્ટિ કરવાની તજવીજમાં હોયની! તેમ રાજસ્થાનના ભિન્ન ભિન્ન નગરમાંથી સરદાર અને સામંતો પોતપોતાનું લશ્કર લઇને ચિતોડના ભિન્ન ભિન્ન સ્થાનની રક્ષા કરવા આવી ઉભા. ચંદાવતવંશીય સહિદાસ ઘણીક તેજસ્વી અને સાહસી સેનાને લઇને ચિતોડના તોરણદ્વાર "સૂર્યદરવાજામાં" ઉભો રહ્યો. માદેરિયાના રાજા રાવત દુદા

સંગાત્તોને લઇને લઢાઇમાં કૂદી પડયો. બેદલા અને કોટારિયા એ બન્ને નગરોમાંથી મહારાજ પૃથ્વીરાજના વંશના બે વીર્યવાન સામંત રાજાઓ અને ।વજોલીનો પરમાર તથા સદ્રિવના ઝાલાપતિ ઘણા ઉત્સાહની સાથે લઢાઇના મેદાનમાં આવીને, પોતાના પૂર્વજોના મોભા પ્રમાણે પોતાના પક્ષના રાજાઓની સાથે, પોતપોતાની સેનાને ઉત્સાહ આપવા લાગ્યા. એઓમાંના ઘણાક મેવાડના અમલને આધીન હતા. એ સિવાય ઘણાક વિદેશીય રાજપૂત વીરોએ મોગલ બાદશાહનું પ્રબળ બળ રોકવાને માટે તેની સામે તલવાર ધારણ કરી હતી; તેઓમાં દેવલપતિ વાઘજીનો વંશ, ઝાલોરપતિ શનિગુરૂરાવ, ઈશ્વરદાસ રાઠોડ, કરમચંદ કછવાહ અને ગોવાલિયરનો તુવારરાજ, આ સર્વ વીર તે વેળાએ વિશેષ પ્રસિદ્ધ હતા. એઓનું અદ્ભૂત વીરત્વ અને રણચાતુરીનું વર્ણન ઇતિહાસમાં પ્રસિદ્ધ છે.

જોતજોતામાં હિંદુ મુસલમાનની વચ્ચે ભીષણ યુદ્ધ થવાનો આરંભ થયો. ભીમ પરાક્રમી યવન સૈન્ય રણવાદ્યના ઘોષ સાથે લઢાઇના મેદાનને કંપાયમાન કરતું અને જયના અવાજ કરતું કરતું ચિતોડના સૂર્યદરવાજાની તરફ દોડવા લાગ્યું. પેલી બાજુએ રણોન્મત્ત રાજપૂતસેના પણ ભયંકર સિંહનાદથી ગગનતલ ભેદીને ગર્વની સાથે બાણો ફેંકવા લાગી. ચંદાવતવીર સહિદાસ ગંભીર અવાજથી હોકારો કરીને યવનસેનાના ઉપર તીર ફેંકવા લાગ્યો. તે વખતે સૂર્યદરવાજામાંથી ચિતોડના કિલ્લામાં પેસવાના ઇરાદે મોગલો તોફાની સાગરની પેઠે તેની તરફ આવવા લાગ્યા. બંદુકોમાંથી અગ્નિ જેવી ગોળીઓ ફેંકીને અસંખ્ય ચંદાવતસૈન્યને મારતા મારતા તેઓ ધીમે ધીમે સૂર્યદરવાજાની સામે આવ્યા. વીરવર સહિદાસે તેથી કંઈ પાછી પાની કરી નહિ; તેના મદદગાર વીરો એક પછી એક ગોળી લાગવાથી મરવા લાગ્યા, તથાપિ તે એક પળ પણ નિરૂત્સાહ થયો નહિ. જ્યાંસુધી

તેની મૂઠી શિથિલ થઈ નહિ, ત્યાં સુધી શત્રુદળ કોઈ પણ રીતે તે દરવાજામાં પ્રવેશ કરી શક્યું નહિ.

ચંદાવતવીર સહિદાસના જવલંત ઉદાહરણથી ઉત્તેજિત થઇને બીજા ક્ષત્રિયવીર અતુલ હિંમતની સાથે શત્રુદળને ત્રાસ પમાડવા લાગ્યા. આ સમયે બે મહાવીરોએ પરાક્રમી યવન બાદશાહના ગર્વ-ભંજક ધૂમકેતુની પેઠે ઉદિત થઇને વિપત્ વાદળથી ઘેરાયલા મેવાડને થોડીક વારને માટે પણ ઘણાક ઉજ્વલ પ્રકાશથી પ્રકાશિત કરી મૂક્યું હતું: તેમના પવિત્ર પરાક્રમથી મેવાડનો ઇતિહાસ આજ પણ સ્વાધીનતાના કિરણો પ્રકટાવે છે. તેમના યુદ્ધ કૌશલ્યથી ચકિત થઇને સ્વયં અકબરે તેઓનું તે વીરત્વ અને રણનૈપુણ્ય સ્વહસ્તેજ લખીને હિંદુઓના ગૌરવને સન્માન આપ્યું છે. તે મહાવીરોનું પવિત્ર નામ જયમલ અને પુત્ત છે. જયમલ બેદનુરનો અધિપતિ હતો. તે રાઠોડકુળની બીજી શાખા મિરતિયા ગોત્રમાં ઉત્પન્ન થયો હતો અને મારવાડના સાહસિક સામંતોમાં એક માત્ર તેજ ઘણો હિંમતવાન હતો. પુત્ત કૈલવારનો રાજા હતો. તે ચંદાવત કુળની બીજી શાખા જગાવત્ ગોત્રનો સર્વથી પહેલો વીર હતો. એ બંને મહાવીરોનાં પવિત્ર નામ આજ પણ રાજપૂત અને ભાટ લોકોના મુખે ગવાઇ રહ્યાં છે. આજે પણ પ્રાતઃકાળે બિછાનું છોડતી વેળાએ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોની પવિત્ર નામમાળા જપ કરતી વખતે, તેઓ આ બંને મહાવીરનાં પવિત્ર નામોચ્ચારણ કરે છે. આજે પણ રાજ-પૂત સ્ત્રીઓ સંધ્યા પ્રદીપ કરતી વેળાએ જયમલ અને પુત્તને સંભા-રીને પોતપોતાના પુત્ર અને કન્યાની મંગળકામના કરે છે અને ગૃહ-સ્થની સ્ત્રીઓ અનાજ દળતી વખતે ભાટ લોકોએ વર્ણવેલાં એ વીરત્વનાં ગીત સુમધુર સ્વરે ગાય છે. જ્યાં સુધી આ સૃષ્ટિમાં વીરત્વનું સન્માન સચવાશે, જ્યાંસુધી વીર પુરૂષોના વીરત્વનો એક કણ પણ હયાત રહેશે

અને જ્યાંસુધી રાજપુત હૃદયમાં વીરકાર્યોનાં ચિત્ર આલેખાયલાં રહેશે ત્યાં સુધી મહાવીર જયમલ અને પુત્તનાં મંગળમય નામ આ પૃથ્વીપટ-પરથી કદી પણ દૂર થશે નહિ, યા કોઇ દૂર કરી શકશે પણ નહિ! આ ઈતિહાસ પ્રસિદ્ધ વીરનરો કંઇ કોઇના ઉત્સાહથી ઉત્સાહિત થયા નહોતા, કંઈ કોઈની ઉદ્દીપનાથી ઉન્માદિત થઇને ચિતોડને માટે પ્રાણાર્પણ કરવાને આગળ પડયા નહોતા; પણ હૃદયના અત્યુત્તમ વીર ભાવથી, સ્વજાતિ અને સ્વદેશની વત્સલતાથી પ્રોત્સાહિત થઇનેજ તેઓ એ સમરભૂમિમાં ઘૂમ્યા હતા. યશને માટે અથવા સ્વાર્થને માટે તેઓએ મોગલોની સામે તલવાર પકડી નહોતી; પણ પોતાના જાતીય ધર્મ અને જાતીય ગૌરવને સાચવવાનેજ તેઓ સંગ્રામમાં ઝુકયા હતા. એ ભયાનક લઢાઇ કેવળ પુરૂષોએજ કરી નહોતી; અંતઃપુરમાં રહે-નારી વીરપ્રસવિની રાજપૂત રમણીઓ પણ પોતપોતાના સુકોમળ શરીર ઉપર કઠણ લોઢાનાં બખ્તર પહેરીને સ્વાધીનતાના લીલાસ્થળ ચિતો-ડની રક્ષા કરવાને માટે લઢાઇના મેદાનમાં ઉતરી હતી; તે વર્ણન પુત્ત અને તેની મા, બેહેન તથા ભાર્યાનું વીરત્વ વાંચ્યાથી જણાશે.

જ્યારે સાલુંબ્રાપતિ ચંદાવત્ વીરે સ્વયં દરવાજા ઉપર પ્રાણા-ર્પણ કર્યો ત્યારે બાકીના ચંદાવત્ વીરોએ જયમલને પોતાનો નાયક બનાવ્યો. સઘળાઓ માયા અને મમતા ને તિલાંજલિ આપીને એકીવારે ઉન્મત્ત પણે સિંહનાદ કરીને દોડતા શત્રુસેનાની સામે જવા લાગ્યા. વિશાળ મોગલસેના પણ તોફાની સમુદ્રની પેઠે પ્રચંડ વેગથી ઉછાળો મારતી ભીષણ બળની સાથે ચિતોડના કિલ્લાની તરફ આવવા લાગી. આ સમયે પ્રલયકાળની મેઘ ગર્જના કરતી બંદૂકોમાંથી ગોળીઓ વરસવા લાગી. એ સમસ્ત ગોળીના આઘાતથી સેંકડો રાજપૂતના ટૂકડે ટૂકડા આકાશમાં ઉડવા લાગ્યા. સેંકડો ક્ષત્રિયવીરની મૂઠીમાંથી તીરકામઠાં પડી ગયાં! રાજપૂતસેના ધીરે ધીરે મરવા લાગી; પરંતુ રાજપૂતવીરો

કોઇ પણ રીતે નિરૂત્સાહ થયા નહિ. આ ભીષણ સંહાર થયા છતાં પણ સ્વાધીનતાનો વિક્રય કરીને પાપી જીવનની રક્ષા કરવાનો નીચ વિચાર લેશ માત્ર પણ ક્ષત્રિયોના હૃદયમાં કદીપણ સ્થાન પામ્યો નહિ. સ્વદેશ-રક્ષા અને પ્રાણાર્પણના બીજમંત્રથી ઉત્તેજિત થઇને તેઓ ઉન્મત્ત બની હાથમાંની તલવારના આઘાતથી જ્વલંત ગોળીઓ સામે બચાવ કરતા પળપળમાં ભયંકર સિંહનાદ કરતા હતા; પરંતુ તે સર્વ વૃથા ગયું! આખરે યવનના વિશાળ સૈન્યથી ચિતોડ ઘેરામાં પડયું અને રાજપૂત સેનાપતિ ઘણીજ સાવચેતીથી બંદોબસ્ત કરવા લાગ્યો. એમ છતાં એક રાત્રે જયમલને કિલ્લા ઉપર મશાલને અજવાળે જોઇને અકબરે લાગ સાધી બંદુકની એક જ્વલંત ગોળી ફેંકી. આ વિનાશક ગોળી તે વીર સેનાપતિના હૃદયમાં લાગી. વીરવર જયમલ તે દારૂણ જખમથી ઘોડા ઉપરથી ભૂમિપર ઢળી પડયો. આ અધર્મયુક્ત અમાનુષી કૃત્યથી પૃથ્વીપર પડતાં છતાં પણ તેની આંખોમાંથી ઝેર વર્ષી રહ્યું; પણ ઘાત વિનાશક હોવાથી તેનું વૈર તેણે માત્ર અકબરનાં નિંદનીય કૃત્યોનો તુચ્છકાર કરવામાંજ સમાપ્ત કર્યું.

એકજ વીર પુરૂષના મૃત્યુથી, એકજ ગોળીપ્રહારથી અને એકજ ફટકાથી યુદ્ધદેવી વિના પ્રયાસે પોતાને વિજયમાળ આરોપશે એવાજ હેતુથી, એવાજ મિથ્યા લોભથી અને એવાજ આશયથી અકબરે પોતાના જીવનને અપયશમય-કલંકમય બનાવ્યું અને પોતાના સ્વ-હસ્તેજ વીર જયમલને ધરાશાયી કર્યો. જે બંદુકની મદદથી તે કાયર પુરૂષોચિત કાર્ય પાર પાડયું હતું તેનું નામ તેણે " સંગ્રામ " રાખ્યું હતું. તેની સત્યતા આબુલફજલ અને જહાંગીર બાદશાહથી પ્રમાણિત થઇ છે. અકબરે અધર્મ માર્ગ પકડીને જયમલને માર્યો તો ખરો, પરંતુ આ વીર-મણિના ઉત્તમ ગુણ-ગૌરવના સંબંધમાં તે કાંઇ આંધળો નહોતો. આ વીર ક્ષત્રિએ અકબરને પોતાના શૌર્યબળથી

એટલો બધો તો ચકિત કરી દીધો હતો કે તેણે જયમલ અને વીર બાળક પુત્તના અપૂર્વ વીરત્વની યાદગિરિ ચિરકાલને માટે કાયમ રાખવા દિલ્હીમાં પોતાના મહેલના દરવાજા ઉપર બંનેની પત્થરની મૂર્ત્તિઓની પ્રતિષ્ઠા કરાવી હતી.*

૩૩–વાઘજી અને બત્રીશ હજાર વીર રાજપુતો.

ઇ. સ. ૧૫૩૩માં ગુજરાતનો બહાદૂરશાહ જ્યારે ચિતોડને જીતવા માટે આવ્યો હતો, તે વખતે મેવાડમાં રાણો વિક્રમાજીત રાજ્ય કરતો હતો. એ ઘણો દુર્બળ અને અવિચારી હતો, તેથી તેના સરદારો તેનાથી અપમાનિત થવાથી કંટાળી ચિતોડનો ત્યાગ કરી ગયા હતા. અન્ય મદદગાર રાજાઓને પણ તેણે અપમાન પહોંચાડયું હતું. તેથી આ સમયે તેને લડાઇમાં કંઇ મદદ મળી નહિ: તેથી તે લઢાઇમાં પરાજય પામી પલાયન કરી ગયો અને તેનું સૈન્ય પણ નાસાનાસ કરવા લાગ્યું. આ વખતે રાજ્યરાણી જવાહિર બાઇએ પોતાની ક્ષત્રિય વીર રમણીઓને ઉત્તેજીત કરી શત્રુઓની સામે ઉઠી. એની અપૂર્વ વીરતાથી–અપૂર્વ યુદ્ધ કૌશલ્યથી મુસલમાન સેના ઘડીભર ત્રાહે ત્રાહે પોકારી ગઇ. પરંતુ અસંખ્ય યવન દળમાં આથી કાંઈ વિશેષ હાનિ થઈ નહિ. તેઓ આગળ ને આગળ વધવા લાગ્યા અને છેવટે વીરરાણી જવાહિરબાઇ અનેકોને પ્રાણશૂન્ય કરી રણશય્યામાં સૂતી. હવે ચિતોડને પાછું કોણ બચાવશે ?

* બસો વર્ષ પહેલા વિખ્યાત ફ્રેંચ પંડિત બર્નીયર ભારતવર્ષમાં મુસાફરી કરવાને આવ્યો હતો તેણે ઉપલી બંને મૂર્ત્તિઓ જોઇ હતી. તેણે ભારતવર્ષના સંબંધમાં સ્વદેશમાંના બંધુઓને જે સર્વ પત્ર લખ્યા હતા, તે ઘણા ખરા પુસ્તકાકારમાં ઇસવી સન ૧૬૮૪ માં લંડનમાં છપાયા છે, તેમાં જયમલ અને પુત્તની મૂર્ત્તિનું વર્ણન છે, તે ઉપરથી જણાય છે કે તે પત્ર તેણે તા૦ ૪ થી જુલાઈ ૧૬૬૩ માં લખેલો છે.

તેનો વિચાર કરતા રાજપૂત સરદારો તે વેળાએ ચિતોડના ભવિષ્યને માટે અધીરા બની ગયા હતા. તેઓએ જોયું કે હવે ચિતોડ મેળવવાની આશા વ્યર્થ થઇ છે. એટલામાં ચિતોડના ઉંચા કિલ્લા ઉપરથી એક જલદગંભીર અવાજ સંભળાયો. "રાજબલિની તૈયારી કરો ?" આ ગંભીર અને ઉત્તેજીત શબ્દોથી સરદારો કોઇપણ રીતે નિરાશ–નિરૂત્સાહ થયા નહિ. ત્યારે શું ચિતોડની અધિષ્ઠાત્રી દેવી હજુ પણ તૃપ્ત થઇ નથી ? શું હવે કોઇ સેનાધિપત્ય લેનાર અવશેષ રહ્યું છે ? પરંતુ રાજબલિ ક્યાં ? એક માત્ર સંગ્રામસિંહનો પુત્ર ઉદયસિંહ છે તેની ઉંમર પણ બહુ નાની છે; તે કેવી રીતે હાથમાં તલવાર લઇને લડાઇમાં જઇ શકે ? ત્યારે દેવીનો હુકમ કેવી રીતે પાળવામાં આવે ? કિલ્લામાં સરદારો આવો વિચાર કરતા બેઠા છે, તે વેળાએ દેવલ-પતિ વાઘજી તેઓની સામે આવીને બોલ્યો; "બાપારાવળનું પવિત્ર લોહી શું મારા હૃદયમાં વહેતું નથી ? તમે રાજબલિને માટે શા સારૂ ચિંતા કરો છો ? આજે હું પોતે આત્મોત્સર્ગ કરીને દેવીની આજ્ઞા પાળીશ." આ વચનથી સર્વની ચિંતા દૂર થઇ. જે બહાદુર સૂર્યમલ્લ ચિતોડને માટે વીરવર પૃથ્વીરાજની સાથે યુદ્ધના મેદાનમાં આવ્યો હતો, તેનાજ વંશનો આ વાઘજી છે; તેથી તે શિશોદીય રાજવંશનો છે. એમ સર્વ સરદારો સારી રીતે જાણતા હતા. તેમણે વીર વાઘજીને કેટલાક રાજ્ય ચિહ્નથી અલંકૃત કર્યો. યુદ્ધમાં જય કે મૃત્યુને ભેટવા મહાવીર વાઘજીએ હવે યાહોમ કરવું એજ ઉચિત ધાર્યું. તરતજ તેણે પોતાનો રાજ્યપોશાક ઉતારી કેશરી વાઘા પહેરી લીધા. રાજપૂત સૈન્ય પણ પૂર્ણ આવેશમાં આવી રહ્યું હતું. અલ્પ સમયમાં આખું સૈન્ય કેશરીઆ પોશાકથી કાળને જીતવા જતું હોય તેવું જણાવા લાગ્યું. છેલ્લીવારનો વીરવેશ ધારણ કરીને સરદારો, સામંતો અને મહાન લડવૈયાઓએ એકમેકની આગળથી હમેશાંને માટે વિદાયગીરી લીધી. અને અભિમાનની

સાથે વાઘજીના માથા ઉપર બાપારાવળનો વિજય વૈજયંતીનો સફેદ તોરો લગાવીને વીરનાદ કરતા દુશ્મનના લશ્કરની સામા ગયા. તે વેળાએ બાળ રાજકુમાર ઉદયસિંહને બુન્દીના આધપતિ શરતાનના હાથમાં સોંપ્યો. શત્રુથી બચાવ થાય તેવો હવે સંભવ નથી. તેથી રાજપુત રમણીઓ—વીરાંગનાઓના સતીત્વનું આપણે પ્રથમથીજ રક્ષણ કાં ન કરવું જોઇએ ? રાજપુત રમણીઓને પ્રાપ્ત કરવાની મોગલોની આશાઓને આપણે પ્રથમથી નિર્મૂળ કરીને જ શા માટે યુદ્ધમાં ન જવું જોઇએ ? એવો વિચાર કરી રાજબલિના ગરમ લોહીથી ચિતોડના અધિષ્ટાત્રી દેવીનું ભીષણ ખર્પર રંગવાની આગમચ ભયાનક "જહરવ્રત"ની તૈયારી થવા માંડી. હવે વખત નથી. મોગલો કિલ્લાની પાસે આવતા જાય છે. હમણાં તેઓ ચિતોડમાં આવશે; તેથી હવે ચિતા તૈયાર કરવાનો સમય પણ ક્યાં છે ? સરદારોએ ભયાનક જહરવ્રત ઉજવવાનો એક સહેલો રસ્તો શોધી કાઢયો. કિલ્લાની અંદર એક મોટો ખાડો ખોદીને તેમાં ઘણો દારૂગોળો અને ઘણા પ્રકારના જવાળાગ્રાહી પદાર્થો નાંખીને આગ લગાડી, એટલે જાણે દાવાનળ પ્રગટયો હોયની તેવો મોટો ભડકો થયો. જોતજોતામાં પોતપોતાના વીર પતિઓને માટે જાણે આગળથીજ સ્વર્ગમાં જગ્યા કરવા જતી હોય તેમ, સતીત્વના આવેશથી રાણી કર્ણાવતીની સાથે તેરહજાર રાજપુત વીરાંગનાઓ તે પ્રચંડ આગના ભડકામાં કૂદી પડી. તેર હજાર સ્ત્રીઓ ઘડીમાં આ લોકમાંથી વિદાય થઈ ગઈ, કોઈનું કંઈ પણ ચિન્હ રહ્યું નહિ. રૂપ—યૌવન—લાવણ્ય—ગૌરવ સર્વ એક ઘડીમાં ચાલ્યાં ગયાં ! કંઇ બાકી રહ્યું નહિ ! સરદારો હવે નિશ્ચિન્ત થયા. હવે તેમને કોઇની તરફ જોવું પડશે નહિ, કોઇને માટે રડવું પડશે નહિ. હવે તેઓને માત્ર સ્વાત્મગૌરવનીજ રક્ષા કરવાની હતી. બાળ રાજકુમાર ઉદયસિંહ પણ વગર હરકતે રક્ષા પામ્યો છે. ત્યારે હવે શેનો ડર રાખવો ? હવે શેની ચિંતા

કરવી ? એવા વિચારથી ચિતોડના વીરોએ ઉન્મત્ત થઇને પાછો સિંહનાદ કર્યો, કાન ફાડી નાંખે તેવા નાદથી રાજપુતોનાં રણવાદ્યો ધરણીને ધ્રૂજાવી નાંખવા લાગ્યાં. રણોન્મત્ત વાઘજી કિલ્લાનો દરવાજો ઉઘાડીને ઉઘાડી તલવારે ચિતોડના અવશિષ્ટ વીરોની સાથે સિંહગર્જના કરી વિશાળ યવન લશ્કરમાં કૂદી પડયો. કેટલાક રણદક્ષ યવનસૈનિકો તેઓની તલવારના ભોગ થઈ પડયા. પરંતુ તેનાથી કંઇ વિજયપ્રાપ્તિ થઈ નહિ; અનંતસાગરમાં પાણીનાં થોડાંક ટીપાંની પેઠે કેટલાક રાજપુતવીર જોતજોતામાં વિલીન થઈ ગયા. એ ભયાનક કાલરણમાં બત્રીશ હજાર રાજપુત યોદ્ધાઓએ પ્રાણ અર્પણ કર્યા.

૩૪–રાવ સૂરજમલ.

સંવત્ ૧૫૭૨ (ઇસવીસન ૧૫૧૬) ની શ્રાવણ વદ ૩ એટલે પાર્વતી ત્રીજ* (કાજલી) ને દિવસે પીપાર નામના ×નગરમાં એક મહોત્સવ થયો હતો. તે ઉત્સવમાં મારવાડની ચારે કોર અસંખ્ય

* શ્રાવણ વદ ૩ જે રાજપૂત લોક પાર્વતી ત્રીજનું વ્રત પાળે છે કહે છે કે એ દિવસે ગિરિબાલા ભગવતી ગૌરી, ભગવાન ભૂતભાવન મહાદેવની સાથે પુનઃ સંયુક્ત થયાં હતા. તેથી રાજપૂતો એ પર્વને અતિ પવિત્ર અને મોટું માને છે, તથા તેઓ એમ માને છે કે એ દિવસે કોઇ સ્ત્રી ભક્તિપૂર્વક પાર્વતીની પૂજા કરે તો ભગવતી તે સ્ત્રીની સર્વકામના પૂર્ણ કરીને અંતે પોતાની સહચરી કરી લે છે. તેથી રાજપૂત રમણી એ દિવસે ભક્તિપૂર્વક દેવીપૂજા કરે છે. રાજપૂત પુરૂષો વ્રત પાલતા નથી તોપણ તેઓના મનમાં એ પર્વ અતિ પવિત્ર અને પુણ્યમય મનાયલું છે. એ દિવસને વિદેશમાં વિચરતા રાજપૂતો સ્વદેશમાં પ્રવેશવાનો પવિત્ર દિવસ માને છે અને બ્રિટિશ શાસનની સાથે મેવાડને સલાહ થયા પછી રાજપૂતો એ દિવસેજ પાછા પોતાના પૂર્વસ્થાનમાં આવ્યા હતા.

રાજપુત સ્ત્રીઓ આવીને ભગવતી ગૌરીની પૂજા કરતી હતી. એ વખતે એક પઠાણ લશ્કરની ટુકડીએ આવીને તેઓને ઘેરી લીધી અને તેમાંની ૧૨૪ સ્ત્રીઓનું હરણ કરીને લઈ ગયા. કોઇ તેમને રોકી શક્યું નહિ. આ શોચનીય સમાચાર થોડી વારમાં **સૂરજમલ** કે જે જોધપુરનો રાજા હતો તેને કાને પડયા; ક્રોધ અને તિરસ્કારથી તેનું શરીર અને આંખ લાલ થઇ ગયાં. દુરાચારીઓને સજા આપીને સ્ત્રીઓનો છૂટકો કરવાને માટે તે ઘણો અધીરો થઇ ગયો. વધારે સેના તૈયાર કરવામાં વાર થઇ જાય એ વિચારે તે પોતાના અંગરક્ષકોની ટોળીની સાથેજ પાપી પઠાણોને શોધવા નીકળ્યો. તીવ્ર વેગથી એકદમ શોધ કરતાં કરતાં તેણે તેઓને છેટેથી જોયા. તે વેળાએ તેનો ક્રોધ બમણો ઉત્તેજિત થઈ ગયો. અને જેમ સિંહના બચ્ચાને કોઈ ચોરી જાય અને તેને સિંહ જુએ તો તે જેવી રીતે પ્રચંડ વેગથી ચોરનારની ઉપર હુમલો કરે, તેમ આજ મારવાડનો અધિપતિ **રાવ સૂરજમલ** સ્ત્રીઓને હરણ કરનાર પઠાણોની ઉપર એકદમ તૂટી પડયો. આ લઢાઇમાં રાજપૂતોએ ઘણું વીરત્વ પ્રકાશિત કર્યું અને પોતાના અપૂર્વ સાહસથી તેઓ જીત્યા અને રાજપૂત સ્ત્રીઓનો છૂટકો કર્યો. પરંતુ આ લઢાઇમાં વિજયી સૂરજમલ તેનો બદલો લેવા સ્વર્ગમાં સિધાવ્યા. પઠાણોને મારીને તેણે સ્ત્રીઓનો ઉદ્ધાર કર્યો તો ખરો, પરંતુ શત્રુઓએ તેને એવો તો જખમી કર્યો હતો કે, તે જખમથી તે વધારે વાર જીવી શક્યો નહિ. રાજપૂત સ્ત્રીઓને છોડાવ્યા

---

* એ શેહેર જોધપુરથી પાંચ કોશ દૂર છે. પીપાર એક સામાન્ય શેહેર છે, એમાં ૧૫૦૦ ઘરની વસ્તી છે. એ શેહેરમાં ઘણાખરા વાણીઆ રહે છે. તેને માટે એમ કહેવામાં આવે છે કે ખ્રિસ્તના જન્મ્યા પહેલાં અવંતી નગરમાં ગંધર્વસેન નામનો એક પરમાર વંશનો રાજા રાજ્ય કરતો હતો, તેણે એ પીપાર નગર વસાવ્યું છે.

પછી, પોતાના યત્નની સફળતા જોઇ તે રણમાં મૃત્યુ વશ થયા. પરંતુ તે મૃત્યુ, તેના પક્ષે આનંદનું હતું. તે ૧૨૪ રાજપૂત સ્ત્રીઓ જ્યારે તેની આસપાસ વિંટાઇને તેનું વીરત્વ કીર્ત્તન કરવા લાગી ત્યારે તેના આનંદની સીમા રહી નહિ. અસીમ આનંદ ભોગવતો ભોગવતો તે વીર સુરજમલનો આત્મા અનંત સુખમય અમર ધામમાં ચાલ્યો ગયો અને દુનિયાના બે ઘડીના વીર મેમાનનું મૃત્યુ વીર રમણીઓના ગરબાથી શોભી ઉઠ્યું! રાવ સૂરજમલના એ અસીમ વીરત્વનું વર્ણન આજ પણ રાજસ્થાનના ભાટોના મુખે સંભળાય છે; આજ પણ તેઓ પાર્વતી ત્રીજના મહોત્સવની વેળાએ મારવાડના એ રાજાનું અસીમ વીરપણું અને મહત્વ તથા પીપાર નગરની સ્ત્રીઓના હરણનું વર્ણનગીત ઉત્સાહની સાથે ગાય છે.

૩૫–રાણા ચંદ્રસિંહની વીરતા.

સુખ દુઃખમાં મિત્ર અને શત્રુઓની પરીક્ષા થાય છે. જે સ્વાર્થી મિત્ર હોય છે તે આપણા દુઃખના સમયમાં કામ લાગતા નથી, પરંતુ જે વાસ્તવિક મિત્ર હોય છે તે આપણે માટે પોતાનું તન, મન, ધન, સર્વ અર્પણ કરી દે છે. પાષાણ એમને એમ પડી રહેલા હોય છે ત્યારે તેમાંથી અગ્નિ ઝરતો નથી, પરંતુ જ્યારે તેને એક બીજાની સાથે અફાળવામાં આવે છે ત્યારે તેમાંથી અગ્નિ ઝરે છે. તેજ પ્રમાણે મિત્રની પરીક્ષા ત્યારેજ થાય છે કે જ્યારે તે દુઃખના વખતમાં પોતાના મિત્રને કામ લાગે છે. અહીંઆં જે ઉલ્લેખ કરવામાં આવે છે તે પરથી રાજપૂતોએ પોતાના સરદારને ખાતર કેવી રીતે આત્મોત્સર્ગ કર્યો હતો તથા પોતાના જીવનની જરાપણ દરકાર રાખ્યા વિના તેઓ પોતાનાં કર્ત્તવ્યમાં દત્તચિત્ત થઇને પોતાના સરદારના સુખ દુઃખના કેવા ભાગી બન્યા હતા; તે પ્રતીત થશે.

રાણા હમ્મીરને કોણ ઓળખતું નથી? તેમણે દુરાચારી પાદશાહ અલ્લાઉદ્દીનના હાથમાંથી મેવાડ દેશ જીતી લઇને માતૃભૂમિનો પુનરૂદ્ધાર કર્યો હતો. તેમણે માલદેવને મારીને સિસોદિયાની ધ્વજા ફરકાવી હતી. આ રીતે તેમણે અનેક ઉત્તમ કાર્યો કર્યાં હતાં. હમ્મીરના મૃત્યુ પશ્ચાત્ તેમના જ્યેષ્ઠ પુત્ર ક્ષેત્રસિંહ સિંહાસનારૂઢ થયા હતા. ક્ષેત્રસિંહ પણ મહાન વીરપુરૂષ હતા. પિતાના અનેક ગુણો તેમનામાં વર્તમાન હતા. અલ્પ સમયમાં તેમણે પોતાના પિતાની ધીરતા, વીરતા, ધર્મપરાયણતા અને તેજસ્વિતાનું અનુકરણ કરીને અનેક રાજાઓને વશ કર્યા. અજમેર, જિહાજપુર, તથા ચમ્પનને પણ તેમણે પોતાના રાજ્યમાં સંયોજી દીધાં. ક્ષેત્રસિંહના યશનો સૂર્ય પોતાની પૂર્ણ પ્રભા પ્રસારતો ચતુર્દિક્‌ના પ્રત્યેક સ્થાનમાં વ્યાપી રહ્યો હતો. પરન્તુ અફસોસ! સર્વકાળ કાંઇ એક સરખો જતો નથી. અને ક્ષેત્રસિંહના સંબંધમાં પણ તેમ જ બન્યું. તેમના દુર્ભાગ્યે પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. દુર્ભાગ્યરૂપી મેઘ ચતુર્દિક્‌થી ઘેરાઇ આવ્યો અને તેમના યશરૂપી સૂર્યને ગ્રસ્ત કરવા લાગ્યો. સૂર્ય આચ્છાદિત થઇ ગયો અને કિરણોનો પ્રકાશ નષ્ટ થયો. રાણા ક્ષેત્રસિંહ અકાલમૃત્યુ પામી સ્વર્ગમાં સિધાર્યા! અફસોસ! મેવાડના બુનોદા નામક સ્થાનના એક હાડાવંશીય સરદારે રાણાનો વધ કરવાનું નીચ કાર્ય કર્યું!

ક્ષેત્રસિંહ પછી તેના પુત્ર લક્ષસિંહે (લાખા રાણે) રાજ્યારોહણ કર્યું. રાજગાદીપર આરૂઢ થઇ તેણે અનેક દુર્ગો હસ્તગત કર્યા અને મોગલોને પણ ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી દીધી. તેણે દીલ્લીના મહમ્મદશાહ લોદીને બે વખત પરાજિત કર્યો હતો. લાખો રાણો આ રીતે ન્યાયપૂર્વક રાજ્ય કરતો કરતો વૃદ્ધ થયો. હવે તેને વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી ઇશ્વરભજનમાં દિવસ નિર્ગમન કરવાની ઇચ્છા થઇ. આથી તેણે પોતાના

જ્યેષ્ઠપુત્ર ચંદ્રસિંહને રાજ્યતિલક કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ તેનો આ નિશ્ચય પરિપૂર્ણ થાય તે પૂર્વે વચમાંજ એક વિઘ્ન ઉપસ્થિત થયું. તેથી રાણાનો એ નિશ્ચય પાર પડ્યો નહિ. એક દિવસ વૃદ્ધ રાણો લક્ષસિંહ પોતાના વિચારશીલ મંત્રી, સામન્ત, સરદારોની સાથે સભામાં બેઠા હતા ચોપદારો નેકી પોકારતા હતા અને મેવાડનું વિજયશાળી છત્ર રાણાને માથે ઝળાંઝળાં થઈ રહ્યું હતું; એવામાં મંડોરના રાવ રણમલે મોકલેલો એક બ્રાહ્મણ રાઠોડરાજની કન્યાના વિવાહનું શ્રીફળ યુવરાજ ચંદ્રસિંહને માટે લઇ સભામાં આવ્યો. ચંદ્રસિંહ આ સમયે કાંઈક કામ પ્રસંગે બહાર ગયા હતા. હજુરીઆઓએ બ્રાહ્મણને ક્યાંથી પધારો છો? શ્રીફળ કોને માટે લાવ્યા છો? વગેરે પ્રશ્નો પૂછવા માંડ્યા. એટલામાં લાખો રાણો ઘડપણને લીધે ધોળી થયેલી પોતાની દાઢીપર હાથ મૂકી પોતાના હસમુખા સ્વભાવને અનુસરી ગમ્મતમાં બોલ્યા; "ભાઇ! તમેજ મનથી વિચારી જુઓને કે મારા જેવા ધોળી દાઢીવાળાને માટે તો કાંઇ હવે એ શ્રીફળ નજ હોય ને? એ શ્રીફળ તો ચંદ્રસિંહને માટે હશે."

આ હાસ્યોત્પાદક વચનો સાંભળી સર્વ સભાજનો ખડખડ હસી પડ્યા. દુર્ભાગ્ય વશાત્ પોતાના વૃદ્ધ પિતાજીનાં ઉપલાં હાસ્યમય વચનો ચંદ્રસિંહને પણ કર્ણગોચર થયાં! રાણાએ તો આ વચનો માત્ર હાસ્ય ઉપજાવવાને ખાતરજ કહ્યાં હતાં; પરંતુ તેનું પરિણામતો વિપરીતજ આવ્યું. આતો લોકો કહે છે તેમ "હસવામાં ખસવું થયું" ચંદ્રસિંહે વિચાર્યું કે "જે કન્યાના સંબંધમાં પિતાજી હાસ્યોક્તિ બોલ્યા હોય તેનું પાણિગ્રહણ મારાથી શી રીતે થઈ શકે?" આવા આવા અનેક તર્કવિતર્ક કર્યા પછી ચંદ્રસિંહે અંતે એવો નિશ્ચય કર્યો કે "એ કન્યાની સાથે હું કદિ પણ વિવાહ કરીશ નહિ." ચંદ્રસિંહની આ દૃઢ પ્રતિજ્ઞાની વાત જ્યારે રાણા લક્ષસિંહ (લાખા રાણા) ને કાને

ગઇ ત્યારે તેના શોકનો પાર રહ્યો નહિ. તે છતાં પણ તેનો આશાતંતુ તૂટ્યો નહિ. તેણે ધાર્યું કે " પુત્ર ચંદ્રને સમજાવીશું એટલે તે માની જશે." તત્પશ્ચાત્ રાણા લક્ષે ચંદ્રને બોલાવી તેને ખૂબ સમજાવ્યો. પરંતુ દૃઢપ્રતિજ્ઞ ચંદ્રસિંહે પિતાની એક પણ વાતપર લક્ષ આપ્યું નહિ. તે પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહ્યો. રાણાએ તેને ધમકાવ્યો, સમજાવ્યો અને તેનો તિરસ્કાર પણ કર્યો, પરંતુ ચંદ્ર એકનો બે થયો નહિ. રાણાની ધમકી, ભીતિ સર્વ નિષ્ફળ થયું. હવે રાણો શોચમાં પડયો. એક તરફ ચંદ્રની દૃઢ પ્રતિજ્ઞા અને બીજી તરફ રાઠોડરાય રણમલનું મોટું અપમાન. રાઠોડરાય રણમલનું અપમાન ન થાય એટલા માટે રાણા લક્ષે સ્વયં તે કન્યાનું પાણિગ્રહણ કરવાનો વિચાર કર્યો. અહો ! અદૃષ્ટની કેવી બલિહારી ! જે માણસ સાંસારિક બંધનોથી મુક્ત થઇ ચિંતા રહિત બની વાનપ્રસ્થાશ્રમમાં સુખપૂર્વક દિવસ નિર્ગમન કરવાનો વિચાર કરતો હતો, તેજ માણસને વૃદ્ધાવસ્થામાં પુનઃ આ સંસારની યાતનામાં ફસાવું પડયું ! વળી તેને આ વાતથી બહુ શોક થયો કે ' જે પુત્રને હું આજ્ઞાકિંત, શાન્ત, ધીર, વીર, અને રાજ્યનો અધિકારી સમજતો હતો તેજ મારી મરજીની સામે થયો, અને તેણેજ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું.' આ પ્રકારે મનમાં અતિ દુઃખિત થઇને રાણા લક્ષે ચંદ્રને પોતાની સમક્ષ તેડાવી મંગાવ્યો અને તેને કહ્યું કે " જો, તેં પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. મેં તને આજ્ઞાધીન, વીર, ધીર, અને પિતૃભક્ત ધાર્યો હતો પરંતુ તું મારી ઇચ્છાની સામે થયો છું. કદિ તું એ કન્યાનો સ્વીકાર નહિ કરશે, તો પણ મ્હારે તો એનો સ્વીકાર કરવો પડશેજ. પરન્તુ મંડોરના રાવે પોતાનો દૌહિત્ર મેવાડપતિ થાય એવી આશાએ કન્યાનું શ્રીફળ મોકલ્યું છે. બોલ, આનો કંઈ વિચાર કર્યો છે ?" શો ઉત્તર આપે છે તે જોવાને સૌ આતુર થઇ ગયા. પિતાની

વચનોથી દુઃખિત ન થતાં રાજકુમારે ગંભીરપણે જવાબ આપ્યો કે, "પૂજ્ય પિતાજી! જો આપ રાઠોડ પુત્રી હંસાકુમારી સાથે લગ્ન કરો તો હું શ્રી એકલિંગજીના સોગંદ ખાઇને કહું છું કે હું રાજા થઇશ નહિ અને આ કન્યાથી જે પુત્ર થશે તેને હું મારો રાજા માનીશ." ચંદ્રસિંહ! ધન્ય છે તારા ટેકને!

દૈવવશાત્ રાણા લક્ષને આ વિવાહથી એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ મુકુલજી રાખવામાં આવ્યું. મુકુલજી હજી બાલ્યાવસ્થામાંજ હતા એટલામાં યવનોએ ગયામાં મહાઉપદ્રવ કરવા માંડયો. રાણા લક્ષને જ્યારે ખબર થઇ કે મુસલમાનોએ ગયામાં ભયંકર અત્યાચાર કરવા માંડયો છે, ત્યારે તેઓ તેમને પાદાક્રાંત કરવાની તૈયારી કરવા લાગ્યા. થોડા દિવસમાં રાણાએ યોગ્ય તૈયારી કરી દીધી. યુદ્ધમાં ગયા પૂર્વે રાણાએ રાજ્યની સુવ્યવસ્થા કરવાનો વિચાર કર્યો. અને ચંદ્રસિંહને તથા કેટલાક મોટા મોટા સરદાર સામંતોને બોલાવીને કહ્યું કે "હુંતો યુદ્ધમાં જાઉં છું અને મારા પાછા ફરવાની કાંઇ આશા નથી, કારણ કે હું અવશ્ય યવનોના હાથથી માર્યો જઇશ, એમ મને લાગે છે. તો હવે રાજકુમાર મુકુલને માટે હું શું બંદોબસ્ત કરૂં? એની જીવિકાને માટે મારે શી સમ્પતિ આપવી જોઇએ?" ચંદ્રે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો; "ચિતોડનું રાજ્ય રાજકુમાર મુકુલ વિના અન્ય કોણ લઇ શકે એમ છે?" આ ઉત્તર સાંભળી રાણા પ્રસન્ન તો થયા પરંતુ તેમના મનમાં એટલો ખટકો રહ્યા કે મારા મરણ પછી ચંદ્રસિંહ મુકુલને મારીને રાજપાટ ખુંચવી લેશે તો? આથી તેમણે યુદ્ધમાં ગયા પૂર્વે રાજકુમાર મુકુલને રાજ્યતિલક કરી દેવાનો નિશ્ચય કર્યો. થોડાજ દિવસમાં સઘળી વ્યવસ્થા થઇ ગઇ અને રાણાએ સ્વહસ્તે રાજકુમાર મુકુલને રાજ્યતિલક કર્યું તથા ચંદ્રને મંત્રી બનાવ્યા. વળી તેમણે એ નિયમ પણ દાખલ કર્યો કે "હવે પછી જે સરદાર

સામંતોને ભૂમિ આપવામાં આવશે તેમનાં દાનપત્રોપર રાણાના હસ્તાક્ષરની સાથે ચંદ્રના ખડ્ગનું નિશાન પણ કરવામાં આવશે."

આ પ્રકારે રાણા લક્ષ સર્વ વ્યવસ્થા કરી, યુદ્ધની તૈયારી કરીને ગયા તીર્થ તરફ સિધાવ્યા. તેમના ત્યાં ગયા પછી યવનોની સાથે ઘોર સંગ્રામ થયો. એક દિવસ એક મંદિરની રક્ષા કરતાં તેમનો દેહાન્ત થયો. તેમનું વૃદ્ધ શરીર રણક્ષેત્રમાં પડયું. સર્વ રાજપૂતો પણ પોતાના સ્વામીની સાથે તેજ સ્થળે પડયા. આ પ્રકારે રાણા લક્ષે ધર્મને માટે પોતાનું જીવન અર્પ્યું. હવે અહીંઆં ચંદ્રનું શું થયું તે તરફ લક્ષ આપીએ. પિતાજીના ગયા પછી તેમણે ન્યાયપૂર્વક શાસન ચલાવવાનો પ્રારંભ કર્યો. આથી મેવાડનું રાજ્ય રામરાજ્ય સમાન ગણાવા લાગ્યું. સ્થળે સ્થળે ચંદ્રનાજ નામનું યશોગાન ગવાવા લાગ્યું અને બાળક મુકુલને માટે થોડા સમયમાં રાજ્યને આબાદ બનાવી દીધુ.

મેવાડના ભાગ્યમાં આ સુખ લાંબો સમય ચાલ્યું નહિ. રાજ્યનો કાર્યભાર ચંદ્ર ચલાવતો. એ મોકુલના મોસાળીઆંઓથી સહન થઈ શક્યું નહિ. આવીજ ઇર્ષ્યાના પરિણામે જયચંદ્ર રાઠોડ પાસેથી શાહબુદ્દીને કનોજ લીધા પછી કેટલાક રાઠોડોને મંડોરમાં આવી વસવું પડયું હતું. મંડોરનું રાજ્ય ઘણું નાનું અને ચિતોડનું ખંડીઉં હતું; એટલે ચિતોડ જેવા ઇતિહાસ પ્રસિદ્ધ વિશાળ રાજ્યમાં બેસવાને તેની દાઢ સળકી અને ભાણેજની બાલ્યાવસ્થાનો લાભ લેવા ધાર્યો. પણ જ્યાં સુધી ચિતોડ ચંદ્ર જેવા કેશરીથી રક્ષાયલું હતું ત્યાં સુધી શિયાળવાનું આધિપત્ય ક્યાંથી સંભવે ? આથી ચંદ્રને રાજ્યમાંથી કાઢવા માટે મુકુલના મોસાળીઆઓએ નીચ યુક્તિઓ આરંભી. રણમલ અને તેનો પુત્ર જોધો, એ ઉભય ભાણેજની ખબર કાઢવા ચિતોડમાં આવ્યા. એકાન્તમાં વાતચિત કરતાં જોધે પોતાની બ્હેનની પાસે કપટજાળ પાથરવા માંડી. અને ચંદ્રસિંહને હાથેજ કાર્યભાર ચાલુ રહેશે તો આગળ

જતાં ગાદીનો માલીક તેજ થઇ બેસશે એમ તેને સમજાવ્યું; સગા ભાઇની વાતથી ભોળી રાણી ચંદ્ર ઉપર વહેમની દૃષ્ટિથી જોવા લાગી; હવે ચંદ્ર તેને કાંટા સમાન સાલવા લાગ્યો. તેણે ધાર્યું કે "ચંદ્ર આ પ્રકારે રાજવ્યવસ્થા કરતાં કરતાં રાજ્યાધિકારી બની બેસશે અને કુમાર મુકુલને પદભ્રષ્ટ કરી ઘાતકોના હસ્તમાં કદાચ અર્પણ કરી દેશે." પરંતુ આ વિચાર ચંદ્રસિંહને સ્વપ્નમાં પણ આવ્યો નહોતો. ચંદ્રસિંહને રાજ્યકારભાર કરતા જોઇ મુકુલની માતા સંતપ્ત થઇ અને ગમે તે પ્રકારે તેમને રાજ્યમાંથી દૂર કરવાની યોજના કરવા લાગી. ચંદ્રને આ વર્તમાન જ્ઞાત થયા એટલે તેમણે એવો વિચાર કર્યો કે મ્હારા રહેવાથી મુકુલની માતા દુઃખિત થાય છે માટે હવે મ્હારે આ રાજ્યનો પરિત્યાગ કરવો જ ઉચિત છે. જતી વખતે તેમણે મુકુલની માતાને કેટલાંક ગર્ભિત વચનો કહ્યાં અને પછી નમ્રતાપૂર્વક કહ્યું; "આપ ભૂલભરેલા વિચારો ધરાવો છો. કદાચ કોઇની શીખવણીથી આપ મારાપર આ રીતે અપ્રસન્ન રહેતાં હશો. પણ જો મને ચિતોડના રાજા બનવાનીજ ઇચ્છા હોત તો હું આટલા દિવસ ચૂપ શા માટે બેસી રહ્યો હોત. અને તેમ હોત તો આપ હજી સુધી રાજમાતા તરિકે મહાલયમાં રહેત કે? હું આ દેશનો ત્યાગ કરીને જાઉં છું તેથી મને કાંઇ નુકસાન નથી અને તેટલા માટે મારા મનને ક્લેશ પણ થતો નથી. શોક માત્ર એટલોજ છે કે ચિત્તોડની શી દશા થશે? કુમાર અદ્યાપિ અલ્પવયસ્ક છે, તે રાજ્યભાર કેવી રીતે વહન કરશે? ગમે તેમ થાઓ હવે હું તો જન્મસ્થાન છોડીને જાઉં છું. રાજ્યવ્યવસ્થા સર્વ આપને શિર રહેશે. પણ જો જો, સિસોદિયાની યશઃપતાકા પદદલિત ના થાય." આ પ્રમાણે કહી ચંદ્રસિંહ પોતાના બસો વિશ્વાસુ ચિતોડીઆઓને લઇ માંડુના રાજ્યમાં ચાલ્યા ગયા. ત્યાંના રાજાએ તેમનો યથોચિત આદર-

સત્કાર કર્યો અને હલ્લરનું રાજ્ય આપી તેમને પોતાના મિત્ર બનાવી લીધા. ચંદ્રસિંહ આ પ્રમાણે આનંદપૂર્વક રહી પોતાના દિવસ નિર્ગમન કરવા લાગ્યા.

અહા ! આ પ્રસંગે ચંદ્રસિંહે કેવું અનુકરણીય કાર્ય કરીને પોતાનું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરોથી અંકિત કરાવ્યું ! જે રીતે ભીષ્મ પિતામહે પોતાના પિતાને ખાતર તેમજ પોતાનાં વચનને ખાતર રાજસિંહાસન, ભોગ, વિલાસાદિ સર્વનો ત્યાગ કર્યો હતો તે પ્રમાણે ચંદ્રસિંહે પણ તેમનું અનુકરણ કરી આદર્શ ત્યાગવૃત્તિ બતાવી પોતાનું નામ અજરામર કર્યું છે. વીરહૃદય ચંદ્રે સ્વાર્થપ્રત્યે દુર્લક્ષ્ય કરી પોતાના પિતાની સમક્ષ કરેલી પ્રતિજ્ઞા પાળી. રાજવિલાસનો ત્યાગ કરી તેમણે પોતાના સાવકા ભાઇને સર્વ રાજ્ય સોંપી દીધું. પરંતુ જે મુકુલને માટે તેમણે સર્વ ભોગોનો ત્યાગ કર્યો હતો તેની માતાએ તેમની સાથે નિંદનીય વર્તન કર્યું; અને બિચારા ચંદ્રને આ અદ્વિતીય આત્મત્યાગના બદલામાં દેશનિકાલની સજા ! અસ્તુ. ચંદ્રસિંહ મુકુલની માતાને માટે પિતાનાં રાજ્યને છોડીને સદષે ચાલ્યા ગયા. તેમને જતી વખત મુકુલની માતાએ જરા પણ રોકયા નહિ, તે ઉલટી ખુશી થઇ. વિશેષતઃ તેના પિતાના ઘરનાં માણસો પોતાની દુષ્ટેચ્છા પાર પડવાથી ઘણાં ખુશી થયાં. સર્વથી પહેલાં મુકુલના મામાએ મેવાડના રાજ્યમાં પગ જમાવ્યો. થોડા દિવસ પછી તેના પિતાએ આવીને ચિતોડના રાજ્યમાં પોતાનો કરપ બેસાડવા માંડયો. તેણે રાજ્યના સર્વ સરદારો ને દેશપાર કર્યા અને પોતાના સરદારોને ધીમે ધીમે બોલાવવા માંડયા; આ પ્રમાણે મેવાડનું રાજ્ય હસ્તગત કરવાના ઉદ્દેશથી રાઠોડ રણમલ બાળક મુકુલજીને ખોળામાં લઇ બાપ્પારાવળની ગાદીપર પણ બેસતાં અચકાયો નહિ ! તેજ જાણે મેવાડેશ્વર ન હોય તેમ તેનાપર છત્ર ચમ્મર હળવા લાગ્યાં ! માત્ર થોડાજ દિવસોમાં રણમલે એટલો તો કરપ બેસાડી

દીધો કે ચિતોડના સર્વ સરદારો જાણે તે ચિતોડનો રાજાજ ન હોય તેમ તેની આજ્ઞા માનવા લાગ્યા. રણમલની ચાલાકી સર્વ રાજસભાસદો જાણતા હતા, તોપણ તેની વિરૂદ્ધ એક શબ્દ પણ બોલવાની કોઇની હિંમત ચાલતી નહોતી. પરંતુ એક દાસીએ અંતે આ કામ બજાવ્યું. તેણે વિચાર કર્યો કે "અફસોસ! શું બાપ્પારાવળની ગાદીપર એક રાઠોડ બેસશે? શુ બાપ્પારાવળનો યશ ચિરકાલને માટે ડૂબી જશે? શું રાજપૂતોનું કુલ ગૌરવ નષ્ટ થશે? શું આ દુષ્ટોની ક્રૂરનીતિ અને વિશ્વાસઘાતથી સિસોદિયા કુલ સમૂળ નષ્ટ થશે? અને શું સિંહરાજની ગુફામાં શિયાળવું મ્હાલશે?" તે આ પ્રમાણે અત્યંત દુઃખ ઘૃણાથી વિવશ થઇ મુકુલની માતા પાસે ગઇ અને બોલી; "આપ સર્વ વાત જાણો છો, તે છતાં પણ ભોળાં કેમ બનો છો? રાજ્યની આ સ્થિતિ જોવા છતાં આંખે પાટા કેમ બાંધો છો? આપ આપના પિતાની ચાલાકી નથી જાણતાં? જો વધુ વખત ચૂપ બેસી રહેશોતો રાજકુમાર મુકુલને ગુમાવશો. આ સર્વ બાબતનો બરાબર વિચાર કરી સુખી થવાનો કાંઇ માર્ગ શોધી કાઢો તો ઠીક." આ દાસીની વાત મુકુલની માતાના ધ્યાનમાં આવી. હવે તે પોતાના પિતાની ચુંગાલમાંથી પોતાના બાળક મુકુલને છોડાવવાનો ઉદ્યોગ કરવા લાગી. રણમલને જ્યારે ખબર થઈ કે મારી પુત્રી મારી વિરુદ્ધ કાર્ય કરે છે ત્યારે તેણે તેને ખુલ્લેખુલ્લું કહી દીધું કે; "હવે રાજપાટ મારૂં છે, માટે કોઇએ એમાં હસ્તક્ષેપ કરવો નહિ. જે કોઈ એમાં હસ્તક્ષેપ કરશે તેને પ્રાણદંડ ભોગવવો પડશે." રણમલના આવા સ્પષ્ટ કથનથી રાણી અતિ ભયભીત બની ગઇ.

હજી રાઠોડોને મેવાડના અધીશ્વર બનવામાં ફક્ત એકજ વીર કંટક રૂપ હતો. આ વીર નર તે ચંદ્રનો ભાઇ રઘુદેવ હતો. તેની જાગીર કેલવાડામાં હતી. રઘુદેવ ચંદ્રસિંહના જેવોજ પરાક્રમી તેમજ પ્રજા-

પ્રિય હતો. તેની રાજ્યભક્તિ અચળ હતી. જોધાને હવે ફક્ત તેનીજ બ્હીક રહેતી હતી. હવે તેનું લક્ષ તેનું કાસળ કાઢવાનીજ તજવીજમાં હતું. દશેરાના શુભ પ્રસંગે પટાવતો ને પોશાક અપાતો હતો. આ નિમિત્તે રઘુદેવને પણ દરબારમાં આવવાનું આમંત્રણ કરવાથી તે પણ હાજર થયા હતા. તેમને ખબર નહોતી કે આ સર્વ સમારંભ તેમને માટે હતો. જોધાની તાકાત નહોતી કે તે ભરદરબારમાં રઘુદેવને મારી નાંખવાનું સાહસ કરી શકે; તેથી રાત્રે ભરઉંઘમાંજ તેણે રઘુદેવનું શરીર તલવારથી કાપી નાંખ્યું. રઘુદેવ ઉપર સર્વ મેવાડીઓની તથા પ્રજાની અથાગ પ્રીતિ હતી. આ દુઃખદાયક સમાચાર સાંભળવાથી તેઓના શોકનો કાંઇ પાર રહ્યો નહિ. પણ સત્તા આગળ શાણપણ શું કરી શકે? આજે પણ ચિતોડમા રાજાથી તે રંક સુધીના સઘળા સીસોદીયા ચૈત્ર સુદી ૧૦ તથા આશ્વિન સુદી ૮ મે પિતૃદેવ તરિકે રઘુદેવનું પૂજન કરે છે. આ ઉપરથી રઘુદેવ કેટલો બધો પ્રજાપ્રિય હશે તે સહજમાં સમજી શકાય છે.

હતભાગિની રાણી હવે આ દુઃખમાંથી મુક્ત થવાને માટે અનેક ઉપાયો શોધવા લાગી, પરંતુ તેને એક પણ ઉપાય જડયો નહિ. હવે ચંદ્ર તેના હૃદયમાં જાગૃત થવા લાગ્યો. તે શોચવા લાગી કે "જો આજે ચંદ્રસિંહ અહીંઆં હોત તો શી વાતની ચિંતા હોત?" પછી તેણે પોતાના પિતાની પાસે જઇને તેને આવા વર્તનનું કારણ પૂછ્યું. રણમલે એવો પ્રત્યુત્તર આપ્યો કે તેથી રાણી અવાક્ બની ગઇ. હવે તેને ખાત્રી થઇ ગઇ કે રણમલ અવશ્ય મુકુલને મારીને સ્વયં રાજ્ય કરશે. પરંતુ તે હવે શું કરી શકે? તે સમજી ગઇ કે જ્યારે આ દુષ્ટે ચંદ્રના પ્રિયબંધુ રઘુદેવની હત્યા કરાવી છે ત્યારે એ મુકુલનો પણ અવશ્ય વધ કરાવશેજ. ભાવી વિપત્તિઓનું ભાન થતાં તે વ્યાકુલ બની અને તેમાંથી મુક્ત થવાના ઉપાયો શોચવા લાગી; પરંતુ જ્યાં જ્યાં આંખ

ઉઘાડીને દષ્ટિ ફેરવતી ત્યાં ત્યાં વિપત્તિઓજ દ્રષ્ટિગોચર થતી હતી. ચારે તરફ રાઠોડોની ભરતી હતી અને સેનામાં પણ અધિક સેનાપતિ રાઠોડોજ હતા. ગોલંદાજોમાં પણ સિસોદિયા કરતાં રાઠોડો અધિક હતા. ગઢ, દ્વાર, અંદર, બહાર, સર્વત્ર રણમલે દૂરદર્શિતા વાપરીને ચુંટી કાઢેલા સરદારો મૂકી દીધા હતા. બચેલા સિસોદિયા રાજસભાસદો પણ તેના હાથમાંનાં રમકડાં બની રહ્યા હતા. રાણીના શોકનો પાર રહ્યો નહિ. તે મનમાં દુઃખોદ્દ્ગાર કાઢવા લાગી, "હાય! શું બાપ્પા રાવળનું વંશવૃક્ષ નષ્ટ થઇ જશે? અફસોસ! હવે સિસોદિયાના ગૌરવનું રક્ષણ કોણ કરશે?" આવા આવા વિચારોથી તેને સર્વ સંસાર અંધકારમય લાગતો હતો. રાણીની સર્વ આશા નષ્ટ થઇ ગઇ, તેના સર્વ ઉદ્યોગો વિફળ થયા, ચારે તરફ માઠાં ચિન્હો દગ્ગોચર થવા લાગ્યાં. અને આશ્રય વિનાની મેવાડની રાણી હતાશ થઇ ગઇ.

થોડા દિવસમાં મુકુલની માતાએ પુનઃ ચંદ્રસિંહનું સ્મરણ કર્યું અને પશ્ચાત્તાપ સહિત ક્ષમા માગીને તેમને આ સર્વ આપત્તિની ખબર આપી. ચંદ્રને તો પ્રથમથીજ વિદિત હતુ કે કોઇને કોઇ દિવસ ચિત્તોડ ઉપર સંકટની વૃષ્ટિ અવશ્ય થશેજ. રાજમાતા ઉપર આવી પડેલા આ દારુણ દુઃખથી ચંદ્રનું હૃદય અતિ સંતપ્ત બન્યું અને તેમણે રાજમાતા પર કહાવી મોકલ્યું કે "હું અવશ્ય આવીને મુકુલને રાજ્ય અપાવીશ." આ રીતે ચંદ્રસિંહે મુકુલને રાજ્ય અપાવવાની પ્રતિજ્ઞા તો કરી, પરંતુ તેની પાસે એવડું મોટું સૈન્ય ક્યાં હતુ કે જેથી તે રણમલની સામે લડી શકે? આ વિચાર આવતાં ચંદ્રનું મન જરા ડગ્યું, પરંતુ અંતે તેમણે પોતાની કાયરતાને માટે પોતાની જાતનેજ તિરસ્કાર કર્યો અને પ્રાણની મમતા છોડી મુકુલને રાજ્ય સિંહાસનપર અધિષ્ઠિત કરવાને માટે ઉદ્યોગ કરવા લાગ્યા. અહા! ચંદ્રસિંહ! તું તેજ વ્યક્તિને માટે પોતાનું તન, મન, ધન સર્વ અર્પણ કરવાને તૈયાર થયો છે કે

જેણે તને ચિત્તોડમાંથી હદપાર કરી તારા સર્વ રાજ્યનું અપહરણ કર્યું હતું ! તું તેજ માતાને માટે પોતાનો પ્રાણ સમર્પણ કરવાને તત્પર થયો છે, કે જેણે તારૂં સર્વ સુખ નષ્ટ કર્યું હતું ! નિઃસંશય ખરો પુરુષ તેજ છે કે જે અપકારને બદલે ઉપકાર કરે ! અસ્તુ !

ચંદ્રસિંહે બે એવા માણસોને ચિત્તોડ મોકલવાનો વિચાર કર્યો કે જે દારૂગોળો, સૈનિકોની સંખ્યા, ઇત્યાદિની બાતમી મેળવે. તેણે પોતાના મનની વાત અન્યની આગળ પ્રદર્શિત કરી ત્યારે તેમના બે બાળ· લંગોટીયા ભિલ્લ મિત્રો તે કાર્ય કરવાને તૈયાર થયા. તે ભીલોએ રણ· મલની પાસે આવીને તેની સત્તા નીચે નોકરી સ્વીકારી અને તેઓ રાજ્યની સર્વ બાતમી ચંદ્રને આપવા લાગ્યા. હવે ચંદ્રે આક્રમણ કરવાનો દિવસ નિશ્ચિત કરી રાણીપર સંદેશો મોકલી દીધો કે "તમે મુકુલને તથા થોડાક વિશ્વાસુ સરદારોને લઇને દાન આપવાના બહા- નાથી ચિત્તોડમાંથી નીકળી જજો અને દાન આપતાં આપતાં ઘણા ગાઉ દૂર આવી ગયા પછી દિવાળીને દિવસે ગોમુડા નામક સ્થાનમાં અવશ્ય આવી પહોંચજો. જો આમાં કાંઇ ચૂક થશે તો તેની જોખમદારી તમારે શિર રહેશે."

આ સંદેશો સાંભળી મુકુલની માતાના હૃદયમાં કાંઇક ધૈર્ય આવ્યું. નિયત કરેલો દિવસ આવી પહોંચ્યો. ભીલોએ રાણા ચંદ્રને સર્વ બાતમી આપી હતી; પરંતુ સાથે સાથે એટલું પણ કહેવરાવ્યું હતું કે "દુર્ગની અંદરનો દરવાજો અતિ પ્રચંડ અને મજબૂત છે, તેથી આક્રમણના પ્રસંગે તે ખોલી શકાશે કે નહિ તે એક ગંભીર પ્રશ્ન છે. જો દરવાજો બંધ હોય તો તેને ખોલવો એ કાંઇ રમતનું કામ નથી." પરન્તુ એથી ચંદ્રસિંહ જરા પણ ડર્યા નહિ. તેમણે દૃઢ પ્રતિજ્ઞાપૂર્વક ઉત્તર આપ્યો કે "એક તો શું પરંતુ એવા સહસ્ર મજબૂત દરવાજા હોય તોપણ તે ભેદી હું મુકુલને ગાદી અપાવવાને પ્રયત્ન કરીશ અને તેમ

કરતાં પ્રાણ આપવો પડશે તો તે પણ ખુશીથી આપીશ, અને માતા પિતાને આપેલી પ્રતિજ્ઞાનું પાલન કરીશ."

ધીમે ધીમે દિવાળીનો દિવસ પણ નિકટ આવતો ગયો. ચંદ્રના કહેવા પ્રમાણે મુકુલની માતા પોતાના પ્રિય પુત્ર મુકુલને લઈને કેટલાક વિશ્વાસુ સરદારો સાથે ગોમુડ ગ્રામમાં જઈ પહોંચી. ઉક્તસ્થાનમાં રાણા ચંદ્ર અદ્યાપિ પર્યંત આવ્યા નહોતા, તેથી તેમની સર્વ દાસીઓ ભયભીત થઈ અને મનમાં એવી શંકા કરવા લાગી કે "આ સર્વ ચંદ્રની ધૂર્તતા છે" રાણીને પણ તેમની પેઠે ભય તથા આશંકા થઇ અને તેઓ સર્વ ચિત્તોડ તરફ પાછાં ફરવા લાગ્યાં. પરન્તુ એટલામાં સહસા ઘોડાની પડઘો સંભળાઇ. ઘોડાને આવતા જોઇ તેમના જીવમાં જીવ આવ્યો. આશારૂપી લતા પુનઃ વિકસિત થઈ, હર્ષનો સંચાર થયો અને શોકનો નાશ થયો. જોતજોતામાં કેટલાક અશ્વારોહી સૈનિકો સહિત રાણા ચંદ્ર પાછળથી આવી આગળ નીકળી ગયા. તેઓ આ વખતે ગુપ્ત વેષમાં હતા. મુકુલને જોતાં તેમણે શિર નમાવી પ્રણામ કર્યા. ચંદ્રે આક્રમણ કર્યા પૂર્વે દુર્ગની અંદરની તથા બહારની સર્વ બાતમી મેળવી લીધી હતી. પણ આ વખતે તેમની પાસે એટલી મોટી સેના નહોતી કે તે દરવાજો તોડીને દુર્ગને હસ્તગત કરી શકે; આક્રમણ કર્યા પૂર્વે તેમણે એક ખાનગી સભા ભરી; આ સભામાં ચિતોડના દરવાજા ખોલતી વખત સહન કરવી પડનારી મુશ્કેલીઓનું તેમણે યથાસ્થિત વર્ણન કર્યું અને કહ્યું કે "તે (દ્વિતીય) દ્વાર ખોલતી વખત અનેક માણસોને જાન આપવા પડશે, માટે મારો મત એવો છે કે શત્રુઓ તે દરવાજો બંધ કરવાનો પ્રયત્ન કરે તે વખતે થોડા માણસોએ તે દરવાજાની પાસે જવું અને રક્ષકનો વધ કરવો. તે દરવાજો આપણા અધિકારમાં આવશે એટલે વિજય-લક્ષ્મી આપણનેજ વરશે. જો આમ બનશે તો જ આપણે દુષ્ટ રણ-

મલને મારી શકીશું. પરન્તુ સ્મરણમાં રાખજો કે જે દ્વારપાળને મારવાનો પ્રયત્ન કરે તેણે પોતાના જીવનની આશા ત્યજી દેવી જોઇએ. કારણ કે ત્યાં પ્રથમ ચાર પાંચ રાજપુતો જ જઇ શકશે અને તેમણે ઘણા રાજપુતોને રોકવા પડશે તેઓ સામા પક્ષના રાજપુતોને રોકશે એટલે આપણા પક્ષના માણસો ત્યાં પહોંચી જશે અને દુર્ગને હસ્તગત કરશે. હવે કહો ત્યાં પ્રથમ જવાને માટે કોણ કોણ તૈયાર છે ?" આ શબ્દો સાંભળી સર્વ સામટા બોલી ઉઠયા "મહારાજ, અમને મોકલો." ચંદ્રસિંહે ઉત્તર આપ્યો "બંધુઓ ! આ કાંઇ સહજ કામ નથી, ત્યાં તો અત્યંત શૂરા અને અસિનો ઉપયોગ કરવામાં પરમ નિપુણ એવા રાજપુતોનો ખપ છે. કયો માણસ ક્યાં સારી રીતે યુદ્ધ કરી શકે છે તે સર્વ હું જાણું છું. માટે તમારામાંથી પાંચ જણને હુંજ ચુંટી કાઢીશ." આ પ્રમાણે બોલી તેમણે પોતે પાંચ અત્યંત મજબુત રાજપુતોને ચૂંટી કાઢયા અને તેમને કહ્યું; "જો તમને પ્રાણ અને કુટુંબનો મોહ હોય તો હું હમણાંજ તમને મુક્ત કરૂં છું. યાદ રાખજો કે તમારે પ્રાણને હથેળીમાં રાખીને આક્રમણ કરવું પડશે." ઉક્ત રાજપુતોએ પ્રત્યત્તર આપ્યો કે "શું આપ અમને કાયર સમજો છો ? શું અમે પ્રાણનો મોહ ધરી આપનું કાર્ય નહિ કરીશું ? અમો પાંચના મરણથી આપના અનેક રાજપુતોના પ્રાણનું રક્ષણ થશે એ લાભ શું અમને ઓછો છે ? ચાલો, હવે વિલંબ કરશો નહિ, શીઘ્ર પાવડામાં પગ ધરો." આ સાંભળી ચંદ્રસિંહ અતિ પ્રસન્ન થયા અને તેમણે સર્વ સુવ્યવસ્થા કરી કૂચ કરવાની આજ્ઞા આપી. "થોડીવારમાં તેઓ તે પાંચ સરદારોને લઈ, પોતે મોખરે રહી ચિતોડ દુર્ગ તરફ ગયા. ચિતોડની છેક નિકટ પહોંચ્યા તે વખતે ચંદ્રસિંહના સર્વ સાથીઓ પાછળ રહી ગયા હતા અને તેઓ એકલાજ પહેલા દરવાજામાં ઘુસી ગયા. પરંતુ કોઇએ પણ તેમને કાંઇ પૂછ્યું

નહિ. જ્યારે તેઓ 'રામપોલ' નામક દ્વારપર પહોંચ્યા ત્યારે દ્વારપાળોએ "તમે કોણ છો" એમ પૂછ્યું. ચંદ્રે ઉત્તર આપ્યો કે "અમે સર્વ રાજપુત સરદારો છીએ, અમે દરબારને અહિંઆં સુધી પહોંચાડવાને આવ્યા છીએ." આ શબ્દો સાંભળી દ્વારપાલોનો સંદેહ નિવૃત્ત થઇ ગયો, અને ચંદ્રસિંહ જરા પણ પ્રતિબંધ કે પૂછપરછ વિના બીજાં દ્વાર સુધી ચાલ્યા ગયા. ચંદ્રનું કાર્ય તો સફળ થયું, પરંતુ પાછળના સરદારો આવ્યા એટલે દ્વારપાળોની શંકા વૃદ્ધિંગત થઈ. આ વખતે ચંદ્રની સૌથી પાછળ રહેલી સેના પણ પ્રથમ દ્વાર સુધી આવી પહોંચી હતી. દ્વારપાળો શંકા કરવા લાગ્યા કે "આટલા બધા રાજપુતોને આવવાનું શું પ્રયોજન છે?" રાજપુતોના આગમનનું પ્રયોજન તેઓ કાંઈ સમજી શક્યા નહિ અને તેમનો સંદેહ પ્રતિપળે વૃદ્ધિંગત થતોજ ગયો. અંતે તેમણે પોતાની શમશેર નગ્ન કરી; રાણા ચંદ્રના સરદારોએ પણ ઝપોઝપ પોતાની અસિ મ્યાનમાંથી બહાર કાઢી, ઉભય પક્ષો પોતાપોતાના સ્વામિનો વિજય કરવા ને માટે પોતાના બાહુબળનો પરિચય આપવા લાગ્યા. અને જોતજોતામાં મામલો વધી પડયો.

અંતે રણચંડ ચંદ્રને વિજયદેવીએ વરમાળા આરોપી. રાઠોડો માર્યા ગયા. દ્વારપાળ અને રક્ષકોને મારીને ચંદ્રસિંહ રણમલને શોધવા લાગ્યા. રાણા રણમલનો વધ કરવાને માટે ચંદ્રના સર્વ રાજપૂતો રાજમહાલય તરફ ચાલવા લાગ્યા. અભાગી રાણા રણમલનું મૃત્યુ કેવી રીતે થયું તે જાણીને પાઠકો હસ્યા વિના રહેશે નહિ. રણમલ વિષયલંપટ પણ હતો. મહાન રાજપુતોની પેઠે તે પવિત્રાચરણી નહોતો. જે વખતે ગઢમાં આ ઘટનાઓ બની રહી હતી તે વખતે તે મદિરા, અફીણ અને વિષયવાસનામાં ચકચૂર બનીને પોતાની પુત્રીની એક સખીપર બળાત્કાર કરવાનો પ્રયત્ન કરતો હતો. રાજપુત બાલિકાઓ

તો અનાદિ કાળથી સતી સાધ્વી, અને પવિત્રજ રહેતી આવી છે. તો પછી આ વીર બાળા ઉચિત વિધિથી વિવાહ કર્યા વિના રણુમલનું મુખ સુદ્ધાં કેમ જુએ? તે બાળાએ પોતાના શિયળનું સંરક્ષણ કરવાને માટે એક ઉત્તમ ઉપાય યોજ્યો. રણુમલને મદ્યમાં ચકચૂર બનેલો જોઇ તેણે તેની પાઘડી વતી તેને પલંગની સાથે બાંધ્યો અને સ્વયં ત્યાંથી ચાલી ગઇ. આ રીતે રણુમલ પોતાના પાપનુ પ્રાયશ્ચિત ભોગવતો હતો તે વખતે સહસા ચંદ્રના વિશ્વાસુ રાજપૂતો ત્યાં આવી પહોંચ્યા. તેઓ રણુમલની આ અવસ્થા જોઇ અવાક્જ બની ગયા! રણુમલ હજી મદ્યની કેફમાંજ ચકચૂર હતો. તેને પોતાના શરીરની શુદ્ધિ જરા પણ રહી નહોતી. પરંતુ જ્યારે ચંદ્રના સૈનિકોએ ગર્જના કરીને તેને પોકાર્યો ત્યારે તેની કેફ દૂર થઇ. તેણે આંખ ઉઘાડીને જોયું તો તેના શત્રુ સૈનિકો યમરાજની પેઠે નગ્ન આસિ સાથે સામે ઉભેલા જણાયા! તેણે ક્રોધથી આરક્ત નેત્રો કરી ઉઠવાનો પ્રયત્ન કર્યો, પરન્તુ તે ઉઠી શક્યો નહિ. તે તો પ્રેમના બંધનથી બદ્ધ થયો હતો! બીજો કોઇ ઉપાય તેને જડયો નહિ ત્યારે તે બાંધેલા પલંગ સાથે ઉઠયો અને પીત્તળનો એક તીક્ષ્ણ પ્યાલો ફેંકી બે સૈનિકોને ઘાયલ કર્યા. પરન્તુ ચંદ્રના અનેક સૈનિકોની વચમાં તે આવા પ્યાલા ક્યાં સુધી ફેંકી શકે એમ હતું? તરતજ એક સૈનિકે બંદુક મારી રણુમલને ચિરકાળને માટે ધરાશાયી કર્યો. પાપનું પ્રાયશ્ચિત મળી ચૂક્યું! પાપાત્માએ પરલોકનો માર્ગ ગ્રહણ કર્યો. તેની સાથે તેની સર્વ આશાઓ નષ્ટ થઇ ગઇ. એક દિવસ બાપ્પારાવળના સિંહાસન પર બેસી જે મસ્તક મુકુટ ધારણ કરી મહા અહંકારથી અન્ય પુરુષોને તુચ્છ સમજતું હતું તેજ મસ્તક આજે ધૂળમાં રોળાયું! જે રણુમલે દુરાકાંક્ષા ધારણ કરી રાજ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ધૂર્ત બની સર્વને પોતાના હાથમાં રમકડાં સમાન બનાવી મૂક્યા હતા તેનો આજે નાશ થયો છે. રણુ-

મલનો પુત્ર યોધરાવ (જોધારાવ) આ સમયે ચિત્તોડ નગરની દક્ષિણ દિશામાં હતો. જ્યારે આ હૃદયવિદારક વાત તેના સાંભળવામાં આવી ત્યારે તે પોતાના કેટલાક સરદારોની સાથે જીવ લઇને નાઠો. ચંદ્રસિંહ પોતાના કેટલાક ચુનંદા રાજપુતોને લઇ તેની પાછળ પડયા. યોધરાવે (જોધારાવે) ચંદ્રની સાથે યુદ્ધ કર્યું નહિ, પરન્તુ તે પ્રાણુ દંડના ભયથી હરવાશંકર નામના એક રાજપુતને શરણે ગયો. ચંદ્રસિંહે તેની પાછળ ન જતાં મંદોરપર આક્રમણ કર્યું અને તેને સ્વાધીન કરી તે સિસોદીયા સરદારોને અર્પણ કર્યું. અંતે રાણા ચંદ્રે સર્વ વિઘ્નો દૂર કરી મુકુલને પુનઃ રાજ્યાસન પર અધિષ્ઠિત કર્યો. મુકલની માતાએ ચંદ્રનો ઘણો આભાર માન્યો અને તે જ્યાં સુધી જીવંત રહી ત્યાં સુધી તે ઉપકાર ભૂલી નહિ. અહા! ચંદ્રસિંહે કેવો અનુકરણીય આદર્શ જગતને દર્શાવ્યો છે! જે ચંદ્રને રાજમાતાએ વિદ્રોહી સમજીને હદપાર કર્યા હતા તેજ ચંદ્રે પોતાના પ્રાણના જોખમે તેને સાહાય્ય કરી! અહા ચંદ્રસિંહે પણ ભીષ્મની પેઠે દૃઢ પ્રતિજ્ઞ બની વિવાહ ન કર્યા. કોને ખાતર? સહજ હાસ્ય કરનાર પોતાના પિતાને ખાતર! તેમણે પોતાના વચનના પાલનને માટે રાજપાટ, ધન, સ્વજન, માન, વગેરે સર્વને તિલાંજલિ આપી અને "હું રાજ્યનો અધિકારી થઇશ નહિ." એવી પ્રતિજ્ઞા કરીને પોતાના જીવનના અંતકાળ સુધી તે પ્રતિજ્ઞાનું પાલન કર્યું.

જે પાંચ વીરોએ ચિત્તોડના દરવાજા પર આક્રમણ કરવામાં મોટી સહાયતા કરી હતી તેની તેમણે યુદ્ધ થઇ રહ્યા પછી ઘણી પ્રશંસા કરી. તેમણે એટલે સુધી કહ્યું હતું કે "કદિ એ પાંચ વીરો પોતાના પ્રાણ હાથેળીમાં રાખીને મને સાહાય્ય ન કરત તો મને વિજય મળવો અશક્ય થઇ પડત. જો તેઓ આગળ જઇ દ્વારપાળોને ગઢ દ્વાર બંધ કરતાં ન રોકી શક્યા હોત, તો કદાચ અમે રાજકુમાર મુકુલને

પુનઃ રાજતિલક ન કરી શક્યા હોત. માટે એમની માતા અને કુટુંબી-જનોના નિર્વાહને માટે તેમને રાજ તરફથી મોટી મોટી જાગીરો મળવી જોઇએ." ચંદ્રાસંહના કહેવા પ્રમાણે તેમને જાગીરો આપ-વામાં આવી; અને તે પાંચ રાજપૂતોના પુત્રોને સેનામાં ઉચ્ચ પદ આપવામાં આવ્યાં. એ પછી ચંદ્રસિંહે રાજ્યપ્રબંધ ઘણી ઉત્તમ રીતે ચલાવ્યો. તેમણે રાઠોડોને પદચ્યુત કર્યા અને સિસોદિયાઓને સેનામાં દાખલ કરી તેમને ઉત્તમ પ્રકારે યુદ્ધશિક્ષા આપી. આથી થોડા દિવ-સમાં સિસોદિયા સેના એવી ઝળકી નીકળી કે કોઇ પણ રાજા કુમાર મુકુલની સામે થવાનું સાહસ કરી શક્યો નહિ.

ભારતવાસીની સત્યપ્રિયતા, પિતૃભક્તિ, સ્વાર્થત્યાગ અને દૃઢ પ્રતિજ્ઞાનું આ એકજ ઉદાહરણ નથી. રાજપુતોના મહત્વની કથા ઇતિ-હાસનાં પૃષ્ટોપર સુવર્ણાક્ષરે આંકત થઇ છે. તેમનો મહિમા અજરામર છે. મહાભારત અને રામાયણાદિ પ્રાચીન ઇતિહાસની વાતોને છોડી દઇએ, તો પણ અર્વાચીન કાળમાં પણ આદર્શસ્વરૂપ ભારતવાસીઓનાં આવાં અનેક દૃષ્ટાંત મળી આવે છે.

૩૬–સૂરજમલ જાટ.

રાજપુતાનામાં ભરતપુર એક ઇતિહાસ પ્રસિદ્ધ રાજ્યસ્થાન છે. સુરજમલ જાટ એક શૂર, પ્રતાપી અને સાહસિક રાજા થઇ ગયો છે. ઉત્તર હિન્દુસ્થાનમાં ઇ. સ. ૧૭૪૫ થી ૧૭૬૩ સુધીમાં મરાઠાઓ, મુસલમાનો અને રાજપુતોની વચ્ચે સ્વસત્તાનાં રક્ષણ તથા પોતાનાં રાજ્યની વૃદ્ધિ કરવાના ઉદ્દેશથી જેટલા કલહો અને વિગ્રહો થયા હતા, તેમાં તેણે પ્રમુખ ભાગ લઇને શૌર્ય બળથી પોતાની ઉન્નતિ કરી હતી અને પોતાનું એક પૃથક્ રાજ્ય સ્થાપિત કરી લીધું હતું. પાણી-

પતના તૃતીય યુદ્ધમાં એણે ભાગ લીધો હતો તેથી એ ભારતના ઇતિહાસમાં–ખાસ કરીને મરાઠા ઇતિહાસમાં વિશેષ પ્રસિદ્ધ છે.

ભરતપુરના જાટો સિનસિની નામક ગામના મૂળ વતની છે. આ ગામ ડીગનગરથી આઠ માઇલપર દક્ષિણ દિશામાં આવેલું છે. આ લોકો શરીરે હષ્ટપુષ્ટ અને બળવાન હોય છે. એમનો એક વ્રજ નામક અગ્રેસર ઔરંગઝેબના શાસન કાળથી લૂંટ કરનાર અને ધાડ પાડનાર તરિકે અપકીર્તિ પામ્યો હતો. તેણે સિનસિનીમાં પોતાનું ન્હાકડું રાજ્ય સ્થાપિત કર્યું હતું. અઢારમી શતાબ્દીના આરંભમાં એના ઉપદ્રવથી ખિન્ન થઇ દિલ્લીના સમ્રાટે એક સેના મોકલી એના પર આક્રમણ કર્યું હતું, આ સમયના યુદ્ધમાં વ્રજ માર્યો ગયો અને તેનો પુત્ર ચૂણામણિ જાટોનો નેતા થયો. તેણે પોતાના જાતિ બંધુઓનું એક પ્રચંડ સૈન્ય બનાવીને પાદશાહના અધિકાર નીચેના પ્રાંતોપર પોતાનો અમલ સ્થાપિત કરવાનો પ્રારંભ કર્યો. ડીગ, અંભરિ વગેરે મુખ્ય મુખ્ય સ્થાનો હસ્તગત કરીને તે દીલ્લીના સમ્રાટ્‌ને ઉપદ્રવ કરવા લાગ્યો. તે વખતે બાદશાહ ફરૂખશિયરે તેને એક ન્હાનકડી જાગીર આપીને સંતુષ્ટ રાખવાની ચેષ્ટા કરી, પરંતુ તેમાં તે જોઇએ તેટલો કૃતકાર્ય થયો નહિ.

આથી ઇ. સ. ૧૭૧૮ માં ફરૂખશિયરે જયપુરના રાજા સવાઈ જયસિંહને થોડીક સેના આપીને જાટોના ઉપર આક્રમણ કરવાને મોકલ્યો. જાટોએ આ સમયે યૂન અને સિનસિની નામક દુર્ગોનું રક્ષણ મહાન સાહસ અને શૌર્યની સાથે કર્યું અને રાજપુત વીરને વિજય પ્રાપ્ત થવા દીધો નહિ. તોપણ જયસિંહે હિંમત છોડી નહિ. પરંતુ પાછળથી જ્યારે દીલ્લીના હુસેનઅલ્લીખાં અને અબ્દુલ્લાખાં જાટોની સાથે મળી ગયા ત્યારે રાજા જયસિંહને વિવશ થઇ પોતાનો ઘેરો ઉઠાવી લઇ નાસી જવું પડયું. ઇ. સ. ૧૭૪૩

ચૂણામણિ અને તેનો પુત્ર મોહકમસિંહ એ ઉભયની વચ્ચે માંહોમાંહે ખટપટ થઈ. આ દુઃખથી કંટાળી ચૂણામણિએ આત્મહત્યા કરી અને મોહકમસિંહ ગાદીપર બેઠો.

મોહકમસિંહે ગાદીપર બેસતાંની સાથે પોતાના પ્રતિસ્પર્ધી વદનસિંહને કારાગૃહમાં પૂર્યો. પરંતુ વદનસિંહનાં રૂપ, પરાક્રમ અને ચાતુર્યથી મુગ્ધ થઈ સર્વ જાટોએ તેનો પક્ષ લીધો અને તેને બંદીગૃહથી મુક્ત કરાવ્યો. વદનસિંહે સવાઈ જયસિંહની સાહાય્યથી થૂનનો દુર્ગ સ્વાધીન કર્યો. મોહકમસિંહ જીવ લઈને નાઠો. જયસિંહે વદનસિંહની પાસે દીલ્લીપતિને કર આપવાની પ્રતિજ્ઞા લેવરાવી તેને 'ડીગાધિપતિ' ની પદ્વિ અપાવી. આ ઘટના ઈ. સ. ૧૭૨૫ માં બની. અહીંઆંથી ભરતપુર રાજ્યનું બીજારોપણ થયું.

વદનસિંહનો રાજત્વકાળ ઈ. સ. ૧૭૫૫ પર્યંત રહ્યો. આ અરસામાં તેણે ડીગ, કુંભિર, પ્રભૃતિ સ્થાનોના દુર્ગ અને અનેક વિશાળ ભુવનો બંધાવ્યાં. વદનસિંહ મહાન રાજનીતિજ્ઞ, શૂર અને ચતુર હતો. એમ કહેવાય છે કે તેને ૨૬ પુત્રો હતા. તેમાં સુરજમલ પાંચમો પુત્ર હતો. તે પોતાના પિતાના જેવો પરાક્રમી અને સાહસિક હતો. પિતાના જીવનકાળમાં પણ તે સર્વ રાજ્યવ્યવસ્થાપર દેખરેખ રાખતો હતો. તેના ચાર બંધુઓ તેના કરતાં મોટા હતા, તે છતાં પણ તેને રાજ્યાસન મળ્યું તેનું કારણ કદાચ તેની આ ચંચળતા પણ હોય.

સૂરજમલ નામ પ્રતાપ–રાવના ઉજ્જવલ પ્રકાશનું દર્શક છે અને નિઃસંશય સૂરજમલ મૂર્તિમંત પ્રતાપ–સૂર્યના જેવાજ તેજસ્વી હતા. સૂરજમલ કેવળ યુદ્ધવિદ્યામાંજ નહિ, પરંતુ રાજનૈતિક વિષયોમાં પણ અતિ નિપૂણ હતા. એમની બાલ્યાવસ્થાની એક આખ્યાયિકા પ્રસિદ્ધ છે. જયપુરના રાજા જયસિંહે એકવાર અશ્વમેધ યજ્ઞ

કર્યો. સૂરજમલને આમંત્રણ કરવામાં આવ્યું હતું તેથી તેઓ આ સમારોહ જોવાને ગયા. જયસિંહે યજ્ઞની સર્વ ક્રિયાઓ યથાવિધિ સમાપ્ત કરી. તત્પશ્ચાત્ તેમણે રાજપુત્રને રાજ્યભાર સોંપી તેમને આશીર્વાદ આપવાની ઇચ્છા કરી, પરંતુ તે સમયે ત્યાં કોઇ પણ રાજપુત્ર વિદ્યમાન નહોતો. ત્યારે સૂરજમલે અવશિષ્ટ યજ્ઞવિધિની પૂર્ણાહુતિ પોતાના ઉપર કરવાની મહારાજાને પ્રાર્થના કરી. રાજાએ આ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને તે ક્રિયા સમાપ્ત કરી તેમને આશીર્વાદ આપ્યો. આ એકજ વાત ઉપરથી સૂરજમલની વ્યવહાર–કુશળતા પ્રકટ થાય છે. રાજા જયસિંહ તેમના સમયોચિત વ્યવહારથી અતિ પ્રસન્ન થયા અને મરણ પર્યંત તેમણે તેમના પર પુત્રવત્ પ્રેમ રાખ્યો. રાજા જયસિંહ કે જે દિલ્હીના સમ્રાટ્‌ના પ્રધાન સામંત હતા તેમને પોતાના હાથમાં લઈને સૂરજમલે ઇચ્છાનુરૂપ લાભ લીધો.

યદ્યપિ સૂરજમલના પિતા ઇ. સ. ૧૭૫૫ સુધી જીવત રહ્યા હતા તોપણ રાજ્યના પ્રધાન સૂત્રધાર સૂરજમલજ હતા. ઇ. સ. ૧૭૪૩ માં રાજા જયસિંહ સ્વર્ગે સિધાવ્યા. ગાદીને માટે તેના પુત્ર ઇશ્વરીસિંહ અને માધવસિંહની વચ્ચે ઝઘડો થવા લાગ્યો. આ તરફ જોધપુર, ઉદયપુર પ્રભૃતિ રાજ્યોમાં પણ ગૃહ–કલહનો પ્રારંભ થયો. આ સુઅવસરનો લાભ લઇ મરાઠાઓએ રાજપુતાનામાં પ્રવેશ કર્યો અને ‘બેની લડાઇમાં ત્રીજો ખાઇ જાય’ એ લોકોક્તિ અનુસાર પોતાનો અધિકાર ત્યાં જમાવી મોટા મોટા કર લેવાનો પ્રારંભ કર્યો. આ ઝઘડામાં કેટલાક વખત સુધી સૂરજમલે ઇશ્વરીસિંહનો પક્ષ લઇ જયપુરના રાજકુટુંબ પ્રત્યેની પોતાની ભક્તિ પ્રદર્શિત કરી અને ઇ. સ. ૧૭૪૭ માં તેમણે માધવસિંહને પરાજિત પણ કર્યો. પરંતુ માધવસિંહ મરાઠાઓને શરણે ગયો. તેથી મલ્હારરાવ હોલ્કર અને જયાપ્પા સિંધિયાએ જયપુરપર આક્રમણ કર્યું અને ઇશ્વરીસિંહને પરા-

જિત કરી ઈ. સ. ૧૭૪૯ માં માધવસિંહને રાજ્યપદ અપાવ્યું. આ ઉપકારના બદલામાં માધવસિંહે તે ઉભયને વિપુલ દ્રવ્ય આપ્યું.

રાજપુતાનામાં મરાઠાઓનો પ્રતાપસૂર્ય ઉદિત થતાંજ દિલ્લીનો પાદશાહ અને વઝીર અતિ ભયભીત થયા. આ સમયે દિલ્લીના દરબારમાં અનેક પક્ષ પડી ગયા હતા. આ અવસર ઠીક છે એમ જાણી સૂરજમલે સમયાનુસાર ભિન્ન ભિન્ન પક્ષોમાં મળી જઈ પોતાનું કાર્ય સાધ્યું. પ્રથમ તેણે દિલ્લીના વઝીર સફરજંગનો પક્ષ લઈ રોહિલાઓને હરાવ્યા. આથી દિલ્લીના દરબારમાં તેની અતિ પ્રશંસા થઈ અને તેને નવા મૂલકો તથા પદ્વીઓ મળી. તત્પશ્ચાત્ જ્યારે સફરજંગની સત્તા નષ્ટ થઇ અને ગ્યાસુદ્દીન વઝીર થયો ત્યારે ગ્યાસુદ્દીને મલ્હારરાવ હોલ્કર અને જયાપ્પા સિંધિયાની સાહાય્ય લઇ સફરજંગના સહાયક સૂરજમલ ઉપર આક્રમણ કર્યું. હોલ્કર તો જયપુર પ્રકરણની પહેલાંથીજ સૂરજમલ ઉપર દાંત પીસી રહ્યો હતો. તેણે આ સંધિનો લાભ લઇ જાટોના સુદ્રઢ દુર્ગ ભરતપુર, ડીગ અને કુંભીરની ચારે તરફ ઘેરા ઘાલ્યા. સૂરજમલનું સૈન્ય, સમ્પતિ અને રાજ્ય ઘણું વધી જવાથી તેને પરાજિત કરવાનું કામ અતિ કષ્ટસાધ્ય હતું. પરંતુ આ વખતે મરાઠા સરદાર અજમેરાદિ પ્રાંતો સ્વાધીન કરી, રાજપૂત રાજાઓની પાસેથી અનેક પ્રકારની સંપતિ લઈ, વિજયોત્સાહથી ઉત્તર હિંદુસ્થાનને પાદાક્રાંત કરી રહ્યા હતા. આથી સૂરજમલને પાદાક્રાંત કરવાનું કામ તેમને કઠિન લાગ્યું નહિ. મરાઠાઓ અત્યુત્સાહથી યુદ્ધ કાર્ય કરતા હતા, પરંતુ જાટો યુદ્ધવિદ્યામાં સંપૂર્ણ રીતે નિપુણ હોવાથી તેઓ નિષ્ફળ થયા. મરાઠાની તોપોનો જવાબ જાટ સેના પણ અસંખ્ય ગોળાઓ છોડીને આપતી હતી. આ પ્રકારે બન્ને પક્ષો લડી રહ્યા હતા એવામાં મરાઠા સૈન્યનો યુવા વીર—મલ્હારરાવ હોલ્કરનો એકનો એક પુત્ર અને સુપ્રસિદ્ધ મહારાણી અહલ્યાબાઇનો

પ્રિય પતિ ખંડેરાવ ઈ. સ. ૧૭૫૪ માં તોપનો એક ગોળો લાગવાથી મરણ પામ્યો. મરાઠા સૈન્યમાં હાહાકાર વર્તી રહ્યો અને સૈનિકો અતિ રોષમાં આવી દારુણ યુદ્ધ કરવા લાગ્યા.

મલ્હારરાવે દુઃખાતિરેકથી સંતપ્ત થઈ પ્રતિજ્ઞા લીધી કે; "જો હું સુરજમલ જાટનો શિરચ્છેદ કરી કુંભીર દુર્ગને માટીમાં મેળવી તેને યમુના નદીમાં નહિ ફેંકાવી દઉં તો હું આત્મઘાત કરીશ." આ વાત સૂરજમલના સાંભળવામાં આવી. આથી તેમણે પોતાના ચતુર વકીલ રૂપરામ કટારીની સાથે સંદેશો મોકલી જયાપ્પા સિંધિયાદ્વારા પેશ્વાની સાથે સંધિ કરી અને તેને ત્રીસ લાખ રૂપિઆ આપવાનો સ્વીકાર કર્યો. આ રીતે મરાઠાઓ અને જાટોની વચ્ચે સંધિ થઈ.

દિલ્લીમાં આ સમયે રાજ્યક્રાંતિ થઇ. વઝીર ગ્યાસુદ્દીને દિલ્લીનો સર્વ રાજ્ય પ્રબંધ પોતાના હાથમાં લઈ, અહમદશાહ પાદશાહને પદચ્યુત કરી તેને સલીમગઢમાં કેદ કર્યો. પછી તેણે અઝીમુદ્દીન નામના એક શાહજાદાને દિલ્લીના તખ્તપર બેસાડી, દ્વિતીય આલમગીરના નામથી તેની દુવાઇ ફેરવી દીધી. આ રીતે ગ્યાસુદ્દીનનું દિલ્લીના દરબારમાં વિશેષ પ્રાબલ્ય જોઇને સૂરજમલે તેની સાથે ઈ. સ. ૧૭૫૪ માં મૈત્રી બાંધી.

આ રીતે સૂરજમલે મરાઠાઓ અને દિલ્લીના વઝીરની સાથે મિત્રતા બાંધી થોડા વખત સુધી શાંતિપૂર્વક રાજ્ય ચલાવ્યુ. ઇ. સ. ૧૭૫૫ માં તેના પિતા વદનસિંહનું મૃત્યુ થયું અને સૂરજમલને ગાદી મળી. તત્પશ્ચાત્ દિલ્લીના પાદશાહ, મરાઠાઓ અને રાજપૂતોની વચ્ચે અનેક વાર ખટપટ થઈ, કે જે અમારા ઇતિહાસપ્રેમી પાઠકોને સુવિદિત છે. દિલ્લી રાજ્યની શોચનીય અને દુર્બલ સ્થિતિ, રાજપુતોમાં પરસ્પર વૈમનસ્ય પ્રભૃતિ, પોતાને અનુકૂલ અનેક ઘટનાઓ જોઈ અહમદશાહ દુર્રાનીએ ઈ. સ. ૧૭૫૭ માં દિલ્લીપર આક્રમણ કર્યું અને

તે મથુરાં, આગ્રા, વૃંદાવનાદિ નગરો લૂંટી અપાર સંપત્તિ લઇ ગયો. આ સમયે સૂરજમલે પોતાના પ્રાંતની રક્ષા કરી દિલ્લીના વઝીર ગ્યાસુદ્દીનને પણ સારી સાહાય્ય કરી.

નઝીબખાં રોહિલા અને સુજાઉદ્દોલા, એ ઉભય ગ્યાસુદ્દીનના અતિ પ્રબલ વિરોધી હતા. એ ઉભયે ગ્યાસુદ્દીનને હરાવી દિલ્લીની રાજસત્તા પોતાના હાથમાં લેવા માટે દુર્રાનીને પુનઃ હિંદુસ્થાનમાં આમંત્રણ કર્યું. આ વર્તમાન સાંભળી ગ્યાસુદ્દીને હોલ્કર અને સુરજમલ દ્વારા દક્ષિણમાંથી સાહાય્ય માગી. આ વખતે પેશ્વાને દિલ્લી પર્યંત મરાઠાઓની યશોદુંદુભિ વગાડી દિલ્લીનું તખ્ત સ્વાધીન કરવાની મહત્વાકાંક્ષા ઉત્પન્ન થઇ. તેણે સદાશીવરાવ ભાઉ તથા પોતાના પુત્ર વિશ્વાસરાવને સેનાપતિ બનાવી એક પ્રચંડ સૈન્ય સાથે તેમને દુર્રાનીને હિંદુસ્થાનમાંથી હાંકી કાઢવાને માટે મોકલ્યા. સૂરજમલ ત્રીસ હજાર સૈનિકોને લઇને પેશ્વાને સહાય્ય કરવાને માટે આવ્યા પરંતુ સદાશીવરાવ ભાઉએ સૂરજમલને તુચ્છ સમજી યથેચ્છ કામ કરવા માંડયું. તેણે સૂરજમલ અને હોલ્કરની ઇચ્છા વિરુદ્ધ પાદશાહી છત તોડાવી નંખાવી. છત તોડયા પૂર્વે સૂરજમલ તેને માટે પાંચ લાખ રૂપિઆ આપવાને તૈયાર થયા હતા, પરંતુ તેનું પરિણામ વિપરીત આવ્યું; એથી ભાઉને સંશય ઉત્પન્ન થયો કે છતનું મૂલ્ય એથી ઘણું વધારે છે. તેણે કોઇનું કહ્યું નહિ માનીને છત તોડાવી નાંખી. પરંતુ તેમાંથી માત્ર ત્રણ લાખ રૂપિઆની સંપત્તિજ પ્રાપ્ત થઈ. ભાઉનાં આ કૃત્યથી દિલ્લીની પ્રજા અત્યંત ક્ષુભિત થઈ અને પ્રાયઃ સર્વ સરદારોના હૃદયમાં પણ ઉંડી ચોટ લાગી.

આટલું થયા છતાં પણ સૂરજમલે ભાઉને વિનંતી કરી કે " અમારી વાત માન્ય કરીને આપ પાદશાહી છતની પુનઃ મરામત કરાવી લો. એથી આપની પ્રશંસા થશે. ગ્યાસુદ્દીનને વઝીર તરિકે સ્થાપી

રાખો. અને પ્રત્યેક કાર્ય આપના સરદારોની સમ્મતિથી કરો. હું આપનો સેવક છું. મરામત કરાવવામાં જે જે વસ્તુઓની જરૂર પડશે તે હું આપીશ." પરંતુ ભાઉએ આ વિનંતિનો ઘણો કઠોર પ્રત્યુત્તર આપ્યો. આથી સૂરજમલ અત્યંત દુઃખિત થઈ પોતાની સેના લઈ પોતાના રાજ્યમાં ચાલ્યા ગયા. નહિ તો પાણિપતના તૃતીય યુદ્ધમાં વિજયલક્ષ્મી કોના ગળામાં વરમાળા આરોપત તે કાંઈ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી.

સુરજમલ પોતાના રાજ્યમાં ગયા પૂર્વે ભાઉએ તેને બંદીવાન બનાવી તેની સેનાને લૂંટી લેવાનો વિચાર કર્યો હતો, પરંતુ હોલ્કર અને રૂપરામ કટારીના ચાતુર્યથી તે સુરક્ષિત રીતે સસૈન્ય ચાલ્યા ગયા અને ભાઉ વિફલ મનોરથ રહ્યા !

યદ્યપિ ભાઉએ આ પ્રકારે સૂરજમલનું અપમાન કર્યું તથાપિ તે ઉદારચિત્ત વીરપુંગવે તે મનપર લીધું નહિ. પાણિપતની રણભૂમિમાંથી જે મરાઠાઓ હતાશ થઈ તુચ્છ પ્રાણની મમતામાં પડી નાઠા તેની સાથે તેમણે જે વર્તન કર્યું તે ચિરસ્મરણીય રહેશે. તેમનાં આ કાર્યથી તેમનું નામ ભારતવર્ષના ઇતિહાસમાં સદૈવ સુવર્ણાક્ષરથી અંકિત રહેશે. આ દુર્ઘટ પ્રસંગે સૂરજમલે મરાઠાઓના પરાજયના વર્તમાન સાંભળી, હિંદુ ધર્મનું અભિમાન ધરી પોતાના રાજ્યનાં નાનામાં નાનાં ગામમાં પણ સાંઢણી સ્વાર મોકલી, ઢંઢેરો પિટાવ્યો કે "સર્વ લોકોએ પોતાને ઘેર આવેલા અતિથિને સન્માનપૂર્વક રાખી, પોતાની યોગ્યતાનુસાર અન્નવસ્ત્ર આપી વિદાય કરવા." માત્ર આટલુંજ કરીને તેઓ બેસી રહ્યા નહિ, પરંતુ તેમણે અને તેમની પત્નીએ મથુરાં, ડીગ, ભરતપુર આદિ સ્થાનોમાં આવેલા નિરાશ્રિત અને ભયભીત મરાઠાઓને અભયદાન આપી તેમનો સારી રીતે આદર કર્યો. આ વખતે ભાઉ સાહેબની પત્ની પાર્વતીબાઈ, સમશેર બહાદુર

પ્રભૃતિ મોટા મોટા લોકોએ સૂરજમલનો આશ્રય ગ્રહણ કર્યો હતો. સમશેર બહાદુર તો ભરતપુરમાંજ મરણને શરણ થયા.* પાર્વતીબાઈ તથા તેની સાથેના સરદારોને સૂરજમલે એક લક્ષ રૂપિઆ આપી દક્ષિણમાં પહોંચાડયા. અન્ય સર્વ બ્રાહ્મણોને સૂરજમલની પત્નીએ પાંચ પાંચ રૂપિઆની દક્ષિણા તથા વસ્ત્રો આપ્યાં. આ રીતે તેમણે ઘણા રૂપિઆનો વ્યય કર્યો. આ સમયે સૂરજમલને મરાઠાઓને સાહાય્ય કરવામાં સર્વ મળીને રૂપિઆ દશ લાખનો ખર્ચ થયો હતો. તેમનો આ ઉપકાર વસ્તુતઃ ચિરસ્મરણીય અને પ્રસંશનીય છે. ×આવા ઉદાર હ્રદય મનુષ્યો જગત્‌માં વિરલજ હોય છે.

પાણિપતનું યુદ્ધ થયા પશ્ચાત્ હિંદુસ્થાનમાં ચારે તરફ અવ્યવસ્થા ફેલાઈ ગઈ. આવી સુસંધિનો લાભ સૂરજમલના જેવો બુદ્ધિવાન વીર લીધા વિના કેમ રહે? તેણે લડાઈ ઝઘડા કર્યા વિના મથુરાં,

*સમશેર બહાદુરની સમાધિ ભરતપુરમાં વિક્ટોરીયા હૉસ્પીટલની નિકટ છે.

× સર જૉન માલ્કમ સૂરજમલના આ ઉપકારનું વર્ણન પોતાના પુસ્તકમાં આ પ્રમાણે કરે છે

" સર્વ મરાઠાઓ ભરતપુરના જાટો પ્રત્યે ઘણી લાગણી ધરાવે છે. પાણીપતના આપત્તિકારક યુદ્ધ પછી હાલના મરાઠાઓના વડવાઓને ત્યાંના (ભરતપુરના) રાજાએ જે આશ્રય આપ્યો હતો, તેનું સ્મરણ તાજું હોવાથી તેઓ તેમના પ્રત્યે ઉંડી લાગણી ધરાવે છે. યુદ્ધમાથી નાઠેલા જે અસહાય મરાઠાઓ પોતાના રાજ્યમા આવ્યા હતા. તેમને તેમણે અન્નવસ્ત્ર આપ્યા એટલુંજ નહિ, પરંતુ દક્ષિણમાં તેમને ઘેર જવાનાં સાધનો પૂરાં પાડયાં. આથી આ પ્રજામાં જરા પણ મહત્વનું એવું કુટુંબ કોઈ ભાગ્યેજ હશે કે જેમાં ભરતપુરના જાટોએ કરેલા ઉપકારની વાત ન જાણતી હોય."

માલ્કમનું મધ્યહિંદ વોલ્યુમ ૧. પૃષ્ઠ ૧૫૭.

આગ્રા આદિ પ્રાંતોમાં પોતાનો અધિકાર સ્થાપિત કરી લીધો. આગ્રાનો દુર્ગ અને અકબરના સમયથી ત્યાં એકત્રિત થયેલી અપાર સંપત્તિ પોતાના અધિકારમાં લઇ તેમણે પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો. આ સમયે એમની પાસે બારહજાર સ્વાર અને ત્રીસહજાર પાયદળના સૈનિકો હતા. આ રીતે આ સમયે જાટ જાતિ ધન, સંપત્તિ, બલ, પ્રતાપ આદિ સર્વ પ્રકારનાં ઐશ્વર્યથી વિભૂષિત બની હતી.

પાણિપતનું યુદ્ધ થયુ તત્પશ્ચાત્ માત્ર નઝીબખાં એ એક સૂરજમલનો મુખ્ય શત્રુ હતો. તેને જાટ સેનાની સાથે અનેકવાર ઝઘડાઓ થયા, પરંતુ તે બધી વખત સૂરજમલથી હારી ગયો. ઈ. સ. ૧૭૬૩ માં સૂરજમલે ફર્રૂખ નગર પર પોતાનો અધિકાર સ્થાપિત કરવાને માટે તેને ઘેરો ઘાલ્યો અને સેનાપતિ મુસેખાંને પકડી ડીગના દુર્ગમાં બંદીવાન બનાવ્યો. નાયબ સેનાપતિ બહાદુરખાંએ આ વાતની ફરિયાદ નઝીબખાં આગળ કરી. નઝીબખાંએ આના સંબંધમાં તપાસ કરવાને માટે અબ્દાલીના બંધુ યાકૂબ અલ્લીખાંને સૂરજમલની પાસે મોકલ્યો. સૂરજમલે તેની સાથે સન્માનપૂર્વક વર્તન કર્યું નહિ. યાકૂબઅલ્લીએ અસંતુષ્ટ થઈ નઝીબખાંને સર્વ વાત કહી. સૂરજમલના આ અનુચિત વ્યવહારથી અત્યંત ક્રોધિત બની નઝીબખાંએ તેની સામે મુગલ સેના મોકલી. આ સેના હજી દિલ્લીના દરવાજા બહાર નીકળી ન નીકળી એટલામાં સ્વયં સૂરજમલ સસૈન્ય દિલ્લીપર ચઢી આવ્યા અને દિલ્લીથી પ્રાયઃ ૭ માઇલના અંતર પર આવેલા શાહદરા નામક સ્થાનમાં પોતાની છાવણી નાંખી. એક દિવસ સૂરજમલ થોડા સ્વારોની સાથે પાદશાહના શિકાર કરવાનાં ખાસ જંગલમાં મૃગયા ખેલવાને ગયા. આ વાત મુગલોના જાણવામાં આવી. આ પ્રસંગનો લાભ લઈ તેમણે સૂરજમલને ઘેરી લીધા અને તેમનું મસ્તક કાપી નઝીબખાંને નજર કર્યું. આ વર્તમાન જાટ સેનાની જાણમાં આવતાં સર્વ સૈનિકો અત્યંત

કોપિત બની મુગલોની સામે ધસી ગયા, પરંતુ પરિણામ ઘણુંજ ખરાબ આવ્યું. સર્વે જાટો કપાઈ મુઆ. આ રીતે સુરજમલ જાટનો અંત આવ્યો. આ ઘટના ઈ. સ. ૧૭૬૩ ના ડીસેમ્બરની ૩૧ મી તારિખે બની.

સુરજમલનું મૃત્યુ થયા પશ્ચાત્ તેનો પુત્ર જવાહિરસિંહ સિંહાસનારૂઢ થયો હતો અને 'બાપથી કરે સવાઈ' એ કવિ સામળ ભટ્ટની પંક્તિ અનુસાર જવાહિરસિંહ સુરજમલ કરતાં પણ અધિક પરાક્રમી નિકળ્યો હતો.

૩૭–બાપૂ ગોખલે.

ખરા મહાન પુરુષો સ્વાશ્રયી હોય છે. તેમને બીજાની ઓશિઆળી પસંદ પડતી નથી. તેઓ મોટું કુટુંબ, અઢળક દ્રવ્ય, કિંવા સારા વસિલાની જરા પણ સ્પૃહા રાખતા નથી. તેજસ્વિતા, ધૈર્ય, દ્રઢતા, સાહસિકતા, અને ઇશ્વિરપર નિસ્સીમ શ્રદ્ધા, એજ તેમની સામગ્રી હોય છે. આ ગુણો પ્રાપ્ત કરવામાં કાંઇ કુળ, શ્રી કિંવા વસિલાની જરૂર પડતી નથી. અને એટલા માટેજ પરિસ્થિતિ અનુકૂળ ન હોવા છતાં પણ મહાન પુરુષો વિજય પામે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. આપણા પ્રસ્તુત ચરિત્ર નાયકના સંબંધમાં પણ આવોજ પ્રકાર છે. જે પુરુષ 'પુણ્ય પ્રતાપી સદા યશવંત પંત પ્રધાન પેશ્વા ' ના મુખ્ય સેનાધિપતિ હતા; હૈદર, ટિપૂ, નિઝામ, આર્થર વેલેસ્લી, એવા માણસો જેનાથી ભય પામતાં હતા અને ' ખરો મર્દ ' કહીને જેની પ્રશંસા કરતા હતા; તેમનું વિલક્ષણ યુદ્ધચાપલ્ય જોઈ તેમના કટ્ટા પણ ખરેખરા મહાન, અને શૌર્યવાન શત્રુ ટિપૂએ જેને 'ગોખલખા' નું ઉપનામ આપ્યું હતું; એવા મહાન, ભાગ્યવાન, શૌર્યશાલી અને પરમ

પ્રતાપવંત બાપૂ ગોખલે કોંકણુ પ્રાંતના રાજાપુર તાલુકાના તળેંખાજણુ નામના એક ક્ષુદ્ર ગામડામાં રંક માબાપને ઘેર જન્મ્યા હતા. બાપૂ ગોખલેના પિતામહ બલ્લાળ પંત અત્યંત દરિદ્રી બ્રાહ્મણુ હતા. તેઓ પોતાનો નિર્વાહ જેમ તેમ ચલાવતા હતા. બલ્લાળ પંતને બે ચિરંજીવ હતા. ધોંડો પંત જ્યેષ્ઠ અને ગણેશ પંત કનિષ્ઠ. ગણેશ પંતને બે પુત્રો હતા. વડા અપ્પા અને નાના આપણા પ્રસ્તુત ચરિત્ર નાયક બાપૂ હતા. કુટુંબવિસ્તાર વિપુલ, પ્રદેશ કોકણુ, ઘરમાં મૂર્તિમંત દારિદ્ર, એટલે પછી સંસારસુખની તો વાતજ શી પૂછવી! આ કુટુંબ જેમ તેમ કરીને દિવસ નિર્ગમન કરતું હતું. બાપૂના કાકા ધોંડો પંત વિજયદુર્ગમાં ફડનવીસ હતા. અને બાપૂ ઘરમાં વડીલોને કૃષિ કર્મમાં સાહાય્ય કરતા હતા. ધોંડો પંતને સંતતિ કાંઇ હતી નહિ, તેથી સાહજિક રીતે જ ગણેશપંતના બાળકોપર તેની પ્રીતિ વિશેષ હતી.

વિજયદુર્ગમાં ધોંડોપંતનો નિર્વાહ સારી પેઠે ચાલતો હતો, તેથી તેણે પોતાના અપ્પા અને બાપૂ એ ઉભય ભત્રિજાઓને પોતાની પાસે બોલાવી લીધા. આથી બાપૂના હાથમાંથી ઢોર ચારવાનું કામ છૂટયું. કારણુ કે કાકા મોટા કારકૂન હતા. વિજયદુર્ગનો કિલ્લેદાર મુખ્ય પ્રધાન નાના ફડનવીસનો નિકટનો આપ્ત હતો. તેની ગેરહાજરીમાં ધોંડોપંતે કાંઈ સારૂં કામ બજાવ્યું તેથી પૂનાની દરબારમાં તેની પ્રશંસા થવા લાગી. આ પ્રશંસા ઉક્ત કિલ્લેદારથી સહન થઈ શકી નહિ. તે તેને યેનકેન પ્રકારેણુ સતાવવા લાગ્યો. એક વખત તેણે ધોંડો પંત પર દશ લાખ રૂપિઆની લાંચ ખાવાનો આરોપ મૂકી તેને તથા તેના બન્ને ભત્રિજાને પૂને આણ્યા. નાના ફડનવીસે જરાતરા ધમકી આપી તેમને છોડી મૂકયા અને બીજા કાર્યમાં યોજ્યા. 'લેખણુ છોડી દઈ શમશેર પકડો' એવું નાના ફડનવીસનું ધોરણુ હતું. વિજયદુર્ગમાં ધોંડો પંતે યુદ્ધકાર્યમાં પોતાની નિપુણુતા બતાવી આપી હતી, તેથી

નાના ફડનવીસે ધોંડુ કાકા, અપ્પા અને બાપૂ એ ત્રણે જણને સૈન્યમાં દાખલ કરી તેમને કર્ણાટકમાં કિત્તૂરકર દેશાઈનું બંડ દાબી દેવાને મોકલ્યા. ત્યાં આપણા બાપુ ગોખલેએ સારૂં નામ કાઢયું. બાપૂને નાનો સરખો છોકરો જાણી કિત્તૂરકર દેશાઈ સહસા તેની સામે ધસી આવ્યો પરંતુ આપણા આ શૂરપઠ્ઠાએ તેની બરાબર ખબર લીધી. અને અંતે તેને દાંતમાં તૃણ ધરી બાપૂને શરણે આવવું પડયું. કિત્તૂરકર દેશાઈ કોણ હતો અને તેણે પેશ્વાની સાથે કેટલાં યુદ્ધો કર્યાં હતાં તે ઇતિહાસ પ્રેમી સજ્જનોને સુવિદિત હશેજ. જેવી રીતે આર્કટનો કિલ્લો સર કર્યાથી કલાઇવનો અને એજિકૂરના સમરમાં વિજય મેળવ્યાથી બ્લૅક પ્રિન્સનો ભાગ્યોદય થયો હતો, તેવી રીતે કિત્તૂરકરને વશ કર્યાથી બાપુ ગોખલેનો ભાગ્ય સૂર્ય થયો. હવે પેશ્વા સરકારનો એવો હુકમ આવ્યો કે 'ધોંડો પંત, અપ્પા અને બાપૂએ કર્ણાટકમાંજ થાણાં સ્થાપીને રહેવું' આ આજ્ઞા ત્રણે જણે શિરસા માન્ય કરી. તે કાળના સાધારણ રિવાજ પ્રમાણે ગોખલે ત્રયીએ કોઇ રાજાના મુલક લૂંટી, અને કોઈની પાસેથી ખંડણી લઇ પોતાની પાસે પ્રચંડ સૈન્ય એકત્રિત કર્યું. પાછળથી હૈદર અને ટિપુની સાથે ખટપટ શરૂ થઇ. તેમાં અંગ્રેજ, મુગલ અને પેશ્વા એ ત્રણેનાં સૈન્યોનો ત્રિવેણી સંગમ થયો હતો. પેશ્વાનો સેનાધિપતિ ભાઉ પટવર્ધન હતો અને ત્રણે ગોખલે તેની સાથે હતા; તેથી બાપૂએ અમુક પરાક્રમ કર્યું અને ધોંડોપંતે અમુક કર્યું કે કોઈ બીજાએ અમુક કાર્ય કર્યું તે કહેવું દુષ્કર છે. પરંતુ એટલી વાત તો સાચી કે કર્ણાટકમાં થયેલા સર્વ વિગ્રહોમાં ગોખલે ત્રિપુટી પ્રમુખ હતી. વળી કોલ્હાપુરથી રત્નાકર અપ્પા દિવાન આ ત્રણે ગોખલેપર ચઢી આવ્યો હતો, પરંતુ તે સખ્ત પરાભવ પામ્યો હતો.

અત્યાર સુધીની હકિકતમાં આપણા ચરિત્ર નાયકનું સ્વતંત્ર વર્ણન નથી. પરંતુ તેમાં આપણો ઇલાજ નથી. રત્નાકર અપ્પાનો પૂર્ણ

પરાજય કરી ત્રણે ગોખલેએ સુકીર્તિ પ્રાપ્ત કરી. પરંતુ હવે એ ત્રિપુટીને જુદા પડવાનો મહા ભયંકર પ્રસંગ આવ્યો. હૈદર પુત્ર ટિપૂને પેશ્વા, અંગ્રેજ અને મુગલે મળી પાદાક્રાંત કરી રસાતળમાં પહોંચાડી દીધો હતો. પરંતુ ધોંડજીવાઘ નામના એક સાધારણ કુળના શૂર મરાઠાનો ટિપૂપર એટલો પ્રેમ હતો કે તે તેને પોતાના પિતાજ ગણતો હતો. ટિપૂના આવા હાલહવાલ થયા એ જાણી તેને અત્યંત દુઃખ થયું. વળી 'એમનો તો હું પુત્ર છુ' એમ માની તેણે 'બાપથી બેટા સવાઈ' થવાની ખટપટ કરવા માંડી. ટિપૂના કટ્ટા દુશ્મન અંગ્રેજો હતા. અંગ્રેજોને પેશ્વા સાહાય્ય કરતા હતા. આથી તેણે અંગ્રેજ અને પેશ્વા એ ઉભયના રાજ્યમાં ખૂબ તોફાન મચાવી મૂકયુ. અંગ્રેજોના મહા યોદ્ધા આર્થર વેલેસ્લીએ પેશ્વાની સાહાય્ય માગી. પેશ્વાએ ગોખલેને અંગ્રેજોને સાહાય્ય આપવાની આજ્ઞા કરી. ગોખલે ધોંડજીવાઘની આંખમાં બહુ ખુંચતા હતા. એક દિવસ ધોંડુકાકા, અપ્પા, બાપૂ અને ચિંતામણરાવ પટવર્ધન પોતાના સૈનિકોની સાથે વાઘની સામે ઝુઝતા હતા. તેમાં બાપૂ આગળ પડતો ભાગ લેતા હતા. પરંતુ એટલામાં એક સમશેર બાપૂના શિરપર આવી પડી અને તેથી ભમરથી દાઢી સુધી ઘા પડયો. એક પઠાણે આ પ્રહાર કર્યો હતો. તેવીજ રીતે ચિંતામણરાવને પણ હૃદય પર એક ઘાવ થયો. હવે ધોંડૂ કાકાએ આ ઉભયને મેનામાં બેસાડી શિબિર તરફ રવાના કર્યા. હવે શેષ રહ્યા અપ્પા અને ધોંડોપંત. ઉભયે પૂરજોસથી અને સંપૂર્ણ ઉત્સાહથી યુદ્ધ કર્યું, પરંતુ કાળ પ્રતિકૂળ હતો તેથી તેઓ શું કરી શકે? વાઘનું સૈન્ય મહાસાગર જેવું હતું. ધોંડો પંત પોતાનો અશ્વ છેક વાઘની નિકટ લઇ ગયા. અપ્પાએ પણ તેમની પૂઠ નહિ છોડવાનો નિશ્ચય કર્યો હતો. પરંતુ પરિણામ તો વિપરીતજ આવ્યું. સમરને મોખરે ઘણી મુસ્કેલીઓ હતી ત્યાં વૃક્ષ પુષ્કળ હતાં. શત્રુને પકડી લેવાના આવે-

રૂમાં ઘોંડોપંત પોતાનો અશ્વ દોડાવ્યા જતા હતા અને તેની ધૂનમાં આગળ શી વસ્તુ છે તેનું ભાન તેમને જરા પણ રહ્યું નહિ. અશ્વ પૂર જોસમાં દોડયો જતો હતો એવામાં એક વૃક્ષની આડી શાખા ઘોંડો પંતના હૃદયમાં જોરથી વાગી. ઘોંડો પંત જમીનપર પડયા. પાછળ અપ્પા આવતા હતા તેમને ઉદ્દેશીને ઘોંડો પંત બોલ્યા "અપ્પા, તું આ અડચણમાં સપડાઇશ માં. પાછળ બાપૂની અવસ્થા કોણ જાણે શી થઇ હશે ?" આ સલાહ અપ્પાને રુચી નહિ. તે પોતાના કાકાની નિકટ ઉભાજ રહ્યા. આ વર્તમાન જાણતાંજ વાઘ આ કાકા ભત્રિજાની પાસે આવ્યો. તેના ઉત્સાહનો પાર નહોતો. વિજય મળવાની તેને સંપૂર્ણ આશા હતી. તે બોલ્યો "હાથમાંનાં શસ્ત્રો ફેંકી દો, એટલે હું તમને પ્રાણદાન આપીશ." શૂરા મર્દને આ કર્મ અનુચિત લાગે તેમાં શું આશ્ચર્ય ? તે ઉભયે શસ્ત્રો ફેંકી દેવાની ના પાડી અને તરતજ અસિ ચમકાવવા માંડી.

ઘોંડો પંત અને અપ્પા હાથમાંની અસિ ન છોડતાં વાઘની સાથે યુદ્ધ કરવા લાગ્યા. ચારે તરફ પ્રચંડ સૈન્ય એકત્રિત થયું હતું. તેની વચમાં બિચારા એ બ્રાહ્મણ માત્ર હતા. તેમને સાહાય્ય કરનાર કોઈ નહોતો. આવી સ્થિતિમાં તે ઉભય પ્રચંડ અને બળવાન પઠાણોની સાથે યુદ્ધ કરવા લાગ્યા. અસિ નીચે નાંખી દઈ શત્રુને શરણે જવું તેના કરતાં જીવ જાય તો બહેતર, એવો વિચાર કરી સમરક્ષેત્રમાં ઉતરવું એ હિમ્મત કાંઇ ક્ષુલ્લક કહેવાય નહિ. "કાયર" "બ્હીકણ" "દાળભાત ખાઉ" એવા ઉપનામને પ્રાપ્ત થયેલા બ્રાહ્મણોમાંજ આ ઉભય જવાંમર્દ ઉત્પન્ન થયા હતા. તુમુલ સૈન્યને ધસી આવતું જોવા છતાં, પોતાની અસિ શિવાય બીજા કોઇની પણ સાહાય્ય ન હોવા છતાં, તેઓ યત્કિંચિત પણ ડગમગ્યા નહિ. ધન્ય છે તેમને ! આ બ્રહ્મકુલાવતંસ વીર પુરુષોની જેટલી પ્રશંસા કરીએ તેટલી

ઓછીજ છે. તે સમયનું તેમનું યુદ્ધકૌશલ્ય જોઈ, બ્રાહ્મણનું નામ સાંભળી સદૈવ ખિન્ન થનાર, રાવજીતી કિંવા તેમના પર ગાળોનો વર્ષાદ વરસાવનાર, દીનબંધુની જીહ્વા પણ તેમની સ્તુતિ કરવાને પ્રવૃત્ત થઈ હોત, એમાં લેશ પણ સંશય નથી. અસ્તુ. દ્રોણ ગુરુ ચક્રવ્યૂહ રચતા હતા. તે વખતે અતુલ પ્રતાપી કુમાર અભિમન્યુપર જે પ્રસંગ આવ્યો હતો, તે જ પ્રસંગ આ સમયે ઉક્ત કાકા ભત્રિજાપર આવ્યો હતો. બિચારા કરે શું ? તેમણે બેચાર ઘડી સુધી તેમની સાથે યુદ્ધ કર્યું. એટલામાં વાઘના પઠાણોમાંથી એક જણે ઉભયને બંદુકની ગોળી મારી, આથી તે ઉભય શૂરમર્દ ભૂમિ પર પડયા. ધોંડજી વાઘ એકદમ તેમની પાસે આવ્યો અને તેણે પોતાની અસિના પ્રહારથી ઉભયનાં મસ્તક ધડથી પૃથક્ કર્યા. વાઘે અપ્પાનું મસ્તક એક વૃક્ષની સાથે ટાંગ્યું અને ધોંડો પંતનું શિર પોતાની સાથે જય ચિન્હ તરિકે લઈ લીધું.

આ તરફ બાપૂને આ વર્તમાન કર્ણગોચર થયા, ગોખેલેના સૈનિકો ભયગ્રસ્ત થઈ જ્યાં ફાવે ત્યાં નાશી છૂટયા. બાપૂ સ્વયં ઘાયલ થઈને પડયા હતા, તો તેઓ શું કરી શકે ? આ વિગ્રહમાં મળેલો પરાભવ તેમને પોતાના ઘા કરતાં પણ અધિક દુઃસહ લાગ્યો. ધોંડજી વાઘ જયોત્સાહથી મદાંધ બની બીજી તરફ ગયો. બાપુનું સૈન્ય દશે દિશામાં ફેલાઈ ગયું. અપ્પાની પત્ની પોતાના સ્વામિની પાછળ સતી થઈ. પતિની સાથે તે સાધ્વીએ પોતાનો પ્રાણ અગ્નિ નારાયણને અર્પણ કર્યો. આટલાથી જ બાપૂના દુઃખનો પાર આવ્યો નહિ. તેની સુશીલ પત્ની પ્રસૂતિકાળે સ્વર્ગમાં સિધાવી ગઈ. વિધાતાની ગતિ પણ વિચિત્ર જ છે ! તે માણસને જ્યારે દુઃખ આપે છે ત્યારે સામટાં જ મોકલે છે. કાકા અને બંધુનો શત્રુએ શિરચ્છેદ કર્યો, ભોજાઈ સતી થઈ, પત્ની મૃત્યુ પામી અને બાપૂ સ્વતઃ જખમી થઈ શય્યાવશ થયો ! આવા પ્રસંગો ઈશ્વર બતાવે છે તે કાંઈ મિથ્યા જ બતાવતો

નથી. આવા દુર્ઘટ પ્રસંગો જોવાનું કાંઈ સર્વના લલાટમાં હોતુ નથી. અગ્નિમાં પડવું, ઘાવ સહન કરવા, રાખમાં ચળાવું, પાષાણ સાથે ઘસાવું એ માત્ર સુવર્ણના જ ભાગ્યમાં હોય છે. પિત્તળના નશીબમાં આમાંનો એક પણ અનુભવ હોતો નથી. તેવોજ પ્રકાર આ છે. ઈશ્વર સંકટ શા માટે આપે છે? માત્ર પ્રીતિ બતાવવાને જ માટે. ઈશ્વર-પ્રેમના આગમન પૂર્વે તેની સંકટરૂપી ધ્વજા ફરકે છે!

બાપૂએ પોતાના બંધુ, કાકા, ભોજાઈ અને પત્ની એટલાં સ્વજનો ગુમાવ્યાં ત્યાર પછી માત્ર એક બે દિવસમાંજ કર્નલ વેલેસ્લી તેમને મળવા આવ્યા. આ વખતે બાપૂ એકલા જ હતા. કર્નલ વેલેસ્લી અતિ શોકગ્રસ્ત થયા, પરંતુ તેમણે બાપૂનું ઘણું શાંત્વન કર્યું. બાપૂ પોતાના મસ્તક પર થયેલા પ્રહારની વેદના પ્રત્યે જરા પણ લક્ષ્ય આપતા નહોતા. તેમને તો પોતાના કાકા અને બંધુનો વધ કરનાર વાઘ પર વૈર લેવાની જ વિશેષ ધુન લાગી રહી હતી. આથીજ માત્ર તેમના હૃદયમાં વિશેષ સંતાપ થતો હતો. તેમણે પ્રતિજ્ઞા કરી કે "હું જ્યારે વાઘના રક્તથી પરિપ્લુત થયેલી પાઘડી મારા મસ્તક પર મૂકું ત્યારે જ હું વાઘ ખરો. જ્યાં સુધી તેનો વધ ન કરૂં ત્યાં સુધી હું પુનઃ લગ્ન કરીશ નહિ." અહો! આ પ્રતિજ્ઞા શું જેવી તેવી કહેવાય? વાઘનો વધ કરવો એ કાંઇ રમત હતી? કર્નલ વેલેસ્લીએ પણ બાપૂને જોઇએ તેટલી કુમક આપવાનું અભિવચન આપ્યું. પરંતુ ધોંડજી બાપૂના હાથમાં શી રીતે આવે અને આ બ્રાહ્મણની ભયંકર પ્રતિજ્ઞાનું પાલન શી રીતે થાય, એ એક ગંભીર પ્રશ્ન થઈ પડ્યો. પરંતુ આવા હિમ્મતવાન, ધૈર્યશાલી અને દ્રઢપ્રતિજ્ઞ મનુષ્યની આગળ પ્રત્યક્ષ કૃતાંત–કાળ પણ થર થર કાંપે; તો પછી ધોંડજી વાઘ તે કોણ હિસાબમાં?

આજે પ્રસંગ મળશે, કાલે સંધિ મળશે, આવી ને આવી આશામાં ચાર છ માહના વ્યતીત થઈ ગયા. એટલામાં વાઘજીનાં સો વર્ષ પુરાં થયાં! બાપૂ વાઘના ઉપર ઝડપ મારવાને તૈયાર થઈજ રહેલા હતા. જ્યાં વાઘ નિકટમાં છે એવા વર્તમાન બાપૂના જાણવામાં આવ્યા કે તે એકદમ તેનાપર તૂટી પડવાને માટે સૈન્ય લઇને દોડી ગયા. 'બાપૂ એટલે બ્રાહ્મભાઈ—ભટજી' તે બિચારો શ્રાદ્ધ કરનાર શું ઘાડ મારવાનો હતો?' એવી વાઘની સમજ હતી તે તેને જરા પણ વિસાતમાં ગણુતો નહોતો. 'બામણુને ચાર હાથ બતાવીશું એટલે તે પલાયન કરી જશે' એમ તે ધારતો હતો પરંતુ બાપૂએ તેને પકડી પાડી, તેની સામે આવી પોતાની શમશેરનો પ્રહાર તેના મસ્તક પર કર્યો, એટલે તેને પોતાના આગલા વિચાર ફેરવવા પડ્યા, તેને ચૌદ બ્રહ્માંડ યાદ આવ્યાં અને તે શબ થઇને ભૂમિપર પડ્યો. વાઘના શરીરમાથી નીકળતા રક્તમાં બાપૂએ પોતાની પાઘડી બોળી અને તે રક્તથી ભરેલી પાઘડી પોતાના મસ્તકપર મૂકી. મહા કર્તૃત્વવાન પુરુષો ગમે તેવી ઘોર પ્રતિજ્ઞાનું પણ પાલન કરી શકે છે. વૃદ્ધ ભીષ્માચાર્યે અનેક સંકટોની વચ્ચે પોતાની પ્રતિજ્ઞા પાળી હતી. તેજ પ્રમાણે બાપૂ ગોખલેએ પણ પોતાની સખ્ત પ્રતિજ્ઞા પાળી.

ખુદ વાઘની આવી સ્થિતિ થઇ, ત્યાં પછી સૈન્યના ગભરાટનો શો પાર? તે જેમ ફાવે તેમ નાસવા લાગ્યુ. બાપૂએ વાઘનો વધ કર્યો છે, એ વાત કર્નલ વેલેસ્લીએ પૂનામાં સાંભળી. બાજીરાવ આ સમયે પંત પ્રધાન હતા. તેમને પણ આ વર્તમાન સાંભળી અત્યાનંદ પ્રાપ્ત થયો. શ્રીમંત (પેશ્વા) ની ઇચ્છા એવી થઈ કે બાપૂને આપણી પાસે રાખવો. તેથી બાપૂ પૂના તરફ ગયા. ધોંડજી વાઘનો નિપાત એ બાપૂનું કર્ણાટકમાં અન્ત્ય કાર્ય હતું. ત્યાર પછી બાપૂ પૂનામાં પોતાની નોકરી બજાવવા લાગ્યા.

બાપૂએ પુનામાં પ્રવેશ કર્યો. તેને જોઈ શ્રીમંત અતિ પ્રસન્ન થયા. રાવ બાજી (બાજીરાવ) સર્વ પેશ્વામાં પાજી થઈ ગયો છે. તેનામાં જરા પણ ડહાપણ નહોતું. તેનો એક પણ વિચાર દ્રઢ નહોતો. તે દેખાવમાં સુંદર, બોલવામાં કુશળ, પ્રપંચ કરવામાં પારંગત, અને કોઈની મરજી સંપાદન કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ણાત હતો; તે અશ્વ પર સ્વારી કરવામાં ચતુર, નિશાન તાકવામાં એકકો, ઈત્યાદિ સર્વ ગુણસંપન્ન તે હતો. પરંતુ તે નાદાન હતો. તે પેશ્વા નહોતો, પરંતુ એક ક્ષુદ્ર નાદાન બ્રાહ્મણ હતો. તે બાયલો, વિષયી, બ્હીકણ, કપટી, અને નીચ હતો. આવા નિંદાવ્યંજક વિશેષણોની ગમે તેટલી લાંબી માળા આ પંત પ્રધાનને અર્પણ કરવામાં આવે તોપણ તે અપૂર્ણજ રહે ! સંક્ષેપમાં કહીએ તો આ પેશ્વાએ પોતાની, પોતાના રાજાની, પોતાની પ્રજાની અને પોતાના ધર્મની અધોગતિ કરી મૂકી હતી. આવી મોટી મજબૂત પેશ્વાઈ આ કુલદીપકે (!) જમીન દોસ્ત કરી દીધી. તેને કોઇનો વિશ્વાસ નહોતો, તેની બુદ્ધિ સ્થિર નહોતી, આગળ પાછળનો વિચાર નહોતો, નીતિ—ન્યાયની પરવા નહોતી, આ રીતે તે જ્યાં ત્યાં બાજીરાવના સદ્દગુણમાં નન્નોજ પ્રબળ હતો ! પેશ્વાઈ ડુબાવી તેટલા માટે અમે કાંઈ બાજીરાવ પર આ સર્વ દુર્ગુણોનો આરોપ અને દુઃશબ્દોનો મારો કરતા નથી, પરંતુ તેણે પેશ્વાઈનાં વસ્ત્રો પરિધાન કર્યાં ત્યારથી તેનાં સર્વ કૃત્યો ખરાબ હતાં એટલા માટે તેને આવાં વિશેષણો લાગુ પાડીએ છીએ.

બાજીરાવનું આત્મઘાતક અને રાષ્ટ્રધ્વંસક પ્રથમ કાર્ય તેણે જૂના અને મહા બલાઢ્ય સરદારોનાં મન દૂભવ્યાં એ હતું. અલિજા બહાદૂર, શિંદે, હોલ્કર, સેના ખાસખેલ ગાયકવાડ અને સેનાપતિ નાગપુરકર એ પેશ્વાઇના મજબૂત અને મૂળ આધારસ્તંભ હતા. પરંતુ આ પેશ્વાએ હલકા લોકોના કહ્યા પ્રમાણે આ સર્વની સાથે

પ્રકટ વેર કરવા માંડયું અને તેમને દણ્ડ દેવા માટે અંગ્રેજોની સાહાય્ય લીધી. બાજીરાવ ગાદીપર આવ્યો તે પૂર્વે, અંગ્રેજોએ મરાઠા સામ્રાજ્યમાં પોતાનો થોડો ઘણો પણ પગ પેસારો કરવાને માટે અનેક પ્રયત્નો કર્યા હતા. પરંતુ દૂરદર્શી, અને રાજ્યકળામાં અત્યંત નિપુણ એવા નાનાફડનવીસની આગળ તેમનું કાંઈ ચાલ્યું નહોતું. એટલામાં બાજીરાવ પેશ્વા તખ્તનશિન થયા. શિંદે, હોલ્કર, અને સેનાપાત નાગપુરકરનું સંપૂર્ણ દમન કરવાનો બાજીરાવનો વિચાર હતો, તેથી તેણે કર્નલ વેલેસ્લી પાસે કુમક માગી. જુઓ તો ખરા એની અકલ! શિંદે, હોલ્કર પેશ્વાના નોકર, પેશ્વાની કૃપાથી ઉચ્ચ દરજ્જે ચઢેલા, અને તેમનેજ સજા કરવાને માટે બાજીરાવ વેલેસ્લીને મોકલવાને તૈયાર થયો!

કર્નલ વેલેસ્લી હિંદમાં આવ્યો તે સમયે બાપૂ ગોખલે મહાન શૂરવીર પુરુષ ગણાતા હતા અને વેલેસ્લી પણ તેનાપર અતિ પ્રસન્ન હતા, તેથી તેમને પણ તેના હાથ નીચે મોકલવામાં આવ્યા. બાપૂ અને વેલેસ્લી પ્રથમ શિંદેને શાસન કરવાને માટે ગયા. આસિંઠ આગળ અલિજા બહાદૂરનો મેળાપ થયો. અહીંઆં દારુણ યુદ્ધ થયું. અલિજા બહાદૂરનું સંપૂર્ણ યુદ્ધનૈપુણ્ય જાણવાને માટે તો યુદ્ધનો સાદ્યંત ઇતિહાસ અવસ્ય વાંચવો જોઇએ. તેમણે વેલેસ્લીને ત્રણ વખત હરાવ્યો, વેલેસ્લીના ત્રણ અશ્વ ઠાર થયા, અંગ્રેજોની તોપ બંધ પડી અને આખરે તેમને જતા રહેવું પડયું. તોપોને પાછળ નાંખી અશ્વારોહીઓ અંગ્રેજોની પાછળ દોડવા લાગ્યા. વેલેસ્લીએ જોયું કે શિંદેની તોપો બંધ પડી છે. આથી તેણે એકવાર પુનઃ હલ્લો કરવાનો વિચાર કર્યો. વિચાર દૃઢ થતાં તેણે પાછા ફરી શિંદેના સૈન્યને પુષ્કળ માર માર્યો. શિંદેએ અંગ્રેજોની સાથે તહ કર્યો. પેશ્વાએ પોતાના નોકરને સીધા કરવાને માટે અંગ્રેજોને મોકલ્યા હતા અને અંતે તહ તો અંગ્રેજોની સાથે થયો! અસ્તુ. આ હકિકતની સાથે બાપૂનો સંબંધ

એટલોજ કે વેલેસ્લીને તેઓ ઘણા ઉપયોગી થઇ પડયા હતાં તેથી તેણે પૂનાની દરબારમાં તેની પ્રશંસા લખી જણાવી હતી. ત્યારથી શ્રીમંત બાપૂપર અતીવ પ્રસન્ન થયા.

એ પછી બાપુનો રણક્રમ અહીં બંડ દાબવું, પણે આક્રમણ કરવું, એવો અનિયમિત ચાલ્યો હતો. બાજીરાવ કાંઇ જવાંમર્દ નહોતો. તે બાયા કાઠી હતો, સદા વિષય કાર્યમાંજ ફસ્યો રહેતો હતો. તેથી તેની કારકીર્દિમાં યુદ્ધ કાર્યના રંગ શાના ઉડે? છૂટાં છવાયાં બંડોમાં જેજુરેનું બંડ સાધારણ રીતે મોટું કહી શકાય. આ બંડ બાપૂએ દાબી દીધું એટલામાં પ્રતિનિધિનો ટંટો શરૂ થયો. પંત પ્રતિનિધિ કહાડમાં હતા. ભવાનરાવની પશ્ચાત્ પરશુરામ પંત પ્રતિનિધિપદ પામ્યા, પરંતુ તે શેખીખોર બહુ હતો. પરશુરામ પંતની માતુશ્રી કાશીબાઇએ બળવંતરાવ નામક કારભારીની સલાહથી પોતાનો કારભાર શરૂ કર્યો હતો. પરશુરામનો વિચાર એવો હતો કે "હું હવે કરતો કારવતો થયો છું, માટે માતુશ્રીએ સર્વ કારભાર મને સોંપી, હરિ હરિ ભણી સ્વસ્થ બેસવું જોઇએ." માતુશ્રીનો વિચાર એ હતો કે "આપણો ચિરંજીવ બદફેલીમાં ફસાયેલો છે, અને અંગમાં કર્તૃત્વ શક્તિ નથી; માટે આપણા દેખતાં સંસ્થાનની પાયમાલી કરે તે કરતાં સ્વતઃ જ કારભાર પર દેખરેખ રાખવી એ ઠીક." આથી ઉભય વચ્ચે વાદ ઉદ્દભવ્યો અને ઠેઠ પેશ્વા સરકાર સુધી તે વાત પહોંચી. પરશુરામ પંત પૂનામાં હતા. તેને કર્ણોપકર્ણદ્વારા એવી ખબર થઇ કે બાજીરાવનો ઇરાદો માતુશ્રીને કારભાર સોંપી પોતાને કેદ કરવાનો છે. આ ખબર સાંભળતાંજ તેણે પૂનાથી પોબારા ગણ્યા.

પંત પ્રતિનિધિ નાશી છૂટયો છે એમ જાણતાં જ બાજીરાવે મુતાલિક બળવંતરાવ અને કાશીબાઇને પ્રતિનિધિ પદ આપ્યું. કહાડમાં

સુવ્યવસ્થા કરવાને માટે બાપૂની નિમણુક થઈ. બાપૂ ત્યાં ગયા અને તેમણે પ્રતિનિધિ પરશુરામ પંતને પકડીને કેદ કર્યો. પરંતુ તેની બે વિવાહિત સ્ત્રીઓના ઉદરનિર્વાહને માટે જાગીરમાં થોડી જમીન આપી. પરશુરામ પંતને બે વિવાહિત સ્ત્રીઓ ઉપરાંત એક રાખ હતી. આ રાખને બાપૂએ કાંઈ પણ આપ્યું નહિ. તેથી તે અતિ ક્રોધાન્વિત થઈ. સર્વ વ્યવસ્થા કરી બાપૂ પૂને ગયા એટલે તે બાઇએ પુષ્કળ ધમાચકડી મચાવી દીધી. તે જાતની ઘાંચણ હતી. તેણે રામોશી વગેરે લોકોને એકત્રિત કરી વાસોટાગઢ હસ્તગત કર્યો, અને પરશુરામ પંતને જ્યાં કેદ કર્યો હતો ત્યાં જઈ તેને કારાગૃહમાંથી મુક્ત કર્યો. હવે પરશુરામે પેશ્વાની વિરુદ્ધ બંડ ઉઠાવ્યું. તેણે એવી વાત ફેલાવી કે સતારાના મહારાજાના અમે સેવક છીએ, અમારે પેશ્વાની સાથે કાંઈ સંબંધ નથી. પરંતુ પરશુરામ જાતે જ ક્રૂર હતો. તેણે પોતાની માતુશ્રીના પક્ષનાં માણસોને શાસન કરવા માંડયું હતું અને દ્રવ્યસાહાય્ય જોઇતી ત્યારે તે પોતાનોજ મુલક અને પોતાની જ રૈયતને લૂંટતો હતો, આથી તે સર્વેને અરુચિકર થઈ પડયો હતો. બાપૂ ગોખલેની દેશમાં સુવ્યવસ્થા કરવાના કામ પર નિમણુંક થઇ હતી. તેથી પરશુરામ પંતે બાપૂની સામે જંગ ઉઠાવ્યો, પરંતુ તેના પગ બાપૂની આગળ કેટલી વાર ટકી શકે? પહેલા સપાટામાંજ તેના સૈન્યનો અર્ધ કરતાં અધિક ભાગ કપાઈ ગયો. વળી તેનો પોતાનો જમણો હાથ કપાઈ ગયો. હવે તેને બાપૂને સ્વાધીન થયા વિના છૂટકો નહોતો. પરશુરામ સ્વાધીન થયો; તેને પૂના તરફ રવાના કરવામાં આવ્યો; પરંતુ તાઈ તેલણે (ઘાંચણે) તે તરફ ધમાચકડી મચાવી મૂકી. "તેલિણ મારી સોટા, બાપૂ ગોખલ્યા સંભાળ કાસોટા" એ પ્રમાણે લોકો બોલવા લાગ્યા. તાઇ સ્ત્રી અને બાપૂ રણશૂર જવાંમર્દ! સ્ત્રીપર આક્રમણ કરવું તેને શોભે નહિ. પેશ્વા સરકારના પત્રો પર પત્રો

આવવા માંડ્યા કે " તેલણુને પકડીને કેદ કરો અને હજુરમાં રજુ કરો." ત્યારે આખરે નાઇલાજ થઇને બાપૂએ પોતાનો મોર્ચો તેલણુના વાસોટા કિલ્લા તરફ ફેરવ્યો. તેલણુ તે શું હિસાબમાં હતી ? તેને પકડીને કેદ કરી એ કાંઇ બાપૂનો મોટો પુરુષાર્થ કહેવાય નહિ. અસ્તુ. આ પ્રકારે બાપુએ પ્રતિનિધિને પાદાક્રાંત કર્યો. એમાં કાંઈ એણે મોટું પરાક્રમ કર્યું નહોતું, પરંતુ પ્રકરણ સાથે આવેલી હકિકત જણાવી, એટલું જ.

આવાં આવાં અનેક બંડો બાપૂએ શ્રીમંતની આજ્ઞાથી દાબ્યાં. પરંતુ તે સર્વનો અત્રે વિસ્તાર કરતાં પાઠકોને કંટાળો ઉપજશે. આપણે તો માત્ર તેનાં મુખ્ય પરાક્રમ જાણવાની જરૂર છે. માટે હવે તેના અંતિમ પરાક્રમ તરફ વળીશું. એ બાપૂનું પરાક્રમ નથી, એમ ઘણા જણને લાગશે. કારણ કે તેમાં તેઓ પતન પામ્યા હતા. પરંતુ પતન પામ્યા તેથી કાંઈ તેમના પરાક્રમની કિમ્મત ઘટતી નથી.

પંઢરપૂરમાં સાક્ષાત્ વિઠોબાની સમક્ષ પેશ્વાએ એવા વિષ વૃક્ષનું બીજારોપણ કર્યું કે તેથી તેમનું, તેમના કુળનું, તેમની જાતિનું અને અંતે તેમના દેશનું ભાગ્ય રૂઠયું. તેનાં કડુ ફળ તેણે તો ચાખ્યાં જ, પરંતુ પાછળની પ્રજા પણ હજી સુધી તે ચાખતી આવી છે. ત્રિંબકજી ડેંગલેએ કરેલું અમાનુષી બ્રહ્મહત્યાનું કૃત્ય પેશ્વાઇના નાશનું કારણ થયું. આ અને આવી બીજી અનેક બાબતોને લીધે પેશ્વા અને અંગ્રેજની વચ્ચે અણુબનાવ થયો. પાછળથી ધીમે ધીમે અંગ્રેજ અને પેશ્વાની વચ્ચે યુદ્ધનો આરંભ થયો. બાપૂ મુખ્ય સેનાપતિ હોવાથી મૂર્ખ બાજીરાવનાં આત્મઘાતક કૃત્યોનાં ફળ તેને પણ ચાખવાં પડયાં. રાજધાનીનું શહેર પુના હતું અને તે તો શત્રુને સ્વાધીન કરી પેશ્વા ક્યારનાય નાશી ગયા હતા. જેવી રીતે ચૌર્ય કર્મ કરનાર રામોશી કિંવા ક્ષુદ્ર ધાડપાડુ લપાતો છુપાતો નાસે છે તે પ્રમાણે 'પુણ્ય

પ્રતાપી સદા યશવંત ' પેશ્વાને પણ ગુપ્ત રીતે નાસવું પડયું. અહા ! કર્મની ગતિ શી ન્યારી છે ! બાજીરાવે જીવ લઇને પલાયન કર્યું અને તેની પાછળ બાપૂને પણ નાસવું પડયું. કારણ કે સ્વામીની રક્ષા કરવી જોઇએ. બાપૂનો વિચાર અંગ્રેજોની સામે યુદ્ધ કરવાનો હતો પરંતુ શ્રીમંત તેના આ વિચારની સામે થયા. તેણે કહ્યું "તમે મારી પાસે રહો અને મારૂં રક્ષણ કરો એટલે થયું. પેશ્વાઈ પદનો અને રાજધાની પૂનાના રક્ષણનો વિચાર પાછળથી થઈ રહેશે." અસ્તુ. બાજીરાવની મર્દાઇ (!) વિષે તો આટલુંજ બોલવાનું છે. 'બ્રાહ્મણ ભાઇના જવાંમર્દપણા ' વિષે બોલતાં વચ્ચે વચ્ચે આ કાપુરુષ વિષે પણ ઉલ્લેખ કરવો પડે છે.

આ પ્રકારે અરણ્યમાં ભ્રમણ કરતાં કરતાં એક વખત પેશ્વા સરકારને અંગ્રેજી સૈન્યનું સાક્ષાત્ દર્શન થયું. દર્શન થતાંજ બાજીરાવના ભયનો પાર રહ્યો નહિ. "બાપૂ ! દગો થયો ! હવે કોણ જાણે શું થશે ? મારો સામાન સુમન, પૂજાનાં પાત્રો વગેરે સંભાળજો અને વિઘ્નનું નિવારણ થતાં મને આવીને મળજો. હું બીજી તરફ ચાલ્યો જાઉં છું." આ કાયરતા ભરેલાં વચનો સાંભળી બાપૂના મનમાં અત્યંત તિરસ્કાર છૂટયો. પરંતુ તેણે કહ્યું. "ઠીક !" તેણે મન સાથે નિશ્ચય કર્યો કે "જે થવાનું હોય તે થાઓ. પરંતુ અંગ્રેજોની સાથે યુદ્ધ તો કરવુંજ." તેના સરદારોએ સલાહ આપી કે "આજે બરાબર તૈયારી નથી માટે યુદ્ધ કરવાનો વિચાર માંડી વાળો." પરંતુ બાપૂએ આ સલાહનો સ્વીકાર કર્યો નહિ. તેમનો તો બસ એજ નિશ્ચય હતો કે; "જય મળો કે પરાજય, પરંતુ યુદ્ધ તો કરવુંજ. અંગ્રેજો શી વિસાતમાં છે ? હમણાં તેમને ઉરાડી ઉદઉં. તેમને હરાવું તોજ મારૂંનામ બાપૂ" પરંતુ તેનો વિચાર પાર પડે એવા સંયોગો ક્યાં હતા ?

અંગ્રેજો પાછળ પડયા હતા, એવામાં ઉપલો પ્રસંગ આવ્યો

તેની થોડાજ દિવસ પૂર્વે બાપૂપર એક ભયંકર આપત્તિ આવી પડી હતી. ગોવિંદરાવ બાબા, એ બાપૂનો એકનો એકજ પુત્ર હતો. તે જુ-નરવાડાની નિકટ બ્રાહ્મણવાડામાં ક્ષય રોગથી મૃત્યુ પામ્યો. તેની વહુ રાધાબાઇ સતી થઇ.+તેનાપર આપત્તિનાં વાદળો તો ઝઝુમતાં હતાંજ. એવામાં પુત્ર અને પુત્રવધૂ એ ઉભયનો કાળ થયો. આ ભયંકર આપ-ત્તિથી બાપૂના દુઃખનો પાર રહ્યો નહિ. શત્રુઓ તો પાછળ લાગીજ રહ્યા હતા. જો આવો પ્રસંગ અન્ય કોઇના ઉપર ગુજર્યો હોત તો તે શય્યાવશજ થયો હોત. પરંતુ બાપૂનું હૃદય વજ્રસમાન હતું. તે પૂરો સિંહ હતો. તેનું હૃદય અભેદ્ય હતું. બાપૂના ઉપર દુઃખના ડુંગરો સામટા તૂટી પડયા, તે છતાં પણ તે જરા પણ ડગ્યો નહિ. તેણે સ્વામિસેવામાં જરા પણ ન્યૂનતા આવવા દીધી નહિ. આવા દુઃસહ પ્રસંગમાં તેના સ્વામિએ જે કાયરતાભરેલું કાર્ય કર્યું તેથી તેને અત્યંત ઘૃણા છૂટી. પરંતુ તેણે તો પોતાની સમશેર દુસ્મનોને બતા-વવાનોજ નિશ્ચય કર્યો હતો. તેઓ પોતાની સમશેર નગ્ન કરી સૈન્યના અગ્રભાગે ઉભા રહી અંગ્રેજોની માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યા. અષ્ટે આગળ યુદ્ધનો ઝુંડો રોપાયો. મદ્રાસનું ગોરૂ સૈન્ય કર્નલ સ્મિથના હાથ નીચે હતું. બાપૂની સમક્ષ આવી ગોરા સૈનિકો બંદુકની ગોળીનો મારો ચલાવવાની તૈયારીમાં હતા એટલામાં બાપૂએ પોતાના સૈનિકોને ગોળીબાર કરવાની સંજ્ઞા આપી અને તે સ્વતઃ પણ ગોળીઓ મારવા લાગ્યા. કૃતાન્ત–કાળ જેવા મહાન શૂર પુરુષોને સામે લડતા જોઇ ગોરા લોકો ગભરાયા. તેમનાથી મરાઠાઓનો માર સહન થઈ શકતો નહોતો. મદ્રાસના સોલ્જરો જેર થયા અને પાછળ હઠવાની શરૂઆત કરવા

+ "વીર સ્નુષા રાધાબાઈ" આ નામના મરાઠી પુસ્તકમાં ગોવિંદ-રાવનું મરણ, બાપૂ, બાપૂની પત્ની, પુત્રવધૂ એ સર્વ વિષે યથાસ્થિત ઉલ્લેખ છે, માટે જેમની ઈચ્છા હોય તેમણે તે ગ્રંથ વાંચવો.

લાગ્યા. તેમને પાછા હઠતા જોઈ બાપૂ આગળ ધસવા લાગ્યા. વૃદ્ધ સ્મિથે પોતાના આગલા સૈનિકોને પાછળ હઠતા જોઈ પાછળ ઉભેલી ટુકડીને આગળ આણી. અંગ્રેજી સૈન્યમાં લેફ્ટેનન્ટ વારંડ નામનો એક સરદાર હતો તેનાપર બાપૂ પોતાની શમશેર ચલાવવાની તૈયારીમાં હતા એવામાં અંગ્રેજી સૈન્યમાંથી ત્રણ ગોળીઓ તેમનાપર આવી. તેમાંની એક ગોળી તેમની ડાબી પાંસળીમાં લાગતાંજ તેઓ પોતાના અશ્વપરથી નીચે તૂટી પડયા. તેમણે પોતાની શાલનો એક છેડો મુખપર લીધો અને "રામ" એવો ઉચ્ચાર કર્યો. મહા પરાક્રમી, મહાપ્રતાપી, પૂર્ણ શૌર્યશાલી, વીર બ્રાહ્મણ સરદાર, દીન ગાય બનીને અંગ્રેજી સૈન્યની સમક્ષ પડયા. પોતાનો આધાર સ્તંભ તૂટી પડયાથી મરાઠા સૈન્ય છિન્નવિચ્છિન્ન થઇ ગયું! સર્વ સૈનિકો જેમ ફાવે તેમ નાશી ગયા. અંગ્રેજોને સંપૂર્ણ વિજય મળ્યો. અષ્ટેના સમરાંગણમાં પતન પામેલા શૂરા યોદ્ધાઓના શબોમાંથી અમુક શબ ગોખલેનું છે એમ કોઇ ઓળખી શક્યું નહિ. મુખપર શાલનો છેડો, અંગમાં કિનખાબનો અંગરખો, ગળામાં મોતીની કંઠી, વગેરે જોઇ સ્મિથે ધાર્યું કે આજ શબ ગોખલેનું હશે. વદન સ્પષ્ટ રીતે દેખાતું નહોતું, કારણ કે તે રક્તાવૃત્ત હતું. હસ્તમાં નગ્ન શમશેર જેમની તેમ જોરથી પકડેલી હતી, તેથી સ્મિથને લાગ્યું કે હજી એના અંગમાં પ્રાણ રહ્યા છે. તેથી દૂરથીજ તેણે કે કોઇ બીજાએ પૂછ્યું "તુમ કોન હે!" "બાપૂ ગોખલે" એવો સ્પષ્ટ અને જોસદાર પ્રત્યુત્તર આપ્યા પછી બાપૂનું પ્રાણોત્ક્રમણ થયું. બસ, પત્યું. આના કરતાં વિશેષ વિસ્તાર કરવાની આવશ્યક્તા નથી. આ ઘટના ઇ. સ. ૧૮૧૮માં બની.

૩૮–સ્વામીભક્ત–યેસબા દાભાડે.

પૂના જીલ્લામાં તળેગાંવ* નામનું એક ગામ છે. ત્યાં યેસબા નામનો એક કુળવંત સોમવંશીય મરાઠા પાટિલ (પટેલ) રહેતો હતો. મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરનાર શ્રીમંત છત્રપતિ શિવાજી મહારાજની પાસે યેસબાએ હજુરીઆની નોકરી સ્વીકારી હતી. શ્રી શિવાજીના જેવા ગુણગ્રાહી સ્વામિ મળવાથી તેને સ્વાભાવિક રીતેજ "મારૂં કૌશલ્ય પ્રદર્શિત કરવાની સારી તક મળશે" એવો ઉત્સાહ આવ્યો. વળી તે વખત શૂરવીર અને ગુણવાન લોકોને અનુકૂળ હોવાથી થોડા વખતમાં યેસબા પાટિલની છત્રપતિના વિશ્વાસુ નોકરમાં ગણના થવા લાગી. એટલુંજ નહિ, પરંતુ શિવાજી મહારાજનો તેનાપર પોતાના ઘરનાં માણસના જેટલોજ વિશ્વાસ બેઠો હતો. પરંતુ યેસબાએ શિવાજીની નોકરી સ્વીકારી તત્પશ્ચાત્ ઘણા સ્વલ્પ સમયમાં શિવાજીનો કાળ થયો. આથી આ પ્રમાણિક અને સ્વામિનિષ્ઠ સેવક ઉપર મહાસંકટ આવી પડયું અને તેના મનની સ્થિતિ અતિ વિલક્ષણ બની. શિવાજી મહારાજને બે ચિરંજીવ હતા. તેમના જ્યેષ્ઠ કુંવરનું નામ શંભાજી. આ શંભાજી શિવાજી મહારાજને ઘેર ખરેખરા કુલદીપક (!) જ જન્મ્યા હતા. સૂર્યને પેટ શનૈશ્ચરના જેવો શિવાજીને ત્યાં શંભાજીનો જન્મ હતો. કાનિષ્ઠ પુત્રનું નામ રાજારામ હતું. રાજમંત્રીઓએ રાજારામને સિંહાસનપર અધિષ્ઠિત કરી શંભાજીને કિલ્લામાં કેદ કરવાનો ઇરાદો રાખ્યો હતો, પરંતુ તે સફળ થયો નહિ. આ પ્રસંગ આપણા યેસબા પાટિલને માટે ઘણો દુઃસહ હતો. કારણ કે તે પ્રમાણિક અને સ્વામિનિષ્ઠ સેવક હતો; સ્વામિની સેવા કરવી એટલુંજ તે જાણતો હતો; પરંતુ આ વખતે તેના બે સ્વામિ થયા હતા અને તે પણ એક બી-

---

* મુંબઈથી પૂના જતાં જી. આઇ પી. રેલ્વે લાઈનપર આ એક સ્ટેશન છે. એને 'દાભાડેનું તળેગાંવ' કહેવામાં આવે છે.

જાના શત્રુ હતા. આથી કોને સ્વામિ ગણવો અને કોને બંડખોર ગણવો એ નિર્ણય કરવામાં તેને મોટી પંચાતી પડી. શંભાજી પાટવી કુંવર ખરો, પરંતુ ખુદ્દ શિવાજી મહારાજે અને તેમના મૃત્યુ પશ્ચાત્ રાજમંત્રીઓએ તેને ગાદીપર બેસવાને માટે નાલાયક ઠરાવ્યો હતો. આવા સંયોગમાં કોની નોકરી કરવી અને કોની ન કરવી એ પ્રશ્ન યેસબાના મનમાં ગુંચવાડો પેદા કરવા લાગ્યો. તે પ્રશ્નનો નિર્ણય તેણે ગમે તેમ કર્યો પરંતુ શિવાજી મહારાજના મૃત્યુ પશ્ચાત્ યેસબાના દિવસ સુખમાં ગયા નહિ, એ વાત તો નિશ્ચિત જ છે. કારણ કે એક તો શિવાજી મહારાજનો વિયોગ થયો; અને બીજું, ઉપલા દુઃખની વિસ્મૃતિ થઇ નહિ થઈ એટલામાં તો શંભાજીએ સિંહાસનારૂઢ થઇ ક્રૂર, નીચ, જૂલ્મી અને અનાચારમય કૃત્યોથી અંધેર પાદશાહી ચલાવવા માંડી; આથી શિવાજીના સ્વામિનિષ્ઠ નોકરને કેટલી મનોવ્યથા થઇ હશે તેની કલ્પના પાઠકોએ પોતેજ કરી લેવી.

યેસબાને આ દુઃખ કાંઈ નાનું સૂનું લાગ્યું નહિ. આથી તેને તો હવે એમજ લાગ્યું કે હવે આપણી આંખ મિંચાય તો સારૂં. પરંતુ વિધાતાએ હજી અનેક સંકટો સહન કરવાનાં તેના લલાટમાં લખેલાં હતાં. તો પણ એટલું તો કહેવું જ જોઇએ કે તેમ થયું તો જ હજુરીઆને ઘેર સેનાપતિપણું આવ્યું. યેસબા પર જેનું વર્ણન કરતાં કંપારી છૂટે એવા પ્રસંગો ગુજર્યા, મર્મભેદક ઘટનાઓ બની અને મરણ પ્રાય અપમાનો તેમને એક પછી એક સહન કરવાં પડયાં.

શંભાજીને રાજ્યાસનારૂઢ ન થવા દેવાને માટે રાજમંત્રીઓએ જે ષડ્યંત્ર રચ્યાં હતાં તે સર્વને ત્યાંને ત્યાંજ દાબી દઇ તેણે રાજગાદી પ્રાપ્ત કરી. અને તે દુર્વ્યસની મદાંધ તથા ક્રૂર રાજાએ શિવાજી મહારાજાના અતિ પવિત્ર સિંહાસન પર અધિષ્ઠિત થઈ, જુલમી રાજા કરી શકે તેવા સર્વ અત્યાચારો કર્યા. પરંતુ તેનાં તે કર્મનાં ફળો તેને આ

શોકમાંજ મળવાને ઘણો સમય લાગ્યો નહિ. યેસબા સ્વામિનિષ્ઠ અને સહૃદય હજુરીઓ હતો. તેની નિરંતર એજ ઇચ્છા હતી કે શંભાજીના અત્યાચારો મારી આંખે જોવા તેના કરતાં મારૂં મૃત્યુ થાય તો સારૂં. વળી તે વારંવાર શંભાજીને બે હાથ જોડી વિનવણી કરતો હતો. પરંતુ જ્યારે ઘડો કાણો થાય છે ત્યારે તેમાં પાણી તો શું પરંતુ દૂધ રેડવામાં આવે તોય તેમાં એક હથેલી ભરનો સંચય પણ થાય છે કે? યેસબાની લાગણીભરેલી અને પોતાના સ્વામિનું કલ્યાણ કરવાની પ્રબળ ઇચ્છાથી ઉદ્દભવેલી વાણી, શંભાજીને "મિથ્યા બકબકારો" લાગતો હતો. અને આ નડતર સદાને માટે દૂર કરવું એવી ઇચ્છા વારંવાર તેના મનમાં ઉત્પન્ન થતી હતી.

કુળકલંક, મદાંધ, મહા નીચ, અત્યંત દુર્વ્યસની અને ક્રૂર સ્વામિને યેસબા જેવો પ્રમાણિક, નેકી અને લાગણીવાળો વૃદ્ધ હજુરીઓ વારંવાર હાથ જોડીને વિનવે, ઉપદેશ કરે, ચાર સારી વાત કહે અને બાપદાદાની મેળવેલી કીર્તિ ઉત્તમ રીતે સંભાળી રાજકારભાર ચલાવવાની સલાહ આપે, એ મહાપરાધ (!) ને માટે તેને દેહાંત પ્રાયશ્ચિત ભોગવવું પડે—ફાંસીને લાકડે લટકવું કિંવા પડે, હાથીને પગે ખુંદાઇને મરવું પડે, એમાં કાંઈ આશ્ચર્ય નથી! પરંતુ યેસબાનું એટલું નશીબ—બાપદાદાનું એટલું પુણ્ય—કે શંભાજીએ યેસબાને રાજારામની તહેનાતમાં મૂક્યો. આ રીતે તેણે યેસબાનું સાલ કાઢ્યું.

હવે યેસબા રાજારામ મહારાજાનો હજુરીઓ થયો. પરંતુ ત્યાં પણ તેના કમનશીબે તેને સ્વસ્થ બેસવા દીધો નહિ. દિલ્લીનો પાદશાહ ઔરંગઝેબ 'મહારાષ્ટ્રને રસાતળમાં દાબીશ ત્યારેજ જંપીશ' એવી પ્રતિજ્ઞા લઇને દક્ષિણમાં આવ્યો. શિવાજીના જેવા બલાઢ્ય નહિ પરંતુ પરાભવ નહિ પામે એવા, ફોજબંધ ન હોવા છતાં પણ અજીત અને સાધારણ મનુષ્ય હોવા છતાં, શહેનશાહી સૈન્યને—ચારે પુર આ-

હમગીર પાદશાહને તોબા તોબા પોકરાવનાર, મહારાષ્ટ્રીય નરશ્રેષ્ઠ અવસાન પામ્યા; તેથી હવે તેણે સ્થાપેલા સામ્રાજ્યને છિન્નવિચ્છિન્ન કરી નાંખવાની ઔરંગઝેબની ઇચ્છા સિદ્ધ થવી કઠિન નહોતી. મહારાષ્ટ્રીયોના દુર્દૈવે શ્રી શિવાજીના પવિત્ર સિંહાસન પર શંભાજી સરખો રાજા અને કલુષા સરખો દુષ્ટ કારભારી હોવાથી દિલ્લીપતિનો મનોરથ સિદ્ધ થવો એ કાંઈ અશક્ય નહોતું. પરિણામ એ આવ્યું કે ઔરંગઝેબે તુલાપુર મુકામે શંભાજીના અત્યંત ક્રૂરપણે હાલ હવાલ કરી તેના પ્રાણ લીધા, તેનાં સ્ત્રી છોકરાંઓને કેદ કરી દિલ્લી મોકલી દીધાં અને ઘણા દિવસથી આંખમાં ખુચતું મરાઠા સામ્રાજ્ય ડૂબાડી દીધું.

પરંતુ મરાઠાઓએ પાદશાહને નમતું આપ્યું નહિ. વૃક્ષની શાખાઓ કાપી નાંખવામાં આવે તોપણ નવા અંકુરો જેસબંધ ફુટી નીકળે છે, એ મરાઠાઓએ ઔરંગઝેબને પ્રત્યક્ષ બતાવી આપ્યું અને જે પ્રજાને 'મેં વશ કરી છે' એમ ધારી, તે પોતાને ધન્યવાદ આપતો હતો, તેજ પ્રજાએ તેને દાટવાને માટે તેના દેખતાં કબર ખોદી તેમાં તેને પૂરી દીધો. આ વાતનું વર્ણન અત્રે અપ્રસ્તુત ગણાય, માટે જે વિષય હાથમાં લીધો છે તેજ વર્ણવીશું.

ઔરંગઝેબે શંભાજીના પ્રાણ લીધા એટલે રાજમંત્રીઓએ રાજારામ મહારાજાને એવી સલાહ આપી કે "હવે આપને આ સ્થળે રહેવું યોગ્ય નથી. જો રહેશો તો ભયમાં આવી પડશો. મોગલ પાદશાહ હવે આપને જીવંત રહેવા દેશે નહિ. માટે હવે આપ કર્ણાટકમાં આવેલા ચંદીચંદાવર (તંજાવર) તરફ નીકળી જાઓ. ત્યાં જશો તોજ તમારૂં સંરક્ષણ થશે. શિવાજી મહારાજના પુણ્ય પ્રતાપથી સૌભાગ્યનો સુદિન પ્રાપ્ત થશે ત્યારે જોઇ લેવાશે." આ સલાહ સર્વને પસંદ પડી. તે સલાહ પ્રમાણે વર્ત્યા વિના બીજો કોઇ ઉપાયજ નહોતો,

માટે રાજારામ મહારાજા પોતાની સાથે વીસ એકવીસ માણસો લઇને ગુપ્ત વેષે ચંદીચંદાવર તરફ જવાને નીકળ્યા. તેમની સાથે આપણો કથાનાયક યેસબા પણ હતો. મહારાજા રાજારામ કર્ણાટક તરફ જાય છે, એ વાત ઔરંગઝેબને કાને પડતાંજ તેણે તેમની પાછળ પોતાનું સૈન્ય મોકલ્યું. શ્રી છત્રપતિ શિવાજીના પુત્રને કાપડીઆને વેષે અનેક કષ્ટો સહન કરી નાસવાનો પ્રસંગ આવ્યો અને આ દુઃખમય પ્રસંગ પોતાની નજરે નિહાળવાનું યેસબાના કપાળમાં પણ ચોંટયું. આથી તેના દુઃખનો પાર રહ્યો નહિ. અને તેને અત્યંત દુઃખ થાય એમાં આશ્ચર્ય પણ શું? જે આંખે હિંદુ સામ્રાજ્યના ઐશ્વર્યસાગરમાં હરઘડી ભરતી આવતી દીઠી હતી તેજ આંખે આવો ભયંકર સંકટનો સમય જોવાનો વારો આવ્યો એ તે પ્રમાણિક નોકરને સાક્ષાત્ મરણ કરતાં પણ અધિક દુઃસહ લાગ્યું. યેસબા દિવસાનુદિવસ વૃદ્ધ થતો જતો હતો. શિવાજીના મૃત્યુથી તેના હૃદયને લાગેલા ધક્કાનો વ્રણ હજી રૂઝાયો ન રૂઝાયો એટલામાં ઔરંગઝેબે શંભાજીના હાલહવાલ કરી તેના પ્રાણ લીધા. આથી યેસબાની મનોવ્યથાનો પાર રહ્યો નહિ અને તેવામાંજ પાછો આવો નાસભાગ કરવાનો વારો આવ્યો! ઈશ્વર મનુષ્યની કસોટી કરવા લાગ્યો એટલે તેમાંથી બચવુંજ મુસ્કેલ. અસ્તુ. રાજારામ મહારાજાની સાથે યેસબા વેષ બદલી ચાલતો હતો. તેની પાછળ મુસલમાનો આવતા હતા, પરંતુ હજી તેઓ તેમને પકડવાને શક્તિવાન થયા નહોતા. રાજારામ મહારાજાના કુટુંબની—સ્ત્રીઓ અને છોકરાંઓની—સંભાળ લેવાનું કાર્ય યેસબાના હાથમાં હતું. કનક અને કાંતા એ જગતના સર્વે વિગ્રહોનું મૂળ છે અને તેને માટે પ્રત્યેક મનુષ્ય બુભુક્ષિત થઇને ફરે છે. અને તેમાં પણ આ પ્રસંગે મુસલમાનોની સાથે કામ લેવાનું હતું. માટે યેસબાનું કામ કેટલું જોખમદારી ભરેલું હતું તે કહેવાની કાંઇ આવશ્યકતા નથી. કનકની વાત તો જાણે સાધારણ

છે પરંતુ કાંતાને સાચવવાનું કામ ભારે જોખમદારીનું હોય છે. કનક ગુમાવીએ અને તે બીજાને હાથ ચઢે તેનું કાંઇ ઝાઝું દુઃખ થતું નથી. પરંતુ કાંતા જો અન્યના કટાક્ષને પાત્ર થઇ તો આપણા પ્રાચ્ય લોકોની આંખમાં કેવું ઝેર આવે છે તે સૌ કોઇ જાણે છેજ. સારાંશ, યેસબાને આવી મોટી જોખમદારીનું કામ સોંપવામાં આવ્યું, એ પરથી તેની પ્રમાણિકતા અને તેના શૌર્ય વિષે તેના સ્વામિની કેટલી બધી ખાત્રી હશે તે સ્પષ્ટ થાય છે. યેસબાની સાથે તેના બન્ને પુત્રો—ખંડબા અને શિવાજી—પણ હતા. એટલામાં ચંદી મુકામે મોગલ સૈન્યે રાજારામ મહારાજાને પકડી પાડયા. આ વખતે ખંડબા અને શિવાજી દાભાડેએ ઘાસ વેચનારનો વેષ લઇ રાજારામની સાથે ત્યાંથી પોબારા ગણ્યા. યેસબા અને સ્ત્રી છોકરાંઓ પાછળ રહી ગયાં. યેસબાએ રાજ સ્ત્રીઓને ભિખારણીનો વેષ પહેરાવી મુસલમાનોના આક્રમણથી મુક્તિ મેળવી. પરંતુ ખુદ યેસબાના ઘરની સ્ત્રીઓને તેમના પંજામાંથી છોડાવવાની સગવડ બની શકે એમ નહોતું. યેસબા તેમની ભાંજગડમાં પડે તો આ રાજસ્ત્રીઓને સુરક્ષિત સ્થળે મૂકવાના કાર્યમાં વ્યત્યય નડે અને કદાચ જીતેલી બાજી હારી પણ જવાય. હવે જો તે પોતાના ઘરની સ્ત્રીઓને છોડીને ચાલ્યો જાય તો તેની આબરૂનું સંરક્ષણ શી રીતે થાય એ પણ એક પ્રશ્ન ! આ તરફ નદી અને પેલી તરફ કૂપ. એવી સપડામણમાં યેસબા આવી પડયો. પરંતુ તેની સ્વામિનિષ્ઠા ખરેખર અપ્રતિમ હતી અને તેની પ્રમાણિકતા પણ અનુપમજ હતી. આજ સુધી આપણે જેનું અન્ન ખાતા આવ્યા છીએ તેને માટે આપણે દેહ અર્પણ કરવો એજ સ્વામિસેવાની ખરી પરાકાષ્ઠા. સ્વામિની સેવામાં વ્યત્યય ન આવે એટલા માટે પોતાના કલ્યાણપર લત્તાપ્રહાર કરવો એનું નામજ ખરી પ્રમાણિકતા. આવાજ વિચારથી પોતાના સ્વામિના ઘરની સ્ત્રીઓ અને છોકરાંઓને સુરક્ષિત સ્થળે લઇ જવાના કામમાં

અડચણ નડે નહિ એટલા માટે યેસબાએ પોતાના ઘરની સ્ત્રીઓનું સંરક્ષણ કરવા પ્રત્યે લક્ષ્ય આપ્યું નહિ. અને પોતાના ઘરની સ્ત્રીઓની આબરૂને કલંક ન લાગે એટલા માટે તેણે પોતાના હાથમાં શમશેર પકડી અને પોતાનાં સ્ત્રી છોકરાંને ત્યાં ને ત્યાંજ ઠાર કરી પોતાના સ્વામિની સેવામાં વ્યત્યય નડવા દીધો નહિ ! ! આનું નામજ ખરી સ્વામિભક્તિ અને ખરી પ્રમાણિકતા! અહો! પોતાનાં સ્ત્રી છોકરાંનાં અંગપર બે ચાર દાગિના પહેરાવવાને માટે પોતાના સ્વામિને યથેચ્છ લૂટનારા આધુનિક નોકરો અને યેસબા વચ્ચે કેટલું મહદ્ અંતર છે!

પોતાનાં સ્ત્રી અને છોકરાંનો પોતાને:હાથે વધ કરી યેસબા પોતાના સ્વામિનાં સ્ત્રી છોકરાંને સુરક્ષિત સ્થળે લઇ ગયો. પરંતુ હજી પણ યેસબાની સ્વામિસેવાની પરાકાષ્ઠા પૂર્ણ થઈ નહોતી. ખંડબા અને શિવાજી દાભાડે મહારાજાને લઇને મુસલમાનોનો રસ્તો ચુકવી નાસતા હતા. છત્રપતિ મહારાજા રાજારામ—જેઓ કદી પગે ચાલી જાણતા નહોતા તેમને શિર એકાએક આવો નિષ્ઠુર પ્રસંગ આવ્યો તે યેસબાના વીર તનુજોથી જોઈ શકાયું નહિ; તેથી તે ઉભય વીર પુત્રોએ વારાફરતી મહારાજાને પોતાની પીઠપર લઇ દોડવાનો ક્રમ રાખ્યો. શિવાજી દાભાડેએ આ પ્રકારે પચ્ચીસ કોશની મંજલ કરી, તેથી તેને પુષ્કળ શ્રમ થયો. અને આ અત્યંત પરિશ્રમને લીધે તેના મુખમાંથી લોહીના કોગળા નીકળવા લાગ્યા. આથી તેને જ્યારે હૃદયમાં કળ ચઢી ગઈ, ત્યારે તે મહારાજા રાજારામ પ્રત્યે બોલ્યો; "સરકાર, હવે તમે અહીંઆં રહેશો નહિ. દાદા (ખંડબા) અને તમે આગળ ચાલ્યા જાઓ. પાછળ મોગલોની સ્વારી આવી પહોંચશે. હું કાંઈ હવે બચવાનો નથી અને મારા મરણથી દુનિયામાં ખોટ પડી જશે, એમ પણ નથી." તેના આ શબ્દો સાંભળી રાજારામના હૃદયમાં બહુ લાગી આવ્યું. તેની આંખમાંથી દડ

દડ અશ્રુ પડવા લાગ્યાં. અને "હે દેવ! આ તે કેવો પ્રસંગ!" એમ બોલી તેમણે ઘડીભર રોદન કરી પોતાના હૃદય પરનો બોજો હલકો કર્યો. તેઓ શિવાજી પ્રત્યે બોલ્યા. "તને આવી સ્થિતિમાં અહીંઆં નાંખી અમે ક્યાં અને શી રીતે જઇએ? સાંપ્રત અમારા પર ઈશ્વર જ કોપાયમાન થયો છે. માટે જે થવાનું હશે તે અહીંઆંજ થશે." શિવાજીએ એવો પ્રત્યુત્તર આપ્યો કે "મારા મૃત્યુથી કાંઈ દુનિયામાં ખોટ પડી જવાની નથી. મારૂં કાંઈ રાજ્ય ડૂબવાનું નથી. પરંતુ આપ તો અહીંઆં એક ક્ષણભર પણ થોભશો નહિ. રાજ્ય ડૂબશે." આ શબ્દો તેના મુખમાંથી બહાર પડયા ન પડયા એટલામાં તો તેના મુખમાંથી રક્તના બીજા કોગળા બહાર પડવા લાગ્યા અને તે તરતજ ત્યાં મરણ પામ્યો. તેના મૃત શરીરની વ્યવસ્થા કરી ખંડબા દાભાડે અને રાજારામ મહારાજા માર્ગ કાપવા લાગ્યા. થોડી વારમાં યેમબા પણ તેમને આવી મળ્યો. પરસ્પરના વર્તમાન સાંભળી સર્વને અત્યંત દુઃખ થયું. પોતાના સ્વામિના કલ્યાણાર્થે યેસબાએ પોતાનાં સ્ત્રી છોકરાંને પોતાને હાથે ઠાર કર્યાં અને આ તરફ ઈશ્વરે પણ તેના એક છોકરાને મારી નાંખ્યો. આ રીતે ચારે તરફથી તે બિચારા રંક ડોસાના મસ્તકપર સંકટનાં વાદળો તૂટી પડયાં. વૃદ્ધાવસ્થામાં ચારે તરફથી સંકટો આવવાં એ ઈશ્વરની મોટી અકૃપાજ સમજવી. પરંતુ તેની આગળ કોનું ચાલે એમ છે? સર્વ સત્તાધારી પરમેશ્વરની ઇચ્છાની આડે કોણ આવી શકે એમ છે? ખરેખર! ઈશ્વરી યોજનાનો ચમત્કાર મનુષ્યની તર્કશક્તિને કેવળ અગમ્ય છે. માટે મનુષ્યનું તેની આગળ કાંઇ ચાલી શકે એમ નથી. સ્વસ્થ રહી તેની યોજનાનું નિરીક્ષણ કર્યા કરવું એ સિવાય અન્યથા મનુષ્યના હાથમાં કાંઇ નથી.

તત્પશ્ચાત્ મહારાજા રાજારામ અને યેસબા સુખરૂપે પન્હા-

ળમાં આવીને દાખલ થયા. તેમને લેવો પડેલો વનવાસ સદાને માટે દૂર થયો. ઔરંગઝેબ દાંત પીસીને મરાઠાઓનો નિપાત કરવાને ઉધુક્ત થયો હતો, પરંતુ તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ થયા. મરાઠાઓએ તેનું કાંઈ વળવા દીધું નહિ. મરાઠાઓને પાદાક્રાંત કરવાને માટે કર્ણાટકમાં ગયેલા મુસલમાનોને મરાઠાઓએ તોબા તોબા પોકરાવી. પરંતુ આ યશનો અનુભવ લેવાને માટે યેસબા રહ્યો નહિ. પન્હાળ ગઢમાં રાજારામ દાખલ થયા ન થયા એટલામાં યેસબાની પ્રકૃતિ બગડી. તે મૂળે તો વૃદ્ધ હતો, તેવામાં વળી પ્રવાસનાં સંકટો સહન કરવાં પડયાં. હમણાં શત્રુઓના હાથમાં સપડાઈ જઈશું એવી નિરંતર અંગમાં રહેલી ભીતિ, પોતાને હાથે પોતાના ઘરની સ્ત્રીઓનો કરેલો વધ, પોતાના લાડકા નાના પુત્રનું મરણ આ સર્વ ઘટનાથી બિચારો યેસબા હતાશ થઈ ગયો હતો અને એવામાં તે આજારી પડયો. આથી તે થોડા વખતમાં મરણ પામ્યો. પરન્તુ તેના મૃત્યુ પૂર્વે તેણે પ્રમાણિકપણે કરેલી નોકરી તથા સ્વામિકાર્યાર્થે કરેલાં સાહસને લક્ષમાં લઈ મહારાજા રાજારામે તેને નીચે પ્રમાણે પારિતોષિક આપ્યું હતું—

'પ્રાંત જુન્નર અને હરિશ્ચંદ્ર તથા પ્રાંત પુના અને પ્રગણું અકોલા એ મહાલોની પટેલાઈ, તથા વસુલાતમાં દર સેંકડે રૂપિઆ બે વગેરે' તદુપરાંત તેના જ્યેષ્ઠ પુત્રને પણ કેટલુંક ઇનામ આપ્યું. આ ઈનામગીરી કોઈ ખુંચવી ન લે એટલા માટે શ્રીમાન છત્રપતિ રાજારામે ઈનામપત્રમાં નીચલો શેરો માર્યો હતો કે—"જે કોઇ હિંદુ થઇને આ ઇનામગીરીમાં ખલેલ કરશે તેને કાશીમાં ગોહત્યા કિંવા બ્રહ્મહત્યા કરવાનું પાતક લાગશે અને મુસલમાન થઇને ખલેલ કરશે તેને તેના મજહબના શપથ છે." આવા ઉલ્લેખથી ઇનામદારના પુત્ર પૌત્રાદિ ઇનામનો અબાધિત ઉપભોગ કરી શકશે એવી આશા રાખવી એ 'જાહેર ખબર'

ચોંટાડી ચોરી અટકાવવાની આશા રાખવા સમાન વ્યર્થ છે, પરંતુ રાજારામે એવો શેરો મારી, પોતાના હૃદયની ઉદારતા દર્શાવી આપી છે. વળી તેમણે ખંડોજીને સેના ખાસખેલની પદ્દી આપી. એની કલ્પના આપણે શું જોયું હોય તે કરી શકીએ! સેના ખાસખેલની પદ્દી ખંડોજીને જ્યારે રાજારામ મહારાજાએ આપી તે વખતનું નીચલું વર્ણન મરાઠા ઇતિહાસમાં ઉપલબ્ધ થાય છે. " વસ્ત્રો, શિરપેચ, હાથી, ઘોડા, નિશાન, જરી પટકો, ચૌઘડીઆં તથા તહેનાતમાં રહેનારા સેવકો પણ આપવામાં આવ્યા. " આ રીતે એક સાધારણ હજુરીઓ ' દાભાડે સરદાર સેના ખાસખેલ ' થયો. હવે તે શિરપેચવાળા સરદારની ગણનામાં આવ્યો. પરંતુ ચેસબા દાભાડે આ સુખ જોવાને જીવ્યા નહિ, એ તેમનું મોટું દુર્ભાગ્ય હતું; તેમણે સ્વામિકાર્ય કરવાને માટે નિરંતર પોતાના દેહને કષ્ટ આપ્યું હતું; સ્વામિના હિતને માટે તેમણે પોતાનાં સ્ત્રી છોકરાંના પ્રાણની જરા પણ દરકાર રાખી નહિ અને સ્વામિની પડતીના વખતમાં પણ તેમની સ્વામિભક્તિ તિલભાર ડગી નહિ. કિંબહુના તે સમયમાં તે વૃદ્ધિંગત થતી ગઇ. આવા સેવકને તેની અપ્રતિમ સ્વામિનિષ્ઠાનું ફળ ભોગવવા દીધું નહિ એ સર્વાંતર્યામી, કરુણાસાગર પરમેશ્વરની ગહન ગતિ છે.

ચેસબા હજુરીઆનો પુત્ર ખંડબા ' સેના ખાસખેલ ' થયો અને બિચારો ચેસબા મરતાં સુધી હજુરીઓ ને હજુરીઓજ રહ્યો!

૩૯–ત્રિંબકરાવ દાભાડે.

ખંડેરાવ જીવંત હતા ત્યારથીજ શાહૂ મહારાજાએ ત્રિંબકરાવને સેના ખાસખેલની પદ્વી આપી હતી. ખંડેરાવને ત્રણ પુત્રો હતા. જ્યેષ્ઠ ત્રિંબકરાવ, દ્વિતીય યશવંતરાવ અને કનિષ્ઠ બાબૂરાવ. ખંડેરાવની પછી સેનાપતિની પદ્વી ત્રિંબકરાવને મળી અને યશવંતરાવ સેના ખાસખેલ થયા અને બાબૂરાવ સતારામાં મહારાજાની હજૂરમાં રહેતા હતા. ખંડેરાવ દાભાડે સ્વર્ગવાસી થયા તે પૂર્વે તેમના પરમ સ્નેહી બાલાજી વિશ્વનાથ પેશ્વા કૈલાસવાસી થયા હતા. તેમની પછી પેશ્વાઇ બાજીરાવ બલ્લાળને મળી; એટલે સેનાપતિ અને પેશ્વા બન્ને તેજસ્વી તરૂણો હતા. શાહૂ મહારાજાએ સેનાપતિને ગુજરાત અને પેશ્વાને માળવા સર કરવાની આજ્ઞા કરી. બાજીરાવ પેશ્વા માળવા તરફ ગયા. તે વખતે ત્રણે દાભાડેએ પોતાના મોરચા ગુજરાત તરફ ફેરવ્યા. પાછળથી પેશ્વા અને સેનાપતિની વચ્ચે વૈર થયું. *

પેશ્વાએ સેનાપતિને જણાવ્યું કે તમે ગુજરાત સર કરો તેમાં અર્ધો ભાગ અમારો અને અમે માળવા સર કરીએ તેમાં અર્ધો ભાગ તમારો, એવી વ્યવસ્થા આપણે કરવી ઠીક છે. પરંતુ આ વાત સેનાપતિને રુચી નહિ. તેમણે પેશ્વાને જણાવ્યું કે "મહારાજાએ તમને માળવા સર કરવાની આજ્ઞા કરી તે પૂર્વે મને ગુજરાત સર કરવાની આજ્ઞા કરી છે. અને શ્રી છત્રપતિના હુકમ શિવાય તમે કહો છો તે પ્રમાણે અમારાથી થઇ શકે નહિ, આ વાત તમે પણ મહારાજાને જણાવો અને હું પણ જણાવું, પછી શ્રીમંત સરકારની આજ્ઞા થશે

---

* કાવ્યેતિહાસ સંગ્રહમાં 'દાભાડેના કારભારીઓએ એલ્ફીન્સ્ટન સાહેબપર લખી મોકલેલી બખર' તરિકે જે બખર પ્રસિદ્ધ થઈ છે અને જે બખરના આધારે પ્રસ્તુત હકિકત લખવામાં આવી છે તેમાં વૈરનું જે કારણ આપવામાં આવ્યું છે તે અતિ ક્ષુલ્લક છે.

તે પ્રમાણે આપણે કરીશું. શાહૂ મહારાજાએ આજ્ઞા કરી કે ઉભયે પૃથક્ પૃથક્ દેશ સર કરવા. આથી પેશ્વાની આશા નિષ્ફળ થઇ અને +આ કારણને લીધેજ પેશ્વાના મનમાં ચોટ રહી હતી, એવો દાભાડેની બખર લખનારનો અભિપ્રાય જણાય છે.

ત્યાર પછી ગુજરાતમાં ડભોઇના કિલ્લામાં બાજીરાવ પોતાનો અધિકાર જમાવવા લાગ્યો છે, એ વર્તમાન સાંભળતાંજ દાભાડેના પગની આગ મસ્તકે ગઇ. મારા પ્રદેશમાં પોતાના ઘોડા લાવવાનું પેશ્વાને કારણ શું? જાણી જોઇને એણે ખટપટ ઉભી કરી છે. ત્યારે હવે એને પણ આપણો હાથ બતાવવોજ, એવો દાભાડેએ નિશ્ચય કર્યો અને ત્રણે દાભાડે ડભોઇ તરફ કૂચ કરવા લાગ્યા. ત્રિંબકરાવ પોતાના બન્ને બંધુને પાછળ મૂકી આગળ નીકળી ગયા. ત્રિંબકરાવની પાસે પ્રચંડ સૈન્ય હતું. પરંતુ એમ કહેવાય છે કે બાજીરાવે ત્રિંબકરાવના સૈન્યમાં ફૂટ પડાવી હતી. ત્રિંબકરાવે બાજીરાવની સાથે યુદ્ધ કરવાને માટે પોતાનો ઘોડો આગળ દોડાવ્યો ત્યારે તેના સૈન્યમાંના શિલેદારે; 'મારી ટુકડીના ઘોડા તૃષિત થયા છે માટે એને પાણી પાઇ આવીએ' એવું નિમિત્ત કાઢી પોતાની ટુકડી લઇ પાછા પગ કર્યા અને તે પેશ્વાના સૈન્યમાં જઇ મળ્યો. દાભાડે અવશિષ્ટ રહેલા સૈનિકોની સાથે પેશ્વાની સામે યુદ્ધ કરવાને છાતી કાઢી ઉભા રહ્યા. આ સમયે દાભાડેની પાસે પાંચ હજાર સૈનિકો હતા એમ કહેવાય છે. બાજીરાવ પેશ્વાની પાસે ચાળીસ હજાર યોદ્ધાઓ હતા. દાભાડેના કારભારીએ તેમને કહ્યું; "આપણા અનેક સૈનિકો ઘોડાને પાણી પાવાનું બહાનું કાઢીને ચાલી ગયા છે. તેમણે વિદ્રોહ કર્યો છે, માટે

+ બાજીરાવના ચરિત્રકાર જણાવે છે કે "દાભાડે નિઝામની સાથે મળી ગયા હતા અને તે ઉભયનો વિચાર પેશ્વાને પાયમાલ કરવાનો હતો." આથી સત્યાસત્યનો નિર્ણય કરવો જરા કઠિન પડે છે.

હવે આપણે યુદ્ધ કરવું નહિ. સલાહ કરવી અગર પાછા ચાલ્યા જવું."* પરંતુ ત્રિંબકરાવના જેવો આત્માભિમાની અને શૂર પુરુષ આ સલાહ શી રીતે માન્ય કરી શકે? સમરભૂમિમાંથી પલાયન કરી જવું એ આપણા લોકોમાં શૂર કહેવાતા લોકોનું શીલ નથી; અને એટલા માટેજ દાભાડેએ રોકડો ઉત્તર આપ્યો કે "તીર્થરૂપ (પિતાજી) ની પછી પ્રથમ યુદ્ધ આજ છે માટે નાશી જવું નથી. જેમને જવાની ઇચ્છા હોય તે ભલે પોતાનાં છોકરાં છૈયાંને જઇને મળે" આ પ્રમાણે બોલી ત્રિંબકરાવે એકદમ યુદ્ધનો પ્રારંભ કર્યો. તિરંદાજીમાં ત્રિંબકરાવ પૂરો કુશળ હતો. અને આ વખતે તો તેમણે પોતાના કૌશલ્યની છેકજ હદ કરી મૂકી! આટલા બધા થોડા સેનાનીઓ સાથે દાભાડે બાજીરાવની સામે લડયા. પેશ્વાની પાસે ત્રિંબકરાવ ઢમઢેરે નામનો એક સરદાર હતો, તે દાભાડેની પિત્રાણુ બ્હેનનો પુત્ર હતો. તેણે આગળ આવી દાભાડેને ઉદ્દેશીને કહ્યું "મામા સાહેબ! હવે તહ કરવી એજ ઉત્તમ છે." આ ઢમઢેરે પેશ્વાનો પક્ષ લઇ દાભાડેની સામો ઝુઝતો હતો! તેનું ભાષણ સાંભળી દાભાડે બોલ્યા; "યુદ્ધ પ્રસંગે આપ્તતાને વચ્ચે લાવવાનું કારણ નથી. તું તારી માનો એકનો એક છે, માટે ભાગીજા." ત્રિંબકરાવ ઢમઢેરે પણ પૂર્ણ સિપાઇ બચ્ચો હતો. તેણે તરતજ જવાબ આપ્યો; "જો આ પ્રસંગે હું નાશી જઇશ તો આપના અને મારા કુળને બટ્ટો લાગશે. માટે તમે મારાપર શસ્ત્રાસ્ત્ર ચલાવવામાં બાકી રાખશો નહિ. હું પણ તમારાપર ચાર હાથ કરીશ." ત્રિંબકરાવ દાભાડે બોલ્યા "બાપુ! તું બાળક છે; તેથી પ્રથમ તારાપર શસ્ત્ર ચલાવવાં ઉચિત નથી. તું પ્રથમ

---

* શત્રુને પ્રબળ જોઇને પાછા પગ કરવાનો પ્રસંગ અતિ બલાઢ્ય અને અત્યંત શૂર એવા અંગ્રેજોને અનેક વાર આવ્યો છે અને આવે છે, પરંતુ તેઓ તેને માટે શૌર્ય સૂચક શબ્દ વાપરે છે—અંગ્રેજ ઇતિહાસકારો તેને Heroic retreat કહે છે.

પ્રહાર કર અને ચાલ્યો જા.” આ ઉભય વીર પુરુષનાં વચનો સાંભળીને આપણા આનંદનો પાર રહેતો નથી. અહો ! આવા વીર પુરુષો આપણામાં જ થઈ ગયા છે, પરંતુ અફસોસ ! હવે કાયરતાનો યુગ હિંદુસ્થાનમાં આવ્યો છે, એ જાણી કોઇને પણ ખેદ થયા વિના રહેતો નથી. ધર્મયુદ્ધ કરવામાં આવા નિષ્ણાત અને આવા હિમ્મતવાન પુરૂષો આ દેશમાં થઇ ગયા છે. અહો ! તેમના ક્ષાત્રતેજનું વર્ણન આ ક્ષુદ્ર લેખિની શી રીતે કરી શકે ? અસ્તુ ! પ્રથમ દમદેરેએ પોતાનો ભાલો દાભાડેપર ફેંકયો; તેના પ્રહારથી માવત ઠાર થયો. તે ભાલો દાભાડે પર્યંત પહોંચ્યોજ નહિ. પરંતુ અંબાડીના આગલા ભાગને થોડું નુકશાન થયું. હવે જ્યાં દાભાડેએ ધનુષ્યપર બાણ ચઢાવ્યું અને જોર કરીને ફેંકયું કે તરત દમદેરે અને તેનો અશ્વ એ ઉભય એક સાથેજ મૃત્યુને શરણ થયા ! સવ્યસાચી ધનંજયના જેવુંજ ત્રિંબકરાવ દાભાડેમાં શરસંધાન કરવાનું અપ્રતિમ કૌશલ્ય હતું. ‘कदा नेणां ओढी शरधिं तुनि काढी शर कदा’ (તેનું બાણ કોઇ વખત આંખ અને કોઈ વખત મસ્તક ને ઉરાડી દેતું હતું) એવું વર્ણન રઘુનાથ પંડિત નામના એક મહારાષ્ટ્રીય કવિએ નળ રાજા સંબંધે કર્યું છે. તે વર્ણન ત્રિંબકરાવને યથાર્થ રીતે લાગુ પડે છે. પેશ્વાએ દાભાડેના સમસ્ત સૈન્યમાં વિદ્રોહ ફેલાવ્યો હતો. દાભાડેના સૈન્ય કરતાં પેશ્વા પાસે બારગણું સૈન્ય વધારે હતું. તે છતાં પણ તેમની શરવૃષ્ટિ આગળ પેશ્વાનું કાંઈ ચાલતું નહોતું. દાભાડેએ આ રીતે પૂર્ણ કૌશલ્યથી શરવૃષ્ટિ કરી પેશ્વાના સૈન્યને એક કોસ પર્યંત પાછું હઠાવ્યું. દાભાડેને લાગ્યું કે આપણને વિજય મળ્યો છે. અને આવા વિચારથી તેમણે વાદ્યો વગાડવાની આજ્ઞા કરી. દાભાડેના સ્વામિભક્ત સૈનિકો જયોત્સવમાં નિમગ્ન થયા. આજે આપણે કૃતાર્થ થયા છીએ એમ માની તેઓ પોતાની જાતને ધન્યવાદ આપવા લાગ્યા.

"आतां काय ? (હવે શું ?) વિજયશ્રીએ આપણુને વરમાળા પહેરાવીજ છે" એમ બોલી ત્રિંબકરાવે વિશ્રાંતિ લેવાના હેતુથી પોતાનું લોખંડી શિરસ્ત્રાણુ ઉંચકીને જરા શ્વાસ છોડયો એટલે તેના મામા ભાઉસિંગે પોતાનો દાવ સાધ્યો ! આ ભાઉસિંગ—આ કૃતઘ્ન અને બેઈમાન નરાધમ વિદ્રોહી થઇને પેશ્વાના સૈન્યમાં શામિલ થઇ ગયો હતો. દગાથી પોતાના ભાણેજનો ઘાત કરવાને માટે તે તક્ષકની પેઠે તલપી રહ્યો હતો. પરંતુ અત્યાર પર્યંત તેને એક પણ સંધિ મળી નહોતી. દાભાડેએ પોતાનું લોખંડી શિરસ્ત્રાણુ નીચે મૂકયું છે, એ જોતાંજ તેણે પોતાના એક સિપાઇને આજ્ઞા કરી કે "એના મસ્તકપર ગોળી છોડ." ગોળી મારનાર નરપશુ ત્રિંબકરાવનોજ માણુસ હતો અને તે વિદ્રોહી બનીને ભાઉસિંગની સાથે ગયો હતો. દાભાડે બેસાવધ હતા તે વખતે તેણે છોડેલી ગોળી સણુસણાટ કરતી આવીને તેમના કર્ણમાં પ્રવેશી ગઇ. પછી શું પૂછવું ? તરતજ દાભાડે નીચે પડયા તે સમયે તેમના મનની સ્થિતિ કેવી થઈ હશે ? વિજય મળવાનો હતો તેજ પ્રસંગે દાભાડેના હિતૈષીએ સૈન્યને દ્રોહી બનાવીને બાજી બગાડી અને પોતાનાજ મામાએ 'ઘર ફૂટયું તેનું કર્મ ફૂટયું' એ ઉક્તિનો સાક્ષાત્કાર કરાવી વૈર લીધું !

દાભાડેનું પતન થયાની વાત ફેલાતાંજ સૈન્યમાં હાહાકાર થઇ રહ્યો. બાજીરાવને આ વર્તમાન કર્ણગોચર થયા કે તરતજ તેણે અત્યુત્સાહપૂર્વક દાભાડે પર આક્રમણુ કર્યું અને તેમાં તેને સંપૂર્ણ વિજય મળ્યો એ કહેવાની કાંઇ ખાસ જરૂર નથી. આ પ્રકારે બાજીરાવ બલ્લાળે દાભાડેનો પરાભવ કર્યો. બાજીરાવ બલ્લાળનું અતિશયોક્તિ ભરેલું ચરિત્ર લખનાર બાપટ આ પ્રસંગનું વર્ણન સર્વથૈવ ભિન્ન પ્રકારે કરે છે.

દાભાડેની બખરમાંથી ઉપલબ્ધ થયેલી બીજી હકિકત આ છેઃ—

પોતાની સેનાના કેટલાક માણુસોએ દ્રોહ કર્યો છે અને બાજી-

રાવ, સામે આવી ઉભો છે એવો પ્રકાર જોઇ ત્રિંબકરાવે પોતાના બે ભાઇઓ ઉપર સંદેશો મોકલ્યો કે "જેમ બને તેમ ત્વરાથી આવો. એક ઘડી પણ વ્યર્થ ગુમાવશો નહિ." આ સંદેશો સાંભળી તે બન્ને બંધુઓ ત્વરાથી કૂચ કરવા લાગ્યા, પરંતુ તેઓ ત્રિંબકરાવની પાસે આવ્યા પૂર્વે તેનો અંત થયેલો હતો. આ હૃદયવિદારક ઘટના જોઇ ઉભય બંધુઓને જે ખેદ થયો તેનું વર્ણન આ ક્ષુદ્ર લેખિનીથી કરી શકાય એમ નથી. તેઓ અગાઉથીજ સંતપ્ત હતા અને તેમાં વળી આ નવા સંકટનો ઉમેરો થયો. દુઃખાતિશયથી ઉન્મત્ત બની તેમણે પોતાના બંધુનું પ્રેત અંબાડીમાંથી નીચે ઉતાર્યું અને તરત જ બાજી-રાવ પર વૈર લેવાની તૈયારી કરવા માંડી. પરંતુ દાભાડે બંધુઓ આવીને ત્રિંબકરાવના સૈન્યમાં દાખલ થયા છે, એવા વર્તમાન બાજી-રાવને કર્ણગોચર થતાંજ તેણે પોતાનો મોર્ચો ફેરવ્યો અને પલાયન કરવા માંડયું. યશવંતરાવ અને બાબૂરાવ દાભાડેએ પોતાના બંધુના શબને અગ્નિદાહ કર્યો અને તેઓ સૂતકના ભરેલાજ બાજીરાવને શખ્ત શાસન કરવાને માટે તેની પાછળ પડયા. બાજીરાવ અને દાભાડે વચ્ચે વીશ કોસનું અંતર હતું. અંતર નિરંતર રહેવાથી તેઓ તેને પકડી શકયા નહિ. બાજીરાવે વિચાર કર્યો કે "ઉભય બંધુઓ પૂર્ણ જોશથી મારી પાછળ આવે છે, બંધુના મરણથી તેઓ દેહભાન પણ ભૂલી ગયા છે અને ક્રિયા કર્માંતર કાંઇ ન કરતાં સૂતકના ભરેલા જ મારી પાછળ પડયા છે, માટે આ પ્રસંગ કાંઇ સામાન્ય નથી." આવો વિચાર કરી તે ઉતાવળે પગલે સતારામાં આવી દાખલ થયો. દાભાડે બંધુઓ જીવ ઉપર ઉદાર થયા હતા, અને બાજીરાવે પોતાના સ્વામિના અતિ વિશ્વાસુ નોકરનો ઘાત કર્યો હતો, તેથી તે સતા-રામાં આવીને દાખલ થયો ત્યાં સુધી તેના જીવમાં જીવ ન રહ્યો હોય એ સર્વથા સાહજિક છે. સતારામાં આવી તે શાહૂ મહારાજા

કને ગયો અને તેને ચરણે શીશ નાંખી બોલ્યો "મહારાજ! મારે હાથે એક અપરાધ થયો છે. માટે સ્વામિએ પોતાને હાથે શાસન કરવું અથવા તો રક્ષણ કરવું." દાભાડેના બખરમાં એવી હકિકત ઉપલબ્ધ થાય છે કે "ત્રિંબકરાવ દાભાડેના મૃત્યુની વાત સાંભળી શાહૂ મહારાજા ઉદાસ થયા. અને તેમણે વિચાર કર્યો કે પેશ્વાનો અપરાધ તો થયો. એને શાસન મળવું જોઇએ, પરંતુ એ જાતનો બ્રાહ્મણ છે, વળી એના વડીલે એકનિષ્ઠાથી મારી સેવા કરેલી છે. એણે અપરાધ કર્યો છે, પરંતુ એ મારેજ શરણે આવ્યો છે. મા એનો અપરાધ માફ કરી બચાવ કરવો." આવો નિશ્ચય કરી શા મહારાજાએ પેશ્વાને 'ભીતિ ધરશો માં' એવું આશ્વાસન પણ આપ્યું. એટલામાં યશવંતરાવ અને બાબૂરાવ એ ઉભય આવીને દરબારમાં દાખલ થયા. મહારાજાએ પેશ્વાને શરણે રાખ્યો છે એ વાતની જ્યારે તેમને ખબર થઇ ત્યારે તેમનાં મન એટલાં તો ખિન્ન થયાં કે તેમણે તરતજ મહારાજાને રામ રામ કર્યા અને બોલ્યા; "તીર્થરૂપના મૃત્યુને નવ માસ થયા છે; તેમની સેવા પર દ્રષ્ટિ રાખીને સ્વામિએ અમારૂં પુત્રવત્ પાલન કર્યું; અને અમને પદ્દીઓ આપી દેશ સર કરવાને રવાના કર્યા. પેશ્વાને માળવા સર કરવાની આજ્ઞા કરી અને અમને ગુજરાતમાં મોકલ્યા. પેશ્વાએ અમારી સાથે દગો કર્યો અને અમારા બંધુને માર્યો. તેથી મહારાજાનો એણે અપરાધ કર્યો છે, છતાં એને શરણમાં લીધો. માટે હવે અમારે નોકરી કરવી નથી." પછી તરતજ તેમણે પોતપોતાની શમશેર શાહૂ મહારાજાની સમક્ષ મૂકી દીધી અને તેમના ચરણમાં મસ્તક મૂકી તેમની રજા લઇ ઉભય બહાર નીકળ્યા. મહારાજાએ દાભાડેને સમજાવી પાછા આણવાને માટે પ્રતિનિધિ અને મંત્રીને તેમની પાસે મોકલ્યા; પરંતુ તેની વાત પર જરા પણ લક્ષ આપ્યા વિના દાભાડે પોતાના ગામમાં જતા રહ્યા.

હવે મહારાજાને બનેલા પ્રકારથી ઘણી ચિંતા થવા લાગી. આવા વિશ્વાસુ નોકરો રિસાઇ ગયા તેથી તેમને જરા પણ ચેન પડતું નહોતું. પછી એક દિવસ બાજીરાવને પોતાની સાથે લઇને તેઓ સ્વયં દાભાડેને ઘેર ગયા. તેમની માતુશ્રી ઉમાબાઇને મહારાજાએ ખૂબ સમજાવી અને ત્રિંબકરાવનાં ક્રિયા કર્માંતર થયાં નહોતાં તે તેમણે પાસે બેસીને દાભાડે કને કરાવ્યાં. પછી એક દિવસ શાહૂ મહારાજા ઉમાબાઇ પ્રત્યે બોલ્યા "જેવો ત્રિંબકરાવ તમારો પુત્ર હતો તેવો બાજીરાવ પણ તમારો પુત્ર જ છે. ખંડેરાવ અને બાલાજી વિશ્વનાથ એ ઉભય જીવજાન મિત્ર હતા. માટે હવે તમે તમારા હાથેજ બાજીરાવને મારો." આમ કહીને તેમણે તેમની આગળ તરવાર મૂકી અને બાજીરાવનું મસ્તક તેમના ચરણમાં મૂકાવ્યું. હવે ઉમાબાઇથી પણ બોલી શકાયું નહિ. તે સર્વથા નિરુત્તર થઇ. થોડી વારે તે બોલી "અમે સર્વ આપનાં બાળક છીએ. શાસન વગેરે કરવાના અધિકારી આપજ છો. હું કોણ વિસાતમાં?" ઇચ્છિત ફળની આશા મળતાંજ શાહૂ મહારાજાએ બાજીરાવ પેશ્વા અને દાભાડે બંધુઓને કહ્યું "થઇ ચૂકેલી બીના કાંઇ સુધારી શકાતી નથી. તમે દાભાડે અને પેશ્વા મારા પગ પર હાથ મૂકીને પ્રતિજ્ઞા કરો કે હવેથી અમે આગલું વૈર ભૂલી જઇશું અને આજથી સંપથી વર્તીશું." આ પ્રમાણે તેમણે પ્રતિજ્ઞા કરી, એ કહેવાની કાંઇ ખાસ અગત્ય નથી.

આ પ્રકારે ત્રિંબકરાવ દાભાડેનો અંત આવ્યો. પિતાની પાછળ તેઓ પૂરૂં એક વર્ષ પણ સેનાપતિપદ ભોગવી શક્યા નહિ. પરંતુ તેમાં કોનો ચારો છે? આટલા અલ્પ કાળમાં પણ તેમણે પોતાનું પરાક્રમ પ્રદર્શિત કરવામાં કાંઈ ન્યૂનતા રાખી નથી. સમરાંગણમાં શત્રુની સાથે યુદ્ધ કરતાં મૃત્યુ પામવું એ આપણા લોકોમાં પુણ્યકારક માનવાનો સંપ્રદાય છે અને સમરમાં મરણ પામનાર વિષ્ણુ-

લોકમાં જઈ ઈશ્વરસન્નિધ રહે છે, એમ પણ માનવામાં આવે છે. *સારાંશ એજ કે ત્રિંબકરાવ દાભાડેએ ક્ષાત્ર ધર્માનુસાર પોતાનો અંત ઉત્તમ પ્રકારે સાધી લીધો હતો.

---

* ઈશ્વરપર પૂર્ણ વિશ્વાસ અને ધર્મપર દ્રઢ શ્રદ્ધા હોવાથી મનુષ્ય આવાં જીવના જોખમનાં કાર્યો કરવાને ધસે છે; આપણું જીવિત કેવળ તુચ્છ છે, ઈશ્વર આપણને કદિ પણ વિસરનાર નથી, ધર્માનુસાર વર્તવામાં આપણું શ્રેય છે, તેમ કરતાં કદાચિત્ સાંપ્રતમાં કષ્ટ સહન કરવાં પડે તોપણ તેનું પ્રતિફળ મળ્યા વિના રહેનાર નથી, આવો દ્રઢ વિશ્વાસ જ્યારે મનુષ્યના મનમાં હોય છે, ત્યારેજ તે આવાં કાર્યો કરી શકે છે. તે શિવાય કદિ પણ આવાં કાર્યો થઇ શકતાં નથી. અધુના આપણા દેશમાં ધર્મભ્રષ્ટતા અને ઈશ્વરવિષયક અજ્ઞાન દિનપ્રતિદિન એટલું વૃદ્ધિંગત થતું જાય છે કે ભવિષ્યમાં આપણી સમાજની ભયાવહ સ્થિતિ થયા વિના રહેનાર નથી. જેને ઈશ્વર પર ભરોસો હોતો નથી તેનું જીવન ચિંતા અને આશંકામાંજ વ્યતીત થાય છે, એ સ્પષ્ટજ છે. કારણકે તે એમ માને છે કે સર્વ કાર્યોનું સૂત્ર મારા હાથમાંજ છે અને ખરો કર્ત્તાકારવતા હુંજ છું. આથી તે અનેક વિટમ્બનાના પંકમાં ગોથાં ખાધા કરે છે. જે માણસ ધાર્મિક વૃત્તિનો હોય છે તેનામાં પરોપકાર બુદ્ધિ અને સ્વહિતત્યાગેચ્છા અતિ પ્રબળ હોય છે. અને આ ઉભયના યોગથી પરોપકારનાં, દેશહિતનાં, સાર્વજનિક કલ્યાણનાં મોટાં મોટાં કામો કરવાને તે મનુષ્ય પ્રવૃત્ત થાય છે. મનુષ્યના મનમાં ટેક હોય તો તે ઉચ્ચ દરજ્જે પહોંચે છે. પરંતુ આપણી ભાવિ સંનતિમાં તેનો અભાવ હોવાનાં સર્વ લક્ષણો આજે દ્રગ્ગોચાર થાય છે. એ તેમનું અને તેના કરતાં પણ વિશેષ આપણા દેશનું દુર્ભાગ્ય છે, એમ કહ્યા વિના ચાલતું નથી.

૪૦–યશવંતરાવ અને બાબૂરાવ દાભાડે.

શાહુ મહારાજાએ ત્રિંબકરાવનું સેનાધિપતિપદ તેમના બંધુ યશવંતરાવને આપ્યું. યશવંતરાવ સેના ખાસખેલ હતા, તે પદ તેમણે નાના બંધુ બાબૂરાવને આપવા માંડયું, ત્યારે બાબુરાવ બોલ્યા "એ પદ મારે જોઈતું નથી. સેનાપતિ અને સેના ખાસખેલ એ ઉભય પદો જ્યેષ્ઠ બંધુ કને જ રહેવા દો. હું સ્વતઃ શમશેર વાપરી જ્યારે સરકારની સેવા કરીશ ત્યારે આપની ઇચ્છામાં આવે તો એકાદ પદ આપજો." આ વચનો સાંભળી મહારાજાને મોટું કૌતક લાગ્યું અને તેમની શમશેરબહાદુરી જોઈને તેમને એકાદ પદ આપવાનું અભિવચન દીધું. ત્યાર પછી મહારાજા સતારા ગયા.

બાબૂરાવનું પરાક્રમ—શાહુ મહારાજાએ સુરતમાં મોતી અને બનાત ખરીદવાને માટે પોતાનાં માણસો મોકલ્યાં. તેમને માર્ગમાં કોઈ હરકત કરે નહિ એટલા માટે તેમણે તેમને પોતાના મહેતખાના પરવાના આપ્યા હતા. ખરીદી કરવાને માટે માણસો ગયા અને તેમણે ખરીદી કરી. હવે જ્યારે સતારા તરફ તેઓ પાછા ફરવા લાગ્યા ત્યારે જકાતવાળાએ તેમને અટકાવ્યા અને "જે જકાત નહિ આપે તેને અમે જવા દેતા નથી" એમ જણાવ્યું. આથી તેમણે શાહુ રાજાના શિક્કા સાથેના પરવાના તેને બતાવ્યા. જકાતવાળાએ આ સર્વ માણસોને સુરતના નવાબ કને મોકલી દીધા. નવાબે આ પરવાનાને ગણકાર્યા નહિ અને તેમને દમ ભરાવીને સ્પષ્ટ જણાવી દીધું કે "તમે જકાત નહિ આપશો તો તમને જવા દઇશું નહિ. તમારા પરવાના તમે તમારા મહારાજા કને લઈ જાઓ" ખરીદી કરવા ગયેલા માણસો પૈકી બે જણે સતારે જઇને આ વર્તમાન શાહુ મહારાજાને ભરદરબારમાં વિદિત કર્યા. આ વર્તમાન સાંભળી મહારાજાને અત્યંત ક્રોધ ચઢયો અને તેઓ આરક્ત નેત્ર કરી આમતેમ પોતાના સરદારો

તરફ જોવા લાગ્યા. આ વખતે બાબુરાવ દાભાડે પણ ત્યાંજ હતા. તેમણે ઉભા થઈ શાહુ મહારાજાને વિનંતિ કરી કે "નવાબને શાસન કરવાનું કામ આ સેવકને સોંપવાની કૃપા થવી જોઈએ. સરકારની મહેરબાનીથી હું ફતેહ મેળવીને આવીશ." મહારાજા બોલ્યા "તમારી વય નાની છે, અને વળી તમારી ફોજ વિદ્રોહી થયેલી છે. માટે તમારા હાથથી આ કાર્ય થઇ શકવાનું નથી." બાબુરાવે પ્રત્યુત્તર વાળ્યો "સ્વામીની કૃપા હશે તો કાંઈ વિઘ્ન નડનાર નથી. હું જઇને નવાબનું પારિપત્ય કરૂં છું. એ માટે જરા પણ સંદેહ ધરશો નહિ." આ પ્રમાણે બોલી બાબુરાવ દાભાડે પોતાની પ્રાયઃ ત્રણસેં સ્વારોની ટુકડી લઈને સુરત તરફ જવાને નીકળ્યા. સુરતથી બે ત્રણ માઇલના અંતરપર તેમણે છાવણી નાંખી. પછી તેમણે નવાબના નિશાન જેવાં નિશાન પોતાના માણસોને આપ્યાં. કાર્તિક સ્નાન કરવાને લોકો જતા હતા તેથી સુરતના કિલ્લાના દરવાજા ત્રણ ઘટિકા રાત્રિ હતી ત્યારના ઉઘડયા. દરવાજા ઉઘડતાંની સાથેજ બાબુરાવ પોતાના સેનાનીઓની સાથે કિલ્લામાં પ્રવેશ્યા. પહેલી ચોકી પરના પહેરેગીરે જ્યારે તેમને "કોન હો?" એમ પૂછ્યું ત્યારે તેમણે નવાબના માણસો તરિકે પોતાનો પરિચય આપ્યો અને આગળ ગયા. પરંતુ છેલ્લી ચોકીનો પહેરેગીર તેમને જવા દેતો નહોતો ત્યારે તેમણે શમશેર ઉછાળવા માંડી. કિલ્લાના સર્વ ખુણાખોચરા જાણનારા માણસો પણ સાથે હતાજ તેથી બાબુરાવને કાંઈ ઝાઝી અડચણ પડી નહિ. મળસ્કાનો વખત હતો તેથી નવાબ મશીદમાં નમાજ પડવા ગયો હતો. બાબુરાવ ઠેઠ મશીદમાં પહોંચ્યા અને નવાબના હાથ પકડીને તેને આચકા મારવા લાગ્યા. હવે નવાબ ગભરાયો. તે ખુદાની બંદગીમાં લીન થયો હતો, એવામાં સહસા દુશ્મનોએ આવીને તેને પકડી લીધો. તેના ભયનો પાર રહ્યો નહિ. જ્યારે તેણે બાબુરાવને પ્રશ્ન કર્યો કે "તમે કોણ છો?

અને શા માટે આવ્યા છો?" ત્યારે તેમણે રોકડો જવાબ આપ્યો કે "જે છત્રપતિ સરકારના પરવાના તમે ગણકાર્યા નહોતા, તેના અમે નોકર છીએ. તમને પકડીને સતારા લઇ જવાને માટે અમે આવ્યા છીએ." આ પ્રમાણે બોલચાલ થાય છે એટલામાં બાબુરાવને ખબર મળી કે નવાબના બે પુત્રો પોતાના પિતાને મુક્ત કરવાને માટે માણસો એકત્રિત કરે છે; આ વર્તમાન સાંભળતાંજ બાબુરાવે શમશેર ખેંચી નવાબની છાતીપર ધરી અને તેને જણાવ્યું કે તમારા બન્ને પુત્રો અમારા પર આક્રમણ કરે છે. તેમની પાસે "એમનાપર હલ્લો કરીશું નાહ" એવી પ્રતિજ્ઞા લેવરાવો, નહિ તો તમને અહીંયાંજ ઠાર કરીએ છીએ." આ વચનો સાંભળી નવાબ ગભરાયો અને તેણે તરતજ હલકારો મોકલી પોતાના પુત્રોને જણાવ્યું કે; "જો મારો જીવતો જોવાની ઇચ્છા હોય તો આ લોકોપર આક્રમણ કરશો નહિ, જો એનાપર ચઢી આવશો તો મારો પ્રાણ જશે. આવશો નહિ. તમને મારા જીવના કસમ છે." આ વાત જાણી નવાબજાદાઓ લાચાર થયા. બાબુરાવ દાભાડેએ એક સંકટનું આ રીતે નિવારણ કર્યું અને પછી નવાબને પુનઃ જણાવ્યું "તમારા અલ્લાને યાદ કરી અને કુરાન ઉપર હાથ મુકી પ્રતિજ્ઞા કરો કે તમને સુખરૂપે બહાર કાઢી તમારા મુલકમાં પાછા જવા દઇશ.' જો આ પ્રમાણે પ્રતિજ્ઞા નહિ લેશો તો આ ખેંચેલી શમશેર તમારા હૃદયમાં હમણાંજ ઘોંચી દઇશ." બિચારો નવાબ શું કરે? તેના અંગમાં શૌર્ય જરા પણ નહોતું. અને પ્રસંગ અણીનો હતો. તેથી તેણે બાબુરાવનું કહેવું સ્વીકાર્યું. સુરત અને આસપાસના કિલ્લાની સનંદો, મોતી, બનાત વગેરે લઇ જવાની પરવાનગી, ઇત્યાદિ સર્વ દાભાડેના કહેવા પ્રમાણે નવાબે લખી આપ્યું. તે સનંદો વગેરે લઇ દાભાડે સતારા આવ્યા. તેમનું શૌર્ય, સાહસ અને તેમની હિમ્મત જોઇને મહારાજાનો આનંદ તો ગગનમાં

પણ સમાતો નહોતો ? બાબૂરાવના બંધુ યશવંતરાવ દાભાડેને મહારાજાએ સૈન્ય આપીને મદદ કરવાને મોકલ્યા હતા, પરંતુ બાબૂરાવને સહાયની અગત્ય નહોતી, અને તેમણે તેની માર્ગ પ્રતીક્ષા પણ કરી નહોતી. આ વિલક્ષણ સાહસ અને શૌર્યને માટે મહારાજાએ બાબૂરાવના પગમાં સુવર્ણનો ટોડો પહેરાવ્યો. પ્રત્યક્ષ સાર્વભૌમ રાજા શિવાય સુવર્ણનો ટોડો પહેરવાનો ઇતરને અધિકાર નહોતો, પરંતુ તે અધિકાર સ્વયં શાહુ મહારાજાએ દાભાડેને આપ્યો. એક હળતુગીઆના કુળમાં આવાં નરરત્નો પ્રકાશવા લાગ્યાં, એ તે કુળનું વિલક્ષણ પુણ્યજ સમજવું. નાગપુરના ભોંસલે કુટુંબમાં એક સ્ત્રીને પગમાં સુવર્ણનો ટોડો પહેરવાની ઇચ્છા થઇ હતી. એને ઘેર તો રાજ્ય હતું, તે છતાં પણ તે ટોડો પહેરી શકતી નહોતી; અંતે પેશ્વા મધ્યસ્થ થયા અને તેમણે કેવળ પુતળારૂપ સતારાના છત્રપતિ પાસેથી પરવાનગી મેળવી આપી ત્યારે તે બાઈ પગમાં સુવર્ણનો ટોડો પહેરી શકી હતી. તે સમયમાં સુવર્ણના ટોડાનું ગૌરવ એટલું બધું હતું, અને તે માન બાબૂરાવ દાભાડેએ સંપાદન કર્યું, ત્યારે તેનું પાણી કાંઇ અદ્દભુતજ હોવું જોઇએ એમાં શંકા નથી. સાંપ્રતમાં પૂર્વકાળનાં આવાં માનપાનનો કાંઈ મોભો રહ્યો નથી. કારણ સ્પષ્ટજ છે. છત્રપતિ એટલે સાર્વભૌમ રાજા; સાંપ્રતમાં અંગ્રેજી સામ્રાજ્યમાં આઠ આનાનો રોજ મેળવનાર મજૂર સુદ્ધાં આલપાકાની નહિ તો ગીણાટેલાં કપડાંની 'છત્રી' નો 'પતિ' અર્થાત્ 'છત્રપતિ' થાય છે, તો પછી છત્રપતિનું મહત્વ શું હોય ? પહેરેગીર, ચોબદાર, મશાલ, પાલખી વગેરેનું માન પૂર્વે રાજા તરફથી મળતું તોજ કોઇ પણ માણસથી તેનો ઉપભોગ થઇ શકતો હતો, પરંતુ હવે તે માન રાજા તરફથી મેળવવાની કાંઇ જરૂર રહી નથી. આજે તો ભંગી સુદ્ધાં ધોળે દહાડે મશાલ લઇને ચાહે ત્યાં ફરે તો તેને અટકાવવાની કોઇની હિમ્મત ચાલતી નથી—આજે અંગ્રેજી રાજ્યનો

કરપ એટલો બધો છે. અને આવા કાળમાં સુવર્ણનો ટોડો પગમાં પહેર્યો તો તેમાં આશ્ચર્ય પણ શું અને બહુ માન પણ શું ? એમ કોઈ પણ માણસને લાગવું સાહજિક છે. પરંતુ તે કાળની સ્થિતિ, ગતિ અને લોકરીતિ તથા સામાજિક શિણગાર જોતાં સુવર્ણનો ટોડો પગમાં પહેરવો એ મોટું માન લેખાતું હતું. અને તે માન બાબુરાવ દાભાડેએ મેળવ્યું હતું. છત્રપતિ મહારાજ દાભાડેના પગમાં સુવર્ણનો ટોડો પહેરાવીનેજ બેસી રહ્યા નહિ; પરંતુ તેઓ પાંચ લાખ રૂપિયાની જાગીરી આપવા લાગ્યા. તથાપિ બાબુરાવે વિનતિ કરી કે "જ્યેષ્ઠ બંધુ છે તેમના નામની જાગીરી કરી આપવાની કૃપા કરવી. એઓ આજે તીર્થરૂપને સ્થાને છે. માટે એ માન એમનું જ છે અને એમના આશીર્વાદથી જ ફત્તેહ થઇ છે. તેમ છતાં મને કાંઇ આપવાની આપની ઇચ્છા હોય તો 'નવ લાખ ઉંબરે'ની જકાત, મહેસુલ મને ઇનામમાં આપવાની કૃપા કરવી." ઉંબરે ગાંવ તળેગાંવથી ૯ માઇલના અંતર પર છે. તેની ઉપજ એક વખત નવ લાખ રૂપિઆની થઇ હતી તેથી તે નવ લાખ ઉંબરે કહેવાય છે. આ ઇનામ ઘણા આનંદપૂર્વક મહારાજાએ દાભાડેને આપ્યું. તદુપરાંત જરીનું છત્ર બાબુરાવને આપ્યું અને ફોજના ખર્ચને માટે ખાનદેશ, બાગલાણ, તથા કર્ણાટકની મહેસુલ બાબુરાવને આપી. મહારાજાએ બાબુરાવને આટલું પારિતોષિક આપ્યું. તે સમયની બક્ષીસ અને સાંપ્રતના કાગળના ટુકડા એ ઉભય વચ્ચેનું અંતર પુનઃ પુનઃ મનમાં આણ્યા શિવાય રહી શકાતું નથી.

બાબુરાવ દાભાડેએ આ કાર્ય બજાવ્યું નહિ બજાવ્યું એટલામાં બીજે વર્ષે અમદાવાદમાં કોઈ રાજ ખટપટ જાગી. જોરાવરખાં બાબી નામનો દીલ્લીપતિનો નોકર ગુજરાતની રાજધાની અમદાવાદમાં રહેતો હતો. તેણે આસપાસનાં મરાઠાઓનાં થાણાં ઉઠાડી મુકવાનો ભારે પ્રયત્ન કર્યો હતો. મરાઠાઓની મહેસુલ તે સ્વયં હજમ કરી જતો

હતો. આ વર્તમાન શાહૂ મહારાજાના સાંભળવામાં આવ્યા, ત્યારે તેમને જોરાવરખાંને શાસન કરવાને માટે કોઇને પણ મોકલવાની જરૂર પડી. દાભાડે બંધુઓ યુદ્ધકળામાં નિપુણ હોવાથી તેમનેજ ગુજરાતમાં મોકલવાને પસંદ કરવામાં આવ્યા. સરકારની આજ્ઞા થતાંજ દાભાડે બંધુઓ મોટા આનંદથી અમદાવાદ તરફ જવાની તૈયારી કરવા લાગ્યા. તે વખતે આપણા લોકો શત્રુની સાથે યુદ્ધ કરવું એને તો એક પ્રકારનો આનંદ જ માનતા હતા. પૂર્વે આપણા લોકો પ્રાણની તો દરકાર રાખતા જ નહોતા. ધર્મ પર દ્રઢ વિશ્વાસ, ઇશ્વર પર સંપૂર્ણ ભરોસો, એકનિષ્ઠ સ્વામિભક્તિ, વડીલોની કીર્તિ અને તેમનાં પરાક્રમ વગેરેનું અભિમાન આ ગુણો અંગમાં આવ્યા એટલે પ્રત્યક્ષ કાળના મસ્તકપર પણ પગ મૂકીને ચાલ્યા જવામાં અત્યાનંદ પ્રાપ્ત થાય છે. ડાહ્યો માત્ર હુંજ છું, હુંજ સર્વ કરૂં છું, ઇશ્વિર છે કે નહિ તે શું સમજાય? ધર્મ એ માત્ર ગપાટા છે, 'मनःपूतं समाचरेत्' એવી સ્વતંત્રતા, વડીલો મૂર્ખ, જંગલી અને કર્તવ્યશૂન્ય હતા, અને દુનિયાનું ગમે તે થાય તોપણ 'सुखं च मे शयनं च मे' એને પોતાનું પ્રધાનસૂત્ર ગણવું; આવા ગુણો જે વ્યક્તિમાં હોય તે યુદ્ધનું નામ સાંભળતાંજ શય્યાવશ થાય અને થર થર કંપે એમાં શું આશ્ચર્ય? આ સૌ કાળમાહાત્મ્ય છે. શુકલપક્ષની સમાપ્તિ થતાં કૃષ્ણપક્ષનું આગમન સર્વથા સાહજિક જ છે.

બાબૂરાવ અને યશવંતરાવ અલ્પવયસ્ક તથા કાયર સિપાઇ બચ્ચા નહોતા તે છતાં પણ શાહૂ મહારાજાએ તેમની માતુશ્રી ઉમાબાઇ પર એવો પત્ર મોકલ્યો કે "તેમને એકલા ન જવા દેતાં આપે સ્વયં તેમની સાથે જવું અને બાબીનું પારિપત્ય કરી અમદાવાદનાં થાણાં સ્થાપિત કરવાં." અહો! આ વખતે મહારાષ્ટ્રમાં સ્ત્રીઓ પણ સમર ભૂમિમાં જઇ શત્રુઓની સાથે યુદ્ધ કરવાનું સામર્થ્ય ધરાવતી

હતી ! ખંડેરાવ દાભાડેની વિધવા ઉમાબાઇને શાહૂ મહારાજાએ ગુજરાતમાં શત્રુને પાદાક્રાંત કરી સુવ્યવસ્થા સ્થાપિત કરવાને માટે મોકલી હતી એ વાત કાંઇ સાધારણ નથી. શું એ ઘટના ગૌરવશાળી અને આશ્ચર્યકારક નહોતી ? શ્રીમંત શાહૂ રાજાની આજ્ઞાનુસાર ઉમાબાઇ દાભાડે સ્વતનુજોની સાથે ગુજરાતમાં જવાને નીકળ્યાં. સૈન્ય છેક અમદાવાદની નિકટ જઇ પહોંચ્યું ત્યારે જોરાવરખાં બાબીને એ ઘટનાની ખબર થઈ. તે ખાલી શેખીખોર હતો. તેણે ઉમાબાઇ પર પત્ર લખ્યો કે; " તું જાતે સ્ત્રી છે. માટે તારા નાના બાળકોને લઇને સૈન્ય સહિત પાછી ચાલી જા. નહિ તો અમે મુસલમાન બચ્ચા છીએ–" ઉમાબાઇ સ્ત્રી તો ખરી; પરંતુ તે વીરપત્ની અને વીરમાતા હતી. તેથી તેને આ દુર્ભાષણયુક્ત પત્ર શી રીતે પસંદ પડે ? તે મનમાં બોલી "હું સ્ત્રી તો છુંજ, પરંતુ તને પોસ પોસ આંસુએ રોવરાવું ત્યારે ખરી. શત્રુ કોઇ પણ પ્રકારનું નીચ કાર્ય કરતાં પણ પાછો હઠવાનો નથી. માટે સાવચેત રહીને લડવું જોઈએ." આવો વિચાર કરી તેણે પોતાના સર્વ માણસોને બોલાવ્યા અને તેમને ઉદ્દેશીને કહ્યું: " શ્રીમંત સરકારની આજ્ઞા અમદાવાદ સર કરવાની થઇ છે. શ્રીમંતના પુણ્ય પ્રતાપથી આપણી પાસે કોઈ વસ્તુની ન્યૂનતા નથી. પરંતુ આપણો શત્રુ બળવાન છે. તેણે આપણું અપમાન કરીને આપણને ધમકી આપી છે. માટે આપણે જો એને શાસન ન કરીએ તો લાજ કોને લાગશે? આજ પર્યંત તમે અમારૂં અન્ન ખાધું છે. તે સાર્થક કરવાનો પ્રસંગ આજે પ્રાપ્ત થયો છે. જો તમારો એવો નિશ્ચય હોય કેઃ " મરીશું, પણ માર્યા વિના રહીશું નહિ." તોજ મારી સાથે યુદ્ધમાં મરવાને ઉતરશો. અમદાવાદનો કિલ્લો જ્યારે હું સર કરીશ ત્યારેજ ત્યાં અન્નપ્રાશન કરીશ. ત્યાં સુધી મુખમાં અન્નનો દાણો મૂકીશ નહિ. જેઓ

મરવાને તૈયાર ન હોય તેમણે અહીંઆં આ બંગડીઓ મૂકેલી છે તે હાથમાં પહેરી, આ કંકાવટીમાંથી કુમ્‌કુમ્‌ લઈ પોતાને કપાળે લગાડી પોતાના કુટુંબમાં જઈ આનંદથી રહેવું." ઉમાબાઈનું આ મર્દાની અને શૌર્યપૂર્ણ ભાષણ સાંભળી સર્વ માણસો શૌર્યોન્મત્ત બન્યા. તેમના બાહુ શમશેર ચલાવવાને માટે તલપી રહ્યા, "ક્યાં છે જોરાવરખાં બાબી ? હમણાં તેની ગરદન ઉરાડી દઈએ છીએ." એમ સર્વ જણ મનમાં બોલવા લાગ્યા. પછી સર્વ જણે ઉમાબાઈને પ્રત્યુત્તર આપ્યોઃ "અમે આજ સુધી આપનું નિમક ખાધું છે, માટે કત્લ થઈ જઈશું, પરંતુ પાછા ફરીશું નહિ." હવે દાભાડેનું સૈન્ય અમદાવાદ શહેર પર તૂટી પડયું. ઉમાબાઈ હાથી પર બેઠાં હતાં. તેમણે હાથમાં પિસ્તોલ, કટાર અને તરવાર પકડેલી હતી. અંબાડીની ચારે તરફ પડદા નાંખી દીધા હતા. ઉમાબાઈના હાથીની જમણી બાજુએ યશવંતરાવનો અને ડાબી બાજુએ બાબુરાવનો હાથી ચાલતો હતો. સામે જોરાવરખાં બાબીનું સૈન્ય આવીને ઉભું રહ્યું. ઉભય સૈન્યો સામસામે આવતાંજ દારુણ યુદ્ધ થવા લાગ્યું. દાભાડેના સૈન્યના ઉત્સાહ અને આવેશનો પાર નહોતો. તેના સૈનિકોને 'મરીએ કે મારીએ' એ શિવાય બીજો વિચાર જ આવતો નહોતો. જ્યારે મનુષ્યનો આવો નિશ્ચય થઈ જાય ત્યારે ઈશ્વર પણ તેને કેમ વિસરી જાય વારુ? ઘડી બે ઘડી યુદ્ધ ચાલ્યું ન ચાલ્યું એટલામાં જોરાવરખાંના સૈન્યની ધીરજ ખુટી ગઈ. હવે અહીંઆં આપણું કાંઈ વળવાનું નથી એમ ધારી જોરાવરખાંએ પાછાં પગલાં ભરવા માંડયાં. પરાક્રમી શૂરા અને નામાંકિત મુસલમાન યોદ્ધાઓને લાગ્યું કે આપણે શહેરમાં પ્રવેશીને યુદ્ધ કરીશું તો આપણને વિજય મળશે. આથી તેઓ શહેરના દરવાજામાં દાખલ થઈ ગયા અને અંદરથી દાભાડેની સામે લડવા લાગ્યા. જોરાવરખાંને પાછા

હઠેલો જોઈ મરાઠાઓનો ઉત્સાહ દ્વિગુણ વૃદ્ધિંગત થયો. ' હવે તો જોરાવરખાંનો સંપૂર્ણ નિપાત કરીશું ત્યારેજ જંપીશું ' એવો સર્વે જણે નિશ્ચય કર્યો. તેઓ આગળ ધસ્યા આવતા હતા, પરંતુ શહેરના દરવાજા તો બંધ જણાયા. શહેરની નિકટજ રણભૂમિ હતી અને ત્યાં જોરાવરખાંના મૃત યોદ્ધાઓ પડેલા હતા. તેમનાં પ્રેતને આણીને તેમણે દરવાજા આગળ ખડકયાં અને તેના ઉપર કેટલાક માણસોએ ચઢી અંદરના ભાગમાં ઉતરી દરવાજા ખોલી નાંખ્યા. આ પ્રકારે દાભાડેનું સૈન્ય શહેરમાં પ્રવેશ્યું. થોડી વારમાં તેણે જોરાવરખાંને જીવ લઇને નાસવાનો વખત આણી મૂકયો. " દાભાડે હવે આપણને જીવંત છોડનાર નથી એવી સંપૂર્ણ ખાત્રી થવાથી તેણે જ્યાં જવાય ત્યાં નાશી છૂટવાનો નિશ્ચય કર્યો. જ્યારે સ્વામીની આ દશા થઈ ત્યારે સેવકો વિષે તો પૂછવુંજ શું ? તેમણે પણ પોતાના સ્વામીનુંજ અનુકરણ કર્યું. આ પ્રકારે શત્રુઓ છિન્નભિન્ન થતાં ઉમાબાઈના આનંદનો પાર રહ્યો નહિ. તે જાતની સ્ત્રી હતી તોપણ તેણે અંતે પોતાની ઘોર પ્રતિજ્ઞાનું પાલન કર્યું. અમદાવાદ શહેરમાંજ તેણે ભોજન કર્યું. અત્યાર સુધી તે બિચારી ઉપવાસીજ રહી હતી. ત્યાર પછી તેમણે જોરાવરખાંએ હસ્તગત કરેલાં થાણાંઓ કબ્જ કર્યાં અને ત્યાં શાહુ મહારાજાના ઝુંડા ફરકાવ્યા. આ રીતે વિજય પ્રાપ્ત કરી ઉમાબાઇએ ત્યાં બંદોબસ્ત રાખવાને માટે ગાયકડવાડની નિમણુંક કરી અને પોતાના ઉભય ચિરંજીવીઓને લઇને તેઓ સતારે ગયાં. શ્રીમંત શાહુ મહારાજાને આ વર્તમાન અગાઉથી હલકારા મારફતે પહોંચી ગયા હતા. ઉમાબાઈના આ પરાક્રમની વાત સાંભળી તેઓ સાનંદાશ્ચર્ય પામ્યા. જ્યારે ઉમાબાઈ સતારાના દરવાજા આગળ પહોચ્યાં ત્યારે સ્વયં શ્રીમંત શાહૂ મહારાજા તેમનું સ્વાગત કરવા સામા ગયા અને તેમને તથા તેમના પુત્રોને બહુ માન પુરઃસર દરબારમાં આણી તેમની પુષ્કળ પ્રશંસા કરી. મંત્રીઓને અને મહા-

રાજાને આ મોટો વિચાર થઈ પડયો કે ઉમાબાઇએ જાતે સ્ત્રી હોવા છતાં આવડું મોટું પરાક્રમ કર્યું ત્યારે હવે એને પારિતોષિક તે શું આપવું ? પુષ્કળ વિચાર કરી તેમણે ઉમાબાઈના પગને સુવર્ણના ટોડાથી અલંકૃત કર્યો. તદુપરાંત હાથી, ઘોડા, વસ્ત્રાભૂષણો વગેરે અનેક વસ્તુઓ આપી તે છતાં પણ શાહૂ મહારાજાનું મન તો અતૃપ્તજ રહ્યું. ત્યાર પછી મહારાજાએ દાભાડેને પોતાના ગામમાં ચાર માસ પર્યંત વિશ્રાંતિ લેવાની આજ્ઞા કરી. આ આજ્ઞાનુસાર તેઓ તળેગાંવમાં જઈ વિશ્રાન્તિ લેવા લાગ્યાં.

બાબૂરાવનું મૃત્યુ—વર્ષાઋતુના ચતુર્માસ પૂર્ણ થતાંજ મહારાજાએ બાબુરાવને ખાનદેશમાં બંદોબસ્ત કરવાને માટે રવાના કર્યા. તે દેશમાં તેમની શમશેરનો યશ ગાવાનું ઇતિહાસવેત્તાના ભાગ્યમાં નહિ, ત્યાં શું ઉપાય! ખાનદેશમાં દાભાડેએ પગ મૂકયો ન મૂકયો એટલામાં કોઈ દુષ્ટે તેમને વિષપ્રયોગ કર્યો. આથી બાબૂરાવનું ચરિત્ર અહીંઆંજ સમાપ્ત કરવાની અમને દુઃખ ભરેલી ફરજ પડે છે. આ પુત્રશોકના બીજા ધક્કાથી ઉમાબાઇને દુઃખની પરાકાષ્ઠા થઇ. તે વીરમાતા તો ખરી, પરંતુ પુત્રના મૃત્યુનો શોક—અને તે પણ ઘેર બેઠાં બેઠાં વિષપ્રયોગથી થયેલા મૃત્યુનો શોક તે શી રીતે નિવારી શકે ? વૃદ્ધાવસ્થામાં પુત્રના મૃત્યુનો શોક ખરેખરાં દુર્ભાગી માણસનેજ સહન કરવો પડે છે. કારણ કે આ વખતે તે શોક સહન કરવાની તેનામાં શક્તિ પણ હોતી નથી. અસ્તુ. આવી પડે તે આપત્તિ સહન કરવી એજ મર્ત્ય લોકના માનવીઓના ભાગ્યમાં હોય છે. તેમાં કોઇનો ઇલાજ નથી. જેમ ઉમાબાઇને પુત્રશોકનો ધક્કો લાગ્યો તેવીજ રીતે યશવંતરાવને બંધુશોકનો ધક્કો લાગ્યો. તેને પણ આ પ્રહાર અસહ્ય થઈ પડયો. બાબૂરાવની બંધુપ્રીતિ પણ કાંઈ સામાન્ય કોટિની નહોતી, એ પૂર્વે જણાવેલી એક બે ઘટના ઉપરથી સુજ્ઞ

પાઠકોને સુવિદિતજ છે. પુત્રશોકથી ઉમાબાઈની પ્રકૃતિ બગડી અને યશવંતરાવની ધીરજ ખૂટી ગઈ. યશવંતરાવ ગમે તેવો પણ પુરુષ હતો અને તેની વય પણ કાંઇ વધારે નહોતી. પરંતુ ઉમાબાઇની સ્થિતિ તેવી નહોતી, ગમે તે થાઓ, પરંતુ ઈશ્વરેચ્છા આગળ મનુષ્યનું કાંઈ ચાલે છે? અને કાળને કાંઇ આગળ પાછળનો કિંવા બાલવૃદ્ધનો વિચાર હોય છે? માટે જે થાય તે વિહિતજ થાય છે, એવું સમાધાન માનવું, એ શિવાય આપણા મર્ત્યોના હાથમાં બીજું કાંઈ નથી.

યશવંતરાવને એક પુત્ર હતો. તેનું નામ પણ ત્રિંબકરાવજ હતું. શાહુ મહારાજાએ આ ત્રિંબકરાવને બાબુરાવની સેના ખાસખેલની પદ્દી આપી.

યશવંતરાવનો અંત—'જો દાભાડે સતારા હજુરમાં રહેશે તો નવાં નવાં કારસ્થાનો કરશે' એવી ભીતિ પેશ્વાને લાગતી હતી. તેથી કર્ણાટકમાં યુદ્ધ કરવાને નાના સાહેબ સૈન્ય લઇને નીકળ્યા ત્યારે તેમણે પોતાની સાથે દાભાડેને પણ લઇ લીધા. દાભાડેને પણ પોતાની શમશેરનો ઝપાટો શત્રુને બતાવવાની ઈચ્છા હતી. તેથી તેઓ આનંદપૂર્વક તેમની સાથે ગયા. પરંતુ ઈશ્વરી સંકેત કાંઈ નિરાળોજ હતો. કૃષ્ણા નદી આગળ પહોંચ્યા નહિ પહોંચ્યા એટલામાં દાભાડેના શરીરમાં નબળાઈ વધી પડી. બહુ બહુ ઔષધોપચાર કર્યા, પરંતુ તેથી તેમને કાંઇ ફાયદો થયો નહિ. તેના પરિણામે યશવંતરાવ દાભાડેનો અંત આવ્યો.

૪૧–ઉમદે તુલ્મુલુખ વિઠ્ઠલ શિવદેવ વિંચુરકર.

સાસવડમાં દાણીપણાના વતનનો ઉપભોગ કરનાર શિવદેવ પંત નામક એક રંક ઋગ્વેદી દેશસ્થ બ્રાહ્મણ રહેતો હતો. તેને ઘેર વિઠ્ઠલરાવનો જન્મ થયો હતો. એને બે જ્યેષ્ઠ બંધુઓ હતા. વિઠ્ઠલરાવ સર્વથી નાના હતા. એ ઉભય જ્યેષ્ઠ બંધુઓ કર્તા કારવતા થયા એટલે તેમણે

શનૈઃ શનૈઃ સંસારભાર પોતાને શિર લીધો. અને જે પુત્ર સંસારનો ભાર પોતાને માથે લે તેનાપર પિતાની કૃપા થાય, એ ન્યાયે શિવદેવ પંતની પ્રીતિ પોતાના એ બન્ને છોકરાપર વિશેષ હતી. તે બેના ઉપર પિતાની જેટલી પ્રીતિ હતી તેની અર્ધી કિંવા બિલકુલજ વિઠ્ઠલરાવ પર નહોતી. ઘરમાં સાક્ષાત્ રંકતાનો વાસ હોવાથી વિઠ્ઠલરાવ સર્વને મંદ બુદ્ધિનો લાગવા માંડયો. તેનું લગ્ન કરવાનું હતું, પરંતુ તે કરવાની સુદ્ધાં પંચાતી પડવા લાગી. કારણકે વિઠ્ઠલરાવ આયતા માલપર હાથ મારનારા અને એદી હતા. તેને ન કામ ને ન ધંધો. તેનો પિતા, તેના જ્યેષ્ઠ બંધુઓ વગેરે ઘરનાં માણસો તેને વારંવાર કહેવા લાગ્યાં કે; "હવે તુ મોટો થયો છે. અમે તે કેટલા દિવસ તારૂં પોષણ કરીએ?"–"હવે તુ તારા પેટની સગવડ કરી લે" એટલે સુધી બોલવાનો વારો આવી લાગ્યો. એક દિવસ વિઠ્ઠલરાવ જમવા બેઠો હતો તે વખતે તેનો પિતા તેને ઠપકો આપવા લાગ્યો. "તુ મુઓ હોત તો સારૂં. તેં જન્મીને ધરણીપર ભાર વધાર્યો છે, બીજું તેં કાંઈ કર્યું નથી. ખાવાને માટે તુ હમ્મેશાં તૈયાર રહે છે, પણ કમાવાને દરકાર નથી" આવા આવા ઉદ્‌ગાર તેના પિતાએ ક્રોધના આવેશમાં કાઢયા. આથી વિઠ્ઠલરાવના મસ્તિષ્કમાં એકદમ પ્રકાશ પડયો. તેના કેટલાક અમૂલ્ય અને અસાધારણ ગુણો દબાઇ રહેલા હતા તે એકદમ જાગૃત થયા. મસ્તકપર પ્રહાર કરતાં જ જેમ સર્પ ક્ષણમાત્રમાં સર્વને દૂર નસાડે છે, તેવો પ્રકાર વિઠ્ઠલરાવના સંબંધમાં બન્યો. બાન ઉગ્ર લોહબાણ કરતાં પણ તીક્ષ્ણ એવાં વાગ્બાણ વિઠ્ઠલરાવથી સહન થઇ શકયાં નહિ. પિરસેલું અન્ન તેને ભાવ્યું નહિ, અને તે ખાધું ન ખાધું કરી હાથ ધોઇને ઉઠયો. પછી તેણે ગદ્‌ગદિત કંઠે માત પિતાને પ્રાર્થના કરી; "હું પેટને માટે ઉદ્યોગ કરવાને પરદેશ જાઉં છું. માટે આજ્ઞા આપો" આ કાંઇ માતપિતાથી સહન થઇ શકે? 'મારાથી ક્રોધના આવેશમાં જેમ

ફાવે તેમ બોલી જવાયું તેનું આ પરિણામ આવ્યું' એવો વિચાર આવતાં શિવદેવને ઘણો સંતાપ થયો. તેઓ બોલ્યા "બાઇ! હું હવે તારાપર ક્રોધ કરીશ નહિ. તું ઉદ્યોગ નહિ કરશે તોપણ ચાલશે. તું ક્યાં જાય છે?" આ પ્રમાણે બોલી તેની પીઠપર હાથ ફેરવી પિતાએ તેને ઘણો સમજાવ્યો. પરંતુ તેનું કાંઇ ફળ થયું નહિ. સંતાપથી ઉત્તેજિત થએલી વિઠ્ઠલરાવની મનોવૃત્તિ પાછી દબાઇ નહિ. તે બોલ્યો; "માજી, પિતાજી! હવે વ્યર્થ આગ્રહ કરશો નહિ. હું હવે તમારૂં અન્ન ખાઇશ નહિ. જો મારામાં હિમ્મત હશે તો જાતે પેદા કરીને ખાઇશ. નહિ તો મરણ શું ખોટું છે?" આવા ઉદ્‌ગાર કાઢી અંતે વિઠ્ઠલરાવ ઘર બહાર નીકળ્યા. કર્મ ધર્મ સંયોગે શાહુ મહારાજ છત્રપતિના બક્ષીની સાથે વિઠ્ઠલરાવને મેળાપ થયો. બક્ષીએ વિઠ્ઠલરાવને એક પાયગા ઉપર દેખરેખ રાખવાનું કામ સોંપ્યું. પાયગાની દેખરેખ રાખતાં રાખતાં એક દિવસ વિઠ્ઠલરાવને શાહૂ મહારાજની સાથે શિકારે જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. તેમની સાથે અનેક સરદારો, માનકરીઓ ઇત્યાદિ હતા. છત્રપતિ એક જંગલી ભુંડની પાછળ પડયા. કેમે કર્યો ભુંડ હાથ આવે નહિ. હાથમાં આવેલો શિકાર જાય છે એવી સર્વને ભીતિ લાગી. એટલામાં આ 'બ્રાહ્મણભાઇ'ની પાસે થઇને એ ભુંડ જવા લાગ્યો. છત્રપતિના હાથનો શિકાર એ કાંઇ તેને રૂચે? એકદમ તેણે ઘોડાપરથી નીચે ભુસકો માર્યો અને નાશી જતા ભુંડના બન્ને પાછલા પગ પોતાના ઉભય કરથી પકડી, તેને પોતાના બન્ને પગ નીચે જોરથી દબાવી, તેના બન્ને કાન પોતાના હાથવતી પકડી તેને ઉભો કર્યો. આ કેવું ભયંકર સાહસ હતું! એટલામાં શિકારની શોધ કરતા કરતા શાહૂ મહારાજ ત્યાં આવી પહોંચ્યા અને જુએ છે તો એક બ્રાહ્મણે ભુંડની ટંગડી પોતાના પગ નીચે દાબી છે અને કાન પકડીને તેને ઉભો કર્યો છે એ દેખાવ તેમને દ્રષ્ટિગોચર થયો. આ દેખાવ જોઈ તેઓ દંગ

થઈ ગયા અને તેમણે વિઠ્ઠલરાવને પ્રશ્ન કર્યો; "તમે કોણ છો અને ક્યાંના રહીશ છો?" વિઠ્ઠલરાવે તત્કાળ પોતાની હકિકત યથાસ્થિત મહારાજાને નિવેદન કરી. આ સમય સારો હતો. રાજાઓ ખરા ગુણગ્રાહક હતા અને આવાંજ પરાક્રમો તેમને પસંદ પડતાં હતાં એટલે પછી પૂછવુંજ શું? તરતજ મહારાજાએ વિઠ્ઠલરાવના ગુણની કદર કરી અને તેને પોતાની તહેનાતમાં લીધો. અહીંથી આ બ્રાહ્મણનો ભાગ્ય દિનકર ઉદિત થયો. જે માણસ માતપિતાને બોથડ જેવો લાગતો હતો તેણે કેવાં કેવાં કામો બજાવ્યાં અને લક્ષ્મીને કેવી રીતે પોતાની દાસી બનાવી મૂકી, તે આગળ સમજાશે.

શાહૂ મહારાજની દ્રષ્ટિ સન્મુખજ વિઠ્ઠલરાવ હતા અને રાજ્યપ્રપંચો, વિગ્રહો વગેરે સર્વ તેની નજર આગળજ થતું હતું. આથી તે વિષેનું તે સમયનું સર્વ જ્ઞાન વિઠ્ઠલરાવને અનાયાસ પ્રાપ્ત થયું. શાહૂ મહારાજની દિનપ્રતિદિન ખાત્રી થતી ગઈ કે વિઠ્ઠલરાવ શૂર અને હિમ્મતવાન પુરુષ છે. રાજાની કૃપા સંપાદન કરવા માટે વિઠ્ઠલરાવે પોતાની શક્તિ બતાવવામાં ન્યૂનતા કરી નહોતી. એવામાં જંજિરાના સિદીપર આક્રમણ કરવાને શાહૂ મહારાજાએ ચિમાજી આપા (બાજીરાવના કનિષ્ઠ બંધુ) ને મોકલ્યા. સિદી અત્યંત પ્રબળ થઈ

ઈ. સ. ૧૭૨૦.

ગયો હતો. તેથી તેને પાદાક્રાંત કરવાની અગત્ય ઉપસ્થિત થઈ હતી. તેનું રાજ્ય કોકણમાં સમુદ્રતટપર આવેલું હતું. તેનો પ્રદેશ ડુંગરાળ હતો. ચિમાજી આપાની સાથે વિઠ્ઠલ શિવદેવ પણ ગયા. તેને યુદ્ધનો પ્રસંગ આજે પ્રથમજ પ્રાપ્ત થયો હતો. ભયંકર અને પ્રબળ શત્રુની સામે યુદ્ધ કરવાનું હતું. પરંતુ તે બ્રાહ્મણનું ક્ષાત્રતેજ કાંઇ વિલક્ષણજ હતું. તેની શમશેરને સદા યશજ મળતો હતો. તેની હિમ્મત અડગ હતી. તે પૂર્ણ સ્વામિભક્ત હતા. 'સિદીનો ક્યારે મેળાપ થાય અને ક્યારે તેનું રક્ત પીઉં!' બસ એજ જપ વિઠ્ઠલરાવને

ચાલી રહ્યો હતો. સિદીની છાવણી આગળ ચિમાજી સામા ગયા કે તરતજ યુદ્ધનો પ્રારંભ થયો. વિઠ્ઠલરાવને આ પ્રથમજ યુદ્ધ કરવાનો પ્રસંગ મળ્યો હતો. પરંતુ તેનું શૌર્ય અસાધારણ હતું, તેની હિમ્મત સિંહના જેવી હતી અને તેને યુદ્ધ તો માત્ર બાલકના ખેલ સમાન લાગતું હતું. વળી તેનું ભાગ્ય પણ જોરાવર હતું. બન્ને સૈન્યો વચ્ચે દારુણ યુદ્ધ જામી રહ્યું છે, સૈનિકો શસ્ત્રાસ્ત્રનો ઉપયોગ કરી પોતાની કુશળતા પ્રદર્શિત કરી રહ્યા છે, એવામાં સહસા સિદીશાહ પોતાના સૈનિકોને ઉત્સાહ આપવાને માટે વિઠ્ઠલરાવ ઉભા હતા ત્યાં આગળથી અશ્વપર બેસીને જતો દ્રષ્ટિ ગોચર થયો. વિઠ્ઠલરાવે સિદીને જોયો કે તરતજ પોતાની શમશેર ઉગામી અને તેના મસ્તકપર તેનો પ્રહાર કર્યો. તરતજ સિદી જમીનપર તુટી પડયો. પછી તેના સૈન્યનો શો આશરો? સિદીની આ અવસ્થા જોઈ ચિમાજી આપા એકદમ શત્રુઓપર ધસવા લાગ્યા. સિદીનું સૈન્ય ધણી વગરનાં ઢોર જેવું આ સમયે બની ગયું હતું. તેથી તે પૂર્ણ પરાભાવ પામ્યું એ કહેવાની કાંઇ ખાસ જરૂર નથી. સિદી પતન પામતાંજ ચિમાજી આપાએ લૂંટ ચલાવી. યથેચ્છ લૂંટ મેળવીને તેઓ જ્યારે પોતાની છાવણીમાં પાછા ફર્યા ત્યારે તેમને જે અપૂર્વ આનંદ થયો હશે તેનું વર્ણન કયી લેખિની કરી શકે એમ છે? વિઠ્ઠલરાવને પહેલ વહેલોજ યુદ્ધપ્રસંગ હતો છતાં પણ તેને હાથેજ પ્રબળ શત્રુનું મૃત્યુ થયું એ કાંઇ તેનો જેવો તેવો ભાગ્યોદય કહેવાય? તેના આનંદનો પાર રહ્યો નહિ. ચિમાજી આપાએ સતારે પત્ર લખીને મહારાજને નિવેદન કર્યું કે આ યુદ્ધ વિઠ્ઠલરાવે જીત્યું છે. માટે એમને પારિતોષિક આપવાની કૃપા કરવી જોઇએ. આ પત્ર સતારા પહોંચતાંજ દરબારમાં વિઠ્ઠલરાવની વાહવાહ થવા લાગી. આપણા તે સમયના રાજા સુધરેલા નહોતા, તેથી કાગળના કુકડાપર સર્ટિફિકેટપર સહી કરીને બહાદુરીની કદર

કરવાની તેમનામાં અક્કલજ નહોતી ! અધુના તો એકાદ ચાંદ અને તેને લટકાવવાની દોરી આપીનેજ કામ ખલાસ કરવામાં આવે છે. પરંતુ આપણા રાજાઓ પૂર્વે જાગીરી, પાલખી, નોબત હાથી વગેરે આપીને પરાક્રમી માણસોની કદર કરતા હતા. અને આ અશિક્ષિત યુગના રિવાજ પ્રમાણેજ શાહૂ મહારાજાએ પણ વિઠ્ઠલરાવની કદર બુઝી હતી. વિઠ્ઠલરાવ શૂરા યોદ્ધા છે, એમ સર્વને મુખે ચર્ચાવા લાગ્યું. આ વખતે પેશ્વા બાલાજી વિશ્વનાથ હતા. તેમને અનેક યુદ્ધો કરવાનાં હતાં. ઉત્તમ યોદ્ધાઓ બાલાજીની પાસે જેમ વધારે હોય તેમ સારૂં એમ ધારી શાહૂ મહારાજાએ વિઠ્ઠલરાવને તેમના હાથ નીચે મૂક્યા. સતારામાં બેસી રહીને કરવાના કામ કરતાં યુદ્ધમાં વિઠ્ઠલરાવ વધારે ઉપયુક્ત થઇ પડશે એવી સર્વેની ખાત્રી હતી. પરંતુ દુર્દૈવવશાત્ થોડા વખતમાં બાલાજીનું મૃત્યુ થયું. તેમના પછી પેશ્વાઇ પદ તેમના પુત્ર બાજીરાવને મળ્યું. આથી બાજીરાવની પાસેજ વિઠ્ઠલરાવને રહેવું પડ્યું. આક્રમણ, યુદ્ધ, મારામારી એ તો બાજીરાવનાં નિત્યકર્મો હતાં. તેથી વિઠ્ઠલરાવને પોતાના શૌર્યનો પરિચય આપવાની ઉત્તમ સંધિ પ્રાપ્ત થઇ.

ઈ. સ. ૧૭૨૩.

બાજીરાવના હાથમાં માળવા સોંપવામાં આવ્યો. દાઉદખાન નામનો માળવાના સુબેદારનો એક સરદાર હતો. તેણે મરાઠાઓને બરાનપુર નિકટ ઘેર્યા. ઉભય સૈન્યમાંના સૈનિકો જીવ પર ઉદાર થઇને લડવા લાગ્યા. આ સમયે મરાઠાઓનો જય થશે એવી કાંઇ આશા લાગતી નહોતી. મુસલમાનો ઘણા પ્રબળ હતા અને તેમને પૂઠબળ પણ ઘણું સારૂં હતું. પરંતુ મરાઠાઓને જીવની પરવા નહોતી. ગમે તે રીતે પણ જય મેળવ્યા શિવાય પાછા ફરવું નહિ, એ તેમનો દ્રઢ નિશ્ચય હતો. આથી તેમણે પાછા ન ફરતાં દાઉદખાનની સામે અત્યંત આવેશપૂર્વક યુદ્ધ કર્યું. વિઠ્ઠલરાવનું યુદ્ધનૈપુણ્ય કોણ વર્ણવી શકે એમ છે ? તેની સમ-

શેરને નિરંતર યશજ મળ્યો જતો હતો. દાઉદખાનનું મસ્તક વિઠ્ઠલરાવની શમશેરેજ ઉડાવ્યું! બાજીરાવે જોયું કે આ યોધ્ધો અતિ બળવાન અને ચાલાક જણાય છે. માટે તેને ઉચ્ચ દરજ્જે ચઢાવી સરદાર બનાવવો જોઇએ. તેથી તરતજ તેણે તેને એક ટુકડીની સરદારી આપી.

આ રીતે માળવા સર કરવાને માટે કરેલાં સર્વ યુદ્ધોમાં વિઠ્ઠલરાવનો મુખ્ય હાથ હતો. કોઇના હાથ નીચે કામ કરવું એ પોતાનો યશ બીજાને આપવા જેવું છે. અને ચરિત્રકારને પણ એજ મુસ્કેલી નડે છે કે એમાં યશ કોને આપવો? વિઠ્ઠલરાવે ઈ. સ. ૧૭૩૦ માં માળવાના સુબેદારને ઠાર કરી ચોથાઈ અને સર્દેશમુખી લીધી. આ યુદ્ધમાં સેનાધિપતિ ચિમાજી આપા હતા અને વિઠ્ઠલરાવ તેની સાથે હતા. વિઠ્ઠલરાવે સુબેદારને ઠાર કર્યો અને શિવાજી આપાએ ચોથાઇ અને સર્દેશમુખી ઠરાવી. હવે આ યુદ્ધનો યશ કોને આપવો? વિઠ્ઠલરાવે ખાન સાહેબને યમદ્વાર પહોંચાડયા તેથી પ્રસ્તુત ચરિત્ર લેખકને તો સર્વ યશ વિઠ્ઠલરાવનેજ આપવાનું યોગ્ય લાગે છે. વસઇનો કિલ્લો સર કરવાનો પ્રસંગ પણ આવોજ હતો. મલ્હાવરાવ હોલ્કર, રાણોજી શિંદે, વિઠ્ઠલ શિવદેવ, આંગ્રે અને માનકર એટલા સરદારો ચિમાજી આપાની સાથે હતા, વસઇનો કિલ્લો સર કરવામાં તો મરાઠાઓના પરાક્રમની પરાકાષ્ઠાજ થઇ હતી. ખરેખર વસઇના યુદ્ધમાં મરાઠાઓએ પોતાનું ઉગ્ર ક્ષાત્રતેજ પ્રદર્શિત કરી ફિરંગીઓને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી હતી. એક તો આ કિલ્લો સમુદ્રમાં હતો અને વળી તે યુરોપના પોર્ચુગીઝ લોકો જેવા પ્રબળ શત્રુના હાથમાં હતો. તેમની પાસે પુષ્કળ દારૂગોળો હતો અને તેમનું લશ્કર કવાયતમાં નિપુણ હતું. આ સુધરેલા ગણાતા લોકો આપણા લોકોને ધર્મભ્રષ્ટ કરે છે, એમ ધારીને મરાઠા લોકોએ તેમને શાસન કરવાનો નિશ્ચય કર્યો હતો, ફિરંગીઓ અતિ બળવાન હતા. ચિમાજી આપાનો ઠરાવ એ હતો કે 'કાં તો કિલ્લો હસ્તગત કરો,

નાહ તો તોપને મોઢે બાંધીને મને ઉડાવી દો.' ગ્રાંટ ડફ કહે છે કે "પાંચ હજાર મરાઠાનાં મસ્તકો વસઇનો કિલ્લો સર કરતાં કપાયાં." પરંતુ વિજય મેળવ્યા શિવાય પાછા ફરવું નહિ, એવો મરાઠાઓનો કૃત નિશ્ચય હતો. અંતે મરાઠાઓએ વસઇનો કિલ્લો સર કર્યો અને ફિરંગી સરદારને તેમને શરણે આવવું પડયું. આ યુદ્ધમાં વિઠ્ઠલ શિવદેવ હતા, પરંતુ તેમણે અમુક પરાક્રમ કર્યું એ શી રીતે કહી શકાય? વસઇનો કિલ્લો સર થતાં ચિમાજી આપા અને ઇતર સરદારો પાછા ફર્યા. અને કોકણુ પ્રાંતમાં પેશ્વાનો અમલ સ્થાપિત કરવાનું કામ વિઠ્ઠલ શિવદેવને સોંપવામાં આવ્યું. સમુદ્ર કિનારાપર પોર્ચ્યુગીઝના જેવા નૌકાગમન અને ગોલંદાજીમાં પુર્ણ પ્રવીણુ તથા સુધરેલી ઢબની કવાયત શીખેલા સૈનિકોની સાથે લડીને વિઠ્ઠલરાવે કલ્યાણુ, સાષ્ટિ ઈત્યાદિ થાણાં સર કર્યાં. તેમણે પેશ્વાનો અમલ કોકણુ પ્રાંતમાં સર્વત્ર એકસરખી રીતે પ્રસ્થાપિત કરી દીધો. તેઓ કયાંય પણુ પરાભવ પામ્યા નહોતા.

ઇ. સ. ૧૭૪૦

તત્પશ્ચાત્ બાજીરાવે દિલ્લીપર આક્રમણુ કર્યું. આ પ્રસંગે બાજીરાવે સત્તાવિશ દિવસ પર્યંત ઘોડાપરથી જીન ઉતરવા દીધા નહોતાં સતારેથી નીકળ્યા પછી સત્તાવિશમે દિવસે ધન્નાપન્ના નામના શહેરમાં આવી તેમણે મૂકામ કર્યો. તેમની સાથે વિઠ્ઠલ શિવદેવ પણુ હતા. તેમણે પણુ સત્તાવિશ દિવસ પર્યંત પોતાના અશ્વની પીઠપરથી જીન ઉતાર્યું નહોતું. દિલ્લીમાં તેમજ પાછળથી નિઝામ સાથેની લડાઇમાં બાજીરાવને વિજય મળ્યો. આ સઘળો વખત વિઠ્ઠલ શિવદેવ તેમની સાથે હતા તેથી તેમને પણુ યશમાં ભાગ મળવોજ જોઇએ.

ઇ. સ. ૧૭૪૦ એપ્રીલ તા. ૨૮ મી.

તત્પશ્ચાત્ મહારાષ્ટ્રીયોના કમનશીબે રણુ ધુરંધર અને અપૂર્વ સૈનિક બાજીરાવ ઇહલોકનો સર્વ કારભાર છોડી સ્વર્ગવાસી થયા. આથી મરાઠા સામ્રાજ્યમાં મોટો હાહાકાર પ્રવર્તી રહ્યો.

બાજીરાવની પછી પેશ્વાની પદ્દી નાના સાહેબને મળી. આ વખતે 'વિઠ્ઠલ શિવદેવ અતિ શૂરા અને પરાક્રમી યોદ્ધા છે' એવી ખ્યાતિ સર્વને મુખે થઈ રહી હતી. આથી નાના સાહેબની પણ તેમનાપર કૃપાદ્રષ્ટિ થઈ. બંગાળામાં નાગપુરના ભોંસલેએ મોટો કેર વર્તાવી મૂકયો હતો. તે કોઇને પણ ચેન પડવા દેતો નહોતો. તેણે પોતાનો એવો મત પ્રદર્શિત કર્યો કે બાજીરાવની પછી પેશ્વાનું પદ નાના સાહેબને ન આપતાં બારામતીકરને આપવું જોઇએ. આથી નાના સાહેબના મનમાં ભોંસલે પ્રત્યે વૈષમ્ય ઉત્પન્ન થયું હતું. એવામાં દિલ્લીના અલ્લીમર્દાખાન નામના સુબેદારે પેશ્વાને પત્ર લખી જણાવ્યું કે; 'તમારા મરાઠાઓએ અમને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી આ તરફ એક સરખી લૂંટ ચલાવવા માંડી છે. હવે શું કરવું તે અમને કાંઈ સૂઝતું નથી. માટે જો આપ અમને આ અત્યાચારમાંથી મુક્ત કરશો તો તમે જે માગશો તે હું આપીશ. હું માળવા પ્રાંત સ્વાધીન કરીશ, ચોથાઈ આપવાનો પણ સ્વીકાર કરીશ; પરંતુ ગમે તેમ કરીને અમને સાહાય્ય કરો.' નાના સાહેબે આ કાર્યનો સ્વીકાર કર્યો. ભોંસલેની ખોડ તોડવાની આ ઉત્તમ સંધિ તેને પ્રાપ્ત થઇ હતી. તેથી તેમણે વિઠ્ઠલ શિવદેવને પોતાની સાથે લીધા અને ઉત્તર હિંદુસ્થાનમાં યુદ્ધ કરવા નીકળ્યા. ભોંસલેના સૈન્યનો પરાભવ થયો. તે નાગપુર તરફ પાછું ફર્યું. નાના સાહેબને વિજય મળ્યો. મુગલોએ માળવા પ્રાંત નાના સાહેબને અર્પણ કર્યો અને ચોથાઇ આપવાનો પણ સ્વીકાર કર્યો. આ પ્રસંગે વિઠ્ઠલરાવે જે શૌર્યનો પરિચય કરાવ્યો તેથી નાના સાહેબ તેમનાપર પ્રસન્ન થયા અને તેમને માળવા પ્રાંતના અગીઆર મહાલની સનંદ ત્યાં ને ત્યાંજ કરી આપી. 'તું કશો ઉદ્યોગ કરતો નથી, તારામાં કાંઇ અક્કલ નથી, આ જગતમાં તારો કાંઇ ઉપયોગ નથી, તારૂં પોષણ શા માટે કરવું જોઇએ?' એવાં માબાપ તરફનાં

મ્હેણાં જે માણસને સહન કરવાં પડતાં હતાં તેજ આ વિઠ્ઠલરાવ છે! 'મરે તો ઓછો થાય' એવાં વચન સહન કરનાર અને સતારાના બક્ષીની પાયગામાં ઘોડાની સ્થિતિ કેવી છે તે તપાસનાર તથા માત્ર પેટ બદલે નોકરી કરનાર વિઠ્ઠલરાવ હવે નાના સાહેબ પેશ્વાની સાથે મસલત કરવા લાગ્યો! હજુ કાંઇ તેના ભાગ્યોદયની પરાકાષ્ઠા થઇ નથી. વિઠ્ઠલરાવના ભાગ્યદિનકરનો આ તો હજી પ્રાતઃકાળજ હતો. તેના મધ્યાન્હકાળ તરફ જોવાથી આંખે ઝાંખ વળવાનો પ્રસંગ તો હજી આગળ આવે છે. મનુષ્ય ઇચ્છા કરે અને પ્રયત્ન કરે તો શું સાધ્ય ન થઇ શકે એમ છે?

નંદાજી નાયક એક બંડખોરે વિંચુરની આસપાસના પ્રદેશમાં પેશ્વા સરકારની વિરુદ્ધ મોટું બંડ ઉપસ્થિત કર્યું હતું. તે મહા બળવાન માણસ હતો. મુગલનો મૂલક નિકટજ આવેલો હતો. અને મુગલ લોકો તેને પુષ્કળ સાહાય્ય કરતા હતા. પેશ્વાની મોટાઈ જોઈ ન શકનારા કેટલાક ઘરભેદુ સરદારો પણ તેના મળતીઆ હતા. આથી પેશ્વાને શીઘ્ર તેને શિક્ષા કરવાની ફરજ પડી. આ કાર્ય કરવાને માટે

ઇ. સ. ૧૭૪૪

વિઠ્ઠલરાવને નિયુક્ત કરવામાં આવ્યા. નંદાજી જેવો એક યઃકશ્ચિત્ બંડખોર તેની સમક્ષ કેટલી વાર ટકી શકવાનો હતો? પ્રથમ ભેટો થતાંની સાથેજ વિઠ્ઠલરાવે નંદાજી ગુત્તાને યમપુરીનો માર્ગ બતાવી દીધો! તેના સૈન્યની રેવડી દાણાદાણ થઈ ગઇ અને તે પ્રદેશમાં વિઠ્ઠલરાવે પોતાની સત્તા સ્થાપિત કરી. પેશ્વાએ વિઠ્ઠલરાવને વિંચૂર પ્રગણું ઇનામમાં આપ્યું અને શીઘ્ર તેની ઇનામ સનંદ તેનાપર રવાના કરી દીધી. તત્પશ્ચાત્ વિઠ્ઠલરાવે પોતાનું મુખ્ય થાણું વિંચુરમાં રાખ્યું અને તેથીજ તેઓ વિંચુરકર કહેવાવા લાગ્યા.

નાના સાહેબ કર્ણાટકમાં બંદોબસ્ત કરવા ગયા ત્યારે વિઠ્ઠલરાવ

ઈ. સ. ૧૭૫૨

પણ તેમની સાથે હતા. સદાશિવરાવ ભાઉ, મેહેંદળે પટવર્ધન, ઇત્યાદિ સરદારો પણ તેમની સાથે હતા. આથી તે પ્રદેશમાં વિઠ્ઠલરાવે અમૂકજ કાર્ય કર્યાં એમ નિશ્ચિતપણે કહી શકાતું નથી. પરંતુ હાનિહોન્નુરનો કિલ્લો માત્ર એકલા વિઠ્ઠલરાવેજ સર કર્યો હતો. આ વખતે તેમનું યુદ્ધકૌશલ્ય જોઇને નાના સાહેબ અત્યંત પ્રસન્ન થયા અને તેમણે ધાર્યું કે "આવા વીર પુરુષને એકાદ સ્વતંત્ર યુદ્ધકાર્ય કરવાને મોકલ્યો હોય તો કાંઇ અલૌકિક બહાર આવે એમાં શંકા નથી." રાઘોબા દાદા નાનાસાહેબના બંધુ થતા હતા. તેમના અંગમાં કાંઇક વિલક્ષણ પાણી હતું, તે અને વિઠ્ઠલરાવ એ ઉભયને સાથે મોકલવામાં આવે તો પ્રત્યક્ષ કૃતાંત કાળને પણ દાંતમાં તૃણ ઘાલવું પડે, એમાં કાંઈ શક નહિ. આથી સર્વ રાજકારભારીઓએ તે ઉભયને સાથે મોકલી તેમનાં પરાક્રમ જોવાનો નિશ્ચય કર્યો. વિઠ્ઠલરાવને સેનાધિપતિ બનાવી તથા સખારામ બાપૂને મુખ્ય કારભારી બનાવી તે ઉભયને રાઘોબા દાદાના હાથ નીચે મૂકી ઉત્તર હિંદુસ્થાન હસ્તગત કરવાને માટે મોકલ્યા. રાઘોબા યુદ્ધકળામાં નિપુણ હતા—અનુપમ હતા. ત્રીસ કોસની મજલ કર્યા પછી પાવડામાંથી પગ બહાર કાઢવો એવો તેમનો નિયમ હતો. આથી તેમના સિપાઇઓ તેમને 'રાઘોબા દાદા ભરારી' કહેતા હતા. સખારામ બાપૂ તો બુદ્ધિના સાગરજ હતા. પેશ્વાઇમાં સાડાત્રણ શાણા સુપ્રસિદ્ધ હતા. નાના ફડનવીસના જેવો રાજ્યકાર્યધુરંધર મુત્સદ્દી અર્ધ શાણો ગણાતો હતો, પરંતુ બાપૂ તો પૂરો શાણો મનાતો હતો. હવે બાકી રહ્યા વિઠ્ઠલરાવ. તેમની હિમ્મત, તેમનું શૌર્ય, તેમની સ્વામીપરાયણતા અને હાથમાં લીધેલાં કાર્યને પ્રાણાંતે પણ પાર પાડવાની તેમની કુશળતાનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. માટે અધિક લખવાથી શું ફાયદો? એમનું સમગ્ર જીવન ચરિત્ર વાંચી રહ્યા પછીજ

પાઠકને તે કેવા બહાદૂર, શૌર્યશાલી, સ્વામિનિષ્ઠ અને ભાગ્યવાન, નરરત્ન—નરકોહિનૂર હતા તે સમજાશે. આવા ત્રણ વીર પુરુષો ઉત્તર હિંદુસ્થાન સર કરવાને નીકળ્યા.

પ્રથમ તેમણે ગુજરાત તરફ દ્રષ્ટિ ફેંકી. ઓરપાડ મહાલ વિઠ્ઠલરાવે સર કર્યો. રાઘોબાએ તેમને તે મહાલ ઈનામમાં આપવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. તત્પશ્ચાત્ તેમણે શીઘ્ર સુરત સર કર્યું. બીજું મહત્ત્વનું શહેર અમદાવાદ ગુજરાતની રાજધાની હતું. આ શહેરમાં મુગલોએ ઘણો સારો બંદોબસ્ત રાખ્યો હતો. આ વખતે નાના સાહેબ પૂનામાં હતા. આ ત્રણે જણ શું પરાક્રમ કરશે તે તેમને કાંઇ સમજાતું નહોતું. જય મળવા વિષે તેમને શંકા હતી. આથી તેમણે દત્તાજી શિંદેને રાઘોબાને કુમક કરવા માટે ગુજરાતમાં જવાને લખી જણાવ્યું. આ વાતની ઉક્ત ત્રણે જણને ખબર થઇ. વિઠ્ઠલરાવે વિચાર કર્યો કે 'દત્તાજી શિંદેના આગમન પછી જો આપણે અમદાવાદનો કિલ્લો સર કરીશું તો આપણને ઝાઝી કીર્તિ મળવાની નથી. માટે તે આવે તે પૂર્વેજ આપણે શહેર અને કિલ્લો સર કરી લઇએ તો ઠીક.' તેમણે પોતાનો આ વિચાર રાઘોબા દાદાને જણાવ્યો ત્યારે તેમને પણ પસંદ પડયો. આથી વિઠ્ઠલરાવ અને નારોશંકરે* પોતાનું સૈન્ય સજ્જ કરી અમદાવાદપર તૂટી પડવાનો નિશ્ચય કર્યો. મુગલ સરદાર જવાનમર્દખાન અમદાવાદનો સુબેદાર હતો અને તે નામ પ્રમાણેજ કામ કરનાર હતો. પરંતુ આ ઉભય બ્રાહ્મણ વીરોની આગળ તેનું શૌર્ય ફાવે, એવો સંભવ લાગતો નહોતો. વિઠ્ઠલરાવે અંતે કિલ્લો સર કર્યો અને તેનાપર પેશ્વાની ધ્વજા ફરકવા લાગી. જવાનમર્દખાને રાઘોબાપર સંદેશો મોકલ્યો કે " હું આપને શરણે આવું છું, માટે મારો બચાવ કરવાની કૃપા કરવી." રાઘોબાનું દિલ ઉદાર

* નારોશંકર વિઠ્ઠલરાવનો પિત્રાઈ બંધુ થતો હતો.

હતું. તેમણે તેને જણાવ્યું કે "તમારા પ્રાણનું રક્ષણ કરૂં છું, પરંતુ અમદાવાદ શહેર અને કિલ્લો તમને પુનઃ મળશે નહિ કારણ કે મારા સરદારોએ તેમને પ્રાણની દરકાર છોડીને સર કર્યા છે." જવાનમર્દખાને આનંદ પૂર્વક આ વાત સ્વીકારી. આ પ્રકારે મરાઠાઓને પ્રારંભમાંજ ફત્તેહ મળી. આથી પૂનાથી તેમને ઉત્તેજક પત્ર મળ્યો અને શુભ શુકન ગણી આગળ વધો અને ફતેહ કરો' એવાં પ્રોત્સાહક વચનો તે પત્રમાં લખેલાં હતાં. તે ત્રણે જણે આગળ કૂચ કરી અને અજમેર સર કરી કુંભેરીપર ઘેરો ઘાલ્યો. ત્યાંનો રાજા જાટ હતો. તેણે ખંડણી આપવાનો સ્વીકાર કર્યો. પરંતુ રાઘોબાએ જેટલી રકમ માગી તેટલી રકમ આપવાની તેણે ના કહી. આખરે ઉભય પક્ષો વચ્ચે યુદ્ધ થયું. આ યુદ્ધમાં હોલ્કરનો પુત્ર મરણ પામ્યો. શિંદે રાજપૂતોની સામે ગયા અને રાઘોબાએ દિલ્લીપર આક્રમણ કર્યું. એવામાં વિઠ્ઠલરાવની પત્ની મરણ પામી આથી તેમને પાછળ રહેવું પડયું. તેમણે પોતાની ફોજ રવાના કરી દીધી અને પોતે કુંભેરીની નિકટ રહ્યા. ત્યાંજ બીજીવાર તેમનું લગ્ન થયું. વિઠ્ઠલરાવનું પ્રથમ લગ્ન કરતી વખત તેમના બંધુને ભારે કષ્ટ પડયું હતું. પરંતુ આ દ્વિતીય લગ્નને માટે તો જરા પણ ચિંતા કરવી પડી નહોતી. આ પ્રકારે વિઠ્ઠલરાવ મરાઠા સૈન્યની પાછળ રહી ગયા. તેમની સાથે ચાલીસ પચાસ સૈનિકો હતા. મરાઠાઓના સાધારણ રિવાજ પ્રમાણે આ સૈનિકોએ પોતાના પદરના પૈસા ખર્ચ્યા વિના પોતાના અશ્વોને દાણો ચારો, વગેરે વસ્તુઓ પૂરી પાડી હતી. તેમણે જાટના મુલકમાંથી આ વસ્તુઓ મેળવી હતી, તેથી જાટ રાજાને આ વાત રુચી નહિ. તેણે વિઠ્ઠલરાવના સ્વારોને કેદ કર્યાં, કેટલાક સ્વારો જાટને તાબે નહિ થતાં તેની સાથે યુદ્ધ કરતાં ધારાતીર્થે મુઆ, આ વર્તમાન વિઠ્ઠલરાવને કર્ણગોચર થતાં તેમણે પોતાનો વકીલ જાટ રાજાની પાસે

મોકલ્યો. જાટ રાજાનો દિવાન રૂપરામ લૂખો અને પુષ્કળ વાચાળ હતો, તેણે વિઠ્ઠલરાવની ઘણી નિર્ભત્સના કરીને જણાવ્યું કે "એ બ્રાહ્મણભાઇ, એને તે એટલો બધો રૂઆબ છાજે ? એને લડાઇનું કામ શા માટે જોઇએ ? જો ચુપચુપ આવીને ક્ષમા માગે તો હમણા એના સ્વારોને છોડી દઉં" તેનો આવો જવાબ સાંભળી વિઠલરાવનો વકીલ ચુપચુપ પાછો ફર્યો. રૂપરામનો જવાબ સાંભળી વિઠ્ઠલરાવ અતિ સંતપ્ત થયા 'ક્ષમા માગ ' અને ' યુદ્ધ એ બ્રાહ્મણનું કાર્ય નથી ' એ શબ્દો તેને બહુ લાગ્યા. તેનાપર વૈર લેવાનો નિશ્ચય કરી વિઠ્ઠલરાવે પોતાનું સૈન્ય પાછું બોલાવ્યું અને જાટના કિલ્લાપર આક્રમણ કર્યું. ત્રણ માસ પર્યંત ઘેરો રહ્યો પરંતુ વિઠ્ઠલરાવને વિજય મળ્યો નહિ. કુંભેરીનો કિલ્લો અને જાટનું સૈન્ય, તેની આગળ એકલા વિઠ્ઠલરાવના શા આશરા લાગે ? એટલામાં રાઘોબાના તરફથી પત્ર મળ્યો કે "જાટની સામે યુદ્ધ કરવાને તમે પરવાનગી લીધી નથી અને કિલ્લો કેવો મજબૂત છે તેનો વિચાર કર્યા વિના તમે એકદમ લડાઇ આરંભી; માટે એનો જે ખર્ચ થશે તે તમને સરકાર તરફથી મળશે નહિ અને જો પરાજય મળશે તો તમારી પાસેથી સખ્ત પ્રકારે જવાબ લેવામાં આવશે. આ પત્ર વાંચી બિચારા વિઠ્ઠલરાવના મનની કેવી સ્થિતિ થઈ હશે, તેની કલ્પના પાઠકે સ્વયં કરી લેવી.

સાહાય્ય મળવાની વાતતો દૂરજ રહી, પરંતુ ઉલટી ઇતરાજી થઇ. આથી તેમણે કાંતો વિજય પ્રાપ્ત કરવો કે કાંતો સ્વામિને કદિપણ મુખ ન બતાવવું એવો નિશ્ચય કર્યો. તેમણે કાંતો મરવું કે કાંતો મારવું એવો મન સાથે ઠરાવ કર્યો અને મહા શૌર્યથી કુંભેરીપર હલ્લો કર્યો. મહાદાજી શિતોલે તથા યમાજી રાવળે, એ વિઠ્ઠલરાવના સંપૂર્ણ સ્વામિનિષ્ઠ સિપાઇ હતા. તેમણે તેમને પોતાના મનનો નિશ્ચય વ્યક્ત કર્યો અને પછી તેઓ જીવની પરવા રાખ્યા વિના કુંભેરીપર

તૂટી પડયા. પ્રથમ તો જાટે વિઠ્ઠલરાવના સૈન્યને પાછું હઠાવ્યું. સૈન્યને પાછું હઠતું જોઇ વિઠ્ઠલરાવના ક્રોધનો પાર રહ્યો નહિ. તેઓ દાંત કચકચાવી હોઠ પીસી હાથમાં શમશેર લઇ આગળ ધસ્યા. તેમના એકનિષ્ઠ સિપાઇઓ પણ તેમની સાથેજ હતા. જાટ રાજા જ્યાં ઉભો હતો ત્યાં આગળ આ ઉભય સ્વામિનિષ્ઠ સિપાઇઓ તથા વિઠ્ઠલરાવ ચાલ્યા ગયા. તેમની શમશેરે કેટલા જાટોના પ્રાણ લીધા, તેની ગણત્રી થઈ શકે એમ નથી. તેઓ આ પ્રમાણે ઘાસની પેઠે માણસોનાં મસ્તક કાપી રહ્યા હતા, એવામાં વિઠ્ઠલરાવને તૃષા લાગી. તેમનું ગળું સુકાઇ ગયું. મોતીરામ નામનો કનોજીઓ બ્રાહ્મણ પાણીથી ભરેલું પાત્ર લઇને ઘોડાપર બેઠેલો હતો. તે વિઠ્ઠલરાવની પાસેજ હતો. તેઓ પાણી પીવાની તૈયારીમાંજ હતા એવામાં મહાદાજી શિંદેએ જાટ રાજાને અશ્વપરથી નીચે ઘસડી પાડયો. આ ઘટના જોતાંજ વિઠ્ઠલરાવ તૃષાની તૃપ્તિ કરવાનું છોડી દઈ જાટ રાજા પડયો હતો ત્યાં દોડી ગયા અને તેની છાતીપર પગ દઈ પોતાની શમશેરવતી તેનું શિર ઉડાવી દીધું. તત્પશ્ચાત્ અલ્પ સમયમાં જાટનું સર્વ સૈન્ય હારીને નાશી ગયું. સાયંકાળે આ પ્રમાણે તેમને વિજય મળ્યો; તેમની લીધેલી પ્રતિજ્ઞા પાર પડી. જાટ રાજાનો પુત્ર રાજા ગિરધર વિઠ્ઠલરાવને શરણે આવ્યો, તેને આશ્વાસન આપી વિઠ્ઠલરાવે પેલા વાચાળ પ્રધાન રૂપરામને બોલાવી મંગાવ્યો અને તે આવતાંજ તેને કહ્યું "બોલો દિવાનજી! બ્રાહ્મણ યુદ્ધકાર્ય કરી શકે છે કે નહિ?" ગરીબ બિચારો રૂપરામ! તે આ વખતે શું જવાબ આપી શકે એમ હતું? તે નિરુત્તર રહ્યો. વિઠ્ઠલરાવે પોતાની મરજી પ્રમાણે જાટનો મુલક પેશ્વાને નામે કરી લીધો અને પોતાને વિજય મળ્યો તે સ્થાને એક મારુતિનું દેવાલય બંધાવ્યું. આ મારુતિને તેમણે 'હત્યા મારુતિ' એવું નામ આપ્યું. તત્પશ્ચાત્ વિઠ્ઠલરાવ રાઘોબાને મળવાને ચાલ્યા ગયા. રાઘોબાએ પંજાબ સુધીનો

સર્વ દેશ કબ્જે કર્યો. આ કાર્યમાં વિઠ્ઠલરાવનો પણ હાથ હતોજ. આ કાર્ય સમાપ્ત કર્યા પછી રાઘોબા અને વિઠ્ઠલરાવ દક્ષિણ તરફ પાછા ફર્યા. તેમણે પૂનામાં આવ્યા પછી ગ્વાલિયર વગેરે પ્રદેશો પેશ્વાના રાજ્યમાં સંયોજી દીધા. આ કામમાં બાર લાખ રૂપિઆનું કર્જ થયું છે માટે તેટલી રકમ મને મળવી જોઇએ એમ વિઠ્ઠલરાવે સદાશિવરાવ ભાઉને કહ્યું. સદાશિવે તેમને જણાવ્યું કે "ગ્વાલિયર પર તમે કોની આજ્ઞાથી આક્રમણ કર્યું હતું? અને કર્જ કરી મુલક સર કરવામાં શું ફાયદો?" ભાઉનો આવો જવાબ સાંભળી વિઠ્ઠલરાવને ઘણું ખોટું લાગ્યું. પરંતુ નાના સાહેબ વિઠ્ઠલરાવને સારી પેઠે ઓળખતા હતા, તેમણે તેમને એક બાજુ બોલાવી કહ્યું, "વિઠ્ઠલરાવ, ફિકર કરશો નહિ. એ દેવાનો હું ફડચો કરી નાંખીશ."

તત્પશ્ચાત્ કર્ણાટકમાં જવાનું નીકળ્યું. આ વખતે પણ વિઠ્ઠલરાવ ત્યાં ગયા. પ્રથમ સાવનુરપર આક્રમણ કરવામાં આવ્યું. નિઝામ કુમકે આવે તે પૂર્વે સાવનુર સર કરવું, એવો પેશ્વાનો ઇરાદો હતો. આ ઇચ્છા તેમણે મલ્હારરાવ હોલ્કર અને વિઠ્ઠલ શિવદેવની આગળ પ્રદર્શિત કરી. આ વખતે વિઠ્ઠલરાવે નાના સાહેબની સમક્ષ એવી પ્રતિજ્ઞા કરી કે "સૂર્યાસ્ત થતાં સુધીમાં સાવનુર સર કરીશ, નહિ તો રણમાં પડી સ્વર્ગે જઇશ." પછી તેઓ અતિ આવેશ સહિત શમશેર ચમકાવતા રણાંગણ તરફ ચાલ્યા. વિઠ્ઠલરાવને આ વખતે જમણી સ્કંધ ઉપર ઘાવ થયો. પરંતુ અંતે વિજય પણ તેમનેજ મળ્યો. આથી પેશ્વા નાના સાહેબ તેમનાપર અતીવ પ્રસન્ન થયા, અને તેમને કેટલીક જાગીર પારિતોષિક તરિકે આપી.

રાઘોબાની વિઠ્ઠલરાવપર ઇતરાજી થઇ હતી, તે નષ્ટ થઇ અને હવે તેમણે વિઠ્ઠલરાવને પોતાની સાથે લઇને ઉત્તર હિંદુસ્થાનપર બીજીવાર આક્રમણ કરવાનો નિશ્ચય કર્યો. વિઠ્ઠલરાવ પણ તેમની સાથે

જવાને તત્પર થયા. અને માળવામાં થઇને દિલ્લી જઇ ત્યાં રાઘોબા મલ્હારરાવ, વિઠ્ઠલ શિવદેવ તથા સખારામ બાપૂ એકત્રિત થયા.

તે વખતે મહારાષ્ટ્રીયોના મનમાં એવોજ નિશ્ચય થઈ ગયો હતો કે સમગ્ર આર્યાવર્તમાં હિંદુ પદ પાદશાહી સ્થાપન કરવી, સર્વ દેશમાં પોતાની સત્તા સ્થાપિત કરવી, પોતાના શૌર્યથી સર્વનાં મસ્તક નીચાં નમાવવાં અને નામ સાંભળતાં સર્વ થરથર કંપે એવો કરપ બેસાડી દેવો. આથી તેઓ પોતાના પ્રાણની જરા પણ દરકાર રાખતા નહોતા. ચારે દિશામાં ચાર મહારાષ્ટ્રીય સિંહોએ આક્રમણ કર્યું હતું. દક્ષિણમાં કર્ણાટક તરફ પટવર્ધન, રાસ્તે અને પેઠે; ઉત્તર હિંદુસ્થાન તરફ શિંદે, હોલ્કર, વિંચુરકર અને બુંદેલે; પશ્ચિમમાં કોંકણ તરફ આંગ્રે તથા ધુળપ; અને પૂર્વમાં પેશ્વા સ્વયં હતા. કોઇ જરા ચું કે ચાં કરતું કે તરત ત્યાં મરાઠાઓની સ્વારી પહોંચીજ છે. આ સમયે મરાઠાઓ પોતાનું અને પોતાના દેશનું નામ દિગંતમાં ગજાવવાને માટે પોતાના દ્રવ્યની, પોતાના આપ્ત-ઇષ્ટની કિંવા પોતાના શરીરની પરવા રાખતા નહોતા. યુદ્ધપ્રસંગ તો તેમને કેવળ રમત સમાનજ લાગતો હતો. તેઓ યુદ્ધમાં આનંદપૂર્વક—જાણે લગ્નમાં જતા હોય તેમ જતા હતા. તેમને પ્રાણ કરતાં કીર્તિ વિશેષ પ્રિય હતી. પ્રાણ જાય તો બહેતર, પરંતુ પોતાને કલંક લાગે તે તેમને રુચતું નહોતું. આવું વિલક્ષણ શૌર્ય તેમનામાં હતું—આવો અદ્દભુત ટેક તેમનામાં હતો. પરન્તુ હમણાં અગાઉના જેવો જંગલી અને ક્રૂર સમય નથી; શમશેર અને ગરદનનો ભેટો થવાનો પ્રસંગ નથી; દુષ્ટ, મદોન્મત્ત અને લૂંટારૂ રાજાઓનું શાસન નથી, હાલમાં તો વિદ્યાદેવીનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું છે; ન્યાયજ્યોતિ સર્વત્ર પ્રદીપ્ત થઈ રહી છે; અને જેના ગુણમાં જરા પણ ઉણપ નથી એવા અંગ્રેજ પ્રભુ સુદૈવવશાત્ આપણને મળ્યા છે, તે છતાં પણ આપણી હાલની સ્થિતિ આટલી બધી શોચનીય શા માટે હશે ? આળસુ, પ્રમાદી, આપત્તું ખાનાર, અભિમાનશૂન્ય, કર્તવ્ય-

પરાઙ્‌મુખ, કજીઆ દલાલ, દુરાચારી, દુર્વ્યસની અને બુભુક્ષિત માણસો હમણાં ક્યાંથી પેદા થયા છે? તે કાંઇ સમજી શકાતું નથી. આપણી ઉત્તમ વસ્તુઓની સ્તુતિ પરદેશીઓને મુખે સાંભળવાનો વખત આવ્યો છે. પરંતુ આપણે તો તે જાણતા પણ નથી. અંગ્રેજ પાદરીઓને આવીને આપણને શીખામણ આપવી પડે છે કે મદિરાપાન કરવું એ ખરાબ વ્યસન છે. આપણા દેશના ઉત્તમ વિદ્વદ્રત્નોની પ્રશંસા પરદેશીઓ કરે છે, પરંતુ આપણે સ્વતઃ તેમને ઓળખી કદર કરી શકતા નથી. આપણી સ્ત્રીઓ સુનીતિમાન છે એવી પરદેશીઓ સ્તુતિ કરે છે, પરંતુ આપણને તે વાત વિદિત નથી. આ પ્રકારે સર્વે બાબતમાં આપણી અધોગતિ થઇ છે. રાજ્ય મેળવવું, દેશો જીતવા, દુશ્મનોને જેર કરવા, આવાં કાર્યો કરવાની હવે જો કે આપણને જરૂર નથી. પરંતુ દેશસેવા, જ્ઞાનપ્રસાર, નીતિવર્ધન, ધર્મસંરક્ષણ, સમાજવ્યવસ્થા, ભાષાભિવૃદ્ધિ, ઉદ્યોગ તત્પરતા, નિષ્કામતા, પરોપકાર વૃત્તિ, ઈત્યાદિ સદ્‌ગુણો તો આપણે કેળવવા જોઇએ કે નહિ? આપણને રણાંગણનું દર્શન જોઈતું નથી, ક્રૂરતા કરવી નથી, મનુષ્યત્વને કલંક લગાડવું નથી, રક્તપાત કરવો નથી, આવું કોઇ પણ કાર્ય કરવું નથી; પરંતુ દ્રઢનિશ્ચય, કર્તવ્યદક્ષતા, સ્વાભિમાન, વિદ્યાવ્યાસંગ, નીતિનૈપુણ્ય અને ઉદ્યોગપરાયણતાની તો અપેક્ષા છે કે નહિ?* અસ્તુ. હવે વિષયાંતરના ભયથી આ સંબંધે બોલવું બંધ કરીએ છીએ.

---

*આપણા માનપાનના ભૂખ્યા ભાષણીયા અગ્રેસરો અને મોજમજાહ મારતા શ્રીમાનો તથા ગાડરીયા પ્રવાહે તણાયા જતા અંધશ્રદ્ધાળુ ધાર્મિક જનો તથા શિષ્યોના માત્ર પૈસા અને પ્રણામના ભૂખ્યા ધર્મગુરૂઓ કે જેઓ શિષ્યોને જગતની અસારતા સમજાવી તેમનું સર્વસ્વ મેળવવા મથીને પછી મોટા વિષયીઓને પણ બાજુ મૂકે એવા વિષયોમાં મસ્ત રહે છે, તેવાઓ જનસમાજમાં આવા સદ્‌ગુણોની વૃદ્ધિ માટે કશાં સંગીત કામો નહિ કરે તો તેમની શી ગતિ થશે? 'ગ્રંથી.'

રાઘોબા, વિઠ્ઠલરાવ વગેરે સરદારો પુનઃ ઉત્તર હિંદુસ્થાન તરફ જવાને નીકળ્યા. અફઘાન પાદશાહ અબદાલીએ ઈ. સ. ૧૭૫૩ માં હિંદુસ્થાનપર આક્રમણ કરી દિલ્લીના પાદશાહનો

ઇ. સ. ૧૭૫૪ પરાભવ કર્યો અને લાહોર તથા મુલ્તાન કબજે કરી તહ કર્યો. દિલ્લીના પાદશાહનો ઇરાદો તેના પર વૈર લેવાનો હતો, જેથી આ કામમાં મરાઠાઓ અતિ ઉપયોગી થઇ પડશે એમ તેણે ધાર્યું. આથી તેણે દાદા સાહેબપર પત્ર લખી તેમને દિલ્લી બોલાવ્યા. રોહિલાઓનો સરદાર નજીબ ઉદ્દૌલા અબદાલીની સાથે મળી ગયો હતો તેથી તેનાપર પણ વૈર લેવાનો દિલ્લીના પાદશાહનો વિચાર હતો. આથી મરાઠાની સાહાય્ય લીધા વિના બીજો ઉપાય નહોતો. રાઘોબા આવી સોના જેવી સંધિ ગુમાવે એવો કાચો નહોતો. તેણે તત્કાળ દિલ્લી તરફ કૂચ કરવા માંડી. નજીબ ઉદ્દૌલા અને અબદાલીના સુબેદાર મીર શાહબુદ્દીનનો પરાભવ કરવાનું કાર્ય રાઘોબાએ વિઠ્ઠલરાવને સોંપ્યુ. આ કાર્ય વિઠ્ઠલરાવે એકદમ સ્વીકાર્યું. મજબૂત અને જંગલી જાતના લોકોની સાથે યુદ્ધ કરવાનું હતું છતાં પણ વિઠ્ઠલરાવને તેની જરા પણ ભીતિ કે શંકા લાગી નહિ. તે કોઈની જરા પણ ભીતિ રાખનાજ નહોતા. દક્ષિણની ભીમા નદી આગળનાં ટટ્ટુઓને અટકની પાસે સિંધુ નદીમાં પાણી પાવું, એના જેવું મહત્કાર્ય તે બીજું શું હોઈ શકે? અસ્તુ. રાઘોબાની આજ્ઞાનુસાર વિઠ્ઠલરાવ પોતાના સૈનિકોની સાથે અબદાલીના સુબેદાર તથા રોહિલખંડના પ્રબળ નવાબ નજીબઉદ્દૌલાપર તૂટી પડયા. અફઘાન અને રોહિલા લોકો અંગે મજબૂત, સ્વભાવે ક્રૂર, ધૈર્યમાં પર્વત જેવા અડગ અને અતિ શૂરા હતા. તેમના ઉપર મરાઠાઓએ આક્રમણ કર્યું. ઠીંગણા, પાતળા, દહીંભાત ખાનાર, મ્હેણાં ટોણાંથી કંટાળીને ક્ષાત્ર ધર્મ સ્વીકારનાર બ્રાહ્મણભાઈ, મરાઠા ક્ષત્રિયોના નેતા થઇ અફઘાન

અને રોહિલાપર આક્રમણ કરે, તેનો પરાભવ કરે, તેને શરણે આણે અને તેની ખોડ ભૂલાવી દે, એ શું કાંઈ જેવું તેવું પરાક્રમ ગણાય? આવા તેજસ્વી, પૂર્ણ પરાક્રમી, અતુલ પ્રતાપી, શૌર્યનિધિ, રણધુરંધર વીર પુરુષની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછીજ છે.

પરંતુ આજે આપણા લોકો ખરેખર નાદાન અને મૂર્ખશિરોમણિ થઇ બેઠા છે. આપણા હાથથી આપણા પૂર્વજોના જેવાં પરાક્રમો થવાની વાત તો જાણે રહી, પરંતુ આપણા અપૂર્વ તેજસ્વી અનુપમ, પુરુષ શ્રેષ્ઠ પૂર્વજોનું, તેમના મહાન ગુણોનું સ્મરણ તો આપણે કરવું જોઇએ! આપણા લોકો અધુના એટલા બધા વિવેકભ્રષ્ટ થઈ ગયા છે કે પોતાના એવા મહાન પૂર્વજોનું નામસ્મરણ પણ કરતા નથી! આપણા ઇતિહાસનું પૂરૂં પાધરૂં કોઇને જ્ઞાન પણ નથી. સર્વ લોકો પોતાના પૂર્વજોને વિસરી ગયા છે. જાતિ—અભિમાન, ગુણાભિમાન, ધર્માભિમાન, તેઓમાં જરા પણ રહ્યું નથી. આવી કર્તવ્યશૂન્યતા, આવું આલસ્ય, આવું ઔદાસીન્ય આપણામાં ક્યાંથી આવ્યું? તે કાંઇ સમજાતું નથી. અજ્ઞાન અને દારિદ્રની સાથે આપણે આટલી ધાડી મૈત્રી શા માટે બાંધી છે? એનો જવાબ માત્ર એટલોજ છે કે "બુદ્ધિઃ કર્માનુસારિણી" અસ્તુ.

વીર વિઠ્ઠલરાવે નજીબઉદ્દૌલાને રણાંગણમાંથી નસાડયો અને મીર શાહબુદ્દીનને દિલ્લીના પાદશાહની પાસે ખેંચી આણ્યો. આ બ્રાહ્મણનું આવું અપૂર્વ શૌર્ય જોઇને દિલ્લીના સર્વ રાજદ્વારી પુરુષોએ મોંમાં આંગળાં ઘાલ્યાં. પાદશાહે ભરદરબારમાં વિઠ્ઠરાવને મોટા સમારંભપૂર્વક "રાજે તુલ્મુલુખ બહાદર" આ ખિતાબ સમર્પણ કર્યો. પરંતુ વિઠ્ઠલરાવે કહ્યું કે "મારા સ્વામિ પેશ્વાને સુદ્ધાં આ માન મળ્યું નથી તો આ કિંકરે એ માનનો સ્વીકાર શી રીતે કરવો?" પાદશાહે કહ્યું "આ ખિતાબ હું તમને આપું છું, માટે તમે તેનો સ્વીકાર કરો."

વર્તમાન સમયમાં રાજ્ય તરફના માનપાન માટે ખરી યોગ્યતાને અભાવે જેમ તેમ ફાંફાં મારનાર વીરાવતંસ (!) સજ્જનો જો કોઇ કોઇ જણાતા હોય તો તેઓના અને અગાઉના વીર પુરુષોના ગુણ કર્મમાં કેટલું અંતર છે ? તે સુજ્ઞ વાંચકો સ્વતઃજ સારી રીતે સમજી શકે છે.

થોડા દિવસમાં અબદાલી અને તેના પંજાબના સુબેદારની વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થયું. આ સંધિ ગઘોબાએ સાધી; તેમણે વિંચુરકર તથા હોલ્કરને પોતાની સાથે લઇને પંજાબપર આક્રમણ કર્યું. તેમને પૂર્ણ વિજય મળ્યો. પંજાબમાં મરાઠાઓનું સંપૂર્ણ સ્વામિત્વ સ્થાપિત કરીને મરાઠા સૈન્ય પુનઃ દક્ષિણમાં આવ્યું.

તેઓ દક્ષિણમાં આવ્યા ત્યાર પછી હૈદરાબાદના નિઝામની સાથે યુદ્ધ થયું. આ યુદ્ધને તાંકુળનીનું યુદ્ધ કહેવામાં આવે છે. આ યુદ્ધમાં પણ મરાઠાને વિજય મળ્યો.

તત્પશ્ચાત્ થોડા દિવસમાં પાણિપતનું ભયંકર યુદ્ધ જાગ્યું. સમગ્ર દક્ષિણ પ્રદેશ, શત્રુઓને હરાવી હતા નહતા કરવા અને રામના સેતુથી હિમાચલ પર્યંત મરાઠા સામ્રાજ્ય સ્થાપિત કરવા, ઉત્તર હિંદુસ્તાન તરફ ચાલ્યો. મહારાષ્ટ્ર ભૂમિમાંથી અઢી લાખ શૂરા યોદ્ધાઓ શત્રુ સંહારાર્થે ચાલ્યા. આ વખતે સદાશિવરાવ ભાઉ સેનાપતિ હતા. યુવરાજ વિશ્વાસરાવ પણ તેમની સાથે હતા. મહારાષ્ટ્રના સર્વ યુદ્ધનિપુણ સરદારો આ યુદ્ધમાં ભાગ લેવાને ગયા હતા. ઉમદે તુલ્મુલુખ વિંચુરકર પણ તેમાં હતા. આ વખતે મરાઠાઓનું સૌભાગ્ય નષ્ટ થવાનો ઇશ્વરી સંકેત હતો. ભાઉ સાહેબના ગર્વનો પાર નહોતો. તે કોઇનું પણ કહ્યું માનતા નહોતા. શિંદે, હોલ્કર, વિંચુરકર પ્રભૃતિ પ્રમાણિક અને પ્રત્યેક પ્રસંગે પેશ્વાને ઉપયોગી થઇ પડેલા સરદારો તેને તુચ્છ લાગતા હતા. બળવંતરાવ ગણપત નામનો મહા દુષ્ટબુદ્ધિ મંત્રી આ વખતે ભાઉ સાહેબને મળ્યો હતો. શિંદે, હોલ્કરની સલાહ તેમને

પસંદ પડતી નહોતી. તેમનું દુર્દૈવજ ફરી વળ્યું હતું ત્યાં તેમનો શું ઉપાય ચાલે ? ખુદ અબદાલી તહ કરવાને તૈયાર થયો હતો, અને તેણે તે માટે સંદેશો પણ મોકલ્યો હતો. તેને મરાઠાઓનો ઘણો ડર લાગ્યો હતો. પરંતુ અણીના વખતે સર્વ બાજી પલટાઇ ગઇ. કુંજપુરપર હલ્લો કરી મરાઠાઓએ પાંચ છ હજાર પઠાણોને જીવતા કાપી નાંખ્યા. અબદાલીના મૂછના બાલ કુતુબશાહને હાથીપરથી ઢાળી પાડયો અને તેને તોપને મુખે બાંધી ઉડાવ્યો. મરાઠાઓએ આવો કેર વર્તાવી મૂકયો હતો. આથી અબદાલીની પગની ઝાળ મસ્તકે ચઢી અને 'મરવું કે મારવું' એવો નિશ્ચય કરી તે મરાઠા સૈન્ય ઉપર તૂટી પડયો. આ વખતે મરાઠા સૈન્ય અસાવધ હતું. તે એકાએક અબદાલીને જોઇને ગભરાઈ ગયું. પરંતુ ગમે તેવા પણ મરાઠાઓ શૌર્યવાન હતા. તેઓ થોડીવાર પછી પૂર્ણ ઉત્સાહપૂર્વક અબદાલીની સામે લડવા લાગ્યા. જેથી અબદાલીનો પરાભવ થયો. તેના સૈનિકો રણાંગણમાંથી નાસવા લાગ્યા. આ સ્થિતિ જોઈ અબદાલી પોતાના સૈનિકોને ઉદ્દેશીને બોલ્યો "ભાઇઓ તમે જીવ લઇને નાશીને કયાં જઈ શકશો ? આપણો દેશ તો ઘણો દૂર રહ્યો છે. અને મરાઠાઓ આપણને કાંઇ ત્યાં જવા દેનાર નથી. માટે અપકીર્તિ સાથે મરવું તેના કરતાં શત્રુની સામે લડીને મરવું એજ સારૂં છે.' અબદાલીની આ કાકલુદીપર તેના સૈનિકોએ લક્ષ્ય આપ્યું નહિ. હવે અબદાલી છેલ્લે પાટલે બેઠો. તેણે અને તેના વઝીરે "જો તમે યુદ્ધ કરવાને પાછા નહિ ફરશો તો અહીંઆં ને અહીંઆંજ તમને ઠાર કરીશું" એવી તેમને ધમકી આપી, એટલું જ નહિ પરંતુ તેમણે પોતાનાં સો બસેં માણસોની ગરદન ઉડાવી પણ દીધી ! આથી અબદાલીના નાસતા સૈનિકો પાછા ફર્યા અને પૂર્ણ શૌર્યપૂર્વક તેઓ મરાઠાની સામે ઝુઝવા લાગ્યા. બસ ! બસ ! મરાઠાઓનું પુણ્ય

સમાપ્ત થયું. તેમની દશા બદલાઇ. તેઓ હરહર મહાદેવ*નો ઘોષ કરીને પઠાણોની ઉપર તુટી પડયા. નાના સાહેબના ચિરંજીવ વિશ્વાસરાવ પ્રાયઃ અષ્ટાદશ વર્ષની વયના હતા. તેઓ હાથમાં શમશેર લઇને યુદ્ધના મધ્ય ભાગમાં ઉભા હતા. તેઓ "મારો, કાપો, ઉડાવો, તોડો, ફોડો" આ પ્રકારના ઉદ્દગારો કાઢી પોતાના સૈનિકોને ઉત્સાહ આપતા હતા. એટલામાં શત્રુદળમાંથી એક ગોળી આવી તેમના હૃદયમાં પ્રવેશી ગઇ અને બીજી ગોળી તેમના કપોળમાં વાગી. હવે વિશ્વાસરાવ હોદ્દાપરથી નીચે તુટી પડયા. સૈનિકોને આ ઘટનાની ખબર નહિ પડવા દેવાને માટે ખિદમતગારોએ તેમના અંગપર શેલુ નાંખ્યુ. સદાશિવરાવનાં પત્ની પાર્વતીબાઇ તેમની નિકટજ હતાં. તેમણે વિશ્વાસરાવનો અવાજ કેમ બંધ પડયો તેની તપાસ કરી તો, તેમને 'તેમનું પતન થયુ છે' એ વાત વિદિત થઇ. સ્ત્રી જાતિ આ વાત મુંગે મોઢે શી રીતે સહન કરી શકે? તેણે આક્રંદ કરવા માંડયું એટલે સૈન્યમાં સર્વત્ર હાહાકાર પ્રવર્તી રહ્યો. બ્રાહ્મણ સ્ત્રી અને તે વળી શ્રીમંત પુણ્ય પ્રતાપી પેશ્વાના ઘરની. તે તાપમાં કદિ ઘર બહાર પગ પણ કાઢે? પરંતુ ના, તે કાળ જુદો હતો, તે વખતનાં માણસો જુદા પ્રકારનાં હતાં. 'મારો પુત્ર નાજુક છે, કોળીઓ ભાત ત્રણ વખત જગીને પુરો કરે છે, બહુ બીકણ છે' એવી એવી વાતો આજની સ્ત્રીઓ પોતાની પાડોશણની પાસે બેસીને કરે છે. પરંતુ તે વખતની

*આર્યભૂમિના વીર પુત્રો પૂર્વે શત્રુઓપર તુટી પડતા હતા ત્યારે "હર હર મહાદેવ"નો ઘોષ કરતા હતા. દુર્દૈવે હમણાં તેજ "હર હર મહાદેવ"નો ઘોષ લાડુભટો ભોજન સમયે કરે છે! આ ઉપરથી રણવીર 'ભટ' યોદ્ધા કેવા 'ભટ્ટ' (લાડુભટ!) થઇ ગયા છે તે સારી રીતે સમજાય છે. સમરાંગણના શૌર્યોત્તેજક ઉદ્દગાર હાલમાં ભોજનકાળે આનંદસૂચક ઉદ્દગાર થઇ પડયા છે!

સ્થિતિ તેવી નહોતી. અસ્તુ. વિશ્વાસરાવના મરણની ખબર ત્વરિતજ મરાઠા સૈન્યમાં પ્રસરી ગઇ. જ્યાં ત્યાં હાહાકાર થઈ રહ્યો. સર્વને ભય લાગ્યો કે શુકન કાંઈ સારા જણાતા નથી. ભાઉ સાહેબ તો છેક હતાશ થઇ ગયા. તેમને સમગ્ર જગત્ ઉજ્જડ દેખાવા લાગ્યું. પરંતુ ગમે તેવો પણ તે શૂરો સરદાર હતો. તેણે શોકને તિલાંજલિ આપી અને તે દ્વિગુણ શૌર્યથી અફઘાનો પર તૂટી પડયો. પરંતુ વિશ્વાસરાવ પડતાં સર્વ મરાઠાઓના પગ ઢીલા થયા હતા. ધીમે ધીમે અફઘાનો આગળ ધસવા લાગ્યા. મરાઠા સૈન્ય પાછળ હઠવા લાગ્યું. ધીમે ધીમે મરાઠા સૈન્ય વિખેરાવા લાગ્યું. સૌ પોતપોતાના પ્રાણ બચાવવાને માટે નાસવા લાગ્યા. મરાઠાઓનો સાધારણ નિયમ એવો હતો કે કોઇ વખત પાછળ હઠવું, અને કોઇ વખત પાછળ હઠવા જેવો દેખાવ કરવો; પરંતુ આ વખતે તેવો પ્રકાર નહોતો. સૌ ખરેખર નાસવા લાગ્યા હતા. ભાઉ સાહેબનો નિશ્ચય એક પણ ડગલું પાછળ નહિ ભરવું એવો હતો, પરંતુ સૈનિકોને નાસતા જોઈ તે પણ ગભરાઇ ગયા. તેમણે ઉચ્ચ સ્વરે પોતાના સૈનિકોને કહેવા માંડયું " અરે નાસો નહિ, ગભરાઇ કેમ ગયા છો ? દક્ષિણમાં જઇને શું મ્હોં બતાવશો ? વિશ્વાસરાવ રણમાં પડયા; તમે નાના સાહેબને શું જવાબ દેશો ? " આ પ્રકારે તેમણે બહુ બહુ બૂમો પાડી, પરંતુ કોઇએ તેના તરફ લક્ષ્ય આપ્યું નહિ. સર્વ જણ નાશી છૂટયા, નાસવા માંડેલા સૈનિકોને પાછા આણવાનો બીજો કોઈ ઉપાય શેષ નહિ રહ્યાથી ભાઉ સાહેબે પોતાના બાકી રહેલા માણસોને જયસૂચક વાદ્ય વગાડવાની આજ્ઞા કરી. તે વાદ્ય સાંભળીને પણ કોઈ સૈનિક પાછો ફર્યો નહિ. જે તે જીવ લઇને નાસવા લાગ્યા. ' મારો મારો ' કહીને ભાઉ સાહેબ બૂમ પાડતા હતા. આ અવાજ કરતાં કરતાં તેમનો સાદ પણ બેસી ગયો, પરંતુ તેમની ઇચ્છા સફળ થઈ

નહિ. સોનાજી બાપકર ભાઉ સાહેબની પાસે ઉભો હતો તે સુદ્ધાં પલાયન કરવા લાગ્યો. "અરે સોનાજી! સોનાજી! નાસો માં" એવી ભાઉ સાહેબે બૂમ પાડી; પરંતુ "નાશી ગયેલા માણસોને પાછા તેડી લાવું છું." એવું બહાનું કરીને તે ગયો અને તેણે પુનઃ પોતાનું મુખજ ભાઉ સાહેબને બતાવ્યું નહિ. કેટલાક સૈનિકોએ તેમને સલાહ આપી કે "ભાઉ સાહેબ! હવે સમરાંગણનો ત્યાગ કરો. પાછળથી સમય અનુકૂળ થશે ત્યારે આપણે વૈર લઈશું." પરંતુ આ સલાહ તેમના ધ્યાનમાં ઉતરી નહિ. તેમણે તેમને આ પ્રમાણે વારંવાર કહ્યું, પરંતુ તે એકના બે થયા નહિ. આવડી મોટી ફોજમાંથી ભાઉ સાહેબની પાસે માત્ર પચાસ જણ રહ્યા હતા; પરંતુ તેઓ એટલા માણસોની મદદ વડે પ્રબળ શત્રુની સામે લડતા હતા. શિંદે, નજીબઉદૌલા, વિઠ્ઠલ શિવદેવ, દામાજી ગાયકવાડ અને શમશેર બહાદુર, એમણે અંત પર્યંત ભાઉ સાહેબનો સાથ છોડયો નહોતો. ભાઉ સાહેબની સાથે અઢી લાખ માણસો આવ્યા હતા તેમાંથી માત્ર પચાસ માણસો આ વખતે તેમની સાથે રહીને યવનોની સાથે નગ્ન શમશેરથી યુદ્ધ કરતા હતા! ખરેખર, ભાઉ સાહેબના ધૈર્યની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછીજ છે. અહો, તેમણે પાછળ પગ ન મૂકવો એ નિશ્ચય ક્યાં સુધી ટકાવી રાખ્યો? 'સ્વામિસેવામાં ત્રુટિ પડવા દેવી નહિ અને શત્રુને પીઠ બતાવવી નહિ' એવાં પણનું પાલન કરવાને માટે વીશ હજાર સૈનિકોની સામે માત્ર પચાસ માણસો ઉભા રહીને ઝુઝતા હતા! આ તે કેવું અડગ ધૈર્ય! આ તે કેવું અદ્ભુત–અલૌકિક વિલક્ષણ ધૈર્ય! મહારાષ્ટ્ર ભૂમિનું પયઃપાન કરનાર માણસો આવું ધૈર્ય દાખવે તેમાં આશ્ચર્ય નથી. આ સમયે પ્રસ્તુત જીવનચરિત્રના નાયકને ભયંકર ઘાવ થયા. મસ્તકપર એક અસિપ્રહાર થયો, હૃદયમાં એક બરછીનો પ્રહાર થયો અને જાંગમાં એક તીર લાગ્યું. હવે રણાંગણમાં માત્ર

એકલા વિઠ્ઠલરાવ રહ્યા, અન્ય સર્વમાંથી કોઇ નાશી ગયા અને કોઇ કપાઈ મુઆ. બીજું એક પણ જીવંત મનુષ્ય પ્રાણી ત્યાં નહોતું. યવનોએ મરાઠાઓની કતલ યથેચ્છ કરી. પાણિપતની ઘોર રણભૂમિ રુધિરપાનથી સંપૂર્ણ તૃપ્ત થઇ. છેવટે વિઠ્ઠલરાવ પણ તમ્મર ખાઇને નીચે તૂટી પડ્યા. તેમના બે સ્વામિનિષ્ઠ સેવકો તેમના પ્રેતની શોધ કરવાને માટે ત્યાં આવ્યા. સમરભૂમિમાં તપાસ કરતાં કરતાં તેમનો આખો દિવસ નીકળી ગયો. બીજે દિવસે પણ તેમણે પોતાની તપાસ જારી રાખી. આખરે તેઓ નિરાશ થઇને પાછા ફરવાની તૈયારીમાં હતા એવામાં વિઠ્ઠલરાવનું રક્તાવૃત્ત મુખ તેમને દ્રષ્ટિગોચર થયું. તેમની આસપાસ શબના ઢગલા પડેલા હતા અને ગીધ વગેરે પક્ષીઓ આનંદપૂર્વક તેમાંથી માંસના લોચા તોડી તોડીને ખાતાં હતાં. પાસે જઇને તેમણે નિરીક્ષણ કર્યું તો તેમને પોતાના સ્વામિ જીવંત જણાયા. હવે તેમના આનંદનો પાર રહ્યો નહિ. તેમણે પોતાના મસ્તકપરની પાઘડી તડાતડ તોડી નાંખી અને તે વતી પોતાના સ્વામિને થયેલા જખમપર પાટા બાંધ્યા. આવી સ્થિતિમાં વિઠ્ઠલરાવને ત્રણ દિવસ પર્યંત ખાવાને અન્ન અને પીવાને પાણી મળ્યું નહોતું. ઉક્ત સેવકોએ તેમને થોડા ચણા અને થોડું પાણી આપ્યું. પછી વિઠ્ઠલરાવનો હજુરીઓ બાલાજી જગતાપ પોતાના સ્વામિને પોતાની પીઠ પર લઇને રણમાંથી બહાર નીકળ્યો. શિવ! શિવ! કાળનો પ્રતાપ ખરેખર અગાધ છે! અહા! વિઠ્ઠલરાવ પર આ કેવો પ્રસંગ આવી પડયો? પરંતુ આ પ્રસંગથી આપણને જેટલો શોક થાય છે તેના કરતાં તેમની સ્વામિસેવા, તેમની કર્તવ્યદક્ષતા અને તેમનું શૌર્ય જોઇને લક્ષપટ અધિક આનંદ થાય છે. અસ્તુ, મહારાષ્ટ્રમાં આવાં નરરત્નો પાકયાં છે તેથીજ તેની કીર્તિ યાવચ્ચંદ્રદિવાકરૌ અબાધિત રહેશે.

આ પ્રકારે વિઠ્ઠલરાવને પોતાની પીઠપર લઇને જેમ તેમ કરી

તેમના નોકરો દક્ષિણમાં લઇ આવ્યા. ત્યાં આવ્યા પછી તેમના જખમો રૂઝાયા. તેમના બાહ્ય ઘાવ તો રૂઝાયા, પરંતુ પરાજયના અપમાનથી તેમના અંતરમાં જે ઘાવ પડયા હતા તે રૂઝાયા નહિ. કુરુક્ષેત્રના (એજ પાણીપતમાં થયેલા) યુદ્ધ પ્રસંગે ભારતીય વીરશ્રેષ્ઠ અર્જુનને જે પ્રમાણે યુદ્ધકાર્યને તિલાંજલિ આપવાનો વ્યામોહ ઉત્પન્ન થયો હતો તેજ પ્રમાણે વિઠ્ઠલરાવને પણ "હવે હાથમાં શમશેર પકડવી નહિ, તીર્થયાત્રા કરવામાં શેષ જીવન ગાળવું" એવો વ્યામોહ ઉત્પન્ન થયો. તેઓ મજલ દરમંજલ કરતા નાના સાહેબની પાસે પહોંચ્યા અને તેમને સાષ્ટાંગ પ્રણામ કરીને બોલ્યા "હું મહાન પાપી છું તેથી સંકટો અને દુઃખો પ્રાપ્ત થયાં તે છતાં પણ બચ્યો છું. ઇશ્વરેચ્છા આગળ આપણો ચારો નથી. મારી અંતિમ પ્રાર્થના એજ છે કે હવે મારે તીર્થયાત્રા કરવામાં મારૂં શેષ જીવન વ્યતીત કરવું છે, માટે મને રજા આપવાની કૃપા કરો." આ પ્રમાણે બોલતાં બોલતાં તેમની આંખમાં અશ્રુ આવ્યાં. ત્યારે નાના સાહેબનું હૈયું પણ ભરાઇ આવ્યું. ઘણીવાર સુધી તેમના મુખમાંથી ઉચ્ચાર નીકળ્યો નહિ. પછી તેમણે વિઠ્ઠલરાવનો હાથ પકડી તેમને પોતાની પાસે બેસાડયા અને તેમને કહ્યું "તમે એમ કેમ બોલો છો ? તમે શૂરા થઇને આવાં કાયરતા ભરેલાં વચનો કેમ બોલો છો ? શત્રુપર વેર લીધા વિના રહેશો તો સ્વર્ગમાં વડીલો શું કહેશે ? ગમે ત્યારે પણ શત્રુને શમશેર બતાવો. આ પ્રમાણે અધીરા થવાની કાંઈ જરૂર નથી." આ શિવાય પણ કેટલાંક બોધવચનો તેમણે તેમને કહ્યાં. આથી વિઠ્ઠલરાવે પોતાના હાથમાં પુનઃ શમશેર પકડવાનો નિશ્ચય કર્યો. પરંતુ ત્યાર પછી થોડા વખતમાં નાના સાહેબ પેશ્વા, પુત્રશોકથી તથા બંધુશોકથી અને પાણિપતમાં થયેલા પરાભવના અપમાનથી મૃત્યુશરણ થયા. તેમની પછી પેશ્વાઈનાં વસ્ત્રો

તેમના જ્યેષ્ઠ પુત્ર માધવરાવને મળ્યાં. માધવરાવની કારકીર્દી એ મરાઠાના પ્રતાપદિનકરનો પૂર્ણ મધ્યાન્હકાળ છે. ખરેખર! માધવરાવના જેવો શૂરો, પરમન્યાયી, રાજ્યકાર્યં દક્ષ અને રણધુરંધર પેશ્વા બીજો કોઈ થયોજ નથી. આજ પેશ્વાની કારકીર્દીમાં વીરશ્રેષ્ઠ મહારાષ્ટ્રીયોએ હિંદુપદ પાદશાહીની ઉભી કરેલી ભવ્ય ઈમારતમાં ગૃહકલહાગ્નિ પ્રદીપ્ત થયો હતો. આ સર્વભક્ષક અગ્નિ શનૈઃ શનૈઃ અધિકાધિક પ્રદીપ્ત થતો ગયો હતો, પરંતુ માધવરાવના જેવા ચાણક્ય પેશ્વાના સમયમાં તેનું જોર વિશેષ ફેલાયું નહોતું. વચ્ચે વચ્ચે તેની ગિણગારીઓ ઉડતી હતી, પરંતુ માધવરાવ તેને દાબી દેવાને માટે સદા સર્વદા તત્પર રહેતા હતા. પ્રસ્તુત ચરિત્રના નાયક વિઠ્ઠલ શિવદેવને આ કલહાગ્નિની ચિણગારીઓ કોઈ કોઈ વખત લાગતી તેનું સમગ્ર વૃત્તાંત હવે કરવામાં આવશે.

શ્રીમંત નાનાસાહેબ કૈલાસવાસી થયા અને પેશ્વાઈનાં વસ્ત્રો માધવરાવને મળ્યાં ત્યારે સર્વ કારભાર રાઘોબાના હાથમાં હતો. કારણ કે પેશ્વા અલ્પવયસ્ક હતા. ઉત્તર હિંદુસ્થાનમાં પેશ્વાની સત્તા છિન્નભિન્ન થઈ ગઈ. પાણિપતના યુદ્ધમાં મરાઠાઓનો પરાભવ થયો, તેથી ઉત્તર હિંદુસ્થાનના માંડલિક રાજાઓએ પેશ્વાને ખંડણી આપવાની ના પાડી. સર્વ રાજાઓ પેશ્વાનો દેશ વિશેષ અને વિશેષ લઈ લેવા લાગ્યા, તેમને લાગ્યું કે "હવે મરાઠાઓ નર્મદા ઉતરીને આ તરફ આવી શકવાના નથી. તેમને હાય લાગી છે અને હવે તેમનો સંપૂર્ણ નિપાત થયો છે. હવે દક્ષિણમાંથી ઉત્તર હિંદુસ્થાનમાં આવવાની કોઈની હિમ્મત ચાલવાની નથી. જો સ્વયં રાઘોબા ઉત્તર હિંદુસ્થાનમાં જાય તો નિઝામ દક્ષિણમાં મરાઠા સામ્રાજ્ય ડુબાવવાનો પ્રયાસ કરે, એમાં જરા પણ સંશય નહોતો. વળી કર્ણાટકમાં મરાઠાઓની સામે થવાને હૈદરઅલ્લી તૈયાર હતો. સર્વ મોટા મોટા સરદારો પાણિપતના યુદ્ધમાં મરણ પામ્યા

હતા. પુખ્ત વયના સલાહકાર કોઈ રહ્યા નહોતા. પશ્ચિમે નિઝામ, ઉત્તરમાં છપ્પન માંડલિક રાજાઓ અને દક્ષિણમાં હૈદર, એ લોકો મરાઠા સામ્રાજ્યનો નાશ કરવાને તલપી રહ્યા હતા. આ સર્વ પ્રબળ શત્રુઓના પંજામાંથી બચવાનું કાર્ય કેટલું કઠિન હતું તેની પાઠકોએ જ કલ્પના કરી લેવી. આટલા તો બાહ્ય શત્રુઓ હતા, પરંતુ અંદરના શત્રુઓ તો જુદાજ. સતારા અને કોલ્હાપુરના રાજાઓ મૂળ માલિક હોવાથી પેશ્વાનો નાશ કરવાને માટે તેઓ ટમટમીજ રહ્યા હતા. સંક્ષેપમાં આ સમય ભયંકર અને અણીનો હતો. સંરક્ષણ થવાનો સંભવ જણાતો નહોતો. સમગ્ર મહારાષ્ટ્રની પાયમાલી થવાનો આ કાળ હતો. પરંતુ નહિ; તે સમયના મરાઠાઓ અપૂર્વ બુદ્ધિશાળી હતા. ભલેને આકાશ તૂટી પડે કિંવા પ્રત્યક્ષ કૃતાંત કાળ તેમનો ગ્રાસ કરવાને માટે આવે, તોપણ તેઓ જરા સરખા ડગે એવા નહોતા. આવી ભયંકર પરિસ્થિતિમાં પણ પોતાનો બચાવ કરવાનું શારીરિક અને બૌદ્ધિક વિલક્ષણ સામર્થ્ય તેમનામાં હતું. આવા કઠિન પ્રસંગમાંથી પણ મરાઠાઓ સુરક્ષિત રીતે બહાર નીકળ્યા અને પૂર્વવત્ પોતાનો દબદબો રાખ્યો. એટલુંજ નહિ, પરંતુ તેથી પણ અધિક દબદબો વધાર્યો, એ વાત આગળ વાંચવાથી સમજાશે.

ઉત્તર હિંદુસ્તાનમાં જે અવ્યવસ્થા પ્રસરી રહી હતી તેની નિવૃત્તિ કરવા જવાની કોઈની હિમ્મત થતી નથી એવો પ્રકાર જોઈ રાજા બહાદુર વિઠ્ઠલ શિવદેવને તે પ્રદેશમાં મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો. શિંદે પ્રભૃતિને તે પ્રદેશમાં જવાની હિમ્મત થતી નહોતી. તેમને અત્યંત ભય લાગ્યો હતો. પરંતુ વિઠ્ઠલ શિવદેવ તો સ્વામિની આજ્ઞા થતાંની સાથે સાક્ષાત્ યમરાજાપર પણ આક્રમણ કરતાં પાછા હઠે એવા નહોતા. ‘ તમે ઉત્તર હિંદુસ્તાનમાં જાઓ ’ એ શબ્દો સવાઈમાધવરાવના મુખમાંથી બહાર નીકળ્યા કે તરતજ તેઓ શમશેર ચમકાવતા તે તરફ કૂચ કરવા લાગ્યા.

આ સમય કેવો ભયંકર હતો તેનું ચિત્ર આલેખતાં પ્રબળ કલ્પનાશક્તિ પણ હારી જાય છે! રાઘોબાએ વિઠ્ઠલરાવપર જે પત્ર લખ્યો હતો તેમાંનાં કેટલાંક વાક્યો અમે ઉદ્ધૃત કરીએ છીએ, તે વાંચવાથી તે પ્રસંગની ખરી સ્થિતિ ઉત્તમ રીતે લક્ષમાં આવશેઃ "હાલ નવા પ્રાંત સર કરવાની તો વાતજ દૂર રાખજો. પૂર્વે સર કરેલા પ્રાંતો સાચવી રાખશો તો બહુ છે. + + + + + સાંપ્રતનો કાળ વિલક્ષણ છે. તેથી આપણા મનોરથ સિદ્ધ થવા કઠિન છે. થવાનું હોય તે થયાજ કરે છે. આપણે પુરુષ છીએ, માટે પુરુષાર્થ કરવા ચૂકવું નહિ. હાલ સર્વ આધાર તમારાપર છે. કિલ્લા સાચવી રાખશો એટલે બસ." આ વાક્યો રાઘોબાએ સ્વહસ્તે લખેલા પત્રમાંનાં છે. એ ઉપરથી રાઘોબાને સ્વતઃને કેટલો ભય હતો તે સારી રીતે સમજાશે. પરંતુ વિઠ્ઠલ શિવદેવ અપૂર્વ યુક્તિબાજ, પૂર્ણ શૂર અને પાકો રાજકારસ્થાની પુરુષ હતો. તેણે અલ્પ સમયમાં મરાઠાઓની સત્તા પૂર્વવત્ ઉત્તર હિંદુસ્થાનમાં પ્રસ્થાપિત કરી દીધી. કોઈ પણ તેની સામે ચૂં કે ચાં કરી શકતું નહોતું. ખંડણી સુલભતાથી મળવા લાગી. મરાઠાઓ હજી પણ દક્ષિણમાં પ્રબળ છે એવી લોકોની ખાત્રી એકલા વિઠ્ઠલરાવે કરી આપી. કદાચ વિઠ્ઠલરાવે પાણિપતના યુદ્ધમાં થયેલા પરાભવનું વૈર પણ લીધું હોત. પરંતુ હિંદુપદ પાદશાહીના તખ્તની નીચે જે કલહાગ્નિ પ્રદીપ્ત થયો હતો, તે અધિકાધિક પ્રબળ થવા લાગ્યો, તેથી તેમને પોતાનાં કાર્યો જ્યાંનાં ત્યાંજ છોડી દક્ષિણમાં પાછા ફરવું પડયું.

રાઘોબા અને માધવરાવને બનતું નહોતું. રાઘોબાને કેદ કર્યા શિવાય પેશ્વાનો કારભાર સુગમતાપૂર્વક ચાલે એવો સંભવ નહોતો. વળી રાઘોબાનો વિચાર કાંઈ ઓરજ હતો! ગમે તેમ કરીને પેશ્વાઈ પદ મેળવવું-તેને ખાતર જે ભોગ આપવા પડે તે ખુશીથી આપવા

એવો વિચાર તેના મસ્તકમાં ઘૂમતો હતો. પોતાનું કાર્ય સિદ્ધ કરવાને માટે તે, તેના મિત્રો અને નોકરો, પૂના છોડી વિંચુર તરફ ચાલ્યા ગયા. હૈદરાબાદનો નિઝામ પેશ્વાનો કટ્ટો શત્રુ હતો; અનેક વખત તેની ખોડ ભૂલાવી દઇને મરાઠાઓએ તેને પુતળાંની માફક નચાવ્યો હતો. પરંતુ તેનીજ સલાહ લઇને રાઘોબાએ પેશ્વાઇ પદ મેળવવાની દુરાશા ધારણ કરી હતી. સખારામ બાપુના જેવા આખા ડાહ્યાએ પણ તેને તેનીજ સલાહ આપી હતી! રાઘોબાએ નિઝામ ઉપર સંદેશો મોકલ્યો કે; "જો તમે મને સાહાય્ય કરીને માધવરાવને પદ-ભ્રષ્ટ કરી મને પેશ્વાઈ પદ અપાવશો તો હું તમને પચાસ લાખની ઉપજનો પ્રદેશ આપીશ." શાબાશ (!) રાઘોબાની અક્કલને! ધન્ય (!) છે તેની મહત્વાકાંક્ષાને! અને ધન્ય (!) છે સખારામ બાપૂની સ્વામિ-પરાયણતાને! નિઝામ તો માર્ગપ્રતીક્ષા કરતોજ બેઠો હતો. તે તર-તજ રાઘોબાના પક્ષમાં મળ્યો. વિઠ્ઠલરાવ રાઘોબાના હાથ નીચે દીર્ઘ-કાળ પર્યંત રહ્યા હતા. તે એક બહાદુર પુરુષ છે એવી તેમને ખાત્રી થઇ હતી, અને રાઘોબા પેશ્વાના કુટુંબમાં વડીલ હતો તેથી તેની આજ્ઞા શિરસાવંધ કરવી એ તેમનું કર્તવ્ય હતું. આથી રાઘોબાએ તેમનાપર પત્ર લખ્યો કે; "દેખત હુકમ મારી હજુરમાં હાજર થવું." આથી ઉત્તર હિંદુસ્થાનમાં કરવાનાં સર્વ કાર્યો છોડીને વિઠ્ઠલરાવ મંજલ દરમંજલ કૂચ કરતા પૂનામાં આવી પહોંચ્યા. આવતાંની સાથેજ તેમણે શ્રીમંત સરકાર માધવરાવની મુલાકાત લીધી. આ વખતે દર-બારના સર્વ કારભારીઓ બદલાઇ ગયા હતા. ત્રિંબકરાવ, મામા પેઠે મુખ્ય કારભારી હતા; ગોપાળરાવ પટવર્ધન નાયબ દિવાન હતા; બાલાજી પંત ભાનૂ (સુપ્રસિદ્ધ કપટ નાટકી સત્રધાર નાના ફડનવીસ) ફડનવીસ હતા; અને હરિ પંત ફડકે લશ્કરી કામદાર હતા. આવી વ્યવસ્થા પૂનામાં થઇ હતી. તેમણે નિશ્ચયપૂર્વક ધાર્યું હતું કે વિઠ્ઠલ

શિવદેવ રાઘોબાના પક્ષના છે. તે વખતે તે મોટા સરદાર હતા, દીર્ઘકાળથી તેઓ રાજવિપ્લવો જોતા આવ્યા હતા, તેથી સર્વ રાજદ્વારી પુરુષોએ તેમને કેદ કરવાનો ઠરાવ કર્યો હતો. આ વાતની સ્હેજ બાતમી વિઠ્ઠલરાવને કર્ણગોચર થઇ કે તરતજ તેમણે પૂના છોડી પોતાને ગામ જવાની તૈયારી કરી. વિંચુર ગયા એટલે રાઘોબાની સાથે તેમનો મેળાપ થયો. રાઘોબાએ તરતજ તેમને પોતાના પક્ષમાં લઇ લીધા. યુદ્ધ કરી માધવરાવની ખોડ તોડવાનો નિશ્ચય કરવામાં આવ્યો. પરંતુ વિઠ્ઠલરાવે રોકડો જવાબ આપ્યો કે; "જ્યાં સુધી પાકા લખાણનો ઠરાર કરવામાં આવે નહિ ત્યાં સુધી હું આ કાર્યમાં ભાગ લઇશ નહિ." રાઘોબાએ તેમના કહ્યા પ્રમાણે પાકા લખાણનો કરાર કરી આપ્યો. સર્વે જણે સૈન્ય એકત્રિત કરી માધવરાવપર આક્રમણ કર્યું. ઉભય પક્ષનાં સૈન્યો વચ્ચે ભયંકર યુદ્ધ શરૂ થયું. રાઘોબાને વિજય અને માધવરાવને પરાજય મળવાનો સંભવ સ્પષ્ટ જણાવા લાગ્યો. પોતાને જય મળવાનો લેશ પણ સંભવ નથી એવી સ્થિાત જોઇ માધવરાવ રાઘોબાની પાસે ગયા અને બોલ્યા; "કાકા, આ શું? આ કલહાગ્નિનું પરિણામ સારૂ આવવાનું નથી. આપની ઇચ્છા હોય તો હું આપને સ્વાધીન રહીશ. આપ કારભાર કરો અને ગાદી સુરક્ષિત રાખો એટલે બસ." માધવરાવનાં આ વચનો સાંભળી રાઘોબાનું હૃદય પીગળ્યું તેણે ગૃહકલહનો અંત આણ્યો. પરંતુ આથી ઉભયપક્ષના સરદારો અને સૈનિકોનાં મન ખાટાં થયાં. માધવરાવના પક્ષના માણુસોએ રાઘોબાપર શસ્ત્ર ઉચક્યાં હતાં અને રાઘોબાના પક્ષના સૈનિકોએ માધવરાવપર શસ્ત્ર ઉંચક્યાં હતાં, પરંતુ હવે તે ઉભય નેતાઓ તો એક થઇ ગયા! આ સંધિનો લાભ હૈદરાબાદના નિઝામે લીધો. તેણે સર્વ સરદારોમાં વિદ્રોહ ફેલાવ્યો અને પૂનાપર આક્રમણ કરી તે શહેરને બાળી લૂટી ફના કરવામાં પણ

પાછી પાની કરી નહિ. પછી પેશ્વા અને હૈદરાબાદના નિઝામની વચ્ચે યુદ્ધ થયું, તેમાં નિઝામનો પરાભવ થયો અને પેશ્વાની વિજયધ્વજા ફરકવા લાગી.

માધવરાવ પેશ્વાએ સૈન્ય સાથે જાતે જઇને કર્ણાટકપર આક્રમણ કર્યું. આ વખતે વિઠ્ઠલ શિવદેવ પણ તેમની સાથે હતા. પરંતુ તે માધવરાવના મનથી ઉતરી ગયા હતા. માધવરાવની તેમનાપર ઈતરાજી

ઇ૦ સ૦ ૧૭૬૪.

હતી. એટલામાં એક દિવસ વિઠ્ઠલરાવના માણસોને પેશ્વાની હજુર પાગાના માણસો સાથે તકરાર થઇ. આ વાત માધવરાવના કાનપર આવી. માધવરાવનો સ્વભાવ અતિ ઉગ્ર હતો. ઉપરની વાત સાંભળતાંની સાથેજ તેણે કહ્યું "વિઠ્ઠલરાવ કોણ થાય છે? તે કેવો મગરૂર છે? એ હમ્મેશાં આપણને ત્રાસ આપે છે. માટે એને કેદ કરીને મારી સમક્ષ લાવો અને એનો સામાન લૂંટી લો." આ વાત વિઠ્ઠલરાવના સાંભળવામાં આવતાં તેમણે 'સ્વમાનના રક્ષણને અર્થે અસિનો ઉપયોગ કરી કત્લ થઈ જવું બહેતર' એવો નિશ્ચય કર્યો. તેઓ પોતાના પાંચ હજાર માણસોને લઇને શમશેર ચમકાવતા પેશ્વાના મોકલેલા માણસોની માર્ગપ્રતીક્ષા કરતા ઉભા. આ વર્તમાન હોલ્કરના સાંભળવામાં આવ્યા કે તરતજ તેઓ માધવરાવની પાસે દોડી ગયા અને તેને સમજાવવા લાગ્યા; "મહારાજ! વિઠ્ઠલ શિવદેવ જુનો નોકર છે અને મહા પરાક્રમી માણસ છે. એના સંબંધમાં આપે આ વિપરીત બુદ્ધિ શી ધારણ કરી? એના પાંચ હજાર માણસનો નાશ થયા પૂર્વે આપણા દશ હજાર માણસોનો ભોગ અપાશે. આ રીતે પંદર હજાર માણસોની આહુતિ અપાય ત્યારે કદાચ વિઠ્ઠલ શિવદેવ સ્વાધીન થાય તો થાય. એના કરતાં જો આપને આવા બહાદુર માણસનો કંટાળોજ આવ્યો હોય તો એને એકાદ દેશ સર કરવાને

મોકલ્યો." આ પ્રકારે મલ્હારરાવે માધવરાવ પેશ્વાને સમજાવી તેનો ક્રોધ શાંત પાડયો. પછી મલ્હારરાવે વિઠ્ઠલરાવ અને માધવરાવનો મેળાપ કરાવ્યો અને તેમનું વૈમનસ્ય દૂર કરાવ્યું. વિઠ્ઠલરાવે શમશેર ચમકાવી ખુદ પોતાના સ્વામી ઉપર પ્રહાર કરવાની તૈયારી કરી હતી તે છતાં પણ તેનો વાળ વાંકો થયો નહિ—ઉલટ પક્ષે તેના સ્વામિ તેની બહાદૂરી માટે તેના પર પ્રસન્ન થયા. ખટાવકર કૃષ્ણાજી પંતે બંડ કર્યું હતું ત્યારે શાહૂ મહારાજાએ એ શૂર પુરુષ છે, કોઇ દિવસ ઉપયોગી થઇ પડશે એમ ધારી તેનાપર પ્રસન્ન થઇ, તેને જાગીર આપી પોતાની નોકરીમાં રાખ્યો હતો. રાઘોબાનું શિર ઉડાવવાને તૈયાર થયેલા સરદાર પટવર્ધનને પણ પારિતોષિક મળ્યું હતું.

ઉપર જણાવ્યા પ્રમાણે વિઠ્ઠલરાવપર માધવરાવ પ્રસન્ન થયા અને તેમને કર્ણાટકમાંજ રાખ્યા. કર્ણાટકમાં વિઠ્ઠલરાવે પોતાનું અપૂર્વ શૌર્ય પ્રદર્શિત કર્યું અને માધવરાવના મુખમાંથી "શાબાશ! ધન્ય છે!" એવા ઉદ્‌ગારો કઢાવ્યા. હવે માધવરાવની પૂરી ખાત્રી થઇ કે વિઠ્ઠલરાવ ખરો સિંહ બચ્ચો છે. કર્ણાટકમાં મરાઠાઓની વિજય ધ્વજા ફરકવા લાગી. પછી સકળ સૈન્ય પાછું પૂને આવ્યું. પાણિપતનું વૈર લેવું એવી માધવરાવની પ્રબળ ઇચ્છા હતી. રાઘોબા અને વિઠ્ઠલ શિવદેવ આ કાર્ય પાર પાડશે એવી માધવરાવને ખાત્રી હતી. આથી તેમણે પ્રથમ ઉત્તર હિંદુસ્થાનમાં વિઠ્ઠલરાવને રવાના કર્યા. વિઠ્ઠલરાવ મુલકપર મુલક સર કરવા લાગ્યા. માધવરાવની તેમનાપર અતિ કૃપા થઇ. વિઠ્ઠલરાવનું વજન ઘણું વધી પડયું. ગોહદના રાણાપર વિઠ્ઠલરાવે આક્રમણ કર્યું હતું એવામાં મલ્હારરાવ હોલ્કરના મૃત્યુની વાત તેમને કર્ણગોચર થઇ. સર્વ સૈનિકો આ ખબર સાંભળી અતિ શોકનિમગ્ન થયા. આ વખતે રાઘોબા પણ તેમની સાથે હતા. ગોહદના રાણા પાસેથી ખંડણી લઇ તે કાર્ય સમાપ્ત કરી રાઘોબા દક્ષિણમાં ગયા.

વિઠ્ઠલરાવ બંદોબસ્તને માટે ઉત્તર હિંદુસ્થાનમાં રહ્યા. મલ્હારરાવ, વિંચુરકરના પ્રાણપ્રિય મિત્ર હતા. તેથી તેમના મરણની વાત સાંભળી વિઠ્ઠલરાવના શોકનો પાર રહ્યો નહિ. તેઓ હતાશ થયા. એમ કહેવાય છે કે મલ્હારરાવના મૃત્યુ પછી વિંચુરકરના મુખપર કદિ પણ ઉલ્લાસવૃત્તિ દ્રષ્ટિગોચર થઇ નહોતી. એક બે માસ પછી વિઠ્ઠલરાવની પ્રકૃતિ બગડી અને હવે તેમને પોતાનો અંત નિકટ આવેલો લાગ્યો. છેલ્લા દિવસો આમ સંતતિના સહવાસમાં ગાળવાનો નિશ્ચય કરી વિઠ્ઠલરાવ ઉત્તર હિંદુસ્તાનનાં સર્વ કાર્યો ત્યાંનાં ત્યાંજ છોડીને વિંચુર તરફ જવાને નીકળ્યા.

અત્યાર પર્યંત આપણે આ રણધુરંધર અપૂર્વ ક્ષાત્રતેજયુક્ત બ્રાહ્મણ વીરના શૌર્ય ધૈર્યાદિકના વર્ણન રૂપી આનંદસાગરમાં ઉછળતા હતા. પરંતુ હવે દુઃખ સાગર ઉલટવાનો છે. સાસવડના એક રંક બ્રાહ્મણને ઘેર જન્મેલો, પોતાનું પોષણ પણ કરવાને અસમર્થ એવો કાયર માણસ કોકણ, ગુજરાત, હિંદુસ્થાન, કર્ણાટક, પંજાબ વગેરે પ્રદેશોમાં થયેલાં અનેક યુદ્ધોમાં નગ્ન શમશેર ચમકાવતો ઘૂમ્યો હતો એ આપણે જોયું. મેંઢીને ઉદરે જન્મેલા, પ્રમાદી અને ભૂખડીબારશ એવા મેંઢાએ એકાએક ઉગ્ર સિંહનું સ્વરૂપ ધારણ કર્યું અને સર્વ શ્વાપદોને દશે દિશામાં નસાડી મૂક્યા ! તેની બૂમ સાંભળી ભલભલાના હાંજા ગગડી જતા હતા; તેનું નામ સાંભળતાં મોટા મોટાને કંપ છૂટતો હતો; તેનો નિશ્ચય હિમાલયના જેવો અડગ હતો. પરંતુ આ વીરશ્રેષ્ઠનો ગ્રાસ કરવાને માટે કાળ હવે તલપી રહ્યો હતો. ઘણા માણસોને વિઠ્ઠલરાવ કાળસમાન લાગતા હતા, પરંતુ તેમને પણ સર્વભક્ષી કાળને આધીન થવું પડયું. તેઓ દીન ગાય બનીને શય્યાવશ થયા અને ઇશ્વરની અકળ ગતિ અનુસાર કાળદેવે શાકે ૧૬૮૯ ના શ્રાવણ વદ પ્રતિપદાને દિવસે વિઠ્ઠલરાવનો ગ્રાસ કર્યો. પેશ્વાઇના છેક

ઈ. સ. ૧૭૬૭.

પ્રારંભથી તેમની ચાર પેઢી સુધી એક સરખી રીતે સ્વામિસેવામાં તત્પર રહેનાર જે મહા તેજસ્વી તારો પોતાની પૂર્ણ પ્રભા પ્રસારી રહ્યા હતો તે હવે એકાએક અસ્ત થયો. પેશ્વાઇના શિંદે, હોલ્કર, વિંચુરકર અને પટવર્ધન એ ચાર સ્તંભ હતા. તેમાંનો એક સ્તંભ તૂટી પડતાં બીજો પણ તૂટી પડયો. કાળની ગતિ અગમ્ય છે. ઇશ્વિરેચ્છાની સામે કોણ થઈ શકે એમ છે? માટે હવે એટલુંજ કહીને આ વૃત્તાંત સમાપ્ત કરીશું કે 'રાજેબહાદર ઉમદે તુલ્મુલુખ વિઠ્ઠલ શિવદેવ' મહારાષ્ટ્ર ભૂમિના મંગળસૂત્રમાંના એક મણિ સ્વરૂપજ હતા.

૪૨–સુબેદાર મલ્હારરાવ હોલ્કર.

નદીનું મૂળ ક્ષુદ્ર હોય, પ્રચંડ વૃક્ષનું બીજ અતિ સૂક્ષ્મ હોય, અને ખરા મહાન પુરુષનું જન્મસ્થાન અતિ ક્ષુલ્લક હોય, તેમાંજ વધુ ખુબી છે. તેવા મહાન પુરૂષોજ વિશેષ ભૂષણાસ્પદ હોઈ સર્વને કૌતક ઉપજાવે છે. અપૂર્વ કૌશલ્યવાન પરમ તેજસ્વી પુરુષને તેનું ક્ષુદ્ર કુળ કિંવા પ્રારંભિક રંકતા ઉલટો વધારે બહાર આણે છે. સર્વ ઉત્તમ સામગ્રી તૈયાર હોય તો પકૂવાન રાંધનાર સ્ત્રીનું તેમાં કૌશલ્ય હોતું નથી, કિંવા સર્વ સેનાનો ટેકો હોય અને સર્વ પ્રકારની અનુકૂળતા હોય તેવા સેનાધિપતિએ કરેલો વિજય બહુ મહત્વનો ગણાતો નથી. તેજ પ્રમાણે કુટુંબનો, કુળનો, અને લક્ષ્મી ઇત્યાદિનો ટેકો હોય અને તેના આધારવડે જગતમાં નામ કાઢવામાં આવે તો તેવી નામદારી–તે કુળદીપકતા બહુ આશ્ચર્યદાયક હોતી નથી પરંતુ ન્યૂન વા ઉતરતા પ્રકારની સામગ્રીમાંથી બ્રહ્મદેવના મુખમાં પણ પાણી છુટે એવી રસોઇ તૈયાર કરવામાં આવે કિંવા સ્વાશ્રયપરજ સમશેર જ-

જાતી અસામાન્ય વિજય પ્રાપ્ત કરવામાં આવે તેમાંજ ખરૂં કૌશલ્ય અને ખરૂં કર્તૃત્વ વ્યક્ત થાય છે. તેજ પ્રમાણે નહિ કુળનો, નહિ કુટુંબનો, અને નહિ કોઈ પણ ચીજનો આધાર હોય એવી સ્થિતિમાં જ્યારે કુળદીપક તરિકેની કીર્તિ ગજાવી શકાય તોજ તે ખરૂં તેજ, ખરૂં કર્તૃત્વ અને ખરી મર્દાનગી કહેવાય. મહાન ગણાનારા પુરુષોની બાલ્યાવસ્થા કિંવા પ્રારંભિક અનુકૂલતા સદા યત્કિંચિતજ હોય છે. તિમિર જો ન હોય તો પ્રકાશ ફેલાય શી રીતે? દિવસે દીપકનો પ્રકાશ શું લક્ષમાં આવશે? તેજ પ્રમાણે સર્વ પ્રકારની અનુકૂલતા હાજરને હાજર હોય તો માણુસનું પોતાનું પરાક્રમ શી રીતે જણાય? આથીજ પ્રાધાન્યતઃ સર્વ ખરા મહાન પુરુષો પ્રારંભમાં ઉત્તમ સંયોગ-સંપન્ન કવચિતજ હોય છે.

મ્હૈસુરને સ્વાધીન કરનાર હૈદરે, અંગ્રેજ, પેશ્વા, નિઝામ વગેરેને છક્ક કરી નાંખ્યા હતા. પરંતુ પ્રારંભમાં તે મહેસુરી ખાનાનો એક સામાન્ય સિપાઇ માત્રજ હતો. ચાર પાદશાહીને સંપૂર્ણ રીતે ડૂબાવી મોગલોને કાગ જેવા લાગનારા અને સર્વ હિંદુઓનાં પૂર્ણ માન તથા સ્તુતિને પાત્ર થયેલા 'શ્રી શિવાજી છત્રપતિ એક સાધારણ શિલેદારના પુત્ર હતા. "सदा यशवंत पुण्य प्रतापी" પંત પ્રધાન, પેશ્વાઈ મેળવનાર બાલાજી વિશ્વનાથ માત્ર એક ગામડાનો તલાટી હતો. વીર શિરોમણિ ગોખલેખાં બાપૂ નાનપણમાં ઢોર ચારતો હતો. મહાન તેજસ્વી અને પ્રખર વિદ્વાન બ્રાહ્મણ રામશાસ્ત્રી પ્રભુણે કે જેઓ પેશ્વા સરકારના મુખ્ય ન્યાયાધીશ હતા તેઓ બાલ્યાવસ્થામાં રામોશી તરિકે નોકરી કરતા હતા. અને એવાં બીજાં કેટલાં ઉદાહરણો આપીએ? સારાંશ એ છે કે મહાન પુરુષોનો જન્મ અપ્રસિદ્ધ કુળમાંજ થાય છે અને તેમના વડેજ તે કુળને પ્રસિદ્ધિ મળે છે. અસ્તુ.

ભોજ વિક્રમાદિ મહાન પ્રતાપશાલી નૃપશ્રેષ્ઠોએ સ્વલંકૃત કરેલી

ભૂમિનું સામ્રાજ્ય ભોગવનાર, સારા હિંદુસ્તાનને થરથરાવનાર, પોતાના અપૂર્વ શૌર્યદિનકરની આગળ મોટા મોટા રાજા, મહારાજા, નવાબ, બાદશાહ અને ખાન સાહેબોને નમાવનાર તથા "એતો અમારો, જમણો હાથ કિંવા અમારા સામ્રાજ્યનો સ્તંભ છે" એમ ખુદ પેશ્વાને મુખે કહેવડાવનાર, મહાન પરાક્રમી શૂરવીર સુબેદાર મલ્હારરાવ હોલ્કર નીરા નદીને તીરે પૂના જીલ્લામાં આવેલા હોળ નામક ગ્રામમાં કોંડબા ભરવાડને ઘેર જન્મ્યા હતા. એઓ પાંચ વર્ષના થયા ત્યારે એમના પિતા મૃત્યુ પામ્યા. આથી આ છોકરાને કોઇ કોઇ વખત સુકોપાકો રોટલો પણ મળતો નહોતો. તેનો મામો નારાયણજી ખાનદેશમાં રહેતો હતો અને તે કૃષિકાર્ય કરતો હતો. તેણે પોતાના ભાણેજને પોતાને ઘેર બોલાવ્યો અને તેને પોતાનાં મેંઢાં ચારવાનું કામ સોંપ્યું. મલ્હારરાવ મેંઢાં ચારીને પોતાનું પેટ ભરતો હતો. સારા (આખા) હિંદુસ્તાનના ઉગ્ર મુસલમાનોને ગેંઢા સમાન બનાવી દેનાર આ જવાન પઠ્ઠાને બાલ્યાવસ્થામાં આ પ્રકારનું કામ કરવું પડયું હતું. અસ્તુ. તેના મામાને પણ લાગ્યું કે મલ્હારી (તેને બાલપણમાં એ નામે બોલાવતા હતા.) આગળ જતાં કીર્તિવાન માણસ થશે. તેથી તેણે ધાર્યું કે એને કદમબાંડેને ત્યાં નોકરીએ મૂકયો હોય તો ઠીક. તેણે પોતાનો આ વિચાર અમલમાં પણ મૂકયો. અને હવે મેંઢાં છૂટી મલ્હારીના હાથમાં પ્રથમ એક ઘોડો આવ્યો. મલ્હારી થોડા વખતમાં એક ઉત્તમ ઘોડેસ્વાર તરિકે પ્રસિદ્ધ થઇ ગયો, એટલામાં મોગલોની સાથે ખટપટ જાગી. આ ખટપટમાં મલ્હારીએ નિઝામ્–ઉલ્–મુલ્કના એક માતબર સરદારને ઠાર કર્યો. આથી તેનું નામ આખા લશ્કરમાં એક ઉત્તમ સૈનિક તરિકે ગણાયું. આવાંજ એક બે બીજાં કામો કર્યા એટલે મલ્હારી વધારે પ્રસિદ્ધ થયો. આ વખતે બાજીરાવ બલ્લાળ એ પેશ્વા હતા.

આ બાજીરાવ બલ્લાળને યુદ્ધકાર્ય અતિ પ્રિય હતાં. યુદ્ધ એજ તેની રમત હતી. શૂરા સરદારો તેના દોસ્ત હતા. દારૂ ગોળા એ તેનાં પુષ્પો હતાં. આધુનિક બ્રાહ્મણોને પંચ પકવાન્નનાં ભોજનો જેવાં મિષ્ટ લાગે છે તેવાં તેમને યુદ્ધો મિષ્ટ લાગતાં હતાં. એક વખત પેશ્વા માળવામાંથી જતા હતા તે વખતે વાટમાં ત્યાંના કદમ નામના માણસે કાંઇક તોફાન કર્યું. આ તોફાન મલ્હારીએ શમાવ્યું. આથી બાજીરાવને મલ્હારીને નજરે જોવાની અને તેને પોતાની પાસે રાખવાની સાહજિક ઇચ્છા ઉત્પન્ન થઇ. અને તે પ્રમાણેજ તેણે કર્યું. તેમણે મલ્હારીને પાંચસેં અશ્વ સુપર્દ કરી બાર પ્રગણાની જાગીરી આપી. થયું. મલ્હારીનું નશીબ ખુલ્યું. ભરવાડપણાનું ટીલું ધોવાયું. મલ્હારીના મલ્હારરાવ બન્યા; રંકના રાવ થયા.

તત્પશ્ચાત્ બાજીરાવે માળવાપર સ્વારી કરી. તે દેશ તે વખતે મોગલોને સ્વાધીન હતો. રાયબહાદૂર ત્યાંનો સુબેદાર હતો. આ માણસ પણ ઘણો શૂરો હતો, અને વળી તેને દિલ્લીપતિનો આધાર હતો. બાજીરાવે આવા માણસની સામે લડાઇ ઉભી કરી. સેનાધિપતિ મલ્હારરાવ હતા. મલ્હારરાવના ભાગ્યનું જોર કહો કે તેમની શમશેરનો પ્રભાવ કહો, પરંતુ સુબેદાર રાયબહાદૂર હાર થયો. મરાઠાઓને વિજય મળ્યો. બાજીરાવ પેશ્વા પ્રસન્ન થયા. અને તેમણે તરતજ મલ્હારરાવને માળવાના સુબા બનાવ્યા. પેશ્વાએ પોતાના પ્રમાણિક શૂરા સરદારનું સન્માન કર્યું. સેવાની યોગ્યતાનુસાર બક્ષીસ આપી. માળવાની વ્યવસ્થાના સંબંધમાં પેશ્વાએ મલ્હારરાવને સૂચના આપી અને તે દેશ તેમના કબજામાં સોંપ્યો. મલ્હારરાવ માળવાના સ્વામિની પેઠે વર્તવા લાગ્યા. તેમના હાથ નીચે મોટું સૈન્ય આવ્યું, તેમને પુષ્કળ દ્રવ્ય મળ્યું. તેઓ શૂરા મરાઠા સરદાર કહેવાયા. ત્યારપછી થયેલાં સર્વ યુદ્ધોમાં ઘણુંખરૂં મલ્હારરાવ હાજર રહેતા હતા. હૈદરાબાદના

નવાબની સાથે થયેલા યુદ્ધમાં પણ તેઓ સામેલ હતા. આથી જ્યારે મુલકો વહેંચી આપવાનો સમય આવ્યો ત્યારે આ પ્રમાણિક સરદારને પેશ્વા વિસરી ગયા નહિ.

એટલામાં આ તરફ ચિમાજી આપા (બાજીરાવના બંધુ)ના મનમાં કોકણ કબજે કરવું એવો વિચાર આવ્યો. લશ્કર સુસજ્જ થયું અને કોકણ તરફ વધવા લાગ્યું. મલ્હારરાવ હોલ્કર પણ આ સેનામાં હતા. આ કાર્ય ઘણું મોટું હતું. કારણ કે ત્યાં ફીરંગીઓનો અમલ હતો. વળી વસઈનો કિલ્લો સમુદ્રમાં હતો. તે વખતે આપા સાહેબે જહાજો તૈયાર કરી, આરમારો એકઠી કરી સમુદ્રમાં યુદ્ધનો ઉદ્યોગ ચલાવ્યો. ત્રણ વર્ષ પર્યંત વસઈના કિલ્લાપર આક્રમણ કરવામાં આવ્યું. પરંતુ તે હસ્તગત થયો નહિ. ઘણા મનુષ્યો માર્યા ગયા. નવલાખ બંગડીઓ ફુટી. આથી આપા સાહેબે સર્વ સરદારોને એકઠા કરી કહ્યું "કિલ્લો હસ્તગત થતો નથી. માટે કાંતો તોપને મોઢે મને બાંધી મારો નાશ કરવો, નહિ તો કિલ્લો લેવો. આ એમાંથી કોઈ પણ કાર્ય કરવું જોઇએ." આ વચનો સાંભળી સર્વ સરદારોએ અને મલ્હારરાવે ઉત્તર દીધો; "આપે જે નિશ્ચય કર્યો હોય તેજ અમારો નિશ્ચય સમજી લો." આખરે કિલ્લામાં પ્રવેશ કરી મરાઠાઓએ તે હસ્તગત કર્યો. મલ્હારરાવનું શૌર્ય આ વખતે ઘણું કામમાં આવ્યું. તેઓ તે તરફનો પ્રાંત જીતીને નીકળવાની તૈયારીમાં હતા એટલામાં નાદિરશાહે હિંદુસ્તાનપર આક્રમણ કર્યું છે એવા વર્તમાન સાંભળવામાં આવ્યા. આથી મલ્હારરાવ ઉત્તર હિંદુસ્તાન તરફ ચાલતા થયા.

ઉત્તર હિંદુસ્તાનમાં જઇને તેમણે અહીંતહીં પુષ્કળ લૂટો કરી. તેમણે આખો માળવા કબજે કર્યો ત્યારે પેશ્વાએ તેમને બીજી ચાલીસ લાખની જાગીર આપી. ઉત્તર હિંદુસ્તાનમાં ગોવધ પુષ્કળ થતો

હતો તે જોઇ મલ્હારરાવ અતિ ક્રોધિત થયા. ગોવધ કરનારાઓનો નાશ કરવાની તેમની ઘણી તીવ્ર ઇચ્છા હતી. એક વખત તેમણે એક મેળો લૂંટયો અને પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કર્યું. તેમણે હુમાયુ પાદશાહની કબર પર એક ડુક્કર મારીને ટાંગ્યું હતું, તે છતાં પણ મોગલો તેમને કાંઇ કરી શકયા નહોતા. તત્પશ્ચાત્ બાજીરાવ જ્યારે પુનઃ દક્ષિણમાં આવ્યા ત્યારે તેમણે ઉત્તર હિંદુસ્તાનનું મહેસુલી ખાતું મલ્હારરાવના હાથમાં સોંપ્યું. તે સમયના સાધારણ રિવાજ પ્રમાણે મલ્હારરાવે પુષ્કળ લૂંટફાટ કરવા માંડી. એક વખત તેમણે મહમદશાહની બેગમ મલીકાજમાનાનો ભંડાર લૂંટયો અને બે લાખ રૂપિઆની કિમ્મતની ફણી તથા એક સુંદર રથ વગેરે અસબાબ તેમણે હસ્તગત કર્યો. તે છતાં પણ મોગલો મલ્હારરાવને કાંઇ કરી શક્યા નહિ.

એટલામાં મહમદશાહે પોતાને રોહિલાઓના ઉપદ્રવમાંથી છોડાવવાને મરાઠાઓની કુમક માગી. મરાઠાઓએ ખુશીથી કુમક આપી. તેમાં મલ્હારરાવ પ્રમુખ હતા. નાની સરખી સેનાની મદદથી પ્રબળ શત્રુઓનો પરાભવ મલ્હારરાવે અતિ ચમત્કારિક રીતે કર્યો. તેમણે શિંગડાંવાળાં પશુઓની ડોકે અને શિંગડાંએ મશાલો બાંધી અને તેમને એક તરફ હાંકી મૂકયાં. બીજી તરફ તેમણે જંગલનાં વૃક્ષો અને ઝાંખરાંઓની સાથે મશાલો બાંધી અને પોતે એક બીજીજ તરફ નીકળી ગયા. ત્યાંથી તેઓ શત્રુઓની સેનાપર તુટી પડયા. શત્રુઓએ ચારે તરફ મશાલોજ મશાલો જોઇ 'આપણને ચારે તરફથી ઘેરી લીધા છે માટે એમની સામે ટકવું મુશ્કેલ છે' એમ ધારી મશાલ તરફ ન જતાં જેને જેમ ફાવ્યું તેમ બીજી દિશામાં નાશી છૂટયા! આથી મલ્હારરાવને અનાયાસ ફતેહ મળી. પછી તેમણે સર્વ મશાલો બુઝાવી નાખી અને આ કાર્ય પાર પાડવાને માટે પાદશાહ પાસેથી બક્ષિસ મેળવી.

આ ઉત્તમ કાર્ય કર્યું તેટલા માટે મહમદશાહે તેમને પૂછ્યું;

"બોલો, તમારે શું જોઇએ છે? જે જોઇએ તે માગો." ત્યારે મલ્હારરાવ હાથ જોડી બોલ્યા, "હું પેશ્વાનો નોકર છું. તે મારા સ્વામિ છે. તેના મુલક શિવાય મારે બીજું કાંઇ જોઇતું નથી. અને તે છતાં પણ જો ખાવિંદની ઇચ્છા હોય તો મને ખાનદેશ જીલ્લાની દેશમુખી આપવાની રહમ કરવી." આ વચન પાદશાહે માન્ય કર્યો.

હવે આપણી સત્તા અટકપર્યંત પહોંચાડવી એવી પેશ્વાને ઇચ્છા થઇ. તેને મલ્હારરાવ જેવાની સાહાય્ય હતી, તેથી એ કામ કાંઇ ઘણું કઠિન લાગતું નહોતું.

દાદા સાહેબ ઉત્તર હિંદુસ્થાન તરફ જવાને માટે પુનાથી રવાના થઇ ચૂકયા હતા. રાઘોબાને તેના શૌર્યથી અને એક દિવસમાં બબ્બે ત્રણ ત્રણ દિવસની મંજલ કરતા હોવાથી ભરારી નામ પ્રાપ્ત થયું હતું. મંજલ દરમંજલ કુચ કરતી કરતી તેમની સ્વારી જાટોના મુલક સુધી આવી. જાટોએ મરાઠાઓના 'પરાક્રમ' ની વાત પૂર્વથીજ સાંભળી હતી. આપણી ઉપર આ શી વિપત્તિ આવી છે એમ વિચારી સુરજમલ જાટ ગભરાવા લાગ્યો. તેણે રૂપરામ નામના વકીલને રાઘોબાની પાસે મોકલી ખંડણી આપીશું એમ કહેવડાવ્યું. રાઘોબાએ એક કરોડ રૂપિઆની ખંડણી માગી. આ વાત જાટને પસંદ પડી નહિ. તેણે કહેવડાવી મોકલ્યું કે "ચાલીસ લક્ષ રૂપિઆ આપું છું તે જો લેવા હોય તો લ્યો નહિ તો યુદ્ધ કરવાને તૈયાર થાઓ."

રાઘોબાએ કુંભેરીના કિલ્લાપર ઘેરો ઘાલ્યો. દોઢ માસ વ્યતીત થયો, પરંતુ કાંઇ ફળ મળ્યું નહિ. સુરંગ ફોડવાનો વિચાર કર્યો, પરંતુ રેતીના રણમાં સુરંગનો શો ઉપયોગ. તોપ નીચે ધરવામાં આવે તો ગોળા રેતીમાં જાય અને ઉંચે ધરવામાં આવે તો ગોળા કુંભેરી પાર જઇ મરાઠાનાજ બીજા મોર્ચાનાં માણસોને ઘાયલ કરે એવો પ્રકાર ચાલ્યો. આ ઝપાઝપીમાં મલ્હારરાવનો એકનો એક પુત્ર

ખંડેરાવ-દેવી અહલ્યાબાઇનો સ્વામિ-ગોળી લાગવાથી ઠાર થયો. આથી મલ્હારરાવને અતિ સંતાપ થયો. તેમના દુઃખનો પાર રહ્યો નહિ. તેમનો શોક ક્રમે કરતાં ન્યૂન થાય નહિ. ત્યારે તેમણે ઉત્તર કાર્ય કરતાં ખોબ દાબીને એવી પ્રતિજ્ઞા કરી કે "સુરજમલનો શિરચ્છેદ કરીશ અને કુંભેરીની માટી યમુનામાં નાંખીશ ત્યારેજ જન્મ સાર્થક ગણીશ, નહિ તો પ્રાણ ત્યાગ કરીશ."

અભિમન્યુને રણમાં પડેલો જોઈ જયદ્રથનો વધ કરવાને માટે સવ્યસાચી ધનંજયે પ્રતિજ્ઞા કરી હતી, એવો મહાભારતમાં ઉલ્લેખ છે. પરંતુ તેનો પ્રત્યક્ષ અનુભવ માત્ર સવાસો વર્ષ પૂર્વેના ઇતિહાસમાં વિદ્યમાન છે. ધનંજયના સારથિ તો શ્રી કૃષ્ણ ભગવાન હતા. વીર શ્રેષ્ઠ અર્જુનની પ્રતિજ્ઞા તો એ મહાન સૂત્રધારે પૂર્ણ સાહાય્ય કરી ત્યારેજ સિદ્ધ થઇ હતી, પરંતુ આપણો આ મહારાષ્ટ્રીય જવાંમર્દ મલ્હારરાવ તો એકલોજ હતો. તેને સાહાય્ય કરવાનું તો બાજુએ રહ્યું, પરંતુ તેની આડે આવવાનું કામ તેનાજ મિત્રે કર્યું, પરંતુ ન્યાયને ખાતર એટલું તો કહેવું જોઇએ કે આ કાર્ય તેના મિત્રે જાણી જોઇને કર્યું નહોતું.

મલ્હારરાવની પ્રતિજ્ઞા જાટ સરદારના જાણવામાં આવતાં તેની હામ છૂટી ગઇ. તે જાણતો હતો કે મલ્હારરાવ જે બોલે તે કરે એવો માણસ છે. તેને ભય લાગ્યો કે હવે આપણો બચવાનો વારો નથી. કાંતો મરાઠાઓ માગે તેટલા રૂપિઆ આપવા કે કાંતો આ પૃથ્વીપટપરથી સ્ત્રી છોકરાં સાથે નાશ પામવું, એ શિવાય બીજો માર્ગ નથી એમ તેને લાગ્યું. તેની સ્ત્રી હણુસયા (અનસયા) પરમ-ચતુર અને સુશીલ હતી. તેણે પોતાના સ્વામિને સલાહ આપી કે "હવે માત્ર એક પ્રયત્ન ઉપયુક્ત થઈ પડે તેવો છે. રાજેશ્રી જયાજી શિંદે એક-વચની સત્પુરુષ છે. એને હાથમાં લો તો તમારૂં રક્ષણ થાય એમ છે"

આ સલાહ સર્વને પસંદ પડી. તેમ કરવાનું નિશ્ચિત થયું. એક દિવસ રાત્રિને સમયે સુરજમલના વકીલનો પુત્ર, તે જાટ સરદારની પાઘડી લઇને શિંદેના શિબિરમાં ગયો અને બોલ્યો; "આજથી તમે મારા જ્યેષ્ઠ બંધુ અને હું કનિષ્ઠ બંધુ! ગમે તે રીતે મારો બચાવ કરો." એમ કહી તેણે જાટ સરદારની પાઘડી શિંદેના મસ્તકપર પહેરાવી અને તેની પાઘડી પોતાની પાસે લીધી જે આ રીતે "પ-ગડીબાઇ" થાય છે તે દેહાંત થતાં પણ એક બીજાનું સંરક્ષણ કરે છે, એવો હિંદુસ્તાનમાં રિવાજ છે. બનવાની ઘટના બની ગઈ. શિંદે મોટી ગુંચવણમાં આવી પડ્યો. જો જાટ સરદારનું સંરક્ષણ કરવા જાય તો સ્વામિદ્રોહ થાય અને ન કરે તો મિત્રદ્રોહ થાય. એક તરફ નદી અને બીજી તરફ કૂપ બન્ને તરફ મરણ તો નક્કીજ હતું. શરણ આવેલા માણસનું મૃત્યુ ન થવા દેવું એ શૂરાનો ધર્મ છે. આથી જયાજીએ સુરજમલ ઉપર પત્ર મોકલી તેને અભય વચન આપ્યું. આ વર્તમાન મલ્હારરાવને કર્ણગોચર થતાં તેના પગની આગ મસ્તકે ચઢી. તેઓ એકદમ રાઘોબા દાદા કને ગયા અને તેમને કહ્યું; "જુઓ આપણામાંજ ફુટ છે તો પછી જાટ હસ્તગત શી રીતે થાય? જાટ અને શિંદે પગડી ભાઈ થયા છે. પરંતુ સૌની ખાત્રી હતી કે શિંદેના હાથથી કદિ પણ આવું કૃત્ય થાય એમ નથી અને એવું કૃત્ય કદા-ચિત્ થયું હશે તો તેથી આપણું અહિત થવાનું નથી."

હવે મરાઠાઓ કુંભેરીપર મારો ચલાવવા લાગ્યા. આથી જાટના ભયનો પાર રહ્યો નહિ. તેણે શિંદેપર કહેણ મોકલ્યું કે; "હજી તમે ક્યાં સુધી વાટ જોઈ રહેશો? કાંતો સંધિ કરો કે કાંતો હલ્લો કરીને મારી નાંખો." ત્યારે જયાજીરાવ શિંદે દાદા સાહેબ (રાઘોબા દાદા) કને ગયા અને બોલ્યા "દાદા સાહેબ! હું આપનો દાસ છું. હું કોઈ નિમકહરામ નથી. હું જે કહું છું તે આપના લક્ષમાં આવતું નથી.

આજે જાટની પાસેથી ખંડણી લઇ લો અને એની સાથે તહ કરો. આપણી ફોજ છે મોટી અને એક સ્થળે રહીશું તો નિર્વાહ કરવો કઠિન થઇ પડશે." આ વચનો સાંભળી દાદા સાહેબ મોટી ચિંતામાં પડયા. શિંદે અને હોલ્કર એ ઉભય પેશ્વા સરકારના બે હસ્ત હતા. કોઇ પણ હસ્તને ઇજા થાય તે ખોટું. રાઘોબા દાદા આવા મહાન ધર્મસંકટમાં સપડાયા. શું કરવું તે કાંઈ સૂઝે નહિ.

હવે એવી ઘટના બની કે મારવાડમાં રાજપૂત રાજા રામસિંહ અને વિજયસિંહ એ ઉભય માંહોમાંહે લડતા હતા. રામસિંહને કોઇનો આશ્રય નહોતો તેથી તેમણે 'શિંદે સત્યપ્રતિજ્ઞ છે' એવી વાત સાંભળેલી હોવાથી તેને શરણે જવાનો નિશ્ચય કર્યો અને "હું દુર્બળ રાજા આપને શરણે આવ્યો છું" એમ બોલી તે પણ શિંદેના "પગડી બાઇ" બન્યા.

જયાજી શિંદે દાદા સાહેબની પાસે જઇ બોલ્યા; "આપ અમારા અન્નદાતા છો. આપ અહીંઆં રહી જાટોનું પારિપત્ય કરો અને મને મારવાડ જવાની આજ્ઞા આપો. હું ત્યાં જઇ આપણી વિજયધ્વજા ફરકાવું છું. એક સ્થળે રહીને દુર્બળ થવું એ ઠીક નહિ. આપણી પાસે ફોજ ભારે છે તેને શું આપીશું. જો આપ રાજીખુશીથી રજા આપશો તો ઠીક, નહિ તો આપને સ્પષ્ટ કહું છું કે મારાથી અહીંઆં રહી શકાય એમ નથી." એમ કહી તેણે તરતજ પોતાના સૈન્યને કૂચ કરવાની સંજ્ઞા કરી.

દાદાસાહેબ મહા ગુંચવણમાં આવી પડયા. મોટાપણું આવું હોય છે. હાથી મોટું પ્રાણી છે, પરંતુ તેને માથે પણ અંકુશ હોય છે. હવે શું કરવું તે દાદાસાહેબને સૂઝે નહિ. શિંદેનું કહેવું માન્ય કરે તો હોલ્કરને રીસ ચઢે અને હોલ્કરનો પક્ષ ધરે તો શિંદે કોપે ભરાય. હવે દાદાસાહેબ બિચારા શું કરે?

હોલ્કરના શિબિરે માણસ મોકલી તેમને તેડાવી મંગાવ્યા. તેઓ આવતાંજ દાદાસાહેબ તેમના પ્રત્યે બોલ્યા; " શિંદે તો કુચ કરીને ચાલ્યા. તમે મોટા છો. તમે મને શું સલાહ આપો છો ? " તે વખતની મલ્હારરાવની સ્થિતિનું શી રીતે વર્ણન કરવું ? પ્રતિજ્ઞાભંગ મૃત્યુ કરતાં પણ ખોટો. હવે શિંદે હતા મિત્ર અને તેની કૃતિથી પ્રતિજ્ઞાનો ભંગ થતો હતો. પેશ્વા તો સાક્ષાત્ માબાપ, અને તેમની ઇચ્છાથી આ કાર્ય થયું હતું. માટે હવે કરવું શું ? તે તેને કાંઇ સૂઝતું નહોતું. મલ્હારરાવ જવાંમર્દ, અભિમાનનું ઘર, પ્રથમ પ્રતિના સ્વામિસેવક, પૂરા યુદ્ધનિપુણ, મહાન ચાણાક્ષ, અને અત્યંત પ્રમાણિક હતા. તેથી દુરાગ્રહને વળગી રહી અપયશ વ્હોરી લેવાને તેઓ તૈયાર થયા નહિ. પેશ્વાનું કહ્યું ન માને તો મરાઠાઓનો પરાજય થાય એમ હતું. તેથી તેમણે મન સાથે વિચાર કર્યો કે ' જાટ જનાર છે કયાં ? કોઇ વખત પણ એ આપણા હાથમાં આવશે. માટે આજે તો આપણે આપણો વખત સાચવી લેવો જોઇએ. ' આવો વિચાર કરી તેમણે પેશ્વાને જવાબ આપ્યો " આપ સ્વામિ છો. માટે આપ જેમાં રાજી તેમાં હું પણ રાજી છું. " રાઘોબાને તો આવું જ જોઇતું હતું. તેમણે શિંદેને બોલાવી મંગાવ્યા અને તેમના દ્વારા જાટ સાથે તહ કરી તેની પાસેથી રૂપિઆ સાઠ લાખની ખંડણી સ્વીકારી. હોલ્કર માળવામાં પાછા આવ્યા અને શિંદે મારવાડમાં ગયા. આ રીતે શિંદેએ હોલ્કરની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો હતો પરંતુ તે જાણી જોઇને કર્યો નહોતો એટલો સંતોષ હતો. અસ્તુ.

આ તરફ શિંદે રાજપૂતોની સામે યુદ્ધ કરવા ગયા. રાજપૂતો સમગ્ર પૃથ્વીના યોદ્ધાઓમાં સર્વથી શૂરા હોય છે એ વાત કોણ નથી જાણતું ? મારવાડના રાજપૂતોમાં એવો નિયમ હતો કે પુરુષના અંગના આગલા ભાગમાં ઘાવ હોય તોજ સ્ત્રીએ પુરુષનું મુખ જોવું,

નહિ તો નહિ. સ્ત્રીની પ્રતિજ્ઞા આવી કડક હોય ત્યાં પછી પુરુષનાં શૌર્યનું તો વર્ણન જ શી રીતે કરવું ? આવા લોકોની સામે મરાઠાઓને યુદ્ધ કરવાનું હતું. પરંતુ શિંદેએ ત્રણ ભૂપતિઓને રાજ્ય છોડાવી નસાડયા. શ્રી શિવાજી છત્રપતિએ ચાર બાદશાહી ડુબાવી હતી અને ત્યાર પછી અનેક મહારાષ્ટ્રીય વીરોએ અનેક પરાક્રમો કર્યાં હતાં. ખરેખર મહારાષ્ટ્રમાં એક કરતાં એક ચઢીઆતા વીર પુરુષો જન્મ્યા હતા. નિઃશંક મહારાષ્ટ્ર ભૂમિ અદ્દ્ભુત રત્નોની ખાણ હતી. તેમાં કેવાં કેવાં રત્નો નિપજ્યાં હતાં તેનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણું મન આશ્ચર્યથી દંગ થઇ જાય છે.

જયાપ્પાએ પોતાનું વીરત્વ રાજપૂતોને દર્શાવ્યું; પરંતુ અંતે શૂરા કહેવાતા રાજપૂતોએ કાયર પુરુષનું કાર્ય કર્યું. તેમણે મારો મોકલી જયાપ્પા સ્નાન કરતા હતા તે વખતે તેમનું ખૂન કરાવ્યું. આ વર્તમાન સાંભળી મલ્હારરાવના શોકનો પાર રહ્યો નહિ. "અ-મારૂં સર્વસ્વ નાશ પામ્યું" આ ઉદ્દ્ગારો તેમના મુખમાંથી નીકળી પડયા જનકોજી શિંદેની પાસે જઇ તેના મનનું સમાધાન કરવું એવા ઇરાદાથી તેમણે શિંદે પર સંદેશો મોકલ્યો. ત્યારે શિંદેએ "સ્વર્ગમાં આપણો મેળાપ થશે" એવો ઉદ્દ્ગાર કાઢી હોલ્કરનું અપમાન કર્યું હતું. તે છતાં પણ હોલ્કરનો શિંદે પરનો પ્રેમ ઓછો થયો નહોતો. આ પરથી જણાય છે કે જયાપ્પાના મૃત્યુ વિષે મલ્હારરાવનો શોક બહારનો નહોતો.

તત્પશ્ચાત્ રાઘોબા દાદા અને મલ્હારરાવ પ્રચંડ સૈન્ય લઇને પંજાબમાં ગયા અને તેમણે લાહોર સર કર્યું. મલ્હારરાવે કૃષ્ણા તીરના ઘોડાને સિંધુ નદીનું પાણી પાયું, અર્થાત્ તેમણે અટક પર્યંત મરાઠાઓની વિજયધ્વજા ફરકાવી, ભગવો ઝુંડો હિમાલય પર્યંત લઇ ગયા. મરાઠાનું નામ સાંભળતાં જ મુસલમાનો થર થર કંપવા લાગ્યા.

હોલ્કરને સંપૂર્ણ વિજય મળ્યો. હવે જનકોજી શિંદેએ તેમને પ્રશ્ન કર્યો. "સુબેદાર, આપ અમારા કરતાં મોટા છો. આપે અટક પર્યંત દેશ કબ્જે કર્યો છે. માટે અમારી સેવાના બદલામાં અમને હવે કયો ભાગ આપો છો ?" આ પ્રશ્ન શિંદેએ હોલ્કરને ક્યારે કર્યો હતો તેનો ખુલાસો આ પ્રમાણે છે. જયાપ્પા શિંદેનું ખૂન થયા પશ્ચાત્ મલ્હારરાવે જનકોજી શિંદેને મળવાનો પ્રયત્ન કર્યો અને તેમણે તેમના પર સંદેશો મોકલ્યો, પરંતુ તેના તરફથી એવો પ્રત્યુત્તર મળ્યો કે; "હવે આપણો મેળાપ સ્વર્ગમાં થશે." પરંતુ 'બાળક છે' એમ સમજી તેની ઉદ્ધતાઈ ધ્યાનમાં ન લેતાં મલ્હારરાવ તેને મળવા જવાને માટે નીકળ્યા. તેમણે માનાપમાનની જરા પણ દરકાર રાખી નહિ અને જઈને શિંદેને મળ્યા. આ પ્રસંગે શિંદેએ તેમને ઉપલો પ્રશ્ન કર્યો હતો. આ પ્રશ્નનો ઉત્તર મલ્હારરાવે એવો આપ્યો કે "તમારે માટે એક દેશ છે. ભાગીરથી પર પૂલ બાંધી અયોધ્યામાં જાઓ અને તેને સર કરો. સાથે નજીબખાનને પણ લઈ જજો." શિંદેએ કહ્યું; "નજીબખાન રોહિલા પૂરો બદમાસ છે. અને તે આપણા સ્વામિ પેશ્વાનો દુશ્મન છે. રાઘોબા દાદાએ એનો શિરચ્છેદ કરવાને મને આજ્ઞા આપી હતી એ વાત આપ ક્યાં નથી જાણતા ? મલ્હારરાવે જવાબ દીધો; "પરંતુ તે મારે શરણે આવ્યો હતો અને મેં તેને 'ધર્મ પુત્ર' કહ્યો હતો તે શું તમને અવિદિત છે ?"

રાઘોબાદાદા વારંવાર કહેતા હતા કે; "કરોડ રૂપિઆનો ખરચ થાય તેની ફિકર નહિ, પરંતુ નજીબખાન રોહિલાને શિક્ષા તો કરવીજ જોઈએ. પરંતુ તે તો મલ્હારરાવ હોલ્કરનો ધર્મપુત્ર થઈ બેઠો છે" વળી તેઓ કહેતા કે "મલ્હારરાવને પુત્ર અનેક છે. જયનગરનો માધવસિંહ અને વજેસિંગ મારવાડી એ પણ તેના પુત્રો છે. અને વળી તેમાં હવે નજીબખાનનો ઉમેરો થયો છે. એના જેટલા પુત્રો છે તે

સર્વ મુવ્યા છે." શિંદેએ નજીબખાનને શિક્ષા કરવાનું કામ માથે લીધું હતું. પરંતુ મલ્હારરાવે તેને એ કામમાંથી પોતાનો હાથ ખેંચી લેવાની સલાહ આપી. તેમણે તેને કહ્યું "ભાઇ, તમે હજી છોકરવાદ છો. અટકથી રામેશ્વર પર્યંત એકચ્છત્રી રાજ્ય થયું છે. હવે હિંદુસ્થાનમાં એક નજીબખાન બાકી રહ્યો છે. તેને વશ કર્યો એટલે પેશ્વા અટક સુધી પોતાની સત્તા સ્થાપિત કરી દેશે. આમ થશે એટલે તમે અને અમે સહજ નિર્માલ્યવત્ થઇશું. પેશ્વા તમને નામર્દ બનાવી દેશે." અર્થાત્ આ પ્રસંગે મલ્હારરાવે થોડે ઘણે અંશે મંથરાનું કામ કર્યું હતું એમ કહેવાને હરકત નથી.

મલ્હારરાવ જ્યારે પોતાના પ્રાંતમાં હતા તે વખતે તેમણે જયનગરપર ઘેરો ઘાલ્યો હતો. અયોધ્યામાં શિંદેને ભારે સંકટ સહન કરવું પડયું તેના સૈન્યની મોટી ખરાબી થઈ. તેથી તેણે હોલ્કર પર મદદને માટે પત્ર લખ્યો. શિંદેની આવી અવસ્થા જાણી તેમણે જયનગરનો ઘેરો ઉઠાવી લીધો અને સ્વસૈન્ય સહવર્તમાન અયોધ્યા તરફ કૂચ કરવા લાગ્યા. માર્ગમાં તેમને શિંદેના નાસી આવેલા સૈનિકો મળ્યા. દત્તાજીનો શિરચ્છેદ થયો હતો. જનકોજી ભયંકર રીતે ઘાયલ થયા હતા તેથી તેઓ શય્યાવશ થઈ પોતાના કુટુંબની સાથે મુકામ નાખીને રહ્યા હતા. શિંદેનું સૈન્ય મલ્હારરાવને જે સ્થળે મળ્યું ત્યાંથી ત્રણ કોસના અંતરપર તેમનો મુકામ હતો. મલ્હારરાવને આ અશુભ વર્તમાન સાંભળી અત્યંત શોક થયો. તેઓ અંબાડીમાં બેઠા બેઠા શોક કરવા લાગ્યા. તેમને શોક કરતા જોઇ તેમનાં પત્ની ગૌતમીબાઈ બોલ્યાં "સુબેદાર! આપ વૃદ્ધ થયા છો અને શિંદેના પુત્રોને મુખે તો હજી દુધ ગંધાતું હતું. તે છતાં પણ તેમણે આવાં આવાં પરાક્રમો કર્યાં છે તેઓ શત્રુની સામે લડતાં લડતાં મુઆ છે. અને આ મર્ત્યલોકજ છે. એમાં જે જન્મે છે તે મરણ પામવાને

માટેજ જન્મે છે. પરંતુ ઇહલોકમાં કીર્તિ પ્રસારી પરલોકવાસ કરવો એ દુર્ઘટ કાર્ય છે. જુઓને, આ બાળક જનકોજીએ કેવું પરાક્રમ કર્યું છે! આપનો અંતકાળ સમીપ આવ્યો છે. માટે હિમ્મત ધારણ કરીને શત્રુને મારતાં મારતાં મરવું એ આપનું કર્તવ્ય છે. રોદન કરવું એ તો સ્ત્રીનું કામ છે. જનકોજી જખમી થઇને છૈયાં છોકરાં સાથે નિકટજ આવ્યા છે, માટે હવે તેમને મળી તેમના મનનું સમાધાન કરો." આ ભાષણ સાંભળી મલ્હારરાવને ક્રોધ ચઢયો અને તેઓ પોતાની પત્નીને કહેવા લાગ્યા "તું મારૂં મરણ ઇચ્છે છે ખરૂં કેની!" ગૌતમીબાઇએ પ્રત્યુત્તર વાળ્યો "સૌભાગ્યશાળી હોવા છતાં વૈધવ્ય માગી લે એવી ચાંડાલિની કોણ હશે? કુમ્‌કુમ્‌ સાથે મરવું સર્વ સ્ત્રીને પસંદ હોય છે. આપની કીર્તિ મહાન છે. જો આપ મેંઢાં ચારવાનું કામ કરતા હોત તો સાહજિક રીતેજ આપને બચવાનો સંપૂર્ણ ભરોસો રહેત. માટે સતીનાં વેણ માન્ય કરી આગળ ધસો."

આ પ્રત્યુત્તર કેવો તીક્ષ્ણ છે! ગૌતમીબાઇની સાથે આધુનિક સ્ત્રીઓની તુલના શી રીતે થઇ શકશે?

પત્નીનાં વચનબાણુથી ઘાયલ થયેલા મલ્હારરાવ તરતજ શિંદેને મળવા ગયા. શિંદેના કુટુંબની આ વખતની સ્થિતિ કેવી કંગાળ હતી તેનું વર્ણન શી રીતે થઇ શકે? તેમની પાસે પુરાં પાથરાં વસ્ત્રો નહોતાં, અન્ન નહોતું, અને શય્યા પણ નહોતી. આવી સ્થિતિ જોઈ મલ્હારરાવને અત્યંત શોક થયો. તેમણે પ્રથમ તો શિબિર ઠોકાવી રહેવાની સગવડ કરાવી આપી. એટલામાં દુર્રાનીની ફોજ ચઢી આવી. મલ્હારરાવે જનકોજીને કહ્યું "ભાઇ, તમે જખમી છો. અને દુર્રાનીની કેડ ભારે છે. દરરોજ ચાલીસ ગાઉની મંજલ કરવી પડશે. માટે તમે નિભી શકશો નહિ. માટે તમે પત્ની અને સંતતિની સાથે ચંબલ નદી ઉતરીને ચાલ્યા જાઓ." શિંદેએ પ્રત્યુત્તર આપ્યો "સુભે-

દાર આપ વડીલ છો. પરંતુ છોકરાં છૈયાંની સાથે નાશી જવાનું મારાથી બનશે નહિ. મેં તો નિશ્ચયજ કરી મૂકયો છે કે જ્યાં ઇશ્વરની મરજી હોય ત્યાં દેહ પડવા દેવી. આપણે કાંઇ આ જગતમાં અમર રહેવું નથી. પરંતુ તમે અહીંઆં રહેશો નહિ." આહાહા! જનકોજીના સ્વાભિમાનની પ્રશંસા શી રીતે થઇ શકે? મલ્હારરાવે તેમને પુષ્કળ સમજાવ્યા, પરંતુ તે એકના બે થયા નહિ. જનકોજીના કહેવા પ્રમાણે મલ્હારરાવનો વિચાર ત્યાંથી ચાલ્યા જવાનો હતો. પરંતુ તેમનાં પત્ની ગૌતમીબાઇએ તેમના કાન સારી રીતે ખુલ્લા કરી દીધા. તેઓ બોલ્યાં "અપકીર્તિ મેળવી આપણે કાંઇ અનેક યુગ જીવવું નથી. હવે 'બહુત ગઇ થોરી રહી' જનકોજી તો હજી માત્ર બાળક છે. તેનામાં આટલી બધી હિમ્મત છે તો પછી તમે તે શું જોઇને આવો વિચાર મનમાં આણો છો?" બીજે દિવસે જનકોજીને મલ્હારરાવે જણાવ્યું કે "આપણે સૈન્ય સાથે રહીશું. છોકરાંને માળવામાં મોકલી દો." તેમના કહેવા પ્રમાણેજ કરવામાં આવ્યું. મલ્હારરાવ અને જનકોજી શિંદે કૂચ કરી મારવાડમાં ગયા. દુર્રાનીએ તેમની પૂઠ પકડી. હવે હોલ્કર અને શિંદે પાણીપતના રણમાં ગયા. ત્યાંથી તેઓ દિલ્હી ગયા. દુર્રાની પાછળજ હતો. ત્યાંથી તેઓ આગ્રા, અને આગ્રાથી જયનગર તરફ ગયા અને ત્યાંથી ઉદેપુર પહોંચ્યા. આ રીતે મરાઠા આગળ અને દુર્રાની પાછળ એવી પુષ્કળ દોડાદોડ થઇ. પરંતુ કાંઇ પરિણામ આવ્યું નહિ. આ રીતે દુર્રાનીના લશ્કરને થકવી નાંખીને પછી તેનાપર હલ્લો કરવો એવો હોલ્કરનો ઇરાદો હતો, પરંતુ તેની તે ઇચ્છા પાર પડી નહિ. ઉલટપક્ષે તેનુંજ સૈન્ય થાકી ગયું. તેમણે અંતર્વેદ પ્રાંતમાં આવેલું શિકંદર શહેર લૂંટયું, પરંતુ લૂંટ લઇ શકયા નહિ. તરતજ તેમને સૂરજમલ જાટ તરફથી એક ચીઠ્ઠી મળી. આ ચીઠ્ઠીમાં એવો ઉલ્લેખ હતો કે "દુર્રાનીની ફોજ યમુના ઉતરીને

અંતર્વેદ પ્રાંતમાં તમારી પાછળ આવી છે. માટે આ ચીઠ્ઠી વાંચતાંવાર તમે પલાયન કરજો." સૈન્ય ત્વરાથી કૂચ કરવા લાગ્યું. શિંદેના સૈન્યે એકવાર અબદાલીના સૈન્યની સાથે લડી માર ખાધો હતો. તેથી તેને તે સૈન્યના સામર્થ્ય વિષે સારી માહિતી હતી. હોલ્કરના સૈન્યના સંબંધમાં તેમ બન્યું નહોતું. તેનો દમ તાજો હતો.

શિંદેના સૈનિકોને ત્વરાથી નાસતા જોઈ હોલ્કરના સૈનિકો તેનો ઉપહાસ કરતા હતા. "દુર્રાની કાંઈ આસ્માનમાંથી આવ્યો નથી. આ પ્રકારે નાશી નાશીને આપણે ક્યાં સુધી જઈશું?" આ પ્રમાણે વારંવાર હોલ્કરના સૈનિકો બોલતા હતા. આ વાત જનકોજી શિંદેને કાને ગઈ. તેમણે હોલ્કરને કહ્યું "સુબેદાર! આપ અબદાલીની સામે યુદ્ધ કરો અને અમને રજા આપો. તમારા સૈન્યની સાથે રહેવું અમને ઉચિત લાગતું નથી." મલ્હારરાવે પ્રત્યુત્તર આપ્યો "તેમ કરવાની જરૂર નથી. આપણે સાથે રહીને યુદ્ધ કરવું જોઇએ અને આ યવનોની ખોડ તોડી નાંખવી જોઇએ" જનકોજી બોલ્યા "મારા સૈનિકો ધાસ્તી ખાઈ ગયા છે. માટે તે જો તમારી સાથે રહેશે તો તમને પણ નાસવાની ફરજ પાડશે. તેમને ઝાડ સાથે બાંધવામાં આવશે તો ઝાડને પણ પોતાની સાથે ઘસડી જશે." પછી નિરુપાયે મલ્હારરાવને શિંદેનું કહેવું માનવું પડયું. તોપણ તેના મનમાં ખાત્રી હતી કે શિંદેના આવા યુદ્ધપ્રવીણ હિંદુસ્થાની સૈનિકો જ્યારે હાર ખાઇ ગયા છે ત્યારે આપણા ખાનદેશી સૈનિકો શું ધાડ મારવાના હતા. અને પાછળથી તેવો અનુભવ પણ તેને મળ્યો. યમુના પાર કેમ જવું તે વિષે તેમણે જાટ રાજાના મંત્રી રૂપરામને સલાહ પૂછી. ત્યારે તેણે જવાબ આપ્યો "ડોકરા! રોતા હે ક્યોં?" આવો જવાબ સાંભળી મલ્હારરાવ આભોજ બની ગયો! ગમે તેમ કરીને તેણે બીજે દિવસે પોતાનું સૈન્ય નદીપાર ઉતાર્યું. હવે હોલ્કરને અબ-

દાલીનો બેટો થયો. દારુણ યુદ્ધ થયું. મરાઠાઓએ અગાઉથી નાશી જવાનો વિચાર કરી મૂકયો હતો તે પાર પાડયો. અબદાલીએ પાછળ પડી મરાઠાઓનાં મસ્તક ઉરાડવા માંડયાં. તેણે હજારો માણસને કાપી નાંખ્યા. હોલ્કરના સૈન્યની અવસ્થા ઘણીજ ખરાબ થઈ. દાંતમાં તૃણ ધરી શરણે જવાને તૈયાર થાય તોપણ જંગલી અને હઠીલો દુર્રાની ક્ષમા આપે એવો સંભવ નહોતો. હોલ્કરના દિવાન મહીપતરાવનો આ યુદ્ધમાં વધ થયો. મલ્હારરાવ સ્વયં યુદ્ધસ્થળે હતા નહિ. તેમણે પોતાના સરદારોના હાથમાં યુદ્ધકાર્ય સોંપ્યું હતું અને પોતે તો દૂરજ રહ્યા હતા. મહીપતરાવના મરણની વાત સાંભળી તેને અતિ દુઃખ થયું. તેને પોતાનો બચાવ કરવાની પણ મોટી પંચાત થઈ પડી.

દક્ષિણમાં હૈદ્રાબાદના નિઝામ સાથે ખટપટ શરૂ થઈ હતી તેથી આ તરફ સૈન્ય મોકલવાની સગવડ નહોતી. વળી શિંદે અને હોલ્કર ઉત્તર હિંદુસ્તાનના સિંહ ગણાતા હતા તેથી તેમને તો વિજય મળવોજ જોઈએ એવી સર્વની માન્યતા હતી. તેથી પેશ્વા સ્વસ્થ બેઠા હતા. પરંતુ જ્યારે હોલ્કરના પરાભવની વાત તેમને કર્ણગોચર થઈ ત્યારે હવે સ્વસ્થ બેસી રહેવું પરવડે એમ નથી એમ તેમને લાગ્યું. તાંદુળજાના યુદ્ધમાં તેમને હમણાંજ વિજય મળ્યો હતો તેથી તેઓ આનંદમાં નિમગ્ન હતા. એવામાં શિંદે અને હોલ્કરના સાદ્યંત પત્ર તેમને પહોંચ્યા. આ વખતે સદાશિવરાવભાઉ પૂનામાં કુલ કારભારી હતા. સદાશિવરાવ તરુણ હતા અને હમણાં તાજીજ ફતેહ મળેલી હતી. તેથી તેના ઉત્સાહનો પાર નહોતો. તેમની પાસે બળવંતરાવ મહેંદળે વગેરે માણસો હતા તે છોકરવાદ અને ઉછાંછળા વિચારના હતા. પુખ્ત વયનો કે પુખ્ત વિચારનો કોઈ પણ માણસ હતો નહિ.

ઉત્તર હિંદુસ્તાનની સમગ્ર હકિકત સાંભળી ભાઉને અતિશય કષ્ટ થયું. બળવંતરાવ મહેંદળે અને ગોવિંદરાવ તેમના મનનું સાંત્વન

કરવા લાગ્યા. તેમના વિચારો દુષ્ટ હતા. તેમણે ભાઉને જણાવ્યું કે "શિંદે અને હોલ્કરે આ રાજ્યમાં દીર્ઘકાળ પર્યંત સૌખ્ય અનુભવ્યું છે. તેમણે હમણાં રાજ્યને નુકશાન પહોંચાડ્યુ છે માટે આપે ઉત્તર હિંદુસ્તાનમાં જઇને તેમનો જવાબ લેવો જોઇએ અને તેમના ગર્વનો પરિહાર કરવો જોઇએ. આમ નહિ કરશો ત્યાં સુધી તેમના પર આપનો દાબ બેસવાનો નથી," તેમની આ દુષ્ટ સલાહ માન્ય કરી સદાશિવરાવે ઉત્તર હિંદુસ્તાનમાં જવાનો નિશ્ચય કર્યો. તેમણે જવા પૂર્વે હું આવું છું એવી ખબર પણ શિંદે અને હોલ્કરને આપી નહોતી. બળવંતરાવ મહેંદળે પ્રભૃતિ સલાહકારો તેમની સાથેજ હતા. પુનાથી નીકળી તેમણે માળવામાં મૂકામ કર્યો. ત્યાંથી તેમણે હોલ્કર પર પત્ર લખી તેમને જણાવ્યું કે; "કેમ? અમે મંજલ દરમંજલ કરી એકદમ આવીએ કે દમ ખાતા ખાતા આવીએ?" આ પત્ર વાંચતાં મલ્હારરાવને લાગ્યુ કે "સદાશિવરાવ મોટા માણસ થઇને અહીંઆં આવે તે શુભ શુકન ગણાય નહિ. તેમણે તો ત્યાં રહીને સૈનિકો મોકલી આપવા જોઇતા હતા. તેમણે આ કાર્ય કર્યું છે, પરંતુ નાના સાહેબને એમનાથી એનો ઉત્તર આપી શકાવાનો નથી." પછી તેમણે તરતજ પ્રત્યુત્તર વાળ્યો કે; "જલદી ચાલ્યા આવશો નહિ—જેની સાથે યુદ્ધ કરવાનું છે તે કાંઈ સામાન્ય શત્રુ નથી તે મહા વિકટ શત્રુ છે. આપ માળવામાંજ રહીને માત્ર સૈન્ય આ તરફ મોકલી આપશો. આપ સાહેબની હુંફ માત્રથી અમે આ કાર્યમાં સફળ થઇશું." અપૂર્વ મુત્સદ્દીપણું વાપરી હોલ્કરે ભાઉને આવો પ્રત્યુત્તર આપ્યો ખરો; પરંતુ બળવંતરાવ મહેંદળે કાંઈ ઓછી બુદ્ધિનો નહોતો. તેણે પત્ર વાંચી તેનો અર્થ સમજાવતાં ભાઉ સાહેબને કહ્યું; "શિંદે અને હોલ્કર આ રાજ્યની દીર્ઘકાળ પર્યંત સેવા કરી હવે રાજા થઈ બેઠા છે. માટે હવે તે આપને કાંઈ વિસાતમાં ગણે એમ નથી." સરળ બુદ્ધિના

ભાઉ સાહેબ, મહેંદળે જેમ નચાવે તેમ નાચના હતા. તેની સલાહ અનુસાર ભાઉએ તરતજ કૂચ શરૂ કરી. તેઓ મંજલ દરમંજલ કરતા દોલપુરમાં આવી પહોંચ્યા. ચમેલી ઘાટ ઉતર્યા પૂર્વે તેમણે હોલ્કર પર પત્ર લખી તેમને પૂછાવ્યું કે; " દોલપુરનો ઘાટ ઉતરીને આવીએ કે અચેરી થઇને આવીએ ? " આ પત્ર વાંચતાંજ હોલ્કરને અતિશય ક્રોધ ચઢયો અને તેમણે જણાવ્યું કે; "તમને માળવામાં છાવણી નાંખીને રહેવાનું કહ્યું તે છતાં તમારે અહીંઆં સુધી આવવાનું કારણ શુ ? તમારી આસપાસ સર્વ છોકરવાદ સલાહકારો ઉભરાઇ નીકળ્યા છે તે તમારા હિતૈષી અને અમે વૃદ્ધ થયા એટલે અમારી સાઠી તે બુદ્ધિ નાઠી થઇ ? અમે આજ પર્યંત જેટલાં કામો કર્યાં તે સર્વ અહિતકારક અને હવે સર્વ મળીને હિતકારક કાર્યો કરવા બેઠા છો કેમ ? " સુબેદાર પ્રમાણિક, સ્વામિનિષ્ઠ અને પુખ્ત વિચારના હતા, તેથી તેમને સદાશિવની ઉચ્છૃંખલતા પસંદ ન પડે એ સ્વાભાવિક જ છે. મારાપણું, પ્રમાણિકતા, પુખ્ત બુદ્ધિ અને કર્તૃત્વશક્તિ જેનામાં હોય તેજ પોતાના સ્વામિ પર આવો પત્ર લખી શકે છે. બીજા કોઇની તેમ કરવામાં હિમ્મત ચાલતી નથી. મલ્હારરાવના તીક્ષ્ણ પત્રથી સદાશિવરાવની આંખ ઉઘડવી જોઇતી હતી. પરંતુ નહિ. સમગ્ર મહારાષ્ટ્રનું અનિષ્ટ થવાનું હતું. ત્યાં પછી કોનો ઇલાજ ચાલે ? વિઠ્ઠલ શિવદેવે પણ સ્પષ્ટ રીતે ભાઉ સાહેબને કહ્યું કે; " મલ્હારરાવનું કહેવું સત્ય છે, માટે તેજ પ્રમાણે વર્તવું જોઇએ. " પરંતુ ભાઉ સાહેબે તે પ્રત્યે પણ લક્ષ્ય આપ્યું નહિ. મહેંદળે તેમને પાણી ચઢાવ્યાજ કરતો હતો. ભાઉએ પોતાના સૈન્યને આગળ વધવાનો હુકમ કર્યો. સૈન્ય ગંભિરા નદી ઉતરી ગયું. શિંદે, હોલ્કર તેમને મળવા ગયા તે સમયે મલ્હારરાવે ભાઉની જરા પણ મર્યાદા રાખી નહિ. તેમણે ભરસભામાં ગર્જના કરીને કહ્યું કે; " ભાઉ સાહેબ ! તમને નદીને સામે પાર રહેવાને લખ્યું

હતું તે છતાં તમને અહીંઆં આવવાનું શું પ્રયોજન ? તમને જે સલાહકારો મળ્યા છે તે કેવળ બેવકૂફ છે." તેમણે આવાં આવાં સખ્ત વચનોના પ્રહાર કર્યા, પણ કોઇની તેમની સામે બોલવાની હિમ્મત ચાલી નહિ.

સૂરજમલ જાટ અણીના વખતે કામ લાગશે એમ ધારી મલ્હારરાવે પૂર્વેનો સર્વ દ્વેષ વિસારી દઇ તેની સાથે પ્રીતિ બાંધી હતી. તેઓ જાટને કુમકે લાવ્યા હતા. પરંતુ મહેંદળે મામા શકુનિ જેવો હતો. તે પ્રતિદિન ભાઉ સાહેબના કાનમાં મંત્ર ફૂંક્યા કરતો હતો. તેઓ જાટને બોલવામાં અને કૃતિમાં સ્પષ્ટ અપમાન કરવા લાગ્યા. બળવંતરાવ મહેંદળેએ સરજમલ જાટને કેદ કરવાની યોજના પણ ઘડી મૂકી હતી. હોલ્કર અને શિંદેએ તેને વચન આપીને આણ્યો હતો તે કાંઇ પોતાના ઘરના લગ્નાદિ સમારંભમાં ભાગ લેવા માટે નહિ, પેશ્વા સરકારને વિજય મળે એટલા માટેજ આણ્યો હતો. તે છતાં પણ ભાઉ સાહેબે હોલ્કરની સમક્ષ તેને કહ્યું હતું કે " અમે દક્ષિણ છોડીને અહીંઆં સુધી આવ્યા છીએ તે કાંઇ તમારા બળ પર આવ્યા નથી. તમારે રહેવું હોય તો રહો અને જવું હોય તો આ રહ્યો માર્ગ ! "

તત્પશ્ચાત્ હોલ્કર અને શિંદેએ જાટને રાતોરાત નાશી જવાની સલાહ આપી; કારણ કે આગળ જણાવ્યું તેમ બળવંતરાવે તેને કેદ કરવાનું ષડ્યંત્ર રચી મૂક્યું હતું. આથી સૂરજમલ રાતોરાત પલાયન કરી ગયો. એક કલાક વ્યતીત થઇ ગયા પછી શિંદે અને હોલ્કર "જાટ નાઠો ! પકડો ! પકડો !" એવી બૂમ પાડતા પાડતા તેની પાછળ દોડયા. શું કરે બિચારા ! જ્યાં બેઇમાન સ્વામિ હોય ત્યાં સેવકોને આવોજ પ્રપંચ કરવાનો પ્રસંગ આવે છે. એમાં દોષ સ્વામિનો છે, સેવકનો નહિ. જાટના ગયા પછી ભાઉએ કુંજપુરપર આક્રમણ કર્યું. મલ્હારરાવે કહ્યું " શત્રુ દૂર છે. નિષ્પ્રયોજન સૈન્યને શા માટે પરિશ્રમિત કરો છો ?" પરંતુ ભાઉ

કોઇની સારી શિખામણ સાંભળે એવો નહોતો. સુદૈવવશાત્ કુતુબશાહ મરાઠાઓના હાથમાં આવ્યો. પૂર્વે મરાઠાના સૈન્યનો પરાભવ અને દત્તાજીનો શિરચ્છેદ કરનાર આજ માણસ હતો. આવો કટ્ટો શત્રુ હસ્તગત થતાં ભાઉ સાહેબના આનંદનો પાર રહ્યો નહિ. ભાઉએ તેને યથેચ્છ ગાલિ પ્રદાન કર્યું. પછી તેને કહ્યું કે "હાથાપરથી નીચે ભુસ્કો માર" કુતુબશાહે હાથ જોડીને ભાઉ સાહેબને પ્રાર્થના કરી કે "ખુદાવિંદ! સલાહ કરવી હોય તો મારો પ્રાણ બચાવો. અને યુદ્ધ કરવું હોય તો ખંડણી લઇને મને મુક્ત કરો. હું પંદર દિવસથી તમારી સાથે લડું છું, માટે પચાસ લાખ રૂપિઆ રોકડા આપવાને તૈયાર છું." પરંતુ ભાઉએ પ્રશ્ન કર્યો "તેં દત્તાજીનો શિરચ્છેદ કર્યો હતોને?" ત્યારે કુતુબશાહે ઉત્તર આપ્યો કે "હા." આ ઉત્તર સાંભળીને ભાઉ સાહેબનો ક્રોધસાગર ઉછળી આવ્યો. તેમણે "આનો શિરચ્છેદ કરો" એવી ત્રણવાર ગર્જના કરી. હોલ્કર હાથ જોડીને બોલ્યા "આનો પ્રાણ બચાવી મહત્કાર્ય કરવાનો યશ પ્રાપ્ત કરો" પરંતુ તેમણે તેમના શબ્દોપર લક્ષ્ય આપ્યું નહિ અને "આનો શિરચ્છેદ કરો" એવી પુનઃ બુમ પાડી. આ વખતે ભાઉ સાહેબને એટલો બધો ક્રોધ ચઢયો હતો કે તેનું વર્ણન પણ કરી શકાય એમ નથી. કુતુબશાહે કાકલુદી કરીને કહ્યું કે "મરતાં પહેલાં મને પાણી તો પાઓ" ત્યારે ભાઉ સાહેબે કહ્યું કે "તારા જેવા બદમાસને તો લઘુ શંકાનું પાન કરાવવું જોઇએ." ભાઉ સાહેબમાં આવું વૈર વસવાના કારણ તરીકે પાછળની હકિકત એવી છે કે જ્યારે દત્તાજી નીચે તુટી પડયા ત્યારે કુતુબશાહ તેમની પાસે જઇને તેમના પ્રત્યે બોલ્યો હતો કે "પટેલ, હમારે સાથ તુમ ઔરબી લડેંગે? આ પ્રશ્નનો ઉત્તર દત્તાજીએ એવો આપ્યો કે "ખાંસાહેબ! બચેંગે તો ઔરબી લડેંગે" આ પ્રત્યુત્તર સાંભળી કુતુબશાહે પોતાની કમ્મ-

રમાંથી છરો કાઢ્યો અને દત્તાજીને લાત મારી ઉંધા નાંખી તેમનો શિરચ્છેદ કર્યો. દત્તાજીનો ચોપદાર રાજારામ તેમને સુરક્ષિત રીતે ઉંચકી લાવવાને માટે ગયો હતો, પરંતુ તે પોતાનું કાર્ય સિદ્ધ કરે તે પૂર્વે ઉપર જણાવ્યું તેમ કુતુબશાહે દત્તાજીનું શિર ધડથી પૃથક્ કરી દીધું હતું. આ ઘટના ધ્યાનમાં લેતાં ભાઉએ યથોચિત વૈર લીધું હતું એમ લાગે છે. પરંતુ તેમણે સમયનો વિચાર કર્યો નહિ એજ માત્ર તેમનો અપરાધ હતો.

આ પ્રકારે કુંજપુરમાં વિજય મળતાંજ ભાઉ સાહેબ અને તેના મુખ્ય (કાન) મંત્રી બળવંતરાવ મહેંદળેને 'સ્વર્ગ માત્ર બેજ આંગળ દૂર રહ્યું છે' એમ લાગ્યું ! હવે હોલ્કરે સદાશિવરાવ ભાઉને પ્રાર્થના કરી કે "સ્વામિએ મહત્કાર્ય કરીને યશ સંપાદન કર્યો છે માટે કુચ કરી દિલ્લી જવું એજ ઉત્તમ છે." પરંતુ મહેંદળેની જીભ્હા લપલપ કરવા લાગી. તે બોલ્યો "સુબેદાર ! તમારા અંગમાં દુર્રાનીની ભીતિ કેમ પ્રવેશી ગઈ છે ? અદ્યાપિ તમારો ભય કેમ નિવૃત્ત થતો નથી ?" આ વચનો સાંભળી મલ્હારરાવના મનની સ્થિતિ કેવી થઈ હશે તેની કલ્પના સહજ થઇ શકે એમ છે. તેઓ સ્પષ્ટવક્તા હતા, તેઓ કોઈની સ્પૃહા રાખતા નહોતા. તેઓ ભીતિ તજી ગર્જના કરી બોલ્યા "તમારી બ્રાહ્મણની જાતજ નિર્બળ ! તમે કાંઇ આકાશ ફોડીને આવ્યા નથી. જ્યાં સુધી પંચાનનનો બેટો થયો નથી ત્યાં સુધી જ તમે ટેં ટેં કર્યા કરશો." આ શબ્દોનો અર્થ મહેંદળેએ એવો કર્યો કે "મલ્હારરાવ અબદાલીનો મળતીઓ છે."

કુંજપુર આગળ પોતાના સૈન્યનો પરાભવ થયો છે અને કુતુબશાહ માર્યો ગયો છે એ વર્તમાન સાંભળતાંજ દુર્રાની યમુના ઉતરી આત જોરસાજોર મરાઠાઓ પર ચઢી આવ્યો. આ તરફ મરાઠાઓ અસાવધ હતા. દુર્રાનીને એકદમ ચઢી આવેલો જોઈ ભાઉએ હોલ્કરને

પૂછ્યું કે "બોલો હવે શું કરવું ?" ત્યારે હોલ્કરે જવાબ આપ્યો કે "બળવંતરાવને પૂછો, મને કાંઇ સૂઝતું નથી. સાડી ને બુદ્ધિ નાડી !" આમ કહી હોલ્કરે કાનપર હાથ મૂકયા. હવે હોલ્કર ભાઉની જરા પણ મુરબ્બત રાખતા નહોતા. પછી પાણિપતનું ભયંકર યુદ્ધ જાગ્યું. ભાઉ કોઇની સલાહ માન્ય કરતો નહોતો. મરાઠાઓ યવનો પર તુટી પડયા ત્યારે હોલ્કર ભાઉ સાહેબને એક બે દિવસ પછી યવનો પર આક્રમણ કરીએ તો ઠીક એવી સલાહ આપવા ગયા, પરંતુ 'ભરવાડની સલાહ કોણ માને ?' એમ કહી ભાઉએ તેનો તિરસ્કાર કર્યો. આ પ્રકારે ભાઉ પદેપદે મલ્હારરાવનો ઉપમર્દ કરવા લાગ્યો. મલ્હારરાવની આગળ ભાઉ તો આજકાલનો છોકરો હતો. પરંતુ ભાઉ સ્વામી હતો, તેથી તેનું માન રાખવું જોઇએ. સ્વામિસેવામાં ત્રુટી નહિ પડવા દેવાને માટે મલ્હારરાવ સદા સર્વદા પરિશ્રમ કરતા હતા. આખરે પાણિપતના દારુણ યુદ્ધમાં સદાશિવરાવ ભાઉનો વધ થયો. સૈન્ય જેમ ફાવે તેમ નાશી ગયું નિરુપાય થવાથી માત્ર પચ્ચીસ સ્વારોની સાથે મલ્હારરાવે રણભૂમિનો ત્યાગ કર્યો.

યુદ્ધમાંથી નીકળીને ચાલ્યા જવું એ કાર્ય શૂર પુરુષને લાંછનાસ્પદ છે ખરૂં; પરંતુ હોલ્કરની ઇચ્છાવિરુદ્ધ ભાઉએ હઠ ધરેલી હોવાથી તેનું મન સર્વથૈવ ઉદાસ બની ગયું હતું. તેની ઇચ્છાવિરુદ્ધ ભાઉએ અનેક કાર્યો કર્યા હતાં, તેથી હોલ્કર હતાશ થાય તેમાં આશ્ચર્ય નથી. સેવાચોર નહિ થવાને માટે મલ્હારરાવે પોતાનાથી બનતું સર્વ કર્યું હતું, પરંતુ જ્યારે બચવાનો કોઇ પણ ઉપાય નહિ રહ્યો ત્યારે તેમણે રણભૂમિમાંથી પગ કાઢયો. મરાઠા સૈનિકોનો સાધારણ નિયમજ એવો હતો કે વિજય મળવાની આશા હોય ત્યાં સુધી સામી છાતીએ લડવું, તે આશા નષ્ટ થતાં રણભૂમિમાંથી હઠી જઇ પુનઃ તૈયાર બની શત્રુને જેર કરવો. આ દ્રષ્ટિથી જોતાં મલ્હાર-

રાવનું કાર્ય અયોગ્ય ગણાય નહિ. જ્યાં આભ ફાટે ત્યાં થીગડું શી રીતે દઇ શકાય? માટે આવા સંયોગોમાં રણભૂમિમાંથી હઠી જવું એ કોઈ પણ પ્રકારે અશ્લાધ્ય નથી. મરાઠાઓનો આવો નિયમ હતો તેથીજ તેમણે ઘણા અલ્પકાળમાં આવાં મહાન કાર્યો કર્યાં હતાં. પાણિપતમાં મરાઠાઓની ઘણી ભયંકર કત્લ થઇ. જ્યાં ત્યાં હાહાકાર વર્તી રહ્યો. આ આઘાતમાંથી ત્રણ ચાર વર્ષે મરાઠાઓ પોતાનાં મસ્તક ઉન્નત કરી શકયા અને ત્યાર પછી તેમણે પૂર્વવત્ પોતાની સત્તા હિંદુસ્તાનમાં સ્થાપિત કરી દીધી. અસ્તુ.

તત્પશ્ચાવત્ મલ્હારરાવે રાક્ષસભુવનના યુદ્ધમાં દેખાવ દીધો. આ પ્રસંગ કટાકટીનો હતો. મલ્હારરાવે માધવરાવ પેશ્વાને જણાવ્યું કે "હવે ચાલો અને મારી શમશેરનો સપાટો જુઓ." તેમણે નિઝામ ઉપર અતિ પ્રબળતાપૂર્વક હલ્લો કર્યો. નિઝામના સૈન્યને છિન્ન ભિન્ન કરી નાખ્યું. રાઘોબાને કેદ કર્યા. અને પરાભવ થવાથી તેનું અને નિઝામનું સૈન્ય પલાયન કરી ગયું.

પૂરાં ચાલીસ વર્ષ પર્યંત ઉત્તમ પ્રકારનું રણચાપલ્ય બતાવી મલ્હારરાવ મરણને શરણ થયા. મલ્હારી ભરવાડે 'સુબેદાર મલ્હારરાવ' બની પોતાના શૌર્ય દિનકરથી સર્વને આંજી નાંખ્યા. મેંઢાં જેવાં પશુ ચારીને પોતાનો ઉદરાનર્વાહ કરનાર માણસ શૂરો સિપાઇ બન્યો! તેના પરાક્રમનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. અહીંઆં તો માત્ર તેમના ચારિત્રમાંની મુખ્ય મુખ્ય ઘટનાઓનોજ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમની શમશેર જેટલી વિજયશાળી હતી તેટલી વિજયશાળી જો* આ લેખકની લેખિની હોત કિંવા તેમના અંગમાં જેટલી કર્તૃત્વ શક્તિ હતી તેટલી કર્તૃત્વ શક્તિ જો તે લેખિની પકડનારના

* આ ચારિત્રમાંના અન્ય વિવેચન અંશોની પેઠે આ વિવેચન પણ મૂળ મરાઠી પુસ્તકના લેખકનુંજ છે. અંત્રી.

અંગમાં હોત તો આ ચરિત્ર અતિ મનોવેધક અને અત્યંત મનોરમ બન્યુ હોત. પરંતુ તે છે નહિ એટલે ઇલાજ નથી. મલ્હારરાવ સુબેદારના જેવા અતુલ પ્રતાપી, પ્રમાણિક, સ્વામિસેવાપરાયણ અને પૂર્ણ ભાગ્યશાળી તથા શૌર્યશાળી રણધુરંધરની અપૂર્વ કૃતિનુ અતિ સ્વલ્પ અને ઢંગધડા વગરનું વર્ણન કરવાનું માન આ લેખિનીને મળ્યુ એ પણ તેનું મહદ્ભાગ્યજ સમજવાનું છે.

નિઃસંશય મરાઠા વીરોએ મહારાષ્ટ્ર ભૂમિનું નામ એક વખત દિગંતમાં ગાજતી મૂક્યું હતું. પ્રાણ કરતા પ્રિય એવા સનાતન આર્ય ધર્મનુ રક્ષણ મરાઠાઓએ કર્યુ હતુ. પ્રથમ જૂલ્મી અને પાછળથી નિર્બળ બનેલા મોગલો ઇત્યાદિને જેર કરી સ્વતંત્રતા—સ્વરાજ્ય મેળવવાને માટે તેમણે પ્રાણની જરા પણ દરકાર રાખી નહોતી. શત્રુઓ ઉપર સત્તા પ્રસ્થાપિત કરવી અને તેઓ આંખ ઉઘાડીને સામે પણ જોઇ શકે નહિ એવો કરપ તેમનાપર બેસાડવો, તથા નામ સાંભળતાંજ તેઓ થરથરી જાય એવી હાક ચોતરફ પ્રસરાવી દેવી: એ કાર્યો મરાઠા વીરો કરી શક્યા હતા. આ તેમનાં પરાક્રમો કાંઇ નાનાસુનાં કહેવાય નહિ. તે વખતે વીર મરાઠાઓએ દેશ પર કાંઇ થોડા ઉપકાર કર્યા નહોતા. આપણાથી તે ઉપકારનો બદલો વાળી શકાય એમ નથી. પરંતુ આપણા અંગમાં જો કૃતજ્ઞતા ઓત પ્રોત ભરેલી હોય, તો તેઓના કદી પણ ન ભૂલવા યોગ્ય અને અનિર્વાચ્ય ઉપકારરૂપી ઋણમાંથી મુક્ત થવાનો ઘણો નહિ તો થોડો પણ સંભવ છે. અને તે એ કે ઉપકારકર્તાનાં નામસ્મરણ તેના પ્રભાવપૂર્ણ ચરિત્રનું પઠન, વગેરે સાધનોથી એ કૃતજ્ઞતા વ્યક્ત થઇ શકે છે. અને તેથીજ આ ચરિત્ર લખીને પાઠકોની સમક્ષ સાદર કરવામાં આવ્યું છે.

૪૩–ગુરખા વીર બળભદ્રસિંહ.

ગુરખા વીર બળભદ્રસિંહ ઓગણીસમી સદીમાં થઈ ગયો છે. હજી ૫૦ વર્ષ પણ પૂરાં થયાં નથી; તેણે પોતાના અતુલ વીરત્વથી સામા પક્ષની સેંકડો ગણી સેનાને પરાજય પમાડી ઈંગ્રેજ ઇતિહાસ લખનારની શ્રદ્ધાભક્તિ આકર્ષી હતી—ઈંગ્રેજોએ પણ તેની વીરતાને વખાણી હતી. પરંતુ ભારતવાસીઓ ઇતિહાસ તરફ કેટલા તો બેદરકાર છે કે વિદ્વાનોમાંથી પણ આ મહાવીરની કથા બહુજ થોડા માણસો જાણતા હશે.

ઈંગ્રેજોના સમયનો ભરતખંડનો ઇતિહાસ જેઓએ વાંચ્યો હશે, તેઓ જાણતા હશે કે ઓગણીસમી સદીની શરૂઆતમાં નેપાલના રાજાની સાથે ઈંગ્રેજ સરકારને એક લડાઈ થઇ હતી. પરંતુ લડાઈમાં શા શા બનાવો બન્યા હતા, એ વાતો અજ્ઞાનતાના અંધકારમાં છુપાઈ રહેલી છે. નેપાલમાં ઇતિહાસ લખવાની રીતિ છે કે નહિ તે અમે જાણતા નથી, પણ સંજોગો ઉપરથી—લોકોના જ્ઞાન ઉપરથી જણાય છે કે ત્યાં પણ ઇતિહાસ નહિ લખાતા હોય. અને તેથી એ લડાઇની ખરેખરી હકીકત પણ હમેશને માટે અંધકારમાંજ છુપાઇ રહી છે. અનેક ભારતવાસીઓની વીરતા, અનેક મહાવીરોના સ્વાર્થત્યાગ અને સ્વદેશપ્રીતિનાં ચરિત્રો પણ હમેશને માટે અંધકારમાંજ ગયાં છે. અંગ્રેજ લેખકોના લખેલા ઇતિહાસોથી જાણી શકાય છે કે નેપાલીઓ મહા બળવાન મનુષ્યો હતા. અને ત્હેમની સ્હામે યુદ્ધ કરવામાં ઇંગ્રેજો પણ મહા મુશ્કેલીની વાત સ્હમજતા હતા. હિન્દુસ્તાનમાં ઇંગ્રેજોએ અનેક પ્રસંગોમાં અનેક શત્રુઓ સાથે લડાઈ કરી હતી. પણ તે એકેમાં ઇંગ્રેજી લશ્કરના કોઈ મ્હોટા અમલદારનું મૃત્યુ થયું હોય એમ જાણવામાં નથી. પણ આ નેપાળના

વિગ્રહમાં જનરલ ગિલેસ્પી મરણ પામ્યો છે. કલકત્તાના કિલ્લાની બાજુમાં ગર્વથી શિર ઉંચુ કરી ઉભેલું એક મોન્યુમેન્ટ છે. તે નેપાળ વિગ્રહના સેનાપતિ અક્ટાર્લોનિની યાદગીરી રાખવા માટે છે. આ અક્ટાર્લોનિએ પણ નેપાળી અમરસિંહની સામે સખ્ત હાર ખાધી હતી. એવી રીતે આ એક બે જરાં ઉદાહરણો શિવાય અંગ્રેજ લેખકોએ લખેલા ઇતિહાસમાંથી ગુરખાઓના વીરત્વના વધારે અહેવાલ મળી શકતો નથી.

પરંતુ એક સત્યપ્રિય અંગ્રેજ લેખકે "દેહરાદુન મેમોયર્સ" નામનું પુસ્તક લખ્યું છે, આ પુસ્તકમાં અંગ્રેજોએ દેહરાદુનનો વિજય કેવી રીતે કર્યો તેનું વર્ણન કરતાં એક ગુરખા મહાવીરનું વર્ણન કરાયું છે. તે વાંચતાં અનુમાન થાય છે કે નેપાળના યુદ્ધમાં બારાના અનેક વીર પુત્રો લડ્યા હશે. આ લડાઇમાં અમરસિંહ થપાપાનું નામ ભલાભલાના હૃદયમાં ત્રાસ પેદા કરતું હતું. આ ચરિત્રનો નાયક વીર બળભદ્ર અમરસિંહના હાથ નીચેનો એક કપ્તાન અને તેનો ભત્રીજો હતો.

આ વિગ્રહમાં દેહરાદુનની બાજુની રક્ષા કરવાનું કામ બળભદ્રસિંહને આપવામાં આવ્યું હતું. દેહરાદુન ઉંચા પર્વતોની હારમાં ઘેરાયલી એક ઘણી રમણીય ખીણ છે. ખીણની દક્ષિણ દિશામાં શિવાલીક નામની એક ઘણી ઉંચી પર્વતની હાર છે. ઉત્તરમાં હિમાલય પર્વતની હારો છે તેમ પૂર્વ અને પશ્ચિમમાં પણ પર્વતોની હારો આવેલી હોવાથી આ ભાગ શોભાયમાન લાગતો હતો. નેપાળિયોની સાથે યુદ્ધ કરવાનું નક્કી થયા પછી થોડાજ વખતમાં દેહરાદુનનો વિજય કરવાનું કઠણ કામ જનરલ ગિલેસ્પીના ઉપર નાખવામાં આવ્યું. જનરલ ગિલેસ્પીનું લશ્કર ટિમ્લા અને મોહનપાશ નામના પહાડી ટેકરાઓની વચ્ચેથી દેહરાદુનમાં પેઠું.

ઇંગ્રેજો કોઈ પણ રાજ્યની સાથે લડાઇમાં ઉતરવું હોય તો પહેલાં

સંપૂર્ણ વિચાર કરે છે, બને તેટલી તૈયારીઓ કરે છે, જોઇતાં સાધનો મેળવે છે, અને પછીજ તે વાત બહાર પાડી જાહેર કરે છે; પરંતુ ગુરખાપતિને આ કળાની ખબર નહોતી. સલાહ કરવાની વાતો ત્હેની પાસે થતી હતી. અને ત્હેના પર તેણે વિશ્વાસ રાખ્યો હતો, તેથી તે લઢાઇની બહુજ થોડી તૈયારી કરી શક્યો હતો. ઇંગ્રેજ સેના વધુ હતી અને વીર બળભદ્ર પાસે આ વખતે સ્ત્રીઓ—બાળકોની સંખ્યા સાથે લેવામાં આવે તોપણ તે ફક્ત ચારસોની હતી. આવી હાલતમાં મોહનપાશ પાસે રહી ઇંગ્રેજોની સાથે યુદ્ધ કરવું તેણે ઠીક ધાર્યું નહિ. તેથી તેણે પોતાના આ ન્હાના લશ્કર સહિત પૂર્વ તરફના એક ન્હાના પહાડની ટોચ પર આશ્રય લીધો. અને લશ્કર આવી પહોચે તે પહેલાં રાત અને દિવસ સખ્ત મહેનત કરીને તેણે અડધો કિલ્લો બનાવ્યો. કિલ્લાની ફક્ત દિવાલોજ થઇ. ત્યાં ૩૧૬૩ માણસોનુ ઇંગ્રેજી લશ્કર આવી પહોંચ્યુ, અને એક મ્હોટી છાવણી ઉભી કરી. ૨૪૭ ગોલન્દાજ, ૫૩ નંબરની મહારાણી નામની રેજીમેન્ટ (૭૮૫) દેશી પાયદલ લશ્કરના ૬, ૧૭ અને ૧૭ મી રેજીમેન્ટની પહેલી બેટાલીયન (એકંદર ૨૩૪૮ માણસો) પ્રથમ ચાલનારા લશ્કરના ૧૩૩ માણસો, ૧૮ રતલના ગોળા ફેંકનારી બે તોપો, ૬ રતલના ગોલા ફેંકનાર ૮ તોપ અને ૪ હાઉ ઇજર મળીને ૨૨ તોપ, આટલી તૈયારીઓ અને આટલાં સાધનો આ લશ્કરમાં હતા.

ઇંગ્રેજી સેનાનાયક ગિલેસ્પીએ પ્રથમ તો ઘણી મુસ્કેલીથી પહાડોની વચ્ચે જાસુસો મોકલી ગુરખા લઢાયકોની શોધ કરાવી પોતાના હાથ નીચેના એક અમલદારને તેમની સાથે વાતચીત કરવા મોકલ્યો. અને તે કર્નલ માસેને એમજ પૂછવા જણાવ્યું કે કેવા કેવા કરારોથી ગુરખાઓ ઇંગ્રેજને તાબે થશે—બંધીવાન થશે. જનરલ ગિલેસ્પીને એવી શંકાજ નહોતી કે માત્ર ૮૦ ગુરખા વીરો ઇંગ્રેજોના

૨૨ તોપો સાથેના આ મ્હોટા સૈન્ય સાથે યુદ્ધ કરવા બાથ ભીડશે; તે તો એમજ સ્હમજતો હતો કે જરૂર તેઓ તાબે થશે, પણ કર્નલ માલેએ જ્યારે બળભદ્રસિંહને ઇંગ્રેજ સેનાનાયકનો પત્ર મોકલાવ્યો ત્યારે તે વાંચતાંજ ત્હેની આંખો લાલ પીળી થઇ ગઇ, અને કાગળના સેંકડો કટકા કરી ફેંકી દઇ, બહાર બેઠેલા કર્નલ સાહેબને કહાવી મોકલાવ્યું કે, 'કર્નલ સાહેબકી સાથ હમ જલ્દી મિલેગા.'

બળભદ્રના આવા ઉત્તરથી કર્નલ વિચારમાં પડયો- તેણે એમજ અનુમાન કર્યું કે ગુરખાઓ કંઇ પણ ગડબડ કર્યા વિના ઇંગ્રેજોને તાબે થશે, પણ ત્હેના તેવા અનુમાનમાં ભૂલ હતી. માલે પોતાની ભૂલ સ્હમજ્યો અને લઢાઇની તૈયારી કરવા લાગ્યો. પહેલાં તો તેણે કેટલીક વાર તોપોના અવાજ કર્યા, પણ જોયું કે થોડા વખતમાં આવો કિલ્લો બાંધવા શક્તિવાન થનાર, આ તોપોના મોટા ધડાકાથી બ્હી જાય એ અશકય છે. તેમજ એકદમ લઢાઇ કરવાથી જય મળશે એ પણ અસંભવિત છે. ગુરખાઓને જીતવા એ કંઇ બાળકની રમત નથી. આવો વિચાર કરી તેણે લઢાઇ કરવાનું હમણાં માંડી વાળ્યું. અને મ્હોટા પાયાપર બંદોબસ્ત કરવામાં રોકાયો. બે દિવસ પછી ૨૫ મી ઑકટોબરે જનરલ ગિલેસ્પી પોતે પણ લઢાઇના મેદાનમાં આવ્યો. આવતાંજ તેણે લઢાઇ કરવાનો—એકદમ કિલ્લા ઉપર ધસી જવાનો હુકમ કર્યો. આખા બ્રિટીશ લશ્કરને ચાર ભાગમાં વહેંચી નાખ્યું. અને આ પ્રમાણે ચારે બાજુએથી ગુરખા કિલ્લાને ઘેરી લેવાનો બંદોબસ્ત થયો. ૩૧ મી તારીખે કાલુંગાના કિલ્લાથી ૬૦૦ વારને છેટે ઇંગ્રેજ લશ્કરે તોપ ગોઠવી. અને ગુરખાના કિલ્લા ઉપર ગોળાની વૃષ્ટિ થવા લાગી. ૮૦ માણસોનું ગુરખાઓનું લશ્કર અને ૩૦૦ બાળકો—વૃદ્ધો અને સ્ત્રીઓ—આ કિલ્લાને દુરસ્ત કરવાના કામમાં મંડેલાં હતાં. ચારે તરફથી આવતા તોપોના ગોળાના મારા સામે આટલું ન્હાનું

સૈન્ય કેટલો વખત પોતાનું રક્ષણ કરી શકે ? જનરલ ગિલેસપીએ ચુંટી કાઢેલા ૨૦૭૩૦૭ માણસો ચાર ભાગમાં વહેંચાઈ જઈ ચાર જગ્યાએ ઉપરથી કિલ્લાની તરફ આગળ વધ્યા. આ પ્રમાણે શત્રુસેનાને પાસે આવતી જોઇને ગુરખાઓ મ્હોટા મ્હોટા પથ્થરો ત્હેમના પર નાંખવા લાગ્યા. અને પથ્થરને મારે ઇંગ્રેજોનું લશ્કર ઘણું વ્યાકુલ થઈ ગયું. પરંતુ વ્યાકુલતામાં મુઝાઈ રહી પાછું પડે—વ્યાકુલતાથી ઘેરાઇને લીધેલું કામ મૂકી દે એવું અંગ્રેજી લશ્કર નહોતું. ઘણું દુઃખ સહન કરી પથ્થરનો મારો ખમીને પણ બહાદુરીથી તેઓ કિલ્લાની દિવાલો પાસે આવી પહોંચ્યા. હવે પથ્થરનું કામ નહોતું. પથ્થરો પડતા બંધ થયા.

ગુરખાઓ કિલ્લાની અંદર જતા રહ્યા. ઇંગ્રેજ સેનાના અમલદારો કિલ્લાની અંદર જવાના ઉપાયો શોધવા લાગ્યા. ઘણાક ઉપાયોનો વિચાર કર્યો પણ અંતે એ ઠરાવ ઉપર આવ્યા કે સીડી શિવાય કિલ્લાની દિવાલો ઉપર ચઢવું મનુષ્યથી ન બની શકે તેમ હતું. આખું સૈન્ય કંઈ પણ કામ કર્યા વિના ઉભું રહ્યું. થોડાક માણસોને સીડીની શોધ માટે આમ તેમ મોકલ્યા. આ વેળા ખરો લાગ જોઈ ગુરખા પોતાનું કામ કરવા લાગ્યા. ત્હેમણે છુપાવી રાખેલી તોપોનો ઉપયોગ કરવા માંડયો. આથી ઇંગ્રેજોનું લશ્કર ત્રાસ પામવા લાગ્યું. તોપના એક એક ગોળાથી ઘણા માણસો મરવા લાગ્યા. ચારે બાજુએથી આકાશને પણ ભેદી નાંખે એવા તોપોના ધડાકા થવા લાગ્યા. ઇંગ્રેજોના માણસો ઉપરાઉપરી પડવા લાગ્યા. તેઓ ગભરાવા લાગ્યા. અને જોતજોતામાં ઇંગ્રેજોનું ઘણું લશ્કર માર્યું ગયું. એટલામાં સીડી તો આવી પહોંચી; પણ સીડી ઉપરથી ઉપર જવાની હિંમત કોણ કરી શકે ? "આવા મ્હોટા ઇંગ્રેજ સૈન્યમાં કોઇ પણ એવો વીર્યવાન માણસ નથી કે જે સીડી ઉપર જવાની હીંમત કરે." એ વિચા-

રની લજ્જા અને અપમાનથી લેફ્ટેનન્ટ એલીસ અધીરો થઇ ગયો. તે સિંહ જેવા પરાક્રમથી સીડી ઉપર દોડી ગયો અને દિવાલ ઉપર ગયો. પણ ત્યાંથીજ સિદ્ધો ધક્કો લાગતાં તે નીચે પડયો. હવે કોણ ઉપર જાય ? કોઇની પણ હિમ્મત ચાલી નહિ. તોપોનો મારો તો ચાલુજ રહ્યો તેથી ઇંગ્રેજ સેનાને પાછા ફરવાની અને એક ગામડામાં આશ્રય લેવાની જરૂર પડી. ગામમાં જઇ તેઓએ ક્રોધથી સીડીને ધાસની સાથે રાખીને બાળી મૂકી. અને જનરલ ગિલેસ્પી લજ્જાથી અને ક્રોધ–અભિમાનથી માથું કૂટવા લાગ્યો. '૮૦ માણસોની ગુરખાની એક ટોળાથી પરાજય પામવા કરતા મરણ પામ્યો હોત તો સારૂં' એમ તે સ્હમજવા લાગ્યો. આ વખતે ઇંગ્રેજી લશ્કરમાં બીજી એક ટુકડી આવી બળી તેથી ઉત્સાહમાં વૃદ્ધિ થઇ. સેનાપતિ ફરી તૈયાર થયો. અને સિંહ જેવી ગર્જના કરી ફરી કિલ્લા તરફ આગળ વધવાનો હુકમ કર્યો. ચાર રતલ અને ૭ રતલની તોપો પર્વત ઉપર ચઢાવવાનો હુકમ આપ્યો. સેનાપતિના ઉત્સાહથી લશ્કર પાછું ઉત્સાહવાળું થયુ. કિલ્લાની સ્હામે એક વાંસનો દરવાજો હતો. તે તરફ ઇંગ્રેજોનું લશ્કર દોડવા લાગ્યું. અને તોપો પણ તે તરફ લઇ જવામાં આવી. દરવાજાથી ૩૦ વાર છેટે આવીને ઇંગ્રેજી લશ્કર ઉભું રહ્યુ. પરંતુ આ સ્થળે તેણે કંઇક એવું જોયું કે જેથી તે સ્તંભિત થઇ ગયુ, અને તેથી લઢાઇ કરી નહિ. સેનાપતિએ ખૂબ માથું ફોડયુ–ઘણું કહ્યું, બને તેટલા સ્હમજાવ્યા, પણ લશ્કરે લઢાઇ કરવાની નાજ કહી. આટલીવારમાં ગુરખાઓએ ઇંગ્રેજો સ્હામે તોપો ગોઠવી દીધી, અને શત્રુસેનાને આગળ વધતી જોઇ તેઓ ઘણી બહાદૂરીથી તોપો છોડવા લાગ્યા. એક એક અવાજમાં અનેક ઇંગ્રેજી લશ્કરના માણસો ભૂમિ ઉપર પડવા લાગ્યા. એક ગોળો આવીને જનરલ ગિલેસ્પીની છાતીમાં વાગ્યો, અને તે હમેશને માટે ભૂમિ ઉપર પડયો. ઇંગ્રેજોએ જોયું કે આજે કિલ્લાપર વિજય મેળવવો

મુસ્કેલ છે, તેથી તેઓ પરાજય માની પાછા ફર્યા. આ પ્રમાણે પ્રથમ યુદ્ધમાં ૮૦ માણસોના ગુરખા નાયકે અંગ્રેજી લશ્કરના ૧૫૫૦ યુદ્ધવીરોને પરાજય પમાડયા. અને ૩૬૧૩ માણસોને લજ્જા અને અપમાનથી નીચું જોતા કરી, બેવાર પરાજય પમાડી પાછા કહાડયા.

આ પ્રમાણે લશ્કર વધારે હોવા છતાં બળભદ્રસિંહનો પરાજય કરી શકાયો નહિ. અને જનરલ ગિલેસ્પી માર્યો ગયો. તે ઉપરાંત વિભાગી સૈન્યના ચાર અમલદારો પણ માર્યા ગયા. ૨૧ જણ આગળની સેનાના અને ૨૧૩ સિપાઇઓ લઢાઇના મેદાનમાં હમેશને માટે સુતા. સ્હામેથી તોપોના ધડાકા થતા હતા. માણસો ઉપરાઉપરી પડતા હતા. તે વખતે પહાડી માર્ગ કઠણ જણાવાથી ૧૦૦ ઘોડેસ્વારોએ ઘોડાઓ તજી દઇ પગે ચાલવાનું કર્યું. તે પૈકી માત્ર ૫૦ જણ જીવવા પામ્યા. ખરેખર આવા ન્હાના દેશી સૈન્ય પાસે—એક ગુરખા નાયકની હુંશિયારી પાસે—આવું ઇંગ્રેજ સૈન્ય આવી રીતે પરાજય પામ્યું હોય એવી બીજી કોઇ પણ વાત સાંભળવામાં આવી નથી. પરંતુ આ બનાવ પછી જે કંઇ આ યુદ્ધમાં બન્યું હતું તે આથી પણ વધારે ગૌરવવાળું હતું.

ગિલેસ્પીના મરણ થયા પછી કર્નલ માલે ઇંગ્રેજોની સેનાનો નાયક થયો. લઢાઇ બંધ કર્યા પછી મેદાનમાં રહેવું એ ઠીક ન લાગવાથી તે તરત દેરાદુનમાં આવ્યો. અને દિલ્લીમાં સમાચાર મોકલ્યા કે બીજી મ્હોટી તોપો આવી પહોંચે નહિ ત્યાં સુધી લઢાઇ થવી કે શત્રુઓ પર વિજય થવો અશક્ય છે. ખબર મળતાંજ દિલ્લીમાં તોપો મોકલવાની તૈયારી થઇ. અને હારબંધ સાંકળથી બાંધી તોપો દિલ્લીથી દેરાદુન મોકલવામાં આવી ત્યાં સુધી કર્નલે લઢાઇ બંધ રાખી. તોપોની વાટ જોતો બેસીરહ્યો. એક મહિના પછી તા. ૨૪ મી નવેમ્બરે તોપો દેરાદુનમાં આવી, અને તેટલી ત્વરાથી તેમને યથાસ્થાને ગોઠવી કર્નલે લઢાઇનો હુકમ કર્યો.

અને ગુરખાઓના કાચા કિલ્લાપર તોપોનો માર વરસાદની પેઠે થવા લાગ્યો. ૧૮ રતલના ગોળા ફેંકનારી તોપો કિલ્લાની દિવાલથી ૩૦૦ વારને છેટે ગર્જના કરતી એક એક મિનિટમાં દશ બાર ગોળા ફેંકવા લાગી. કાચી, તરત ઉભી કરેલી દિવાલ આવા સખ્ત ગોળાના મારથી તરત ભાગી ગઈ. પેલી બાજુ ગુરખા પણ પોતાના જીવ પર આવી જઇ કામ કરતા હતા. જ્યાં દિવાલ તૂટે કે અંદર નવી દિવાલ બનાવી દઇ શત્રુઓના પ્રયત્નોને વ્યર્થ કરવા લાગ્યા. પરંતુ પ્રસંગ ભયંકર હતો. તેઓ માત્ર ૮૦ મનુષ્યો હતા. પ્રયત્ન અથાગ કરતા હતા, છતાં થાકી જતા; જ્યારે આ જડ તોપો વિના વિલંબે વિના વિચાર્યે-વિના થાકે પોતાનું કામ કર્યા જતી હતી. જેમ જેમ ગુરખાઓ પ્રયત્ન કરતા ગયા તેમ તેમ ક્રોધે ભરાઇ ઇંગ્રેજો તોપનો મારો વધારે સખ્ત-વધારે ત્વરાથી કરતા ગયા. આવા સખ્ત મારા સ્હામે પણ વીર ગુરખા બે દિવસ સુધી વીરતાથી પોતાનો બચાવ કરી શક્યા, પણ આખરે તેઓ થાકી ગયા. તોપના ત્રણચાર ગોળા સાથે આવવાથી દિવાલનો એક ભાગ કડડભૂસ કરતો પડ્યો. ગુરખાઓને તે સમારવાનો વખત મળ્યો નહિ. આ જગ્યા ભાગેલી જોઈ ઇંગ્રેજી સૈન્યનો અમલદાર આનંદ પામ્યો. અને ભાગેલી દિવાલમાંથી પોતાનું લશ્કર લઇ જવા તેણે નિશ્ચય કર્યો. ઇંગ્રેજ સેનાપતિ પોતાનો વિજય માની બેઠો. તેણે ધાર્યું કે મુઠીભર ૬૦-૭૦ થી ૮૦ ગુરખા ૪૦૦૦ માણસના ફેલાવાવાળા લશ્કર સ્હામે કદી પણ યુદ્ધ કરી શકશે નહિ, તેથી તેણે બીજે દિવસે કિલ્લામાં દાખલ થવાનો વિચાર કર્યો.

પેલી તરફ વીર બળભદ્ર પણ કાયર થઇ લમણે હાથ દઈ રોતો બેઠો નહોતો તે પણ આ પરિણામનો ગંભીર વિચાર કરતો હતો. દિલ્લીની મ્હોટી તોપોએજ ત્હેને હેરાન કર્યો હતો. અને તે સ્હમજી શક્યો હતો કે એક દિવસમાં ભાગેલી દિવાલ કદાચ સારી

થઇ શકશે, પણ આવી તોપો સ્હામે તે વધારે વાર ટકી શકાશે નહિ, માટે બીજો કોઈ સરળ ઉપાય ખોળી કાઢવો. તે એક નિશ્ચયપર આવ્યો કે જો ઈંગ્રેજોની નવી આવેલી મ્હોટી તોપો લઇ લેવાય અથવા નકામી કરી શકાય તો ત્હેમનું બળ ઓછું થઇ શકે, પરંતુ ૭૦ માણસો ૪૦૦૦ માણસોના લશ્કર પાસેથી એ તોપો કેવી રીતે ઝુંટાવી શકે? પરંતુ નિરાશામાંજ આશા જોવી, દુઃખમાંજ સુખ જોવું, વિઘ્નમાંજ આનંદ જોવો. એજ વીરોનું વીરતત્વ છે. તેણે નિરાશ ન થતાં એક ઉપાય શોધી કાઢ્યો. આજની રાત અંધારી હતી. રાતના ત્રીસ ચાલીસ વીર ગુરખાઓને લઇ ઇંગ્રેજોની છાવણીમાં જવું, તોપો પાસે જઈ તે નકામી કરી નાંખવી, રાત્રિનું ભયંકર અંધારૂ આજે આ મહાવીરને બહુ પ્રિય લાગ્યું. પોતાના બધા વીર બંધુઓની સલાહ લઇને તેણે પોતાનો અભિપ્રાય દૃઢ કર્યો અને અંધારી રાતની વાટ જોતો બેઠો.

ઇંગ્રેજોની છાવણીમાં આજે આનંદ આનંદ થઈ રહ્યો છે. શત્રુના કિલ્લાની દિવાલ ભાગી ગઇ છે. સવારેજ કિલ્લો તાબે થશે, અને ત્હેની સાથે શત્રુઓ પણ તાબે થશે, તેથી યુદ્ધ અટકશે. આ વિચારથી મ્હોટા તેમજ ન્હાના ઈંગ્રેજી અમલદારો, સિપાઇયો, કામ કરનારા ચાકરો વિગેરે સર્વ આનંદ પામે છે. શરાબની ખુશી પણ આ ખુશીમાં વધારો કરે છે. અને નિશામાં એજ વાતચીત થાય છે કે આવતી કાલે શું થશે, કોણ કેવી રીતે લઢાઈ કરશે અને કેવી રીતે વિજય થશે. સર્વ પોતપોતાનાં કામ વહેંચી લે છે.

પણ જેમ વીર બળભદ્રને વિચાર આવ્યો તેમ ઈંગ્રેજ સેનાપતિનો વિચાર પણ ફરી ગયો. તેણે પણ અંધારી રાતે કિલ્લાપર હુમલો કરવાનો વિચાર કર્યો. શત્રુઓને સૂતેલા પકડવામાં આવે અથવા રાતને વખતેજ કિલ્લામાં જવાય તો કિલ્લો લેતાં જે કાપાકાપી

થાય તેમાંથી બચી જવાય. કર્નલનો હુકમ થયો અને શાંતિથી તૈયારીઓ થવા લાગી. આ પ્રમાણે બન્ને તરફ ઉત્સુકતાથી રાત્રિના અંધકારની વાટ જોવાય છે.

મુકરર કરેલો વખત આવ્યો. વીર બળભદ્ર નિદ્રા ત્યજી—આળસ મરડી—ટટાર બેઠો થયો અને તરત મુકરર કરેલી જગ્યાપર આવ્યો, ત્યાં જઇને જુએ છે તો હેના સઘળા સાથીઓ તૈયાર થઇને ઉભા હતા, તેઓ કંઈ પણ બોલ્યા વિના શાંતિથી આગળ વધ્યા. કિલ્લાનો દરવાજો ઉઘાડીને પર્વતની નીચે ઉતરવા લાગ્યા. થોડી વારમાં ઘણો રસ્તો કાપી ગયા. ચારે બાજુએ ઘણું અંધારૂં હતું, કોઈ પણ વસ્તુ દેખાતી નહોતી. આસપાસના—સ્હામી તરફના કે પછવાડેના સર્વ પદાર્થો ગાઢ અંધકારમાં છૂપાઇ ગયા હતા. ઝાડ પાન કંઈ પણ નજરે પડતાં નહોતાં. કેવળ આકાશમાં એક બે તારા સિવાય સર્વત્ર અંધારૂંજ નજરે પડતું હતું. સઘળી પ્રકૃતિ સુની હતી. આવે ભયંકર વખતે વીર બળભદ્ર પોતાનું ધારેલું કામ કરવા ઇંગ્રેજોની છાવણી તરફ આગળ વધવા લાગ્યો. થોડેક છેટે જતાંજ સ્હામે તેણે કંઇક જોયું. જોતાં ચમક્યો—ઉભો થઈ વિચારમાં પડ્યો. થોડી વાર વિચાર કરતાં ઇંગ્રેજોની ચતુરાઈ તે બરાબર સ્હમજી શક્યો. તેણે જાણ્યું કે ભાગેલી દિવાલમાંથી કોઇ પણ ન જાણે તેવી રીતે પ્રવેશ કરી સતેલા ગુરખાને મારી નાંખી કિલ્લાનો જય કરવો એ આ હિલચાલનો હેતુ હતો; એ જાણતાની સાથેજ તેણે આવી રીતે વિશ્વાસઘાત કરી કિલ્લાપર જય મેળવવા ઇચ્છનારને કંઈક રણરંગની મઝા ચખાડવાનો નિશ્ચય કર્યો. પાસેના એક માણસને કિલ્લામાં જઈ સર્વ સૈન્યને તૈયાર કરી આવવા આજ્ઞા આપી. તે માણસ આજ્ઞા મળતાંજ દોડતો કિલ્લા તરફ ચાલ્યો. વીર બળભદ્રે પોતાના સિપાહીઓને પહાડપર ટેકો દઇ કંઇ પણ બોલ્યા કે ચાલ્યા વિના શાંત ઉભા રહેવાનો હુકમ કર્યો. તે પ્રમાણે ઠુંકા શરીરના ચપળ

ગુરખા પહાડને ટેકો દઇ ઉભા રહ્યા. અને આ ગાઢ અંધકારમાં જાણે તે સર્વ પર્વતની સાથેજ કેમ ન મળી ગયા હોય ! પેલી બાજુએ ઇંગ્રેજ સૈન્ય મનના આનંદથી ઉત્સાહની સાથે પહાડ ઉપર ચઢવા લાગ્યું. સિપાહી એક એકની હારમાં ઉપર આવતા હતા. પહેલો સિપાહી બળભદ્રની પાસે આવ્યો કે તરતજ એક તીક્ષ્ણ કુહાડીનો પ્રહાર થયો. અને એક અક્ષર પણ બોલી શકે તે પહેલાં તો તે મરણ શરણ થયો. અને આંખની પળ પડે તે પહેલાં તો બળભદ્રના માણસોએ ત્હેના મરેલા શરીરને ઉચકી લીધું અને એક ખાડામાં નાખી દીધુ. પહેલા સિપાહી પછી બીજા સિપાહીને પણ આજ રીતે મારી નાંખ્યો આ રીતે ઘણાક સિપાહીઓને બળભદ્રે એક અક્ષર પણ ન બોલવા દેતાં મારી નાખ્યા. કિલ્લામાં જવા ઉપડેલા માણસોમાંથી ઘણા માણસો આ રીતે માર્યા ગયા.

કર્નલ માલેના મનમાં મ્હોટો સંદેહ ઉત્પન્ન થયો. ત્હેના અનુમાન પ્રમાણે કેટલુંક લસ્કર કિલ્લામાં પહોંચી જવું જોઇએ. ઘણા માણસો ઉપર ગયા હતા. પણ કિલ્લામાં પહોંચી ગયા હોય એવું કંઈ પણ ચિહ્ન ત્હેના જોવામાં આવ્યું નહિ. આથી ત્હેનો સંદેહ દૃઢ થતો ગયો. અને વધુ લસ્કરને કિલ્લા તરફ જતું અટકાવ્યું. બળભદ્ર જોઇ શક્યો કે હવે શત્રુઓ આવતા બંધ થયા છે. કેટલોક વખત તે વાટ જોઇ રહ્યો, પણ કોઈ આવતું જણાયુ નહિ, તેમજ હવે સવારનો પ્રકાશ પણ થોડો થોડો જણાવા લાગ્યો. એટલે કિલ્લાની બહાર રહેવું અયોગ્ય ધારી બળભદ્ર પોતાના સાથીઓ સહિત કિલ્લામાં દાખલ થઇ ગયો. કિલ્લામાંના ગુરખાઓ પોતાના સેનાપતિની આવી હુશિયારી અને સાવચેતીની વાતો સાંભળી હસવા લાગ્યા. બળભદ્રે કિલ્લામાં જઇ પોતાના સર્વ વીર મિત્રોને એકઠા કર્યા. અને થોડી વારમાંજ ઇંગ્રેજો કિલ્લા ઉપર હુમલો કરશે, એ વાતથી વાકેફ કર્યા તથા

કેવી રીતે કિલ્લાની રક્ષા કરવી એ પણ સર્વેને કહી દીધું. આ વખતે કિલ્લામાં સબળ શરીરના સિપાહીઓ ૮૦ થી વધારે નહોતા. અને ત્હેમનાં સ્ત્રી-પુત્ર વિગેરે સર્વેની ગણત્રી કરતાં આ કિલ્લામાં ૩૦૦ થી ૩૫૦ મનુષ્યો હતાં. બળભદ્રસિંહે બંદોબસ્ત કર્યો કે પ્રત્યેક ગુરખા સિપાહીને મદદ કરવા ત્હેનાં બાયડી છોકરાંઓએ પણ તૈયાર રહેવું. પતિ યુદ્ધ કરે તો પત્ની ત્હેને ભૂખની વખતે ખોરાક આપે, તરસની વેળાએ પાણી આપે, પિતા લઢાઇ કરતો હોય ત્યારે પુત્ર ત્હેના પાસે રહે. ત્હેને હથિઆર વિનાનો જુએ તો હથિઆર આપે. દારૂગોળો વિગેરે આપે. આવી રીતે વિચાર કરી યુદ્ધ માટે બંદોબસ્ત કરી ૭૦-૮૦ ગુરખા વીરો પોતાના પરિવાર સાથે, યુદ્ધ કરવા સજ્જ થઇ શત્રુ-ઓની વાટ જોતા બેઠા. ત્હેમને વધુવાર વાટ જોવાની જરૂર પડી નહિ.

સૂર્યનો ઉદય થયો તે સાથેજ કર્નલ માર્સે રાતનો બનાવ સ્હમજી ગયો. આવી અંધારી રાતે ગુરખાઓ કિલ્લો છોડી દઇ હિંમતથી ઇંગ્રેજો સ્હામે યુદ્ધ કરશે એ તેણે સ્વપ્નામાં પણ નહોતું ધાર્યું ગુરખાઓની કામ કરવાની આવી તત્પરતા જોઇ તે આશ્ચર્ય પામ્યો અને પોતાના સૈન્યના ઘણા સિપાહીઓ માર્યા ગયા હોવાથી તે ક્રોધાયમાન થયો. તેણે એકદમ લશ્કરને હુકમ કર્યો કે પર્વત પર એકદમ ચઢી જાઓ. થાક ખાવા ક્યાંય પણ ઉભા ન રહો. હુકમ થયો કે તરતજ ઇંગ્રેજ સેના પહાડપર ચ્હડવાનાં સર્વ સંકટોને તુચ્છ ગણી શત્રુના કિલ્લાની તરફ જવા નિકળી. ગુરખાઓએ તરત પોતાના કિલ્લામાંથી ત્હેમને આવતા જોયા. તરતજ ત્હેમણે પોતાની તોપો ગોઠવી દીધી. અને ગગન મંડળને પણ ભેદી નાંખે એવા ધડાકા કરી શત્રુઓ પર ગોળા વરસાવવા લાગ્યા. પરંતુ ઇંગ્રેજ સેના તેથી ભાગી ગઇ નહિ. જેઓ પડી જતા ત્હેમની ઉપરથી ચાલીને જખમી થતાં ત્હેને દૂર કરીને કંઇ પણ વિચાર ન કરતાં ઇંગ્રેજ સેના આગળ વધતી હતી. થોડી વારમાં જોત-

જોતામાં ઇંગ્રેજ સેના કિલ્લાની છેક પાસે આવી પહોંચી.

૫૩ નંબરની રેજિમેન્ટનો ઉપરી ઈંગ્લાલી આટલી વાર સુધી ઘણી બહાદૂરીથી બીજી સેનાને સાથે લઇને કિલ્લાની તરફ આવતો હતો. દિવાલની પાસે આવવાની પહેલાં ગુરખાનો ગોળો ત્હેની છાતીમાં વાગ્યો, તેથી ત્હેનું શરીર લથડી પડ્યું. તે લશ્કરની પછવાડે રહ્યો. ત્હેની જગ્યાપર કેપ્ટન ફ્લમેટન આવ્યો, પરંતુ ભાગેલી દિવાલની પાસે આવતામાંજ ત્હેનું મરણ નીપજ્યું. ગોળાનો મારો એવો તો સખ્ત ચાલતો હતો કે ભાગેલી દિવાલમાં પ્રવેશ કરવા કોઇની હિમ્મત ચાલતી નહોતી. લેફ્ટનન્ટ હારીંગ્ટને ખૂબ હિમત કરી–સિંહના જેવા સાહસથી તે ભાગેલી દિવાલપર ચઢ્યો પણ અંદર જોઈ શકે તે પહેલાં તો ત્હેના શરીરના હજારો કકડા થઇ ગયા. અને હવામાં મળી ગયા. ૫૩ નંબરની રેજિમેન્ટના કેટલાક સોલ્જરો તે પછી ભાગેલી દિવાલ પર ચઢ્યા, અને કેટલાક બીજા સિપાહીઓ પણ હિંમત કરી તેમની પછવાડે ચાલ્યા, પણ ગોળાના મારામાં તેઓ ટકી શક્યા નહિ, તેઓ કંઇ પણ કરી શક્યા નહિ. ત્યાર પછી ગુરખાઓ કિલ્લાની અંદરથી અસંખ્ય હાથે અસ્ત્રો–પથ્થરો વગેરે ફેંકવા લાગ્યા, તેથી ઘણા ઇંગ્રેજ સૈનિકો નાસવા લાગ્યા. કર્નલ માલેએ જાણ્યું કે હવે વધારે વખત અહીં રહેવાથી ઘણું લશ્કર કપાઇ મરશે. બાકી આવા ચંચળ શત્રુઓ સ્હામે ટકી શકાશે નહિ. તરત તેણે લઢાઇનું મેદાન છોડવાનો હુકમ કરીને બ્યુગલ વગાડ્યું. ઇંગ્રેજ સેના તે જગ્યા છોડીને ત્વરાથી દોડતી નાસવા લાગી. વીર બળભદ્રનો પાછો જય થયો. અંગ્રેજ સેનાનાં ઉન્નત શિર ફરી એકવાર હારની લજ્જાથી નીચાં નમ્યાં. આ યુદ્ધમાં ૫ અમલદારો માર્યા ગયા અને ૭ જખ્મી થયા. ૩૩ સિપાહીઓ માર્યા ગયા, અને ૬૩૬ સિપાહીઓનો કંઇ પત્તો લાગ્યો નહિ. દરેક ગુરખા વીરે સરાસરી ૯ સૈનિ-

કોને મારીને કિલ્લાની રક્ષા કરી. આવી રીતનું વીરત્વ ભારત ભૂમિમાં અને ભારતવાસીઓમાં હતું, તેનું સ્મરણ માત્ર કર્યાથી પણ કેવી અસર થાય છે!

ગુરખા વીરોએ ખરેખરા અદ્‌ભુત સાહસ અને વીરપણાથી અંગ્રેજોના સખ્ત હુમલાઓથી પોતાની રક્ષા કરી. ઈંગ્રેજ સેનાપતિ ગુરખાઓનું વીરપણું–બહાદુરી અને ઉદ્યમ જોઇને આશ્ચર્યમાં ડુબી ગયો. આજની ઓગણીસમી સદીમાં યુદ્ધ કરવાની પદ્ધતિના નવીન યુગમાં ૭૦ કે ૮૦ માણસોએ કુટુંબ સાથે રહી, હથીયારોથી સુસજ્જીત કવાયતવાળા સેંકડોગણા સિપાહીઓ ઉપર, તોપ તથા બંદુકના ગોળા ગોળી ઉપર જય મેળવ્યો. આ વિચાર ઈંગ્રેજ સેનાપતિના મગજમાં એક પ્રકારની ભ્રમણા ઉત્પન્ન કરવા લાગ્યો. પ્રાચીન ઇતિહાસમાં જ્યારે દારૂગોળા, તોપ, બંદુક વિગેરે હથીયારોનો પ્રચાર થયો નહોતો ત્યારે આવા અદ્‌ભુત વીરત્વનો અભાવ નહોતો એ ખરૂં છે: જ્યારે શરીરનું બળ અને હથિયારો ફેંકવાની હુશિયારી ઉપર યુદ્ધના જયનો સઘળો આધાર રખાતો હતો ત્યારે કોઈ કોઇ મહાવીરોએ માત્ર થોડાક સિપાહીઓની મદદથી ઘણા બાહુબલ અને યુદ્ધશિક્ષણના પ્રતાપે મોટાં સૈન્યોને હરાવ્યાં છે, એ વાત ખરી છે; પરંતુ આજે જ્યારે દારૂગોળાના પ્રભાવ પાસે હથિયારોનું શિક્ષણ કે બાહુબલ કામ લાગતું નથી, જ્યારે એક ન્હાના–નિર્બળ બાળકના હાથથી છૂટેલી ગોળી એક પ્રચંડ મહાવીરની છાતીને ભેદી ત્હેને મારી નાંખવા સમર્થ થાય છે, જ્યારે મમતા કે પ્રીતિ વગરની અને દયા કે દાક્ષિણ્ય રહિત સીસા અને લોઢાની ગોળીઓ ઉપરજ જય કે પરાજયનો આધાર રહે છે, તેવે વખતે ૭૦ કે ૮૦ ગુરખા કુટુમ્બોએ તરતની બનાવેલી કાચી દિવાલની પાછળ રહી, અસંખ્ય હુશિયાર, ચંચળ ઈંગ્રેજ સેનાને મારીને ત્રણ વાર કેવી રીતે પાછી હઠાવી દીધી! આ વાત સેનાપતિના

ધ્યાનમાં ઉતરી નહિ. આવી રીતે પોતાનું ઘણું લશ્કર આમ નકામું નાશ પામવાથી અંગ્રેજ સેનાપતિ ડરવા લાગ્યો, અને હવે સ્હામે મોઢે લઢાઈ ન કરતાં બીજા કંઈ ઉપાય શોધવાના વિચારમાં પડયો.

ગુરખાઓનો કિલ્લો એક ઘણા ઉંચા પહાડના શિખર ઉપર હતો. કિલ્લાથી એક માઇલને આશરે પશ્ચિમ દક્ષિણમાં તે પહાડનાજ એક સૌથી ન્હાના શિખર ઉપર એક ન્હાનો પાણીનો ઝરો હતો, તે ઝરાનું નામ નાલાપાની હતું. એ નાલાપાનીમાંનું પાણી ગુરખાઓ પોતાને માટે લઇ જતા હતા. કિલ્લાની પાસે આ ઝરા સિવાય બીજો કોઇ ઝરો, તળાવ કે કૂવો નહોતો. અંગ્રેજ સેનાપતિએ જોયું કે વીરત્વથી યુદ્ધ કરી સ્હામે ઉભા રહી ગુરખાઓને હરાવવાનું કામ તો બહુજ કઠિન છે. પરંતુ કોઇ એવો બંદોબસ્ત થાય કે જેથી ગુરખાઓ નાલાપાનીનું પાણી ન મેળવી શકે તો, થોડાજ વખતમાં તૃષાના માર્યા તેઓ આપણે તાબે થાય. ઝરાના પાણીને બંધ કરવું એ કામ અંગ્રેજ સેનાપતિ માટે કાંઇ મુસ્કેલ નહોતું. ત્યાર પછી ઝરાની પાસે ઝાડપાનથી ઘેરાયલી જગ્યામાં ઇંગ્રેજ સેના રહેવા લાગી. ગુરખાઓ ઝરા પાસે જતા અટકયા, છતાં જો કોઈ પણ બહાદૂરી દેખાડી પાસે આવે તો ઇંગ્રેજ સૈનિકો ત્હેને બંદુકની ગોળી મારી ઠાર કરતા હતા. આવી રીતે ઇંગ્રેજોની કળાથી ગુરખાઓ ઝરામાંથી પાણી લાવતા અટકયા એક બાજુ ઝરાને ઘેરી બેઠા અને પાસે જનાર એક જણ પર સેંકડો ગોળીઓનો વરસાદ વરસાવવા લાગ્યા. તેમજ બીજી તરફ પહાડની આસપાસ પણ દરેક ઠેકાણે સિપાહીઓ ઉભા રાખી દીધા કે ગુરખાઓ કોઇ પણ સ્થળેથી પાણી લાવવા પામે નહિ.

ગુરખાઓની છાવણીની સ્થિતિ આ રીતે ઘણી ખરાબ થઇ ગઇ. ઈંગ્રેજોની સાથે બે મ્હોટાં યુદ્ધો કરતાં ત્હેમને ઘણું દુઃખ વેઠવું

પડયું હતું. અને તેથી તેઓ થાકી ગયા હતા. ભલે કોઇ વીર અસીમ પરાક્રમ કરી શકે, અને બહાદૂરીથી અનેક શત્રુઓના પ્રાણનો સંહાર કરી શકે; પરંતુ યુદ્ધમાંથી તે સર્વાંશે સહિસલામત પાછો ફરી શકવો મુશ્કેલ છે. તે ઘાયલ થાય છે અને લોહીથી ભરેલે શરીરે થાકેલો મેદાનમાંથી પાછો ફરે છે. ગુરખાઓની હાલત આવીજ હતી. તેઓ થાકથી અર્ધા થઈ ગયા હતા, અને તે વખતે ઇંગ્રેજ સેનાએ હજારો બંદુકની ગોળીઓ અને સેંકડો તોપના ગોળાના અવાજ એકી વખતે કરવા માંડયા. ગુરખાઓ ભાગેલી દિવાલ દુરસ્ત કરવામાં મંડયાજ રહ્યા છતાં બીજી બાજુએથી ગગનને પણ ભેદી નાખે એવા તોપોના ગોળા સામે આ કાચી દિવાલ કેટલો વખત ટકી શકે? તે દિવસ તે ગુરખાઓના દારૂણ દુઃખનો દિવસ હતો. ગોળીઓ અને ગોળાઓના પ્રહારોથી આજે કિલ્લાની આસપાસની જગ્યા અગ્નિમય થઇ પડી હતી. દિવાલો અનેક સ્થળેથી તૂટતી હતી અને બધી જગ્યામાં મરામત ન થઈ શકવાથી આજે અનેક ગુરખા વીરો, બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો હમેશને માટે આ દુનિયામાંથી પ્રયાણ કરી ગયાં હતાં. ભાગેલી દિવાલોપરથી આવતા શત્રુઓને દૂર કરવા ગુરખા વીરોએ પ્રિયાના, ન્હાનાં રમણીય બાળકોના અને પ્રિય મિત્રોના હૃદયભેદક શબ્દો સાંભળતાં પ્રાણ તજ્યા હતા. તે ભયંકર દિવસ પોતાના પ્રિય બાળકનું નાજુક મુખ તોપના ગોળાથી છુંદાયલું જોઇને અનેક વીરોની છાતી ફાટી ગઇ હતી. તે દિવસે કેટલીક ગુરખા માતાઓએ પોતાના પ્રિય પુત્ર યુદ્ધવીરને પાણી આપવા હાથ લાંબો કરતાં હમેશને માટે તે હાથ ખોયા હતા. અને પુષ્કળ કોમળ હૃદયવાળી સ્ત્રીઓએ આવાં દુઃખો સહન ન થવાથી હમેશને માટે વિદાયગીરીની રજા લીધી હતી. આજે ગુરખાઓના કિલ્લામાં અનેક સ્ત્રી પુરૂષો મરણ પામ્યાં હતાં, અનેક સંબંધીઓના પ્રેમી હૃદયને પિગળાવવા જખમી થયેલાઓ કારમી ચીસો પાડી

રહ્યા હતા, પણ હજી સુધી વિજય ગુરખાઓના પક્ષમાંજ હતો. છતાં આવી નુકશાનીથી તેઓ અશાંત થઇ ગયા હતા. ૧૦૦ થી ૧૫૦ ગુરખા મનુષ્યો આજે મરણ પામ્યા હતા. કેટલાકના શરીરોમાં ભારે જખમો થયા છતાં હજુ જીવતા હતા અને કેટલાકો ભયંકર દુઃખમાં દિવસ ગાળતા હતા.

આવા ભયંકર વખતમાં વળી પાણી મુદ્દલ નહોતું. આથી ત્હેમની સ્થિતિ કેવી થઇ હશે! ત્હેમનું દુઃખ કેટલું વધ્યું હશે એ દયાળુ અંતઃકરણવાળા મનુષ્યને સહજ જ સમજાઇ શકે એવી વાત છે. કેટલીક ગુરખા સ્ત્રીઓ જખમથી પીડાતી તરસથી સકાઇ જતી પાણી માગતી હતી, પરંતુ ત્હેમના પતિ—તે તરસ દૂર કરી શકતા નહોતા. તેઓ તૃષાના અગ્નિમાં બળતા હતા. સુકોમળ શરીરવાળા બાળકોના પ્રાણ પાણી પાણીના હૃદયભેદક પોકારો કરતા—નિરાશ હૃદયથી જગતને જોતા જોતા—શુષ્ક કંઠથી હમેશને માટે આ નાશવંત જગતમાંથી વિદાય થતા હતા. અભાગીયાં માબાપો કઠણ હૃદયથી આ સર્વ જોઇ રહેતાં હતાં. ખરેખર આમ પાણીથી દુઃખી થઇ આવા વખતમાં ગુરખાઓને કેવાં સંકટો સહન કરવાં પડયાં હશે એ કહેવું અમારી શક્તિથી તો બહાર છે.

વીર બળભદ્રે વિચાર કર્યો કે આવી સ્થિતિમાં વધારે વાર રહેવું અસંભવિત જેવું જ છે. અહીં રહેવાથી મિત્રોને ઘણું દુઃખ થશે આથી તેણે કિલ્લો છોડી બહાર જવાનો દૃઢ નિશ્ચય કર્યો. અને આ પોતાનો નિશ્ચય મિત્રોને કહી સંભળાવ્યો. સેનાપતિની આવી સૂચના સાંભળી ગુરખા લડાયકો આનંદ પામ્યા અને મનમાંજ પોતાના સેનાનાયકને ધન્યવાદ આપવા લાગ્યા. આ નિશ્ચય એક મહાવીરને શોભે એવો જ હતો, ગુરખાઓના ગૌરવને શોભાવે એવો હતો અને તેમનાં નામો ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે કોતરાવી શકે એવો હતો. આ નિશ્ચય

કે સૂચના સામાવાળાઓ આગળ શિર નમાવી ત્હેમની તાબેદારી માનવાની નહોતી. તે સૂચના હથિયાર છોડી દેવાની અને જીવનનો લોભ રાખી શત્રુઓને શરણે જવાની નહોતી. તે સૂચના એક સાચા વીરને શોભે તેવી રીતે ઇંગ્રેજી લશ્કરને ભેદી, ત્હેમની વચ્ચેથી રસ્તો કરી પાસેના બીજા પહાડના શિખર ઉપર જવાની હતી. વીર બળભદ્રે વીરતાથી પોતાના સંગીઓને કહ્યું કે;– આપણે વીરોની પેઠે દુશ્મનોના સૈન્યને ભેદવું છે, અગર જો પાર ઉતરી ગયા તો ઠીક જ છે અને નહિ તોપણ શું છે? આમ કરતાં કદાપિ મૃત્યુ થશે તોપણ તે કીર્તિવાળુ જ છે. 'લડીશુ' 'મરીશું' ના જવાબથી બળભદ્રસિંહના બાકી રહેલા વીરોએ ત્હેના નિશ્ચયમાં સંમતિ આપી. તેજ સમયે ઇંગ્રેજ સેનાને ભેદીને બહાર નાકળવાનુ કાર્ય કરવાનુ નક્કી કર્યું. વીર પિતાઓ પોતાના જખમી થયેલા પુત્ર કે પુત્રીઓ પાસેથી અને પતિયો પોતાની પ્રાણથી પણ પ્રિય જખમી થયેલી પ્રિયાઓ પાસેથી હમેશને માટે વિદાયગીરી લઇને ઉંડી ઉત્સુકતાની લાગણીથી રાતની વાટ જોતા બેસી રહ્યા. બીજો કોઈ પણ ઉપાય ન જોયાથી જખમી થયેલા સંબંધીઓને ઇંગ્રેજોની દયા ઉપર મૂકીને પોતાનું કર્તવ્ય સાધવાને માટે આ પ્રમાણે સર્વ તૈયાર થઈ ગયા.

ઇંગ્રેજ સેનાપતિને હાર મળવાથી તે ઘણીજ દિલગીરી સાથે વિચારમાં પડયો હતો. મુઠીભર જંગલી જેવી દેશી સેના અનેકગણી, કવાયતથી કેળવાયલી અંગ્રેજ સેનાને મેદાનની સ્હામેની લડાઈમાં બે વાર હંફાવે એ એક ઇંગ્રેજ સેનાપતિને માટે થોડી લજ્જાની વાત નહોતી. એટલુંજ નહિ, પણ બીજી વારની હારના સમાચાર સાંભળતાં એ વખતનો ગવર્નર જનરલ ઘણો ગુસ્સે થઇ ગયો હતો. તેને એટલો બધો અસંતોષ થયો હતો કે તે અસંતોષ પ્રકટ કરવાના તેને શબ્દો પણ ન મળવાથી તેણે ઘણીજ સખ્ત ભાષામાં

લખ્યું હતું. ત્હેના મનનો ગુસ્સો વિવેકને ઓળંગી ગયો હતો અને તેથી સેનાપતિને તેણે કેટલીક ન સહી શકાય એવી ગાળો ભાંડી હતી. આવાં આવાં અનેક કારણોથી સેનાપતિનું મન શોક અને દુઃખમાં ડૂબી ગયું હતું. છાવણીમાં આવીને ભવિષ્યમાં શા ઉપાયો લેવા ને ભવિષ્યમાં લડાઇ કેવી રીતે કરવી ત્હેના વિચારમાં તે હવે રોકાયો. ગઈ રાતે છૂપી રીતે ઉપર જતાં કેટલાક અમલદારો માર્યા ગયા હતા, અને જેઓ જીવતા પાછા આવ્યા હતા તેઓનો ગર્વ સંપૂર્ણ ઉતરી ગયો હતો. અને તેઓ સમજ્યા હતા કે ગુરખાઓ પણ કંટક છે. આવાં કારણોથી ઇંગ્રેજી સૈન્ય શાંત પડયું હતું. અને આ શાંતિ—આ સ્તબ્ધતા જેમ જેમ રાત વધતી ગઇ તેમ વધતી ગઇ.

પેલી બાજુએ ગુરખા લોકોની છાવણીમાં શાંતિથી સલાહ—મસલત ચાલતી હતી. અડધી રાત્રી ગઇ ત્યારે બળભદ્રે પોતાના મિત્રોને એકઠા કર્યા. અને અડગ શ્રદ્ધાબળથી પ્રશ્ન કર્યો, "તમે મ્હારી સાથે આવી ઇંગ્રેજોની સેના ભેદવા તૈયાર છો?" સઘળાઓએ જવાબ આપ્યો; 'તમારી આજ્ઞા અનુસાર વર્તવામાં—તમારી પાછળ ચાલવામાં અમે જરા પણ ભય રાખીશુ નહિ" ત્યારે બળભદ્રે ફરીથી સવાલ પૂછ્યો; "કિલ્લામાં રહી કિલ્લાની રક્ષા કરવાથી શું આપણે કંઇ વધારે કરી શકીશુ?" સૌએ નકારમાં જવાબ આપ્યો. કેટલાકો બોલ્યા, પાણી નથી હવે તો તરસથી પ્રાણ જાય છે, પોતાના પ્રિય સગાંઓની ચીસોથી છાતી ફાટી જાય છે, અને હમણા તો કિલ્લામાં મરકીનો દેખાવ પણ જણાય છે. હવે અહીં વધારે વાર રહીશું તો કરાલ મરકીના ભોગ થઇશું. માટે હવે વખત લગાડવો જોઇએ નહિ. એકજ નિશ્ચય થયો—સર્વ એકજ વિચાર પર આવ્યા અને તે વિચાર મુજબ વીર બળભદ્રે સર્વને આસ્તે આસ્તે નીકળવાને કહ્યું, સર્વ જણ એક પછી એક અડધી રાતે જરા પણ અવાજ કર્યા વિના બહાર નીકળ્યા. થોડીવારમાં પર્વત ઉત-

રીને સપાટ માર્ગપર આવ્યા. સામે ઇંગ્રેજ સૈન્યની છાવણી હતી. પછવાડે ઉંચો—અટલ પર્વત ઉભો હતો. ગુરખા વીરો તૈયારજ હતા. તેઓ લાગ જોઈ પ્રથમ અંગ્રેજ સેના ઉપર ધસ્યા. અંગ્રેજ યોદ્ધાઓ આખો દિવસ કામ કરી થાકી ગયા હોવાથી નિરાંતે નિદ્રા લેતા હતા, તેઓ બધા ગુરખાઓના આ હુમલાથી હમેશને માટે નિદ્રાવશ થયા. ગુરખાઓ એક અક્ષર પણ બોલ્યા વિના આગળ વધ્યા; અને પ્રથમ પહેરાનું આખું લશ્કર મારી નાંખ્યું. આવી રીતે પહેલા હુમલામાં ફતેહમંદ થઇ ગુરખાઓએ પ્રસિદ્ધ સપાટ રસ્તો તજી દઇ પર્વતનો માર્ગ લીધો. થોડી વારે અંગ્રેજ લોકોની છાવણીમાં પુષ્કળ ગડબડ થઇ રહી. અગ્રેજ અમલદારોને ખબર પડી કે ગુરખાઓએ હુમલો કરી આપણા પહેરેગીરોને મારી નાંખ્યા છે, અને પોતાનું કાર્ય કરી તેઓ ગૂપચુપ છટકી પણ ગયા છે. તેમણે બ્યુગલ ફુંક્યું કે તરત અંગ્રેજ છાવણી જાગૃત થઇ ગઇ. સૌ પોતપોતાનાં હથીઆર સજી હાર બંધ ઊભા રહ્યા અને શત્રુની વાટ જોવા લાગ્યા. આખો પર્વત થોડી વારમાં અગ્નિમય થઇ ગયો. સેંકડો તોપોદ્વારા કિલ્લા તરફ ગોળાનો વરસાદ વર્ષી રહ્યો. પરંતુ ગુરખાઓ તે વખતે ઘણે દૂર નીકળી ગયા હતા. તેઓ સિંહગર્જના કરતા સર્વ અડચણો દૂર કરીને ઝરા પાસે આવ્યા હતા તેથી અંગ્રેજોના ગોળા ગોળીની તેમને કંઇ અસર થઇ નહિ. અલ્પ સમયમાં જળ પ્રવાહની સમીપમાં આવ્યા ત્યારે તેમને માલમ પડયું કે સૌ કરતાં વધારે અંગ્રેજ સૈનિકો પર્વતનો રસ્તો રોકીને ઉભા રહ્યા છે. તેમને જોતાંજ કિલ્લાનું રક્ષણ કરવામાં પોતાને વેઠવી પડેલી અસહ્ય મુસ્કેલીઓ અને પોતાના તૃષાર્ત સ્વજનોના આર્ત નાદથી થયેલી મનોવ્યથા, તે સર્વ બનાવો તેમની સમક્ષ પ્રત્યક્ષ ખડા થયા અને તેનું વૈર લેવા તેઓ એકદમ પેલા અંગ્રેજ યોદ્ધાઓ ઉપર તૂટી પડયા. તુમુલ યુદ્ધ થવા લાગ્યું. બંદુકના અવાજથી રણભૂમિ ગાજી ઉઠી પણ આ લડાઇ લાંબો વખત પહોંચી

નહિ. ગુરખાઓએ થોડી વારમાંજ તે સર્વ સૈનિકોને પણ મારી હઠાવ્યા. ત્યાર પછી ગુરખાઓ ઝરાનું નિર્મળ પાણી પીવા લાગ્યા એટલામાં પાછળથી તેમના પર ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો: આખી રાતની અવિશ્રાંત લડાઇથી બળભદ્રના સોબતીઓ થાકી ગયા હતા. આ વેળા અંગ્રેજ સેનાને છેક નજીક આવેલી જોઇને તેઓ પ્રાણની આશા છોડી લડાઇ લડવા લાગ્યા. સદ્‌ભાગ્યે ગુરખાઓ આ વિપદમાંથી પણ બચવા પામ્યા. અંગ્રેજોએ દેરાદુન ઉપર ચઢાઇ કરવાથી બળભદ્રે નેપાળના રાજાની મદદ માગી હતી. નેપાળના રાજાને ત્રણ સ્થળો સાચવવાનાં હોવાથી તે બળભદ્રને સહાયતા આપી શક્યો નહોતો. પરંતુ જ્યારે લાગ મળ્યો ત્યારે તેણે તેનાપર ૩૦૦ માણસો મોકલી આપ્યાં. પહેલી લડાઇ થઇ ચુકયા પછી આ સેના સમરક્ષેત્રમાં આવી. આ વખતે અંગ્રેજોએ પર્વતને ઘેરો ઘાલ્યો હતો. તેથી મદદે આવેલા ગુરખાઓ કિલ્લા તરફ જઇ શક્યા નહિ. તેઓ સઘળા ઝરાની પાસેજ ઝાડીમાં છૂપાઈ રહ્યા હતા. જ્યારે બળભદ્રસિંહ સામે આવતા અંગ્રેજોને તલવારનો રંગ બતાવતા બતાવતા ઝરાની પાસે જઇ પહોંચ્યા ત્યારે તેમના બોલવાનો અવાજ સાંભળીને તે છુપાઈ રહેલા ગુરખાઓ તેમને આવી મળ્યા. બળભદ્ર તરતજ તેમને યથાયોગ્ય રીતે સજ્જ કરી શત્રુઓની ગતિવિધિ જોવા લાગ્યો. થોડી વારમાં તેમણે જોયું કે અંગ્રેજો તેમની તરફ આવે છે, એ જોતાંજ લાગ જોઇને તેઓએ ચારે તરફથી તેમનાપર ગોળીનો મારો ચલાવ્યો. આ અચાનક આક્રમણથી અંગ્રેજ સેના ભડકી ઉઠી. ગુરખાઓ તરતજ તેમના પર સિંહગર્જના કરતા તૂટી પડયા. અંગ્રેજ સેના પલાયન કરવા લાગી. અનેક સૈનિકો ઘાયલ થયા, કેટલાક માર્યા ગયા અને કેટલાક નાસી છુટયા. આ સમયે અંગ્રેજો તેમની સામે લડવાની હિંમત ભીડી શકયા નહિ. હવે ગુરખા વીરોને ઘણે દિવસે રાંધવાનો વખત મળ્યો. તેઓ પોતાના બંધુઓના મેળાપથી પૂર્વના દુઃખને વિસરી ગયા.

૪૪–વીર તેજાજી જાટ.

રાજપુતાનામાં તેજાજી નામના એક કૃષિકાર હતા. તે દરિદ્રતાને લીધે તેઓ જેમ તેમ કરીને પોતાના કુટુમ્બનું પાલનપોષણ કરતા. તેઓ નિત્ય સૂર્યોદય પહેલાં ઉઠીને પોતાની ખેતીનો સામાન તૈયાર કરતા અને સન્ધ્યા સમયે વધ્યા ઘટયા અન્નથી પોતાનું ઉદર ભરી જીવનકાળ વ્યતીત કરતા. કદાચ કોઇ દિવસ બળદ બિમાર થઇ જતા તો તેથી તેમને ઘણું ખમવું પડતું. વીરવર તેજાજી જોકે શરીરે હૃષ્ટપુષ્ટ અને જુવાન ન હતા તોપણ વૃદ્ધાવસ્થામાં કુટુમ્બનો સર્વ ભાર પોતાના ઉપર લાધીને, ગંભીર પુરૂષોની માફક તેને તેઓ વહન કરતા હતા. એક દિવસે તેમણે પોતાની સ્ત્રીને કહ્યું કે–"પ્રિયે! આપણે વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયા છતાં હજી કંઇ પુત્રપ્રાપ્તિ નહિ થવાથી ક્રમશઃ મારૂં હૃદય શોકવશ થતું જાય છે. આને અભાગ્ય ન કહું તો બીજું શું કહું! આ જીર્ણાવસ્થામાં હવે ખેતીનું કાર્ય શી રીતે ચાલશે? મારે કુટુમ્બી કે સમ્બન્ધી જન પણ ઘણા નથી; પુત્રીઓ છે તે પણ અજ્ઞાન બાળક છે, અને જ્યેષ્ઠ પુત્રી છે તે તો હવે તેનું ઘર માંડી બેઠી છે. અફસોસ! મારી ચિન્તા દિવસે દિવસે વધતીજ જાય છે." સ્ત્રીએ પોતાના પ્રાણવલ્લભને સમજાવી કહ્યું; "પ્રાણનાથ! આપ નાહક શા માટે શોચ કરો છો? મરવું–જીવવું, હાનિ, લાભ એ સર્વ જો પોતાનાજ હાથમાં હોત તો મોટા મોટા કરોડપતિઓ ઇશ્વર અને કર્મના મહિમાને ન માનીને મનમાન્યો અત્યાચારજ કરત. માટે પૂર્વ કાળે આપણેજ કરેલાં શુભાશુભ કર્મોનું ફળ જે હાલ મળે તે આપણે ધીરજથી સહેવુંજ જોઇએ."

આ પ્રમાણે તેજાજી અને તેની સ્ત્રી વચ્ચે નિશદિન દુઃખ સુખની વાતો થયા કરતી હતી. બિચારો તેજાજી જો કે નિર્ધન હતો તો પણ તે અતિથિધર્મને જાણતો હતો; તેથી જે અતિથિ પોતાને ત્યાં

આવી ચડે તેનો યથોચિત આદરસત્કાર પણ તે કરતો હતો. એક દિવસ તેને પેટ પૂરતું ભોજન મળ્યું નહોતું.* તેવામાં એક સાધુ મહાત્મા તેને ઘેર આવ્યા. તેજાજીએ પોતાની સ્ત્રીને બોલાવીને કહ્યું; "પ્રિયે! હવે શું કહો છો? અતિથિ–સત્કાર કરવો, એ મનુષ્ય માત્રનું પ્રથમ કર્ત્તવ્ય છે, તેથી હવે આ સમય તો હું કર્ત્તવ્યહીન થઇ ઉન્મત્ત જેવો થઇ ગયો છું." તેજાજીની સ્ત્રીએ ઉત્તર દીધો, "પ્રાણનાથ! ગભરાઓ નહિ; આ દાસીએ ચાર પૈસા એકઠા કરી

* માત્ર લોકહિતની વાતોમાંજ વડાઈ માની વર્તનમાં ગાડરીયા પ્રવાહે વહેનાર ભારતનાં ઘણાંખરાં ધનિક મેંઢાંઓ! તમારી બલાને પણ ખબર છે કે માત્ર ખેતીનેજ આધારે જીવનાર આ દેશના પચ્ચીસ કરોડ મનુષ્યોમાંના થોડા કરોડ તો ઉક્ત તેજાજીની પેઠેજ નિ યને પેટ પૂરતો ખોરાક મેળવી શકતાં નથી!! માત્ર મ્હોટાં શહેરોમાં દેશ-પરદેશના વ્યાપારીઓ વચ્ચેથી દલાલી મેળવવાની બેંકો અને મીલો કહાડવા શિવાય તમને વધુ કાંઇ સૂઝે તેમ છે? રાજા પ્રજાને અને તમને ધનધાન્ય અને પશુઓથી ભરી કહાડવાની અપાર શક્તિ ધરાવવા છતાં અતિ હિનદશાને પ્રાપ્ત થયેલી આ દેશની ખેતીવાડી અને પશુપાલનના વ્યાપારને ખીલવવાનું અનેક ગુણુ નફાકારક કેટલું બહોળું મેદાન તમારી નજર સામે પડેલું છે? વિજ્ઞાનશાસ્ત્રની ખીલવણી અને સદુપયોગ વડે યુરોપ અમેરિકાવાસીઓ જમીનમાંથી કેટલા ગણો ખજાનો મેળવી શકે છે તેની પૂર્ણ માહિતી અને શિક્ષણ મેળવી તથા ફેલાવીને આ દેશની જમીન કે જે ત્યાંના કરતાં ઘણીજ ફળ પ છે, તેમાંથી દેખીતા મેળવી શકાય એવા મહાન લાભો મેળવવાનો વિચાર અને કાર્ય કરવાનું ભાન તમને ક્યારે આવશે? રાજા પ્રજાની પુર્ણ સહાયતાપૂર્વક સત્વર ખીલવી શકાય તેવો અતિ હિતાવહ વ્યાપાર આથી ઉત્તમ બીજો ક્યો હોઈ શકે? "મંત્રી"

રાખ્યા છે, આપ તે લઈ જાઓ અને જો તેથી પણ પૂરૂં ન પડે તો આ દાસીની ચાદર પણ લઇ જઇ વેચી દ્યો." તેજાજીએ કહ્યું–" પ્રિયે ! સાધુની સાથે તેમના ત્રણ ચાર ચેલા પણ છે તેથી આટલું પણ પૂરતું થઇ પડશે નહિ. તેથી જો હળ પણ વેચી દઉં તો કંઇક પહોંચી વળાય ખરૂ" સ્ત્રીએ કંઇક વિચાર કરી ઉત્તર દીધો; "પ્રાણનાથ ! આપ હળ વેચતા નહિ. નહિ તો હવે વર્ષાઋતુ નિકટ આવી છે તેથી હળ શિવાય રહેવાથી જે દુઃખ પડશે તે ભોગવું કઠિન થઇ પડશે. મારી પાસે જે બે સાડીઓ છે તેમાંથી એક વેચી દ્યો. તેમાંની એક તો મેં પહેરેલી જ છે." તેજાજીએ કહ્યું; "નહિ, નહિ, સાડી ન રહેવાથી તમે ઘણાં હેરાન થશો." પતિની આવી સંકડામણ જોઇ તેજાજીની સ્ત્રીએ સમજાવી કહ્યું કે: "હળ વેચવાથી જે હાનિ થશે તેટલી સાડી વેચવાથી થશે નહિ. માટે આપ મારી સાડી અને ચાદર લઇ જઈ વેચી આવો અને તેનાથી આજે અતિથિ–સત્કાર કરો." તેજાજીએ સત્કાર પૂર્વક સાધુઓને પોતાના નાના મકાનમા બેસાડી પોતે અનેકાનેક વિચાર કરતા સાડી અને ચાદર વેચવા માટે બજારમાં પહોંચી ગયા. અહા ! કાળની પણ વિચિત્ર ગતિ છે !

અલ્પ સમય પછી એક વાણીયાએ આવી તે ચાદર અને સાડીને આઠ આને ખરીદ્યાં. બિચારો તેજાજી આઠ આનાના પૈસા લઈ ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીને આપીને બોલ્યો, "તમે જઇને અન્નનો બંદોબસ્ત કરો; ત્યાં સુધી હું અતિથિઓને આનંદ આપવાને ખાતર તેમની પાસે બેસું છું. તેજાજીની સ્ત્રી પરમ ચતુર હતી. તેણે તરત ભોજન બનાવી, સર્વ સામાન ઠીકઠાક ગોઠવી અતિથિઓને જમવા બેસાડયા. અતિથિઓએ પ્રસન્નતાપૂર્વક ભોજન કર્યું અને તેઓ બીજે દિવસે સુર્યોદય પહેલાં બીજે ગામ ચાલ્યા ગયા. બે દિવસ તો તેજાજીની સ્ત્રીએ જેમ તેમ કાઢયાઃ પણ જ્યારે ન્હાવા ધોવાનું કષ્ટ

પડવા લાગ્યું ત્યારે તેણે રડીને એક દિવસ તેજાજીને કહ્યું; "શું મારે જન્મ પર્યંત આમજ રહેવાનું? હાય! સન્ધ્યાકાળે પણ પૂરો રોટલો મળતો નથી. મોસમ પણ સારી નિવડી નથી, નહિ તો અતિથિઓને માટે, મારી સાડી અને ચાદર શા માટે વેચવાં પડયાં હોત? કર્મગાત આગળ મારૂ કંઈ ચાલતું નથી." આવું કહીને તે રડવા લાગી.

તેજાજીએ પોતાની સ્ત્રીનાં દુઃખોનું સ્મરણ કરીને કહ્યું; "પ્રિયે, ધૈર્ય ધરો; ઈશ્વરેચ્છા તો કદી આપણો પણ દિવસ ફરશે. અસ્તોદય તો થયાંજ જાય છે. દુઃખ સુખમાં ધૈર્ય ધરવું એ ધીરવીર અને ગંભીર પુરૂષોનું કામ છે. કોઈ કોઈ સમયે જ્યારે આપણી દશા સંબંધીનો વિચાર થાય છે ત્યારે મારૂં હૃદય પણ બળીને ખાખ થઈ જાય છે.

આ પ્રકારે તેજાજી અને તેમની પત્ની પોતાના દિવસો વ્યતીત કરતાં હતાં. વર્ષાઋતુના એક દિવસે તેજાજી પોતાના ઘરની ખડકીમાં બેઠા હતા એટલામાં એકાએક પડોશમાંથી સ્ત્રીઓના રડવાનો અવાજ કર્ણગોચર થયો. તેજાજી સમજ્યા કે માનો ન માનો પણ ધાડપાડુઓએ પડોશના કોઈ ઘરપર ધાડ પાડી છે, એમ જાણી પોતાની સ્ત્રીને કહ્યું; "પ્યારી હું હવે જાઉં છું. જુઓ જણાય છે કે પડોશના કોઇ ઘરમાં ધાડપાડુઓ સ્ત્રીઓને લૂંટવા લાગ્યા છે. લાવો જલદી તલવાર લઇ આવો." તેજાજીની આજ્ઞાનુસાર તેમની સ્ત્રીએ તરતજ તલવાર લાવી આપી. અહા! વીરવર તેજાજીએ વિદાય થતી વખતે પોતાની પ્રાણ પ્રિયાને જે હૃદયવિદારક અને કરૂણોત્પાદક વાક્યો કહ્યાં છે તે વાસ્તવિક રીતે કેવાં મનન કરવા યોગ્ય છે? તેમણે કહ્યું "પ્રિયે હવે હું જાઉં છું. દૈવયોગે, હું બચી ગયો તો કંઇ કહેવાનુંજ નથી. પણ કદાચ હું કર્તવ્ય પર્ણ કરતાં કરતાં પરલોકગત થાઉં તો પછી સતીસાધ્વી સ્ત્રીઓની પેઠે તારો ધર્મ તું નિભાવજે. લે, હવે હું જાઉં છું." આ પ્રમાણે કહી જ્યાં કરૂણાજનક શબ્દો કર્ણગોચર

થઈ રહ્યા હતા તે તરફ વીર તેજાજી જવાને તૈયાર થયા.

પ્રતિજ્ઞાવીર તેજાજી તરતજ કમ્મર કસી, પોતાની તીક્ષ્ણ તલવારને વિદ્યુતની પેઠે ચમકાવતા ધાડપાડુઓ તરફ ચાલી નીકળ્યા. તે બેશુદ્ધપણે દોડયા જતા હતા તેવામાં માર્ગમાં એક વિષધર નાગ તેમના પગ નીચે દબાયો. ડંસીલા નાગે તરતજ પોતાની ફેણ કાઢી તેજાજીની પાછળ દોડવા માંડયું. તેજાજીએ જ્યારે તે જોયું ત્યારે તેને નિશ્ચય થયો કે હવે પ્રાણ બચવો અસંભવિત છે. તેથી તેમણે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરી કહ્યું કે; " હે દીનરક્ષક ભગવાન શંકર ! જો મારી તમારામાં પૂર્ણ ભક્તિ હોય, અને જો મ્હેં મારો ધર્મ યથાર્થ પાલન કર્યો હોય તો આ સાપ આ સમયેજ મને ડસે નહિ એમ થજો !" તે પછી તેજાજીએ સાપની સામે હાથ જોડી વિનંતિ કરી કે—" હે સર્પરાજ, આપ આ સમય કૃપા કરો, પડોશમાં ધાડપાડુઓએ ધાડ પાડી છે, અને પડોશીઓનું ધન ઇ૦ સર્વસ્વ લુંટવા ઉપરાંત તેમની સ્ત્રીઓને અપાતા કષ્ટથી તેઓ જે આર્તનાદ કરે છે તે મારાથી સહન થતું નથી; માટે હાલ હું તેમને બચાવવા જાઉં છું. તેમાં બચાવ કરતાં હું કામ આવી ગયો તો પછી એથી રૂડું બીજું કંઈ નથીઃ પણ કદાચ હું શત્રુઓના હાથથી બચી શકયો તો આપની પાસે સ્વતઃ આવીશ તે સમય ગમે તો આપ મને ડંસી લેજો. હું સહર્ષ પ્રાણ ત્યાગ કરી દઇશ."

તેજાજીના મ્હોઢેથી એવી વિનતિ સાંભળી તે ડંસીલો સાપ એક બાજુ ચાલ્યો ગયો.* તેજાજીએ પોતાના ઈષ્ટદેવને પુનઃ પ્રણામ કર્યા અને

---

* આવા બનાવોની શકયતા જેઓ કલ્પી શક્તા ન હોય તેમણે તેજાજી જેવી ઉત્તમ પરોપકારક અતિથીસત્કારવૃત્તિ અને દુઃખીઓ પ્રત્યેની નિઃસ્વાર્થ દયા વૃત્તિ તથા પૂર્ણ સત્યપરાયણતા અને નિષ્કામ વીરત્વ એ ગુણો પોતામાં ખીલવી ખાત્રી કરવી. 'મંત્રી.'

વારંવાર ભગવાન શંકરની સ્તુતિ કરતો કરતો તે ધાડપાડુઓની તરફ આગળ વધ્યો. તેજાજીએ જઇને જોયું કે તે ધાડપાડુઓએ એક ઘરને ઘેરી લીધું છે. તેઓમાંના કેટલાક ઘરની અંદર છે, કેટલાક બ્હાર ઉભા છે, અને કેટલાક ગાયો અને ભેંસોને લઈ જવા લાગ્યા છે. જે ઘરમાં ધાડ પડી છે તે ઘરની સ્ત્રીઓ રડી રહી છે. તેજાજીએ જતાં વેંતજ બહારના ધાડપાડુઓ ઉપર આક્રમણ કરી કહ્યું, "અરે નીચ પુરૂષો! એક વિધવા સ્ત્રીના ઘરપર ધાડ નાંખતાં શું તમને શરમ નથી આવતી? ઉભા રહો, તેની પ્રસાદી લેતા જાઓ." એમ કહી વીરવર તેજાજી શેરની માફક તે ધાડપાડુઓ ઉપર તૂટી પડયો અને પોતાની તીખી તલવારથી ધાડપાડુઓને કત્લ કરવા લાગ્યો.

જો કે આ ઘણો વિકટ સમય હતો પણ વીરવર તેજાજી શત્રુઓના સર્વ ઘા સહન કરતા કરતા શત્રુ ટોળીમાં ઘૂસી ગયા અને એ ચાર જણને લોહી લુહાણ કરી નાંખ્યા. જ્યારે અંદરના ધાડપાડુઓએ સાંભળ્યું કે બહાર ઉભેલા સાથીઓ ઉપર કોઇએ આક્રમણ કર્યું છે કે તરતજ તેઓમાંથી કેટલાકે બહાર આવી જોયું તો, તેજાજી જો કે ઘાયલ થયો છે તથાપિ તે અન્ય ધાડપાડુઓને મારીને ગાયો, ભેંસોને ઘર તરફ લઈ જતો રહ્યો છે. તેજાજીની આ અનુપમ વીરતાનો વિચાર કરતાં, પહેલાં તો સઘળા સ્તબ્ધ થઇ ગયા, પણ પછી તેના સાહસનો બદલો આપવા તેની ઉપર ગીધની માફક કૂદી પડયા અને રાજ્યના કોઈ માણસો આવતા તો નથી એમ જોતા પણ રહ્યા.

આ સમયે તેજાજીના પ્રાણ જોખમમાં આવી પડયા. બહાદુર તેજાજીએ જોયું કે આ વખત ધાડપાડુઓ ઘણા છે. તેજાજીને પ્રથમની લડાઈમાં દસબાર ઘા વાગ્યા હતા, જેથી લોહી વહેવા માંડયું હતું. અને તેને લીધે આ વખતે તેજાજી કંઈ શિથિલ જેવા થઇ ગયા હતા, તોપણ આ હરામખોરોને જોતાંજ પુનઃ એકવાર તેની નસોમાં

ગરમ લોહી વહેવા લાગ્યું. તેજાજીએ બૂમ ઠોકી કહ્યું, અરે દુષ્ટો ! ઉભા રહો, તમો લોકોને દંડ દેવાને હું હાજર છું. તેજાજીના જીવતાં છતાં તમો આ વિધવાને કદી પણ દુઃખ દઇ શકશો નહિ ! અરે પાપીઓ ! અરે નરાધમો, ઉભા રહો, તમારા અત્યાચારનું ફળ ચાખતા જાઓ !"

એ પ્રમાણે કહી વીરવર તેજાજી તે ધાડપાડુઓ ઉપર વિજળીની માફક તૂટી પડયા અને પોતાની તીખી તલવારથી શત્રુઓને તૃણની પેઠે કાપવા લાગ્યા. જો કે વીરવર તેજાજીનું શરીર શિથિલ થઇ ગયું હતું, તોપણ તે પદ્મા ખેલી પોતાનો બચાવ કરતા રહી દ્વિગુણ ઉત્સાહથી લડતા હતા. આ વખત પણ તેજાજીએ પંદર બદમાશોને ઘાયલ કરી નાંખ્યા. તેજાજી હજુ સુધી પણ ભયંકર યુદ્ધ મચાવી રહ્યા છે. એટલામાં સહસા એક બાજુએથી કોઇના શબ્દો સંભળાયા. આ શબ્દો રાજકર્મચારિઓના હતા. તેઓ જો કે, અનાયાસેજ અહીં આવી ચઢયા હતા; પરંતુ ડાકુઓએ જાણ્યું કે હમને પકડવા રાજાએ તેમને મોકલ્યા છે. તેથી જે ધાડપાડુઓ બચવા પામ્યા હતા, તે સર્વે ત્યાંથી પલાયન કરી ગયા. બહાદુર તેજાજી પણ શરીરમાં લોહી વહી જવાના કારણથી અતિ નિર્બળ અને શિથિલ થઇ જઇ ત્યાંજ ભૂમિપર ઢળી પડયા. જ્યારે તે ઘોડેસ્વાર રાજકર્મચારિઓ ઘરની નજીક આવ્યા ત્યારે તેઓ ભયાનક દૃશ્ય જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા અને તેજાજીને ઘાયલ થઇ પડેલા જોઇ તેમને તે ઘટનાનું કારણ પૂછયું. તેજાજીએ રડી પડી કહ્યું: " મહાશય, હું એક આ ગામનો રહેવાસી જાટ છું. મારે કબજે એકાદુ ખેતર છે; તેનાથી હું મારૂં ગુજરાન ચલાવી જીવનકાળ વ્યતીત કરતો હતો. મારે એક સ્ત્રી ને બે નાની પુત્રીઓ છે. મોટી પુત્રી તો તેના સાસરે રહે છે. હું આજ મારી ખડકીમાં બેઠો બેઠો મારા કર્મને દોષ દેતો વિચાર કરતો હતો, એટલામાં પડોશમાં રોવાનો અવાજ

કર્ણગોચર થયો. મારાથી જોઈ રહેવાયું નહિ. હું મારી તલવાર લઇને અહિં દોડી આવ્યો. અહિં આવતાં હું જોઉં છું તો આ વિધવાના ઘર પર ધાડપાડુઓએ ધાડ નાંખેલી હતી. હું બહારના ધાડપાડુઓને મારીને ગાયો ભેંસોને પાછી લઇ આવ્યો હતો તેવામાંજ ઘરની અંદરના બીજા ધાડપાડુઓ પણ મારી ઉપર તૂટી પડયા. મારૂં જ્યાં સુધી ચાલ્યું ત્યાં સુધી હું લડયો. પણ હવે હું મરવાની તૈયારીમાં છું. એટલામાં આપ લોકના ઘોડાઓની ખરીઓનો અવાજ સાંભળીને તે નીચ ધાડપાડુઓ નાશી ગયા. મારા શરીરમાંથી એટલું બધું રક્ત વહી ગયું છે કે જેથી મને લાગે છે કે મારા પ્રાણ હવે નીકળી જશે."

રાજકર્મચારિઓને તેજાજીની આ હૃદયવિદારક ઘટના સાંભળી ઘણું આશ્ચર્ય થયું. તેઓએ કહ્યું;" હે શૂર શિરોમણિ! વાસ્તવમાં તમે મહા અદ્દ્ભૂત કાર્ય કર્યું છે. અહા! તમારો આત્મોત્સર્ગ પરમ પ્રશંસનીય છે. મિત્રવર! ચાલો, તમને દરબારમાં લઇ જઈ રાજાજીને સર્વ વાર્ત્તા અથ ઇતિ કહીએ; અને તમને ભારે પારિતોષિક અપાવીએ." આથી વીરવર તેજાજીએ કહ્યું: "મહાશયો! આપની આ અમૃતમય વાણીને માટે હું હૃદયપૂર્વક આપ સર્વને ધન્યવાદ આપું છું. જો આપ મારા આત્મોત્સર્ગના ઉપર પ્રસન્ન થયા હો તો અહિંથી થોડે દૂર હું જ્યાં બતાવું ત્યાં સત્વરજ મને ઉઠાવી લઇ ચાલો." કર્મચારિઓએ પૂછ્યું; "મિત્રવર! એમ શા માટે કરવું? ચાલો, તમે અમારી સાથે ચાલો!" તેજાજીએ રડી પડી કહ્યું; "નહિ નહિ હું કદાપિ પણ આપની સાથે આવી શકીશ નહિ. હું જે સમયે તલવાર લઈ દોડી આવતો હતો તે વખતે માર્ગમાં દૈવવશાત્ એક વિષધર સાપ મારા પગ નીચે ચગદાયો હતો, તે મને કરડવાનોજ હતો પણ મ્હેં મારા ઇષ્ટ દેવનું સ્મરણ કરી એવી વિનંતિ કરી હતી કે; 'હું ડાકુઓને મારીને હમણાંજ પાછો આવું છું.' જેથી એ નાગ મને

ડસ્યો નહિ પણ એક બાજુ ચાલી ગયો. હવે આપ લોક મને તરતજ એ સ્થાનપર લઈ ચાલો નહિ તો હું લોહી વહેવાના કારણથી શિથિલ થતો જાઉં છું. અને એવો સંભવ છે કે અલ્પ સમય પછી હું સ્વર્ગમાં પણ સિધાવી જઇશ."

પ્રતિજ્ઞાવીર તેજાજીની આ અપૂર્વ તેમજ આદર્શ વાણી સાંભળીને સર્વ રાજકર્મચારીઓ અતિ આશ્ચર્યચકિત થયા અને તેમને કહ્યું કે; "નહિ, નહિ, હમે તમને દરબારમાં લઇ જઇને ઘણું ભારે પારિતોષિક અપાવીશું અને રાજવૈદ્ય પાસે તમારી સેવા શુશ્રૂષા કરાવી તમને પુર્વવત્ આરોગ્ય બનાવી દઇશું" આ સાંભળી તેજાજીએ કહ્યું; "નહિ, નહિ, મને ત્યાંજ લઇ ચાલો." તેજાજીને તેમની પ્રતિજ્ઞા પરત્વે અટલ જોઇ રાજકર્મચારિયોએ તેમના સેવકોને કહ્યું કે; "તેજાજીને ઉંચકી ઘોડા ઉપર બેસાડો" જ્યારે તેજાજીએ જોયુ કે રાજકર્મચારિયો અવસ્ય મને દરબારમાં લઇ જશે ત્યારે તે ઉઠયા અને તેમને ધિક્કારના તે સર્પના દર પાસે ગયા. થોડી વારમાંજ એક બાજુથી સર્પ આવતો જણાયો. રાજકર્મચારિયોએ પણ જોયુ કે સર્પ ઘણી ચાલાકીથી તેજાજીની તરફ આવી રહ્યો છે. સર્પ આવતાંજ તેજાજી ઉપર ચોટ લગાવી પણ શરીરનો સ્પર્શ કરતાં કરતાં ખમચી ગયો. હવે તે ફક્ત તેજાજીની આસપાસ ચક્કરજ મારવા લાગ્યો. તેજાજી તરતજ સમજી ગયા કે આખું શરીર રક્તથી ખરડાયલું હોવાથી અથવા રક્તવિહીન થયેલું હોવાથી સર્પ ડસતો નથી. આથી તેમણે પોતાની જીભ બહાર કાઢી. તેજાજીની જીભ બહાર નીકળતાંજ તેપર સર્પે ડંશ કર્યો, જેથી વીરવર તેજાજી અલ્પ સમયમાં સુરપુર સિધારી ગયા.

રાજકર્મચારિઓએ તેજાજીના શબને તેની સ્ત્રીને સોંપ્યું અને રાજાને આ અત્યન્ત હૃદયવિદારક સમાચાર કહેવા તેઓ ચાલ્યા ગયા.

દરબારમાં પહોંચતાં કર્મચારિઓએ તેજાજીનું આદ્યોપાન્ત વિવરણ કહી સંભળાવ્યું. જેથી રાજાએ અતિ પ્રસન્ન થઈ, તેમના માનાર્થે પોતાના આખા રાજ્યમાં તેમની છત્રી અને પાવડી બનાવવાની આજ્ઞા આપી. તેમની સ્ત્રીને પણ ઘણીજ જાગીર આપી, તેમની કુંવારી પુત્રીને યોગ્ય સ્થળે પરણાવી અને બન્ને બેનોને સારી રકમ ભેટ આપી.

અહા ! વીરવર તેજાજીનો આત્મોત્સર્ગ વાસ્તવમાં અતિ હૃદય-દ્રાવક છે. આ પ્રતિજ્ઞાવીરના સ્મરણાર્થે કેટલાંક ગ્રામ્યગાન (રાસડા ૪૦) જોડાયલાં છે, જે રાજપુતાનાની બાજુના પ્રદેશના લોકો હજી પણ લલકારીને ગાય છે. આ દોહરો તો તે તરફ પ્રસિદ્ધજ છે કેઃ—

" तेजानेजा सौं हत्यो, सत्र डाकुन सरदार ।
जीमहीं सर्प डसाय कारि, गयो स्वर्ग के द्वार ॥ "

વાંચક ! તેજાજીને આપણે કયા પ્રકારનો વીર કહીશું ? તે પોતે દુઃખી થઇને પણ અતિથિસત્કાર રૂપધર્મ તેણે બજાવેલો હોવાથી તે ધર્મવીર છે. અસહાય સ્ત્રીજાતિ પ્રત્યેની દયાને ખાતર પ્રાણાંત સુધી કળાકૌશલ્યપૂર્વક લડવાને લીધે તે યુદ્ધવીર પણ છે. તે પોતે ધારત તો સર્પને ક્ષણ માત્રમાં નષ્ટ કરી નાખવા સમર્થ હતા, છતાં પગ મૂકાઇ જવાથી પોતાને તેનો ગુનેહગાર માની પ્રાણ સાટે તેનું ઋણ ચૂકવેલું હોવાથી આપણે તેને ન્યાયવીર કે સત્યવીર પણ કહીશું.

સમાપ્ત

ગવર્મેન્ટે અજમાવેલો અગ્નિમાં બચાવ કરનારી તીજોરીનો અખતરો.

હિંદુસ્તાનના પોષ્ટ ખાતાને હિંદ અને બર્માની સેવીંગબેંકો માટે મોટી સંખ્યામાં તિજોરીઓની જરૂર હતી તે પુરી પાડવાને એવી સરતે ટેન્ડરો મંગાવ્યાં કે ખરીદતા પહેલાં હરીફાઈ કરનારી તિજોરીએ સખત અગ્નિમાં બચાવ કરવો જોઇએ.

ગત જુલાઇ તા. ૨૦ મીના રોજ પોષ્ટ અને તાર ખાતાના એસીસ્ટન્ટ અને ડેપ્યુટી ડીરેકટર અને ગવર્નમેન્ટ કેમીસ્ટની સમક્ષ કલકત્તામાં પબ્લીક વર્કસના એન્જીનીઅર સાહેબે એ અખતરો અજમાવ્યો હતો.

અગ્નિમાં મૂક્યા બાદ તિજોરીઓ ઉઘાડતાં એવું માલુમ પડયું કે માત્ર ગોદરેજની તિજોરીમાંની ચોપડીઓ, કાગળો વિગેરે કંઈ પણ નુકસાન વગર સહી સલામત હતાં, વળી તેમાંનું રૂ જેવું ને તેવું સફેદ અને નરમ હતું.

એ ઉપરથી પોષ્ટ અને તાર ખાતાના ડીરેકટર જનરલ સાહેબે મી. ગોદરેજને રૂ. ૮૫૦૦૦ ની ૩૭૨ તિજોરીઓનો ઓર્ડર આપ્યો છે.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ—મુંબઇ.

દુકાન—મૂળજી જેઠા મારકીટ સામે—મુંબઈ.

શાખા—રેલ્વે સ્ટેશન પાસે—અમદાવાદ.